BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-102

# વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

વિભાગ

1

## ભારતીય સમાજ અને શિક્ષણ


એકમ-1 ભારતીય સમાજ અને શિક્ષણ

એકમ-2 ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન

એકમ-3 ભારતીય શિક્ષણ અને લોકશાહી

એકમ-4 ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN :**



Copyright © Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-102 વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

**વિભાગ-1 : ભારતીય સમાજ અને શિક્ષણ**

1. ભારતીય સમાજ અને શિક્ષણ
2. ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન
3. ભારતીય શિક્ષણ અને લોકશાહી
4. ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

**વિભાગ-2 : સામાજિકીકરણ અને વૈશ્વિકીકરણ**

5. સામાજિકીકરણ
6. સામાજિકીકરણની પ્રક્રિયા
7. વૈશ્વિકીકરણ
8. શિક્ષણમાં વૈશ્વિકીકરણ

**વિભાગ-3 : ખાનગીકરણ અને માનવ અધિકાર**

9. ખાનગીકરણ
10. શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ
11. માનવ અધિકારોનું શિક્ષણ
12. માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર

**વિભાગ-4 : સામાજિક પરિવર્તન અને શિક્ષણ**

13. સામાજિક પરિવર્તન
14. સામાજિક પરિવર્તન અને શિક્ષણ
15. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા
16. સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# ભારતીય સમાજ અને શિક્ષણ

## : રૂપરેખા :


1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 સમાજ એટલે શું ?

1.3 સમાજની લાક્ષણિકતાઓ

1.4 ભારતીય સમાજની લાક્ષણિકતાઓ

1.5 આધુનિક ભારતીય સમાજની લાક્ષણિકતાઓ

1.6 ભારતીય સમાજ અને શિક્ષણ

1.7 ભારતીય સમાજનું સ્વરૂપ અને શિક્ષણ

1.8 ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકા

1.9 ભારતીય સમાજની આકાંક્ષાઓ અને શિક્ષણ

1.10 બ્રિટિશ શાસન કાળમાં ભારતીય સમાજ

1.11 મુસ્લિમ કાળમાં ભારતીય સમાજ

1.12 સારાંશ

1.13 એકમ સ્વાધ્યાય

1.14 તમારી પ્રગતિ ચકાસો

1.15 તમારી પ્રગતિના ઉત્તરો

1.16 સૂચિત વાંચન સામગ્રી


## 1.0 ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સમાજનો અર્થ સમજી શકશો.

(2) સમાજની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(3) ભારતીય સમાજની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(4) આધુનિક સમાજની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(5) ભારતીય સમાજ અને શિક્ષણ સમજી શકશો.

(6) ભારતીય સમાજનું સ્વરૂપ અને શિક્ષણ વર્ણવી શકશો.

(7) ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકા સમજી શકશો.

(8) ભારતીય સમાજની આકાંક્ષાઓ અને શિક્ષણ વિશે સમજી શકશો.

(9) બ્રિટિશ શાસન કાળમાં ભારતીય સમાજ સમજી શકશો.

(10) મુસ્લિમ કાળમાં ભારતીય સમાજની ચર્ચા કરી શકશો.

## 1.1 પ્રસ્તાવનાઃ

- જન્મ સમયે માનવી એકલો જન્મ લે છે, તે ધીમે ધીમે મોટો થતાં, તેની જરૂરિયાત વધતાં અન્ય

વ્યક્તિઓનો સહારો લેવો પડે છે. પ્રથમ સહારો પોતાના કુટુંબનો માનવી જન્મ સમયે લે છે. પછી વ્યક્તિ મોટી થતાં, સગા સંબંધી વગેરેનો સહયોગ લેવો પડે છે.

- જન્મથી મૃત્યુ સુધીની તમામ દૈનિક પ્રક્રિયાઓમાં એક યા બીજી રીતે બીજા ઉપર આધાર રાખવો પડે છે. વ્યક્તિને પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવાના સંદર્ભમાં તે પોતાની બુદ્ધિ, શક્તિ, લાગણી, અનુકૂલન વગેરે વિકસાવીને પોતાનો કે અન્યનો વિકાસ કરે છે.
- એરિસ્ટોટલના મતે માનવી સાથે જન્મે, જીવન વ્યતીત કરે અને મૃત્યુ પામે ત્યાં સુધી કામ કરવાનું છે.
- 'સામાજિક પ્રાણી' એટલે કે પ્રત્યેક વ્યક્તિ અન્ય વ્યક્તિ કે મનુષ્ય સાથે સામાજિક સંબંધોથી જોડાયેલ છે એવો અર્થ થાય છે.
- આપણે જ્યારે એમ કહીએ છીએ કે કોઈ વ્યક્તિ અમુક વ્યક્તિનો પિતા છે, અમુક વ્યક્તિ બહેન છે, ભાઈ છે ત્યારે અહીં સામાજિક સંબંધનો ઉલ્લેખ છે.
- મનુષ્યના અન્ય વ્યક્તિઓ સાથેના પરસ્પર સંબંધો દ્વારા સમાજના અન્ય વ્યક્તિઓ સાથેના પરસ્પર સંબંધો દ્વારા સમાજનું નિર્માણ શક્ય બને છે.
- સમાજની ધરતી પર વ્યક્તિના વ્યક્તિત્વની વેલ ઉગે છે, પાંગરે છે અને ફૂલે ફાલે છે. વ્યક્તિ વિના સમાજ નિરર્થક છે અને સમાજ વિના વ્યક્તિ શૂન્ય છે. સમાજની છત્રછાયામાં જ વ્યક્તિ ફૂલે ફાલે છે. સમાજ વિના વ્યક્તિનું વ્યક્તિત્વ વિકસી શકતું નથી.
- સમાજમાંથી ત્રણ વર્ષની ઉંમરથી વિવિધ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ-બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચત્તર શાળા, કૉલેજો, યુનિવર્સિટી વગેરે કક્ષાએ ક્રમશઃ પહોંચે છે ત્યારે સમાજમાંથી શીખેલી બાબતો-વિચારો, માન્યતાઓ સાથે જાય છે અને ત્યાંથી ઘરે જાય છે ત્યારે શાળાના ખાસ નિયમો, મૂલ્યો, સિદ્ધાંતો અને વિષયોનું સૈદ્ધાંતિક જ્ઞાન મેળવીને જાય છે. ત્યારે... કેળવણીની સામાજિક આધારશિલાઓમાં નાનાં જૂથ-મિત્રો, અન્ય સંસ્થાઓ સહિતનો સમાજ મુખ્ય પાયો બને છે. આમ વ્યક્તિ શાળા-મહાશાળાઓની સાથે સાથે સમાજની સંસ્થાઓ દ્વારા પણ પોતાનામાં પરિવર્તન લાવતો થાય છે. તેથી શિક્ષણની મુખ્ય આધારશિલા સમાજ બને છે. વિદ્યાર્થીઓ શાળા ઉપરાંત સમાજના આ ઘટકો અને સ્થાનો સાથે સંપર્કમાં રહીને આજીવન શિક્ષણ મેળવતાં જ રહે છે.

## 1.2 સમાજ એટલે શું ?

- 'સમાર્જપતિ હતિ સમાજ' એટલે કે જે વ્યક્તિના માનસપટમાં ઘર કરી ગયેલ કેટલીક નકારાત્મક વૃત્તિઓને દૂર કરી સદ્‌વર્તન તરફ પ્રેરવાનો પ્રયાસ કરે છે તે સમાજ.
- કોઈ કારીગર કોઈ કાપડના ટુકડા વડે યંત્રોની સફાઈ કરે છે તેમ સમાજ માનવ-માનવના દુરાગ્રહો દૂર કરી અનુરાગ વધારવાનો પ્રયાસ કરી મનને સાફ રાખવાનું કામ કરે છે.
- સમાજ માટે અંગ્રેજીમાં Society શબ્દ વપરાય છે. ક્યારેક તેને માટે Community શબ્દ પણ પ્રયોજવામાં આવે છે.
- Community મૂળ તો બે શબ્દો Com અને munisનો બનેલો છે.

| | | |
|---|---|---|
| Com + | Munis = | Community |
| To gether + | to serve | |
| સાથે મળીને | સેવા કરવી | એક સાથે સેવા કરવી |

- આમ સમાજ એ માનવોનો એવો સમૂહ છે કે જેઓ એક સાથે રહી, પરસ્પર સેવાની જવાબદારી અને કર્તવ્યો નિભાવે છે.

- વળી, સમાજ એ, જે તે જ્ઞાતિનો જ સમૂહ એવું નહિ પણ, ગામ, શહેરના વિદ્યાપ્રેમની, કલાપ્રેમી, દીર્ઘદષ્ટિયુક્ત અને કામ કરવાની ભાવનાવાળા લોકોનો સુસમતોલ સમૂહ કે જેમાં બાળકો, ધર્મ, જાતિ, જ્ઞાન અને કૌશલ્યોમાં ક્ષમતા મેળવે અને સુસંવાદી વિકાસ સાધે તેવું વિચારે, અમલ કરે.

(1) ''મનુષ્યો અને અન્ય સામાજિક પ્રાણીઓ દ્વારા એકબીજાં સાથે કોઈપણ પ્રકારે કે કોઈપણ માત્રામાં, જે સંબંધ સ્થાપિત કરવામાં આવે છે તે બધા સંબંધોને સમાજ કહેવામાં આવે છે.'' "Society includes every kind and degree of relation entered into by man and any other social createres with one another."

***- Mucller***

(2) ''સમાજમાં સ્વયં એક સંગઠન છે. એકમ છે, તે ઔપચારિક સંબંધોનો સરવાળો છે કે જેમાં સંકળાયેલી વ્યક્તિઓ એકબીજા સાથે બંધાયેલી રહે છે.''

"Society is the union itself the organization, the sum of formal relations in which associating individuals are bound together." ***- Giddings***

(3) ''નિરંતર પરિવર્તનશીલ સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થાનું ગૂંફન એટલે સમાજ.''

***- મેકાઈવર***

''જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં સમાજ છે, વ્યક્તિ જન્મે છે, સમૂહમાં જ જીવન નિભાવી શકે છે. સમાજમાં જ સુધારક રીતે વિકસી શકે છે.''

(4) ''સીધા અથવા આડકતરી, વ્યવસ્થિત કે અવ્યવસ્થિત, બૌદ્ધિક કે અબૌદ્ધિક, સહકાર કે વિરોધાભાસના માનવસંબંધોનું ગઠબંધન એટલે સમાજ.'' ***- વીનબર્ગ***

(5) ''સમાજ એટલે સંવેદનશીલ, સરખાં અને સામાન્ય હિતોવાળાઓનો સમૂહ.''

***- ગીડિંગ્ઝ***

(6) ''સમાજ એટલે મનુષ્યોનો સમૂહ નહિ, પણ સમૂહના સભ્યો વચ્ચે પ્રવર્તતી સંબંધોની વ્યવસ્થા.'' ***- રાઈટ***

(7) ''સમાજ એટલે નક્કી ક્ષેત્રમાં સાથે રહેતાં અને સહસંવેદનાની અમુક માત્રા સાથેનું સામાજિક જૂથ.'' ***-બોગરદાસ***

(8) ''સમાજ એટલે મનુષ્યોનો સમૂહ નહીં, પણ સમૂહમાં સભ્યો વચ્ચે પ્રવર્તતી સંબંધોની વ્યવસ્થા.'' ***- Right***

(9) ''પોતાનામાં રહેલી સામાજિક વૃત્તિને સંતોષવા કે પોતાનો વિકાસ સાધવા કંઈક અંશે હેતુપૂર્વક એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સંબંધ બાંધે છે, તેને સમાજ કહેવામાં આવે છે.''

***- તારાબહેન પટેલ***

(10) ''વ્યવસ્થિત - અવ્યવસ્થિત, પ્રત્યક્ષ-પરોક્ષ, સભાન-અભાન, એવા પ્રકારના માનવ સંબંધો માટે સમાજ શબ્દનો ઉપયોગ કરી શકાય.''

***- મોરિસ ગિન્સબર્ગ***

ટૂંકમાં... સમાજ એટલે...

- રૂઢિ અને રીતરસમના પાયા પર ચણાયેલી એક ઈમારત.
- અધિકાર અને પરસ્પર સહાયની એક પ્રણાલિકા.
- અનેક જૂથો અને વિભાગોને સાંકળી લેતી વ્યવસ્થા.
- માનવ આચારના અંકુશો અને માનવ વર્તનની સ્વાતંત્ર્યની યોજના.
- હરદમ બદલાતી અત્યંત અટપટી વ્યવસ્થા.

- સમાજ એ સામાજિક આંતરક્રિયાઓનું નિર્માણ છે.
- સમાજ એ એવા મનુષ્યોનું સંગઠન છે જેમાં નિશ્ચિત સંબંધ વ્યવસ્થા-વ્યવહારના સમાન સ્વરૂપ દ્વારા સંબંધિત હોય.
- સામાજિક ક્રિયાથી ઉત્પન્ન થતા સામાજિક સંબંધો સમાજનું નિર્માણ કરે છે.
- સમાજ માનવીય સંબંધોની એક જટિલ વ્યવસ્થા છે જે સાધ્ય તથા સાધ્યોના સંબંધો આધારિત ક્રિયા દ્વારા ઉત્પન્ન થાય છે.
- સમાજ એક બે તેથી વધુ વ્યક્તિઓના ચોક્કસ હેતુ સિદ્ધ માટે એકત્ર થયેલો સમૂહ.

મનુષ્ય એ વ્યક્તિઓ સાથેના પારસ્પરિક સંબંધો દ્વારા સમાજનું નિર્માણ શક્ય બને છે. વ્યક્તિ વિના સમાજ નિરર્થક છે અને સમાજ વિહીન વ્યક્તિ શૂન્ય છે. સામાજિક શૂન્યતામાં વ્યક્તિનું વ્યક્તિત્વ પાંગરી શકતું નથી.

## 1.3 સમાજની લાક્ષણિકતાઓ :

સમાજ એ કોઈ એક જ પ્રકારની વ્યક્તિઓનો સમૂહ નથી, પરંતુ વિભિન્ન પ્રકારની વ્યક્તિઓ ભેગી મળી હેતુપૂર્વક જે સમૂહ રચે તે સમાજ છે, આવો સમાજ અનેક લાક્ષણિકતા ધરાવે છે, જે નીચે મુજબ છે :

**(1) સામાજિક સંબંધો :**

વ્યક્તિ-વ્યક્તિ અસ્તિત્વની સભાનતા, એટલે જ કુશળ સામાજિક સંબંધ એવું નહિ પરંતુ તેમાં ઈર્ષા, સંઘર્ષ, દુશ્મનાવટ જે સામાજિક સંબંધો સમાજમાં હોય. દા.ત. સાસુ-વહુના સંબંધો, મિત્ર-મિત્ર વચ્ચેના સંબંધો, વેપારી-વેપારી વચ્ચેના સંબંધો વગેરે.

સામાજિક સંબંધો હંમેશા એક જ સ્વરૂપના હોય એ જરૂરી નથી, તેમાં આર્થિક, રાજકીય, કૌટુંબિક, ધાર્મિક સંબંધો સમાવિષ્ટ છે, તેમાં ઔપચારિક, અનૌપચારિક, સંગઠિત, અસંગઠિત, પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધો પણ હોય છે.

**(2) સમાજનું અમૂર્ત સ્વરૂપ :**

સમાજ શબ્દનો ઉલ્લેખ કરતી વખતે સામાજિક દૃષ્ટિકોણથી અમૂર્ત સામાજિક સંબંધોનો ઉલ્લેખ કરીએ છીએ. આવા સંબંધો સ્થૂળ નથી, પરંતુ અમૂર્ત કે સૂક્ષ્મ હોય છે.

સમાજ પ્રત્યક્ષ રીતે જોઈ શકાતો નથી, અનુભવાય છે તેમ સંબંધો પણ સ્પર્શી કે નિહાળી ન શકાય, માત્ર તેની અનુભૂતિ કરી શકાય. આમ સમાજનું નક્કી-મૂર્ત સ્વરૂપ શક્ય નથી. તે અદૃશ્ય છે છતાં તેનું અસ્તિત્વ છે.

**(3) પારસ્પરિક સંબંધ :**

સામાજિક સંબંધો માનસિક સંબંધોના પાયા પર રચાયેલા છે, જ્યાં સુધી એક વ્યક્તિ અન્ય વ્યક્તિથી પરિચિત ન થાય, તેનાથી સભાન થાય, એના અસ્તિત્વની અનુભૂતિ ન કરી શકે ત્યાં સુધી સામાજિક સંબંધ સ્થાપિત થઈ શકતો નથી.

બે વ્યક્તિ વચ્ચે પ્રેમાલાપ કે શાબ્દિક યુદ્ધ વખતે પણ બંનેના એકબીજાના અસ્તિત્વની સભાનતા હોવી જોઈએ. સમૃદ્ધ સમાજના નિર્માણ માટે અસ્તિત્વ ટકાવી રાખવા માટે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના પારસ્પરિક સંબંધ અનિવાર્ય છે.

**(4) સામ્ય લક્ષણો :**

જ્યારે સમાજની કોઈ બે અથવા વ્યક્તિ અને સમૂહ વચ્ચે લક્ષણોમાં સમાનતા હોય તો સામાજિક સંબંધ સ્થાપી શકાય. સમાન લાક્ષણિકતા ધરાવનારાઓ વચ્ચે સુસંવાદી, ઉષ્માપૂર્ણ અને સ્નેહયુક્ત સંબંધો સ્થાપિત થઈ શકે છે. ઉપરાંત આત્મીયતા સ્થપાય, સંબંધો ચિરંજીવી બને.

**(5) વ્યક્તિમાં ભિન્નતા :**

- કોઈ એક સમાજમાં અલગ અલગ સભ્યો વચ્ચે સમાનતાની જેમ ભિન્નતા પણ જોવા મળે છે.
- આ ભિન્નતા જાતિમાં, રંગમાં, શિક્ષણમાં, હોદ્દામાં, ઉંમરમાં, શોખમાં, લાયકાતમાં, વિચારમાં... વગેરેમાં હોઈ શકે.

  દા.ત. એક જ કુટુંબની બે વ્યક્તિઓ શોખની બાબતમાં ભિન્ન હોય, એક જ સંસ્થામાં કાર્ય કરતા કર્મચારીઓ હોદ્દાની દૃષ્ટિએ ભિન્ન હોય, પરંતુ સમાજમાં ભિન્નતાનું પ્રમાણ વધે તો સામાજિક સંતુલન જોખમાય છે. સંઘર્ષની પરિસ્થિતિ સર્જાય છે. અલબત્ત સામાજિક ભિન્નતા પણ કેટલીકવાર પૂરક બને છે.

**(6) શ્રમવિભાજન :**

- શ્રમ વિભાજન સમાજનું અગત્યનું લક્ષણ છે. પ્રાચીન સમયમાં સમાજ વિભાજનના શ્રમ આધારે રચાયેલો હતો. પરિવારમાં પણ શ્રમવિભાજન જોવા મળે છે. જેમ કે સ્ત્રીઓ ઘરકામ કરે અને પુરુષો આર્થિક ઉપાર્જન કરે.
- સમાજના નિશ્ચિત ઉદ્દેશો સિદ્ધ કરવા શ્રમ વિભાજન જરૂરી છે.

**(7) પરિવર્તન અને સાતત્ય :**

- પરિવર્તન જીવનનો નિયમ છે. માનવ સમાજ ચેતનાના પૂંજોનો બનેલો છે, તેથી તે જીવંત છે અને પરિવર્તન પામી શકે છે. પહેલાંના સમાજ કરતાં હાલ પરિવર્તન ઝડપી બન્યું છે. આગળ સમાજમાં પરિવર્તનની ગતિ ધીમી હતી.
- સ્થિર સમાજની રચના માટે અનેક સામાજિક સંસ્થાનો ઉદ્ભવ થયો. સામાજિક નિયંત્રણના પરિબળો સદા વ્યક્તિના વર્તનમાં સ્થિરતા અને સાતત્ય જાળવી રાખે છે.
- સામાજિકીકરણ દ્વારા સાતત્ય જળવાઇ રહે છે. પરિવર્તન અને સાતત્ય વિરોધાભાસી હોવાં છતાં સમાજને જીવંત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.

**(8) જટિલ વ્યવસ્થા :**

- સમાજમાં રહેલી ભિન્નતાને પહોંચી વળવા વિવિધ પ્રકારની વ્યવસ્થા જરૂરી છે, પરિણામે જટિલતા સર્જાય છે. સમાજમાં વિવિધ પ્રકારના સામાજિક સંબંધો હોય છે, જે જાળવી રાખવા વ્યવસ્થાપન જરૂરી છે.

**(9) હરીફાઈ :**

- હરીફાઈ એ સમાજનું અગત્યનું લક્ષણ છે. સમાજની દરેક વ્યક્તિ પોતાની તુલના અન્ય વ્યક્તિ સાથે દરેક પળે કરે છે. આવી તુલના કે હરીફાઈ સમાજ સુધારણા માટે હોય છે.
- સમાજમાં વેપારક્ષેત્રે પેઢીઓમાં, સંસ્થાઓમાં તીવ્ર હરીફાઈ જોવા મળે છે. ચૂંટણીમાં ઉમેદવારો વચ્ચે, પરીક્ષામાં વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા થાય છે. તંદુરસ્ત હરીફાઈ સમાજ સુધારક પ્રવૃત્તિ ગણાય છે, પરંતુ ઈર્ષ્યાભાવથી થતી હરીફાઈ સમાજનું સંતુલન ખોરવે છે.

**(10) સંઘર્ષ :**

- સંઘર્ષ એ હરીફાઈનું તીવ્ર સ્વરૂપ છે. હરીફાઈ કે સ્પર્ધા સંઘર્ષની જનની છે. જ્યારે સ્પર્ધામાં સ્વાર્થ, ઈર્ષા, સંકુચિતતા, સ્વકેન્દ્રીપણું ભળે ત્યારે સંઘર્ષ સર્જાય છે. સંઘર્ષને લીધે સામાજિક સંબંધો પર વિપરીત અસર થાય છે.
- પારિવારિક સંઘર્ષ કુટુંબજીવન ખોરવી નાખે છે. ધર્મના નામે થતા સંઘર્ષો જનસમૂહના માનસમાં કોમવાદનું ઝેર પ્રસરાવે છે.

**(11) સંસ્કૃતિ :**

- સંસ્કૃતિ સમાજનો અરીસો છે. કોઈ પણ સમાજનું ચાલક બળ, ઘાતકબળ સંસ્કૃતિ છે.

- સંસ્કૃતિ એટલે ભૂતકાળના જ્ઞાન અને અનુભવોનો સંચિત વારસો, સંસ્કૃતિમાં સમાજનાં આદર્શો, મૂલ્યો, વિચારસરણીઓ, રૂઢિઓ, ભાષા, વાહન વ્યવહારના સાધનો, રીત રિવાજો, પહેરવેશ, બોલી વગેરેનો સમાવેશ થાય છે.
- સંસ્કૃતિ દ્વારા સમાજને ભૂતકાળના આદર્શો, માન્યતા, રિવાજો, વિચારો પ્રાપ્ત થાય છે. વર્તમાન સમાજ તે પ્રાપ્ત કરી સમાજમાં સંસ્કૃતિની જ્યોત જલતી રાખે છે.
- આમ સંસ્કૃતિ વર્તમાનનું, ભૂતકાળ સાથેનું સાતત્ય ટકાવી રાખે છે. સમાજને એક તાંતણે બાંધી રાખવામાં સંસ્કૃતિનું સ્થાન મોખરે છે.

  ઉપરોક્ત લાક્ષણિકતાઓ સિવાય આંતરક્રિયાનું વ્યાપક તંત્ર, સભ્યોનો દરજ્જો, ભૌગોલિક વિસ્તાર વગેરેનો પણ સમાજની લાક્ષણિકતામાં સમાવેશ થાય છે.

**(12) સહકાર :**

- સહકાર વિના સમાજનો વિકાસ શક્ય નથી. વિકાસ માટે એક બીજાંના સહકારથી સાથે રહે તો જ સમાજનો વિકાસ શક્ય બને છે.

'વિના સહકાર નહિ ઉધ્ધાર' આ સૂત્ર દર્શાવે છે કે સમાજના વિકાસનો આધાર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સહકાર પર આધારિત છે. સમાજ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સહકારથી સુરક્ષિત રહીને સંવર્ધિત થાય છે. મિત્રને બીજા મિત્રનો સહકાર, પતિને પત્નીનો સહકાર, માલિકને નોકરનો સહકાર, અધિકારીને કર્મચારીનો સહકાર મેળવવો જરૂરી હોય છે. સહકાર વિના જીવન પ્રફુલ્લિત બની શકતું નથી, જ્યાં સહકાર નથી હોતો ત્યા વૈમનસ્ય પેદા થાય છે, તેથી સમાજમાં સંઘર્ષ ઊભો થવાની શક્યતા રહે છે. સમાજમાં સંબંધો વિવિધ પ્રકારના જોવા મળે છે.

## 1.4 ભારતીય સમાજની લાક્ષણિકતાઓ :

ભારતીય સમાજના સ્વરૂપને આપણે મુખ્ય બે વિભાગમાં વહેંચી શકીએ.

(1) પ્રાચીન ભારતીય સમાજ

(2) આધુનિક ભારતીય સમાજ

આ ઉપરાંત ઉપરોક્ત બે વિભાગોને અન્ય રીતે પણ વહેંચી શકાય.

(1) પ્રાચીન સમયનો ભારતીય સમાજ

(2) મુઘલ સમયનો ભારતીય સમાજ

(3) બ્રિટિશકાળનો ભારતીય સમાજ

(4) સ્વતંત્ર ભારતનો આધુનિક સમાજ.

આ તમામ સમયગાળા દરમિયાન ભારતીય સમાજનું સ્વરૂપ બદલાતું જોવા મળ્યું છે. ભારતીય સમાજનું સ્વરૂપ સમય સાથે પરિવર્તન પામતું રહ્યું છે. ભારતીય સમાજનું પ્રાચીન સ્વરૂપ એ પરંપરાગત (Traditional) સમાજનું સ્વરૂપ છે. પરંતુ સમય અને સમાજના જીવનના પ્રવાહો જેમ જેમ પલટાતાં જાય છે તેમ તેમ ભારતીય સમાજનું સ્વરૂપ પણ પરિવર્તન થતું રહ્યું છે.

ભારતીય સમાજનું સ્વરૂપ પ્રણાલિકાગત રહ્યું છે. કોઈ બાબત ઘણી ઉથલપાથલ પછી પ્રણાલિકાનું સ્વરૂપ ધારણ કરે છે અને સમાજમાં સ્થિર થઈ જાય છે.

દરેક સમાજ પોતાની આગવી લાક્ષણિકતાઓ ધરાવે છે. દરેક સમાજમાં રીતરિવાજો, ટેવો, ધારાધોરણ, માન્યતાઓ, મૂલ્યો વગેરે અલગ અલગ જોવા મળે છે. દરેક સમાજના જીવનમાં પોતાની લાક્ષણિકતાઓ જોવા મળતી હોય છે. તે પ્રમાણે સમાજ વ્યવસ્થા જોવા મળે છે.

**(1) પ્રાચીન ભારતીય સમાજની લાક્ષણિકતાઓ :**

- પ્રાચીન ભારતમાં સમાજ જીવનને વ્યવસ્થિત રીતે ગુંથવામાં આવ્યું હતું. જીવનમાં

સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક પાસાં એકબીજામાં ઓતપ્રોત થઈ ગયેલાં હતાં. સામાજિક સંસ્થાઓનાં મૂળ ધર્મભાવનામાં ટકી રહેલાં હતા.

**(1) જ્ઞાતિગત સમાજ રચના :**

- આ પ્રકારની સમાજ રચના વેદકાલીન સમયથી અસ્તિત્વમાં છે, જેમાં વર્ણના આધારે કર્મ વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે. વ્યક્તિ જે વર્ણમાં જન્મે તે વર્ણનો ગણાતો અને તેણે પોતાના વર્ણ અનુસાર વ્યવસાય કરવો પડતો.
- વર્ણ વ્યવસ્થા કે જ્ઞાતિ વ્યવસ્થા એ તેનું આગવું લક્ષણ છે.
- વર્ણ વ્યવસ્થામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણો હતાં.

આ ચારેય વર્ણોએ બજાવવાનાં કાર્યો મનુસ્મૃતિમાં વર્ણવામાં આવ્યાં છે. એનાથી સમાજનું નિયમન અને વ્યવસ્થા જળવાઈ રહેલાં.

**(1) બ્રાહ્મણ :**

અધ્યયન, અધ્યાપન અને ધાર્મિક ક્રિયાઓ કરનાર વર્ગ.

**(2) ક્ષત્રિય :**

પ્રજાનું અને સમાજનું રક્ષણ કરનાર વર્ગ.

**(3) વૈશ્ય :**

વેપાર કરનાર વર્ગ.

**(4) શુદ્ર :**

પ્રજાની સેવા કરનારો વર્ગ.

આ જ્ઞાતિ વ્યવસ્થાની ખાસિયતો નીચે મુજબની છે.

- જ્ઞાતિ જન્મ પર આધારિત છે, તેમાં સ્થળાંતર શક્ય નથી.
- બ્રાહ્મણ, ક્ષત્રિય કે ઉચ્ચ વર્ગની જ્ઞાતિઓનું સમાજ પર આધિપત્ય હતું.
- જ્ઞાતિ બહાર લગ્ન-વિવાહ પર પ્રતિબંધ હોય છે.
- અન્ય જ્ઞાતિઓ સાથે ભોજન વ્યવહારના પણ નિયમો હોય છે.
- જ્ઞાતિના કાનૂનો અને રિવાજો પણ હોય છે.

ભારતીય સમાજમાં જ્ઞાતિ પ્રથાએ સમાજ વ્યવસ્થામાં નિયંત્રણનું કાર્ય કર્યું છે. જ્ઞાતિ પ્રથાનું એક મહત્ત્વનું દૂષણ કોઈપણ વ્યક્તિ પસંદગીનો વ્યવસાય કરી શકે નહીં.

**(2) ધાર્મિક બંધનો અને સમૂહો :**

- ધાર્મિક ચુસ્તતા એ પણ પ્રાચીન ભારતીય સમાજની મુખ્ય લાક્ષણિકતા છે. વ્યક્તિએ જે ધર્મ સ્વીકાર્યો હોય તેમાંથી મુક્તિ મળતી ન હોય. પૂર્વજો દ્વારા વારસામાં મળેલ ધર્મ આજીવન સ્વીકારવો પડતો. વ્યક્તિ ધાર્મિક બંધનોમાં સપડાયેલો રહેતો. તે સમયમાં ઉચ્ચ-જ્ઞાતિઓના દેવાલયો ઉચ્ચે કક્ષાના ગણાતાં અને નિમ્ન જ્ઞાતિઓના દેવાલયો અલગ બનાવાતા તેમને ઉચ્ચ પ્રકારના દેવાલયોમાં પ્રવેશવા પર પ્રતિબંધ હતો. અલબત્ત આ પ્રથા હજી પણ કેટલાંક સ્થળોએ જોવા મળે છે.
- સમાજના રીત રિવાજો અને નીતિ નિયમોને આધીન રહીને જ વ્યક્તિએ જીવન જીવવું પડે છે.

**(3) અમુક સામાજિક વર્ગનો પ્રભાવ :**

- સમાજમાં અમુક સામાજિક વર્ગોનો પ્રભાવ જોવા મળતો હતો. વેદકાલીન સમયમાં ક્ષત્રિયોનો અન્ય વર્ણો પર પ્રભાવ હતો, જેમ વ્યક્તિના કુટુંબમાં કોઈ એકનો પ્રભાવ હોય છે તેમ સમાજમાં પણ કોઈ વ્યક્તિનો કે વર્ગનો પ્રભાવ હોય છે.

- વર્ણ વ્યવસ્થામાં ક્ષત્રિયોને માલ-મિલકત તથા હોદ્દો વારસામાં જ મળતા હતા. તેથી રાજાનો દીકરો રાજા જ બનતો પ્રજા પર પોતાનું વર્ચસ્વ દાખવતો.
- રાજાના નિયમોનું ઉલ્લંઘન કરનારને આકરી સજા હતી. રાજાઓ, જનપતિ, શાહુકારો વગેરે નિમ્ન વર્ગના લોકો પર પોતાનો પ્રભાવ જમાવતાં હતાં.

**(4) ભાષાગત સમાજ રચના (પ્રાદેશિક) :**

- સમાજની ગોઠવણ પ્રાદેશિકતાને આધારે અથવા ભાષાના આધારે કરવામાં આવતી. આજે પણ પ્રાચીન સમયના રહેઠાણના આધારે વ્યવસાય અને વ્યવહારમાં ભિન્નતા જોવા મળે છે.
- રાષ્ટ્રીય એકતાના સ્થાપન માટે હિંદીનો રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કરાયો છતાં હિંદી સારી બોલી શકતા નથી. પ્રાંતીય ભાષાની બધા જ સમાજના લોકો ઉપર અસર રહે છે, જેમ એક રાજ્યમાં વિવિધ ભાષા છે, તેમજ વિવિધ રાજ્યમાં વિવિધ ભાષા છે, જેનો પ્રભાવ જે તે રાજ્ય પ્રદેશ પર રહે છે.

**(5) પુરુષોનું સમાજ પર પ્રભુત્વ :**

- પ્રાચીન સમયમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિના અભાવે સ્ત્રીઓનું સમાજમાં સ્થાન નીચું હતું. સમાજ પુરુષ પ્રધાન હતો. પુરુષ આખા સમાજ પર વર્ચસ્વ જમાવતો. આર્થિક, સામાજિક બાબતો, અગત્યના નિર્ણયો વગેરે બાબતોમાં પુરુષોનો નિર્ણય આખરી ગણાતો.

સ્ત્રીઓની ઈચ્છા અવગણવામાં આવતી હતી, તેમને વિચારો રજૂ કરવાની સ્વતંત્રતા નહોતી. સમાજમાં ઘૂંઘટ પ્રથા, સતીપ્રથા, બાળલગ્ન જેવા કુરિવાજો હતાં. જેના ભાગે સ્ત્રીઓએ બનવું પડતું. વિધુર પુરુષ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી શકે, પરંતુ વિધવા સ્ત્રી લગ્ન કરી શકે નહીં. આમ સમાજ સંપૂર્ણપણે પુરુષના આધિપત્ય હેઠળ ચાલતો હતો. સ્ત્રીઓએ પુરુષોના નિર્ણય મુજબ ચાલવાનું રહેતું.

**(6) ગતિશીલતાનો અભાવ :**

- પ્રાચીન સમયમાં વાણી વ્યવહારની સગવડ ઓછી હતી. આ ઉપરાંત વ્યક્તિઓ પોતે સ્થિરતાપૂર્વકના જીવનમાં માનતા હતા. સમાજના લોકો બદલાતી જતી પરિસ્થિતિ સાથે બદલાવા તૈયાર ન હતા. દા.ત. કોઈ એક વ્યક્તિને એક વ્યવસાયમાં સારી કમાણી મેળવવા અન્ય સ્થળ જવું પડે એમ હોય તો તે ન જાય. આને સામાજિક ગતિશીલતાનો અભાવ કહે છે.
- પિતાનો વ્યવસાય દીકરો જ સંભાળે, એવી સંકુચિત વિચારધારા સમાજમાં પ્રવર્તેલી હતી. આવા અનેક કારણોસર પ્રાચીન ભારતીય સમાજમાં ગતિશીલતાનો અભાવ જોવા મળતો હતો.

**(7) સામાજિક અંધશ્રદ્ધાઓ અને રૂઢિગત માન્યતાઓ :**

- ભારતીય સમાજ ધાર્મિકતાને વરેલો દેશ હતો. સાથો સાથ સમાજમાં અંધશ્રદ્ધા અને રૂઢિઓ વ્યાપેલી હતી.
- દા.ત. બિલાડી રસ્તો કાપે તો અપશુકન થાય, છીંક આવે ત્યારે શુભ કાર્ય ન કરવું વગેરે...

  આ ઉપરાંત દીકરો બાપનો ધંધો જ સંભાળે, અન્ય વ્યવસાય ન કરી શકે, બ્રાહ્મણો જ શિક્ષણ આપી શકે, ક્ષત્રિયો કે વૈશ્યો રાજા તરીકે ક્ષત્રિયો જ હોય બીજું કોઈ નહીં. આવી માન્યતાઓ રૂઢ થયેલી હતી.

**(8) સંયુક્ત કુટુંબો :**

- પ્રાચીન ભારતીય સમાજની આ લાક્ષણિકતા આગવી છે. ભારતીય સમાજમાં 'સંયુક્ત કુટુંબ પ્રથા' જોવા મળતી હતી. એક કુટુંબમાં ચાર-પાંચ જેટલાં પુત્રો હોય તો તેઓ પરિવારની સાથે જ રહે. સંપની, સહકારની ભાવના સાકાર થતી, તેમજ કાર્યોની વહેંચણી પિતા કરે.

કુટુંબના વડીલોનો નિર્ણય આખરી ગણાતો હતો. વડીલોનું આદર-માન કરવું, બાળકોનો સર્વાંગી વિકાસ કરવો વગેરે.

**(9) આર્થિક રીતે આત્મનિર્ભર :**

- પ્રાચીન ભારતીય સમાજ આર્થિક રીતે આત્મનિર્ભર હતો. આર્થિક સંબંધોનું નિયમન સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થતું. ખેતી એ જ મુખ્ય વ્યવસાય હતો. ભારતીય કારીગરો વ્યવસાયલક્ષી જૂથોમાં વહેંચાયેલી હતી. પેદાશની ગુણવત્તાનું નિયંત્રણ થતું. વ્યક્તિનું જીવન સાદું હતું. માનવીની ભૌતિક જરૂરિયાતો મર્યાદિત હતી. લોકો ખેતી કરી પોતાનો જીવન નિર્વાહ ચલાવતા. જમીનદારોનો વર્ગ પણ અસ્તિત્વમાં હતો, તેઓ ખેડૂતોનું શોષણ કરતાં.

**(10) પંચાયત વ્યવસ્થા :**

- પ્રાચીન ભારતીય સમાજમાં પંચાયતો જનકલ્યાણના કાર્યો કરતી. ભારતનું ગામડું એ વખતે માત્ર વ્યક્તિઓનો સરવાળો જ નહોતું, એ તો જ્ઞાતિ શ્રમની વહેંચણી અને આત્મ શાસનના પાયા પર રહેલું એક સુવ્યવસ્થિત ઘટક હતું.
- પંચાયતોમાં નેતા બનાવાતા, નેતા તેનો વહીવટ કરતાં. અંગ્રેજોએ આવીને ટૂંકમાં આવી પંચાયતોનો નાશ કર્યો.

## 1.5 આધુનિક ભારતીય સમાજની લાક્ષણિકતાઓ :

- વિશ્વમાં ચારે બાજુ વિજ્ઞાન અને ટેક્નોલોજીએ હરણફાળ ભરી છે. વિશ્વના દરેક દેશમાં સામાજિક પરિવર્તન થઈ રહ્યું હોય ત્યારે ભારત તેમાંથી કઈ રીતે અલિપ્ત રહી શકે ? ભારત દેશ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે. ઉદ્યોગ, ધંધા, વેપાર, વ્યવસાયોના ક્ષેત્રે અદ્‌ભુત પ્રગતિ થતાં જ સમાજ જીવનનું માળખુ કરવટ બદલી રહ્યું છે. સામાજિક પરિવર્તનમાં ખૂબ જ ઘોડાપૂરની માફક તેજી આવી છે.
- વસંત આવે તેની સાથે સાથે પ્રકૃતિ અંગે અવનવા રંગ ધારણ કરી નાચી ઊઠે તેમ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી આપણું સામાજિક જીવન નવપલ્લવિત પ્રગતિ કરવા માંડયું.
- ભારતનો સાંપ્રત સમાજ તેની આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે. ભારતનો ઈતિહાસ ઘણો જૂનો છે. આ દેશ તેની સમગ્ર કાયાને હચમચાવી નાખે તેવી વર્તમાન ક્ષણોમાંથી પસાર થઈ.
- સામાજિક કુરિવાજોને દૂર કરવાના પ્રયાસો કરતો સમાજ.
- નાના કુટુંબનો અને વિભક્ત કુટુંબ પ્રથાનો સ્વીકાર કરતો સમાજ.
- સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરતો સમાજ.
- પછાત વર્ગોના વિકાસ માટે પ્રયાસો કરતો સમાજ.
- આમ આધુનિક ભારતીય સમાજ પરિવર્તનશીલ સમાજ છે. સામાજિક પરિવર્તનને કારણે અન્ય ક્ષેત્રોમાં પણ પરિવર્તન આવી રહ્યું છે.
- વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે માહિતી મેળવવામાં સરળતા રહે છે.

**(1) જ્ઞાતિ વિહિન ભારતીય સમાજ :**

- આધુનિક ભારતીય સમાજ જ્ઞાતિવાદથી પર છે, જેમાં દરેક વ્યક્તિએ બીજી વ્યક્તિઓ સાથે સુમેળ સાધી લીધો છે. સમાજના લોકો મુક્ત અને આધુનિક વિચારસરણી ધરાવતાં હતાં. સમાજમાં જ્ઞાતિ તથા પેટા જ્ઞાતિ જોવા મળે છે, પરંતુ તેનું ચોક્કસ માળખું નથી એટલે કે બ્રાહ્મણનો છોકરો વેપાર કરી શકે અને વૈશ્યનો છોકરો શિક્ષણ આપી શકે વગેરે. લગ્ન પ્રથાની બાબતમાં પણ એવું જ છે. આંતર જ્ઞાતિય લગ્ન શક્ય છે. પ્રાચીન સમયનું વર્ણ વ્યવસ્થાનું માળખું આજે ચુસ્તપણે અમલીકૃત નથી. આમ સમગ્ર સમાજ જ્ઞાતિ કે વર્ણ વિહીન સમાજ રચના ધરાવે છે.

**(2) વિભક્ત કુટુંબ પ્રથા :**

- પ્રાચીન કાળથી ચાલી આવેલી સંયુક્ત કુટુંબ પ્રથા હવે લાંબો સમય ચાલી શકે તેમ નથી. સંયુક્ત કુટુંબ પ્રથાના અનેક લાભો હોવા છતાં ઔદ્યોગિકરણને લીધે લોકો ગામડાં છોડી શહેરમાં જઈ રહ્યાં છે. રોજગારીની વધુ તકો શહેરમાં હોવાથી કામ ધંધાના સ્થળે પોતાના નાનકડા કુટુંબ સાથે લોકો શહેરમાં રહેવાનું પસંદ કરે છે. વ્યક્તિ સ્વતંત્ર રીતે પોતાનું જીવન નાના કુટુંબમાં ગાળવાનું પસંદ કરે છે. સંયુક્ત કુટુંબ પ્રથાના કલેશ, મતભેદો આનાથી દૂર થાય છે.

  આથી સંયુક્ત કુટુંબની ભાવના હવે તૂટવા લાગી છે. વૃદ્ધોની સંભાળ જેવી સંયુક્ત કુટુંબમાં લેવાતી હતી તે આવા કુટુંબોમાં લેવાતી નથી. આથી વૃદ્ધોની સ્થિતિ દયાજનક બની રહી છે. વૃદ્ધાશ્રમો અસ્તિત્વમાં આવી રહ્યાં છે.

**(3) સ્ત્રી સમાનતાનો વિકાસ :**

- પ્રાચીન ભારતીય સમાજ પુરુષ પ્રધાન દેશ હતો. જ્યારે આધુનિક ભારતીય સમાજમાં સ્ત્રી-પુરુષને સમાન ગણવામાં આવે છે. સ્ત્રીઓને સ્વતંત્ર અધિકારો હતાં, તે શિક્ષણ મેળવી શકતી છે. નારીનું સ્થાન સન્માનીય બન્યું. સ્ત્રીઓ સમાજમાં પોતાના હક્ક માટે અવાજ ઉઠાવી શકે છે.

  આમ આધુનિક ભારતીય સમાજમાં સમાનતાનો ઉદય થયો.

**(4) ગતિશીલતાનો વિકાસ :**

- વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વધતો જતો વ્યાપ શિક્ષણ અંગેની જાગૃતિ અને પ્રતિસ્પર્ધાના કારણે સમાજ જીવન ઝડપી બન્યું છે. નવી નવી શોધોના સ્વીકાર માટે સમાજે ગતિશીલ બન્યો છે. ઉપરાંત ધંધા, રોજગાર, વેપારમાં થતા વિકાસને પહોંચી વળવા આર્થિક ઉપાર્જન માટે ગામના લોકો શહેર તરફ વળ્યાં છે. લોકોના વિચારોમાં પરિવર્તન આવ્યું છે. રૂઢિઓ, માન્યતાઓ દૂર થયાં છે. સમાજ ગતિશીલ બન્યો છે.

**(5) વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો વિકાસ :**

- શિક્ષણનો વ્યાપ વધવાને કારણે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો વિકાસ થયો. વિજ્ઞાન ટેક્નોલોજીના વિકાસને કારણે સમાજમાં થતી વૈજ્ઞાનિક શોધોને સમાજના લોકોએ જ ઝડપથી અપનાવી લીધી, જેનું મુખ્ય કારણ શિક્ષણ દ્વારા લોકોમાં વિકસિત વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ.
- આધુનિક સમયની માંગને પહોંચી વળવા માટે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ શોધો અપનાવવાની ફરજ પડી. ખેતી ક્ષેત્રે પહેલાં જૂની પુરાણી પદ્ધતિઓ થતી હતી, જ્યારે આજે સમગ્ર ખેતી આધુનિક પદ્ધતિઓથી થતી જોવા મળે છે.
- સમાજમાં વહેમો, રૂઢિ, રિવાજો, અંધશ્રદ્ધાઓ વગેરેમાંથી આધુનિક સમાજ બહાર લાવનાર પરિબળ એટલે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ.

**(6) ધાર્મિક બંધનોમાંથી મુક્તિ :**

- સર્વધર્મ સમભાવ અને બિનસાંપ્રદાયિકતાની ભાવનાના કારણે સમાજ બંધનોમાંથી મુક્ત થયો છે. આજનો સમાજ પોતાને જે ધર્મ યોગ્ય લાગે તે અપનાવી શકે છે. આંતરજ્ઞાતિય લગ્નો શક્ય બન્યા છે. ધાર્મિક ભેદભાવો દૂર થયા.
- ભારતનો સમાજ બહુધર્મી સમાજ છે. આપણું રાષ્ટ્ર પ્રચંડ લોકશાહીને વરેલું છે. ભારતમાં લાંબા સમયથી હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ વગેરે ધર્મોના લોકો ધાર્મિક સહિષ્ણુતા અને ભાઈચારાની ભાવનાથી રહેતાં હતાં. આમ છતાં આપણા બહુધર્મ સમાજમાં કેટલાંક ધાર્મિક ઝનૂની તત્ત્વોને લીધે ધાર્મિક કટ્ટરતાવાદ વધ્યો છે, તેથી ગોધરાકાંડ, અક્ષરધામ જેવાં

હુમલાઓ થયા કરે છે. આમાંથી આતંકવાદ જન્મ્યો છે. જુદી જુદી કોમો વચ્ચે ધાર્મિક અસહિષ્ણુતા પ્રવર્તે છે. આ એક ભયંકર રોગનું ચિન્હ છે.

**(7) શિક્ષણનો પ્રચાર અને પ્રસાર :**

- આધુનિક ભારતીય સમાજમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થયો. 1થી 7 ધોરણ સુધીનું શિક્ષણ મફત, ફરજિયાત, સાર્વત્રિક બન્યું છે. કન્યા કેળવણી પર વધુ ભાર અપાયો છે. શાળાઓમાં સ્કોલરશીપ, રાહત દરે શૈક્ષણિક સામગ્રીનું વેચાણ, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા વગેરે દ્વારા શિક્ષણનો પ્રસાર થયો છે.
- પ્રૌઢ શિક્ષણ વર્ગો, સેમિનાર, રાત્રિ શાળા, મોબાઈલ શાળા વગેરે દ્વારા શિક્ષણનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે.

**(8) સમૂહ માધ્યમોની સ્વીકૃતિ :**

- સમાજમાં ઉપલબ્ધ સમૂહ માધ્યમો જેવાં કે ન્યૂઝ પેપર, રેડિયો, ટીવી, ઈન્ટરનેટ, ચલચિત્રો, જાહેરખબરો વગેરેની સ્વીકૃતિ આધુનિક ભારતીય સમાજમાં જોવા મળે છે.
- સમૂહમાં, માધ્યમો સામાન્ય બન્યાં છે, જેના દ્વારા દૂરના ગામડાંની વ્યક્તિ પણ ઘરના ખૂણામાં બેસી દુનિયાને નિહાળી શકે છે.

**(9) સમાન તકોની શક્યતામાં વધારો :**

- જ્ઞાતિ, જાતિ, ધર્મ, રાજ્ય કે સામાજિક દૃષ્ટિએ સમાનતા આધુનિક ભારતીય સમાજની લાક્ષણિકતા છે. સ્ત્રી-પુરુષ સમાન છે એમ ગણી બંનેને શિક્ષણ અને વ્યવસાયની સમાન તકો પૂરી પડાય છે.
- શિક્ષણ, નોકરી, વેપાર-ધંધામાં, સંરક્ષણક્ષેત્રે, રમતગમતમાં દરેક જગ્યાએ જ્ઞાતિ સમાનતા જાળવવા અનામત કેટેગરી રાખવામાં આવે છે, જે જ્ઞાતિગત સમાનતાનું સૂચક છે.

**(10) અધિકારો અને ફરજોની જાગૃતિ :**

- આધુનિક ભારતીય સમાજ પોતાના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત બન્યો છે. જે પહેલાનાં વખતમાં જોવા મળતું નહીં. ભારતના બંધારણમાં વ્યક્તિને વિચાર, વર્તન, વાણી સ્વાતંત્ર્ય આપવામાં આવેલ છે.
- લોકશાહી માળખામાં રચાયેલી સમાજ વ્યવસ્થા દરેકને સમાન હક્કો અને ફરજો પૂરી પાડે છે.

**(11) પશ્ચિમી સંસ્કૃતિનો સમાજ પર પ્રભાવ :**

- આધુનિક ભારતીય સમાજ હવે પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાયેલો છે, પરિણામે ભારતીય સંસ્કૃતિમાં વિકૃતિ અને અશ્લીલતા જોવા મળે છે.

**(12) માનવ સંબંધોનું છીછરાપણું :**

- આજે બે દેશો વચ્ચેનું અંતર ઘટ્યું છે, પરંતુ બે માનવજાત વચ્ચેનું અંતર વધ્યું છે. પહેલાના વખતમાં નિઃસ્વાર્થ ભાવે સેવા કરતો માણસ આજે સ્વાર્થ વિના કશું કરવા તૈયાર નથી. માનવ સંબંધો ઔપચારિક બન્યાં છે. એક જ સમાજના લોકો અંદરો અંદર અવરોધક પ્રવૃત્તિ તરફ વળ્યાં છે.

**(13) આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલમાં જાગૃતિ :**

- વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે તેમજ ટીવીના માધ્યમ દ્વારા વસ્તી વૃદ્ધિ, પ્રદૂષણ, અસાધ્ય રોગો, શિક્ષિત બેકારી, કુદરતી સંપત્તિમાં ઘટાડો, આતંકવાદ, સ્ત્રીની ઘટતી જતી સંખ્યા વગેરે આંતરરાષ્ટ્રીય પડકારોને પહોંચી વળવા આધુનિક સમાજ જાગૃત બન્યો છે.
- રોજગારીની તકો વધારવા, ખનિજ સંપત્તિના સ્ત્રોતો શોધવા, ભ્રષ્ટાચાર નાબૂદ કરવા, આતંકવાદ અટકાવવા વગેરે માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

- આધુનિક ભારતીય સમાજ પાસેથી આ માટેની અપેક્ષા રખાતી હોવાથી સમાજને આ બાબતે જાગૃત થવાની જરૂરિયાત ઊભી થઈ.

**(14) વૈજ્ઞાનિક ટેક્નોલોજીનો વિકાસ :**

- આધુનિક ભારતીય સમાજ, વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ તરફ આગળ વધ્યો છે, પરિણામે કારખાના, યંત્રો ઉદ્યોગોમાં ગુણવત્તાનું પ્રમાણ ઊંચું આવ્યું છે.
- ટેક્નોલોજીની ઉત્તમ ભેટ કામ્પ્યુટર, લેપટોપ, ઈન્ટરનેટ વગેરેને પરિણામે દેશના વિકાસની દિશા ખૂલી છે. સારી ગુણવત્તાવાળી વસ્તુઓ બજારમાં પ્રાપ્ત બની છે.

**(15) આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણનો વિકાસ :**

- વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણનો વિકાસ થયો છે. આધુનિક ભારતીય સમાજમાં આંતરરાષ્ટ્રીય વેપાર, અભ્યાસ, સ્પર્ધા વગેરે દ્વારા આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસ્યો છે, પરિણામે દેશના વિકાસ માટે અન્ય દેશો સહયોગ આપતો થયો છે.
- આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણથી આંતરરાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત બની છે.

**(16) વૈચારિક ક્રાંતિનો વિકાસ :**

- વૈચારિક ક્રાંતિનો વિકાસ એ આધુનિક ભારતીય સમાજની આગવી વિશેષતા છે.
- આધુનિક શોધખોળો બતાવે છે કે માનવીની વૈચારિક શક્તિનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે.
- યુવાનો ક્રાંતિકારી વિચારો ધરાવતાં થયાં છે, જેની સાથે તેમનામાં પૂરતી વૈચારિક સમજ આવે ત્યારે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ ઉકેલવામાં સહાયરૂપ બનશે.

**(17) બે પેઢી વચ્ચે વધતું જતું અંતર :**

- પ્રાચીન કાળમાં જૂની પેઢીને માન અને સન્માનની નજરથી જોવામાં આવતી હતી. વડીલોનું સન્માન કરવામાં આવતું હતું. માન જાળવવામાં આવતું હતું. વડીલ કહે તેમ કાર્ય થતું હતું. આધુનિક ભારતીય સમાજમાં યુવાનો અને વડીલો વચ્ચેનું વૈચારિક અંતર વધતું ચાલ્યું છે. આથી જૂની અને નવી પેઢી વચ્ચેનો વૈચારિક સંઘર્ષ વધી રહ્યો છે.

**(18) વ્યક્તિગત વિકાસ :**

- આધુનિક ભારતીય સમાજમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરવા લાગ્યો છે. વ્યક્તિગત વિકાસ થાય તો જ વ્યક્તિગત ફાયદો થાય તેવું માનવી માની રહ્યો છે. વ્યક્તિ સમાજમાં પોતાનું ચોક્કસ સ્થાન અને મોભો મેળવવા પ્રયાસ કરે છે.

**(19) ગુલામીમાંથી મુક્તિ :**

- આધુનિક ભારતીય સમાજ, આર્થિક અને રાજકીય ગુલામીમાંથી મુક્ત બને તે માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ માટે વિશાળ દૃષ્ટિકોણ કેળવાય તે જરૂરી છે. સમાન તકના સિદ્ધાંત દ્વારા આ સમસ્યામાંથી મુક્તિ મળી છે.

**(20) સામાજિક બંધનો, રીત રિવાજોમાંથી મુક્તિ :**

- આધુનિક ભારતીય સમાજે સામાજિક બંધનો, રીત-રિવાજો વગેરેમાંથી મુક્તિ મેળવી છે. લગ્નપ્રથા અન્ય જ્ઞાતિમાં થઈ રહેલ જોવા મળે છે. રીત-રિવાજો જેવાં કે દહેજ પ્રથા, સામાજિક કુરિવાજો જેવા કે સતીપ્રથા, બાળલગ્નો વગેરે ઘટ્યાં છે ખરાં, પરંતુ કેટલાંક પછાત સમાજોમાં આ દૂષણો જોવા મળે છે. દહેજ પ્રથા જેવાં દૂષણો હાલમાં શિક્ષિત સમાજોમાં પૂરેપૂરા નષ્ટ થયાં નથી.
- હાલમાં પણ નારી ભૃણ હત્યા જોવા મળે છે. સ્ત્રીઓનો દરજ્જો હાલમાં પણ કેટલાંક

સમાજોમાં પરંપરાગત રીતે નિમ્ન રહ્યો છે. આ બધું હોવાં છતાં આધુનિક સમાજના યુવાવર્ગમાં કુરિવાજો જોવા મળે છે. આક્રોશ પ્રગટતો જણાય છે અને તેઓ આંદોલિત થઈ ઊઠે છે.

- સમાજમાં આદર્શો અને મૂલ્યોનો સંઘર્ષ થતો જોવા મળે છે. અહિંસા, સત્ય, સદાચાર, પ્રમાણિત, નિષ્ઠા વગેરે મૂલ્યો શાશ્વત હોવાથી તે મૂલ્યોનો આદર થતો જોવા મળે છે, પરંતુ ઔદ્યોગિકીકરણને લીધે આ મૂલ્યોનો હ્રસ થતો જોવા મળે છે.
- સમાજમાં કેટલાંક ધારાધોરણોમાં પરિવર્તન જોવા મળે છે. આમ છતાં એક પત્નીત્વ, પરસ્ત્રીગમન પ્રત્યે ધૃણા, પવિત્ર અને નૈતિક જીવન, વડીલો પ્રત્યે સન્માન, અતિથિઓને આદર જેવાં કેટલાંક ધારાધોરણો ટકી રહ્યાં છે. આથી સમાજનું નિયમન અને નિયંત્રણ શક્ય બન્યું છે.
- હજી પણ જ્ઞાતિમાં લગ્નો થાય છે. પતિને સન્માનનીય દરજ્જો આપવામાં આવે છે. વગેરે ધારા ધોરણો એક યા બીજા સ્વરૂપે ટકી રહ્યાં છે. છતાં છૂટાછેડાના બનાવો વધતાં જાય છે.

## 1.6 ભારતીય સમાજ અને શિક્ષણ :

- **પ્રસ્તાવના :**
- શિક્ષણ અને સમાજ પરસ્પરાવલંબી છે. સમાજ એ શિક્ષણનું પ્રતિબિંબ છે, તેથી દેશમાં સમાજને અનુરૂપ શિક્ષણનું પ્રયોજન હોવાનું અને તેવો સમાજ હોવાનો. આમ શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે. સમાજમાં વસતા નાગરિકોનું ઘડતર શિક્ષણે જ કરેલું હોય છે.
- સમાજ એ શિક્ષણની જ ફલશ્રુતિ છે, જેવું શિક્ષણ એવો નાગરિક. સમાજ અનેક નાગરિકોનો બનેલો હોય, જેવો સમાજ તેવું શિક્ષણ, તેનાથી ઊલટું જે દેશમાં જેવું શિક્ષણ હશે તેવો સમાજ હશે.
- આમ, સમાજ અને શિક્ષણને સંબંધ છે. ભારત સમાજવાદી રચના ધરાવે છે. ભારતીય સમાજમાં સામાજિક વિવિધતા છે, જેવી કે વ્યક્તિ, જાતિ, જ્ઞાતિ, ધર્મ, પ્રાંત અને ભાષા વગેરે.
- શાળામાં આવતા બાળકો સમાજના વિવિધ વર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ આવતી કાલના નાગરિકો છે. શાળામાં બાળકોનું જે ઘડતર થશે તેને પરિણામે ભાવિ સમાજરચના થશે. ભવિષ્યના સમાજનું નવનિર્માણ શિક્ષણ જ કરી શકશે.
- બિનસાંપ્રદાયિકતા, સમાનતા, બંધુતા જેવાં સામાજિક મૂલ્યોનું ઘડતર પણ શિક્ષણ દ્વારા જ થાય. ભારતીય સમાજમાં ઊંચ-નીચના ભેદભાવ પર રચાયેલાં સામાજિક સમૂહોનો કોટિક્રમ છે. આવા કોટિક્રમની વ્યવસ્થાને આપણે સ્તર વ્યવસ્થા કહીશું. સમાજમાં આવાં સ્તરોને લીધે ઊંચ-નીચના ભેદભાવવાળી સમાજરચના જોવા મળે છે. જેથી હકો, ફરજો, અધિકારો, જવાબદારીઓમાં અસમાનતા પ્રવર્તે છે, પરંતુ શિક્ષણ વડે વ્યક્તિ પોતાના પ્રયત્નથી આ પરિસ્થિતિ બદલી શકે છે.
- ભારતીય સમાજ એકથી વધુ ચલો પર આધારિત સ્તરીકૃત થયેલો છે. જ્ઞાતિની દૃષ્ટિએ સવર્ણ અને નિમ્ન જ્ઞાતિઓ છે. ધર્મની દૃષ્ટિએ પણ વર્ગીકૃત સમાજ છે. વળી, ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન સામાજિક વર્ગો પણ છે. અહીંનું શિક્ષણ આવા વર્ગોથી પ્રભાવિત છે.

## 1.7 ભારતીય સમાજનું સ્વરૂપ અને શિક્ષણ :

- ભારતીય સમાજમાં ઘણું બધું સામાજિક વૈવિધ્ય છે. જેમાં ધર્મ, જ્ઞાતિ, સામાજિક-આર્થિક સ્થિતિ વગેરેમાં ભિન્નતા જોવા મળે છે. ધર્મની દૃષ્ટિએ શિક્ષણમાં હિંદુ ધર્મનું વર્ચસ્વ વધુ જોવા મળે છે. બ્રાહ્મણ જ્ઞાતિનો પ્રભાવ વધુ જોવા મળે છે. ઉચ્ચ વર્ગનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. આથી પછાત લોકોને સુવિધા ઓછી મળતી હોય છે.

- એટલે કે આવા પ્રકારની સામાજિક પરિસ્થિતિને લીધે શિક્ષણનું માળખું ઉચ્ચવર્ગ અને મધ્યમવર્ગના નિયંત્રણ હેઠળ વધુ રહે છે, તેથી તે નિમ્ન વર્ગને વધુ ઉપયોગી થઈ શકતું નથી.
- આમ, સામાજિક ભિન્નતાને લીધે શિક્ષણનું માળખું એવું રચાયું છે કે સામાજિક વર્ગો વચ્ચેનો ભેદ વધે છે. શિક્ષણ સામાજિક વર્ગોથી પ્રભાવિત થયું છે. જ્યાં સમૃદ્ધ લોકો વધુ રહેતા હોય ત્યાં વધુ સારી સુવિધાવાળું શિક્ષણ.
- શૈક્ષણિક તકોમાં સામાજિક ભિન્નતાને અનુસરી ભિન્નતા જોવા મળે છે, જેમાં અભ્યાસક્રમની પસંદગી, શિક્ષણની જરૂરિયાત અંગેનો મત, વ્યાવસાયિક શિક્ષણ વગેરે બાબતે પ્રાદેશિકતાનું સ્તર, ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા અને વ્યક્તિગત ભિન્નતાઓ અસર કરે છે.

ભારતીય સમાજમાં શિક્ષણની આ પરિસ્થિતિ છે.

- ભારતમાં લોકશાહી શાસન વ્યવસ્થા છે. અહીં સમાજવાદી સમાજરચનાની ભાવના સ્વીકારાયેલી છે. આ ભાવનાને બહાર લાવવા માટે સૌને શિક્ષણ મળવું જોઈએ. શિક્ષણ દ્વારા લોકો પોતાના સામાજિક અને આર્થિક ન્યાય માટે જાગૃત બને છે.
- આમ લોકોને સામાજિક અને આર્થિક ન્યાય વિશે વધુ અવગત બનાવવામાં શિક્ષણ સહાયભૂત નીવડે છે. સમાજની દરેક વ્યક્તિને ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષા, જાતિ અને આર્થિક ભેદભાવ વગર શિક્ષણ દ્વારા પોતાનો વિકાસ કરવાનો મૂળભૂત અધિકાર છે.
- લોકશાહીમાં અહીં દરેક વ્યક્તિને પોતાના શૈક્ષણિક વિકાસ માટે સમાન તક છે. ભારતીય સમાજનું સમાજવાદી સ્વરૂપ અને લોકશાહી બંધારણ સંદર્ભે વ્યક્તિના મૂળભૂત અધિકારની રૂએ સમાજના તમામ વર્ગને માટે શિક્ષણની સમાન તકનું નિર્માણ એ આપણી લોકશાહીની પ્રાથમિક જરૂરિયાત છે. આપણા લોકશાહી બંધારણના અનુચ્છેદ 21 મુજબ શિક્ષણનો અધિકાર એ માણસનો મૂળભૂત અધિકાર છે.

## 1.8 ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકા :

**(1) પ્રસ્તાવના :**

- ભારતીય સમાજને અનુરૂપ વિદ્યાર્થીઓ તૈયાર કરવાની મહત્ત્વની ભૂમિકા શિક્ષણ પૂરી પાડે છે. નવી પેઢીનું રાજકીય સામાજિકીકરણ કરવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે. આ રીતે શિક્ષણ સમાજમાં નાગરિકોનું માનસ ઘડવાનું કાર્ય કરે છે. સામાજિક પરિવર્તન માટે બંધારણીય માર્ગો અપનાવવાનું શિક્ષણ શીખવે છે.
- ભારતીય સમાજ લોકશાહીને વરેલો છે. આ પ્રકારે પોતાના વિચારો સાથે અન્ય લોકોને સંમત કરવાની ચર્ચા-પદ્ધતિ, વિચારોની આપ-લે શિક્ષણ દ્વારા કેળવાય છે.
- લોકમત વ્યક્ત કરવો, જવાબદાર નાગરિકોને કેળવવા, ઉપરાંત સત્તારૂઢ અને વિરોધ પક્ષની ભૂમિકા અંગેની સમજણ શિક્ષણ દ્વારા નાગરિકોમાં ઉતરી આવે છે.

**(2) શિક્ષણની ભૂમિકા :**

- ભારતીય સમાજને અનુરૂપ બનાવવા માટે શિક્ષણની ભૂમિકા મહત્ત્વની છે, જે નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) આદર્શ નાગરિકનું ઘડતર કરવું :**

- ભારતીય નાગરિકને અનુરૂપ થવા માટે આદર્શ નાગરિકનું ઘડતર કરવાનું કાર્ય શિક્ષણ કરે છે. નાગરિકશાસ્ત્ર દ્વારા શિક્ષણ મેળવીને વિદ્યાર્થીને પાયામાં આદર્શ નાગરિક બનવા માટે શિક્ષણ આપવામાં આવે છે.

**(2) સામાજિક પરિવર્તન :**

- સામાજિક પરિવર્તન માટે બંધારણીય માર્ગો અપનાવવાનું શિક્ષણ શીખવે છે. જૂના રીત-

રિવાજોને સ્થાને નવા વિચારો વિદ્યાર્થીઓમાં પ્રવેશ કરે તેવું, શિક્ષણ શાળામાં પૂરું પાડવામાં આવે છે.

**(3) અનુકૂલનની ભાવનાનો વિકાસ :**

- ભારતીય સમાજને અનુરૂપ વિદ્યાર્થી રહી શકે તે માટે અનુકૂલનની ભાવનાનો વિકાસ થાય તે બાબત શિક્ષણ દ્વારા ધ્યાનમાં રાખવામાં આવે છે. સમાજ અને કુટુંબમાં બધાની સાથે અનુકૂલન સાધી શકે તે રીતે શિક્ષણ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

**(4) રાજકીય રીતે શક્તિશાળી બનાવવો :**

- વિદ્યાર્થી રાજકીય રીતે શક્તિશાળી બને તે માટેના ગુણો વિકસાવવામાં આવે છે. લોકમત વ્યક્ત કરવો, સમાજના વિકાસમાં સારી બાબતો અને ન સ્વીકારી શકાય તેવી બાબતો સમજતો થાય તેવું શિક્ષણ આપવું.

**(5) રાજ્ય વ્યવસ્થાની સમજ આપવી :**

- શિક્ષણ રાજ્ય વ્યવસ્થાની સમજ પૂરી પાડવી. શાળા કક્ષાએ નાગરિકશાસ્ત્ર જેવા વિષય દ્વારા મધ્યસ્થ અને રાજ્ય સરકાર, ગ્રામ પંચાયત, નગર પંચાયત, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત વગેરે સત્તાના માળખા વિશે અધ્યયન કરવામાં આવે છે.

**(6) લોકશાહીનું જ્ઞાન :**

- લોકશાહીમાં રાજકીય સ્વાતંત્ર્ય અને આર્થિક વિકાસ ખૂબ જરૂરી છે. તેમાં શિક્ષણ અસરકારક ભૂમિકા અદા કરે છે. લોકશાહીમાં નાગરિક તરીકે અધિકારો અને ફરજોની માહિતી આપવામાં આવે છે.

**(7) વિવિધ પાયાનું જ્ઞાન :**

- શિક્ષણમાં રાજકીય નેતાગીરી કરનારાઓને ભારતીય સમાજની લોકશાહી પ્રણાલી વિશે પાયાનું જરૂરી જ્ઞાન આપવામાં આવે છે. ભારતીય સમાજના સંરક્ષણ, સહકાર, વેપાર, આરોગ્ય, કાયદો, ઊર્જા, શિક્ષણ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, સિંચાઈ, ખેતી વગેરે ક્ષેત્રે નેતૃત્વ કરનારા નાગરિકોને પાયાનું જ્ઞાન આપવામાં આવે છે.

**(8) આર્થિક વિકાસની માહિતી :**

- લોકશાહી સમાજમાં આર્થિક વિકાસ ખૂબ જરૂરી છે. તે માટે શિક્ષણ અસરકારક ભૂમિકા અદા કરે છે. આર્થિક વિકાસ કરવા શું કરી શકાય તેનું શિક્ષણ આપવામાં આવે છે. દા.ત. ગૃહઉદ્યોગ શરૂ કરવો.
- ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકા વિશે કેટલીક ખાસ બાબતો જોઈએ તો શિક્ષણ નાગિરકોને અક્ષરજ્ઞાન દ્વારા રાજકીય રીતે સક્ષમ બનાવે છે. અક્ષરજ્ઞાન લોકોને આધુનિક બનતી જતી રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને અન્ય સંસ્થાઓને સક્રિય અને કાર્યક્ષમ ટેકો આપવા માટે સક્ષમ બનાવે છે.
- શિક્ષણ રાજ્ય વ્યવસ્થા અંગે સમજ પૂરી પાડે છે. શાળા કક્ષાએ નાગરિકશાસ્ત્ર જેવા વિષય થકી મધ્યસ્થ અને રાજ્ય સરકાર, ગ્રામ પંચાયત, નગર પંચાયત, મહાનગરપાલિકા, તાલુકા કે જિલ્લા પંચાયત સત્તાના માળખા વગેરે વિશે અભ્યાસ કરવામાં આવે છે.
- ભારતના ભૂતકાળ કે વર્તમાન સંદર્ભે ઈતિહાસ શિક્ષણ અને સમાજના વિકાસ સંદર્ભે નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ભાષા-સાહિત્ય, વિજ્ઞાન-ગણિત, ભૂગોળ, પર્યાવરણ, અર્થશાસ્ત્ર વગેરે દ્વારા શિક્ષણ, સમાજ ઘડતરની ભૂમિકા નિભાવે છે.
- શિક્ષણ, રાજકીય નેતૃત્વ કરનારાઓને ભારતીય સમાજની લોકશાહી પ્રણાલી વિશે પાયાનું જરૂરી જ્ઞાન આપે છે.

- ભારતીય સમાજનાં સંરક્ષણ, સહકાર, વેપાર-વાણિજ્ય, આરોગ્ય, કાયદા, ઉદ્યોગ, શિક્ષણ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, સિંચાઈ, ખેતી વગેરે ક્ષેત્રે નેતૃત્વ કરનારા નાગરિકોને પાયાનું જ્ઞાન શિક્ષણ દ્વારા મળી રહે છે.
- લોકશાહીમાં રાજકીય સ્વાતંત્ર્ય અને આર્થિક વિકાસ ખૂબ જરૂરી છે. તે માટે શિક્ષણ અસરકારક ભૂમિકા અદા કરે છે. શાસન અને સમાજ વ્યવસ્થાની લોકશાહી જેવી ઉદાત પરંપરા શિક્ષણની આધારશિલાના અભાવમાં ડગમગવા માંડે છે. આથી જ લોકશાહી ભારતીય સમાજમાં શિક્ષણની ભૂમિકા આગવી અંકાઈ છે.

## 1.9 ભારતીય સમાજની આકાંક્ષાઓ અને શિક્ષણ :

- લોકશાહી ભારતીય સમાજની સફળતાનો આધાર શિક્ષણ પર છે. તેથી ભારતીય સમાજની આકાંક્ષાઓ શિક્ષણ પર છે. લોકશાહી માત્ર શાસન વ્યવસ્થા નથી, સમાજ વ્યવસ્થા પણ છે. લોકશાહી સમાજમાં જીવતી પ્રત્યેક વ્યક્તિને થતો અનુભવ છે, તેનાં પાયાનાં મૂલ્યોમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, વ્યક્તિ-સન્માન, ન્યાય વગેરે છે.
- આ ખ્યાલો સાથે દરેક વ્યક્તિનો સર્વાંગી વિકાસ અને તેના દ્વારા ભારતીય સમાજનો સવોન્મુખી વિકાસની આકાંક્ષા શિક્ષણ પાસે છે. શિક્ષણ પાસે ભારતીય સમાજની આકાંક્ષાઓ નીચે મુજબ છે :

**(1) અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃતિ લાવવી :**

- લોકશાહીમાં નાગરિક તરીકે અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃતિ લાવવી જરૂરી છે. નાગરિક તરીકે વ્યક્તિ પોતાના અધિકારોની સમજ, અધિકારો સામે તેની ફરજ શું છે તે સમજે તે બાબતે, શિક્ષણ દ્વારા જાગૃતિ આવે તેવાં પ્રયત્નો કરવા જરૂરી છે.

**(2) પાયાનાં મૂલ્યોનો વિકાસ કરવો :**

- ભારતીય સમાજમાં લોકશાહી નાગરિક તરીકે વ્યક્તિમાં પાયાનાં મૂલ્યોનો વિકાસ થાય તેવા પ્રયત્નો શિક્ષણ દ્વારા કરવા. દા.ત. સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, વ્યક્તિ-સન્માન, ન્યાય વગેરે.
- આમ, શિક્ષણ દ્વારા પાયાનાં મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે, તેવી અપેક્ષા સમાજ પ્રત્યેની હોય છે.

**(3) આદર્શ નાગરિકનો વિકાસ :**

- ભારતીય લોકશાહીમાં 'વ્યક્તિ આદર્શ નાગરિક' તરીકે શિક્ષણ દ્વારા બહાર આવે તેવી અપેક્ષા સમાજ રાખે છે. વ્યક્તિ કુટુંબમાં માતા-પિતાની સેવા કરે, બીજાને ઉપયોગી થાય, પોતાની જવાબદારી ઉઠાવી શકે તેવા આદર્શ નાગરિકનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવા જોઇએ.

**(4) અધિકારોનું વ્યવહાર જગતમાં તાલીમ :**

- ભારતીય લોકશાહી, નાગરિકને પ્રાપ્ત થતા અધિકારોના વ્યવહારમાં ઉપયોગ કરે તેવી તાલીમ આપવાની વ્યવસ્થા શિક્ષણ દ્વારા થાય તેવી અપેક્ષા સમાજ રાખે છે.

**(5) ફરજોનું શિક્ષણ આપવું :**

- ભારતીય લોકશાહી શાસનમાં ભાગીદારીની ફરજો શિક્ષણ દ્વારા શીખવવી. નાગરિક તરીકે તેની ફરજો કઈ કઈ છે તેની જાગૃતિ તેનામાં લાવવી. બીજાને ઉપયોગી બનવું, માતા-પિતાની સેવા કરવી, બાળક તેની ફરજ ન ભૂલે તેવી જાગૃતિ શિક્ષણ દ્વારા લાવવી.

**(6) નેતાગીરીની તાલીમ :**

- ભારતીય લોકશાહી સમાજમાં વ્યક્તિ નેતાગીરી લઈ શકે તેવી તાલીમ આપી તૈયાર કરવો.

વિદ્યાર્થીઓનું ભાવિ વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે, તે ભાવિ નેતા પણ છે. સમાજમાં નેતાગીરી લઈ શકે તેવી તાલીમ શિક્ષણ દ્વારા આપવી.

**(7) ઉત્પાદનનાં નવાં સાધનોની તાલીમ આપવી :**

- ઉત્પાદનનાં નવાં સાધનોનો ઉપયોગ કરી શકે તે માટેની તાલીમ આપવી. ગુણવત્તાવાળું ઉત્પાદન કરી શકે તેવી તાલીમ આપવી. દા.ત. કૉમ્પ્યુટરનો ઉપયોગ, ઈન્ટરનેટનો ઉપયોગ, મોબાઈલનો ઉપયોગ વગેરે.

**(8) નવા વિચારોનો સ્વીકાર :**

- નાગરિકો નવા વિચારોનો સ્વીકાર કરે તે પ્રમાણે શિક્ષણની વ્યવસ્થા કરવી. સમાજમાં જૂનવાણી વિચારસરણી દૂર થાય, નવાં વિચારોનો સ્વીકાર કરે તેવી શક્તિ વિકસાવવી.

**(9) સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી :**

- વિદ્યાર્થીમાં સાંસ્કૃતિક મૂલ્યોનો સ્વીકાર કરી તેની જાળવણી કરે તે જરૂરી છે. નવા મૂલ્યો સાથે સુમેળ સાધવાનું શીખવવું જોઈએ. સમાજમાં સાંસ્કૃતિક મૂલ્યો જેવા કે પહેરવેશ, ખોરાક, રહેણીકરણી, રીત-રિવાજ વગેરે.

**(10) અનુકૂલન સાધતા શીખવવું :**

- વિદ્યાર્થી શિક્ષણ દ્વારા અનુકૂલનની ભાવના શીખે તે જરૂરી છે. કુટુંબમાં બધાની સાથે અનુકૂલન સાધી શકે તેવું શિક્ષણ પૂરું પાડવામાં આવે. નવી પેઢીને વિકાસની નવી ગતિ સાથે કદમ મિલાવવા શક્તિમાન થાય તેવી વ્યક્તિ તૈયાર કરવી.

**(11) કુદરતી સ્ત્રોતોનો વિકાસ કરવો :**

- કુદરતી સ્ત્રોત એ માનવ સંસાધન માટે રાષ્ટ્રની મહામૂલી સંપત્તિ છે. તેના વૃદ્ધિ-વિકાસના પાયાના સાધન તરીકે શિક્ષણ આપવું. દા.ત. જાહેર મિલકતનું જતન કરવું, વૃક્ષારોપણ કરવું, સ્વચ્છતા અભિયાન વગેરે.

**(12) આર્થિક વિકાસને પોષક શિક્ષણ આપવું :**

- વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી આર્થિક રીતે પગભર બને તેવું શિક્ષણ આપવું, પોતાનું અને કુટુંબનું ગુજરાન ચલાવી શકે, અને કુટુંબમાં ભારરૂપ ન બને તે રીતે તૈયાર કરવો.

**(13) વ્યક્તિનો સામાજિક વિકાસ :**

- વિદ્યાર્થીનો સામાજિક વિકાસ થાય તેવું શિક્ષણ આપવું. વિદ્યાર્થી કુટુંબ અને સમાજમાં ભળી શકે તેવું શિક્ષણ આપવું, બધાની સાથે યોગ્ય વ્યવહાર કરી શકે તેવો વિદ્યાર્થી, શિક્ષણ દ્વારા તૈયાર કરવો.

**તમારી પ્રગતિને ચકાસો :**

**(1) ટૂંકમાં ઉત્તર આપો :**

(1) ભારતીય સમાજમાં કયા કયા પ્રકારે ઊંચ-નીચના ભેદભાવવાળી સમાજરચના જોવા મળે છે ? શિક્ષણને તે શી અસર કરે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

(2) ભારતીય શિક્ષણ પદ્ધતિને કઈ કઈ સમસ્યાઓ છે ?

.......................................................................

.......................................................................

.................................................................

(3) સામાજિક વ્યવસ્થામાં કઈ કઈ વ્યવસ્થાનો શિક્ષણ સાથે સંબંધ દર્શાવાયો છે ?

.................................................................

.................................................................

.................................................................

(4) ભારતીય સમાજને શિક્ષણ કઈ રીતે અસર કરે છે? જણાવો.

.................................................................

.................................................................

.................................................................

(5) શિક્ષણ દ્વારા આદર્શ નાગરિકનું ઘડતર કેવી રીતે થાય છે? જણાવો.

.................................................................

.................................................................

.................................................................

(6) શિક્ષણ દ્વારા અનુકૂલન ભાવનાનો વિકાસ સમાજમાં કઈ રીતે થાય છે? જણાવો.

.................................................................

.................................................................

.................................................................

(7) સમાજની આકાંક્ષાઓ સિદ્ધ કરવા શિક્ષણ કઈ રીતે મદદરૂપ થાય છે? જણાવો.

.................................................................

.................................................................

.................................................................

(8) સમાજની આકાંક્ષાઓ સિદ્ધ કરવા શિક્ષણ દ્વારા લોકશાહીની તાલીમ કેવી રીતે મળે છે ?

.................................................................

.................................................................

.................................................................

(9) સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી શિક્ષણ દ્વારા કઈ રીતે ભૂમિકા ભજવે છે? જણાવો.

.................................................................

.................................................................

.................................................................

**(2) મુદ્દાસર ઉત્તર આપો :**

(1) સમાજ એટલે શું ? સમાજની વ્યાખ્યા આપી તેનાં લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) પ્રાચીન ભારતીય સમાજની લાક્ષણિકતાઓ જણાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

(3) ભારતીય સમાજની લાક્ષણિકતાઓ જણાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

(4) આધુનિક સમાજની લાક્ષણિકતાઓ જણાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

(5) ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની શી ભૂમિકા છે ?

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

(6) ભારતીય સમાજને શિક્ષણ પાસે શી આકાંક્ષાઓ છે ?

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

(7) ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકા જણાવો.

............................................................................
............................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(8) ભારતીય સમાજનું સ્વરૂપ અને શિક્ષણ વિશે ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(9) બ્રિટિશ શાસનકાળમાં ભારતીય સમાજની કેવી વ્યવસ્થા હતી તે સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 1.10 બ્રિટિશ શાસનકાળમાં ભારતીય સમાજ :

- બ્રિટિશ શાસનકાળમાં ભારતીય સમાજ પર ઘણી મોટી અસર થઈ હતી તેવું જોવા મળે છે. ભારતમાં અંગ્રેજોના આગમનની સાથે પશ્ચિમી સંસ્કૃતિનું આગમન પણ શરૂ થઈ ગયું. જેની અસર ભારતના સામાજિક જીવનના દરેક ક્ષેત્ર પર થઈ હતી.
- રાજા રામમોહન રાયે જાતિ પ્રથા, મૂર્તિ પૂજા તથા સતીપ્રથાનો વિરોધ કર્યો હતો.
- મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતા દૂર કરવા માટે સતત પ્રયત્નો કર્યા હતાં. સ્ત્રીઓની સ્થિતિ જે મુસ્લિમ શાસનકાળ દરમિયાન બંધનયુક્ત હતી તેમાં ગાબડાં પડ્યાં અને સ્ત્રીઓ ભારતીય સમાજમાં પોતાનું સ્થાન આગવી રીતે ઊભું કરવા લાગી.
- થિયોસોફિકલ સોસાયટી, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવામાં હતી. તે સમયના ભારતીય ચિંતકોએ વેદકાલીન સંસ્કૃતિની જાળવણીની સાથે સાથે ભારતીય પ્રજાને સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક તથા રાજકીય દૃષ્ટિએ વિકસિત કરવાનો પ્રયત્ન કર્યો હતો.
- તે સમયે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સ્ત્રીઓ તેમજ પછાત લોકોની અવદશાને સુધારવા માટે બાળવિવાહ તથા વિધવા પ્રથા જેવાં કુરિવાજો દૂર કરવા માટે પ્રયત્ન કર્યા હતાં.
- બ્રિટિશ શાસનકાળ દરમિયાન નીચેના જેવાં પરિવર્તનો આવ્યાં :

(1) સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં સુધારો થયો.

(2) મધ્યમવર્ગના લોકોનો વિકાસ ખૂબ જ ઝડપી બન્યો.

(3) ધર્મ અને જાતિના ભેદભાવો ભૂલીને બધાં જ લોકો સમાન ગણાવાં લાગ્યાં.

(4) મજૂર અને ખેડૂતોની દાસ (નોકર) જેવી સ્થિતિ સુધારીને અન્ય નાગરિકની જેમ માન-મોભો મળવા લાગ્યો.

(5) જાતિ પ્રથામાં સુધારો થવા લાગ્યો.

(6) પ્રાદેશિકતા, ધાર્મિક તેમજ ભાષાકીય-ભેદભાવ ભૂલાવા લાગ્યા.

(7) પરદેશ ગમન શક્ય બન્યું. દરેક વર્ગ અને જાતિના લોકો શિક્ષણ મેળવતા થયાં. નાગરિકત્વની ભાવના પ્રબળ બની. કોઈ પણ વ્યવસાય કરવાની છૂટ મળવા લાગી.

(8) કુરિવાજો, અંધશ્રદ્ધા અને અન્ય સામાજિક દૂષણોમાંથી પ્રજા મુક્ત થવા લાગી.

(9) વ્યક્તિ સ્વાતંત્ર્યને બળ મળ્યું.

## 1.11 મુસ્લિમ કાળમાં ભારતીય સમાજ :

- મુસ્લિમકાળમાં દરમ્યાન ભારતમાં મુસ્લિમ શાસકોનું જીવન ખૂબ વિસંવાજ્ઞિતતા ભર્યું હતું. તેઓ રંગ રાગમાં રચ્યા પચ્યા રહેતા હતા. મુસ્લિમ શાસકોના શાસનકાળ દરમિયાન ઈસ્લામી સંસ્કૃતિની ભારત પર વ્યાપક અસરો જન્મી. શિલ્પ, સાહિત્ય, કલા, સ્થાપત્ય વગેરેમાં તેમની અસરો જોવા મળે છે.
- આ સમયગાળા દરમિયાન શાસકોનું જીવન ખૂબ જ વિલાસીભર્યું હોવાથી સમાજમાં શરાબ અને જુગારની બદીનો આરંભ થયો. હિંદુઓ અને મુસ્લિમોના આંતરિક સંબંધો ખૂબ સારાં નહોતાં.
- બાળલગ્નોનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. તેમજ હિંદુ સ્ત્રીઓ માટે સતીપ્રથા હતી. મુસ્લિમ સમુદાયમાં પડદાપ્રથા હતી.
- તે સમયગાળા દરમિયાન ગુરુનાનક તથા સંત કબીર, મીરાં, ચૈતન્ય મહાપ્રભુના ઉપદેશની અસર ભારતીય સમાજ પર થઈ હતી.
- મુસ્લિમ શાસકો વિલાસી જીવન જીવતાં હોવાં છતાં તેઓએ બાંધકામ, કલા તથા સાહિત્યને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું. એટલું જ નહીં, મુસ્લિમ શાસિત રાજ્યોમાં હિંદુઓને ઉચ્ચ હોદ્દાઓ પણ સોંપ્યા હતા. ઘણીવાર હિંદુ અને મુસ્લિમ લોકો ઉત્સવોની ઉજવણી એકબીજાં સાથે મળીને કરતાં હતાં.
- આમ છતાં નીચેના લક્ષણો જોવાં મળ્યાં...

(1) પ્રજા વિલાસી બનવા લાગી હતી.

(2) ખૂબ ઓછા હિંદુઓને ઉચ્ચ હોદ્દાઓ આપ્યાં હતાં.

(3) સ્ત્રી સ્વાતંત્ર્યનો અભાવ હતો.

(4) બાળલગ્નો ખૂબ જ પ્રમાણમાં થતાં હતાં.

(5) ભારતીય સમાજ બંધિયાર બની ગયો હતો.

## 1.12 સારાંશ :

- સમાજ એટલે રૂઢિ અને રીતરસમના પાયા પર ચણાયેલી એક ઈમારત છે.
- ''સમાજ એટલે મનુષ્યોનો સમૂહ નહીં, પણ સમૂહમાં સભ્યો વચ્ચે પ્રવર્તતી સંબંધોની વ્યવસ્થા.''
- સમાજની લાક્ષણિકતાઓની ચર્ચા કરવામાં આવી.
- ભારતીય સમાજની લાક્ષણિકતાઓમાં –

(1) પ્રાચીન ભારતીય સમાજ

(2) આધુનિક ભારતીય સમાજ

અન્ય વિભાગોમાં પણ વહેંચી શકાય -

(1) પ્રાચીન સમયનો ભારતીય સમાજ

(2) મુઘલ સમયનો ભારતીય સમાજ

(3) બ્રિટિશ કાળનો ભારતીય સમાજ

(4) સ્વતંત્ર ભારતનો આધુનિક સમાજ

---

● **તમારી પ્રગતિ ચકાસો :**

---

નોંધ (1) તમારો ઉત્તર નીચે આપેલ જગામાં આપો.

(2) એકમને અંતે આપેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

(1) સમાજ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સમાજની વ્યાખ્યા આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) પ્રાચીન ભારતીય સમાજની લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) આધુનિક સમાજની લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**બહુવિકલ્પ પ્રશ્નો**

- **આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) સમાજ કોને કહેવામાં આવે છે ?

(1) એકબીજાં સાથે સંબંધ સ્થાપવો (2) એકબીજાં સાથે સંબંધ તોડવો

(3) બીજાનો ઓર્ડર ન માનવો (4) બીજાનો ઓર્ડર માનવો

(2) બે વ્યક્તિઓ સામ્ય લક્ષણો ધરાવે તો શું થાય ?

(1) સામાજિક સંબંધ સ્થપાય (2) સામાજિક સંબંધ ન સ્થપાય

(3) વ્યક્તિત્વનો વિકાસ થાય (4) વ્યક્તિત્વનો વિકાસ અટકે

(3) સમાજમાં બે વ્યક્તિઓના વિચારોમાં ભિન્નતા હોય તો શું થાય ?

(1) આત્મિયતા વધે (2) આત્મિયતા ઘટે

(3) સંઘર્ષ દૂર થાય (4) સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થાય

(4) કુટુંબમાં શ્રમ વિભાજન કેમ જરૂરી છે ?

(1) સંઘર્ષ દૂર કરવા (2) કુટુંબમાં કાર્યો ન કરવા

(3) કુટુંબના કાર્યો કરવા (4) સંઘર્ષ ઊભો થાય

(5) સમાજની સુધારણા કરવા શું જરૂરી છે ?

(1) હરિફાઈ (2) વાતચીત

(3) તાલીમ (4) અનુભવ

(6) સમાજમાં સંઘર્ષ હોય તો શું જોવા મળે છે ?

(1) કુટુંબનો વિકાસ થાય (2) કુટુંબ જીવન ખોરવી નાખે

(3) વિભક્ત કુટુંબ થાય (4) સંયુક્ત કુટુંબ ટકી શકે

(7) સમાજમાં સંસ્કૃતિ હોય તો શું થાય ?

(1) સમાજને તોડે (2) સમાજમાં પરિવર્તન આવે

(3) સમાજમાં પરિવર્તન ન આવે (4) સમાજને એક તાંતણે બાંધી રાખે

(8) સમાજમાં સહકાર હોય તો શું થાય ?

(1) સંઘર્ષ વધે (2) સંઘર્ષ ઘટે

(3) સમાજનો વિકાસ અટકે (4) સમાજનો વિકાસ થાય

(9) જ્ઞાતિગત સમાજ હોય તો શું થાય ?

(1) વ્યક્તિ સ્વતંત્ર હોય (2) વ્યક્તિ સ્વતંત્ર ન હોય

(3) જ્ઞાતિબહાર લગ્ન થાય (4) જ્ઞાતિમાં લગ્ન થાય

(10) ધાર્મિક બંધનો સમાજમાં હોય તો શું થાય ?

(1) પોતાના ધર્મ પ્રમાણે કાર્ય થાય (2) અન્યના ધર્મ પ્રમાણે કાર્ય થાય

(3) સંઘર્ષ થાય (4) સંઘર્ષ ન થાય

(11) પુરુષપ્રધાન સમાજ હોય તો કુટુંબનું સંચાલન કોણ કરે છે ?

(1) કુટુંબમાં વડીલ-પિતા (2) કુટુંબમાં માતા

(3) ભાઈ (4) બહેન

(12) જ્ઞાતિગત સમાજ હોય તો શું થાય ?

(1) વ્યક્તિ સ્વતંત્ર હોય (2) વ્યક્તિ સ્વતંત્ર ન હોય

(3) જ્ઞાતિબહાર લગ્ન થાય (4) જ્ઞાતિમાં લગ્ન થાય

(13) ધાર્મિક બંધનો સમાજમાં હોય તો શું થાય ?

(1) પોતાના ધર્મ પ્રમાણે કાર્ય થાય (2) અન્યના ધર્મ પ્રમાણે કાર્ય થાય

(3) સંઘર્ષ થાય (4) સંઘર્ષ ન થાય

(14) સામાજિક ગતિશીલતાનો અભાવ હોય તો શું જોવા મળે ?

(1) વ્યક્તિ અન્ય સ્થળે કામ માટે ન જાય (2) વ્યક્તિ અન્ય સ્થળે કામ માટે જાય

(3) કુટુંબનો વિકાસ અટકે (4) કુટુંબનો વિકાસ થાય

(15) સામાજિક અંધશ્રદ્ધાઓ હોય તો શું થાય ?

(1) વારસાગત કાર્ય થાય (2) વારસાગત કાર્ય ન થાય

(3) અપશુકનમાં ન માને (4) કોઈ સામે મળે તો સફળતા મળે

(16) પ્રાચીન ભારતીય સમાજમાં કઈ વ્યવસ્થા જોવા મળતી હતી ?

(1) પંચાયત વ્યવસ્થા (2) કુટુંબ વ્યવસ્થા

(3) કામ વ્યવસ્થા (4) રાજ્ય વ્યવસ્થા

(17) સમાજમાં સંયુક્ત કુટુંબ હોય તો શું થાય ?

(1) બધા સાથે રહે (2) બધા સાથે ન રહે

(3) માન્યતા વધે (4) માન્યતા ઘટે

(18) આધુનિક ભારતીય સમાજમાં શું જોવા મળે છે ?

(1) વિભક્ત કુટુંબ પ્રથા (2) સંયુક્ત કુટુંબ પ્રથા

(3) જ્ઞાતિ પ્રમાણે કુટુંબ (4) જ્ઞાતિ પ્રમાણે જિલ્લો

(19) આધુનિક ભારતીય સમાજમાં નીચેનામાંથી શું જોવા મળતું નથી ?

(1) સ્ત્રીનું સન્માન (2) સ્ત્રીની ઉતરતી કક્ષા

(3) સ્ત્રીનો અસ્વીકાર (4) સ્ત્રી કુટુંબનું સંચાલન કરે

(20) આધુનિક ભારતીય સમાજમાં ગતિશીલતાને કારણે શું થતું જોવા મળે છે ?

(1) કુટુંબમાં રહે (2) ગ્રામના લોકો ગ્રામમાં જ રહે

(3) સંઘર્ષ વધે (4) ગ્રામ લોકો શહેર તરફ વળ્યાં

(21) આધુનિક ભારતીય સમાજમાં લગ્નમાં કેવા ફેરફાર થયા ?

(1) જ્ઞાતિ પ્રમાણે લગ્ન (2) જ્ઞાતિ બહાર લગ્ન

(3) પસંદગીના લગ્ન ઘટ્યા (4) પસંદગીના લગ્ન વધ્યા

(22) આધુનિક ભારતીય સમાજમાં સમૂહ માધ્યમોનું શું થતું જોવા મળ્યું ?

(1) સમૂહ માધ્યમોનો સ્વીકાર (2) સમૂહ માધ્યમોનો અસ્વીકાર

(3) સમૂહ માધ્યમનો બિન ઉપયોગ (4) સમૂહ માધ્યમનો નાશ

(23) કોના વિના વ્યક્તિ રહી શકતી નથી ?

(1) વિચાર (2) આચાર

(3) ધર્મ (4) સમાજ

(24) માનવ ઘડતરમાં કોનો ફાળો મહત્ત્વનો છે ?

(1) સ્ત્રી (2) સમાજ

(3) પાઠ્યપુસ્તક (4) વિચાર

(25) વ્યક્તિ ને સમાજ અન્યોન્ય કેવાં છે ?

(1) અલિપ્ત છે (2) સંઘર્ષ કરે છે

(3) વિરોધી છે (4) પૂરક છે

- **તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :**

(1) સમાજ એટલે શું ?

''સમાજ એટલે સંવેદનશીલ, સરખા અને સામાન્ય હિતોવાળાઓનો સમૂહ.''

**- ગીડિંગ્સ**

''નિરંતર પરિવર્તનશીલ સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થાનું ગૂંફન એટલે સમાજ.''

**- મેકાઈવર**

(2) સમાજની વ્યાખ્યા આપો.

''સમાજ એટલે મનુષ્યોનો સમૂહ નહીં, પણ સમૂહમાં સભ્યો વચ્ચે પ્રવર્તતી સંબંધોની વ્યવસ્થા.'' **- Right**

(3) પ્રાચીન ભારતીય સમાજની લાક્ષણિકતાઓ :

(1) જ્ઞાતિગત સમાજ રચના

(2) ધાર્મિક બંધનો અને સમૂહો

(3) અમુક સામાજિક વર્ગનો પ્રભાવ

(4) ભાષાગત સમાજ રચના

(5) પુરુષોનું સમાજ પર પ્રભુત્વ

(6) ગતિશીલતાનો અભાવ

(7) સામાજિક અંધશ્રદ્ધાઓ અને રૂઢિગત માન્યતાઓ

(8) સંયુક્ત કુટુંબો

(9) આર્થિક રીતે આત્મનિર્ભર

(10) પંચાયત વ્યવસ્થા

(4) આધુનિક સમાજની લાક્ષણિકતાઓ :

(1) જ્ઞાતિ વિહીન ભારતીય સમાજ

(2) વિભક્ત કુટુંબ પ્રથા

(3) સ્ત્રી સમાનતાનો વિકાસ

(4) ગતિશીલતાનો વિકાસ

(5) વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો વિકાસ

(6) ધાર્મિક બંધનોમાંથી મુક્તિ

(7) શિક્ષણનો પ્રચાર અને પ્રસાર

(8) સમૂહ માધ્યમોનો સ્વીકૃતિ

(9) સમાન તકોની શક્યતાઓ વધારો

(10) અધિકારો અને ફરજોની જાગૃતિ

(11) પશ્ચિમી સંસ્કૃતિનો સમાજ પર પ્રભાવ

(12) માનવ સંબંધોનું છીછરાપણું

(13) આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલમાં જાગૃતિ

(14) વૈજ્ઞાનિક ટેક્નોલોજીનો વિકાસ

(15) આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણનો વિકાસ

(16) વૈચારિક ક્રાંતિનો વિકાસ

(17) બે પેઢી વચ્ચે વધતું જતું અંતર

(18) વ્યક્તિગત વિકાસ

(19) ગુલામીમાંથી મુક્તિ

(20) સામાજિક બંધનો, રીત-રિવાજોમાંથી મુક્તિ

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ**

(1) એકબીજાં સાથે સંબંધ સ્થાપવો

(2) સામાજિક સંબંધ સ્થપાય

(3) સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થાય

(4) સંઘર્ષ ઊભો થાય

(5) હરીફાઈ

(6) કુટુંબ જીવન ખોરવી નાખે

(7) સમાજને તોડે

(8) સમાજનો વિકાસ થાય

(9) જ્ઞાતિમાં લગ્ન થાય

(10) પોતાના ધર્મ પ્રમાણે કાર્ય થાય

(11) કુટુંબમાં વડીલ-પિતા

(12) જ્ઞાતિમાં લગ્ન થાય

(13) પોતાના ધર્મ પ્રમાણે કાર્ય થાય

(14) વ્યક્તિ અન્ય સ્થળે કામ માટે ન જાય

(15) વારસાગત કાર્ય થાય

(16) પંચાયત વ્યવસ્થા

(17) બધાં સાથે રહે

(18) વિભક્ત કુટુંબ પ્રથા

(19) સ્ત્રીનું સન્માન

(20) ગ્રામ લોકો શહેર તરફ વળ્યાં

(21) જ્ઞાતિ બહાર લગ્ન

(22) સમૂહ માધ્યમોનો સ્વીકાર

(23) સમાજ

(24) સમાજ

(25) પૂરક છે

## 1.16 સૂચિત વાંચન સામગ્રી :


(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી.વી. : વિકસતા ભારતમાં શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(3) શાહ નીરવ પી.: વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન, અમદાવાદ

(4) ડો. અંધારિયા રવિન્દુભાઈ : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, વારિષેણ પ્રકાશન, અમદાવાદ.

તથા અન્ય

(5) પટેલ મોતીભાઈ એમ. : વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

તથા અન્ય

(6) શાહ બી.વી. તથા અન્ય : શિક્ષણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

એકમ 2

# ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન

## : રૂપરેખા :


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 તત્ત્વજ્ઞાન શું છે ?

2.3 તત્ત્વજ્ઞાનની કેટલીક વ્યાખ્યાઓ

2.4 શૈક્ષણિક તત્ત્વજ્ઞાની સંકલ્પના

2.5 કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ

2.6 શિક્ષણની તાત્ત્વિક આધારશીલાનું મહત્ત્વ

2.7 શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર

2.8 તત્ત્વજ્ઞાનની શાખાઓ

2.9 ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન

2.10 સારાંશ

2.11 એકમ સ્વાધ્યાય

2.12 તમારી પ્રગતિ ચકાસો

2.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

2.14 સૂચિત વાંચન સામગ્રી


## 2.0 ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) તત્ત્વજ્ઞાનનો અર્થ સમજી શકશો.

(2) તત્ત્વજ્ઞાનની કેટલીક વ્યાખ્યાઓ સમજી શકશો.

(3) કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ સમજી શકશો.

(4) શિક્ષણની તાત્ત્વિક આધારશીલાનું મહત્ત્વ સમજી શકશો.

(5) શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(6) તત્ત્વજ્ઞાનની શાખાઓ સમજી શકશો.

(7) ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન સમજી શકશો.

## 2.1 પ્રસ્તાવના :

- ''શિક્ષણ પામેલો માણસ તેને કહેવાય જેની પાસે ઝડપી વિચારશક્તિ હોય, વિશાળ સહાનુભૂતિ હોય અને શિસ્ત બધ્ધ વિચારશક્તિ હોય અને શિસ્તતા હોય. બીજાઓની દૃષ્ટિએ વસ્તુ કેવી દેખાય છે તે સમજતાં તેને વાર લાગે નહીં, જે માત્ર એક દૃષ્ટિબિંદુથી જુએ છે તેના જેવો મૂર્ખ બીજો કોઈ નથી.''

  ***- થોમસ હકબ્સે***

- શિક્ષણની જરૂરિયાત પ્રત્યેક મનુષ્યને છે કારણ કે શિક્ષણ જીવન માટે છે. જીવનના અનેક પાસાં છે. જીવન અનેક બાબતો સાથે સંકળાયેલું છે. જ્ઞાનની જુદી જુદી શાખાઓ ચોક્કસ દૃષ્ટિકોણ વડે જીવનનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરે છે.

- તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, જીવશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર જેવાં શાસ્ત્રો જીવનનાં તાત્ત્વિક, સામાજિક, જૈવિક, મનોવૈજ્ઞાનિક, આર્થિક અને રાજકીય બાબતોનો અભ્યાસ કરે છે.
- શિક્ષણ જીવન માટે હોવાથી વિવિધ શાસ્ત્રોના જ્ઞાનના પાયા ઉપર શિક્ષણના સિદ્ધાંતોનો અને શિક્ષણના વ્યવહારોની ઈમારત ચણાય છે, જેમાં શિક્ષણની જરૂરિયાત ઉપરાંત શિક્ષણ શું છે ? શિક્ષણ કોને કહેવાય ?
- શિક્ષણ કયા ઉદ્દેશોની પ્રાપ્તિ માટે આપવું જોઈએ ? શિક્ષણના સાધનો કયા છે ? અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ? શિક્ષણ આપવાની પદ્ધતિ કેવી હોવી જોઈએ અને શિસ્ત પ્રત્યે આપણો શો દૃષ્ટિકોણ છે ? બધી શાળા, શિક્ષક અને સમાજ પર તેનો કેવો પ્રભાવ પડશે ?
- આવા પ્રશ્નોને વિચાર શિક્ષણની તાત્ત્વિક આધારશીલા કહે છે, તેથી શિક્ષણની તાત્ત્વિક બાબતોનો અભ્યાસ કરવો પડે.

## 2.2 તત્ત્વજ્ઞાન શું છે ?

- ગુજરાતીમાં તત્ત્વજ્ઞાન એટલે તત્ત્વ સંબંધી જ્ઞાન, ફિલસૂફી ગણાય છે. તત્ત્વ એટલે સાર, મૂળ રહસ્ય અને અસલ સ્વરૂપ એવો થાય છે. તત્ત્વને જાણનાર તત્ત્વજ્ઞ... ફિલસૂફ... તત્ત્વજ્ઞાની... ફિલોસોફર... તત્ત્વ ચિંતક ગણાય છે.
- હિન્દી, સંસ્કૃતમાં તત્ત્વ જ્ઞાન માટે દર્શનશાસ્ત્ર શબ્દ વપરાય છે. દર્શન શબ્દ 'દશ' ધાતુથી બન્યો છે. 'દશ' સંસ્કૃત ધાતુ છે, જેનો અર્થ થાય છે : જોવું, દેખાવું - ભક્તિભાવથી જોવાની ક્રિયાને દર્શન કહેવાય છે, જેમ કે દેવદર્શન. દશ ધાતુને 'ભ્ટ' પ્રત્યય લાગવાથી 'દર્શન' શબ્દ થાય છે. તેનો અર્થ થાય છે દશ્ય - તે અને ન ઇતિ 'દર્શનમ્' અર્થાત્... 'જેનાથી દેખી શકાય'. આમ સત્યનું દર્શન એ દર્શન શાસ્ત્રનું કાર્ય છે. સત્યને જોવામાં દર્શનશાસ્ત્ર જ સાધન બને છે.
- અંગ્રેજીમાં Philosophy વપરાય છે. આ શબ્દ બે ગ્રીક શબ્દો પરથી આવ્યો છે. Philos અને Sophia.
- Philos એટલે પ્રેમ, તીવ્ર ઝંખના, અદમ્ય આરઝૂ, અનુરાગ, પ્રેમ.
- Sophia એટલે જ્ઞાન, વિદ્યા, ડહાપણ.

અર્થાત્...

- Philosophy એટલે વિદ્યાનુરાગ, જ્ઞાન, ડહાપણ માટેની તીવ્ર ઝંખના.
- જ્ઞાન, પ્રેમ Love of wisdom - હડાપણ માટેની અદમ્ય આરઝૂ વપરાય છે, જેનો અર્થ થાય છે વિદ્યાનુરાગ.
- જ્ઞાન એ સત્યની સનાતન ખોજ અને સત્યનું અન્વેષણ છે. આથી, તત્ત્વજ્ઞાન દ્વારા માનવજીવન સાગરમાંથી સત્યનાં સનાતન મૌકિતકો મેળવવાનો પોતાના ચિંતન દ્વારા પ્રયાસ કરે છે.
- કેટલાંક ચિંતકો તત્ત્વજ્ઞાનને Love for wosdom દાક્ષિણ્યનો અનુરાગ કહે છે. મનુષ્ય જીવનના ભવોમાંથી જ્ઞાન પ્રાપ્ત કરીને દક્ષના-દાક્ષિણ્ય પ્રાપ્ત કરે છે, તેનું જીવનદર્શન વ્યાપક અને વિશાળ બને છે.
- જીવનના મહા પ્રસ્થાનથી મૃત્યુની મંગલયાત્રા સુધીનાં સર્વ રહસ્યો શોધવાનો તેમજ તેમાંથી સત્ય તારવવાનો સતત પ્રયાસ કરે છે. આ તત્ત્વજ્ઞાન છે, જે માનવ આ રહસ્યોને શોધે છે. તે તત્ત્વજ્ઞાન છે, જે માનવ આ રહસ્યોને શોધે છે, શોધવા માટે ચિંતન કરે છે તે તત્ત્વજ્ઞાની છે.
- દર્શન એટલે જ જ્ઞાનની પ્રાપ્તિ. જ્ઞાનની અખંડ જ્યોતને અજવાળે સત્યનું દર્શન એ જ સાચું દર્શન યા તત્ત્વજ્ઞાન છે. જે માનવ, જીવનનાં પરમ રહસ્યોની, સત્યની ખોજ કરે છે, તેને માટે

ચિંતન કરે છે, તે જ સાચો તત્ત્વજ્ઞાની છે. તત્ત્વજ્ઞાનની વિશાળતામાં જ જ્ઞાન, વિજ્ઞાન અને આત્મજ્ઞાનના બધા વિષયોનો સમાવેશ થાય છે.

## 2.3 તત્ત્વજ્ઞાનની કેટલીક વ્યાખ્યાઓ :

(1) ''જ્ઞાનનું વિજ્ઞાન એટલે જ તત્ત્વજ્ઞાન.''

"Philosophy is the science of knowledge" **- Gitche**

(2) ''જગતના સ્વરૂપ અને આપણી જાત વિશે વ્યવસ્થિત ચિંતન દ્વારા કેળવણીનું આંતરદર્શન એ તત્ત્વજ્ઞાન છે.''

"Philosophy is a persistent attemet to gain insight into the nature of the world and our selves by means of systematic reflection." **- R.W. Sellars**

(3) ''વાસ્તવના સ્વરૂપનું તાર્કિક અન્વેષણ એ તત્ત્વજ્ઞાન છે.''

"Philosophy is a logical inquiry into the nature of reality." **- Radhakrishna**

(4) ''તત્ત્વજ્ઞાનનો જન્મ આશ્ચર્ય, કુતૂહલ અથવા જિજ્ઞાસામાંથી થાય છે.'' **- પ્લેટો**

(5) ''સંદેહ એ તત્ત્વજ્ઞાનની જનની છે.'' **- દેકાર્ત**

(6) ''તત્ત્વજ્ઞાન એવું વિજ્ઞાન છે જે પરમતત્ત્વના યથાર્થ સ્વરૂપની ખોજ કરે છે.'' **- એરિસ્ટોટલ**

(7) ''જ્યારે જ્યારે ફિલસૂફીનો વિચાર ગંભીરતાપૂર્વક કરવામાં આવ્યો છે ત્યારે ત્યારે હંમેશા એ માની લેવામાં આવ્યું કે એનો મર્મ જીવન વ્યવહારમાં અસર પાડી શકે એટલું ડહાપણ મેળવી લેવું એ છે.'' **- જ્હોન ડ્યૂઈ**

(8) ''સમગ્ર વૈજ્ઞાનિક જ્ઞાનના સરવાળાને દર્શનશાસ્ત્ર કહેવાય.'' **- પાલ્સન**

(9) ''વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોનો તાર્કિક અભ્યાસ એટલે તત્ત્વજ્ઞાન.'' **- બર્ટ્રાન્ડ રસેલ**

(10) ''તત્ત્વજ્ઞાન વિજ્ઞાનોનું વિજ્ઞાન છે.'' **- કોમર**

આમ તત્ત્વજ્ઞાન એટલે...

- જ્ઞાનનું વિજ્ઞાન
- જીવન વ્યવહારનું ડહાપણ
- જીવ, જીવન અને બ્રહ્માંડનાં તત્ત્વોનું ચિંતન
- જ્ઞાન, વિજ્ઞાન અને આત્મ જ્ઞાનના વિષયોનો નિષ્કર્ષ

  સાચો તત્ત્વજ્ઞાની એ છે કે નિરપેક્ષપણે જીવન અને બ્રહ્માંડનું ચિંતન કરે છે, તેમાંથી રહસ્યો તારવે છે. તત્ત્વજ્ઞાન માનવને જીવન જીવવાનું બળ પૂરું પાડે છે.

- પ્લેટો કહે છે તેમ ''જેને દરેક પ્રકારના જ્ઞાનમાં રસ છે, જેને શીખવાની ઉત્કંઠા છે અને જેને કદી તૃપ્તિ થતી નથી તે સાચો તત્ત્વજ્ઞાની કે દાર્શનિક છે.''
- સાચો તત્ત્વજ્ઞાની જ્ઞાનનો પરિવ્રાજક છે.
- તે સત્યનો પૂજારી છે, દક્ષતાનો ભંડાર છે.
- જીવનનું તટસ્થ અને નિરપેક્ષ નિરીક્ષણ કરે છે.
- તે પૂર્વગ્રહના રંગીન ચશ્મા ધારણ કર્યા સિવાય સાક્ષીભાવે જીવનની અનુભૂતિ કરે છે.
- તે જ્ઞાનની એકતા અને અખંડતાનો ઉપાસક છે.
- તે સ્વ અને જીવનની જીવનભર શોધ કરે છે.
- તે દૃષ્ટા છે, ભોક્તા નથી.

## 2.4 શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની સંકલ્પના : (Conept of Educational Philosophy)

- વર્તમાન સદીમાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એ તત્ત્વજ્ઞાનની એક પ્રશાખા તરીકે અસ્તિત્વમાં આવી. શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એ તત્ત્વજ્ઞાનની પ્રાયોજિત (applied) શાખા છે. જીવન અને શિક્ષણ અવિભાજ્ય છે.
- ''શિક્ષણ પામેલો માણસ તેને કહેવાય જેની પાસે ઝડપી વિચારશક્તિ હોય. વિશાળ સહાનુભૂતિ હોય અને શિસ્તબદ્ધતા હોય. બીજાંઓની દષ્ટિએ વસ્તુ કેવી દેખાય છે તે સમજતાં તેને વાર લાગે નહીં, જે માત્ર એક દષ્ટિ બિંદુથી જુએ છે તેના જેવો મૂર્ખ બીજો કોઈ નથી.' **- થોમસ હકબ્સે**
- શિક્ષણની જરૂરિયાત પ્રત્યેક વ્યક્તિ માટે છે, કારણ કે શિક્ષણ જીવન માટે છે. જીવનને અનેક પાસાં છે. જીવન અનેક બાબતો સાથે સંકળાયેલું છે. જ્ઞાનની જુદી જુદી શાખાઓ ચોક્કસ દષ્ટિકોણ વડે, જીવનના જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરે છે.
- તત્ત્વજ્ઞાન (દર્શનશાસ્ત્ર), સમાજશાસ્ત્ર, જીવશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર જેવાં શાસ્ત્રો જીવનનાં તાત્ત્વિક, સામાજિક, જૈવિક, મનોવૈજ્ઞાનિક, આર્થિક અને રાજકીય બાબતોનો અભ્યાસ કરે છે.
- શિક્ષણ જીવન માટે હોવાથી વિવિધ શાસ્ત્રોનાં જ્ઞાનના પાયા ઉપર શિક્ષણના સિદ્ધાંતો અને શિક્ષણના વ્યવહારોની ઈમારત ચણાય છે, જેમાં શિક્ષણની જરૂરિયાત ઉપરાંત - શિક્ષણ શું છે? શિક્ષણ કોને કહેવાય ? શિક્ષણ કયા ઉદ્દેશોની પ્રાપ્તિ માટે આપવું જોઈએ. શિક્ષણના સાધનો કયાં છે ? અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ? અને શિસ્ત પ્રત્યે આપણો શો દષ્ટિકોણ છે? આ સમગ્રનો શાળા, શિક્ષક અને સમાજ પર કેવો પ્રભાવ પડશે ? આવાં પ્રશ્નોનો વિચાર શિક્ષણની તાત્ત્વિક આધારશીલા બની કહે છે. તેથી શિક્ષણની તાત્ત્વિક બાબતોનો અભ્યાસ કરવો જરૂરી છે.
- શિક્ષણ દ્વારા જીવનના પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવે છે. જીવનનાં અંતિમ સત્યોને શોધવાનો તત્ત્વજ્ઞાન દ્વારા પ્રયાસ થાય છે. શૈક્ષણિક તત્ત્વજ્ઞાન આ પ્રશ્નોને શિક્ષણની નજરે નિહાળે છે અને શિક્ષણના કાર્યક્રમો દ્વારા તે પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરે છે.

**શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની સંકલ્પના :**

- તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો અને વિચારધારાઓને શિક્ષણના સિદ્ધાંતો અને વ્યવહારમાં વિનિયોગ કરતું કે તેનું અમલીકરણ કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન.
- શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એટલે કેળવણી સાથે તત્ત્વજ્ઞાનનો વિનિયોગ કરીને કેળવણીની સમસ્યાઓને સાચી રીતે સમજવી, તેમના ઉપાયો સૂચવે છે.
- શૈક્ષણિક તત્ત્વજ્ઞાનમાં, તત્ત્વજ્ઞાનના વિષયવસ્તુ ઉપરાંત શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિઓ, શિસ્ત, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનાં સંબંધોનું અધ્યયન કરવામાં આવે છે.
- શિક્ષણનું તત્ત્વજ્ઞાન શિક્ષણની સમસ્યાઓની જ તલસ્પર્શી છણાવટ કરે છે, તેમનું સમગ્રરૂપે અધ્યયન કરે છે. જે વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આ સમસ્યાઓને નિહાળીને હલ કરવાનો પ્રયાસ કરે છે.
- ખાસ કરીને તત્ત્વજ્ઞાને પ્રબોધેલાં આદર્શો કે પ્રબોધેલાં મૂલ્યો કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન ભેગું કરવું.

  ટૂંકમાં તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું શિક્ષણમાં અમલીકરણ કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન.
- તત્ત્વજ્ઞાન, કેળવણીને આંગળી ચીંધવાનું, દિશાસૂચન કરવાનું કાર્ય કરે છે. કેળવણી તત્ત્વજ્ઞાનના આપેલાં આદર્શો અને મૂલ્યોને કાર્યાન્વિત કરે છે.
- તત્ત્વજ્ઞાન એ જીવનનો મૂળભૂત વ્યાપાર કે આધાર. તે કેળવણીના હેતુઓ, આદર્શો અને

મૂલ્યો ઘડે છે. તે કેળવણીના નાવનું સુકાન છે. કેળવણીની વેલ જીવનના દર્શનની ભૂમિકામાંથી જ પાંગરે છે. તે કેળવણીનું પ્રેરક, પ્રોત્સાહક કે નિયંત્રક બળ છે.

- **ગોડફ્રે થોમસન** કહે છે, ''કેળવણીની પ્રક્રિયા અને તેનાં કાર્યો ફિલસૂફીથી જ પ્રેરાયેલાં હોય છે.''
- **બ્રુબેકરના** શબ્દોમાં કહીએ તો...

  ''ફિલસૂફી જ કેળવણીને દિશા આપે છે, તેના કાર્યનું સ્વરૂપ બાંધે છે. તેનાં સાધનોની પસંદગીનાં મૂલ્યો આપે છે અને તે શિક્ષકના કાર્યને ચેતના બક્ષે છે.''
- શિક્ષણ કાર્યક્રમના પાયાની ઈંટ એ તત્ત્વજ્ઞાન છે. કેળવણીની ભાવના અને કાર્યક્ષેત્રને વિશાળ બનાવે છે.
- કેળવણી અને તત્ત્વજ્ઞાન એક જ સિક્કાની બે બાજુઓ છે. એક જ બાબત માટેના વિવિધ દૃષ્ટિકોણ રજૂ કરે છે. બંનેનો એકબીજામાં સમાવેશ થઈ જાય છે.

## 2.5 કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ

કેળવણી

**(1) ક્ષેત્ર**

કેળવણીનું તંત્ર મર્યાદિત હોય છે.

**(2) પાસું**

કેળવણી તત્ત્વજ્ઞાનનું ગતાત્મક પાસું છે.

**(3) બાજુ**

કેળવણી તત્ત્વજ્ઞાનની ક્રિયાત્મક બાજુ છે. તે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો, મૂલ્યોનું અમલીકરણ કરે છે.

**(4) સંબંધ**

તત્ત્વજ્ઞાનની ભૂમિકા પર કેળવણીનો સંબંધ રચાય છે, સ્વતંત્ર નહીં.

**(5) નિષ્કર્ષ**

કેળવણી તત્તવજ્ઞાનના નિષ્કર્ષોને અમલમાં મૂકવાનું કાર્ય કરે છે.

**(6) વિદ્યુત**

કેળવણી એ વિદ્યુત પ્રવાહ છે.

**(7) બ્લ્યૂ પ્રિન્ટ**

કેળવણી એ તત્ત્વજ્ઞાનની બ્લ્યૂ પ્રિન્ટ પર ઊભી કરેલ ઈમારત છે.

**(8) પરસ્પર સંબંધ**

કેળવણી ક્રિયાન્વિત તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન વિનાની કેળવણી અંધ છે. કેળવણી એ પ્રસ્થાન છે, યાત્રા છે.

**(9) વિષયો**

કેળવણીના સંદર્ભમાં જ વિષયો નિશ્ચિત થાય છે.

**(10) માર્ગદર્શન**

કેળવણી, માર્ગદર્શન પ્રમાણે આયોજન અને અમલીકરણ કરે છે.

**તત્ત્વજ્ઞાન**

(1) તત્ત્વજ્ઞાનનું તંત્ર વિશાળ છે.

(2) તત્ત્વજ્ઞાન કેળવણીનું ચિંતનાત્મક પાસું છે.

(3) તત્ત્વજ્ઞાન કેળવણીની દિશાસૂચક બાજુ છે. તત્ત્વજ્ઞાન, કેળવણીના સિદ્ધાંતો, આદર્શો, મૂલ્યો સૂચવે છે.

(4) તત્ત્વજ્ઞાન જીવનના અનેક વિષય કે વિષયાંગોને સ્પર્શે છે.

(5) તત્ત્વજ્ઞાન એ જીવનનો નિષ્કર્ષ છે.

(6) તત્ત્વજ્ઞાન વિદ્યુત શક્તિ છે.

(7) તત્ત્વજ્ઞાનના વિશાળ ક્ષેત્રમાં જ્ઞાન, વિજ્ઞાન, આત્મજ્ઞાન વગેરે ઘણાં વિષયો સમાઈ જાય છે.

(8) તત્ત્વજ્ઞાન સુસુપ્ત કેળવણી છે. કેળવણી વિનાનું તત્ત્વજ્ઞાન પંગુ છે. તત્ત્વ જ્ઞાન દિશાસૂચક પાટીયું છે.

(9) તત્ત્વજ્ઞાનના વિશાળ ક્ષેત્રમાં જ્ઞાન, વિજ્ઞાન, આત્મજ્ઞાન વગેરે ઘણા વિષયો સમાઈ જાય છે.

(10) તત્ત્વજ્ઞાન શિક્ષણના ધ્યેયો, પદ્ધતિ, અભ્યાસક્રમ, શિસ્ત, મૂલ્યાંકન, પ્રવિધિઓ નક્કી કરવામાં માર્ગદર્શન આપે છે.

આમ, દરેક વ્યવહાર પાછળ કોઈ ને કોઈ સિદ્ધાંત કે તત્ત્વદર્શન હોય છે. શિક્ષણ પણ એક વ્યવહાર છે. તેથી તત્ત્વજ્ઞાન શિક્ષણનો પાયો બને છે. ચિંતન દ્વારા ફિલસૂફ તત્ત્વ દર્શન કરે છે અને શિક્ષણ દ્વારા તેનો પ્રચાર કરે છે. ફિલસૂફ સાચો શિક્ષક બને છે. જેમ કે પ્લેટો, ટાગોર જેવાં અનેક ફિલસૂફો કે વિચારકો શિક્ષણકાર પણ હતાં.

## 2.6 શિક્ષણની તાત્ત્વિક આધારશિલાનું મહત્ત્વ :

- શિક્ષણના સિદ્ધાંતોનો શિક્ષણના તત્ત્વજ્ઞાન તરફ લઈ જવા પ્રયાસ કરે છે, જે વ્યક્તિ શીખવા માગે છે તેને શું શીખવું છે ? તેનો પ્રથમ વિચાર કરીએ તો તેના ઉત્તરરૂપે વિષય વિષયાંગનો જન્મ થાય છે. કયા ધોરણના ? કેટલી વયના ? કેટલી સંખ્યા છે ? તે બધું જ વિચારવાનું કામ મનોવિજ્ઞાન કરે છે. તેમાંથી પદ્ધતિ શાસ્ત્રનો જન્મ થાય છે.
- શીખવવું તેમાંથી સમાજશાસ્ત્ર મળે છે. આ બધામાં શિક્ષણનું તત્ત્વજ્ઞાન ખૂબ જ સહાયરૂપ થાય છે. એ એવું શાસ્ત્ર છે જે શિક્ષકને ખૂબ જ સહાયરૂપ થાય છે. દર્શનશાસ્ત્રનું મહત્ત્વ આ પ્રમાણે છે.

(1) શિક્ષણનું તત્ત્વજ્ઞાન શિક્ષણનો માર્ગ બતાવે છે.

(2) વિવિધ વિષયોનું ચિંતન કરવાનું સૂચવે છે.

(3) તત્ત્વજ્ઞાન પાઠ્યપુસ્તકો, પાઠ્યક્રમ અને પદ્ધતિ સહિત દિશાસૂચન કરે છે.

(4) તત્ત્વજ્ઞાન, જ્ઞાન સાથે આત્મજ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે.

(5) તત્ત્વજ્ઞાન શિક્ષક સમક્ષ, દાર્શનિક આધારો વિચારધારાઓ પ્રસ્તુત કરે છે.

(6) શિક્ષણને તત્ત્વજ્ઞાનના પાયા પર ઊભો રહી સમજતો શિક્ષક જ જીવનના સંદર્ભમાં બાળકોનું ઘડતર કરી શકે છે, કેમકે તેનામાં અધ્યાત્મિક પ્રેરિત સંસ્કાર દૃઢ થયાં હોય છે.

(7) ઉદાહરણ :

કોઈ એક શાળા, શિક્ષક અને તેના કાર્યક્રમોનો જો અભ્યાસ કરીએ તો તે સર્વનો આધાર તે શાળાની ફિલસૂફી છે. નક્કી કરેલાં સમયપત્રક પ્રમાણે ચાલવાનું, દિશાસૂચન તાત્ત્વિક આધારો પ્રમાણે થાય છે.

## 2.7 શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર : (Scope of Educational Philosophy)

**વ્યાપ :**

શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર નીચે મુજબ છે.

(1) તત્ત્વજ્ઞાન બધી વસ્તુઓનું વિજ્ઞાન છે. બધાં જ્ઞાનનું વિજ્ઞાન છે. તેમાં જ્ઞાન, વિજ્ઞાન અને આત્મજ્ઞાન બધું જ સમાઈ જાય છે. જ્યારે તત્ત્વજ્ઞાન શિક્ષણની સમસ્યા અને પોતાના પક્ષોમાં જુએ છે.

(2) તત્ત્વજ્ઞાન બધી વસ્તુઓને અંતિમ તર્ક અને કારણોના માધ્યમથી જાણવાનું વિજ્ઞાન છે. શિક્ષણશાસ્ત્રને પણ તત્ત્વજ્ઞાન એ દૃષ્ટિથી જુએ છે.


(3) શૈક્ષણિક તત્ત્વજ્ઞાનમાં તત્ત્વજ્ઞાનના વિષયવસ્તુનો અભ્યાસ તો થાય છે, પણ તે ઉપરાંત શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ, શિક્ષક, વિદ્યાર્થી સંબંધ, શિક્ષણ, સંચાલન, શિસ્ત વગેરે અનુસાર શા તારણો કાઢી શકાય તેની ચર્ચા પણ થાય છે.

(4) તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો અને વિચારધારાઓને શિક્ષણના સિદ્ધાંતો અને વ્યવહારમાં વિનિયોગ કરતું કે તેનું અમલીકરણ કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન.

ટૂંકમાં... તત્ત્વજ્ઞાન સિદ્ધાંતો... વિચારધારા... વાદ... શિક્ષણને લાગુ કરવામાં આવે ત્યારે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન બને છે. એ બંને પરસ્પર સ્પષ્ટતા થશે.

(5) આપણે અગાઉ જોઈ ગયા કે ફિલસૂફીનું ક્ષેત્ર વિશાળ છે, તેમાં શૈક્ષણિક ફિલસૂફીને લગતાં મુદ્દાઓ આ મુજબ છે. જેનો સમાવેશ શૈક્ષણિક ફિલસૂફીના કાર્યક્ષેત્રમાં કરી શકાય.


**શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**




## 2.8 તત્ત્વજ્ઞાનની શાખાઓ :

- તત્ત્વજ્ઞાનનો અર્થ સમજ્યા પછી, સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય છે કે આપણે તત્ત્વજ્ઞાનમાં કઈ વિગતનો અભ્યાસ કરીએ છીએ. ભારતીય વિચારધારા પ્રમાણે તત્ત્વજ્ઞાન અને જીવન પરસ્પર સંબંધ ધરાવે છે, એ દૃષ્ટિએ જીવનનું સંપૂર્ણ વિષયક્ષેત્ર તત્ત્વજ્ઞાનનું ક્ષેત્ર છે.
- પશ્ચિમના તત્ત્વજ્ઞાનને તત્ત્વજ્ઞાના વિષયક્ષેત્રમાં નવા અને નવા વિષયોનો અભ્યાસ આવરી લઈ, સુસ્પષ્ટ એવાં અભ્યાસ વિષયો સૂચવ્યાં છે.
- ભારતીય દર્શન મુજબ તત્ત્વજ્ઞાન અને જીવન એકબીજાં પર આધારિત હોવાથી વિષય વસ્તુ બને છે. આમ, સ્વાભાવિક રીતે જ તત્ત્વજ્ઞાનનાં સઘળાં ક્ષેત્રો જીવન સાથે જીવંત સંબંધ ધરાવે છે.

**તત્ત્વજ્ઞાનની શાખાઓ**




**(1) સૌંદર્યશાસ્ત્ર (Aesthetics)**

સારું અને ખરાબ નક્કી કરવા માટેના સિદ્ધાંતો શોધવાનું કાર્ય આ વિષયનું છે. સૌંદર્ય શું છે ? સૌંદર્ય કેવી રીતે માણી શકાય ? સૌંદર્યને પ્રમાણભૂત બનાવવા શું કરી શકાય ? વગેરે બાબત, આ વિષયના અભ્યાસથી જાણી શકાય છે.

**(2) આત્માસંબંધી (Metaphysics)**

આત્મા સંબંધી પ્રશ્નોનો વિચાર અહીં કરવામાં આવે છે. દા.ત. આત્મા શું છે ? જીવ શું છે ? વગેરે બાબતોનો અભ્યાસ આ વિભાગમાં દ્વારા કરવામાં આવે છે.

**(3) ઈશ્વર સંબંધી (Theology)**

ઈશ્વર સંબંધી પ્રશ્નોના ઉત્તરો શોધવાનું કાર્ય કરે છે. દા.ત. ઈશ્વરનું અસ્તિત્વ છે કે નહીં ? જો ઈશ્વરનું અસ્તિત્વ છે તો તેની સાબિતી શી ? ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ? વગેરે ઈશ્વર સંબંધી બાબતોનો અભ્યાસ આ વિભાગમાં દ્વારા કરવામાં આવે છે.

**(4) સત્તા સંબંધી (Ontology)**

આ વિષય, સૃષ્ટિ પરના સઘળા અસ્તિત્વના સ્વરૂપનો અભ્યાસ કરે છે. અમૂર્ત સત્તા કઈ છે ? બ્રહ્માંડમાં નશ્વર કયાં છે ? બ્રહ્માંડમાં અક્ષર તત્ત્વ કયાં છે ? વગેરે સૃષ્ટિ સંબંધી બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

**(5) સૃષ્ટિશાસ્ત્ર (Cosmology)**

આ વિષય, સૃષ્ટિની રચના અને વિષય સંબંધિત પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયત્ન કરે છે. શું સૃષ્ટિ (બ્રહ્માંડ)ની રચના ભૌતિક તત્ત્વોથી થઈ છે ? શું તેના નિર્માણ પાછળ આધ્યાત્મિક તત્ત્વો જવાબદાર છે ? વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

**(6) સૃષ્ટિ ઉત્પત્તિશાસ્ત્ર (Cosmogony)**

સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક પ્રશ્નોના ઉત્તરો શોધવા એ આ વિષયનું ધ્યેય છે. સૃષ્ટિ એટલે કે વિશ્વની ઉત્પત્તિ શી રીતે થઈ ? શું તેની રચના કરવામાં આવી છે ? વિશ્વની રચના કોણે કરી? સૃષ્ટિ ઉત્પત્તિ વિષયક બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

**(7) જ્ઞાનશાસ્ત્ર (Epistemology)**

આ વિષયજ્ઞાન સંબંધિત પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાન શું છે ? જ્ઞાન મેળવવાના પ્રાપ્તિ સ્થાનો કયા છે ? જ્ઞાન શી રીતે પ્રાપ્ત થાય છે ? જ્ઞાન સંબંધી માહિતી મેળવવા માટે આ વિભાગમાં અભ્યાસ કરવામાં આવે છે.

**(8) નીતિશાસ્ત્ર (Ethics)**

વ્યક્તિના નીતિમય આચરણને સંબંધિત બાબતો શી છે તે અંગેની તપાસ આ શાસ્ત્ર કરે છે. સાચું આચરણ કયું છે ? આચરણ માટે જવાબદાર બાબતો શી છે ? આચરણના સિદ્ધાંતો શાના આધારે નક્કી થાય ? આચરણ સંબંધિત બાબતોનો અભ્યાસ આ વિભાગમાં કરવામાં આવે છે.

**(9) તર્કશાસ્ત્ર (Logic)**

તાર્કિક ચિંતનના સંદર્ભમાં વિષય તર્કની વિધિ શી છે ? તર્કના પ્રશ્નો કયા કયા છે ? તાર્કિક ચિંતનનું સ્વરૂપ શું છે ? તર્કના પ્રશ્નો કયા કયા છે ? તાર્કિક ચિંતનનું સ્વરૂપ શું છે ? વગેરે પ્રશ્નોના ઉકેલ શોધે છે

- તત્ત્વજ્ઞાન દ્વારા અભ્યાસ કરી શકાય તેવાં વિષયક્ષેત્રો ઉપર દર્શાવ્યા છે. આ વિષયોને પ્રમુખ તત્ત્વજ્ઞાનની ત્રણ શાખાઓમાં વહેંચી શકાય.

**તત્ત્વજ્ઞાન**

| **તત્ત્વમીમાંસા** | **જ્ઞાન મીમાંસા** | **મૂલ્ય મીમાંસા** |
|---|---|---|
| (Mathaphysics) | (Epistemology) | (Axiology) |
| (1) આત્મા સંબંધી તત્ત્વજ્ઞાન | (1) જ્ઞાન સંબંધી બાબતો | (1) નીતિશાસ્ત્ર |
| (2) ઈશ્વર સંબંધી તત્ત્વજ્ઞાન | (2) તર્કશાસ્ત્ર | |
| (3) સત્તાશાસ્ત્ર | (3) સૌંદર્યશાસ્ત્ર | |
| (4) સૃષ્ટિશાસ્ત્ર | | |
| (5) સૃષ્ટિ ઉત્પત્તિશાસ્ત્ર | | |

## 2.9 ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન :

- તત્ત્વજ્ઞાન અને જીવન વચ્ચે સંબંધ છે તો શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વચ્ચે પણ સંબંધ છે, તેથી જ જીવન અને શિક્ષણ વચ્ચે સંબંધ છે. શિક્ષણના મુદ્દાઓ શૈક્ષણિક તત્ત્વજ્ઞાન સાથે સીધો સંબંધ ધરાવે છે.
- શિક્ષણના ઉદ્દેશો, અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ, શિક્ષણની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો તથા મૂલ્યાંકન વગેરે મુદ્દાઓ શૈક્ષણિક તત્ત્વજ્ઞાન સાથે સંબંધિત છે.
- આપણી સમાજવાદી સમાજરચના અન્વયે સમાજનાં મૂલ્યો, શિક્ષણ દ્વારા એટલે કે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન દ્વારા ભણાવવાનો વિચાર કેન્દ્રસ્થ છે. માનવ સમાજમાં વ્યક્તિ અને સમાજ એમ બે છેડા છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ વિકસે અને તેથી સમાજ વિકસે એવું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન અપનાવાયું છે.
- અહીં દરેક માનવ પ્રતિભાના સર્વદેશીય વિકાસની પ્રક્રિયાને શૈક્ષણિક તત્ત્વજ્ઞાન ગણ્યું છે. પ્રતિભા એટલે પ્રકાશ તરફ જવું તે. વ્યક્તિથી શરૂ કરી સમગ્ર ભારતીય સમાજને પ્રકાશ, જ્ઞાન તરફ લઈ જવાનું તત્ત્વજ્ઞાન અહીં અભિપ્રેત છે.
- ભારતીય તત્ત્વજ્ઞાન સંદર્ભે શિક્ષણને જીવન સાથે ગાઢ સંબંધ છે. જેમાં વિચાર પ્રમાણે આચાર અને તે પ્રમાણે જીવન ઢાળવાનો પ્રયત્ન છે. તેનો ઉદ્દેશ મોક્ષ પ્રાપ્તિનો છે. તે ત્યારે જ થાય જ્યારે અધ્યેતાને સત્યનો સાક્ષાત્કાર થાય.
- આ બાબતને ખ્યાલમાં રાખીને ભારતીય સમાજમાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની સમજ વેદાંત, સાંખ્યદર્શન, બુદ્ધવાદ, જૈનવાદ, ઈસ્લામવાદ વગેરે વિચારધારામાંથી સાંપડે છે. તેથી આ વિચારધારાઓ અહીંના શિક્ષણમાં પ્રવૃત્ત કરવામાં આવી છે, જેમાં શિક્ષણનાં ધ્યેયો,

અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિ, શિસ્ત, શિક્ષકનું સ્થાન અને શિક્ષક-વિદ્યાર્થી સંબંધો વિશેનું તત્ત્વજ્ઞાન પ્રગટ થાય છે.

- ભારતીય સમાજમાંના વૈવિધ્યને લીધે અહીં શિક્ષણ

  (1) અવૈધિક શિક્ષણ (2) આજીવન શિક્ષણ (3) નિરંતર શિક્ષણ (4) ઔપચારિક શિક્ષણ (5) અનૌપચારિક શિક્ષણ (6) દૂરવર્તી શિક્ષણ

**(1) અવૈધિક શિક્ષણ : (Nonformal Education)**

- જેમણે શાળા કદી જોઈ નથી. લખવા, વાંચવા, ગણવાની કુશળતા પ્રાપ્ત થાય તે પહેલાં શાળા છોડી દીધી છે. એવા નિરક્ષરોને અક્ષરજ્ઞાન ઉપરાંત જીવનલક્ષી જ્ઞાન આપવાના આશયથી શરૂ થયેલો આ નિરક્ષરતા નિવારણ કાર્યક્રમ છે.
- જ્યાં ઉંમરની કોઈ મર્યાદા નથી, સમયનું કોઈ બંધન નથી, અભ્યાસક્રમ નથી, પાઠ્યપુસ્તક નથી વગેરે બાબતો ધ્યાનમાં રાખી શિક્ષણ અપાય છે તેના માટે કોઈ પ્રમાણપત્ર કે સર્ટિફિકેટ નથી.
- અવૈધિક શિક્ષણની એવી વ્યવસ્થા છે કે જેના વડે, જે જ્યાં અને જ્યારે શીખવું હોય તે, ત્યાં અને ત્યારે શીખી શકે છે.
- ઈચ્છા ધરાવનાર વ્યક્તિ સ્વેચ્છાએ, સગવડ પ્રમાણે કોઈપણ સ્થળે અને સમયે શીખી શકે તેવી વ્યવસ્થા અવૈધિક શિક્ષણમાં હોય છે.
- **અવૈધિક શિક્ષણની આવશ્યકતા :**

(1) નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે, તે દૂર કરવા મદદરૂપ થાય છે.

(2) સ્થગિતતા અને અપવ્યય જેવી પરિસ્થિતિ દૂર કરવા.

(3) શિક્ષણની માંગને પહોંચી વળવા મદદરૂપ થાય છે.

- **લક્ષણો :**

(1) કોઈપણ વય જૂથની વ્યક્તિ પ્રવેશ મેળવી શકે છે.

(2) જરૂરિયાત પ્રમાણે પરિવર્તનશીલ છે.

(3) સમયમર્યાદાનું કોઈ બંધન નથી.

(4) જરૂરિયાત પ્રમાણે અભ્યાસ રૂમનો સમાવેશ.

(5) શિક્ષણથી વંચિત વ્યક્તિઓને શિક્ષણની વ્યવસ્થા.

**(2) આજીવન શિક્ષણ : (Life long Education)**

- આજીવન શિક્ષણ એ નિરંતર રીતે ચાલતું શિક્ષણ છે. તે વ્યક્તિના જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધી ચાલ્યા કરે છે. આજીવન શિક્ષણની સંકલ્પના 'આજીવન' શબ્દ અગત્યનો છે. જીવનની શરૂઆત સાથે જ શિક્ષણનો આરંભ થાય છે અને જીવન પૂરું થતાં શિક્ષણ પૂરું થાય છે. શાળા શિક્ષણ એ પૂર્ણવિરામ નથી.
- આ પ્રકારના શિક્ષણમાં ઔપચારિક, અનૌપચારિક, અવૈધિક એમ બધા પ્રકારના શિક્ષણનો સમાવેશ થાય છે.
- **આજીવન શિક્ષણનું મહત્ત્વ :**

(1) વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે કદમ મિલાવવા.

(2) સામાજિક પરિવર્તન લાવવામાં મદદરૂપ.

(3) આજીવન શિક્ષણ વ્યક્તિને જીવન જીવતાં શીખવે છે.

(4) વ્યાવસાયિક કૌશલ્ય સમૃદ્ધ બનાવવા.

(5) શિક્ષણથી વંચિત રહેલ વ્યક્તિને શિક્ષણ આપવા.

(6) નિરક્ષર પ્રૌઢોને શિક્ષણ આપવા.

- **આજીવન શિક્ષણના લક્ષણો :**

(1) જન્મથી મૃત્યુ સુધી આજુબાજુના વાતાવરણમાંથી શિક્ષણ મેળવે છે.

(2) શિક્ષણ મેળવવાનું ધ્યેય ગુણવત્તા જાળવી રાખવી તેમજ તેને સુધારવાનું છે.

(3) શિક્ષણની નવી તકો ઊભી કરે છે.

(4) શિક્ષણનાં વિવિધ સાધનો અને માધ્યમોનો ઉપયોગ

(5) જીવનના દરેક પાસાંને આવરી લે છે.

(6) શિક્ષણ લોકશાહી કરવા તરફ લઈ જાય છે.

(7) આજીવન શિક્ષણ દ્વારા સાહજિક વિકાસ શક્ય બને છે.

**(3) નિરંતર શિક્ષણ : (Continuing Education)**

- નિરંતર શિક્ષણ એ સતત ચાલતું શિક્ષણ છે. શાળાના અભ્યાસક્રમમાં ખૂટતી કડીઓની પૂર્તિ કરવાનું કાર્ય નિરંતર શિક્ષણ કરે છે. વિવિધ વ્યવસાયમાં સંકળાયેલ વ્યક્તિને તેની જરૂરિયાત પ્રમાણે તેમનામાં કેટલાંક કૌશલ્યો, સમજ, મૂલ્યો, ભાવનાની ખિલવણી વગેરે કાર્ય કરવાનું કામ કરે છે. શિક્ષણ સતત રીતે ચાલ્યા કરે છે.

- **નિરંતર શિક્ષણનું મહત્ત્વ :**

(1) ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરવો.

(2) શિક્ષણ પરિવર્તન સાથે તાલ મીલાવવો.

(3) નેતૃત્વની તાલીમ પૂરી પાડવી.

(4) વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ કરવો.

(5) સમાજ ઉપયોગી બનાવું.

- **નિરંતર શિક્ષણના લક્ષણો :**

(1) અપવ્યય અને સ્થગિતતાની સમસ્યા દૂર કરે છે.

(2) શિક્ષણથી વંચિતને લાભ આપે છે.

(3) નિરંતર શિક્ષણ મહદ્અંશે ઔપચારિક હોય છે.

- **નિરંતર શિક્ષણના કાર્યક્રમો :**

(1) પ્રૌઢ શિક્ષણ

(2) ફુરસદના સમયનો ઉપયોગ

(3) નાગરિકતાની તાલીમ

(4) શિક્ષણ સુધારણા

(5) સમાજસેવા

(6) કૃષિવિષયક તાલીમ

(7) વ્યાવસાયલક્ષી તાલીમ

(8) ગૃહ સુશોભન

(9) ગૃહ વ્યવસ્થા

(10) પોષણયુક્ત આહાર

(11) સાક્ષરતાનો પ્રચાર

**(4) ઔપચારિક શિક્ષણ : (Formal Education)**

- પૂર્વ પ્રાથમિકથી શરૂ કરી સ્નાતક-અનુસ્નાતક સુધી માણસને પ્રયત્નપૂર્વક આપવામાં આવતું જે નિશ્ચિત સમય મર્યાદામાં પૂરું થાય તેવું શિક્ષણ અપાય છે.
- શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ, પદ્ધતિઓ, શૈક્ષણિક ઉપકરણો વગેરે બધું જ પૂર્વ આયોજિત અને નિશ્ચિત હોય છે. મેળવેલા શિક્ષણનું પરીક્ષણ, મૂલ્યાંકન થાય છે. શિક્ષણના હેતુઓ, સાધનો અને પ્રયુક્તિઓ ઔપચારિક હોય છે.
- અભ્યાસક્રમ નિયત થયેલો હોય છે. અમુક ઉંમરે શિક્ષણની શરૂઆત થઈને અમુક ઉંમરે તે પૂરું થાય છે. તે અમુક વર્ષો સુધી ચાલે છે, પછી અટકી જાય છે.
- શિક્ષક અને વિદ્યાર્થી બંને શિક્ષણની પ્રક્રિયા અંગે સભાન હોય છે.
- એકને લાગે કે હું ભણાવી રહ્યો છું, બીજાને લાગે કે હું ભણી રહ્યો છું, શું ભણાવવું, કોને ભણાવવું, ક્યારે ભણાવવું, કેવી રીતે ભણાવવું, કેટલું ભણાવવું વગેરે બધું જ.
- **ઔપચારિક શિક્ષણના લક્ષણો :**

(1) સંસ્થાગત શિક્ષણ આપવામાં આવે છે.

(2) ઔપચારિક શિક્ષણનું માળખું નિશ્ચિત હોય છે.

(3) ઔપચારિક શિક્ષણ દ્વિધ્રુવી પ્રક્રિયા છે.

(4) આ પ્રકારનું શિક્ષણ વ્યવસ્થિત સ્વરૂપ છે.

(5) આ પ્રકારનું શિક્ષણ આયોજનપૂર્વક ચાલે છે.

**(5) અનૌપચારિક શિક્ષણ : (Informal Education)**

- આ પ્રકારના શિક્ષણમાં કશું જ નિશ્ચિત કે આયોજિત નથી. આ પ્રક્રિયા સભાનપણે, સહજ રૂપે અને સ્વાભાવિક સ્વરૂપે થઈ જતી હોય છે.
- અભ્યાસક્રમ જેવું હોતું નથી. શિક્ષણનું આયોજન નથી, તેમાં રાજ્ય કે સંસ્થાનું સંચાલન નથી. ભણનાર અને ભણાવનારને ખ્યાલ પણ ન રહે કે શિક્ષણની પ્રક્રિયા ચાલી રહી છે. સમય મર્યાદાનું કોઈ બંધન નથી.
- સતત ચાલતી શિક્ષણની પ્રક્રિયા છે. આ શિક્ષણ જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી નીવડે છે.
- આમ, અનૌપચારિક શિક્ષણ જીવન સાથે વણાઈ જાય છે, એટલે તે પણ આજીવન ચાલતી પ્રક્રિયા જ છે. જેમાં સહજપણે જીવન ઘડતરનું કામ થયા કરે છે.
- **અનૌપચારિક શિક્ષણનાં લક્ષણો :**

(1) અનૌપચારિક શિક્ષણમાં નિયત અભ્યાસક્રમ, અધ્યાપન પદ્ધતિ હોતાં નથી.

(2) શાળા સિવાય અન્ય સ્થળે શિક્ષણ પ્રાપ્ત થાય છે.

(3) શિક્ષણની પ્રક્રિયા અનેક ધ્રુવી છે.

(4) જરૂરિયાત પ્રમાણે શિક્ષણની વ્યવસ્થા હોય છે.

(5) સમાજની ઘડતરની પ્રક્રિયા થાય છે.

- **અનૌપચારિક શિક્ષણની મર્યાદાઓ :**

(1) અનૌપચારિક શિક્ષણ આયોજિત હોતું નથી.

(2) શિક્ષણ આપવા માટે લક્ષ્યોને ધ્યાનમાં લેવાતાં નથી.

(3) આ પ્રકારના શિક્ષણમાં વ્યક્તિ અનિચ્છનીય બાબતો પણ શીખી લે તેવો સંભવ રહેલો છે.

(4) શિક્ષણમાં માપન શક્ય બનતું નથી.

આમ છતાં અનૌપચારિક શિક્ષણ વ્યક્તિના જીવન વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(6) દૂરવર્તી શિક્ષણ : (Distance Education)**

- દૂરવર્તી શિક્ષણ સંસ્થામાં થતું નથી, પરંતુ સંસ્થાથી દૂર અન્ય રીતે થાય છે. અહીં શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચે ગુરુ પરંપરા જેવી પ્રથા નથી. બંને વચ્ચે અંતર છે. જેના લીધે શીખવામાં અને શીખવવામાં વ્યક્તિગત તત્ત્વ આવતું નથી. અહીં શિક્ષક માધ્યમ નથી, માત્ર સંદેશો અને માહિતી પૂરી પાડનાર તરીકે વ્યક્તિ જ છે.
- શિક્ષકની ભૌતિક હાજરી મહત્ત્વની નથી. આ પ્રકારના શિક્ષણમાં પુસ્તકો, શૈક્ષણિક સામગ્રી, સંદેશાઓ વગેરેનો ઉપયોગ થાય છે.
- જ્યાં શીખવનાર અને શીખનાર વચ્ચે સમય અને સ્થળનો મોટો ભેદ-અંતર હોય તેવી શિક્ષણ આપવાની પ્રવૃત્તિઓને દૂરવર્તી શિક્ષણ કહી શકાય.
- અહીં વિદ્યાર્થીઓને સમૂહમાં શીખવવામાં આવતું નથી, પરંતુ પોતે જ અભ્યાસ કરે છે. એટલે આ પ્રકારનું શિક્ષણ વ્યક્તિગત અધ્યયન પર આધારિત હોય છે.

## 2.10 સારાંશ :

- ગુજરાતીમાં તત્ત્વજ્ઞાન એટલે તત્ત્વ સંબંધી જ્ઞાન, ફિલસૂફી ગણાય છે.
- વિદ્યાનુરાગ, જ્ઞાન, ડહાપણ માટેની તીવ્ર ઝંખના એટલે તત્ત્વજ્ઞાન.
- સંદેહ એ તત્ત્વજ્ઞાનની જનની છે.
- તત્ત્વજ્ઞાન એ જ્ઞાનનું વિજ્ઞાન.
- જીવન વ્યવહારનું ડહાપણ.
- કેળવણીનું તંત્ર મર્યાદિત હોય છે જ્યારે તત્ત્વજ્ઞાનનું તંત્ર વિશાળ છે.
- શિક્ષણનું તત્ત્વજ્ઞાન શિક્ષણનો માર્ગ બનાવે છે. તે વિવિધ વિષયોનું ચિંતન કરવાનું સૂચવે છે.
- કાર્યક્ષેત્ર :

**તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**

(1) શિક્ષણના ઉદ્દેશો

(2) અભ્યાસક્રમ

(3) શિક્ષણની પદ્ધતિ

(4) પાઠ્યપુસ્તકો

(5) શિસ્તપાલન

(6) શિક્ષક-શિષ્ય સંબંધ

**(11) એકમ સ્વાધ્યાય**

(1) તત્ત્વજ્ઞાન એટલે શું ?

(2) કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(3) શિક્ષણની તાત્વિક આધારશીલાનું મહત્ત્વ જણાવો.

(4) તત્ત્વજ્ઞાનની શાખાઓ જણાવો.

- **ટૂંકમાં ઉત્તર આપો.**

(1) જ્ઞાન મીમાંસા એટલે શું ?

(2) તત્ત્વ મીમાંસા એટલે શું ?

- **બહુ વિકલ્પ પ્રશ્નો**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) તત્ત્વજ્ઞાન માટે વપરાતો બીજો એક શબ્દ નીચેનામાંથી કયો છે ?

(1) દર્શનશાસ્ત્ર (2) રાજ્યશાસ્ત્ર

(3) તર્કશાસ્ત્ર (4) ધર્મશાસ્ત્ર

(2) શિક્ષણના ઉદ્દેશો શેમાંથી ઉદ્‌ભવે છે ?

(1) વિજ્ઞાનનો વિકાસ (2) રાષ્ટ્રની આર્થિક સ્થિતિ

(3) રાષ્ટ્રનો વિકાસ (4) વિવિધ તાત્ત્વિક વિચારધારાઓ

(3) તત્ત્વજ્ઞાનની ગત્યાત્મક બાજુ એટલે કઈ છે ?

(1) વિચારધારા (2) કેળવણી

(3) દર્શન (4) તર્ક

(4) વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિઓ, એ કયા દેશોની વિચારધારાનું પરિણામ છે ?

(1) લોકશાહી (2) રાજાશાહી

(3) સરમુખત્યાર શાહી (4) સામ્યવાદી

(5) કેળવણી ને તત્ત્વજ્ઞાનનું કયું પાસું ગણવામાં આવે છે ?

(1) ક્રિયાત્મક (2) જાગૃત

(3) સમીયવર્તા (4) સુષુપ્ત

(6) શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એટલે શું ?

(1) શિક્ષણની બાબતોને તત્ત્વજ્ઞાનમાં વણી લેવી.

(2) શૈક્ષણિક તત્ત્વજ્ઞાન તત્ત્વજ્ઞાને પ્રબોધેલાં આદર્શો કે મૂલ્યો અને સિદ્ધાંતોનું અમલીકરણ કરે છે

(3) તત્ત્વજ્ઞાનમાં મૂલ્યોને શિક્ષણ સાથે કંઈ લેવાદેવા નથી.

(4) તત્ત્વજ્ઞાનને શિક્ષણમાં વિષય તરીકે સ્થાન આપવું.

(7) પ્રાચીન ગ્રીસમાં શિક્ષણનો ઉદ્દેશ કયો હતો ?

(1) વ્યક્તિ વિકાસનો (2) રાષ્ટ્રભક્તિનો

(3) સાંસ્કૃતિક વિકાસનો (4) સામાજિક વિકાસનો

(8) 'કેળવણી વિના તત્ત્વજ્ઞાન પંગુ છે.' આ વિધાન સાથે તમે કેટલે અંશે સહમત છો ?

(1) કંઈક અંશે (2) મહદ્ અંશે

(3) પૂર્ણતઃ (4) અસંમત

(9) Philopsનો અર્થ શું છે ?

(1) ડહાપણ (2) અન્વેષણા

(3) Love - પ્રેમ (4) જીવન

(10) Sophia શબ્દનો અર્થ શું ?

(1) જ્ઞાન (2) માણવું

(3) ડહાપણ (4) પ્રાપ્ત કરવું

(11) વાસ્તવના સ્વરૂપનું તાર્કિક અન્વેષણ એ તત્ત્વજ્ઞાન છે. આ વ્યાખ્યા કોની છે ?

(1) મહર્ષિ અરવિંદ (2) જે. કૃષ્ણમૂર્તિ

(3) રવિન્દ્રનાથ ટાગોર (4) ડો. રાધાકૃષ્ણન્

(12) ''વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ એટલે તત્ત્વજ્ઞાન.'' આ વ્યાખ્યા કોની છે ?

(1) બર્ટ્રાન્ડ રસેલ (2) ફિબ્સે

(3) રાધાકૃષ્ણન્ (4) આર. ડબલ્યુ. સેલ્બાર્સ

(13) 'સંદેહ એ તત્ત્વજ્ઞાનની જનની છે.' આ વિધાન કોનું છે ?

(1) બર્ટ્રાન્ડ રસેલ (2) દેકાર્ત

(3) પ્લેટો (4) એરિસ્ટોટલ

(14) શિક્ષણના ઉદ્દેશો કઈ બાબત ઉપર આધારિત છે ?

(1) ધાર્મિક સિદ્ધાંતો (2) આધુનિક મનોવિજ્ઞાન

(3) વિજ્ઞાનનો વિકાસ (4) લોકોનું જીવન

(15) નીચેનામાંથી કયો શબ્દસમૂહ ઉચિત છે.

(1) શિક્ષણ ઉદ્દેશો - તત્ત્વજ્ઞાન - અભ્યાસક્રમ

(2) તત્ત્વજ્ઞાન - શિક્ષણા ઉદ્દેશ્યો - અભ્યાસક્રમ

(3) અભ્યાસક્રમ - તત્ત્વજ્ઞાન - શિક્ષણના ઉદ્દેશ્યો

(4) ત્રણમાંથી એકપણ નહીં

(16) શારીરિક શિક્ષણ એ કયા પ્રકારની શિસ્ત છે ?

(1) સામાજિક શિસ્ત (2) મુક્ત શિસ્ત

(3) સ્વયં શિસ્ત (4) દમનયુક્ત શિસ્ત

(17) તત્ત્વજ્ઞાન જ્યારે ક્રિયાત્મક બને, ત્યારે શું બને ?

(1) મૂલ્ય (2) કેળવણી

(3) શિક્ષણ (4) પ્રવૃત્તિ

(18) નીચેનામાંથી કયો શબ્દ સમૂહ ઉચિત છે ?

(1) અભ્યાસક્રમ - તત્ત્વજ્ઞાન - શિક્ષણના ઉદ્દેશ્યો

(2) શિક્ષણના ઉદ્દેશ્યો - તત્ત્વજ્ઞાન - અભ્યાસક્રમ

(3) તત્ત્વજ્ઞાન - શિક્ષણના ઉદ્દેશ્યો - અભ્યાસક્રમ

(4) ત્રણમાંથી એકપણ નહીં

(19) કયા તત્ત્વ વિના કેળવણી અંધ છે ?

(1) ધર્મજ્ઞાન (2) આત્મજ્ઞાન

(3) તત્ત્વજ્ઞાન (4) સામાન્ય જ્ઞાન

(20) ''વાસ્તવના સ્વરૂપનું તાર્કિક અન્વેષણ એ તત્ત્વજ્ઞાન છે,'' વ્યાખ્યા કોણે આપેલ છે ?

(1) મહર્ષિ અરવિંદ (2) જે. કૃષ્ણમૂર્તિ

(3) રવિન્દ્રનાથ ટાગોર (4) ડૉ. રાધાકૃષ્ણન્

(21) તત્ત્વજ્ઞાનની શાખામાં કઈ બાબતનો સમાવેશ કરવામાં આવે છે ?

(1) ઈશ્વર સંબંધી (2) અજ્ઞાન શાસ્ત્ર

(3) અનીતિ શાસ્ત્ર (4) અસતા સંબંધી

(22) તત્ત્વજ્ઞાનની શાખામાં નીચેનામાંથી કઈ બાબત વિસંગત છે ?

(1) ઈશ્વર સંબંધી (2) સૃષ્ટિ શાસ્ત્ર

(3) આત્મ સંબંધી (4) અનીતિ શાસ્ત્ર

## 2.12 તમારી પ્રગતિ ચકાસો :

નોંધ : (1) આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) તમારા જવાબને એકમને અંતે આપેલ જવાબ સાથે સરખાવો.

(1) તત્ત્વજ્ઞાન એટલે શું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) શિક્ષણની તાત્ત્વિક આધારશીલાનું મહત્ત્વ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) તત્ત્વજ્ઞાનની શાખાઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to chek your progress)

**(1) તત્ત્વજ્ઞાન એટલે :**

- તત્ત્વજ્ઞાન એટલે જ્ઞાન, વિદ્યા, ડહાપણ.
- તત્ત્વજ્ઞાન એટલે વિદ્યાનુરાગ, જ્ઞાન, ડહાપણ માટેની તીવ્ર ઝંખના

**(2) શિક્ષણની તાત્ત્વિક આધારશિલાનું મહત્ત્વ :**

(1) શિક્ષણનું તત્ત્વજ્ઞાન શિક્ષણનો માર્ગ બતાવે છે.

(2) વિવિધ વિષયોનું ચિંતન કરવાનું સૂચવે.

(3) પાઠ્યપુસ્તકો અંગે દિશાસૂચન.

(4) આત્મજ્ઞાન આપવાનો પ્રયત્ન.

(5) આધારો વિચાર પ્રસ્તુત કરે.

(6) જીવનના સંદર્ભમાં બાળકોનું ઘડતર કરી શકે.

(7) સમયપત્રક પ્રમાણે કાર્ય.

**(3) તત્ત્વજ્ઞાનની શાખાઓ :**

(1) સૌંદર્યશાસ્ત્ર (6) સૃષ્ટિ ઉત્પત્તિ શાસ્ત્ર

(2) આત્મસંબંધી (7) જ્ઞાનશાસ્ત્ર

(3) ઈશ્વર સંબંધી (8) નીતિ શાસ્ત્ર

(4) સત્તા સંબંધી (9) તર્કશાસ્ત્ર

(5) સૃષ્ટિશાસ્ત્ર

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો :**

(1) દર્શનશાસ્ત્ર

(2) વિવિધ તાત્વિક વિચારધારાઓ

(3) કેળવણી

(4) સરમુખત્યારશાહી

(5) ક્રિયાત્મક

(6) શૈક્ષણિક તત્ત્વજ્ઞાન તત્ત્વજ્ઞાને પ્રબોધેલા આદર્શો કે મૂલ્યો અને સિદ્ધાંતોનું અમલીકરણ કરે છે

(7) સાંસ્કૃતિક વિકાસનો

(8) પૂર્ણતઃ

(9) Love - પ્રેમ

(10) જ્ઞાન

(11) ડૉ. રાધાકૃષ્ણન્

(12) બર્ટ્રાન્ડ રસેલ

(13) દેકાર્ત

(14) લોકોનું જીવન

(15) તત્ત્વજ્ઞાન - શિક્ષણ ઉદ્દેશ્યો - અભ્યાસક્રમ

(16) દમનયુક્ત શિસ્ત

(17) કેળવણી

(18) તત્ત્વજ્ઞાન - શિક્ષણના ઉદ્દેશ્યો - અભ્યાસક્રમ

(19) તત્ત્વજ્ઞાન

(20) ડૉ. રાધાકૃષ્ણન

## 2.14 સૂચિત વાંચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી.વી. : વિકસતા ભારતમાં શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(3) રાવલ નટુભાઈ પી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશ, અમદાવાદ.

એકમ 3

# ભારતીય શિક્ષણ અને લોકશાહી

## : રૂપરેખા :


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 લોકશાહી નાગરિકત્વનો અર્થ**

**3.3 લોકશાહી નાગરિકત્વની લાક્ષણિકતાઓ**

**3.4 લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત**

**3.5 લોકશાહી નાગરિકત્વ માટેની કેળવણી આપવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ**

**3.6 લોકશાહીના સ્વરૂપો**

**3.7 શાળાના અભ્યાસક્રમના વિષયો દ્વારા લોકશાહી જીવન માટેની કેળવણી**

**3.8 લોકશાહી સમાજમાં શિક્ષણના હેતુઓ**

**3.9 સમાજમાં લોકશાહીને અસર કરતાં પરિબળો**

**3.10 સમાજમાં લોકશાહી પ્રસ્થાપિત કરવા શિક્ષકની ભૂમિકા**

**3.11 ભારતીય શિક્ષણ અને લોકશાહી**

**3.12 ભારતમાં લોકશાહી શિક્ષણનો અભિગમ**

**3.13 લોકશાહી જીવન માટેની કેળવણી એટલે શું ?**

**3.14 સમાજમાં લોકશાહીની મર્યાદાઓ**

**3.15 સમાજમાં લોકશાહીનો વિકાસ કરવામાં શાળાનું યોગદાન**

**3.16 સારાંશ**

**3.17 એકમ સ્વાધ્યાય**

**3.18 તમારી પ્રગતિ ચકાસો**

**3.19 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**3.20 સૂચિત વાંચન સામગ્રી**


## 3.0 ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) લોકશાહી નાગરિકત્વનો અર્થ સમજી શકશો.

(2) લોકશાહી નાગરિકત્વની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(3) લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત સમજી શકશો.

(4) લોકશાહી નાગરિકત્વ માટેની કેળવણી આપવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સમજી શકશો.

(5) લોકશાહીના સ્વરૂપોની ચર્ચા કરી શકશો.

(6) શાળાના અભ્યાસક્રમના વિષયો દ્વારા લોકશાહી જીવન માટેની કેળવણી સમજી શકશો.

(7) લોકશાહી સમાજમાં શિક્ષણના હેતુઓની ચર્ચા કરી શકશો.

(8) સમાજમાં લોકશાહીને અસર કરતાં પરિબળોની ચર્ચા કરી શકશો.

(9) સમાજમાં લોકશાહી પ્રસ્થાપિત કરવા શિક્ષકની ભૂમિકાનું વર્ણન કરી શકશો.

(10) ભારતીય શિક્ષણ અને લોકશાહીની ચર્ચા કરી શકશો.

(11) ભારતમાં લોકશાહી શિક્ષણનો અભિગમ સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

- જુદી જુદી શાસન વ્યવસ્થાઓમાં લોકશાહી શાસન વ્યવસ્થા સૌથી ઉત્તમ ગણવામાં આવે છે. લોકશાહી એટલે લોકો માટે, લોકો દ્વારા અને લોકોનું શાસન.
- પ્રાચીન ભારતમાં વૈશાલી, લિચ્છવી વગેરે ગણરાજ્યોમાં પણ લોકશાહી શાસન વ્યવસ્થા હતી. આ પ્રકારની શાસન વ્યવસ્થામાં લોકોનો અભિપ્રાય મહત્ત્વનો હોય છે. વિશ્વના મોટાભાગના દેશોમાં હવે લોકશાહી શાસન વ્યવસ્થા ચાલે છે, પરંતુ લોકશાહીની સફળતા દેશના લોકોના શિક્ષણ ઉપર આધાર રાખે છે. લોકો શિક્ષણ પામેલા હોય તો ચૂંટવામાં આવતા પ્રતિનિધિઓ અંગે વિચારી શકે. કયો પ્રતિનિધિ સ્પર્શે છે તે બાબત શિક્ષણ ઉપર આધારિત છે.
- લોકો દ્વારા ચૂંટવામાં આવતા પ્રતિનિધિઓ યોગ્ય હોય તો જ લોકશાહી શાસન સુયોગ્ય રીતે ચાલે, પરંતુ જો મતદાર જ્ઞાતિ, જાતિ, ધર્મ, લાલચ વગેરેથી દોરવાઈ જાય તો અયોગ્ય વ્યક્તિઓ ચૂંટાય છે. જો અયોગ્ય ચૂંટાઈને આવે તો જે સાચા સ્વરૂપની લોકશાહી માટે અવરોધક બને છે.
- ભારતમાં અત્યારે ત્રણ કક્ષાએ વ્યવસ્થા છે. કેન્દ્ર સરકાર, રાજ્ય અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત એ રીતે વહીવટ વિકેન્દ્રિત થયેલો છે.
- ગામના વહીવટમાં ગામ લોકોએ ચૂંટેલાં સરપંચ અને પંચાયતમાં ચૂંટાયેલાં સભ્યો ભાગ લે છે. જો ગામના સરપંચ અને પંચાયતના સભ્યો સુશિક્ષિત હોય તે ગામનો વહીવટ નિષ્પક્ષ અને પ્રગતિશીલ બને છે. ગામની સમસ્યાઓ હલ થાય છે.
- આથી ઊલટું લોકો અશિક્ષિત હોય તો માથાભારે અને અપ્રમાણિક વ્યક્તિઓ ચૂંટાય છે. જો ભારતમાં પંચાયતી રાજ્યને સફળ બનાવવું હોય તો લોકો શિક્ષિત બને તે જરૂરી છે.
- લોકશાહીમાં નાગરિકે નાગરિક તરીકેનો ધર્મ અદા કરવાનો છે તેને મળેલાં હક્કો પ્રત્યે સભાન બનવાની જરૂર છે. તેની સાથે નાગરિક તરીકેની ફરજોનું પણ તેણે પાલન કરવાનું છે. શિક્ષણ, નાગરિકને હક્ક અને ફરજ બંને માટે સભાન બનાવે છે.
- લોકશાહીમાં દરેક માનવીને વિચાર સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે, પરંતુ તેનો ઉપયોગ જો અન્યને અગવડમાં મૂકવા માટે થાય તો તે અયોગ્ય ગણાય.
- નાગરિકે અન્ય નાગરિકના હક્કો અને જરૂરિયાતો તથા હિતને ધ્યાનમાં રાખવા પડે. સ્વતંત્રતા સ્વછંદતામાં ન ફેરવાય તે અંગે સભાન બનવું પડે. લોકશાહીમાં લોકોનું હિત અને સાથે સાથે વ્યક્તિનું હિત બંને મહત્ત્વનાં છે.
- જે નાગરિકો શિક્ષિત ન હોય તો, લોકશાહી ટોળાશાહી બનવાનો ભય છે. સમાજનો વિકાસ સંપ, સહકાર અને સમૂહ ભાવના દ્વારા જ થઈ શકે. લોકશાહી માત્ર શાસન વ્યવસ્થા નથી, પરંતુ જીવનશૈલી છે.
- લોકશાહીની સફળતાનો આધાર લોકોની જાગૃતિ પર આધાર રાખે છે. લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય શિક્ષણ દ્વારા જ થઈ શકે છે.
- શાળાનું વાતાવરણ સુંદર હોય, લોકશાહીયુક્ત હોય, આચાર્યના વ્યવહાર લોકશાહી હોય, વર્ગમાં શિક્ષકનો વ્યવહાર લોકશાહી હોય, વિદ્યાર્થીઓનો લાગણીઓનો સ્વીકાર થતો હોય, તો વિદ્યાર્થી અવસ્થામાં જ વિદ્યાર્થી સાચી લોકશાહીનો પાઠ શીખી શકે. શિક્ષણ એ લોકશાહીનો આત્મા છે. લોકશાહીની સફળતા લોકોના શિક્ષણ ઉપર જ આધાર રાખે છે.

- મહાત્મા ગાંધીજી જેવા નેતા દ્વારા લોકશાહી નામનું સાધન પ્રાપ્ત થયું. આ સાધનને ઉપયોગની સમજણ કે આવડત આપણને આજ સુધી સાંપડી નથી કે નથી નેતાઓએ શીખવી. પરિણામે આજે ય આપણને આપણો સાચો પ્રતિનિધિ ચૂંટતા આવડતું નથી, આપણી જીવનશૈલીમાં લોકશાહી ઉતરી નથી, આચાર-વિચારમાં સરમુખત્યારશાહી છે.
- સરકારે પ્રજાને માહિતી અધિકાર આપ્યો પણ પ્રજાને માહિતી મળે છે ખરી ? સૌને શિક્ષણનો અધિકાર આપ્યો તો પછી નિરક્ષરતાનું આટલું ઊંચું પ્રમાણ શા માટે ?

## 3.2 લોકશાહી નાગરિકત્વનો અર્થ :

- લોકશાહી શબ્દ મહદ્અંશે રાજકીય બાબતોના સંદર્ભમાં કરવામાં આવે છે. રાજનીતિક દૃષ્ટિએ કહી શકાય છે, લોકશાહી સરકારનું અસ્તિત્વ પ્રજાની ઇચ્છા શક્તિમાં સમાયેલું છે.
- લોકશાહીનું અંગ્રેજી છે Democracy ગ્રીક શબ્દ Demos અને cratia પરથી બન્યો છે. ડિમોસનો અર્થ પ્રજા અને કેટિઓનો અર્થ શાસન થાય છે. લોકશાહી એટલે પ્રજાનું શાસન.

**(1) લોકશાહીની અબ્રાહમ લિંકને આપેલી વ્યાખ્યા ઘણી પ્રચલિત છે :**

''લોકોનું, લોકો દ્વારા ચાલતું, લોકો માટેનું રાજ્ય એટલે લોકશાહી.'' લોકશાહી અને સ્વાતંત્ર્ય એક સિક્કાની બે બાજુ જેવાં છે, લોકશાહી વિના સાચું સ્વાતંત્ર્ય શક્ય નથી. લોકશાહી વ્યવસ્થામાં જ સૌને સમાનતાના હક્ક મળે છે.

**(2) લોર્ડ બાઈસ :**

'' લોકશાહી શાસન વ્યવસ્થાનું એક સ્વરૂપ છે જેમાં રાજ્યની શાસન સત્તા કોઈ વર્ગ વિશેષમાં ન રહેતાં સંપૂર્ણ સમાજના સભ્યોમાં વહેંચાયેલી હોય છે.''

(3) ''લોકશાહી સરકારનું એ સ્વરૂપ છે, જેમાં પ્રશાસકીય વર્ગ, સંપૂર્ણ રાષ્ટ્રનો ઘણો મોટો ભાગ હોય છે.''

"Democracy is form of government in which governing body is comparatively large foeraction of the entire nation"- **ડાયસ**

(4) ''લોકશાહી એ એવું રાજ્યતંત્ર છે કે જેમાં પ્રત્યેક વ્યક્તિ પરોક્ષ (પ્રત્યક્ષ) રીતે વહીવટમાં ભાગ લેતી હોય છે.'' - **પ્રા. સ.બ.**

(5) ''આધુનિક જીવન એટલે લોકશાહી અને લોકશાહી એટલે મનની પોતાની રીતે પોતાનું કામ કરવાની સ્વતંત્રતા.'' - **જ્હોન ડ્યૂઈ**

(6) ''લોકશાહી એટલે એવું શાસન કે જેમાં દરેક વ્યક્તિનો હિસ્સો હોય છે.'' - **સીલે**

(7) ''લોકશાહી સમાજ સ્વતંત્ર, સમાન, સક્રિય તથા બુદ્ધિશાળી નાગરિકોનો એવો સમાજ છે, જેમાં પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવનનો માર્ગ જાતે જ નિશ્ચિત કરે છે તથા એવું ઈચ્છે છે કે અન્ય વ્યક્તિઓ પણ પોતાના જીવનનો માર્ગ જાતે જ નક્કી કરે.'' - **વુલ્ફ**

**(8) અર્થ :** લોકશાહી કલા વિશે પોતાના વિચારો વ્યક્ત કરતાં એક કેળવણીકાર કહે છે કે; ''લોકશાહી એટલે સમૂહમાં સ્વતંત્રપણે વિચાર કરવાની કએ, સાચી લોકશાહી છે. લોકશાહીમાં વ્યક્તિ સમૂહમાં રહેતી હોવા છતાં તેને આચારવિચારનું પૂર્ણ સ્વાતંત્ર્ય હોય છે.'

"The art of democracy is the art of thinking independently together."

**- Alexander Meiklojhon**

- **નાગરિકત્વ :**
- રાષ્ટ્રનો એવો સભ્ય, જેને કેટલાંક મૂળભૂત અધિકારો પ્રાપ્ત થાય છે, તેની રૂએ તે કેટલીક વિશિષ્ટતાઓ ભોગવે છે, જે નાગરિક કહેવાય.

દા.ત. મતદાનનો હક્ક, ચૂંટણીમાં ઊભા રહેવાનો હક્ક

- નાગરિકત્વ રાષ્ટ્રનું સભ્યપદ છે જે કેટલાંક મૂળભૂત અધિકારો આપે છે, સાથે ફરજ પણ દર્શાવે છે.
- ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે લોકશાહી નાગરિકત્વના મૂલ્યની સંકલ્પના આપી શકાય કે-

- લોકશાહીમાં શ્રદ્ધા ધરાવતો હોય.
- રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અદા કરે.
- પોતાની પાયાની ફરજો પ્રત્યે સભાન હોય.
- પોતાના અધિકારો પ્રત્યે જાગૃત હોય.
- વિશાળ દૃષ્ટિકોણ ધરાવતો હોય.
- સર્વધર્મ પ્રત્યે સમભાવ હોય.
- પોતાના રાષ્ટ્ર પરની અસરો વિશે વિચારતો હોય.
- વ્યક્તિ અને સમાજ વચ્ચેની જવાબદારીથી સભાન હોય.
- અન્યને આદર કરે.
- અન્યના વિચારો સાંભળે, માન આપે અને પરિસ્થિતિના સંદર્ભમાં વિચારે.
- રાષ્ટ્રના માનવોમાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વની ભાવના વિકાસ પામેલી હોય.
- સામાજિક, રાજકીય, આર્થિક શોષણને કોઈ સ્થાન રહેશે નહિ.
- દેશના બધાં જ નાગરિકોને ભાઈ-બહેન માનીને તેઓ સાથે યોગ્ય વર્તન વ્યવહાર કરે તેવો નાગરિક.
- દેશની સમસ્યાઓના નિવારણમાં પોતાનો ફાળો આપે તેવો નાગરિક.
- દેશના વિકાસ માટે સતત પ્રયાસો કરતો નાગરિક.
- દેશ માટે આવી પડતી કુદરતી આપત્તિઓમાં મદદરૂપ થાય તેવો નાગરિક.
- લોકશાહીની મુખ્ય પાયાની બાબત છે સમાનતા. લોકશાહીમાં સૌ સમાન છે. સર્વને સમાન અધિકારો પ્રાપ્ત થયેલ હોય છે. લોકશાહીમાં જીવનની ઈચ્છા પ્રમાણે જીવન જીવી શકે છે. ગમે તે ધર્મ પાળી શકે છે. લોકશાહીમાં સૌને વિકાસ કરવાનો અધિકાર છે.
- વ્યક્તિને પોતાની રીતે વાણીનું સ્વાતંત્ર્ય છે. લોકશાહીમાં નાગરિકને કેટલાંક હક્કો છે. સાથે સાથે ફરજ પાલન પણ છે. જોકે લોકશાહીમાં અન્ય લોકોને પણ પોતાનો હક છે. તેની સમજ હોવી જરૂરી છે.
- લોકશાહીમાં સહકાર, સમભાવ અને સંઘભાવના પણ અતિ મહત્ત્વનાં છે.

## 3.3 લોકશાહી નાગરિકત્વની લાક્ષણિકતાઓ :

- લોકશાહી એ જીવનની તરાહ છે, જ્યાં સહાનુભૂતિ, સહકાર અને સમજદારીની ભાવના પરસ્પર જળવાયેલી છે. જ્યાં દરેકને પોતાની ક્ષમતા મુજબ વિકસાવવાની આઝાદી મળેલ છે, જ્યાં વિચાર, માન્યતા, વિશ્વાસ અને આસ્થાની સ્વતંત્રતા મળેલી છે, જ્યાં તક અને અધિકારોમાં સમાનતા છે, આવા લોકશાહી નાગરિકત્વના શિક્ષણની લાક્ષણિકતાઓ આ મુજબ છે.

### (1) શિક્ષણ પ્રાપ્ત કરવું :

- લોકશાહી રાજકીય બંધારણમાં શિક્ષણ એ પ્રત્યેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે. જ્યાં વ્યક્તિ પોતાની જાતે શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, તેમજ શિક્ષણ આપી શકે છે.

**(2) મફત શિક્ષણ :**

- બંધારણની કલમ મુજબ 1થી 14 વર્ષના બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ છે.

**(3) જીવન સાથે સંબંધ :**

- લોકશાહી શિક્ષણ બાળકના જીવન માટે સંબંધિત છે. બાળકને જીવન ઉપયોગી શિક્ષણ આપે છે. પ્રત્યેક ફરજો બાળકને અદા કરતાં શીખવે છે તો સાથે પોતાના હક્ક પ્રત્યે સભાન બનાવે છે.

**(4) સામાજિક પર્યાવરણ :**

- લોકશાહી શિક્ષણ બાળકના સામાજિક પર્યાવરણ સાથે સંકળાયેલ છે.
- બાળકને સમાજલક્ષી પ્રાણી બનાવવાનું ઘડતર કરે છે.
- પ્રત્યેક નાગરિકને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળેલો છે. તો સામાજિક વ્યક્તિ તરીકે તેના યોગ્ય ઉપયોગની તાલીમ લોકશાહી શિક્ષણ જ પૂરી પાડે છે.

**(5) સર્જનાત્મક અભિવ્યક્તિ :**

- લોકશાહી શિક્ષણ બાળકના સર્જનાત્મક અભિવ્યક્તિના વિકાસને ઉત્કર્ષવા માટે પ્રયત્નશીલ રહે છે.
- બાળક વ્યક્તિ તરીકે સંપૂર્ણપણે ખીલે તેવું વાતાવરણ પૂરું પાડે, તેની સર્જનાત્મકતા દ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે શ્રેય આપે છે.

**(6) બાળકનો સર્વાંગી વિકાસ :**

- લોકશાહી શિક્ષણમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવાં પ્રયત્નો થાય છે.

**(7) લોકશાહી શિક્ષણ ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંત પર આધારિત છે.**

- તે બિન સાંપ્રદાયિકતામાં માને છે.
- ભારતનો પ્રત્યેક નાગરિક બિન સાંપ્રદાયિકતાની દૃષ્ટિએ સંપૂર્ણ સ્વાયત્ત છે.

**(8) સ્વતંત્રતા :**

- સ્વતંત્રતા એટલે વિચાર, આચારમાં સ્વતંત્ર વાણી-વિચારણા, સ્વતંત્રતાની સાથે મનપસંદ પ્રવૃત્તિઓની કરવા, મનપસંદ ધર્મ પાળવા વગેરે.

**(9) ફરજપાલન :**

- લોકશાહીમાં અધિકારોની સામે ફરજ પણ પાળવાની હોય છે. નાગરિક ફરજો પ્રત્યે સભાન બને અને ફરજોનું પાલન કરે તેવો હોવો જોઈએ.

**(10) દરેકને ન્યાય :**

- દરેક નાગરિક કાયદા આગળ સમાન છે. દેશના દરેક નાગરિકને ન્યાય મળે, કોઈ તેનું શોષણ ન કરે, પોતાની રીતે કાયદાનું પાલન કરીને પોતાનો વિકાસ કરી શકે અને તેમાં કોઈ અવરોધરૂપ ન બને.

**(11) રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ :**

- લોકશાહી નાગરિકમાં દરેક વ્યક્તિને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ હોય છે. રાષ્ટ્રના વિકાસમાં સતત રસ લે છે. રાષ્ટ્રને મદદરૂપ બને છે.

**(12) વ્યક્તિને ગમે તે ધર્મ પાળવાની છૂટ :**

- ભારત જેવા લોકશાહી દેશમાં અનેક ધર્મ પાળતા લોકો રહે છે.દરકેને પોતાનો ધર્મ પાળવાની છૂટ બંધારણે જ આપી છે. વ્યક્તિને ગમે તે ધર્મ પાળવાની છૂટ છે.

**(13) પરિવર્તનમાં શ્રદ્ધા :**

- લોકશાહી નાગરિકમાં દરેક વ્યક્તિને પરિવર્તનમાં શ્રદ્ધા હોય છે. વૈજ્ઞાનિક વલણ કેળવે તે જરૂરી છે.

## 3.4 લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત :

- લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત નીચે મુજબ છે :

**(1) વ્યક્તિ સ્વાતંત્ર્ય મેળવવા :**

- અન્ય શાસન કરતાં લોકશાહીમાં વ્યક્તિને જીવન જીવવાના સ્વતંત્ર અધિકારો મેળવવા જરૂરી છે. લોકશાહીમાં વ્યક્તિની સ્વતંત્રતા મુખ્ય બાબત છે. વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે સમાનતા અને ન્યાયના સિદ્ધાંત મુજબ વ્યક્તિ ઈચ્છે તેવો વિકાસ સાધે છે.

**(2) વ્યક્તિ સન્માન મેળવવા :**

- લોકશાહી વ્યવસ્થામાં વ્યક્તિનું સન્માન થાય જરૂરી છે. દરેક વ્યક્તિ સમાજના વિશાળ કલ્યાણમાં જોડાઈ શકે છે.

**(3) સમાન તક મેળવવા :**

- લોકશાહીના મૂળમાં વ્યક્તિ વ્યક્તિનું હિત છે, તેથી આ વ્યવસ્થાને વ્યક્તિના વિકાસમાં રસ છે. લોકશાહી એટલે સમાન તક, જાતિ, ધર્મ, જ્ઞાતિના ભેદભાવ સિવાય બધાને માટે સમાન તક મેળવી જરૂરી છે.

**(4) સહકાર મેળવવા :**

- લોકશાહી સમાજમાં અરસપરસનો સહકાર મેળવવો જરૂરી છે. જીવન જીવવા માટે બીજાનો અન્યના સહકારની જરૂરિયાત રહે છે.

**(5) માહિતી મેળવવાનો અધિકાર મેળવવા :**

- લોકશાહીમાં દરેક વ્યક્તિને માહિતી મેળવવાનો અધિકાર છે. માહિતી કોઈના તાબાની માલિકીની નથી. સરકારી માલિકીની માહિતી સમાજની છે તેની ઉપર પ્રથમ અધિકાર સમાજનો છે. લોકશાહીમાં સમાજ ઈચ્છે ત્યારે તે માહિતી માંગી શકે છે અને માંગેલ માહિતી પૂરી પાડવી તે તંત્રની ફરજ છે.

**(6) શિક્ષણ મેળવવાનો અધિકાર અંગે :**

- લોકશાહીમાં દરેકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. આથી 6થી 14 વર્ષના તમામ બાળકોને મફત ફરજિયાત અને ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.

**(7) વ્યક્તિને પરિવર્તનમાં શ્રદ્ધા મેળવવા :**

- પરિવર્તન એ સમાજ સુધારાનું ચાલક બળ છે. પરિવર્તનથી સમાજ સુધરે છે. ઉર્ધ્વગામી બને છે. પરિવર્તન એ ગતિમાન સમાજનું લક્ષણ છે અને લોકશાહી સમાજ, પરિવર્તનમાં શ્રદ્ધા ધરાવે છે. સમાજ વૈજ્ઞાનિક વલણો, મૂલ્યો, કેળવણીનાં પરિવર્તનમાં મદદગાર નીવડે છે.

**(8) વ્યક્તિનું કાર્ય ઉત્પાદનલક્ષી કરવા :**

- કોઈપણ રાષ્ટ્ર ઉત્પાદક ન હોય તો તેની પ્રગતિ થઈ શકતી નથી. ઉત્પાદનના પાયામાં વ્યક્તિ છે. લોકશાહી અધિકારો આપે છે. તેની સાથે અપેક્ષા પણ રાખે છે. વ્યક્તિ બેકાર રહે તે લોકશાહી માટે ભારરૂપ છે. વ્યક્તિનું કાર્ય ઉત્પાદનલક્ષી હોય તે જરૂરી છે.

**(9) પ્રતિનિધિને પરત બોલાવવાના અધિકાર મેળવવા :**

- લોકશાહીમાં દરેક પ્રતિનિધિએ રાષ્ટ્રના હિત માટે કાર્ય કરવું પડે છે. સ્વહિત માટે કાર્ય કરે તો પ્રજા તેને નવી ચૂંટણીમાં દૂર કરી શકે છે.

**(10) નેતાગીરીનો વિકાસ કરવા :**

- લોકશાહી એટલે લોકો દ્વારા ચાલતી વ્યવસ્થા છે. લોકશાહીના વિકાસ અને રક્ષણ માટે યોગ્ય નેતા હોવાં જોઈએ. નાગરિકોમાં નેતાગીરીનો વિકાસ થાય તે જરૂરી છે.

**(11) રાષ્ટ્રનો વિકાસ કરવા :**

- નાગરિકો પોતાના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી શકે છે. વ્યક્તિ સારું શિક્ષણ મેળવીને પોતાનો વિકાસ કરી શકે છે.

**(12) સ્વયં શિસ્ત લાવવા :**

- વ્યક્તિમાં સ્વયં શિસ્ત આવે તે જરૂરી છે. સ્વયં શિસ્ત આવે તો વ્યક્તિનો વિકાસ શક્ય બને છે.

**(13) સારા નાગરિક તૈયાર કરવા :**

- કોઈપણ દેશની શોભા તેના સારા નાગરિકો થકી છે. તેથી દેશમાં સારા નાગરિકો તૈયાર થાય તે જરૂરી છે. સારા નાગરિકો તૈયાર થાય તો દેશનો વિકાસ સરળતાથી થઈ શકે.

## 3.5 લોકશાહી નાગરિકત્વ માટેની કેળવણી આપવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :

- શાળામાં લોકશાહી નાગરિકત્વ માટેની કેળવણી આપવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

(1) દરેક શાળામાં લોકશાહીયુક્ત વાતાવરણ ઊભું કરવું જોઈએ.

(2) વિદ્યાર્થીઓમાં લોકશાહી ભાવના વિકસે તે માટે વર્ગદીઠ અને શાળાદીઠ વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી કરી વિદ્યાર્થી સંસદ બનાવવી.

(3) શાળામાં લોકશાહી વાતાવરણ ઊભું કરી, વિદ્યાર્થીઓનું સ્વશાસન દાખલ કરવું, શાળા સમિતિની રચના કરી, શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટન, અન્ય પ્રવૃત્તિઓ વગેરેનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા થાય તે જોવું.

(4) શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવું, તેનું સંચાલન વિદ્યાર્થીઓનાં નિર્ણયોની બાબતે સાથ સહકારથી નિર્ણયો લેવાય તે જોવું.

(5) શાળામાં કોઈ પ્રવૃત્તિ કરવા માટે સંચાલનમાં આયોજન, કાર્ય સંચાલન, નેતૃત્વ વગેરેની જવાબદારીઓ વિદ્યાર્થીઓને સોંપવી.

(6) વિદ્યાર્થી મંડળના નેતાઓનાં માન, આદર વગેરે જળવાય તે બાબત ધ્યાનમાં રાખવી. વિદ્યાર્થીઓની સમસ્યાઓ, ફરિયાદો વગેરે તરફ ધ્યાન આપી સંતોષ થાય તેવાં પ્રયત્નો કરવા.

(7) શાળા દ્વારા વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવી.

દા.ત. કુદરતી આફત, રોગચાળો, સફાઈકાર્ય, નિરક્ષરતા નિવારણ વગેરે.

(8) શાળામાં સહકારી ભંડારની સ્થાપના કરવી, તેનું સંચાલન વિદ્યાર્થીઓને સોંપવું.

(9) શાળામાં વિદ્યાર્થીઓની સમસ્યા માટે એક પત્રપેટી રાખવી, જેમાં વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા તે પેટીમાં નાખે, ચોક્કસ સમયે તે પ્રશ્ન પેટી ખોલવામાં આવે, તેમાં રજૂ થયેલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે, તે અંગેની જવાબદારી વિદ્યાર્થી પંચ નીમી ફરિયાદોનો નિકાલ કરે.

(10) શાળામાં ચર્ચા સભાનું આયોજન કરવું, વિદ્યાર્થીઓ પોતાના વિચારો મુક્તપણે રજૂ કરી શકે તેવી તકો પૂરી પાડવી.

(11) શાળામાં વિવિધ તહેવારોની ઉજવણી કરવી.

(12) શાળામાં પ્રાર્થના સભામાં વિવિધ ધર્મની પ્રાર્થના રજૂ કરવી, જાણવા જેવું, સમાચાર વગેરે રજૂ કરવા, જે અંગેની જવાબદારી વિદ્યાર્થીઓને આપવી.

(13) શાળામાં વિવિધ મહાનુભાવોને આમંત્રણ આપી પ્રવચનો ગોઠવવા.

(14) શાળામાં રક્તદાન, અંધશ્રદ્ધા મુક્તિ, વ્યસનમુક્તિ જેવાં કાર્યક્રમો ગોઠવવાં જોઈએ.

(15) શાળામાં વિવિધ સમાજના લોકોની નજીક જઈને તેમના રીતરિવાજો, રહેણીકરણી, માન્યતાઓ વગેરેથી પરિચિત થવું.

(16) શાળામાં વિવિધ ધર્મના લોકોને સમાન રીતે પ્રવેશ આપવો.

ટૂંકમાં...

(1) વિદ્યાર્થી મંડળની રચના કરવી

(2) નેતાગીરી તાલીમ

(3) રેલીનું આયોજન

(4) વિવિધ પ્રદર્શનો ગોઠવવા

(5) ચર્ચા સભાનું આયોજન

(6) પ્રવચનો ગોઠવવા

(7) વિદ્યાર્થીપંચની રચના કરવી

(8) સહકાર સ્ટોરની વ્યવસ્થા

(9) કાર્યક્રમનું સંચાલન અને જવાબદારી

(10) લોકશાહી નિર્ણયો

(11) સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન

## 3.6 લોકશાહીના સ્વરૂપો : (પાસાંઓ)

- આપણે જે લોકશાહીની કલ્પના કરીએ છીએ તે લોકશાહીનું સ્વાતંત્ર્ય આપણને નીચેનાં પાસાંઓમાં પ્રાપ્ત થાય તો જ, આપણે સૌ સુખ અને સમૃદ્ધિથી જીવન જીવી શકીએ અને સ્વવિકાસ સાથે સર્વવિકાસ સાધી શકીએ.

**લોકશાહીના સ્વરૂપો**

(1) રાજકીય લોકશાહી (2) આર્થિક લોકશાહી (3) સામાજિક લોકશાહી (4) શૈક્ષણિક લોકશાહી

**(1) રાજકીય લોકશાહી :**

- પ્રજાના પ્રતિનિધિઓ રાજ્ય ચલાવે છે. આ પ્રતિનિધિઓ પ્રજાના કલ્યાણ માટેની સર્વ યોજનાઓ હાથ ધરે છે. અબ્રાહમ લિંકનના શબ્દોમાં લોકોનું, લોકો દ્વારા, લોકો માટે ચાલતી વ્યવસ્થા.

**(2) આર્થિક લોકશાહી :**

- લોકશાહીમાં આર્થિક સ્વાતંત્ર્ય એટલે વ્યક્તિને આવક મેળવવાની અને તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. દરેક વ્યક્તિને લાયકાત પ્રમાણે કાર્ય કરવાની છૂટ હોય છે. આર્થિક સત્તા અમુક વ્યક્તિના હાથમાં કેન્દ્રીત થયેલ હોતી નથી.

**(3) સામાજિક લોકશાહી :**

- સામાજિક લોકશાહી એટલે એવી સમાજ વ્યવસ્થા કે જેમાં ધર્મ, લિંગ, જાતિ, જન્મ, વર્ગ વગેરેના ભેદભાવ વિના પ્રત્યેક વ્યક્તિને સમાન દરજ્જો આપવામાં આવે છે. આવક પણ લાયકાત પ્રમાણે મેળવી શકે છે કે ધંધો પણ કરી શકે છે.

**(4) શૈક્ષણિક લોકશાહી :**

- શૈક્ષણિક લોકશાહીમાં શૈક્ષણિક સ્વાતંત્ર્ય એટલે કે કોઈ ધર્મ, જાતિ, વર્ગ કે લિંગના ભેદભાવ સિવાય પ્રત્યેક વ્યક્તિને શિક્ષણ પ્રાપ્ત કરવાનો સમાન અધિકાર છે.

## 3.7 શાળાના અભ્યાસક્રમના વિષયો દ્વારા લોકશાહી જીવન માટેની કેળવણી :

- શાળાના અભ્યાસક્રમના વિષયો દ્વારા લોકશાહી જીવન માટે કેળવણી નીચે મુજબ આપી શકાય છે. અભ્યાસક્રમ દ્વારા રાષ્ટ્રીય સંસ્કૃતિનું પ્રતિબિંબ પડવું જોઈએ. કોઈપણ લોકશાહી દેશના અભ્યાસક્રમમાં નાગરિકો એકબીજાંથી પરિચિત થાય, તેમનામાં રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય. વિદ્યાર્થીઓ એકબીજાંને સમજી શકે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ. આ અભ્યાસક્રમમાં એકબીજા વિચાર-વિસ્તાર પ્રત્યે પૂર્વગ્રહોની બાબતો ન આવે તેની કાળજી રાખવી જોઈએ.

**(1) ઈતિહાસ :**

- રાષ્ટ્ર માટે ઈતિહાસના શિક્ષણમાં લોકશાહી માટેના પ્રયાસો, તેમાં ત્યાગની ભાવના, રાષ્ટ્રના વિકાસ માટે થયેલાં પ્રયત્નો વગેરે બાબતોને યોગ્ય સ્થાન આપવું જોઈએ.

**(2) ભૂગોળ :**

- ભૂગોળના શિક્ષણ દ્વારા પ્રજાની સમસ્યાઓ, તે સમસ્યાઓના ઉકેલના માર્ગો વગેરે જેવી બાબતો પર ભાર મૂકાવો જોઈએ.

**(3) નાગરિકશાસ્ત્ર :**

- નાગરિકશાસ્ત્રના અભ્યાસ દ્વારા લોકશાહી નાગરિકની ફરજો, હકો માટેની જાગૃતિ, કાયદાના પાલનની જવાબદારી, રાષ્ટ્રના હિત માટેનાં કાર્યો, રાજ્ય બંધારણનું જ્ઞાન વગેરેની યોગ્ય સમજ અપનાવી, લોકશાહી નાગરિકતાનું નિર્માણ થાય છે.

**(4) ભાષા અને સાહિત્ય :**

- ભાષામાં તર્કશાસ્ત્ર, વિચાર, શક્તિ, સ્વતંત્ર વિચાર, મૌલિક ચિંતન શક્તિ વગેરેને ઉત્તેજન આપવામાં આવે.
- સાહિત્યમાં લોકશાહી ભાવનાને ઉત્તેજન મળે તે પ્રમાણે કાવ્યો, ગીતોને સ્થાન આપવું જોઈએ.
- રાષ્ટ્રીય નેતાઓનાં જીવન ચરિત્રો ભણાવવામાં આવે તો લોકશાહી ભાવનાનો યોગ્ય વિકાસ થઈ શકે.
- લોકશાહીના વિકાસ માટે ભાવના જાગે તે પ્રમાણેની માહિતી હોવી જોઈએ. દા.ત. ઉદારતા, સહકાર વગેરે.

**(5) વિજ્ઞાન :**

- સત્ય અને ચોક્સાઈનું જ્ઞાન, વિજ્ઞાન શિક્ષણ દ્વારા આપવામાં આવે. તર્ક શક્તિ, દલીલ, તારણો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવે.
- વૈજ્ઞાનિક શોધખોળોનો લોકોના કલ્યાણ માટે, કેવો વ્યવહારુ ઉપયોગ કરી શકાય તે શીખવવામાં આવે.

**(6) ગણિતશાસ્ત્ર :**

- લોકશાહીમાં નિયમિતતા, ચોક્સાઈ, તટસ્થતા તેમજ સત્યદર્શન મહત્ત્વના છે. ગણિતના શિક્ષણ દ્વારા વિવેક શક્તિની જાગૃતિ, તુલનાત્મક શિક્ષણ, ચોક્સાઈ વગેરેના ગુણો ખીલે છે. જ લોકશાહી જીવન માટે જરૂરી છે.

## 3.8 લોકશાહી સમાજમાં શિક્ષણના હેતુઓ :

- શિક્ષણ, લોકશાહીને ધ્યાનમાં રાખી સારા નાગરિકો તૈયાર થાય તેવા આયોજનથી વિચારવું જોઈએ. બધા જ નાગરિકોને ઉત્તમ નાગરિકો બનાવવા હોય તો લોકશાહી મૂલ્યોની કેળવણીના પ્રચાર-પ્રસાર પર ભાર મૂકાવો જોઈએ. સાર્વત્રિક અને ફરજિયાત કેળવણી લોકશાહી દેશ માટે જરૂરી છે. લોકશાહી કેળવણીના હેતુઓ નીચે મુજબ છે :

**(1) વ્યક્તિનું ચારિત્ર્ય ઘડતર :**

- લોકશાહીમાં વ્યક્તિના ચારિત્ર્ય ઘડતરનો હેતુ મુખ્ય છે. ઉત્તમ ચારિત્ર્યથી વ્યક્તિ સમાજમાં ઉત્તમ નમૂનો રજૂ કરી શકે. લોકશાહીમાં ઉત્તમ ચારિત્ર્યવાળા નાગરિકો ઇચ્છનીય છે.

**(2) વ્યાવસાયિક વિકાસ :**

- લોકશાહી સમાજ રચનામાં વ્યક્તિનો વ્યાવસાયિક વિકાસ થાય તે જરૂરી છે. વ્યક્તિનો વ્યાવસાયિક વિકાસ થાય તો સમાજનો પણ વિકાસ થાય.

**(3) નેતૃત્વશક્તિનો વિકાસ :**

- લોકશાહી સમાજમાં ઉત્તમ નેતા તૈયાર થાય તે જરૂરી છે. વ્યક્તિમાં નેતૃત્વ શક્તિ વિકસે તે જરૂરી છે. નેતાગીરી પોતાનું આગવું વ્યક્તિત્વ ઊભું કરી શકે.

**(4) વ્યક્તિની સામાજિકતાનો વિકાસ :**

- લોકશાહી સમાજમાં વ્યક્તિની સામાજિકતાનો વિકાસ થાય તે જરૂરી છે. વ્યક્તિ સામાજિક સભ્યતા કેળવીને સમાજના તથા કુટુંબના સભ્ય તરીકે શિક્ષિત વ્યક્તિની જેમ વર્તતા શીખે, પ્રેમ અને ભાવનાથી વર્તતા શીખે.

**(5) ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ :**

- લોકશાહી સમાજમાં ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે તે જરૂરી છે. વ્યક્તિ ફુરસદના સમયનો સ્વવિકાસ, મનોરંજન તેમજ સર્જનાત્મકશક્તિની પ્રવૃત્તિમાં ઉપયોગ કરતાં શીખે પરિણામે ફુરસદના સમયનો ઉપયોગ ઉત્પાદક પ્રવૃત્તિમાં સક્રિય બને.

**(6) આજીવિકા પ્રાપ્તિ કરવાની તાલીમ આપવી :**

- વ્યક્તિ પોતાની જવાબદારી પોતે સંભાળી શકે, વ્યક્તિ પોતાની રોજી રોટી કમાવાની તથા આર્થિક ઉન્નતિ સાધવાની તક પ્રાપ્ત કરે, આજીવિકાથી સ્વનિર્ભર બની શકે, પોતાના પગ પર ઊભો રહી શકે તેવો હેતુ છે.

**(7) રાષ્ટ્ર ભાવનાનો વિકાસ કરવો :**

- લોકશાહી સમાજમાં વ્યક્તિમાં રાષ્ટ્ર ભાવનાનો વિકાસ થાય, વ્યક્તિમાં દેશ પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, રાષ્ટ્રીય એકતા વગેરે વિકસે તે જરૂરી છે. રાષ્ટ્રને અનુરૂપ જીવન ઊભું કરી શકે.

**(8) લોકશાહીયુક્ત જીવન ઘડતર કરવું :**

- વ્યક્તિ લોકશાહી ઢબે જીવન જીવવાની તાલીમ કેળવે એટલે... અન્યના વિચારો સમજે, સમાજને યોગ્ય સભ્ય નાગરિકના પાઠ શીખવે, રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી બની યોગદાન આપે.

**(9) મુક્ત અભિવ્યક્તિ :**

- લોકશાહી સમાજમાં, વ્યક્તિ મુક્ત રીતે અભિવ્યક્તિ કરી શકે તે જરૂરી છે. વ્યક્તિને મુક્તિ મળે, ભય ન હોય અને અભિવ્યક્ત થાય તેવું વાતાવરણ લોકશાહીમાં મળે છે. વ્યક્તિ પોતાના વિચારો ભય વગર સ્પષ્ટ રીતે અભિવ્યક્ત કરતાં શીખે તે જરૂરી છે.

**(10) વ્યક્તિનો સર્વાંગી વિકાસ :**

- લોકશાહી સમાજમાં વ્યક્તિનો શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ થાય અને તમામ પ્રકારની કુશળતા કેળવે.

**(11) સંપ ભાવનાનો વિકાસ કરવો :**

- લોકશાહી સમાજ વ્યક્તિ સંપથી એકબીજાં સાથે રહી શકે તે માટેનો વિકાસ કરવો.
- લોકશાહી શિક્ષણ, યોગ્ય રીતે જીવન જીવવાની કળા છે. લોકશાહી શિક્ષણમાં વ્યક્તિનું અને અન્ય વ્યક્તિઓનું કલ્યાણ થાય તેવી કેળવણીની જરૂર છે.
- શિક્ષણ, લોકશાહીને અનુરૂપ ભાવનાવાળા નાગરિકો તૈયાર કરે છે. નાગરિકો ને ઉત્તમ બનાવવા હોય તો લોકશાહી મૂલ્યોની કેળવણીના પ્રચાર-પ્રસાર પર ભાર મુકવો જોઈએ.
- સાર્વત્રિક અને ફરજિયાત કેળવણી લોકશાહી દેશ માટે જરૂરી છે. લોકશાહી, સ્વતંત્રતા અને ઉદારતાનો વિશાલ ખ્યાલ ધરાવે છે.
- લોકશાહી સમાજમાં વ્યક્તિના વ્યક્તિત્વની સાચવણી જરૂરી છે.

## 3.9 સમાજમાં લોકશાહીને અસર કરતાં પરિબળો :

- લોકશાહી એક એવી શાસન પ્રણાલી છે કે જે લોકો માટે, લોકો દ્વારા અને લોકોનું શાસન છે. તેથી આ એક એવી નાજુક શાસન પ્રણાલી છે કે તેની ઉપર અનેક પરિબળો અસર કરી શકે છે જે નીચે મુજબ છે :

(1) નિરક્ષરતાનું વધુ પ્રમાણ

(2) વધુ ગરીબીનું પ્રમાણ

(3) પ્રાંતવાદનું પ્રમાણ

(4) રૂઢિવાદી વલણ

(5) સ્વાર્થી નેતા

(6) જ્ઞાતિવાદ

(7) કોર્પોરેટ જગત

## 3.10 સમાજમાં લોકશાહી પ્રસ્થાપિત કરવા માટે શિક્ષકની ભૂમિકા :

- શાળાના સમગ્ર પર્યાવરણમાંથી લોકશાહીનો પ્રવાહ વહેતો હોવો જોઈએ, તેમજ શાળામાં લોકશાહીભર્યું વાતાવરણ ઊભું થાય તેવાં પ્રયત્નો કરવાં જોઈએ.
- શાળામાં વિદ્યાર્થીઓ, સહકાર્યકરો સાથે સંબંધો લોકશાહીયુક્ત હોવાં જોઈએ.
- શિક્ષકનો કોઈપણ વિચાર પૂર્વગ્રહમુક્ત હોવો જોઈએ.
- કોઈ પણ રાષ્ટ્રના કોઈપણ લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે શિક્ષકની ભૂમિકા મહત્ત્વનો ફાળો આપે છે. શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા છે. શિક્ષકનો વ્યવસાય માન અને મોભારૂપ ગણાય છે. ત્યારે શિક્ષક થકી પ્રયત્નોને વધારે સફળતા મળવાની શક્યતા છે.
- દેશે નક્કી કરેલ સામાજિક લક્ષ્યાંકો સિદ્ધ કરવા શિક્ષકમાં નીચેના જેવી લાક્ષણિકતા હોવી જોઈએ.

**શિક્ષકની લાક્ષણિકતાઓ :**

- ન્યાય પ્રિય
- સર્વધર્મ પ્રત્યે સમભાવ
- પરિશ્રમ

- વૈજ્ઞાનિક વલણ
- વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરનાર
- વ્યવસાય પ્રત્યે નિષ્ઠા અને ઉત્સાહી
- દેશભક્ત
- ભેદભાવ વગર વર્તન વ્યવહાર કરનારો
- પોતાની જાત અને વિદ્યાર્થી પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ

**શિક્ષકની પ્રવૃત્તિઓ :**

(1) શિક્ષકનો પ્રેમભર્યો, સહાનુભૂતિભર્યો વ્યવહાર

(2) શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવું અને વધુ વિદ્યાર્થીઓ રસ લેતાં થાય તેવું આયોજન કરવું.

(3) સમાજમાં ફેલાયેલાં દૂષણો, કુરિવાજો, ભ્રષ્ટાચાર, વહેમ, અંધશ્રદ્ધા વગેરે દૂર કરવાં પ્રયત્નશીલ રહેવું.

(4) સમાજને જરૂરી નેતાગીરી પૂરી પાડવી

(5) સતત વાલી સંપર્ક રાખવો

(6) શિક્ષકનો વ્યવહાર પૂર્વગ્રહ રહિત હોવો જોઈએ

(7) અનુકરણ ને યોગ્ય વ્યવહાર કરવો

(8) વૈજ્ઞાનિક વલણ અપનાવવું

(9) સમાજમાં ફેલાયેલાં અન્યાયને દૂર કરવા પ્રયત્નો કરવાં.

## 3.11 ભારતીય શિક્ષણ અને લોકશાહી :

- લોકશાહીની સફળતામાં શિક્ષિત નાગરિક એ પૂર્વ શરત છે. લોકશાહીનાં મૂલ્યો તેમજ નાગરિકના અધિકારો અને ફરજોનું શિક્ષણ ન મળ્યું હોય તેવો સમાજ લોકશાહીને યોગ્ય રીતે પચાવી શકતો નથી. આથી લોકશાહીમાં શિક્ષણનું મહત્ત્વ આગવું અંકાય છે.
- લોકશાહી માટેનું અને લોકશાહીનું શિક્ષણ એ લોકશાહી શિક્ષણ કહેવાય છે. લોકશાહીની સફળતાનો આધાર શિક્ષણ પર છે, એટલે ભારતીય શિક્ષણ લોકશાહીને અનુરૂપ બનાવવાનો અભિગમ છે. અહીં શિક્ષણ દ્વારા લોકશાહી સંદર્ભે નાગરિક તરીકેના અધિકારો અને ફરજો પ્રત્યેની જાગૃતિ જન્મે છે.
- ભારતીય શિક્ષણ 'લોકશાહી-જાગૃતિ' માટે પ્રયોજાય છે. તેથી ભારતમાં લોકશાહી શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ, પદ્ધતિઓ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.

## 3.12 ભારતમાં લોકશાહી શિક્ષણનો અભિગમ :

- ભારતીય શિક્ષણમાં લોકશાહીને અનુરૂપ નાગરિકો તૈયાર કરવાનો અભિગમ છે. દરેક નાગરિકનો વ્યક્તિગત વિકાસ થાય તેમ તેને અનુરૂપ શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. અહીં દરેક વ્યક્તિને મહત્ત્વની ગણીને તેનો વિકાસ થાય તેવો લોકશાહી શિક્ષણનો અભિગમ છે.
- આ પ્રકારે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવે છે, જ્યાં વ્યક્તિ પોતે સ્વતંત્ર છે, સ્વતંત્ર રીતે વિચારતી થાય છે. અહીં સૌને માટે શિક્ષણ છે.
- શિક્ષણને નાગરિકનો મૂળભૂત અધિકાર માનવામાં આવે છે. શિક્ષક પોતે પણ સ્વતંત્ર રીતે વિચારોનું મંતવ્ય આપી શકે છે. શિક્ષક સ્વતંત્ર-સ્વાધીન છે. વર્ગની અંદર રાજ્ય કે અન્ય બાબતે ચર્ચા થઈ શકે છે. પ્રચાર માધ્યમને સ્વતંત્રતા આપવામાં આવે છે.

- અહીં અભિપ્રાય લઈ અભ્યાસક્રમ રચવામાં આવે છે. અભ્યાસક્રમમાં લચિલાપણું અને લવચીકતા રાખવામાં આવે છે. અન્ય સમૂહ માધ્યમો પણ અભ્યાસક્રમમાં ફેરફાર કરી શકે છે તે અંગે પોતાનો વિચાર રજૂ કરી શકે છે.
- આમ પ્રસ્તુત અભ્યાસક્રમમાં લોકશાહી દૃષ્ટિબિંદુ હોય છે. આના લીધે સ્વયંશિસ્ત કેળવાય છે. આ પ્રકારના શિક્ષણમાં મુક્ત શિસ્ત છે. વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય ઉપર શિસ્ત લાદવામાં આવતી નથી.
- **અભિગમ :**

(1) લોકશાહીને અનુરૂપ નાગરિકો તૈયાર કરવાં.

(2) નાગરિકના વ્યક્તિગત વિકાસને વધુ પ્રાધાન્ય આપવું.

(3) શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવે છે.

(4) સ્વતંત્ર વિચારને પ્રાધાન્ય આપવામાં આવે છે.

(5) પરિવર્તનશીલ અભ્યાસક્રમ રાખવામાં આવે છે.

(6) સમૂહ માધ્યમો ને કેન્દ્રમાં રાખી શિક્ષણ આપવામાં આવે છે.

## 3.13 લોકશાહી જીવન માટેની કેળવણી એટલે શું ?

- લોકશાહીમાં વ્યક્તિના જીવનનો સર્વાંગી વિકાસ સાધવાનું માટે કેળવણી મુખ્ય ધ્યેય છે. લોકશાહીમાં બાળક એક સારો નાગરિક બને, સમાજને ઉપયોગી થાય, કુટુંબને ઉપયોગી થાય તેવાં પ્રયત્નો કરવામાં આવે છે.
- વ્યક્તિ પોતાની જવાબદારી ઉઠાવી શકે તેવી તૈયાર કરવાની જવાબદારી કેળવણીની છે.
- બાળકના શારીરિક, સાર્વત્રિક, માનસિક અને નૈતિક વિકાસની સાથે સમાજની જવાબદારીઓ પ્રત્યે પણ વ્યક્તિ અભિમુખ થાય તે લોકશાહીમાં અપેક્ષિત છે.

(1) નાગરિકતાના ગુણોનો વિકાસ

(2) નેતૃત્વની ખિલવણી

(3) જવાબદારીની ભાવનાનો વિકાસ

(4) માનવીય સંબંધોનો વિકાસ

(5) આર્થિક કાર્યક્ષમતાનો વિકાસ

(6) રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ

(7) સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું જતન

(8) શ્રમગૌરવ

(9) સર્જનશીલતાનો વિકાસ

(10) સહકારની ભાવનાનો વિકાસ

(11) વ્યક્તિનો શારીરિક, માનસિક, સાંયોગિક અને નૈતિક વિકાસ થાય.

## 3.14 સમાજમાં લોકશાહીની મર્યાદાઓ :

- સમાજમાં લોકશાહીની મર્યાદાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) બહુમતીનું રાજકારણ :**

- લોકશાહીમાં બહુમતીનું રાજકારણ છે. તેનું જ વર્ચસ્વ હોય છે. તેનું શાસન હોય છે. જે પક્ષની બહુમતી હોય તે શાસન વ્યવસ્થા ગોઠવે છે.

- વર્તમાન ભારતની લોકશાહીની વાત કરીએ તો કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળેલ ન હોય તો તોડફોડની રાજનીતિ અખત્યાર કરીને ગઠબંધન સરકાર બનાવીને સંસદમાં બહુમતી પૂરવાર કરવામાં આવે છે.
- ગઠબંધનની સરકાર બનતા, સરકારની કામગીરી જોતાં ગઠબંધન સરકારની અનેક નબળાઈઓ લોકોને ભોગ બનવાનો વારો આવ્યો છે.
- બહુમતીના રાજકારણની બીજી મુશ્કેલી એ છે કે બહુમતી ધરાવતા પક્ષ કે પક્ષો એવી સમજણ ધરાવતાં થઈ જાય છે કે અમે તે જ સાચા, વિરોધપક્ષના પ્રસ્તાવ, યોજના કે નિર્ણયો ખોટા માટે અસ્વીકાર્ય, પરિણામે દેશભક્તિના કેટલાંક કાર્યો કે નીતિ વિષયક નિર્ણયો અભરાઈ પર ચડી જાય છે અને બિનજરૂરી કાર્યોને મહત્ત્વ મળી જાય છે. આ બાબતને બીજા શબ્દોમાં કહીએ તો બહુમતીના મોહ નીચે સરમુખત્યારશાહી પ્રવેશી શકે છે.

**(2) નિર્ણયોમાં વિલંબ :**

- લોકશાહીમાં નીતિ વિષયક, કાર્યવિષયક નિર્ણયો લેવામાં વધુ સમય જાય છે. કોઈ પણ નિર્ણય લેવામાં આવે તો વિરોધપક્ષ તે નિર્ણયો પાસ થવા દેતા નથી. આજે આઝાદીના આટલા બધા વર્ષો પછી લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે. વિરોધપક્ષો છાશવારે સંસદની કાર્યવાહી ખોરંભે છે. પરિણામે નિર્ણયો લેવામાં વિલંબ થાય છે. લોકશાહીની આ એક મોટી મર્યાદા છે.

**(3) મતદારોની બેદરકારી :**

- મતદારોની બેદરકારી લોકશાહી માટે એક મોટી મર્યાદા છે. જો તે યોગ્ય પ્રતિનિધિઓના હાથમાં સત્તાના સુકાન ન સોંપે તો લોકશાહીનું ભવિષ્ય ધૂંધળું બની જાય છે. જો તે જાગૃતિપૂર્વક મતદાન કરી, યોગ્ય પ્રતિનિધિઓના હાથમાં સત્તાનાં સૂકાન સોંપે તો લોકશાહી સાચા અર્થમાં કલ્યાણરાજ સ્થાપી શકે. બધાંના પાયામાં મતદાર છે. તેથી જ કહેવાય છે કે મતદાર જાગે તો લોકશાહી જાગે... મતદાર ઊંઘે તો લોકશાહી ઊંઘે...
- ગુજરાતનું નવનિર્માણ આંદોલન પણ આ તબક્કે યાદ કરવા જેવું છે.
- આમ, મતદારોની બેદરકારી લોકશાહીની મોટી મર્યાદા છે.

**(4) ટોળાશાહી :**

- લોકશાહીમાં ટોળાશાહીનું મહત્ત્વ છે. લોકશાહીમાં મતની બોલબાલા હોવાથી તેમાં, જે મોટું ટોળું બનાવી શકે તે નેતા બની જાય. નેતા તરીકેની યોગ્યતાની કોઈને પરવાહ નથી. પરિણામે ટોળાશાહીનું મહત્ત્વ વધી જાય.
- ટોળાશાહીને પરિણામે બંધારણમાં સુધારા તો રોજબરોજનું કામ થઈ ગયું છે. ટોળાના નેતાને એમ લાગે કે બંધારણની આ કલમથી સ્વાર્થ સધાતો નથી તો બહુમતીના જોરે બંધારણમાં સુધારો કરી પોતાનું કામ કાઢવાની સુવિધા લોકશાહીની મર્યાદા બની રહે છે.

**(5) અધિકારો માટે જાગૃતિ :**

- લોકશાહી દરેક નાગરિકને મૂળભૂત અધિકારો આપે છે. તેની સાથે સાથે ફરજો પણ ચીંધે છે, પરંતુ નાગરિકો પોતાના અધિકાર પ્રત્યે વધુ પડતા સભાન હોય છે, પરંતુ પોતાની ફરજો પરત્વે તદ્દન બેદરકાર હોય છે. પરિણામે લોકશાહી નબળી પડતી જાય છે. લોકશાહીમાં ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થતો જોવા મળે છે.
- કેટલીક વાર ન્યાયમાંથી વિશ્વાસ ઊઠી જાય છે. કાયદાનો દૂરઉપયોગ થતો જોવા મળે છે. લોકશાહીમાં નિર્દોષ વ્યક્તિ દંડાઈ અને ગુનેગારો છૂટી જાય તો વાંધો નહીંની ભાવનાને કારણે પણ લોકશાહીમાં અધિકારોનો બેફામ ઉપયોગ નજરે ચઢે છે.પરિણામે રાષ્ટ્રને નુકસાન થાય છે તેની કોઇને ચિંતા હોતી નથી.

## 3.15 સમાજમાં લોકશાહીનો વિકાસ કરવામાં શાળાનું યોગદાન :

- સમાજમાં લોકશાહીનો વિકાસ કરવામાં શાળાની ભૂમિકા મહત્ત્વની ગણવામાં આવે છે. શાળા દ્વારા લોકશાહીનો વિકાસ કરવામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિકાસ કરી શકે તેમ છે.
- **જ્હોન ડ્યૂઈએ** તેના પુસ્તક Democracy and Education માં જણાવેલ છે કે લોકશાહી સમાજરચના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે, શાળાઓમાં વધુ ને વધુ લોકશાહી તત્ત્વ દાખલ કરવું જોઈએ. જેથી 'નિશાળને નિશાળ બનાવો'ની સંકલ્પના વિકસાવવી જોઈએ. નીચે પ્રમાણેના આયોજન દ્વારા શાળા પોતાનું યોગદાન આપી શકે.

**(1) નેતાગીરીની સોંપણી :**

- વિદ્યાર્થીઓમાં લોકશાહીની ભાવના વિકસે તે માટે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી કરી નેતાગીરી સોંપવી જોઈએ.

**(2) સુટેવોનું ઘડતર :**

- વિદ્યાર્થીઓમાં લોકશાહીની સુટેવોનું ઘડતર થાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા સારા નાગરિકત્વના ગુણો વિકસે.

**(3) સ્વશાસન દાખલ કરવું :**

- શાળામાં વિદ્યાર્થીઓનું સ્વશાસન દાખલ કરવું. શાળા સમિતિની રચના કરી શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટન, અન્ય પ્રવૃત્તિઓ વગેરેનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા થાય તે જોવું.

**(4) લોકશાહીયુક્ત વ્યવહાર :**

- શાળામાં લોકશાહીયુક્ત વ્યવહાર કરવો તેમજ વર્ગશિક્ષણમાં લોકશાહીયુક્ત વિચારો અપનાવવા જોઈએ.

**(5) લોકશાહી મૂલ્યોનો સ્વીકાર :**

- શાળાની કાર્યપ્રણાલી તથા શિક્ષણ પ્રણાલીમાં લોકશાહી મૂલ્યોનો સ્વીકાર કરી લોકશાહીના સિદ્ધાંતો અપનાવવા જોઈએ.

**(6) વિદ્યાર્થીઓનો સહકાર લેવો :**

- શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓને લગતા નિર્ણયોની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓના સહકારથી નિર્ણયો લેવા, નિર્ણયો લેવામાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા જોઈએ.

**(7) વિવિધ સ્પર્ધા યોજવી :**

- શાળામાં દૈનિક પ્રાર્થનાસભા, સ્વયં શિક્ષક દિન, મુક્ત અભિવ્યક્તિ માટે ચર્ચા સભાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ યોજવી જોઈએ.

**(8) સંઘભાવના વિકસાવવી :**

- વિદ્યાર્થીઓમાં સંઘભાવના વિકાસ માટે ગ્રૂપની પ્રવૃત્તિઓ થવી જોઈએ. આ ઉપરાંત તેના સંચાલનમાં આયોજન, કાર્યસંચાલન, નેતૃત્વ વગેરેની જવાબદારીઓ વિદ્યાર્થીઓને સોંપવી.

**(9) વિવિધ પ્રવૃત્તિઓ યોજવી :**

- વિદ્યાર્થીઓમાં સમૂહજીવન અને સંઘભાવનાના વિકાસ માટે ગામ સફાઈ, નિરક્ષરતા નિવારણ વગેરે યોજી શકાય. રમતગમત, યુવક મહોત્સવની પ્રવૃત્તિઓનું આયોજન સોંપી શકાય.

**(10) વૃક્ષારોપણ કાર્યક્રમ :**

- શાળા દ્વારા NSS, NCC, સ્કાઉટ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

**(11) મુક્તચર્ચા :**

- શાળામાં વિદ્યાર્થીઓ મુક્ત રીતે રજૂઆત કરી શકે તેવા કાર્યક્રમો યોજવા જોઈએ.

**(12) સેવાકીય કાર્યનું મહત્ત્વ સમજાવવું :**

- શાળામાં રક્તદાન, નેત્રદાન યજ્ઞના કાર્યક્રમોનું મહત્ત્વ સમજાવવું જોઈએ. ?

(13) ભાષા-સાહિત્યમાં લોકશાહી જીવન માટેની કેળવણી કેવી હોય છે ?

(14) વિજ્ઞાન વિષયમાં લોકશાહી જીવન માટેની કેળવણી કેવી હોય છે ?

(15) ગણિતશાસ્ત્ર વિષયમાં લોકશાહી જીવન માટેની કેળવણી કેવી હોય છે ?

## 3.16 સારાંશ :

- **લોકશાહી નાગરિકત્વનો અર્થ :**

- ''લોકશાહી એટલે એવું શાસન કે જેમાં દરેક વ્યક્તિનો હિસ્સો હોય છે.'' - **સીલે**
- દેશના વિકાસ માટે સતત પ્રયાસો કરતો નાગરિક.

- **લોકશાહી નાગરિકત્વની લાક્ષણિકતાઓ :**

- મુક્ત શિક્ષણ, જીવન સાથે સંબંધ, બાળકનો સર્વાંગી વિકાસ, સ્વતંત્રતા, ફરજ પાલન, દરેકને ન્યાય, રાષ્ટ્રપ્રત્યે પ્રેમ, પરિવર્તનમાં શ્રદ્ધા, દરેકને ગમે તે ધર્મ પાળવાની છૂટ વગેરે.

- **લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત :**

  - વ્યક્તિગત સ્વતંત્ર્ય મેળવવા
  - સહકાર મેળવવા
  - શિક્ષણ મેળવવાનો અધિકાર
  - સમાન તક મેળવવા
  - સારા નાગરિક તૈયાર કરવા
  - રાષ્ટ્રનો વિકાસ કરવા
  - સ્વયં શિસ્ત લાવવા વગેરે

## 3.16 એકમ અંતે સ્વાધ્યાય (Unit End Exercises)

**(1) મુદ્દાસર ઉત્તર આપો :**

(1) લોકશાહી નાગરિકત્વનો અર્થ આપી તેનાં લક્ષણો જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

(2) લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) લોકશાહી નાગરિકત્વની કેળવણી આપવા માટે શાળાકીય પ્રવૃત્તિઓ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(4) લોકશાહી નાગરિકત્વના સ્વરૂપો જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(5) શાળાના અભ્યાસક્રમના વિષયો દ્વારા લોકશાહી જીવન માટેની કેળવણી જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(6) લોકશાહી શિક્ષણના હેતુઓ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(7) સમાજમાં લોકશાહીને અસર કરતાં પરિબળો જણાવો.

..............................................................................

..............................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(8) ભારતમાં લોકશાહી શિક્ષણનો અભિગમ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

- **બહુવિકલ્પ પ્રશ્નો**
- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ લોકશાહી જીવન માટે યોગ્ય છે ?

(1) પ્રવાસ-પર્યટન (2) વિવિધ ખેલકૂદ પ્રવૃત્તિઓ

(3) વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

(4) શાળામાં વિદ્યાર્થી મંડળની રચના સંચાલનમાં તેનો હિસ્સો

(2) નીચેનામાંથી કઈ શિક્ષણ પદ્ધતિ લોકશાહી જીવનને પ્રેરક છે ?

(1) પ્રવચન (2) સમસ્યા ઉકેલ

(3) પ્રોજેક્ટ (4) જૂથ ચર્ચા

(3) ''લોકોનું લોકો દ્વારા ચાલતું લોકો માટેનું રાજ્ય'' આ વ્યાખ્યા કોણે આપી ?

(1) ઈન્દિરા ગાંધી (2) મહાત્મા ગાંધી

(3) જવાહરલાલ નહેરુ (4) અબ્રાહમ લિંકન

(4) આચાર્ય અને શિક્ષકોમાં લોકશાહીમાં કયો ગુણ હોવો જોઈએ ?

(1) ઉદારતા (2) ધર્મભેદ

(3) જાતિભેદ (4) વિસ્તાર ભેદ

(5) આચાર્ય અને શિક્ષકોમાં લોકશાહીમાં કયો અવગુણ હોવો જોઈએ ?

(1) પ્રેમ (2) યોગ્ય વ્યવહાર

(3) ઉદારતા (4) ધર્મભેદ

(6) વિદ્યાર્થીઓમાં લોકશાહીની ભાવના વિકસે તે માટે નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ યોગ્ય નથી ?

(1) વિદ્યાર્થી મંડળમાં આચાર્ય દ્વારા વિદ્યાર્થોની સીધી નિમણૂંક

(2) સહઅભ્યાસ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને જવાબદારી આપવી

(3) સમસ્યાના નિર્ણયમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા

(4) પ્રવાસ પર્યટનનું આયોજન કરવું

(7) વિદ્યાર્થીઓમાં લોકશાહીની ભાવના વિકસે તે માટે નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ યોગ્ય છે ?

(1) વિદ્યાર્થી સંચાલિત સહકારી સ્ટોરની વ્યવસ્થા કરવી

(2) વિદ્યાર્થીની સમસ્યાના ઉકેલ માટે સામેલ ન કરવો

(3) આપખુદશાહી વ્યવહાર કરવો

(4) વિદ્યાર્થીઓને કોઈ જવાબદારી ન આપવી

(8) લોકશાહી જીવનની કેળવણી માટે નીચેનામાંથી કયો ગુણ કેળવવો જરૂરી નથી ?

(1) ખેલદિલી (2) ધાર્મિક કટ્ટરતા

(3) પ્રેમ (4) આદર્શ નાગરિકતા

(9) લોકશાહીના વિવિધ પ્રકારોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(1) રાજકીય લોકશાહી (2) સામાજિક લોકશાહી

(3) શૈક્ષણિક લોકશાહી (4) પ્રાંતીય લોકશાહી

(10) ભારતને લોકશાહીનું વરદાન ક્યારે મળ્યું હતું ?

(1) 1945 (2) 1948

(3) 1950 (4) 1947

(11) લોકશાહી નાગરિકત્વની લાક્ષણિકતા કઈ છે ?

(1) મફત શિક્ષણ (2) મફત પાઠ્યપુસ્તકો

(3) જાતિવાદ (4) જ્ઞાતિવાદ

(12) લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત કઈ છે ?

(1) વ્યક્તિ સન્માન મેળવવા (2) સમાજનું સન્માન મેળવવા

(3) નેતાનું સન્માન મેળવવા (4) આચાર્યનું સન્માન મેળવવા

(13) લોકશાહી નાગરિકત્વ માટેની કેળવણી આપવા માટેની સહઅભ્યાસ પ્રવૃત્તિ કઈ છે ?

(1) વિદ્યાર્થી સંસદ (2) આચાર્ય સંસદ

(3) મંડળ સંસદ (4) વાલી સંસદ

(14) લોકશાહી નાગરિકત્વના વિકાસ માટે શાળામાં નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ થઈ શકે ?

(1) સહકારી ભંડારની સ્થાપના (2) વાલી મંડળની સ્થાપના

(3) શિક્ષક મંડળની સ્થાપના (4) ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્થાપના

(15) શાળા દ્વારા લોકશાહી નાગરિકત્વના વિકાસ માટે કઈ સામાજિક પ્રવૃત્તિ થઈ શકે ?

(1) સફાઈ કાર્ય (2) કુટુંબ નિયોજન

(3) કુટુંબની સંખ્યા (4) સમાજના મંડળની સ્થાપના

(16) આર્થિક લોકશાહી નાગરિકત્વમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(1) આવક મેળવવી (2) પ્રજાનું કલ્યાણ

(3) સમાન હક (4) સમાન તક

(17) શાળાના ભૂગોળના અભ્યાસક્રમમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(1) સમસ્યાના ઉકેલ માર્ગો (2) ત્યાગની ભાવના

(3) ફરજો જાગૃતિ (4) ગીતાનું સ્થાન

(18) લોકશાહી શિક્ષણનો હેતુ કયો છે ?

(1) શાળાનો વિકાસ (2) સમાજનો વિકાસ

(3) આપખુદ શાહી વ્યવહાર (4) ફુરસદના સમયનો ઉપયોગ

(19) લોકશાહી શિક્ષણના હેતુની વિસંગત બાબત કઈ છે ?

(1) નેતૃત્વ શક્તિનો વિકાસ (2) ફુરસદના સમયનો ઉપયોગ

(3) સામાજિકતાનો વિકાસ (4) કુસંપ ભાવનાનો વિકાસ

(20) લોકશાહી એ શ્રેષ્ઠ શાસન વ્યવસ્થા છે.

(1) તે લોકપ્રિય છે (2) તેનું સંચાલન સરળ છે

(3) તે આધુનિક શાસન વ્યવસ્થા છે (4) તેમાં લોકોના મતને ધ્યાનમાં લેવાય છે

(21) નીચેનામાંથી કયું પરિબળ લોકશાહી પર અસર કરતું નથી ?

(1) જ્ઞાતિવાદ (2) જૂથ ચર્ચા

(3) કોર્પોરેટ જગત (4) એકપણ નહીં

(22) નીચેનામાંથી કયું લોકશાહીનું સામાજિક લક્ષ્યાંક નથી ?

(1) એકતા (2) વિજ્ઞાન અને ટેક્નોલોજી

(3) સમાનતા (4) વ્યક્તિ મતાનો વિકાસ

(23) નીચેનામાંથી કઈ લોકશાહી માટેની શિક્ષણની ખાસિયત છે ?

(1) શિક્ષક કેન્દ્રી શિક્ષણ પદ્ધતિ (2) નિયંત્રિત શિસ્ત

(3) વ્યક્તિ કેન્દ્રી શિક્ષણ પદ્ધતિ (4) રાષ્ટ્રીય ચળવળને અભ્યાસક્રમમાં સ્થાન

(24) ''કેળવણી એ લોકશાહીના રક્ષણની બીજી હરોળ છે.'' આ વિધાન કોણે આપેલ છે ?

(1) ચાર્લ્સ પિયર્સ (2) હુમાયુને કબીર

(3) જયપ્રકાશ નારાયણ (4) જહોન ડ્યૂઈ

(25) લોકશાહીના ઈતિહાસમાં શિક્ષણમાં કઈ બાબત દર્શાવવી જોઈએ નહીં ?

(1) પ્રજાઓ પ્રત્યેના પૂર્વગ્રહોની બાબતો

(2) નાગરિકો અન્યથી પરિચિત થાય તેવી બાબતો

(3) લોકશાહીના પ્રયાસો (4) રાષ્ટ્રીય સંસ્કૃતિ

(26) લોકશાહી મૂલ્યના વિકાસમાં શિક્ષકની ભૂમિકા કઈ છે ?

(1) પૂર્વગ્રહ રહિત વ્યવહાર (2) ભેદભાવપૂર્વક વ્યવહાર

(3) સહઅભ્યાસ પ્રવૃત્તિમાં ઓછો રસ (4) પોતાના ધર્મ પ્રત્યે રસ

## 3.18 તમારી પ્રગતિ ચકાસો :

(1) લોકશાહી નાગરિકત્વનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) સમાજમાં લોકશાહીને અસર કરતાં પરિબળો જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.19 તમારી પ્રગતિના જવાબો ચકાસો : (Answers to check your progress)

**(1) લોકશાહી નાગરિકત્વનો અર્થ :**

''લોકશાહી એટલે મનની પોતાની રીતે પોતાનું કામ કરવાની સ્વતંત્રતા.'' - **જ્હોન ડ્યૂઈ**

**(2) લોકશાહી નાગરિકત્વની જરૂરિયાત :**

(1) શિક્ષણ પ્રાપ્ત કરવું

(2) મફત શિક્ષણ

(3) જીવન સાથે સંબંધ

(4) સામાજિક પર્યાવરણ

(5) સર્જનાત્મક અભિવ્યક્તિ

(6) બાળકનો સર્વાંગી વિકાસ

(7) લોકશાહી શિક્ષણ ધર્મ નિરપેક્ષતાના સિદ્ધાંત પર આધારિત છે

(8) સ્વતંત્રતા

(9) ફરજપાલન

(10) દરેકને ન્યાય

(11) રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ

(12) વ્યક્તિને ગમે તે ધર્મ પાળવાની છૂટ

(13) પરિવર્તનમાં શ્રદ્ધા

- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો :**

(1) શાળામાં વિદ્યાર્થી મંડળની રચના સંચાલનમાં તેનો હિસ્સો

(2) જૂથચર્ચા

(3) અબ્રાહમ લિંકન

(4) ઉદારતા

(5) ધર્મભેદ

(6) વિદ્યાર્થી મંડળમાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓની સીધી નિમણૂંક

(7) વિદ્યાર્થી સંચાલિત સહકારી સ્ટોરની વ્યવસ્થા કરવી

(8) ધાર્મિક કટ્ટરતા

(9) પ્રાંતિય લોકશાહી

(10) 1947

(11) મફત શિક્ષણ

(12) વ્યક્તિ સન્માન મેળવવા

(13) વિદ્યાર્થી સંસદ

(14) સહકારી ભંડારની સ્થાપના

(15) સફાઈ કાર્ય

(16) આવક મેળવવી

(17) સમસ્યાના ઉકેલ માર્ગો

(18) ફુરસદના સમયનો ઉપયોગ

(19) સંપ ભાવનાનો વિકાસ

(20) તેમાં લોકોના મતને ધ્યાનમાં લેવાય છે

(21) એક પણ નહીં

(22) વ્યક્તિ મત્તાનો વિકાસ

(23) રાષ્ટ્રીય ચળવળને અભ્યાસક્રમમાં સ્થાન

(24) જહોન ડ્યૂઈ

(25) પ્રજાઓ પ્રત્યેના પૂર્વગ્રહોની બાબતો

(26) પૂર્વગ્રહ રહિત વ્યવહાર

## 3.20 સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી.વી. : વિકાસતા ભારતમાં શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(3) રાવલ નટુભાઈ વિ. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

# એકમ 4 ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

## : રૂપરેખા :

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ

4.3 સમાન શૈક્ષણિક તકની અગત્યતા

4.4 સમાન શૈક્ષણિક તકના અવરોધો

4.5 છોકરીઓના સંદર્ભમાં સમાન તક

- (1) છોકરીઓની સમાન તકના અવરોધો
- (2) છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો

4.6 પછાત વર્ગોના સંદર્ભમાં સમાન તક

- (1) પછાત વર્ગની સમાન તકના અવરોધો
- (2) પછાત વર્ગની સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો

4.7 ખોડ-ખાંપણવાળા બાળકોના સંદર્ભમાં સમાન તક

- (1) ખોડ-ખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલી
- (2) ખોડ-ખાંપણવાળા બાળકોના સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો

ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ :

4.8 શિક્ષણમાં પ્રાથમિક સ્તરે અસમાન સ્થિતિઓ

4.9 શિક્ષણમાં અસમાનતાનાં પરિમાણો

- (1) આર્થિક પરિમાણ
- (2) સામાજિક પરિમાણ
- (3) રાજકીય પરિમાણ
- (4) સાંસ્કૃતિક પરિમાણ
- (5) શૈક્ષણિક પરિમાણ

4.10 શિક્ષણમાં અસમાનતાને ઘટાડવાની વ્યૂહરચનાઓ

- (1) સૂક્ષ્મ આયોજન
- (2) લઘુત્તમ અધ્યયન કક્ષા
- (3) માળખાકીય પરિવર્તન
- (4) શિક્ષક-પ્રશિક્ષણની અસર

4.11 ભારતીય શિક્ષણ પદ્ધતિ

- (1) શાળા શિક્ષણમાં અસમાનતા
- (2) શિક્ષણના સાર્વત્રિકરણ સંબંધિત સમસ્યાઓ
- (3) વર્તમાન પરીક્ષાતંત્ર સંબંધિત સમસ્યાઓ
- (4) માધ્યમિક શિક્ષણના વ્યાવસાયિકરણ સંબંધિત સમસ્યાઓ

**4.12 શિક્ષણમાં સાર્વત્રિકરણ, વ્યાવસાયિકરણ અને વિકેન્દ્રીકરણનું પ્રયોજન**

**(1) શિક્ષણમાં સાર્વત્રિકરણ**

**(2) શિક્ષણમાં વ્યાવસાયીકરણ**

**(3) શિક્ષણમાં વિકેન્દ્રીકરણ**

**4.13 સારાંશ**

**4.14 એકમ સ્વાધ્યાય**

**4.15 તમારી પ્રગતિ ચકાસો**

**4.16 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**4.17 સૂચિત વાંચન સામગ્રી**

## 4.0 ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ સમજી શકશો.

(2) સમાન શૈક્ષણિક તકની અગત્યતા સમજી શકશો.

(3) સમાન શૈક્ષણિક તકના અવરોધો સમજી શકશો.

(4) છોકરીઓના સંદર્ભમાં સમાન તક સમજી શકશો.

(5) પછાત વર્ગોના સંદર્ભમાં સમાનત તક સમજી શકશો.

(6) ખોડ-ખાંપણવાળા બાળકોના સંદર્ભમાં સમાન તક સમજી શકશો.

(7) ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપની ચર્ચા કરી શકશો.

(8) શિક્ષણમાં અસમાનતાનાં પરિણામોની ચર્ચા કરી શકશો.

(9) શિક્ષણમાં અસમાનતાને ઘટાડવાની વ્યૂહરચનાઓ સમજી શકશો.

(10) ભારતીય શિક્ષણ પદ્ધતિ સમજી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

ભારત લોકશાહી દેશ છે. તેણે સમાજવાદી સમાજ રચનાની ભાવના સ્વીકારી છે. આ ભાવના સાકાર કરવા માટે સૌને કેળવણી મળવી જોઈએ. કેળવણી દ્વારા જ સામાજિક અને આર્થિક ન્યાય આપી શકાય. વધુમાં વધુ લોકોને સામાજિક આર્થિક સીડી પર ઊંચે લઈ જવામાં શિક્ષણ સહાયભૂત નીવડે છે, એવી ધારણા રહેલી છે. વધુ અને સારી કેળવણીને વધારે આવક અને ઊંચા સામાજિક મોભા માટે, ચાવીરૂપ માનવામાં આવે છે. વાસ્તવમાં 'માનવીના ગૌરવ અને વ્યક્તિત્વના મુક્ત વિકાસ માટે અનિવાર્યપણે આવશ્યક એવા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હકો જેવા વધુ વ્યાપક, માનવ હકોની અસરકારક અનુભૂતિ માટેના એક સાધન તરીકે શિક્ષણ સમાજમાં સત્તા માટેની ચાવી ધરાવે છે. ગરીબ અને નબળા વર્ગોના લોકો તેમના સામાજિક અને આર્થિક ભાવિની દૃષ્ટિએ વધુ ને વધુ શિક્ષણ માટેના હક આગળ ધરી રહ્યા છે. સમાજની દરેક વ્યક્તિને ધર્મ, કોમ, રંગ અને આર્થિક અંતરાયો વગર શિક્ષણ દ્વારા પોતાનો શક્ય તેટલો વિકાસ કરવાનો મૂળભૂત અધિકાર છે. લોકશાહીમાં વ્યક્તિને તેના શૈક્ષણિક વિકાસ માટે સમાન તક છે. સમાજના તમામ વર્ગને માટે શૈક્ષણિક સમાન તકનું નિર્માણ કરવું એ લોકશાહીની પ્રાથમિક જરૂરિયાત છે.

સમાજના દૃષ્ટિ બિંદુથી વિચારતા શૈક્ષણિક તકોની સમાનતાનો ખ્યાલ, સમાજના આર્થિક વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. સમાજની આર્થિક પ્રગતિ માટે શૈક્ષણિક તકો માત્ર વિસ્તૃત કરાય એ પૂરતું નથી, તે સમાનપણે વહેંચવી પણ જોઈએ. સૌને કેળવણી ઉપલબ્ધ થાય એટલા માટે સમાન શૈક્ષણિક તકનું નિર્માણ થવું જોઈએ. દરેક લોકશાહી દેશ શૈક્ષણિક, સમાન તકનો આદર્શ સ્વીકારે છે.

આજે દુનિયામાં ભાગ્યે જ કોઈ ઓવું રાષ્ટ્ર હશે, જેને એક યા બીજા સ્વરૂપે આ આદર્શ સ્વીકાર્યો ન હોય.

આપણા દેશમાં સ્વાતંત્ર્ય પૂર્વે જેઓને શિક્ષણની સમાન તકોની પ્રાપ્તિનો લાભ મળ્યો નથી તેવાં બાળકોને ચાર વિભાગમાં વહેંચી શકાય તે વિભાગોમાં :

- કન્યાઓ/છોકરીઓ
- પછાત વર્ગનાં બાળકો
- આદિવાસી જાતિનાં બાળકો
- શારીરિક ખોડ-ખાંપણવાળા બાળકો

ઉપરનાં વિભાગોના બાળકોને બીજા બાળકો કરતાં ઉતરતી કક્ષાનાં માનવામાં આવ્યાં છે અને તેઓની સાથે એવું વર્તન કરવામાં આવ્યું છે કે જેને પરિણામે આ વિભાગનાં બાળકો શૈક્ષણિક વિકાસની પ્રક્રિયામાં પાછળ પડી ગયાં છે.

## 4.2 શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ :

સમાજનો જે વર્ગ આજ દિન સુધી શિક્ષણની સમાન તકોથી વંચિત રહ્યો છે, તેના તરફ વિશેષ ધ્યાન આપીને તેમની વિશિષ્ટ જરૂરિયાતો પર લક્ષ્ય આપવાની બાબત ઉપર ઈ.સ. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ વધારે ભાર મૂકયો છે, તેમાં ભલામણ કરવામાં આવી છે કે શિક્ષણની સમાન તકો માત્ર શિક્ષણના પ્રસાર માટે જ નહીં, પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરવા માટે હોવી જોઈએ. આના સંદર્ભમાં શિક્ષકની ભૂમિકા ખૂબ અર્થ સભર છે.

શિક્ષણની સમાન તકો એ સંકલ્પના, આજ સુધી માત્ર બાળકના રહેવાના સ્થળથી નજીકમાં નવી શાળા ખોલવાના સંદર્ભમાં વપરાતી હતી, પરંતુ પ્રવર્તમાન સમયમાં આમાં ફેરફાર થયો છે. બાળક પગે ચાલીને જઈ શકે એટલા નજીકના વિસ્તારમાં શાળા ખોલવા ઉપરાંત પ્રત્યેક બાળકને નિવાસની સગવડ, દરેક કોમના બાળકને શાળા પ્રવેશ, અપવ્યયનું પ્રમાણ ઘટાડવું, વિવિધ પ્રવિધિઓ પ્રયોજી બાળકોનું શાળામાં સ્થાયીકરણ, ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કરી શકતાં ન હોય તેવાં બાળકો માટે અવૈધિક શિક્ષણનાં કેન્દ્રો શરૂ કરવાં, એસ.એસ.સી. પહેલાંની અને એસ.એસ.સી. પછીની આર્થિક મદદ મંજૂર કરવી, વિદ્યાર્થીઓ શાળામાં જઈ શકે તે માટે પૂરક સગવડો વિકસાવવી વગેરે મુદ્દાઓનો શિક્ષણની સમાન તક વિશે વિચારવામાં આવે ત્યારે ખ્યાલ રાખવો જોઈએ.

ભારત એક લોકશાહી દેશ છે વળી તે સમાજવાદી સમાજ રચનાને વરેલો દેશ છે. આવા દેશમાં આશ્રય લેતી તમામ વ્યક્તિને પોતાની બૌદ્ધિક મર્યાદાઓમાં રહીને પોતાનો મહત્તમ વિકાસ સાધવાનો અબાધિત અધિકાર છે. ભલે પછી તે વ્યક્તિ ગમે તે ધર્મ, વર્ણ, વર્ગ કે સ્તરની હોય. આર્થિક અંતરાયો પણ તેને નડવા ન જોઈએ. લિંગ ભેદનો કોઈ બાધ ન હોય, અન્ય તમામ અંતરાયો હોવા છતાં તે નાગરિક સૌની જેમ શિક્ષણ મેળવી શકે, આવી તકો ગમે ત્યાં મેળવી શકે એ જ આશય શિક્ષણની સમાન તક પાછળ રહેલો છે.

ધર્મ, અર્થ, વર્ણ કે લિંગની ભિન્નતાઓ અગર અંતરાયો, હોવા છતાં વ્યક્તિ સૌની જેમ શિક્ષણમાં વિકાસ કરી શકે તે સમાન શૈક્ષણિક તક.

વ્યક્તિ પાસે પૈસા નથી, તે અમુક કોમની છે, તે સ્ત્રી છે માટે તેને અભ્યાસ કરવાની શી જરૂર છે ? તેને અભ્યાસ શા માટે કરવા દેવો ? આવા કોઈ પ્રશ્ન સમાન શૈક્ષણિક તકમાં કદી ઉપસ્થિત થતા નથી, સિવાય કે તેનું બૌદ્ધિકસ્તર, તે અપંગ હોય કે અપાહિજ હોય, નિર્ધન હોય કે ધનવાન હોય, સામાજિક રીતે ઉચ્ચવર્ણનો હોય કે પછાત વર્ગનો હોય, ગમે તે સ્તરનો હોય પરંતુ સૌની જેમ સરખી તક લોકશાહી દેશમાં સર્જવી સામાજિક ન્યાયની બાબત છે.

## 4.3 સમાન શૈક્ષણિક તકની અગત્યતા :

આપણા દેશને રાજકીય રીતે સ્વાધીન થયાં આટલાં વર્ષો વીત્યાં છતાં આ દિશામાં આપણે ક્યાં છીએ?

આમ થવાનું કારણ એ છે કે હજી સુધી સમાન શૈક્ષણિક તકની અગત્યતા સમજ્યા નથી, તો આપણે સમાન શૈક્ષણિક તકની અગત્યતા જાણી લઈએ :

1. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું છે. નિરક્ષરતાનું પ્રમાણ આજે 64 ટકા જેટલું છે. આ નિરક્ષર લોકો મતદાનનું મહત્ત્વ કેટલું છે તે સાચા અર્થમાં સમજી શકતા નથી. મતદાનનું સાચું મહત્ત્વ સમજતા થાય તે માટે સમાન શૈક્ષણિક તકની જરૂર છે જેથી લોકશાહીના અસ્તિત્વ, રક્ષણ અને વિકાસ માટે નિશ્ચિત રહી શકાય.
2. કોઈ પણ દેશ રાષ્ટ્રીય એકતા વગર બહારના આક્રમણ સામે ટકી શકતો નથી. આવી સમજ કેળવવા માટે સમાન શૈક્ષણિક તક પાયાનો પથ્થર બને છે.
3. સમાજના નીચલા વર્ગનો વિકાસ કરવા માટે સમાન શૈક્ષણિક તકની જરૂરિયાત છે.
4. આપણી પાસે વણવપરાયેલી માનવશક્તિનો પુષ્કળ જથ્થો છે. માનવશક્તિ ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં મદદરૂપ થાય તે માટે સમાન શૈક્ષણિક તક જરૂરી છે. આ વણવપરાયેલી માનવશક્તિ શૈક્ષણિક તકો પૂરી પડતાં કેળવી શકાય છે અને તેનો ઉપયોગ થઈ શકે છે.
5. દેશનો વિકાસ કરવા માટે પરિવર્તન ખૂબ જરૂરી છે. પરિવર્તન માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. તેથી સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
6. કોઈપણ માનવી કોઈને કોઈ જૂથમાં સંકળાયેલો છે. જૂથમાં રહેવા માટે નેતૃત્વ પૂરું પાડવું પડે છે. શિક્ષણ વિના યોગ્ય નેતાગીરી પૂરી પાડી શકાય નહીં, તેથી સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
7. માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે શિક્ષણની જરૂર છે. તેથી સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
8. ભારત એક અલ્પ વિકસિત દેશ છે. તેના વિકાસમાં અનેક સમસ્યાઓ ઊભી થયેલી જોવા મળે છે. આવતી સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ થાય તે માટે સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
9. રોજિંદા જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થાય છે. સમસ્યાઓના ઉકેલ માટે શિક્ષણની સમાન તક ઘણી જ ઉપયોગી થઈ પડે છે.
10. રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓની પરિપૂર્તિ માટે પણ આવી તકો જરૂરી છે.
11. રોજિંદા જીવનમાં કે વેપાર ધંધામાં ખરીદ-વેચાણ માટે શિક્ષણ જરૂરી છે, જેથી સમાન શિક્ષણ ખૂબ ઉપયોગી પૂરવાર થઈ પડે તેમ છે.

## 4.4 સમાન શૈક્ષણિક તકના અવરોધો :

સમાજવાદી સમાજ રચનાને વરેલા લોકશાહી દેશ ભારતે, સમાન શૈક્ષણિક તકોના આદર્શને સ્વીકાર્યો છે. ભારતની જેમ અન્ય લોકશાહી દેશોએ પણ આ આદર્શ સ્વીકાર્યો છે, છતાં ત્યાં શૈક્ષણિક અસમાનતા જોવા મળે છે. ભારતમાં સમાજના પછાત વર્ગોમાં, આર્થિક રીતે નબળા વર્ગોમાં અને સ્ત્રીઓમાં આપણે સમાન શૈક્ષણિક તકોનું નિર્માણ કરી શક્યા નથી. સમાન શૈક્ષણિક તકોના નિર્માણને અવરોધનારા કેટલાંક પરિબળો નીચે મુજબ છે :

1. શિક્ષણની સંસ્થાઓ અપૂરતી હોવાને કારણે અવરોધ આવે છે. શિક્ષણ સંસ્થાઓ ન હોવી એ માટે પણ જવાબદાર છે. આપણે ત્યાં શિક્ષણ સંચાલનમાં ખાનગી સાહસનું પ્રભુત્વ વધુ હોવાથી ખાનગી સંસ્થાઓ વિશેષ છે. સરકારી સંસ્થાઓ ઓછી છે જે સમાન શૈક્ષણિક તકના નિર્માણમાં અવરોધક બળ બની રહે છે.
2. તાલુકા-તાલુકા, જિલ્લા-જિલ્લા અને રાજ્ય-રાજ્ય વચ્ચે શૈક્ષણિક સુવિધા અને શૈક્ષણિક પ્રગતિમાં વિષમતા હોય છે. આ પ્રકારની અસમાનતા એક પરિબળ બની જાય છે.
3. આપણે ત્યાં શોષિત અને પોષક બે વર્ગો છે. તેથી મોટા ભાગના લોકો ઉપર ગણ્યાં ગાંઠ્યા લોકો સમૃદ્ધ થઈ બેઠાં છે. પરિણામે મોટાભાગના લોકોમાં ગરીબાઈ જોવા મળે છે.

4. ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણ ફીનું ઊંચું ધોરણ તથા ખર્ચાળ શિક્ષણ હોવાથી મર્યાદિત સાધન સંપન્ન લોકો જ શિક્ષણનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

5. વિવિધ પ્રકારનાં વિસ્તારમાંથી આવતાં બાળકો માટે એક સરખી તકનો અભાવ જોવા મળે છે. ગામડાઓમાંથી જે બાળકો આવે છે, ત્યાં તેમને ઘરમાં શિક્ષણનું કોઈ વાતાવરણ હોતું નથી, જ્યારે શહેરના શિક્ષિત કુટુંબમાંથી આવતું બાળક ગ્રામીણ બાળકની તુલનામાં ઘણું જ આગળ હોય છે, પરિણામે તે એક પ્રકારની વિષમતા ઊભી થાય છે.

6. વિભિન્ન પ્રકારની ગુણવત્તાવાળી શાળામાંથી તથા ગ્રામ વિસ્તાર અને પછાત વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ ન મળવો એ પણ એક સમાન શૈક્ષણિક તક માટે જ અવરોધનું પરિબળ છે.

7. છોકરા અને છોકરીઓના શિક્ષણ વચ્ચે ભારે અસમાનતા આ માટે જવાબદાર છે.

8. અનુસૂચિત વર્ગોના બાળકોના શિક્ષણના વિસ્મરણમાં અને તેમની ગુણવત્તામાં પછાતપણું જોવા મળે છે.

9. ભારતના મોટા ભાગનો વાલી સમાજ હજુ પણ નિરક્ષર છે. આવો નિરક્ષર વાલી પોતાનાં સંતાનોને શિક્ષણ આપવાનું ક્યાંથી સમજે ?

10. આપણો દેશ ધર્મ, જ્ઞાતિ, જાતિ તથા સંપ્રદાયના વર્તુળોમાંથી હજુ પણ બહાર નીકળ્યો નથી, પરિણામે શિક્ષણ સંસ્થાઓ પણ આવા વર્તુળોથી મુક્ત બની નથી.

11. માધ્યમિક શિક્ષણ ખર્ચાળ બની ગયું છે અને ત્યાં પણ ખર્ચનો આંક વધતો જાય છે. તેથી સામાન્ય આવકનો વાલી બાળકોને ભણાવવા માટે શક્તિમાન નથી. હજુ આપણા દેશમાં બધે માધ્યમિક શિક્ષણ મફત નથી. જોકે ગુજરાતમાં ફી ઉપરાંત પાઠ્યપુસ્તકો, પોષાક, નોટબુકો, સ્ટેશનરી ફી, પ્રવાસ ખર્ચ, ફંડફાળા વગેરેનો ખર્ચ ગરીબ વાલીને પોષાય તેમ નથી.

12. દેશનાં બધાં રાજ્યોમાં શિક્ષણનું ધોરણ સરખું નથી, વળી છોકરીઓને ઓછી તક છે.

## 4.5 છોકરીઓના સંદર્ભમાં સમાન તક :

ભારતમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જાએ ઘણા તડકા-છાંયા જોયા છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે વેદ સમય દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોને સમાન સ્થાન આપવામાં આવતું હતું. સ્ત્રીઓ ધાર્મિક કર્મકાંડ અને યજ્ઞો કરતી હતી અને 'ધર્મ'ને ધારણ કરવા અને ટકાવવામાં પુરુષોની સમોવડી હતી, તેઓ યુદ્ધો લડી શકતી, રણમેદાનોમાં જઈ શકતી, ઉત્સવોમાં ભાગ લઈ શકતી, જો તે ઇચ્છે તો તેના સામાજિક દરજ્જાને જરા પણ હાનિ પહોંચાડ્યા વગર અવિવાહિત પણ રહી શકતી, પરંતુ સમયના વહેણની સાથે સાથે તેમાં પરિવર્તન આવ્યું, તેથી તેના મોભાનું અધઃપતન થયું. છેવટે મનુ ભગવાને જાહેર કર્યું કે :

'સ્ત્રી કદી સ્વાતંત્ર્યને લાયક નથી...' જોકે એ જ મનુ ભગવાને કહ્યું છે કે :

'જ્યાં સ્ત્રીઓને આદર આપવામાં આવે છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે, પરંતુ જ્યાં તેઓને આદર આપવામાં આવતો નથી, ત્યાં કોઈ ધાર્મિક કર્મકાંડો ફળદાયી નીવડતા નથી.'

આપણું રાજ્ય બંધારણ પુરુષો અને સ્ત્રીઓ માટે સમાન હકો આપે છે. રાજ્ય બંધારણના નિર્માણ પછી જે સામાજિક ધારાઓ રચાઇ તેમાં સ્ત્રી માટે સમાનતાનું કાયદેસરનું માળખું દેશમાં ઊભું થવા માંડ્યું છે. કોઈપણ દેશનો પ્રશ્ન કે સમસ્યા, જેમાં પુરુષ વર્ગ રસ ધરાવતો હોય તેમાં સ્ત્રીઓની સમજ શક્તિની પણ તેટલી જ આવશ્યકતા છે. આપણાં માનવ સાધનોના સંપૂર્ણ વિકાસ માટે ઘરની સુધારણામાં અને બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે પુરુષો કરતાં સ્ત્રી શિક્ષણની વિશેષ અગત્યતા છે. સ્ત્રી શિક્ષણ, જન્મ પ્રમાણ ઘટાડવામાં ખૂબ જ સહાયરૂપ નીવડે તેમ છે. આધુનિક યુગમાં સ્ત્રીઓની ભૂમિકા માત્ર ઘર, ઘરકામ અને બાળ ઉછેર પૂરતી મર્યાદિત બનતી નથી, તેઓ હવે પોતાની વ્યક્તિગત કારકિર્દી પસંદ કરી શકે છે અને સમાજના દરેક અંગના વિકાસ માટે તે, પુરુષ સાથે સમાન

જવાબદારી વહન કરે છે. આ દિશામાં હવે આપણે ગતિ કરવી પડશે. આપણો દેશ સ્ત્રીઓના શિક્ષણની અવગણના કરીને, તેની ભાવિ લડતોમાં સફળ થશે નહીં અને દેશ આર્થિક અને સામાજિક વિકાસ સાધી શકશે નહિ. ગુજરાતમાં સ્ત્રીઓને શિક્ષણ આપવા પાછળ ધ્યાન અપાયું હોય તેવું હવે જોવા મળે છે.

પુરુષ અને સ્ત્રી એક બીજાના પૂરક છે. ભારતમાં દ્વિતીય કક્ષાના નાગરિક તરીકેનો વર્તાવ શા માટે રાખવામાં આવે છે ? આ બાબત શિક્ષણશાસ્ત્રીઓને મન ઠીક ઠીક સમયથી સંબંધ કર્તા બાબત બની રહેલ છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986ના સંદર્ભમાં સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતાઓ દૂર કરવાની દૃષ્ટિએ, તેમજ વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, સમાન તકો પૂરી પાડવા માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં રજૂ થયેલા 10 કોર પોઈન્ટમાં જાતિ અંગેનું વલણ-સ્ત્રીઓ પ્રત્યે સમાન વલણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

**(1) છોકરીઓની સમાન તકના અવરોધો :**

છોકરીઓની સમાન તકના કેટલાંક અવરોધો નીચે પ્રમાણે છે :

(1) ઘર અને શાળાના વચ્ચે વધુ અંતર હોય તો વાલીઓ પોતાની છોકરીઓને શાળાએ મોકલવાનું જોખમ સ્વીકારતા નથી.

(2) અમુક જ્ઞાતિઓમાં, પૈઠણની પ્રથા વધુ જોવા મળે છે. શિક્ષિત કન્યા હોય તો તેને વધુ પૈઠણની જોગવાઈ કરવી પડે તેથી છોકરીઓનાં શિક્ષણમાં અવરોધ ઊભા થતા જોવા મળે છે.

(3) માધ્યમિક કક્ષાએ છોકરીઓ ઉંમરલાયક થાય છે. આ સમય ગાળામાં રજોદર્શનનો સમય ભયસ્થાન ગણાય છે. શાળામાં સ્ત્રી શિક્ષક ન હોય તો છોકરીઓને મુશ્કેલીઓ ઊભી થાય છે.

(4) કેટલીક જાતિઓમાં છોકરીઓનાં લગ્ન વહેલા થઈ જાય છે.

(5) કૌટુંબિક જવાબદારીને કારણે લગ્ન કર્યા પછી છોકરીઓને આગળ વધવું હોય તો પણ મુશ્કેલી ઊભી થાય, બાળઉછેરની જવાબદારી સ્ત્રીએ નિભાવવાની હોય છે.

(6) છોકરીઓ અને છોકરાઓ માટે એક જ પ્રકારનો અભ્યાસક્રમ છે, તેથી છોકરીઓને રસ પડે તેવો અભ્યાસક્રમ ખાસ જોવા મળતો નથી.

(7) ગામડાઓમાં છોકરીઓ ખેતીવાડી માટે કે શ્રમ માટે મદદરૂપ થતી હોવાથી તેમને મન શિક્ષણનું મહત્ત્વ નથી.

(8) ગામડાઓમાં નોકરી મેળવવા માટે ખૂબ જ મુશ્કેલીઓ સહન કરવી પડે છે. નોકરી મળે તો પણ દૂરના સ્થળે નોકરી માટે જવું પડે છે.

(9) નિરક્ષર વાલીઓ છોકરીઓનાં શિક્ષણમાં રસ દાખવતાં નથી.

(10) સમાજમાં કોઈ એક સ્થળે શિક્ષિત કન્યા વિધવા થઈ હોય તો લોકોમાં એવી માન્યતા છે કે 'કન્યાઓ ભણે એટલે વિધવા થાય.' આ જ કારણે છોકરીઓનાં શિક્ષણમાં અવરોધો ઊભા થતા જોવા મળે છે.

(11) અમુક જ્ઞાતિમાં ભણેલા છોકરાઓ મળતા નહીં હોવાથી કન્યાઓ ભણે તો તેને જીવનસાથી મેળવવાની મુશ્કેલી નડે છે.

(12) મિશ્ર શાળાઓમાં છોકરીઓને મોકલવાનું કેટલાક રૂઢિચુસ્ત વાલીઓ પસંદ કરતા નથી.

(13) રૂઢિચુસ્ત સમાજને પોતાની તરુણ છોકરી, પુરુષ શિક્ષકના હાથ નીચે અભ્યાસ કરે તે રુંચતું નથી.

(14) આંતરજ્ઞાતિય લગ્ન છોકરી કરે તો સમાજ એ પગલાંને શિક્ષણનું પરિણામ ગણે છે. તે છોકરીઓનાં શિક્ષણમાં અવરોધક બને છે.

**(2) છોકરીઓનાં શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

કોઠારી શિક્ષણપંચે છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવા માટે ભાર મૂકેલ છે. તે અવરોધો દૂર કરવા માટે પંચે કેટલાંક સૂચનો સરકારને કરેલ છે, છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવા નીચે પ્રમાણે પ્રયત્નો કરવાં જોઈએ :

(1) છોકરીઓને અનુકૂળ આવે તેવી ખંડ સમયની નોકરીની વ્યવસ્થા કરવી.

(2) છોકરીઓ નોકરીમાં જાય તે માટે વધુ પ્રલોભન પૂરા પાડવા જોઈએ.

(3) માધ્યમિક શાળાઓમાં છોકરીઓ માટે ટકાવારીનું પ્રમાણ વધારવું જોઈએ.

(4) છોકરીઓ માટેની અલગ શાળાઓ ઊભી કરવી, તેમાં નોકરી માટે છોકરીઓને જ પસંદગી આપવી.

(5) છોકરીઓ માટે શિક્ષણનાં દરેક સ્તરે મફત વ્યવસ્થા કરવામાં આવે.

(6) છોકરીઓને રસ પડે તેમજ અનુકૂળ આવે તેવો અભ્યાસક્રમ દાખલ કરવો.

(7) રૂઢિચુસ્ત વાલીઓ શિક્ષણમાં રસ લેતા થાય તે માટે પ્રયત્ન કરવા, વાલીઓને સમાજ શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ પૂરું પાડવું.

(8) છોકરીઓના શિક્ષણ માટે વધુ પ્રમાણમાં પ્રચાર કરવો.

(9) છોકરીઓ માટે પૂર્ણ સમયની નોકરી માટેની તકો વધારવી.

ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં તો તમામ કક્ષાએ છોકરીઓનું શિક્ષણ મફત કરવામાં આવ્યું છે, પરિણામે છોકરીઓની કેળવણીને કંઈક અંશે ઉત્તેજન મળ્યું છે.

## 4.6 પછાત વર્ગોના સંદર્ભમાં સમાન તક :

પછાત વર્ગોમાં હરિજનો, આદિવાસીઓ અને અન્ય વિચરતી જાતિઓનો સમાવેશ થાય છે. સાચી લોકશાહી સ્થાપવી હશે તો તેમને માટે પણ શિક્ષણની સમાન તકો પૂરી પાડવી પડશે. આદિવાસી પ્રજા ખૂબ રખડું જીવન પસાર કરે છે. તેમના શિક્ષણની વ્યવસ્થા કરવી ખૂબ મુશ્કેલ છે. તેઓ સ્થાયી જીવન જીવે તે માટે તેમને સહાય કરવી જોઈએ. તેમના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રયત્નો કરવા પડશે. પરિવર્તન લાવવા માટે તેમની મુશ્કેલીઓનો પ્રથમ અભ્યાસ કરવો પડશે. ભારતની વસ્તીના 18.7 ટકા અનુસૂચિત જાતિના છે. જો સમાન તક હોત તો બીજી જાતિના જે બાળકો અભ્યાસ કરે છે, તેના 18.7 ટકા અનુસૂચિત જાતિના હોત, પરંતુ હવે આ અસમાનતા ઘટતી જાય છે. અનુસૂચિત જનજાતિના વસ્તી પણ 6.4 ટકા છે. જો શિક્ષણની સમાન તકો આ જાતિ માટે હોત તો આ લોકોનો પણ વિકાસ થયેલો જોવા મળત.

**(1) પછાત વર્ગને શિક્ષણની સમાન તકના અવરોધો :**

પછાત વર્ગાને શિક્ષણની સમાન માટેના અવરોધો નીચે મુજબ છે :

- **ભટકતું જીવન :**

  પછાત વર્ગના મોટાભાગના લોકો ભટકતું જીવન પસાર કરે છે. તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના બાળકોની નોંધણી કરવાનું કાર્ય મુશ્કેલરૂપ બની જાય છે. તેથી શિક્ષણમાં સમાન તકના અવરોધો ઊભા થતાં જોવા મળે છે.

- **પૂરતી સગવડતાનો અભાવ :**

  પછાત વર્ગના બાળકો માટે શિક્ષણની પૂરતી સગવડતાનો અભાવ જોવા મળે છે. ઈ.સ. 1988-89ના વર્ષમાં સરકાર 15 હાઈસ્કૂલ, છાત્રાલયોની સગવડ સાથે શરૂ કરે એવી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ કમનસીબે આવી હાઈસ્કૂલ શરૂ થઈ નથી, પછાત વર્ગના બાળકો માટે પૂરતા પ્રમાણમાં સગવડતાઓ ન મળવાથી શિક્ષણમાં સમાન તક લાવવામાં અવરોધો ઊભાં થાય છે.

- **ચોક્કસ ભાષાનો અભાવ :**

  પછાત વર્ગની કોઈ ચોક્કસ ભાષા નથી, તેમજ તેમની ભાષામાં શિક્ષણ આપી શકાય તેવી વ્યવસ્થાઓ પણ શાળાઓમાં જોવા મળતી નથી. તેથી શિક્ષણમાં સમાન તકો લાવવા માટે અવરોધો ઊભાં થાય છે.

- **તેમની ભાષામાં શિક્ષણ કાર્ય કરી શકે તેવા શિક્ષકોનો અભાવ :**

  પછાત વર્ગની ભાષામાં શિક્ષણ કાર્ય થઈ શકે તેવી ભાષાના શિક્ષકોનો અભાવ જોવા મળે છે. તેમની ભાષામાં શિક્ષણ કાર્ય ન થતું હોવાથી શિક્ષણમાં રસ પડતો નથી.

- **પૂરતા પ્રમાણમાં હોસ્ટેલનો અભાવ :**

  પછાત વર્ગના બાળકોને જોઈએ તેટલી હોસ્ટેલનો અભાવ જોવા મળે છે. સરકાર ઈ.સ. 1988-89નાં વર્ષમાં 15 હાઈસ્કૂલ છાત્રાલયો (હોસ્ટેલ)ની સગવડ સાથે શરૂ કરશે તેવું આયોજન કરવામાં આવેલું હતું, પરંતુ તે વ્યવસ્થા થઈ શકી નથી. તેથી પૂરતા પ્રમાણમાં હોસ્ટેલની વ્યવસ્થા ન હોવાથી તેમજ ભટકતું જીવન ગાળતા હોવાથી હોસ્ટેલની સગવડની ખાસ જરૂર છે. તેના અભાવે અવરોધો ઊભા થાય છે.

- **નજીકના વિસ્તારમાં ઓછી શાળાઓ :**

  પછાત વર્ગનો જે વિસ્તાર આવેલો છે તે વિસ્તારની નજીકમાં ખૂબ જ ઓછી શાળાઓ આવેલી છે. તેથી શિક્ષણ લેવા માટે રહેઠાણના સ્થળથી દૂરના સ્થળે જવું પડે છે. દૂરના સ્થળે શિક્ષણ માટે જવાની કેટલીક મુશ્કેલીઓ પડે છે. ખાસ તો છોકરીઓને દૂરના સ્થળે મોકલવાનું પસંદ કરતા નથી.

- **વસ્તીથી દૂરના સ્થળે રહેવાનું વલણ :**

  પછાત વર્ગના લોકો તેમાં ખાસ કરીને આદિવાસી લોકો વસ્તીથી દૂરના સ્થળે રહેવાનું વલણ ધરાવે છે. ત્યાં નજીકના વિસ્તારમાં શાળાઓનો અભાવ જોવા મળે છે, તેથી શિક્ષણમાં સમાન તક પ્રાપ્ત થઈ શકતી નથી.

- **માનસિક શક્તિનો ઓછો આંક :**

  પછાત વર્ગના બાળકોની માનસિક શક્તિનો આંક ઓછો જોવા મળે છે. અન્ય બાળકોની સરખામણીમાં તેઓ ખૂબ પાછળ રહી જાય છે. તેથી આ બાળકોમાં અપવ્યય અને સ્થગિતતાનું વધુ પ્રમાણ જોવા મળે છે. માનસિક શક્તિનો આંક ઓછો હોવાથી કંટાળી શાળા છોડી દે છે.

- **અભણ વાલીઓ :**

  વાલીઓ મોટાભાગે વધુ પ્રમાણમાં અભણ છે. તેથી તેમના બાળકોના શિક્ષણમાં ઓછો રસ લે છે. અભણ વાલી હોવાથી શિક્ષણમાં સમાન તકના અવરોધો ઊભા થાય છે.

- **શિક્ષણના પ્રચારના માધ્યમનો અભાવ :**

  પછાત વર્ગમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટેના પ્રચારના માધ્યમનો અભાવ જોવા મળે છે. પ્રચાર માટેના માધ્યમોનો ઓછો ઉપયોગ થવાથી શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી, તેમજ તેમને રસ પણ પડતો નથી.

- **રૂઢિચુસ્ત માનસ :**

  રૂઢિચુસ્ત માનસ ધરાવતા હોવાથી તેમનામાં વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા વગેરેનું પ્રમાણ વધુ જોવા મળે છે, આવી માન્યતાને કારણે શિક્ષણમાં ઓછો રસ પડે છે.

**(2) પછાત વર્ગની શિક્ષણની સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

પછાત વર્ગની સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો નીચે પ્રમાણે છે :

- **અભ્યાસ માટે પૂરતી સગવડતાઓ ઊભી કરવી :**

  વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂર પડતી જરૂરી સગવડતાઓ ઊભી કરવી, રહેવા માટે હોસ્ટેલ, પાઠ્યપુસ્તકો તેમજ અન્ય સગવડતાઓ આપવી જેથી અભ્યાસ પ્રત્યે વધુ રસ ઉત્પન્ન થાય.

- **રિસેસમાં નાસ્તાની વ્યવસ્થા કરવી :**

  પછાત વર્ગના લોકો આર્થિક રીતે નબળા હોય છે. બે વખત ખાવાનું પણ મળતું નથી, ખાવાનું મેળવવા માટે કામે જવું પડે છે, તેથી શાળામાં અભ્યાસ માટે આવતા નથી. શિક્ષણમાં સમાન તક ઊભી થાય તે માટે રિસેસમાં નાસ્તાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

- **પાર્ટટાઈમ શિક્ષણની વ્યવસ્થા કરવી :**

  પછાત વર્ગના બાળકોને રોજી રોટી માટે કામે જવું પડે છે, તેથી વધુ સમય શાળામાં આવી શકતા નથી, તેથી આ લોકોને તેના નવરાશના સમયે શિક્ષણ મળી રહે તેવી પાર્ટટાઈમ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

- **અનુકૂળ ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવા :**

  પછાત વર્ગના લોકોને અનુકૂળ હોય તેવી ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવા જોઈએ. પોતાની ભાષામાં પાઠ્ય પુસ્તક તૈયાર થવાથી શિક્ષણ પ્રાપ્ત કરવામાં રસ ઉત્પન્ન થશે.

- **રૂઢિચુસ્ત માનસ દૂર કરવા પ્રયત્નો કરવા :**

  પછાત વર્ગના લોકો માટે સમાજ શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. શિક્ષણ મેળવવાથી તેમનામાં રૂઢિચુસ્ત માનસ દૂર થશે. શિક્ષણમાં રસ લેતા થશે.

- **આર્થિક સહાય :**

  પછાત વર્ગના બાળકો આર્થિક રીતે નબળા છે, તેથી તેમને મદદરૂપ થઈ શકાય તે માટે શિષ્યવૃત્તિઓની સગવડતાઓ આપવી, આર્થિક સહાય મળવાથી શિક્ષણમાં રસ ઉત્પન્ન થશે.

- **જરૂરિયાત પ્રમાણે વેકેશન ગોઠવવું :**

  વર્ષમાં અમુક સમયે ખેતીનું કામકાજ વધુ ચાલતું હોય છે. આવા સમયે બાળકો શાળાએ આવતા નથી, તેથી વેકેશન તેમની જરૂરિયાત અને અનુકૂળ સમયે ગોઠવવું જોઈએ.

- **શિક્ષણમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો :**

  પછાત વર્ગના બાળકો શિક્ષણમાં આર્થિક રીતે પછાત હોય છે તેથી શિક્ષણકાર્યમાં વધુ સમય શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો વધુ અસર થાય. શિક્ષણમાં વધુ રસ ઉત્પન્ન થાય.

- **શિક્ષકો માટે તાલીમ વર્ગો આ વિસ્તારમાં શરૂ કરવા :**

  શિક્ષણ માટે વધુ વાતાવરણ ઊભું થાય તે માટે તાલીમ વર્ગો આ વિસ્તારમાં શરૂ કરવા, તેથી વાલીઓમાં પણ શિક્ષણ માટે વધુ વાતાવરણ ઊભું થશે, શિક્ષણમાં વધુ રસ લેતાં થશે.

- **કાર્યાનુભવનો પ્રબંધ કરવો :**

  શાળામાં કાર્યાનુભવનો પ્રબંધ કરવો જોઈએ, જેથી શ્રમ અને સમાજ સેવાના કાર્યો કરવા રસ ઉત્પન્ન થશે. વાલીઓ પણ આ અંગે જાગૃત બનશે. તેથી કાર્યાનુભવના શિક્ષણ પર વધુ ભાર મૂકવો.

- **આ વર્ગના વિસ્તારમાં શિક્ષણ કાર્ય કરવા વધુ પ્રોત્સાહન પૂરા પાડવા :**

  શિક્ષકો આ વર્ગના વિસ્તારમાં શિક્ષણ કાર્ય કરવા તૈયાર થાય તેમજ તેમાં વધુ રસ લે છે તે માટે શિક્ષકોને વધુ પ્રોત્સાહનો પૂરા પાડવાં જોઈએ, જેથી શિક્ષણનું વાતાવરણ ઊભું થશે. શિક્ષણમાં સમાન તકો ઊભી થશે.

- **છોકરીઓના શિક્ષણ પર વધુ ભાર આપવો :**

  પછાત વર્ગની છોકરીઓ શિક્ષણમાં વધુ જોડાય તે માટે છોકરીઓના શિક્ષણ પર વધુ ભાર આપવો. છોકરીઓના શિક્ષણ માટે વધુ સગવડતાઓ પૂરી પાડવી, અલગ કન્યા શાળા ઊભી કરવી, મહિલા શિક્ષકની વધુ નિમણૂંક કરવી, જેથી શિક્ષણમાં સમાન તક પ્રાપ્ત થઈ શકે.

- **ધંધાકીય સહાય :**

  પછાત વર્ગના બાળકો અભ્યાસ તરફ વધુ રસ લેતા થાય તે માટે અભ્યાસ કર્યા પછી ધંધો શરૂ કરવા માટે વધુ લોનની સગવડતાઓ ઊભી કરવી, તેમજ આ વિસ્તારમાં નવા ઉદ્યોગો શરૂ કરવા પ્રયત્ન હાથ ધરવા.

- **ફરતી શાળાઓ શરૂ કરવી :**

  પછાત વર્ગના લોકો ભટકતું જીવન પસાર કરે છે. તેથી તેમના માટે ફરતી શાળાઓની વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ, જેથી અભ્યાસમાં વધુ રસ લેતા થાય.

  પછાત વર્ગાનાં બાળકોની સમાન તકો મળી રહે તે માટે ગુજરાત સરકારે કેટલાક પ્રયત્નો પણ હાથ ધરેલાં છે. આ વર્ગોના બાળકો માટે જરૂરી શિક્ષણ ફી, પરીક્ષા ફી, શિષ્યવૃત્તિ, છાત્રાલય અને આશ્રમ શાળાઓની સગવડતાઓ આપવા માટેની વ્યવસ્થા કરેલ છે, આ વર્ગો માટે અઘરા વિષયો માટે વધારાના વર્ગો લેવાની વ્યવસ્થા ગોઠવેલી છે. સરકાર તરફથી આશ્રમ શાળાઓને ખાસ અનુદાન આપવામાં આવે છે. આમ આદિવાસીઓના વિકાસ માટે તેમજ અન્ય લોકો માટે ખાસ કાર્યક્રમો હાથ ધરેલાં છે, ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં બપોરના વિશ્રાંતિ સમયમાં ભોજનની વ્યવસ્થા 'મધ્યાહ્ન ભોજન વ્યવસ્થા' કરવામાં આવેલી છે, પરંતુ તેમાં જોઈએ તેવી સફળતા મળેલ નથી.

## 4.7 ખોડ-ખાંપણવાળાં બાળકોના શિક્ષણનાં સંદર્ભમાં સમાન તક :

આપણી રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક મહત્ત્વનો ઉદ્દેશ વિકલાંગ બાળકોની સંભાળ અને એમનો પુનર્વસવાટ છે. ઈ.સ. 1982ની રાષ્ટ્રીય આરોગ્ય નીતિના દસ્તાવેજમાં જણાવ્યું છે કે :

''બૌદ્ધિક અક્ષમ, શ્રવણમંદ, અસ્થિ વિકલાંગ, અશક્ત વગેરેને તંદુરસ્તી લાવવા તેમજ એમની તબીબી સંભાળ માટે, ભૌતિક તથા સામાજિક પુનર્વસવાટ માટે સુસંકલિત કાર્યક્રમો શરૂ કરવા, સાથો-સાથ વિવિધ પ્રકારની વિકલાંગતા દૂર કરી શકાય તે માટે સુસંગઠિત કાર્યક્રમો શરૂ કરવાં. વધુમાં 20મી ઓગસ્ટ, ઈ.સ. 1986ના દિવસે જાહેર કરવામાં આવેલ નવા વીસ સૂત્રી કાર્યક્રમમાં આઠમી વિગત તરીકે સહુને આરોગ્ય બક્ષવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. અંધત્વ, અપંગો, મહારોગો વગેરેની નાબૂદી તરફ ખાસ ભાર આપવામાં આવ્યો છે.

સરકારે અપંગોના પ્રશ્નોના ઉકેલ માટે કેટલાંક લક્ષ્યાંકો સિદ્ધ કરવા કેટલાંક પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

દેશની ઈ.સ. 1881ની વસ્તી ગણતરી મુજબ 68 કરોડની કુલ વસ્તીમાં

| | લાખ |
|---|---|
| • અસ્થિ વિકલાંગતા | 54.3 |
| • પ્રજ્ઞાચક્ષુ | 34.7 |
| • શ્રવણમંદ | 27.5 |
| • શારીરિક રીતે અશક્ત | 6.2 |
| • રક્તપિત્તથી પીડાતા લોકોની સંખ્યા | 32.0 |

શારીરિક રીતે ખોડ-ખાંપણવાળા બાળકોની શિક્ષણની જવાબદારી સમાજની પણ ખરી જ. જેમાં લૂલાં, લંગડાં, બહેરાં, મૂંગા, અશક્ત, અંધ, પાંગળા વગેરે શારીરિક રીતે ખોડ-ખાંપણવાળા બાળકોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઇ.સ. 1986ના સંદર્ભમાં વિચારીએ તો શારીરિક ક્ષતિઓ ધરાવતા બાળકોને માટે જિલ્લા કક્ષાએ ખાસ નિવાસી શાળાઓની જોગવાઈ કરવામાં આવશે. શારીરિક રીતે અશક્તોને માટે વ્યાવસાયિક તાલીમની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. શારીરિક ક્ષતિવાળા બાળકોને શિક્ષણ આપનાર પ્રાથમિક શાળાના શિક્ષકોના તાલીમી કાર્યક્રમો ઉપર આ શિક્ષણ નીતિ ખાસ ભાર મૂકે છે. દૃષ્ટિ ઓછી, બોલચાલની સાધારણ ક્ષતિવાળા તથા અપંગ બાળકોને સામાન્ય બાળકોની સાથે જ શિક્ષણ આપવામાં આવશે.

શિક્ષણમાં સમાન તક માટેના પ્રયત્નોમાં શારીરિક રીતે ખોડ-ખાંપણવાળા બાળકોને શિક્ષણનો લાભ ન મળે તો અન્યાય જ લેખાય, લૂલાં, બહેરાં, લંગડાં, મૂંગા, અશક્ત વગેરે શારીરિક ખોડ-ખાંપણવાળા બાળકોને વિશિષ્ટ શિક્ષણની જોગવાઈ કરી શિક્ષિત કરી શકાય. આ બાળકોમાં પણ કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી છે, તેથી તેમને શિક્ષણમાં સમાન તકો મળવી જોઈએ. આ વર્ગના લોકો લઘુતાગ્રંથિથી ન પીડાય તેના માટે શિક્ષણમાં સમાન તકો ઊભી કરવી જોઈએ.

**(1) વિકલાંગ બાળકોના શિક્ષણમાં, સમાન તકની મુશ્કેલી :**

વિકલાંગ બાળકોના શિક્ષણમાં સમાન તક લાવવા માટે કેટલીક મુશ્કેલીઓ જોવા મળે છે જે નીચે મુજબ છે :

- **મૂલ્યાંકન :**

  વિકલાંગ બાળકોમાં વિવિધ પ્રકારના બાળકોનો સમાવેશ થાય છે. તેના માટે શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવે, પરંતુ આ બાળકોનું મૂલ્યાંકન કઈ રીતે કરવું તે એક મુશ્કેલી છે. તેથી શિક્ષણમાં સમાન તક લાવી શકાતી નથી.

- **સુવિધાઓનો અભાવ :**

  આ વર્ગના બાળકો માટે જરૂરી શિક્ષણ માટે વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. આ વર્ગમાં વિવિધ પ્રકારનાં બાળકો જોવા મળે છે. આ બધા માટે સગવડ કરવી મુશ્કેલરૂપ બની જાય છે. સગવડતાને અભાવે શિક્ષણમાં સમાન તક લાવવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

- **તાલીમી સંસ્થાઓનો અભાવ :**

  વિકલાંગ બાળકો માટે તાલીમી સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. તાલીમી સંસ્થાના અભાવને કારણે શિક્ષણ આપવાની વ્યવસ્થા મુશ્કેલ બની જાય છે.

- **ભાષાની મુશ્કેલીઓ :**

  આ વર્ગના બાળકોને શિક્ષણ આપવામાં ભાષામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. તેમની ભાષામાં શિક્ષણ આપનાર શિક્ષકોનો અભાવ જોવા મળે છે. તેથી અન્ય ભાષામાં શિક્ષણ મેળવવાની મુશ્કેલીઓ ઊભી થાય છે.

- **લઘુતાગ્રંથિ :**

  વિકલાંગ પોતાની શારીરિક અને માનસિક મુશ્કેલી હોવાથી લઘુતાગ્રંથિ પીડાય છે. અન્ય બાળકોની સાથે શિક્ષણ મેળવી શકતાં નથી.

- **અન્ય બાળકો અપમાનની દૃષ્ટિથી જુએ :**

  શાળામાં અન્ય બાળકો સાથે વિકલાંગ બાળકો શિક્ષણ લે તો અન્ય બાળકો અપમાનની નજરે જુએ છે. અન્ય બાળકો અપમાનની દૃષ્ટિથી જોતા હોવાથી લઘુતાગ્રંથિથી પીડાય છે. તેથી શિક્ષણમાં સમાન તક ઊભી કરવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

- **વર્ગમાં અટૂલાં પડી જાય :**

  વર્ગમાં આ પ્રકારના બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળે છે. તેથી અન્ય વર્ગના બાળકો

સાથે શિક્ષણ આપવામાં આવે તો વર્ગમાં તેઓની સંખ્યા ઓછી હોવાથી અટૂલાં પડી જતા શિક્ષણમાં રસ રહેતો નથી.

- **સમાજ દ્વારા અવગણના :**

  આ વર્ગના બાળકો તરફ સમાજ પણ તિરસ્કારની નજરે જુએ છે. આ બાળકોને એમ થાય છે કે અમારી અવગણના થઈ રહી છે. એટલે લઘુતાગ્રંથિ પીડાય છે. શિક્ષણમાં પૂરતાં પ્રમાણમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી. તેથી શિક્ષણમાં સમાન તક લાવવા માટે મુશ્કેલીઓ ઊભી થાય છે.

- **વ્યવસાયિક શિક્ષણનો અભાવ :**

  આ વર્ગના બાળકોને જલદી નોકરી મળી જાય તે પ્રકારના વ્યાવસાયિક અંગેની તાલીમ આપવામાં આવતી નથી, વ્યવસાયિક શિક્ષણના અભાવને લીધે શિક્ષણમાં સમાન તક લાવી શકાતી નથી.

તાલીમ આપવાની વ્યવસ્થા જોવા મળે છે ખરી, પરંતુ તેની માંગ ઓછી જોવા મળે છે.

દા.ત. વણાટકામ, મીણબત્તી, સાબુ વગેરે. અપંગો તેથી પૂરતા પ્રમાણમાં રોજી મેળવી શકતાં નથી.

- **ગ્રામ વિસ્તારોની ઉપેક્ષા :**

  ખાનગી સંસ્થાઓ મોટાભાગે શહેરી વિસ્તારોમાં સારવાર માટેની સંસ્થાઓ સ્થાપવાનું પસંદ કરે છે. સગવડો મેળવવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે. કેટલાંક રાજ્યો એવાં છે કે અપંગોની સંભાળ માટે કોઈ સગવડ નથી. પોતાના કુટુંબના સભ્યને ક્યાં લઈ જવો એ મોટો પ્રશ્ન ઊભો છે. ગરીબ લોકો મજૂરીની ચિંતામાં ડૂબેલા હોય છે. મજૂરીને ધ્યાનમાં રાખી નિર્ણય લે છે. એમનાં સમગ્ર કુટુંબનો આધાર દૈનિક મજૂરી ઉપર હોય છે. ગ્રામ વિસ્તારોમાં અપંગોના કિસ્સાઓ અજ્ઞાનનું પરિણામ છે.

**(2) વિકલાંગ બાળકોના સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

આવા બાળકોના શિક્ષણ માટે શિક્ષણની વિશિષ્ટ પ્રકારની જોગવાઈ કરી શકાય. પ્રત્યેક લોકશાહી દેશ આવા બાળકોની શિક્ષણની વ્યવસ્થા કરે છે જ, સમાજને પણ ખ્યાલ આવી ગયો છે કે આવા બાળકોમાં કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી છે. આવી શક્તિઓનો યોગ્ય વિકાસ કરવામાં આવે તો દેશના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી શકાય છે. આવા બાળકો શિક્ષણ લીધા વગર લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે, તેથી સમાજે આવા બાળકોના શિક્ષણ માટે સગવડતાઓ પૂરી પાડવી જોઈએ. સેવાનું કાર્ય સમાજે ઉપાડી લેવું જોઈએ. આ પ્રકારના બાળકોના શિક્ષણ અંગે નીચે જેવી કેટલીક બાબતો વિચારી શકાય :

**(1) અલગ શાળાની વ્યવસ્થા કરવી :**

આ વર્ગના બાળકો અન્ય વર્ગના બાળકો સાથે શિક્ષણ મેળવી શકતા નથી, તેના માટે કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે. તેથી આ વર્ગના બાળકો માટે અલગ શાળાની વ્યવસ્થા કરવી, જેથી લઘુતાગ્રંથિ વગર શિક્ષણ મેળવી શકે.

**(2) જીવન જરૂરિયાતની વસ્તુઓ તૈયાર કરે :**

આ વર્ગના બાળકો જીવન જરૂરિયાતની વસ્તુઓ તૈયાર કરી શકે તે માટે ઔદ્યોગિક તાલીમ આપવા માટેના શિક્ષણની વ્યવસ્થા કરવી, જેથી સમાજમાં તેમનું માન સચવાય.

**(3) નોકરી માટે પ્રથમ પસંદગી :**

આ વર્ગના બાળકો શિક્ષણ મેળવ્યા પછી તરત જ નોકરી મળી જાય તે માટે અનામત જગ્યાઓ ઊભી કરવી જોઈએ. અનામત જગ્યાઓ પુરાય, તે માટેનો ખાસ આગ્રહ રાખવો. જેથી શિક્ષણ લેવા માટેનો રસ ઉત્પન્ન થાય.

**(4) જરૂરી વિશેષ સગવડો પૂરી પાડવી :**

આ વર્ગના બાળકોને જરૂરી હોય તેવી વિશેષ પ્રકારની સગવડો પૂરી પાડવી જોઈએ. શિક્ષણ માટે જરૂરી વિશેષ સગવડ મળવાથી શિક્ષણ લેવા માટે રસ ઊભો થશે.

**(5) વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ :**

આ વર્ગના બાળકોને અનુકૂળ હોય તેવી વિશિષ્ટ પ્રકારની શિક્ષણ આપવા માટેની પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. તેને અનુકૂળ, શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ થવાથી શિક્ષણમાં સમાન તક લાવી શકાશે.

**(6) વિશિષ્ટ લિપિનો ઉપયોગ :**

પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે વિશિષ્ટ પ્રકારની લિપિ દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ બાળકોને તેને અનુરૂપ લિપિનો ઉપયોગ થવાથી શિક્ષણમાં સમાન તક લાવવામાં અનુકૂળતાઓ ઊભી થશે.

**(7) વાણી અને ભાષાનો ઉપયોગ :**

આ વર્ગના બાળકો માટે જે બાળકોને વાણી અને ભાષાના શિક્ષણ દ્વારા શિક્ષણ આપવાની જરૂર હોય તેને આપવા માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ખાસ કરીને શ્રવણમંદ બાળકો માટે ખાસ ભાષાની જરૂર પડે છે.

**(8) મૂલ્યાંકન માટે વિશિષ્ટ જોગવાઈઓ :**

આ વર્ગમાં વિવિધ પ્રકારનાં બાળકો જોવા મળે છે. તેથી મૂલ્યાંકન માટે દરેકને એક સરખી રીત અનુકૂળ ન આવે તેથી જે પ્રકારના બાળકો હોય તેવા પ્રકારની મૂલ્યાંકન માટેની પદ્ધતિ અપનાવવી જોઈએ, જેથી યોગ્ય ન્યાય આપી શકાય.

**(9) શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ મર્યાદિત રાખવું :**

આ વર્ગના બાળકો માટે વ્યક્તિગત શિક્ષણની જરૂર પડે છે. તેથી વર્ગમાં મર્યાદિત સંખ્યા રાખવી જોઈએ. વર્ગમાં 1:10નું પ્રમાણ હોય શિક્ષકો વ્યક્તિગત રીતે બરાબર ધ્યાન આપી શકે. જેથી બાળકોને જરૂરી માર્ગદર્શન મળવાથી શિક્ષણમાં વધુ રસ ઉત્પન્ન થાય.

**(10) શિક્ષકોને તાલીમ આપી તૈયાર કરવા :**

આ વર્ગના બાળકો માટે વિશિષ્ટ પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કરવી પડે છે. તેથી શિક્ષકોને જરૂરી તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. જેથી તેમને શિક્ષણ કામ કરવામાં રસ ઉત્પન્ન થાય.

**(11) સંશોધન અને પ્રયોગો હાથ ધરવા :**

આ વર્ગના શિક્ષણ માટે તેમજ તેમનાં પ્રશ્નો અંગે જરૂરી સંશોધનો અને પ્રયોગો હાથ ધરવાં જોઈએ, તે માટે શિક્ષકોને જરૂરી પ્રોત્સાહન તેમજ નાણાકીય જોગવાઈની વ્યવસ્થા પણ કરી આપવી જોઈએ. જેથી આ વર્ગના બાળકો માટે શિક્ષણમાં પરિવર્તન લાવી શકાય.

**(12) વિદેશી સહાય :**

અપંગોની સારવાર, તાલીમ, પુનર્વસવાટની સરકારી સંસ્થાઓના નિભાવ માટેનાં બધાં જ નાણાં સરકાર પૂરાં પાડે છે. એના કર્મચારી સરકારી નિયમોને આધીન છે. ખાનગી સંસ્થાઓની નાણાંકીય મદદ પણ મળે છે. દેશમાં ખાસ કરીને નાણાંકીય સાધનોની તંગી છે. એના કારણે આપણી ઘણી ખાનગી સંસ્થાઓ આજે ઘણા વર્ષોથી વિદેશમાંના લોકો અને સંસ્થાઓના ફાળા ઉપર આધાર રાખતી થઈ છે. ગમે તેમ પણ હમણાંથી સરકારે આવા વિદેશી ફાળા સ્વીકારવા ઉપર અંકુશો મૂક્યાં છે. ખ્રિસ્તી સંગઠનો આ ક્ષેત્રે કાર્ય કરે છે અને ફાળો એકઠો કરે છે.

## 4.8 શિક્ષણમાં પ્રાથમિક સ્તરે અસમાન સ્થિતિઓ :

- સામાજિક સ્તરોને લીધે શિક્ષણના માળખામાં વિવિધતા જોવા મળે છે. આર્થિક પરિસ્થિતિ અને જ્ઞાતિ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. તેના પરિણામે સામાજિક સ્તરોનો ભેદ વધે છે. પૈસાદાર અને ગરીબ વર્ગ વચ્ચેનું માળખું અલગ અલગ જોવા મળે છે. જ્યાં પૈસાદાર લોકો વધુ રહેતા હોય ત્યાં વધુ સારી સગવડતાવાળું શિક્ષણનું માળખું જોવા મળે છે. શિક્ષણ સંસ્થાઓ પણ સામાજિક વર્ગોથી પ્રભાવિત હોય છે. શૈક્ષણિક તકોમાં પણ સામાજિક વર્ગોની ભિન્નતાનું અનુસરણ થતું હોય છે. તેમાં વ્યક્તિ, જ્ઞાતિ, ધર્મ, પ્રાન્ત, ભાષા, જાતિ અને જનજાતિની ભિન્નતાઓ પણ શૈક્ષણિક તકોમાં ભાગ ભજવે છે.
- આ પ્રકારની શૈક્ષણિક અસમાનતાને લીધે જે તે વૈવિધ્યના પરિણામે શિક્ષણના પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો જુદી પડે છે. જેની શૈક્ષણિક સિદ્ધિ પર અસર જોવા મળે છે.
- શાળાઓનું પ્રમાણ ગરીબ વર્ગના વિસ્તારો કરતાં અમીર વર્ગના વિસ્તારો વધારે છે. ગરીબ વર્ગના વિસ્તારોમાં રહેઠાણ કે ભૌતિક સગવડોનો અભાવ જોવા મળે છે. આવા વિસ્તારોમાં શિક્ષણના પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો જુદી પડે છે. જેની શૈક્ષણિક સિદ્ધિ પર અસર જોવા મળે છે.
- જો શાળા પછાત વિસ્તારમાં હોય તો ત્યાંના શિક્ષણ અંગેના પ્રશ્નો અલગ હોવાના, એ જ પ્રમાણે સમૃદ્ધ વિસ્તારમાં આવેલી શાળાના પ્રશ્નો પણ અલગ હોય. આ પ્રકારની અસમાનતાને કારણે શાળામાં વિદ્યાર્થીની હાજરી, સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ, શિસ્ત, વિદ્યાર્થી-શિક્ષક સંબંધ વગેરે પર અસર જોવા મળે છે.
- અમીર વર્ગના વિસ્તારોમાં શાળાઓ વધુ જોવા મળે છે. આપણા સમાજમાં ઉચ્ચસ્તરની જરૂરિયાત મુજબ શાળાઓ શરૂ થાય છે અને નિમ્ન સ્તરની જરૂરિયાત મુજબ પણ શાળા શરૂ થતી નથી.
- ભિન્ન ભિન્ન વર્ગો પ્રમાણે શિક્ષણની સ્થિતિ જુદી જુદી જોવા મળે છે. સામાજિક વર્ગો અનુસાર તે વર્ગના બાળકોને શિક્ષણની તકો ભિન્ન ભિન્ન મળતી હોય છે.
- જ્ઞાતિ કે ધર્મના પ્રભુત્વ ધરાવતાં મંડળો તેમના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે પ્રેરણા પૂરી પાડવાના પ્રયત્નો કરે છે. જેમાં પુસ્તકો, સ્કોલરશીપ, શિક્ષણ ફી, ઈનામો, છાત્રાલયની વ્યવસ્થા વગેરે. જ્યારે પછાત કોમના વિદ્યાર્થીઓ માટે જ્ઞાતિ કે ધર્મ આધારિત આ પ્રકારની સગવડતાઓ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.
- ભટકતું જીવન ગાળતી વિચરતી અને વિમુક્ત જાતિના લોકોના શિક્ષણમાં ભારે અસમાનતા પ્રવર્તે છે. દલિતો, આદિવાસીઓ, પછાત લોકોના શિક્ષણમાં પણ ભિન્નતાઓ દેખાય છે.
- શિક્ષણમાં તેમના બાળકોની નોંધણી, તેમની ભાષા પ્રમાણેનું શિક્ષણ, તેમની ભાષામાં શિક્ષણ આપે તેવા શિક્ષકો, હોસ્ટેલ, તેમનું સ્થાયીકરણ વગેરે જેવી ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ વચ્ચે શિક્ષણના પ્રાથમિક સ્તરે અસમાનતાઓ જોવા મળે છે.

## 4.9 શિક્ષણમાં અસમાનતાનાં પરિમાણો :

- શિક્ષણમાં અસમાનતાનાં પરિમાણોની શિક્ષણમાં અસર થતી જોવા મળે છે. શિક્ષણમાં અસમાનતાના પરિમાણોમાં આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે જોવા મળે છે. આ પરિમાણોની અસરને લીધે શિક્ષણના લાભથી કેટલાક લોકો વંચિત રહી જતા હોય છે. તેથી અમુક વર્ગના વિકાસને તે અવરોધે છે. પરિમાણો નીચે મુજબ છે :

### (1) આર્થિક પરિમાણ :

- આર્થિક પરિમાણને લીધે શિક્ષણ પર અસર થાય છે. આર્થિક નબળાઈને કારણે કેટલાંક કુટુંબો પોતાનાં સંતાનોને સારું શિક્ષણ અપાવી શકતા નથી. શિક્ષણ માટે ગરીબાઈને અભિશાપ

ગણવામાં આવે છે. આર્થિક પરિસ્થિતિ અનુસાર જે લાભો અન્યને મળે છે તે લાભો ગરીબને મળતાં નથી.

- અપૂરતો ખોરાક અને નબળું સ્વાસ્થ્ય શિક્ષણના કાર્યમાં અવરોધક બને છે. તેથી શિક્ષણ નબળું પડે છે. આમ શિક્ષણમાં નબળી પડતી કામગીરીને લીધે લોકો શિક્ષણ મેળવવાનું છોડી દે છે. તેનાથી શિક્ષણમાં અસમાનતા પેદા થાય છે અને આવા વિદ્યાર્થીઓ શિક્ષણના અધિકાર કે લાભોથી વંચિત રહી જાય છે. આમ તેમનો શૈક્ષણિક દરજ્જો ઓછો થતો જાય છે.
- આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી બાળકોને વાલીઓ શાળામાં મોકલતાં નથી. શાળામાં અનિયમિત રીતે આવે છે. ઘરમાં ભૌતિક સગવડો જોવા મળતી નથી. શિક્ષણ મેળવવામાં અવરોધક બને છે. બે ટાઈમનો ખોરાક પણ પૂરતો મળતો ન હોય તો શિક્ષણ નબળું પડે છે.

**(2) સામાજિક પરિમાણ :**

- આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી શિક્ષણમાં અસમાનતા જોવા મળશે. તેથી વ્યક્તિ, જ્ઞાતિ, ધર્મ, સામાજિક સમૂહ, જાતિ, શહેરી અને ગ્રામીણ લોકોમાં અસમાનતાની મૂંઝવણ પેદા થાય છે. તેનાથી સામાજિક અવરોધોનો દર વધે છે. જે કોમી રમખાણો તરફ પ્રેરે છે. આ પ્રકારની અસમાનતા શિક્ષણમાંના ભેદને લીધે સાકાર થાય છે. આવા બનાવો રાષ્ટ્રને માટે દુર્ભાગ્યપૂર્ણ ગણાય. કારણ કે રાષ્ટ્રની પ્રગતિને રુંધે છે. આ રીતે શિક્ષણમાં અસમાનતાનું સામાજિક પરિમાણ અસર કરતું હોય છે.
- વાલીઓ અભણ હોય તો તેની પણ શિક્ષણ પર અસર થાય છે. વાલીઓને અભ્યાસમાં રસ ઓછો હોય છે. બાળકોને શાળાએ મોકલતાં નથી. શિક્ષણનું વાતાવરણ જોવા મળતું હોતું નથી. તેથી શિક્ષણમાં અસમાનતા જોવા મળે છે.

**(3) રાજકીય પરિમાણ :**

- શિક્ષણની અસમાન તક અને શૈક્ષણિક દરજ્જાની અસમાનતાને લીધે વર્ગવિગ્રહ એક સામાજિક સમસ્યા બની જાય તો લોકશાહીનો કોઈ અર્થ રહેતો નથી. અહીં રાજકીય પ્રક્રિયામાં ઓછા લોકોની ભાગીદારી લોકશાહીને અધોગતિ તરફ લઈ જાય છે. અસમાન લોકોમાં, અસમાન રાજકીય પ્રક્રિયા તે લોકશાહીનો અસ્વીકાર ગણાય.
- ગરીબ લોકોને આર્થિક લાભોથી વંચિત રાખવાં કે તેમને શૈક્ષણિક રીતે પછાત રાખવાથી સમાજનું વિભાજન થઈ જાય છે. આ પ્રકારની અસમાનતા ઊભી કરનારી રાજકીય પ્રક્રિયા શિક્ષણમાં અસમાનતાને પ્રેરનારું રાજકીય પરિમાણ છે.
- શિક્ષણમાં રાજકારણનો પ્રવેશ થતો હોય તો શિક્ષણમાં અસમાનતા ઊભી થાય છે. શાળાનો વહીવટ પણ બરાબર થતો નથી. શિક્ષણ સુધારા માટે રાજકીય પ્રવેશ થવાથી કોઈ નિર્ણય પર આવી શકાતું નથી.

**(4) સાંસ્કૃતિક પરિમાણ :**

- સંસ્કૃતિના વિકાસ માટે, તંત્રમાં સારું વાતાવરણ હોવું ખૂબ જ જરૂરી છે. સમાજનું સારું વાતાવરણ ન હોય તો સાંસ્કૃતિક વિકાસ અટકી જાય છે. રાજકીય સ્થિરતાનો અભાવ, આર્થિક ગતિ શૂન્યતા, સામાજિક અવરોધો અને શૈક્ષણિક અસમાનતા વગેરે જે સમાજના સમૂહને એકબીજાથી જુદાં પાડે છે.
- બુદ્ધિજીવી વર્ગ પણ સાંસ્કૃતિક નીતિમત્તા ઉપરથી કાબૂ ગુમાવી બેસે છે. સાંસ્કૃતિક ભિન્નતાને લીધે શિક્ષણમાં અસમાનતા પેદા થાય છે. અહીં સામાજિક સ્તરો, વર્ગો, જ્ઞાતિઓ, ધર્મો, પ્રાંતો, ભાષાઓ, જાતિઓ, જનજાતિઓ વગેરેનું વૈવિધ્ય છે. આના લીધે સાંસ્કૃતિક અસમાનતા જોવા મળે છે. આવી ભિન્નતાઓમાં લોકોની રહેણીકરણી, રીતરિવાજો, રૂઢિઓ, માન્યતાઓ, વહેમો, કુરિવાજો, વગેરેના કારણે શિક્ષણમાં અસમાનતા પ્રવર્તે છે.

**(5) શૈક્ષણિક પરિમાણ :**

- લોકોને શિક્ષણની સમાન તક ન મળવાથી શૈક્ષણિક વિકાસનો દર નબળો રહે છે. લોકોનું અજ્ઞાન, પ્રેરકબળનો અભાવ, માહિતી અને વિકાસાત્મક દૃષ્ટિકોણની કમી, ઓછી શૈક્ષણિક માંગ અને આધુનિક વ્યવસ્થાનો અભાવ, જેમાં ઓછા પ્રયોગો અને શૈક્ષણિક પદ્ધતિની અસમાનતાને કારણે શિક્ષણમાં ભિન્નતા ઊભી થાય છે.
- વાલીઓની આર્થિક પરિસ્થિતિ નબળી, અભણ વાલીઓ શિક્ષણ તરફ ઓછો રસ લે છે. રહેઠાણના સ્થળે ભૌતિક સગવડતાનો અભાવ વગેરે શિક્ષણની અસમાનતા માટે કારણભૂત છે.

## 4.10 શિક્ષણમાં અસમાનતાને ઘટાડવાની વ્યૂહરચનાઓ :

- સામાજિક વર્ગો શિક્ષણનું મહત્ત્વ સમજે તેવાં પ્રયત્નો કરી શકાય.
- અસમાનતાને ઘટાડવાની વ્યૂહરચનાઓ :

  (1) સૂક્ષ્મ આયોજન (2)લઘુત્તમ અધ્યયન કક્ષા (3) માળખાકીય પરિવર્તન (4) શિક્ષક-પ્રશિક્ષણની અસર

**(1) સૂક્ષ્મ આયોજન :**

- શિક્ષણમાં અસમાનતાને ઘટાડવાનું સૂક્ષ્મ આયોજન કરવાનું વિચારવામાં આવે છે. જે લોકો શિક્ષણની તકથી વંચિત વર્ગ માટે જુદી વ્યવસ્થા કરીને, લક્ષ્ય પાર પાડવાનું, પદ્ધતિસરનું સૂક્ષ્મ આયોજન કરવા માટે તેની કાર્ય યોજના, કુટુંબ પ્રમાણે અને બાળક પ્રમાણે આયોજિત કરે. આ પ્રકારના વિસ્તારોમાં અનૌપચારિક શિક્ષણ કેન્દ્રો દ્વારા સ્વચ્છતા અભિયાન, સ્વાસ્થ્ય અને પોષણ શિબિર, રોજગારી ઉત્પાદન માટે તાલીમ જેવા કાર્યક્રમોની યોજના બનાવી શકાય. જેના માટે સ્થાનિક વહીવટી માળખું ઊભું કરવામાં આવે.
- સ્થાનિક સમુદાયને માટે શૈક્ષણિક વહીવટનું વિકેન્દ્રીકરણ કરવું, તે માટેનાં સાધનો પૂરાં પાડવાં, વ્યાપક જનસંખ્યાનો અભ્યાસ કરીને વિસ્તારની શૈક્ષણિક જરૂરિયાતો નક્કી કરવી, ત્યાંનાં બાળકોની નોંધણી અને તેને શિક્ષણમાં ટકાવી રાખવાના પ્રયત્નો કરવા. બાલિકાઓની વધુ સંખ્યામાં શિક્ષણ સામેલ થાય તેવાં પ્રયત્નો કરવામાં આવે.
- ભારતમાં શૈક્ષણિક રીતે પછાત જિલ્લાઓની યાદી તૈયાર કરવામાં આવેલી છે. તેની સંખ્યા 247 છે. આવા જિલ્લાઓ માટે શિક્ષણમાં અસમાનતા ઘટાડવા માટે યોજના, સમુદાયની ભાગીદારી, સિદ્ધિ, શિક્ષણ માટે વાતાવરણ નિર્માણ કરવા અંગેનું આયોજન કરવામાં આવે.
- જે જિલ્લાઓમાં પૂર્ણ સાક્ષરતા પ્રાપ્ત થઈ છે, ત્યાં ઉચ્ચ સાક્ષરતા હાંસલ કરવા માટેની વ્યૂહરચના સમુદાયની જાગૃતિ ઊભી કરવાની થાય છે. ઉચ્ચ સાક્ષર જિલ્લાઓમાં શિક્ષણની ગુણવત્તા તેમજ સફળતા પછી, નોંધણી વગરનાં બાળકો ભણી લક્ષ્ય આપવામાં આવે છે.

**(2) લઘુત્તમ અધ્યયન કક્ષા :**

- આ પ્રકારની વ્યૂહ રચનામાં શિક્ષણની ગુણવત્તા તેમજ સમાનતાના સિદ્ધાંતને મહત્ત્વ આપવામાં આવે છે. તે માટેના પ્રયાસોમાં વિદ્યાર્થી અભ્યાસની સિદ્ધિ જે સ્તરે છે તેનું મૂલ્યાંકન જે સમય અને ક્ષેત્ર માટે સિદ્ધિ મેળવે, તેના માટેનું અર્થઘટન, વિદ્યાર્થી માટેનો અભ્યાઅને શિક્ષકના કાર્યની સ્પષ્ટતા, વર્ગખંડમાં ચાલતી શિક્ષણની પ્રવૃત્તિ પરની આ વ્યૂહરચના છે. તે વિદ્યાર્થીએ પ્રાપ્ત કરવાની લઘુત્તમ અધ્યયન કક્ષા સ્તર માટેની વ્યૂહરચના છે. જેને Minimum Level of Learning કહે છે.
- શિક્ષણની અસમાનતામાં ઘટાડો થાય, શિક્ષણની ગુણવત્તા સુધરે તેવાં પ્રયત્ન હાથ ધરવામાં આવે છે.

- વિદ્યાર્થી અભ્યાસના જે સ્તર પર છે તેનું મૂલ્યાંકન કરવામાં આવે. નબળા વિદ્યાર્થીઓની માહિતી મેળવીને તેને સુધારવા માટે આયોજન કરવામાં આવે.

**(3) માળખાકીય પરિવર્તન :**

- વર્તમાન સમયમાં શાળામાં શિક્ષણનું માળખું કેવું છે તેમાં ફેરફાર કરવામાં આવે, તેનો વધુ સારો ઉપયોગ થાય તે માટે વિચારવામાં આવે છે. સર્જનાત્મકતા વધારવા માટે માળખાકીય પરિવર્તનો જરૂરી બને છે.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી છે? તે નબળી પડવાનાં કારણો, વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક સ્થિતિ, અમીર વર્ગની ભૂમિકા, શૈક્ષણિક સિદ્ધિમાં વધારો કરવામાં નીતિ-નિયમોની ભૂમિકા, સિદ્ધિ ઊંચી લાવવા પ્રયત્ન કરતી શાળાઓ, વર્ગખંડ, શીખવવાની પદ્ધતિઓ, ભૌતિક સગવડો વગેરે ઘટકો પર ભાર મૂકવામાં આવે છે.
- ઉપરની બાબતો ધ્યાનમાં રાખી માળખાકીય પરિવર્તનો વિચારવા પડે. તેના માટેનું આયોજન વિચારવું પડે. શિક્ષણમાં જે ગુણાત્મક અસમાનતા અને પરિમાણાત્મક અસમાનતા જોવા મળે છે તે બંનેનું મૂળ સામાજિક માળખાનાં જુદાં જુદાં પાસાંઓની અસર પર નિર્ભર છે. તેથી માળખાકીય પરિવર્તનથી આ પાસાંઓને શિક્ષણને અનુરૂપ બનાવવા પડે.
- જે બાળકોને ઘરે મળખાકીય સગવડ મળતી નથી તેવાં બાળકો માટે શાળામાં માળખાકીય સગવડ પૂરી પાડવામાં આવે.

**(4) શિક્ષક-પ્રશિક્ષણની અસર :**

- ભારતીય શિક્ષણમાં જે અસમાનતા પ્રવર્તે છે તેનાથી શિક્ષકોને પ્રશિક્ષણ વખતે જ વાકેફ કરવાની વિચારણા કરવામાં આવે. શિક્ષક-પ્રશિક્ષણમાં સુધારો કરવાથી શાળાઓના શિક્ષણમાં સુધારો થશે. તેનાથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર ઊંચું જશે. ખાસ તો શાળાઓમાં કાર્યરત શિક્ષકો માટે સામૂહિકપણે પ્રશિક્ષણ પૂરું પાડવામાં આવે. તે માટે મોટાપાયે શિક્ષક અભિમુખતા કાર્યક્રમની યોજના અમલમાં મૂકીને, તાલીમ માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવે. જેનાથી વિષય શિક્ષણની ગુણવત્તા અને જે તે વિષયને વિદ્યાર્થી સુધી પહોંચાડવાની પ્રક્રિયામાં સુધારો થાય. તેથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને ટકાઉપણામાં હકારાત્મક અસર જોવા મળે.
- શિક્ષક-પ્રશિક્ષણમાં સુધારાની સાથે તેની અસરકારકતાનો પણ વિચાર કરવો રહ્યો. તે માટે શિક્ષણની વધારે સામગ્રીઓ કે સાધનો પૂરાં પાડીને કાર્યરત શિક્ષકોની ગુણવત્તામાં પ્રગતિ લાવી શકાય.
- ઓછા પ્રશિક્ષિત કે અપ્રશિક્ષિત શિક્ષકોને ચાલુ નોકરીએ તાલીમ આપવી, તેમને સામાજિક અસમાનતાનો ખ્યાલ આપવો. વિદ્યાર્થીઓમાં ઊંચ-નીચના ભેદવાળી પરિસ્થિતિ સમજાવવી.
- નવા અભ્યાસક્રમ માટે શિક્ષકોને સુસજ્જ કરવાં. શિક્ષકોના પૂર્વ-સેવાકાલીન અને સેવાકાલીન પ્રશિક્ષણમાં નક્કર અને વાસ્તવિક સુધારણા કરવાથી શાળેપ શિક્ષણ અસરકારક બનશે.
- શિક્ષક-પ્રશિક્ષણને અસરકારક બનાવવા માટે તેમાં શૈક્ષણિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની જરૂરિયાત છે. આ પ્રકારે તાલીમી શિક્ષકો દ્વારા શિક્ષણમાં રહેલી અસમાનતા ઘટાડવાનો પ્રયત્ન કરવાનો છે.

## 4.11 ભારતીય શિક્ષણ પદ્ધતિ :

**કેટલીક સમસ્યાઓ :**

- ભારતીય શિક્ષણમાં રહેલી અસમાનતાઓને લીધે સમાજના કેટલાંક વર્ગને માટે શિક્ષણમાં

પાયાની સગવડ સંદર્ભે સમસ્યાઓ જોવા મળે છે. તેના પરિણામે સમગ્રપણે શિક્ષણનો ઓછો વિકાસ દેખાય છે.

- આ સમસ્યાઓ જેવી કે શાળા શિક્ષણમાં અસમાનતા, શિક્ષણના સાર્વત્રિકરણ સંબંધિત સમસ્યાઓ, વર્તમાન પરીક્ષાતંત્ર સંબંધિત સમસ્યાઓ, માધ્યમિક શિક્ષણના વ્યાવસાયીકરણ સંબંધિત સમસ્યાઓ વગેરે છે. જેની રજૂઆત નીચે મુજબ છે :

**(1) શાળા શિક્ષણમાં અસમાનતા :**

- ભારતીય શિક્ષણ પદ્ધતિમાં શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓની સંખ્યા, અનેક પ્રકારના અભ્યાસક્રમો, શિક્ષકો અને અન્ય સુવિધાઓના સંદર્ભે વિસ્તાર દેખાય છે. છતાં આ પ્રણાલિ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે.
- શાળાના સ્થળનું અંતર, શાળામાં વિદ્યાર્થીઓની નોંધણી, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનાં સંતાનોની શાળામાં ઓછી સંખ્યા, ખાસ કરીને બાલિકાઓની ઓછી સંખ્યા, કુટુંબનો અસહકાર, શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા, પછાત વિસ્તારમાંની શાળાઓમાં શિક્ષણની જરૂરી સુવિધાઓનો અભાવ, વિદ્યાર્થીઓની ઓછી હાજરી, ત્યાં ટકનારાની ઓછી સંખ્યા, શિક્ષણની નબળી ગુણવત્તા, ત્યાં ભણવામાં વિદ્યાર્થીઓનો ઓછો રસ, અણગમો વગેરે બાબતે શાળા શિક્ષણની અસમાનતાઓથી સમસ્યાઓ સર્જાય છે.
- વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ નબળી, વાલીનું અપૂરતું શિક્ષણ વગેરેને કારણે શાળામાં વિદ્યાર્થીઓની હાજરી અનિયમિત જોવા મળે છે. ખેતીની સીઝનમાં વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહેતાં નથી. આથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા જોવા મળે છે.

**(2) શિક્ષણના સાર્વત્રિકરણ સંબંધિત સમસ્યાઓ :**

- આપણે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવી રહ્યા નથી. બાળક અભ્યાસ પૂરો કરવા માટેના નિર્ધારિત વર્ષો કરતાં વધારે વર્ષો લે છે. આથી પ્રાથમિક કક્ષા શાળાએ છોડી દેનારાઓનો ઊંચો દર છે. શાળાનાં ધોરણમાં નિષ્ફળતાને લીધે વિદ્યાર્થી સ્થગિત થઈ જાય છે.
- બંધારણીય સગવડ પ્રમાણે બાળકે સાર્વત્રિક, મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવા માટે ઓછામાં ઓછાં આઠ વર્ષ શાળામાં હાજરી આપેલી હોવી જોઈએ. કોઈ બાળક નિયમિતપણે પાસ થતું હોય તો આઠ વર્ષે આ અભ્યાસ પૂરો થાય. જો ખરેખર આવું ન બને, કોઈ બાળક વચ્ચે અમુક ધોરણમાં નાપાસ થાય તો સ્થગિતતા ઊભી થાય છે. આ સ્થિગતતા પણ શિક્ષણના સાર્વત્રિકરણ માટે એક સમસ્યા છે.
- શાળામાં બાળકની હાજરી ઓછી હોવાથી, બાળક જે તે ધોરણમાં નાપાસ થાય છે. એક જ ધોરણમાં વધુ સમય માટે એક જ ધોરણમાં  રહેવું પડે છે. આવી પરિસ્થિતિ ઊભી થવાથી બાળક ઊઠી જાય છે. જેથી સાર્વત્રિકરણ માટે સમસ્યા ઊભી થાય છે.

**(3) વર્તમાન પરીક્ષાતંત્ર સંબંધિત સમસ્યાઓ :**

- વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં ખામીઓ જોવા મળે છે. આ ખામીઓ શિક્ષણના સાર્વત્રિકરણ બાબતે સમસ્યાઓ સર્જે છે. અહીં ગુણવત્તા ઉપર નિયંત્રણ વિદ્યાર્થીઓના પાસ કે નાપાસ થવાના સ્વરૂપમાં થાય છે. જુદાં જુદાં ધોરણો, વિભાગો અને ગુણો એ વિદ્યાર્થીઓની ઓળખ છે.
- મુદ્દાલિયર શિક્ષણ પંચે 1952માં નોંધ્યું છે કે આપણી પરીક્ષાઓ પાઠ્યક્રમ ને અનુસરવાની જગ્યાએ એને ઘડે છે. પ્રયોગશીલતાને અવરોધે છે. વિષયોને વ્યવસ્થિત ન્યાય આપવામાં અને શિક્ષણની પદ્ધતિઓને અવરોધે છે.
- વર્તમાન પરીક્ષા પદ્ધતિ સંપૂર્ણરીતે નિષ્ફળ નીવડી છે. જેના લીધે વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરે છે. પરીક્ષાને ધ્યાનમાં રાખી તૈયારી કરે છે.

- પરીક્ષામાં ચોરીનું વધુ પ્રમાણ, પ્રશ્નપત્રોની નિમ્ન ગુણવત્તા, નિબંધ પ્રકારના પ્રશ્નોનું વધુ ભારણ, ગુણાંકનમાં આત્મલક્ષિતા, પરીક્ષાઓનો ગેરવહીવટ, પરીક્ષાઓની પ્રમાણભૂતતામાં ઉણપ વગેરે સમસ્યાઓ છે.

**(4) માધ્યમિક શિક્ષણના વ્યાવસાયીકરણ સંબંધિત સમસ્યાઓ :**

- શિક્ષણના વ્યાવસાયીકરણની જરૂર અંગેની ચર્ચા સૈકાઓથી ચાલી રહી છે. ખાસ કરીને માધ્યમિક શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી સમાજને ઉપયોગી એવું ઉત્પાદનલક્ષી-વ્યાવસાયિક શિક્ષણ મેળવતો થાય તેવું આયોજન અમલીકરણ જરૂરી છે. જે તેને ભવિષ્યમાં આર્થિક, સામાજિક અને માનસિક રીતે ઉપયોગી થાય. આવું ન થાય તો એક સમસ્યા બને.
- વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક અને વાણિજ્ય ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવાથી આ સમસ્યા હળવી બને પણ તે પ્રમાણે થતું નથી.
- કુશળ અને કેળવાયેલાં કારીગરોની તાલીમ વગેરેના અભાવે માધ્યમિક શિક્ષણના વ્યાવસાયીકરણ સંબંધિત સમસ્યાઓ ઊભી થવા પામી છે.
- કંપનીમાં જે પ્રકારના કારીગરોની જરૂર છે, તે પ્રમાણે કારીગરો તૈયાર થતાં નથી.

## 4.12 શિક્ષણમાં સાર્વત્રિકરણ, વ્યાવસાયીકરણ અને વિકેન્દ્રીકરણનું પ્રયોજન :

- પ્રત્યેક રાષ્ટ્ર પોતાના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક, રાજનૈતિક વિકાસ માટે પોતાની આગવી અલગ શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ કરે છે. રાષ્ટ્રીય લક્ષ્યોની પ્રાપ્તિ માટે શિક્ષણને એક શક્તિશાળી માધ્યમ ગણીને, તેમાં સાર્વત્રિકરણ, વ્યાવસાયીકરણ, વિકેન્દ્રીકરણ પ્રયોજવાનો અભિગમ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના અમલીકરણમાં સમાવાયો છે, જે નીચે મુજબ છે :

**(1) શિક્ષણમાં સાર્વત્રિકરણ :**

- દેશની વસ્તીના પ્રમાણમાં શિક્ષણ લેનારાની સંખ્યા ઓછી જણાય છે. ગ્રામ્ય વિસ્તાર, આદિવાસી વિસ્તારો, વનવાસી વિસ્તારો, ઉપરાંત સ્થળાંતરિય લોકો માટે, સ્ત્રીઓ માટે શિક્ષણની વ્યવસ્થા સંદર્ભે ઉણપ વર્તાય છે. પરિણામે સમાજનું એક સ્તર શિક્ષણથી વંચિત રહી જાય છે. આના ઉકેલ માટે શિક્ષણમાં સાર્વત્રિકરણ જરૂરી છે. ભારતના બંધારણની જોગવાઈ અનુસાર કલમ 291અ પ્રમાણે 6થી 14 વર્ષની ઉંમર અને લઘુમતિ સમૂહને શિક્ષણની સવલતો પૂરી પાડવા માટે રાજયને ફરજ પાડે છે. પ્રાથમિક કક્ષાએ શાળા શિક્ષણનું સાર્વત્રિકરણ સૂચવે છે. તેને અસરકારક બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. તે માટેની નીતિ, શાળા અસરકારકતાના કાર્યક્રમો, સમુદાયનો સહયોગ, વાલીઓના સામાજિક, આર્થિક દરજ્જાનું નિરીક્ષણ અને સુધારણા જેવી બાબતો પર ધ્યાન અપાયું છે. ક્ષેત્રીય અસમાનતાઓ વિવિધ રીતે દૂર કરવામાં આવી રહી છે.
- ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, કન્યાઓ, અન્ય પછાત વર્ગો, દૂરના ક્ષેત્રે અને જિલ્લાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષણમાં સાર્વત્રિકરણની સમસ્યા દૂર કરવામાં આવી રહી છે.

**(2) શિક્ષણમાં વ્યાવસાયીકરણ :**

- આપણા દેશના વિકસતા અર્થતંત્રમાં ઉદ્યોગ, વેપાર, પરિવહન, ખેતી તથા અન્ય ક્ષેત્રોમાં આવશ્યક કુશળ કારીગરો, કર્મચારીઓ તૈયાર કરવા, પ્રત્યેક વિદ્યાર્થીને પૂરી તક આપી જરૂરી કૌશલ્યોનો સઘન વિકાસ એવી રીતે સાધવો જેથી માનવબળનો શક્તિશાળીઅને સૂક્ષ્મ ઉપયોગ થઈ શકે. પરિણામે સારું અને વધારે ઉત્પાદન થઈ શકે.
- આ ધ્યેય સાથે શિક્ષણમાં વ્યાવસાયીકરણ દાખલ કરવામાં આવ્યું.
- આમ, વ્યાવસાયિક શિક્ષણમાં ટેક્નિકલ, યંત્ર, કૃષિ, વાણિજ્ય, લલિતકલાઓ, ગૃહ વિજ્ઞાન વગેરે વિષયોનો સમાવેશ થાય છે. આમ, ધંધાકીય શિક્ષણમાં ટેક્નિકલ સ્કૂલો, કૃષિ,

વાણિજ્ય વિદ્યાલયો, વિવિધલક્ષી શાળાઓ, લલિતકલા અને ગૃહ વિજ્ઞાનની શાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ, ઔદ્યોગિક તાલીમી સંસ્થાઓ, વૈદ્યકીય સ્વાસ્થ્ય સેવાઓની તાલીમી સંસ્થાઓ, વગેરેનો સમાવેશ થાય છે.

- જે કામો વ્યવસાયથી પ્રતિષ્ઠા પામ્યાં છે તે બધાંને લગતી તાલીમ-શિક્ષણથી આવરી લેવામાં આવે છે. કોઈ એક ધંધો, રોજગાર, કામ કે જેમાં પ્રત્યક્ષ કાર્યાનુભવ પૂરાં પાડી, વિદ્યાર્થીને આવશ્યક જ્ઞાન, પ્રાવિણ્ય, કૌશલ્ય બક્ષે અને એ પૂરા કર્યા પછી તરત કામધંધો મેળવી આપે તે જરૂરી છે. જીવન વ્યવસાયોમાં જેટલું વૈવિધ્ય છે એટલું જ વૈવિધ્ય આ વ્યવસાયી શિક્ષણમાં હોવું જોઈએ.

**(3) શિક્ષણમાં વિકેન્દ્રીકરણ :**

- ગામ, તાલુકા અને જિલ્લાના સ્તરે શિક્ષણના વહીવટને વિકસિત કરવા માટેની આ યોજના છે. સંસ્થાકીય વહીવટી ક્ષમતાઓને આ પ્રકારના નાના એકમોમાં કાર્યરત અને વિકસિત કરવાનો આ અભિગમ છે. જેથી તેઓ શિક્ષણની વિવિધ યોજનાઓને સફળ રીતે ચલાવવામાં યોગદાન આપી શકે, તે માટે તેમનો સહયોગ અને ઊંડી સંમજણ પ્રત્યેક કક્ષાએ જરૂરી છે.

દા.ત. આયોજન, નિરીક્ષણ અને શિક્ષણ યોજનાઓને લાગુ કરવામાં ગ્રામીણ ક્ષેત્રોનાં શાળાતંત્રના નવીનીકરણ માટે વિકેન્દ્રીકરણ ખાસ જરૂરી છે.

- આ માટે શિક્ષણના સ્થાનિય વિભાગો જેવાં કે જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, ગ્રામ્ય શિક્ષણ સમિતિ કે પંચાયતોને વધારે સત્તા આપવી એ ચાવીરૂપ બાબત છે.
- પ્રત્યેક પંચાયતમાં એક ગ્રામ્ય શિક્ષણ સમિતિ, ગામના શૈક્ષણિક કાર્યક્રમોનો વહીવટ કરશે અને પોતાના ગામ માટે શિક્ષણની સૂક્ષ્મ સત્તાઓ ધરાવશે છે.
- આમ, નાના પાયે - ગ્રામ્ય એકમથી શિક્ષણની અસરકારકતા વધારવા શિક્ષણના વહીવટની સત્તાના વિકેન્દ્રીકરણનું પ્રયોજન છે.

## 4.13 સારાંશ : (Let us sum up)

- ધર્મ, અર્થ, વર્ણ, લિંગની ભિન્નતાઓ કે અંતરાયો હોવાં છતાં વ્યક્તિ, સૌની જેમ અને જેટલી શૈક્ષણિક પ્રાપ્તિ અને શિક્ષણનો વિકાસ કરી શકે તે સમાન શૈક્ષણિક તક.
- સમાજના નીચલા વર્ગના વિકાસ માટે સમાન શૈક્ષણિક તકની જરૂરિયાત છે.
- સમાન શૈક્ષણિક તકના અવરોધોમાં દેશનાં બધા રાજ્યોમાં શિક્ષણનું ધોરણ સરખું નથી, વળી છોકરીઓને તક ઓછી છે.
- છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવા છોકરીઓને અનુકૂળ આવે તેવી ખંડ સમયની નોકરીની વ્યવસ્થા કરવી.
- ખોડ-ખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલીમાં સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ભાષાની મુશ્કેલીઓ જોવા મળે છે.
- ખોડ-ખાંપણવાળા બાળકોના શિક્ષણમાં અવરોધો દૂર કરવા માટે અલગ શાળાની વ્યવસ્થા કરવી.

## 4.14 એકમ સ્વાધ્યાય :

(1) સમાન શૈક્ષણિક તકની સંકલ્પના સ્પષ્ટ કરી, ભારત જેવા લોકશાહી દેશમાં સમાન શૈક્ષણિક તકની શી અગત્યતા છે, તેની ચર્ચા કરો.

(2) સમાન શૈક્ષણિક તકના અવરોધો દર્શાવી, તે અંતરાયોને દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(3) છોકરીઓની સમાન તકમાં કયાં કયાં અવરોધો જોવા મળે છે તેની ચર્ચા કરો.

(4) છોકરીઓની સમાન તકના અવરોધો દૂર કરવાના કયા ઉપાયો સૂચવશો તેની ચર્ચા કરો.

(5) પછાત વર્ગોના સંદર્ભમાં સમાન શૈક્ષણિક તકના આડે આવતાં અવરોધો દર્શાવી, અંતરાયો દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(6) ખોડ-ખાંપણવાળા બાળકોના સંદર્ભમાં સમાન શૈક્ષણિક તકના અવરોધો દર્શાવી, અવરોધો દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(7) માધ્યમિક શિક્ષણમાં સમાન તકો શા માટે જરૂરી છે?

(8) 'પછાત જાતિના બાળકોના વિકાસ માટે સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવી જરૂરી છે' આ અંગે તમારા મંતવ્યો મંગાવ્યા છે, નોંધ તૈયાર કરો.

(9) પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી આર્થિક સહાયની વિતરણ વ્યવસ્થા જણાવો. તેને વધુ ફળદાયી બનાવવા માટેના ઉપાયો બતાવો.

(10) શિક્ષક સંઘની સભાએ તમારે 'માધ્યમિક કક્ષાએ શિક્ષણમાં સમાન તક' અંગે પ્રવચન આપવાનું છે, તો તે અંગેની નોંધ તૈયાર કરો.

## 4.15 તમારી પ્રગતિ ચકાસો :

(1) શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સમાન શૈક્ષણિક તકની અગત્યતા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સમાન શૈક્ષણિક તકના અવરોધો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) છોકરીના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો જણાવો.

..................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(5) ખોડ-ખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલી જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(6) શિક્ષણમાં અસમાનતાનાં પરિમાણો જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(7) શિક્ષણમાં અસમાનતાને ઘટાડવાની વ્યૂહરચનાઓ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 4.16 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answers to check your progress)

**(1) શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ :**

- ધર્મ, અર્થ, વર્ણ કે લિંગની ભિન્નતાઓ અગર અંતરાયો હોવાં છતાં વ્યક્તિ સૌની જેમ અને જેટલી શૈક્ષણિક પ્રાપ્તિ અને શિક્ષણનો વિકાસ કરી શકે તે સમાન શૈક્ષણિક તક.

**(2) સમાન શૈક્ષણિક તકની અગત્યતા :**

(1) લોકશાહી ટકાવી રાખવા

(2) રાષ્ટ્રીય એકતા લાવવા

(3) નીચલા વર્ગનો વિકાસ કરવા

(4) માનવ શક્તિનો ઉપયોગ કરવા

(5) પરિવર્તન લાવવા

(6) નેતાગીરી પૂરી પાડવા

(7) જરૂરિયાતો સંતોષવા

(8) સમસ્યાનો ઉકેલ મેળવવામાં મદદરૂપ થવા

(9) રોજિંદા જીવનની સમસ્યા ઉકેલવા

(10) રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ કરવા

(11) ધંધાનો વિકાસ કરવા

**(3) સમાન શૈક્ષણિક તકના અવરોધો :**

(1) અપૂરતી સંસ્થાઓ

(2) શૈક્ષણિક પ્રગતિમાં વિસમતા

(3) શોષણનું વધુ પ્રમાણ

(4) ઊંચી ફી

(5) વ્યક્તિગત તફાવત

(6) ગુણવત્તાના ધોરણે પ્રવેશ

(7) છોકરા અને છોકરીઓના શિક્ષણ વચ્ચે ભેદ

(8) ગુણવત્તામાં પછાતપણું

(9) વાલીની નિરક્ષરતા

(10) જ્ઞાતિ પ્રથા

(11) ખર્ચાળ શિક્ષણ

(12) શિક્ષણમાં તફાવત

**(4) છોકરીના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

(1) નોકરીની વ્યવસ્થા

(2) વધુ પ્રલોભન

(3) ટકાવારીનું પ્રમાણ નોકરીમાં વધારવું

(4) છોકરી માટે અલગ શાળા

(5) છોકરી માટે મફત શિક્ષણ

(6) છોકરીઓ માટે અનુકૂળ અભ્યાસક્રમ

(7) વાલીઓને શિક્ષણ આપવું

(8) છોકરી માટે પૂર્ણ સમયની નોકરી આપવી

(9) છોકરીઓ માટે શિક્ષણનો પ્રચાર કરવો

## 4.17 સૂચિત વાચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ નટુભાઈ વિ. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-102
# વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

વિભાગ

# 2

## સામાજિકીકરણ અને વૈશ્વિકીકરણ


એકમ-5 સામાજિકીકરણ

એકમ-6 સામાજિકીકરણની પ્રક્રિયા

એકમ-7 વૈશ્વિકીકરણ

એકમ-8 શિક્ષણમાં વૈશ્વિકીકરણ

**લેખક**

| | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |

**પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |

**સંયોજન સહાય**

| | |
|---|---|
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |


**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN :**


Copyright © Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-102 વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

**વિભાગ-1 : ભારતીય સમાજ અને શિક્ષણ**

1. ભારતીય સમાજ અને શિક્ષણ
2. ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન
3. ભારતીય શિક્ષણ અને લોકશાહી
4. ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

**વિભાગ-2 : સામાજિકીકરણ અને વૈશ્વિકીકરણ**

5. સામાજિકીકરણ
6. સામાજિકીકરણની પ્રક્રિયા
7. વૈશ્વિકીકરણ
8. શિક્ષણમાં વૈશ્વિકીકરણ

**વિભાગ-3 : ખાનગીકરણ અને માનવ અધિકાર**

9. ખાનગીકરણ
10. શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ
11. માનવ અધિકારોનું શિક્ષણ
12. માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર

**વિભાગ-4 : સામાજિક પરિવર્તન અને શિક્ષણ**

13. સામાજિક પરિવર્તન
14. સામાજિક પરિવર્તન અને શિક્ષણ
15. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા
16. સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 5

# સામાજિકીકરણ

## : રૂપરેખા :

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 સામાજિકરણ એટલે શું ?**

**5.3 સામાજિકરણની વ્યાખ્યાઓ**

**5.4 સામાજિકરણની પ્રક્રિયાનાં લક્ષણો**

**5.5 સામાજિકીકરણના પ્રકારો**

**5.6 બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો**

**5.7 સામાજિકરણનું મહત્ત્વ**

**5.8 સામાજિકરણને અવરોધક પરિબળો**

**5.9 સામાજિકરણ માટે શિક્ષકની ભૂમિકા**

**5.10 સારાંશ**

**5.11 એકમ સ્વાધ્યાય**

**5.12 તમારી પ્રગતિ ચકાસો**

**5.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**5.14 સૂચિત વાંચન સામગ્રી**

## 5.0 ઉદ્દેશો :- (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે....

(1) સામાજિકરણ એટલે શું તે સમજી શકશો.

(2) સામાજિકરણની પ્રક્રિયાનાં લક્ષણો સમજી શકશો.

(3) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળોની ચર્ચા કરી શકશો.

(4) સામાજિકરણના પ્રકારો વર્ણવી શકશો.

(5) સામાજિકરણનું મહત્ત્વ સમજી શકશો.

(6) સામાજિકરણને અવરોધક પરિબળો સમજી શકશો.

(7) સામાજિકરણ માટે શિક્ષણની ભૂમિકા સમજી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

માણસ એક સામાજિક પ્રાણી છે. તે સમાજમાં જન્મ લે છે, તેનો સમાજમાં વિકાસ થાય છે અને સમાજમાં મૃત્યુ પામે છે. તેનો વ્યક્તિગત વિકાસ એ સાચા અર્થમાં સામાજિક વિકાસ હોય છે.

મનુષ્યનો જન્મ થાય છે ત્યારે તેનામાં કોઈ ખાસ સમજ હોતી નથી, એટલે કે પશુ જેવો હોય છે, ધીમે ધીમે તે બાળક મોટું થતું જાય તેમ તેમ તેને પશુતા તરફથી માનવતા તરફ લઈ જવાય છે.

મનુષ્યના વ્યક્તિગત વિકાસ માટે સામાજિક પર્યાવરણ જરૂરી છે. સમાજના વાતાવરણથી પર રહીને બાળક વિકાસ સાધી શકતું નથી.

મનુષ્ય પશુ સાથે રહે તો તેનામાં પશુના લક્ષણો જોવા મળે છે. બાળકના ઉછેરમાં સામાજિકરણ ન થવાને પરિણામે તેને માનવની ભાષા, આદતો પ્રાપ્ત ન થઈ શકે. તે માત્ર પશુની જેમ મોટી ઉંમરે વર્તન કરવા લાગે.

આનો અર્થ સ્પષ્ટ છે કે માનવીનો વિકાસ, સમાજની વ્યક્તિઓના સંસર્ગ વિના, સમાજના વાતાવરણ વિના, વ્યક્તિનો સામાજિક વિકાસ સંભવિત નથી.

વ્યક્તિ સમાજમાં રહીને જ વ્યક્તિ સામાજિકતા કેળવે છે. તેમનામાં સામાજિક ગુણોનો વિકાસ સમાજમાં રહીને થાય છે. સામાજિક મૂલ્યો, રીત-રિવાજ, રહેણી કરણી, મૂલ્યો વગેરેનું શિક્ષણ સમાજ અને સમાજના સભ્યો દ્વારા પ્રાપ્ત કરે છે. આથી તે સામાજિક બને છે.

બાળકનો જન્મ થાય ત્યારે તે સામાજિક કે અીસામાજિક હોતું નથી. બાળકનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ સમાજના વિવિધ સભ્યોના સંપર્કમાં આવે છે.

પ્રથમ માતાના સંપર્કમાં આવે છે, ત્યારબાદ કુટુંબના સભ્યોના સંપર્કમાં આવે છે. પ્રથમ બોલતાં શીખે છે. મા... બા... માસી.... કાકા.... કાકી..... ધીમે ધીમે એક શબ્દ, પછી બે શબ્દ પછી ત્રણ શબ્દ બોલે છે.

પ્રથમ માતાનો પ્રેમ, મમતા અને માર્ગદર્શન મેળવે છે. પછી ધીમે ધીમે કુટુંબના સભ્યો પાસેથી શીખે છે. પ્રથમ સમાજનું સભ્યપદ પ્રાપ્ત થાય છે.

પછી શાળામાં પ્રવેશ મેળવે છે. ત્યાં તેના મિત્રો બને છે, શિક્ષકોના સંસર્ગ, સમાજના વિવિધ વર્ગો, સગાંસબંધીઓ વગેરેના સંપર્કમાં આવે છે.

વિવિધ વર્ગોના સંપર્કમાં આવતાં તેનું સામાજિકરણ થાય છે. આ પ્રકારના સામાજિકરણ સિવાય તે સમાજનો સફળતાપૂર્વક સભ્ય બની શકતો નથી.

આ પ્રકારના સામાજિકરણથી વ્યક્તિની સામાજિક જરૂરિયાતો, સલામતી, સામાજિક સ્વીકૃતિ, પ્રેમ, મમતા વગેરે મેળવે છે. આ રીતે વ્યક્તિનું સામાજિકરણ થતાં તે સમાજનો એક સભ્ય નાગરિક બને છે.

## 5.2 સામાજિકરણ એટલે શું ? (Meaning of Socialization)

સમાજની રચના કરવા માટે માન્ય સંબંધો અતિ આવશ્યક છે. આ સંબંધો માનવીના બાળપણથી શરૂ થાય છે અને માનવીના જીવનના અંત સુધી ચાલે છે. આ સંબંધોની વિકસતી પ્રક્રિયાને સામાજિકરણ કહેવામાં આવે છે.

આ પ્રક્રિયામાં બાળમાનસનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર થાય છે., વર્તન, લાગણીઓની સામાજિક રીત શીખે છે. સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં અન્ય લોકોના અનુકરણ દ્વારા તે પોતાના 'સ્વ' તથા 'મન'નો વિકાસ સાધે છે.

આ સંદર્ભમાં સામાજિકરણની વ્યાખ્યા આ પ્રમાણે રજૂ કરી શકીએ.

''સામાજિકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ ટેવો, કૌશલ્યો, માન્યતાઓ અને વિવેક બુદ્ધિ શીખે છે, જે સામાજિક સમૂહો તથા સંપ્રદાયોમાં અસરકારક ભાગ લેવા માટે આવશ્યક ગણવામાં આવે છે.''

આ પ્રક્રિયામાં સમાજ તેનાં સત્યોના સામાજિકરણ માટેની એક એજન્સી તરીકે કામ કરે છે. સામાજિકરણ વિના સમાજ તેની મેળે ચાલુ રહી શકે નહીં, અથવા સંસ્કૃત અસ્તિત્વ ધરાવી શકે નહીં, તેથી માનવ સંબંધોમાંથી ઉદ્ભવેલ સામાજિકરણની પ્રક્રિયા દ્વારા માનવી અને સમાજ એકબીજાંના પૂરક બને છે.

સામાજિકરણ એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા વ્યક્તિના સમગ્ર જીવનકાળ સુધી સતત ચાલતી રહે છે. સરળ શબ્દોમાં કહીએ તો 'જૈવિક વ્યક્તિને સામાજિક વ્યક્તિ બનાવતી પ્રક્રિયાને' સામાજિકરણ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિકરણના પરિણામે વ્યક્તિ સમાજના એક સભ્ય તરીકે સામાજિક અપેક્ષાઓ મુજબ જીવન જીવતાં શીખે છે.

સામાજિકરણ બાળકને સમાજનાં ધોરણો, મૂલ્યો, લાગણીઓ, ભૂમિકાઓ અને વર્તન પધ્ધતિ શીખવતી એક પ્રક્રિયા છે.

સામાજિકરણ થતાં બાળક પોતાના સમાજના સાંસ્કૃતિક માળખામાં ગોઠવાય છે. સામાજિક અપેક્ષાઓ પૂર્ણ કરવા તે સમર્થ બને છે. આમ, સામાજિકરણ બાળકના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું ઘડતર કરતી પ્રક્રિયા છે.

સામાજિકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ ટેવો, કૌશલ્યો, માન્યતાઓ તથા વિવેકબુદ્ધિ શીખે છે, જેને સામજિક સમૂહો તથા સંપ્રદાયોમાં અસરકારક ભાગ લેવા માટે આવશ્યક ગણવામાં આવે છે. સામાજિકકરણ વિના સમાજ તેની મેળે ચાલુ રહી શકે નહીં.

સામાજિકરણ એક એવી પ્રક્રિયા છે જે બાળકને સામાજિક વ્યક્તિ બનાવે છે. આ પ્રક્રિયાથી જ સમાજનું અસ્તિત્વ આગળની પેઢી સુધી જાય છે. આ પ્રક્રિયાથી વ્યક્તિન વ્યક્તિત્વનો વિકસાવી શકાય છે.

વ્યક્તિને તેના જન્મ સમયે પોતાના વિશે કોઈ જાણકારી કે સમજ હોતી નથી, પરંતુ ઉંમર વધવાની સાથે શારીરિક વિકાસ થાય છે. આ સમય દરમ્યાન બાળકને તેના વિશે અને તેની આજુબાજુના લોકો વિશેની સમજ અપાય છે.

આમ બાળકના પ્રારંભિક તબક્કામાં અને કુટુંબ દ્વારા સામાજિક બાબતોથી માહિતગાર કરવામાં આવે છે અને બાળકે પોતે કેમ વર્તવું તથા અન્ય લોકો સાથે કેમ વર્તવું એ શીખવે છે. જેને લીધે બાળકો પોતાના વિશે, સગાસંબંધી કે પાડોશીઓ વિશે સભાનતા કેળવે છે.

બાળકને સામાજિક રીતે સભાન બનાવવાની પ્રક્રિયાને સામાજિકરણ કહે છે. આ એક એવી પ્રક્રિયા છે કે જે માનવ જીવનમાં મૃત્યુ પર્યન્ત જોઈ શકાય છે. આ પ્રક્રિયાને મુખ્યત્વે બે રીતે જોઈ શકાય છે.

(1) બાળને શીખવવામાં આવે છે.

(2) બાળક જાતે શીખે છે.

બાળકને શરૂઆતના સમય ગાળામાં માહિતી સૂચન કે માર્ગદર્શન દ્વારા કેટલીક બાબતો શીખવીને તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયા બાળક ઉપરાંત કિશોર, યુવાન, પ્રૌઢ દરેકને માટે હોય છે. દરેકને શરૂઆતમાં અનૌપચારિક રીતે શીખવવામાં આવે છે. સમય જતાં તેમાં ઔપચારિકતા આવતી જાય છે. આમ સામાજિકરણ શીખવાની પ્રક્રિયા છે.

બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ સમાજમાં અવલોકન અને આંતરક્રિયાથી ઘણું શીખે છે. આથી વ્યક્તિમાં વિશ્વાસ અને જીજ્ઞાસા વધે છે, તેથી તે જાતે શીખવાનું પસંદ કરે છે.

વ્યક્તિની ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ વ્યક્તિમાં જાતે શીખવાનું વલણ વધતું જાય છે. આમ, સામાજિકરણ જાતે શીખીને પણ થતું હોય છે.

## 5.3 સામાજિકરણની વ્યાખ્યાઓ :

સામાજિકરણની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે આપી શકાય.

(1) સામાજિકરણ એ ''બાળકો જે સમાજમાં જન્મ પામે છે, તે સમાજમાં યોગ્ય રીતે અનુકૂલન સાધી શકે તે રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે.''

"Socialization is the process of preparing the children to fit well in the society in which they are born."

(2) સામાજિકરણ એટલે સમાજના રિવાજો, પરંપરાઓ, કાનૂનો, સંસ્કૃતિનાં અન્ય લક્ષણો કૌશલ્યો અને અન્ય આવશ્યક આદતો, જે વ્યક્તિ સમાજના ક્રિયાશીલ સભ્ય બનવા માટે સમાજમાંથી શીખે છે અને સમાજના અન્ય સભ્યો સાથે તાદત્મ્ય સાધી અનુકૂલન સાધે છે.

ટૂંકમાં સામાજિકરણની પ્રક્રિયા સામાજિક આંતરક્રિયા અને સામાજિક કર્તવ્યોનો અંતર્ગત ભાગ છે. આમ, સામાજિકરણ એટલે ....

(1) સામાજિક સભાનતા વિકાસ

(2) સમાજને ઈષ્ટ અને અપેક્ષિત તેવા વર્તન-પરિવર્તનની પ્રક્રિયા

(3) સામાજિકરણ એટલે સમાજના સારા નાગરિક તરીકે સભ્ય બનવા માટેના કેટલાક સામાજિક ગુણો જેવાં કે સહકાર, સહાનુભૂતિ, પ્રેમ, એકતા, સહિષ્ણુતા વગેરેનો વિકાસ.

(4) સમાજના આવિષ્કાર મૂલ્યોનો વિકાસ

(5) હકારાત્મક સામાજિક ચારિત્ર્યનું નિર્માણ કરવું.

(6) સામાજિક પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની પ્રક્રિયા

(7) વિવેચનાત્મક સરણીનો આવિષ્કાર, ન્યાયયુક્ત નિર્ણય પ્રક્રિયાનો વિકાસ.

(8) સામાજિકરણ એટલે જે તે સમાજનાં સાંસ્કૃતિક ઘટકોનું જેવાં કે સામાજિક મૂલ્યો, આદર્શો, માન્યતાઓ, રૂઢિરિવાજો, કાનૂનો વગેરેનો આવિષ્કાર કરી સમાજના સારા નાગરિક તરીકે સભ્ય બનાવવાની પ્રક્રિયા.

આમ, સામાજિકરણની પ્રક્રિયા વ્યક્તિમાં સારા નાગરિક તરીકે સામાજિક ગુણો અને નૈતિક મૂલ્યોનું આવિષ્કાર કરી વ્યક્તિમાં સામાજિક સમાનતા અને સામાજિક જવાબદારીઓનો વિકાસ સાધી વ્યક્તિને સમાજના અન્ય સભ્યો સાથે અનુકૂલન સાધવા પ્રેરે છે. સમાજનો એક સારો નાગરિક બને, બીજાને મદદરૂપ થાય તેવી ભાવનાનો વિકાસ કરવાની પ્રક્રિયા.

- **કિંગ્સલે ડિવિસ :**

  ''નવા જન્મેલાં બાળકનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર કરવાની પ્રક્રિયાને સામાજિકરણ કહેવાય.''

- **હોર્ટન અને હન્ટ :**

  ''સામાજિકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ પોતાના સમૂહનાં ધોરણો પોતાના જીવનમાં ઉતારે છે, જેનાં પરિણામે એક વિશિષ્ટ રૂપે જન્મે છે.

- સામાજિકરણ એ બાળકો જે સમાજમાં જન્મ પામે છે, તે સમાજમાં યોય રીતે અનુકૂલન સાધી શકે તે રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે.

- **મેકાઈવર અને વેજ :**

  ''સામાજિકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા માનવીઓ એકબીજા સાથે વિશેષ, વિસ્તૃત અને ગાઢ સંબંધ બાંધે છે.''

- **ઓગ્બર્ન અને નિમકોફ :**

  ''સામાજિકરણ એક એવી પ્રક્રિયા છે કે જે વ્યક્તિને સમૂહના ધોરણોને અનુમતિ આપવાનું શીખવે છે.''

- ઉપરોક્ત વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે સામાજિકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિને વર્તન વ્યવહાર શીખવાય છે. તેથી તે સામાજિક વ્યક્તિ બને છે અન્ય લોકો સાથે સંબંધ બાંધી શકે છે.

- સમાજનાં મૂલ્યો, ધોરણોને પોતાના જીવનમાં ઉતારે છે. વ્યક્તિને પોતાની સ્વભાવની ઓળખ સમાજ દ્વારા થાય છે.
- આ સામાજિકરણની પ્રક્રિયા એક પેઢી પછીની પેઢીને સમાજ માટે તૈયાર કરે છે, તેથી સમાજ વ્યવસ્થા બની રહે છે.
- આથી જ મેકાઈવર જણાવે છે કે વ્યક્તિની સમાજ માટેની ભૂખ, એના માનવ જીવનનો એક મૂળભૂત ગુણ છે. સમાજ જીવન એ માનવી માટે, વ્યક્તિ માટે, જરૂરી સ્વભાવ છે. એક રીતે કહીએ તો સમાજ જીવન એ માનવીનો શ્વાસ છે, પ્રાણ છે.

## 5.4 સામાજિકરણની પ્રક્રિયાનાં લક્ષણો : (Characteristics of Socialization)

બાળકનો જન્મ થાય છે ત્યારથી ધીમે ધીમે, સતત રીતે તેનું સામાજિકકરણ થતું જ રહે છે. તેના વ્યક્તિત્વ વિકાસમાં સામાજિકરણની પ્રક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજિકરણ કરવાની પ્રક્રિયાના મહત્ત્વના લક્ષણો નીચે મુજબ જેવા છેઃ-

**(1) અનુકૂલન પ્રક્રિયા :**

- સામાજિકરણ કરવાની પ્રક્રિયા વ્યક્તિત્વના અનુકૂલનની પ્રક્રિયા છે. સમાજમાં બાળકને અન્ય સાથે અનુકૂલન સાધવા માટેનો વ્યવહાર હોય છે. દરેકની સાથે યોગ્ય વ્યવહાર કરી અનુકૂલન કઈ રીતે સાધી શકાય તે બાબત પર ભાર મૂકવામાં આવે છે.

**(2) સતત પ્રક્રિયા :**

- બાળકનો જન્મ થાય ત્યારથી મૃત્યુ સુધી સામાજિકરણની પ્રક્રિયા સતત રીતે ચાલુ હોય છે. કુટુંબમાં, સમાજમાં, મિત્રો સાથે સગાવહાલાં સાથે વગેરે સાથે સામાજિકરણની પ્રક્રિયા રહે છે.

**(3) આંતરક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયામાં આંતરક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈની સાથે વ્યવહાર કરવામાં ન આવે તો સામાજિકરણ થતું નથી.
- કોઈ વ્યક્તિને એક રૂમમાં પૂરી દેવામાં આવે તો આંતરક્રિયા થતી નથી, તેથી તેમનો વિકાસ થશે નહીં, એટલે સામાજિકરણ માટે આંતરક્રિયા સતત ચાલુ રહે છે.

**(4) કાયમી પ્રક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયા બાળકનો જન્મ થાય છે ત્યારથી મૃત્યુ સુધી સતત રીતે ચાલુ રહે છે. તેથી કહી શકાય કે સામાજીકરણની પ્રક્રિયા કાયમી અને સતત ચાલુ રહે છે.

**(5) સભાનતાપૂર્વક પ્રક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયા સભાનતાપૂર્વકની પ્રક્રિયા છે. તે જાગૃત અવસ્થાની પ્રક્રિયા છે. બાળક ઊંઘી જાય તો સામાજીક પ્રક્રિયા થતી નથી. બાળક અનાયાસે સભાનતાપૂર્વક પ્રક્રિયા કરે છે.

**(6) સારા નાગરિક બનાવની પ્રક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયા એક સારા નાગરિક બનવાની પ્રક્રિયા છે. એક સારી વ્યક્તિ બનવા માટે શાળા અને કુટુંબમાંથી વ્યવહાર શીખવવામાં આવે છે.

**(7) વિકાસની પ્રક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયા એ સતત વિકાસની પ્રક્રિયા છે. બાળકનો સતત વિકાસ થતો રહે છે.

**(8) અપેક્ષિત વર્તન પરિવર્તનની પ્રક્રિયા :**

- સામાજિકરણની પ્રક્રિયા અપેક્ષિત વર્તન પરિવર્તનની પ્રક્રિયા છે.

દા.ત. બાળક સારી રીતે બોલી શકે, યોગ્ય વ્યવહાર કરી શકશે, સમાજના સભ્યોને ઓળખી શકશે.

**(9) સામાજિકરણના વિકાસની પ્રક્રિયા :**

- બાળકના જન્મની સાથે ધીમે ધીમે સામાજિક ગુણનો વિકાસ થાય તેવાં પ્રયત્નો કરવામાં આવે છે. માતાની ઓળખ, કુટુંબના સભ્યોની ઓળખ, સમાજના સભ્યોની ઓળખ વગેરે. કુટુંબ સાથેનો વ્યવહાર, પ્રેમ, મમતા વગેરે શીખે છે.

## 5.5 સામાજિકરણના પ્રકારો : (Classification of Socialization)

- સામાન્ય રીતે બાળકોનાં સામાજિકરણને બે વર્ગોમાં વિભકત કરી શકાય છે. જે નીચે મુજબ છે.

**(1) પ્રાથમિક-મુખ્ય સામાજિકરણ : (અનૌપચારિક) (Primary Socialization)**

- સામાન્યરીતે શિક્ષણની અનૌપચારિક સંસ્થાઓ દ્વારા પ્રાથમિક સામાજિકરણની પ્રક્રિયા સંભવે છે. બાળકો જાતે અનાયાસે, પરોક્ષ રીતે કે સાહજિક રીતે પરિવારના સભ્યો, પડોશીઓ કે શેરીનાં બાળકો કે સભ્યો પાસેથી, સામાજિકતાનો જે સામાજિક ગુણો ખીલવે છે તેને લીધે તેમનામાં સામાજિકતાનો વિકાસ થાય છે. આ બધું બાળક શેરીમાં રમત ગમત રમતા બાળકો પાસેથી સાહજિક અને અનાયાસે શીખે છે.
- બાળક અન્ય બાળકો પાસેથી જોઈને શીખે છે. બોલતા શીખવું, રમત રમતાં શીખવું, હલન ચલન કરતાં શીખવું, મિત્રોને વસ્તુ આપતાં શીખવું વગેરેને પ્રાથમિક સામાજિકરણની પ્રક્રિયા કહેવામાં આવે છે.

**(2) ગૌણ સામાજિકરણ : (ઔપચારિક) (Secondary Socialization)**

- શાળાઓ અને મહાશાળાઓમાં બાળકો ગૌણ સામાજિકરણ શીખે છે. આવું સામાજિકરણ શિક્ષણ દ્વારા થતું હોય છે. આ રીતે થતી સામાજિકરણ પ્રક્રિયા સભાનપણે થતી હોય છે.
- શાળામાં લખતાં, વાંચન કરતાં, બોલતાં, વાત કરતાં વગેરે બાબતો શીખવવામાં આવે છે. બાળકો સભાનપણે શીખતાં હોય છે. એકબીજાંનું જોઈ, અનુકરણ કરીને શીખતા હોય છે.
- ઘણી વખત બાળકો શિક્ષકનું અનુકરણ કરી કેટલીક બાબતો શીખે છે. શિક્ષકને વર્ગમાં વાત કરતાં, બોલતાં, હલન ચલન કરતાં ખુરશી પર બેસતા વગેરે બાબતો જુએ છે. શિક્ષકની બાબતો જોઈને શીખે છે. બાળકો જાગૃત અવસ્થામાં શીખતાં હોય છે.

## 5.6 બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો : (એજન્સીઓ-માધ્યમો)

- વ્યક્તિના જીવનમાં બાળપણથી શરૂ કરી તેના અંત સુધી અનેક એજન્સીઓ તેનું સામાજિકરણ કરે છે. બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે.

**(1) કુટુંબ :**

- વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં કુટુંબ સામાજિકરણ માટે પાયાનું કામ કરે છે, બાળકનો જન્મ થાય છે ત્યારથી કુટુંબમાં રહે છે. કુટુંબમાં સમય વીતાવે છે. કુટુંબના સભ્યો સાથે લોહીના સંબંધો છે. જન્મતાંની સાથે જ સમાજના વિવિધ સભ્યોના સંપર્કમાં આવે છે. સૌ પહેલાં માતા, પિતા, ભાઈ-બહેન તથા કુટુંબના સભ્યોના સંપર્કમાં આવે છે.
- કુટુંબમાં રહી બાળકનો સામાજિક વિકાસ થાય છે. મોટાભાગની સંસ્કૃતિઓમાં કુટુંબમાં માતાની ભૂમિકા સામાજિકરણની પ્રક્રિયામાં મુખ્ય ભાગ ભજવે છે. ક્યારેક માતા પોતેજ ઘરની મુખ્ય વ્યક્તિ તરીકે બાળકના વિકાસની અનેકવિધ જવાબદારી આવે છે.
- જો કે આધુનિક સમયમાં ઘરની બહાર કામ કરવા જતી સ્ત્રીઓમાં આ સંદર્ભ પરિવર્તન આવેલું જોવા મળે છે.

- કુટુંબમાં કઈ સંસ્કૃતિનો અને આર્થિક વર્ગનો ભાગ છે તેના ઉપર સામાજિકરણની પ્રક્રિયાના સ્વરૂપનો આધાર રહે છે.
- દા.ત. રૂઢિચુસ્ત કુટુંબમાં થતો બાળકનો ઉછેર કે પછી ગરીબ પરિસ્થિતિમાં થતાં બાળકના ઉછેરમાં તફાવતો જોઈ શકાય છે.
- કુટુંબ, સામાજિકરણની પ્રક્રિયામાં પાયાની ભૂમિકા ભજવે છે. પૈસાદાર કુટુંબમાં થતાં બાળકનો ઉછેર, શહેરમાં થતો બાળકનો ઉછેર, ગામડામાં થતો બાળકનો ઉછેર, શિક્ષણ પામેલ કુટુંબમાં થતો બાળકનો ઉછેર, અભણ કુટુંબમાં થતો બાળકનો ઉછેર, મજૂરના કુટુંબમાં થતો બાળકનો વિકાસ વગેરે વિકાસમાં તફાવત જોવા મળે છે.
- બાળકને કુટુંબ કેવું મળેલ છે, માતા -પિતા કેવાં છે ? પ્રેમાળ, સ્નેહ, મમતા વગેરે છે, તેની અસર બાળક પર થાય છે. સંઘર્ષમય કુટુંબમાં અને પ્રેમાળ કુટુંબમાં થતો ઉછેર બાળકના સામાજિકરણની પ્રક્રિયા પર અસર કરે છે.
- કુટુંબનું વાતાવરણ કેવું છે ? લોકશાહી, આપખુદશાહી વગેરે અસર કરે છે.
- કુટુંબ જ્યારે સામાજિકરણ કરે છે ત્યારે સતત એ બાબતની કાળજી રાખે છે કે બાળક પ્રત્યેના વાત્સલ્ય, લાગણી અને પ્રેમના કારણે તેનું ખામીયુક્ત સામાજિકરણ ન થઈ જાય, નહિંતર બાળક કુટુંબની જવાબદારી બની જાય છે.
- વ્યક્તિનું સામાજિકરણ કરવાનું કુટુંબ માટે અઘરું કાર્ય છે જે બે રીતે થાય છે :

(1) ભાગીદારીપૂર્વકનું સામાજિકરણ

(2) દબાણપૂર્વકનું સામાજિકરણ

**(2) શાળા :**

- શાળાએ ઔપચારિક વ્યવસ્થા છે. તેમાં ચોક્કસ પાઠ્યપુસ્તક હોય છે. ચોક્કસ માળખામાં રહી કાર્ય કરવાનું હોય છે. તેના સંદર્ભમાં વિદ્યાર્થીનું સામાજિકરણ થાય છે. શાળાનો અનુભવ અને તાલીમ વિદ્યાર્થીને જ્ઞાન અને માહિતી આપે છે.
- શાળામાં બાળક પોતાનું ભાવિ, કારકિર્દી બનાવવાના પાઠ શીખે છે. શિક્ષકો સાથે, મિત્રો સાથે વગેરે સાથે આંતરક્રિયા દ્વારા બાળકના માનવ સંબંધોના ભિન્ન પાસાઓનો પરિચય કરાવે છે.
- શાળામાં મિત્રો કેવાં છે ? મિત્રોની અસર, સામાજિકરણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. તોફાની મિત્રો, સારા મિત્રો વગેરેની અસર થાય છે.
- શિક્ષક આળસુ હોય તો સામાજિકરણ થવામાં અવરોધો આવે. શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું પ્રમાણ પણ અસર કરે છે.
- શાળા સમાજની અર્થ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા સમાજ, વ્યવસ્થા તેમજ અગત્યની સામાજિક સમસ્યાઓનો બાળકને પરિચય કરાવે છે. શાળાઓ ધંધાદારી તાલીમ આપી બાળકને વ્યવસાયી ભૂમિકાઓ અને સામાજિક ગતિશીલતા માટે તૈયાર કરે છે.
- શાળા પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને જુદાં-જુદાં આચાર-વિચાર અને મૂલ્યોવાળી વ્યક્તિઓની મુલાકાત કરાવી વિવિધ અનુભવ આપે છે. શાળા બાળકમાં સિધ્ધિ-પ્રેરણા જાગ્રત કરે છે, જે આધુનિક સમાજના વિકાસ માટે ઘણી જરૂરી છે.
- આમ એક ઔપચારિક માધ્યમ તરીકે શાળા નવી પેઢીના સામાજિકરણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.
- અધવચ્ચે શાળા છોડી દેતાં બાળકો શાળા દ્વારા થતાં સામાજિકરણના લાભથી વંચિત રહે છે.
- શાળા સામાજિકરણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પ્રક્રિયા લાંબા સમય સુધી યાદ

રહે છે. બાળક મોટું થતાં શાળા જીવનનાં દિવસો યાદ કરે છે.બાળકના જીવનમાં શાળા સમય દરમિયાન સારા અને ખરાબ પ્રસંગ બને છે. બંને પ્રસંગો ખૂબજ યાદ કરે છે.

**(3) મિત્રજૂથ (Peer Group)**

- બાળકના સામાજિકરણ પ્રક્રિયામાં મિત્રજૂથ અગત્યનો ભાગ ભજવે છે. શાળાના મિત્રો, શાળાના બહારના મિત્રો, બે પ્રકારના મિત્રો જોવા મળે છે.
- બાળક, મિત્રો સાથે સતત આંતરક્રિયા કરે છે. મિત્રોની અસર બાળક પર થાય છે. મિત્રો સાથે આંતરક્રિયા કરવી. રમતો રમવી વગેરે. વધુ સમય મિત્રો સાથે વિતાવે છે.
- બાળકના મિત્રો કેવા છે ? પૈસાદાર, ગરીબ, ભણેલા માતા-પિતાના બાળકો, અભણ માતા-પિતાના બાળકો શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર વગેરે.
- કેવા માતા-પિતાના બાળકો છે તેની અસર બાળકો પર થાય છે.
- સંઘર્ષ ભર્યાવાતાવરણમાંથી, કુટુંબમાંથી આવતું બાળક તેનો સ્વભાવ,વ્યવહાર, પ્રેમ, વાતચીત, શિસ્ત, વર્તન, નિયમો વગેરેમાં તફાવત હોય છે.
- બાળકને જેવાં મિત્રો મળે તેવું સામાજિકરણ થાય છે. મિત્રો પાસેથી વાતચીત, વર્તન, વ્યવહાર, નિયમો, શિસ્ત, સહકાર, પ્રેમ વગેરે શીખે છે.
- અંગ્રેજીમાં Peer શબ્દનો અર્થ છે. ‘સમાન’
- બાળક તોફાનીવૃત્તિ કે સારો નાગરિક વગેરે રીતભાત, મિત્રો પાસેથી શીખે છે.
- મિત્ર પાસેથી બાળકને કેટલાંક ખેલદિલીના ખ્યાલો, રમતના નિયમો, જીત અને હારને સ્વીકારતા, નેતૃત્વ અને અનુયાયીના અનુભવો, નિયંત્રણના ખ્યાલો વગેરે શીખવા મળે છે. આ અવસ્થા દરમ્યાન બાળકને રમત ગમત અને અભ્યાસમાં માર્ગદર્શન મળે છે અને શીખવાનું મળે છે.
- એવી જ રીતે ખરાબ ટેવ ધરાવતો મિત્ર ખરાબ અસર જન્માવે છે. આથી બાળકનું સામાજિકરણ ખામીયુક્ત બનવાની સંભાવના રહે છે.
- સમાન કક્ષા, વર્ગ અને ઉંમરના લીધે મિત્રતા વધુ ગાઢ બને છે, ત્યારે મિત્ર પાસેથી અંગત માર્ગદર્શન અને સલાહ સહકાર અને સહવર્તન શીખે છે અને કેટલાક પરંપરાગત સમાજમાં જયાં યુવાનોને જાતિય જ્ઞાન અપાતુ નથી, ત્યાં મિત્રજૂથમાંથી આ જ્ઞાનની જાણકારી પ્રાપ્ત કરે છે. બાળક મિત્રો સાથે વધુ ખેંચાણ અનુભવે છે. કારણકે ત્યાં તેને સ્વતંત્રતા અને સમાનતાનો ભાવ અનુભવાય છે, ત્યાં તેને મા-બાપ અને વડીલો નિયંત્રણમાં રાખતા નથી કે તેનો ભય રહેતો નથી.
- આમ, મિત્ર જૂથો જે રીતે સામાજિકરણ કરે છે તેમાં કુટુંબવાળા સતત કાળજી રાખે છે અને જરૂર પડે ત્યાં બાળકને સૂચક ટકોર પણ કરે છે, અન્યથા મિત્ર જૂથ દ્વારા ખામી ભર્યું સામાજિકરણ થવાની સંભાવના રહે છે.

**(4) સમૂહ માધ્યમો : (Mass Media)**

- વર્તમાન સમયમાં સમૂહ માધ્યમોનો વિકાસ થયો છે. વર્તમાન સમયમાં ટેલિવિઝન અને ઈન્ટરનેટ જેવાં સાધનો, માહિતી અને મનોરંજન આપવાની સેવા ઝડપી અને અસરકારક રીતે પૂરી પાડે છે.
- સમૂહ માધ્યમાને પ્રત્યાયનનાં માધ્યમો તરીકે જાણીએ છીએ. આપણા સૌના સામાજિકરણ માટે મીડિયની અસરકારક ભૂમિકા રહી છે.
- વિવિધ પ્રકારની માહિતીનું પ્રસારણ કરી, બાળકના જ્ઞાનમાં વધારો કરે છે. સાથે સાથે આપણા મંતવ્યો, માન્યતાઓ, વિચારો, રીતરિવાજો વગેરેની ગાઢ અસર પાડે છે.

- અનેક અભ્યાસોએ દર્શાવ્યું છે કે બાળકો ટેલિવિઝનના કાર્યક્રમો થી સવિશેષ પ્રભાવિત થાય છે.
- અખબારનું માધ્યમ લખી-વાંચી શકે એવા લોકોને જ અસર કરી શકે છે, જ્યારે ટેલિવિઝન જેવાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અભણ દૂરના વિસ્તારોમાં રહેતાં લોકો સૌ પર અસર પાડી શકે છે.
- માધ્યમો, આપણને સમાજમાં રહેતાં જુદાં જુદાં સમૂહો, સંસ્કૃતિઓ, સમસ્યાઓ, પ્રક્રિયાઓ વગેરે અંગે માહિતી અને સમજ પૂરાં પાડે છે. તે દ્વારા વ્યક્તિઓનું સામાજિકરણ થાય છે, ઘડતર થાય છે.
- સમૂહ માધ્યમોની અસર બાળક પર પડે છે.
- 18મી સદીના અંતથી શરૂ કરી આજ સુધી વિશ્વમાં અખબારો, સામયિકો જેવાં મુદ્રિત માધ્યમોનો અવિરત વિકાસ થતો રહ્યો છે.
- વર્તમાન સમયમાં ટેલિવિઝન, ઈન્ટરનેટ, મોબાઈલ ફોન જેવાં સાધનોએ માહિતી અને મનોરંજન પ્રાપ્ત કરવાની ત્વરિત અને અસરકારક સગવડ ઉપલબ્ધ કરી આપી છે.
- અખબાર, ફિલ્મો, રેડિયો, ટેલિવિઝન, ઈન્ટરનેટ મોબાઈલ ફોન જેવાં સમૂહ માધ્યમોને અંગ્રેજીમાં 'માસ મીડિયા' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં આપણે તેને 'પ્રત્યાયન'નાં માધ્યમો તરીકે પણ જાણીએ છીએ.
- આપણા સૌના સામાજિકરણ માટે માસ મીડિયાની અસરકારક ભૂમિકા રહી છે. વિવિધ પ્રકારની માહિતી પીરસીને આ માધ્યમો અબાલવૃધ્ધ સૌનાં જ્ઞાનમાં વધારો કરે છે અને સાથે સાથે આપણાં મંતવ્યો, માન્યતાઓ, વિચારો, આદર્શો વગેરે લોકો સમક્ષ રજૂ કરીને તેમનું સામાજિકરણ કરી શકે છે. મુદ્રિત માધ્યમો સાક્ષર વ્યક્તિઓને અસર કરે છે. જ્યારે દૃશ્ય માધ્યમો સાક્ષર, નિરક્ષર અને દૂરદૂર નિવાસ કરતાં લોકોને પણ અસર કરી શકે છે ટેલિવિઝન કાર્યક્રમો મનોરંજન સાથે જ્ઞાન પણ આપે છે.
- ટેલિવિઝન દ્વારા રજૂ થયેલી માહિતી, પ્રસંગો, વર્તન, વ્યવહારો વગેરે ઘણા લાંબા સમય સુધી યાદ રહે છે. બાળકોને ટેલિવિઝન પર કાર્યક્રમ જોવાનું ગમે છે, વધુ રસ પડે છે, કાર્યક્રમોથી વિશેષ પ્રભાવિત થાય છે. ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતી જાહેરાતો, વ્યક્તિઓને આધુનિક યુગમાં, જુદી જુદી વસ્તુઓ અને સેવાઓના ગ્રાહક બનાવે છે. વર્તમાન સમયમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પણ સામાજિકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- માધ્યમો આપણને સમાજમાં રહેતાં જુદાં-જુદાં સમૂહો, સંસ્કૃતિ, સમસ્યા, પ્રક્રિયા, વગેરે અંગે માહિતી અને સમજ પૂરી પાડે છે, તે દ્વારા વ્યક્તિઓનું સામાજિકરણ થાય છે. સમૂહ માધ્યમો બાળકોના સામાજિકરણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વધુ અસરકારક માધ્યમો છે.
- **સમૂહ માધ્યમો :**

**(5) વિવિધ સ્થળો :**

- કુટુંબ, શાળા, મિત્ર જૂથ, સમૂહ માધ્યમો જેવા સામાજિકરણના મહત્ત્વના પરિબળો ઉપરાંત કેટલાંક અન્ય પરિબળોથી આપણે પરિચિત થઈએ.
- કાર્ય સ્થળ એટલે કે વ્યવસાય, નોકરી માટે ઘરની બહાર, કારખાનું, ઓફિસ જેવાં પણ સામાજિકરણની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષણ અને વિજ્ઞાનના વિકાસને કારણે ખાસ કરીને શહેરોમાં પુરુષો અને સ્ત્રીઓમાં સામાજિકરણ ઝડપથી થાય છે.

- **સભ્યતા અને સંસ્કૃતિ :**
- સમય જતાં સમાજની સભ્યતા અને સંસ્કૃતિ તેના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માનવી કેવા સમાજનો સભ્ય છે તેની અસર થાય છે. પૈસાદાર સમાજ, ગરીબ સમાજ તેમજ વિવિધ પછાત જાતિ વગેરેમાંથી કોનો સભ્ય છે તે સમાજ પ્રમાણે અસર થાય છે.
- સંસ્કૃતિની પણ અસર સામાજિકરણ પર થાય છે. બાળક કે માનવી કઈ સંસ્કૃતિમાંથી જન્મેલ છે. સામાજિકરણ કરવામાં સંસ્કૃતિ અસર કરે છે.

**(6) સમાજ- પાડોશીઓ :**

- કુટુંબ સામાજિકરણનું કાર્ય કરે છે ત્યારે બાળક ધીમે ધીમે વિકાસ અને વૃધ્ધિ પ્રાપ્ત કરી ઘર બહાર નીકળતું થાય છે. આજુ  બાજુમાં આવેલ પાડોશીઓના સંપર્કમાં આવે છે. બાળક આવા સંપર્કના લીધે પોતાના કુટુંબ અને અન્ય કુટુંબ વચ્ચેનો ભેદ સમજે છે. બે કુટુંબો વચ્ચે સમાનતા, વર્તન, વ્યવહાર જુએ છે. પાડોશીઓનાં વલણો, વિચારો, માન્યતાઓ અને વ્યવહારની અસર નીચે આપેલ છે.
- આથી બાળક સમાન કે અસમાન રીતે પાડોશીઓ પાસેથી શીખે છે અને એ રીતે તેનું સામાજિકરણ થાય છે.
- આવા સંજોગોમાં બાળકને સારા પાડોશીઓના સંપર્ક થાય તો યોગ્ય સામાજિકરણ થાય છે. પરંતુ ખામી યુક્ત, ભગ્નકુટુબ કે અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોય એવા અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં કુટુંબનો પાડોશ હોય અને બાળક તેની જિજ્ઞાસા સંતોષવા ત્યાં જાય કે અનાયસે તેના સંપર્કમાં આવી જાય તો લાંબેગાળે બાળકનું સામાજિકરણ ખામી યુકત થાય છે.
- આમ, સામાજિકરણની પ્રક્રિયા માત્ર એકાદ બે એજન્સીઓ મારફતે જ થાય છે, એવું નથી. પરંતુ કેટલાંક સંજોગોમાં એકથી વધુ એજન્સીઓની સંયુક્ત અસર હોય છે.

## 5.7 સામાજિકરણનું મહત્ત્વ : (Importance of Socialzation)

- સામાજિકરણનું મહત્ત્વ નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) પાયાનાં મૂલ્યો શીખવવા :**

- સમાજમાં નવા જન્મ લેતાં આગંતુકોને સમાજની સંસ્કૃતિ, રીતરિવાજો, નીતિનિયમો, પાયાનાં મૂલ્યો વગેરે શીખવા સામાજિકરણનું મહત્ત્વ છે.

**(2) સારું જીવન જીવવા :**

- સામાજિકરણ દ્વારા સુખી અને સારા માનવજીવન માટે ઉપયોગી એવા બધાજ નિયમો વ્યક્તિને સામાજિકરણ દ્વારા જ શીખવા મળે છે.

**(3) માનવ સંબંધોનો વિકાસ કરવો :**

- સામાજિકરણથી જ માનવી માનવી વચ્ચેના માનવ સંબંધોનો વિકાસ થાય છે. માનવીય સંબંધો પિતા-પુત્ર, માતા-પિતા, દીકરી- દીકરો, સસરા-જમાઈ, મિત્ર-મિત્ર, ગુરુ-શિષ્ય, વ્યાપારી-ગ્રાહક આચાર્ય શિક્ષક, શેઠ-સેવક, અમલદાર-કામદાર જેવાં પારંપરિક સંબંધોના સમીકરણો રચાય છે અને પરસ્પર અસ્તિત્વનો સ્વીકાર થાય છે.

**(4) સંબંધો વિકસાવવા :**

- સામાજિકરણથી જ ક્ષણિક, ટૂંકાગાળાના લાંબા ગાળાના, કાયમી, ઉપર છલ્લા, વિશ્વાસુ, આત્મિયતાભર્યા, વ્યાવસાયિક, કૌટુંબિક, સામાજિક એમ અનેક સંબંધો વિકસી શકે છે.

**(5) સહકારથી કામ કરતા શીખવવા :**

- સામાજિકરણથી નિકટતાનો ભાવ જણાય છે. માણસ-માણસને ઓળખે છે, જેમાંથી સ્વીકાર-અસ્વીકાર, પસંદ-નાપસંદ, સ્પષ્ટતા, ધીરજ જેવાં ગુણો વિકસે છે. પરસ્પર સાથે

મળી સામૂહિક કાર્ય કરી શકાય છે. સમાજમાં વિકટ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મદદરૂપ થવું તેવી ભાવના જાગૃત થાય છે.

દા.ત. પૂરની પરિસ્થિતિમાં મદદરૂપ થવું, ફૂડના પેકેટ તૈયાર કરવાં વગેરે

**(6) કુદરતી આફતોમાં મદદરૂપ થવા :**

- સમાજમાં જ્યારે કુદરતી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મદદરૂપ થવું.

  દા.ત. પૂરની પરિસ્થિતિમાં મદદરૂપ થવું, ભૂકંપ, જવાળામુખી વગેરે

**(7) વ્યક્તિત્વનો વિકાસ કરવા :**

- સામાજિકરણમાં પોતાનામાં ખૂટતી કડીઓ બીજાની સાથે સહવાસમાં આવવાથી શોધી સમજીને ઉમેરે છે.

**(8) જીવન જરૂરિયાતો પૂર્ણ કરવાં :**

- સામાજિકરણથી જ વ્યક્તિ-વ્યક્તિની દૈનિક જરૂરિયાત અને જીવન પર્યતની જરૂરિયાતો પરસ્પર સહકારથી પૂર્ણ કરી શકોય છે. પરસ્પર થતા અનુભવોથી વ્યક્તિત્વ ઘડાય છે.

**(9) સામૂહિક કાર્ય કરવાં:**

- સામાજિકરણ થવાથી બાળકોમાં સામૂહિક કાર્ય કરવાની પ્રેરણા જાગે છે. બાળકો એકબીજાંની નજીક આવે છે. પરસ્પરના સંબંધો વધે છે, તેથી સામૂહિક કાર્ય કરવામાં મદદરૂપ થાય છે.

  દા.ત. બીજાને મદદરૂપ થવું, પૂરની પરિસ્થિતિમાં મદદરૂપ થવું, વૃક્ષારોપણ, સફાઈ કાર્ય વગેરે

**(10) ત્યાગની ભાવના કેળવવી :**

- તંદુરસ્ત હરિફાઈ, સંઘર્ષ, સહકાર, વગેરે જેવીની ત્યાગ જેવી બાબતો શીખવા મળે છે.

## 5.8 સામાજિકરણને અવરોધવું પરિબળો :

- સામાજિકરણ ના અવરોધરૂપ પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય છે.

**(1) માતા-પિતાના પ્રેમનો અભાવ :**

- બાળકને ઘરમાં માતા-પિતાનો પ્રેમ મળતો ન હોય, ઘરમાં કંકાસયુક્ત વાતાવરણ હોય તો સામાજિકરણ કરવામાં અવરોધક બને છે.

**(2) સંસ્કૃતિ વિરોધી ફેલાવો :**

- સંસ્કૃતિ વિરોધી તત્ત્વો, ધર્મ, વર્ગ, વર્ણ-જાતિ વગેરેનો વધુ પડતો ફેલાવો બાળકોના મન પર ગાઢ અસર કરે છે.

**(3) શાળામાં અપમાનજનક પરિસ્થિતિ :**

- શાળામાં ક્યારેક થતી અપમાનજનક પરિસ્થિતિ સામાજિકરણ કરવામાં અવરોધક બને છે. શાળામાં બાળકનું વારંવાર અપમાન થતું હોય તો બાળકના મન પર તેની અસર થાય છે, તેના મન પર નિરાશાનું વાતાવરણ ઊભું થાય છે. કોઈ પ્રવૃત્તિમાં બાળક ભાગ લેતો નથી. આવી પરિસ્થિતિ ઘર અને સમાજમાં બને તો તેની અસર થયા વગર રહેતી નથી.

**(4) બાળકને થતો અન્યાય :**

શાળા, ઘર, સમાજ, મિત્રવર્તુળ વગેરે સાથે વારંવાર અન્યાય થતો હોય તો સામાજિકરણ કરવામાં અવરોધક બને છે.

**(5) બાળકોમાં ફેલાતાં ઈર્ષ્યાના ભાવ :**

- બાળકોમાં અંદર-અંદર ઈર્ષ્યા, વેર-ઝેરને પોષતી ભાવના પણ અવરોધક બને છે. મિત્ર

તેનાથી આગળ જાય તો ન ગમે, સારા કાર્ય માટે જે કાર્ય કરે તેના માટે અવરોધ ઊભા કરે.

**(6) લઘુતાગ્રંથિનો ભાવ :**

- શાળામાં આચાર્ય, શિક્ષક, મિત્રો વગેરે તરફથી વારંવાર અપમાન થતું હોય, વારંવાર સંઘર્ષ થતો હોય, ભેદભાવ પૂર્ણ વાતાવરણ હોય તો પણ અવરોધક બને છે.

**(7) વારંવાર મળતી અસફળતા :**

- બાળકમાં વારંવાર અસફળતા મળતી હોય તો સામાજિકરણ કરવામાં અવરોધક બને છે. શાળામાં ભેદભાવપૂર્વક કાર્ય થતું હોય, ભેદભાવ રાખવામાં આવતો હોય, કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેવા છતાં સફળતા ન મળતી હોય તો અવરોધક બને છે.

**(8) પોતાની જાતને અન્ય સાથે સરખાવવામાં નાનમ સમજવી :**

- બાળક જ્યારે અન્ય સાથે સરખામણી કરતો હોય ત્યારે નાનમ કે શરમ અનુભવે, ત્યારે સામાજિક બનાવતાં રોકે છે.

## 5.9 સામાજિકરણ માટે શિક્ષકની ભૂમિકા :

- બાળકનું સામાજિકરણ કરવામાં ઘર મહત્ત્વનો ફાળો આપે છે. પરંતુ બાળક ત્રણ વર્ષનો થાય છે કે તરત જ તેમનાં માતા-પિતા પોતાના બાળકોને શાળામાં મોકલી જ દે છે. પ્રત્યેક સમાજને શાળા પ્રત્યે વિશ્વાસનો દૃષ્ટિકોણ હોય છે. આચાર સંહિતાનું શિક્ષણ, બાળક શાળામાંથી જ શીખે છે.
- સમાજની પ્રણાલિકામાં કુશળતાઓ, માન્યતાઓ, મૂલ્યોનું ઘડતર વગેરે બાળકો સુધી પહોંચાડવાનું કાર્ય કરવાને કોઈ સક્ષમ હોય તો તે શિક્ષક છે. શિક્ષકનું કાર્ય છે બાળકનું સામાજિકરણ કરતાં જ રહેવાનું. એક આવડતવાળો શિક્ષક આ કાર્ય સારી રીતે કરી શકે છે. બાળકોમાં સામાજિકતા વધે તે માટે શિક્ષકે નીચે મુજબની કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.

**(1) વિવિધ રમતોનું આયોજન :**

- શાળામાં, બાળકોની સામાજિકતા વધે તે માટે વિવિધ રમતોનું આયોજન કરવું જોઈએ. સમૂહ ભાવના કેળવાય તેવી રમતો પસંદ કરવી જોઇએ.

  દા.ત. લંગડી, ખોખો વગેરે જેવી રમતો રમાડી સામાજિકરણ કરી શકે.

**(2) પ્રવાસનું આયોજન :**

- શાળામાંથી બાળકોને પ્રવાસે લઇ જવાનું આયોજન કરવામાં આવે તો સામાજિકતામાં વધારો કરી શકાય. સાથે રહેવું, સાથે જમવું, સાથે નાસ્તો કરવો, સાથે બેસવું, સાથે આનંદ માણવો, સાથે સાઈડસીન જોવા વગેરે. સાથે રહેવાથી મિત્રતામાં વધારો થાય છ. સહકારની ભાવના વધે છે. એકબીજાંને મદદરૂપ થવું વગેરે.

**(3) સામૂહિક કાર્ય :**

- શાળા દ્વારા સામૂહિક કાર્ય હાથ ધરવામાં આવે, સફાઈ કાર્ય, વૃક્ષારોપણ વગેરે. બાળકો એકબીજાંના પરિચયમાં આવે છે. એકબીજાંની નજીક આવે છે.

**(4) પ્રેમ ભર્યો વ્યવહાર :**

- શાળામાં શિક્ષક દ્વારા બાળકો સાથે પ્રેમભર્યો વ્યવહાર કરવામાં આવે. બાળકો શિક્ષકના અનુકરણ દ્વારા શીખે છે. બીજા સાથે બાળકો પ્રેમ ભર્યો વ્યવહાર કરવાનું શીખે છે. બીજાને માન સન્માન આપવું. વડીલ સાથેનો વ્યવહાર કઈ રીતે કરવો તે શીખે છે.

**(5) સફાઈ કાર્ય :**

- શાળા દ્વારા બાળકો માટે સફાઈ કાર્ય હાથ ધરવામાં આવે. બાળકો સાથે રહેવાથી સમૂહ ભાવનાનો વિકાસ થશે.

**(6) સાંસ્કૃતિક કાર્યક્રમ :**

- શાળા દ્વારા અવારનવાર સાંસ્કૃતિક કાર્યક્રમ શિક્ષક દ્વારા ગોઠવવામાં આવે. બાળકો એકબીજાંની નજીક આવશે, એકબીજાને સમજી શકશે. સાથે કાર્ય કરવાથી સામાજિકતા વધશે.

**(7) ઉત્સવની ઉજવણી :**

- શાળામાં શિક્ષક દ્વારા વિવિધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે. 15મી ઓગસ્ટ, 26મી જાન્યુઆરી, નવરાત્રિ, દિવાળી, નાતાલ, રમજાન વગેરે ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- બાળકોમાં સામાજિકતા વધે તે માટે વિદ્યાર્થીઓને વધુ કાર્યશીલ રાખવાં જોઈએ. શિક્ષકે ખૂબ કાળજીથી મિત્રતા, વિશ્વાસ, નિયમિતતા જેવાં ગુણો ખીલવવા પ્રયત્ન કરવાં જોઈએ. આમ કરવાથી વિદ્યાર્થીઓનું સામાજિકરણ સમૂહભાવે થતું જ રહે છે.

## 5.10 સારાંશ :

- સામાજિકરણ, બાળકને સમાજનાં ધોરણો, મૂલ્યો, લાગણીઓ, ભૂમિકાઓ અને વર્તન પધ્ધતિ શીખવતી એક પ્રક્રિયા છે.
- સામાજિકરણ એટલે બાળકો જે સમાજમાં જન્મ પામે છે, તે સમાજમાં યોગ્ય રીતે અનુકૂલન સાધી શકે તે રીતે તૈયાર કરવાની પ્રક્રિયા છે.
- સામાજિકરણની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે તેમજ આંતરક્રિયાની પ્રક્રિયા છે, તેમજ કાયમી પ્રક્રિયા છે. સારા નાગરિક બનાવવાની પ્રક્રિયા છે.
- બાળકના સામાજિકરણની પ્રક્રિયાને અસર કરતાં પરિબળો ...........
  - (1) કુટુંબ
  - (2) શાળા
  - (3) મિત્રજૂથ
  - (4) સમૂહ માધ્યમો
  - (5) વિવિધ સ્થળો
  - (6) સમાજ
- સામાજિકરણનું, પાયાનાં મૂલ્યો શીખવવા સારું જીવન જીવવા તેમજ માનવ સંબંધોનો વિકાસ કરવા મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## 5.11 એકમ સ્વાધ્યાય :

(1) સામાજિકરણ એટલે શું ?

(2) સામાજિકરણની પ્રક્રિયાનાં લક્ષણો જણાવો.

(3) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો જણાવો.

(4) સામાજિકરણના પ્રકાર જણાવો.

(5) સામાજિકરણનું મહત્ત્વ જણાવો.

(6) સામાજિકરણને અવરોધક પરિબળો જણાવો.

(7) સામાજિકરણ માટે શિક્ષકની ભૂમિકા જણાવો.

**બહુ વિકલ્પ પ્રશ્નો :**

## 5.12 તમારી પ્રગતિ ચકાસો :

(1) સામાજિકરણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સામાજિકરણની પ્રક્રિયાનાં લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) સામાજિકરણના પ્રકાર જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સામાજિકરણનું મહત્ત્વ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..........................................................................

..........................................................................

(6) સામાજિકરણના અવરોધક પરિબળો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(7) સામાજિકરણ માટે શિક્ષકની ભૂમિકા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**બહુવિકલ્પ પ્રશ્નો :**

આપેલ વિધાનના નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સામાજિકરણની પ્રક્રિયામાં નીચેનામાંથી કયું લક્ષણ જોવા મળે છે ?

(1) સતત પ્રક્રિયા (2) અપાનુકૂલનની પ્રક્રિયા

(3) ટૂંકા ગાળાની પ્રક્રિયા (4) મૌનની પ્રક્રિયા

(2) બાળકના સામાજિકરણને અસર કરતું પરિબળ કયું છે ?

(1) કુટુંબ (2) સગાવ્હાલું

(3) ધર્મ (4) ભાષા

(3) શાળાએ સામાજિકરણ માટે કેવી સંસ્થા છે ?

(1) ઔપચારિક વ્યવસ્થા (2) અનોપચારિક વ્યવસ્થા

(3) ટૂંકા ગાળાની સંસ્થા (4) લાંબા ગાળાની સંસ્થા

(4) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળોમાં નીચેનામાંથી કયું પરિબળ નથી ?

(1) ઘર (2) મિત્ર વર્તુળ

(3) શાળા (4) સગાં સંબંધી

(5) વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં સામાજિકરણના પાયાનું કામ કોણ કરે છે ?

(1) કુટુંબ (2) રાજ્ય

(3) વ્યક્તિ (4) સંસ્કૃતિ

(6) પ્રત્યાયનના માધ્યમ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(1) ટેલિવિઝન (2) કુટુંબ

(3) શાળા (4) મિત્રજૂથ

(7) માનવસંબંધોની વિકસતી પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(1) સામાજિકરણ (2) વાતાવરણ

(3) મૂલ્યો (4) સમાજ

## 5.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answers to check your progress)

**(1) સામાજિકરણ એટલે શું ?**

- સામાજિકરણ બાળકને સમાજનાં ધોરણો મૂલ્યો, લાગણીઓ, ભૂમિકાઓ અને વર્તન પધ્ધતિ શીખવતી એક પ્રક્રિયા છે.

**(2) સામાજિકરણ કરવાની પ્રક્રિયાનાં લક્ષણો :**

(1) અનુકૂલન પ્રક્રિયા

(2) સતત પ્રક્રિયા

(3) આંતર ક્રિયા

(4) કાયમી પ્રક્રિયા

(5) સભાનતાપૂર્વક પ્રક્રિયા

(6) સારા નાગરિક બનવાની પ્રક્રિયા

(7) વિકાસની પ્રક્રિયા

(8) અપેક્ષિત વર્તન પરિવર્તનની પ્રક્રિયા

(9) સામાજિકરણના વિકાસની પ્રક્રિયા

**(3) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળો :**

(1) કુટુંબ

(2) શાળા

(3) મિત્ર જૂથ

(4) સમૂહ માધ્યમો

(5) વિવિધ સ્થળો

(6) સમાજ

**(4) સામાજિકરણનું મહત્ત્વ :**

(1) પાયાનાં મૂલ્યો શીખવવા

(2) સારું જીવન જીવવા

(3) માનવ સંબંધોનો વિકાસ કરવો

(4) સંબધો વિકસાવવા

(5) સહકારથી કામ કરતાં શીખવવું

(6) કુદરતી આફતોમાં મદદરૂપ થવું

(7) વ્યક્તિત્વનો વિકાસ કરવો

(8) જીવન જરૂરિયાતો પૂર્ણ કરવી

(9) સામૂહિક કાર્યો કરવાં

(10) ત્યાગની ભાવના કેળવવી

**(5) સામાજિકરણના અવરોધક પરિબળો :**

(1) માતાપિતાના પ્રેમનો અભાવ

(2) સંસ્કૃતિ વિરોધી ફેલાવો

(3) શાળામાં અપમાનજનક પરિસ્થિતિ

(4) બાળકને થતો અન્યાય

(5) બાળકોમાં ફેલાતા ઈર્ષ્યાના ભાવ

(6) લઘુતાગ્રંથિનો ભાવ

(7) વારંવાર મળતી અસફળતા

(8) પોતાની જાતને અન્ય સાથે સરખાવવામાં નાનમ સમજવી.

**(6) સામાજિકરણ માટે શિક્ષકની ભૂમિકા :**

(1) વિવિધ રમતોનું આયોજન

(2) પ્રવાસનું આયોજન

(3) સામૂહિક કાર્ય

(4) પ્રેમભર્યો વ્યવહાર

(5) સફાઈ કાર્ય

(6) સાંસ્કૃતિક કાર્યક્રમ

(7) ઉત્સવની ઉજવણી

**બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો :**

(1) સતત પ્રક્રિયા

(2) કુટુંબ

(3) ઔપચારિક વ્યવસ્થા

(4) સગાંસંબંધી

(5) કુટુંબ

(6) ટેલિવિઝન

(7) સામાજિકરણ

**5.14 સૂચિત વાંચન સામગ્રી :**

(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો પ્રતીક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી.વી. : વિકસતા ભારતમાં શિક્ષણ પ્રતિક પ્રકાશન, આણંદ

(3) બારૈયા વી.વી તથા અન્ય : સમકાલીન ભારત અન શિક્ષક, પ્રતીક પ્રકાશન, આણંદ

(4) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજ શાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ

એકમ 6

# સામાજિકીકરણની પ્રક્રિયા

## : રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 ભારતના સામાજિક સંદર્ભમાં શિક્ષણ

6.3 ભારતીય શિક્ષણમાં નવીનીકરણ

- (1) અભિગમો
  - (1) હાર્ડવેર અભિગમ
  - (2) સોફ્ટવેર અભિગમ
  - (3) પ્રણાલી અભિગમ
- (2) સમૂહ માધ્યમો
  - (1) કમ્પ્યુટર
  - (2) ઈન્ટરનેટ
  - (3) ઈ-મેઈલ
  - (4) ટેલિકોન્ફરન્સ

6.4 રાષ્ટ્રીયતા અને શિક્ષણ :

- (1) શિક્ષણની રાષ્ટ્રીય તરેહ
- (2) અભ્યાસરૂમ અને રાષ્ટ્રીયતા
- (3) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

6.5 સમાજ વ્યવસ્થામાં શિક્ષણની ભૂમિકા :

- (1) રાજ્ય વ્યવસ્થા અને શિક્ષણ
- (2) સમાજની સંસ્કૃતિ અને શિક્ષણ
- (3) સામાજિકસ્તર વ્યવસ્થા અને શિક્ષણ
- (4) સામાજિકન્યાય અને શિક્ષણ

6.6 સમૂહ-સંચારનાં માધ્યમો અને સમાજ

6.7 સામાજિકરણના હેતુઓ

6.8 એકમ સ્વાધ્યાય

6.9 તમારી પ્રગતિ ચકાસો

6..10 સારાંશ

6.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

6.12 સૂચિત વાંચન સામગ્રી

**ભારતીય સમાજના સામાજિકીકરણની પ્રક્રિયા તરીકે શિક્ષક :**

## 6.1 પ્રસ્તાવના :

માનવ, સમાજ અને શિક્ષણ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે. સમાજના સામાજિકરણની પ્રક્રિયામાં શિક્ષણ અગત્યનું માધ્યમ છે. માનવજીવનના પરિપાકરૂપે સંસ્કૃતિનો વિકાસ થયો. આ સંસ્કૃતિમાં વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યને કારણે માનવ જીવન વિકાસમાં જટિલતા આવી. માનવ જીવનના ઘડતરની આ જટિલ પ્રક્રિયામાં સામાજિક પ્રાણી તરીકે માનવ અને તેની સંસ્કૃતિનો વિકાસ થયો. આમાં શિક્ષણે અગત્યનો ભાગ ભજવ્યો.

ભારતીય સમાજના ઘડતરમાં પણ આ પ્રક્રિયા શિક્ષણ દ્વારા બળવાન બની. એટલે કે ભારતીય સમાજના સામાજિકીરણની પ્રક્રિયા તરીકે શિક્ષણ એક અગત્યનું માધ્યમ છે. જેની માહિતી અહીં રજૂ કરવામાં આવેલ છે.

## 6.2 ભારતના સામાજિક સંદર્ભમાં શિક્ષણ :

- સમાજ અનેક નાગરિકોનો બનેલો છે. જેવું શિક્ષણ તેવો નાગરિક. આમ સમાજના નાગરિકોના ઘડતરમાં શિક્ષણ છે. જે લોકોને સામાજિકતાના પાઠો શીખવે છે. તેના વડે સામાજિકરણ થાય છે. શિક્ષણના શાસ્ત્ર દ્વારા શીખવા-શિખવવાની પ્રક્રિયાને વ્યવસ્થિત સ્વરૂપ અપાવું.
- માનવ પહેલાં તો જાનવર જેવો જંગલી જણાતો હતો. ધીમે-ધીમે શોધ, વિચારણાથી તેણે ટોળીઓ બનાવી, સમાજ રચ્યો, રાજ્યો રચ્યાં, ખેતી શોધ થઈ, વિચાર શક્તિનો વિકાસ થતો ગયો. આમ, માનવ સમાજ શરીર, મન અને આત્મા વિશે વિચારતો થયો. જેમાં સમાજ શાસ્ત્ર, માનવશાસ્ત્ર, જીવશાસ્ત્ર એ દરેકની શિક્ષણની વિચારણા કરવામાં આવી. જેનો શિક્ષણથી કુટુંબ, જ્ઞાતિ, રાષ્ટ્ર એમ સમૂહ જીવન શક્ય બન્યું.
- આદિ માનવથી શરૂ કરી સામાજિક જીવન સુધી પહોંચવામાં માનવને શિક્ષણનો સાથ મળ્યો.
- વ્યક્તિ જે સામાજિક પ્રથાઓ, સામાજિક સમૂહો અને સામાજિક પ્રક્રિયાઓ જે સામાજિક સંબંધો મારફતે અનુભવે છે, તેને સંગઠિત કરે અને સમગ્ર શૈક્ષણિક વાતાવરણ ઉપરની આંતરક્રિયા કરે તેમ સામાજિક ઘડતર થતું રહે છે.
- શાળાનું સમૂહ જીવન, સામૂહિક રમતો, શાળા સંમેલન, સહ અભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા ચારિત્ર્ય નિર્માણ અને વ્યક્તિત્વનો વિકાસ સાથે સંસ્કાર સિંચન પણ થાય છે.
- આથી જ શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે, જેમાં સામાજિક સંબંધો અને સામાજિક પ્રક્રિયાઓને અનુલક્ષીને અભ્યાસક્રમો ઘડાય છે.
- સમાજની રચના, સમાજના આવશ્યક ભાગો, જુદી જુદી સામાજિક વ્યવસ્થાઓનાં સામાન્ય તત્ત્વો, સામાજિક પરિવર્તનો, સામાજિક કાર્યો, સામાજિક આંતરક્રિયાઓ, વ્યક્તિ- સમાજ વચ્ચેનાં સંબંધો વગેરે. આ દરેકમાં શિક્ષણની ભૂમિકા મહત્ત્વની છે.
- ભારતની લોકશાહી અને સમાજવાદી રચના સંદર્ભ વિદ્યાર્થીઓની સામાજિકરણની પ્રક્રિયા શિક્ષણ દ્વારા થાય છે. આપણા સાંસ્કૃતિક વારસાનું નવી પેઢીમાં સંક્રમણ, સામાજીક પરિવર્તન સાથે અનુકૂલન સામાજિકરણના કાર્ય માટે શિક્ષણ કાર્ય કરી રહ્યું છે.
- શિક્ષણ વ્યવસ્થા સમાજ વ્યવસ્થના એક ભાગરૂપ હોવાથી બંને વચ્ચે પરસ્પર ગાઢ સંબંધ છે, આથી શિક્ષણ સમાજના વિકાસ અને પ્રગતિમાં પોતાનો ફાળો આપે છે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ પણ નીભાવે છે. આથી શિક્ષણ અનેક સામાજિક કાર્ય કરે છે જે નીચે મુજબ દર્શાવી શકાય :

(1) નવી પેઢીનું સામાજિકરણ કરે છે.

(2) વ્યક્તિત્વ ઘડતરનું કાર્ય કરે છે.

(3) સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરે છે.

(4) સામાજિક પરિવર્તન લાવવાનું કાર્ય

(5) નવું જ્ઞાન આપવું

(6) સર્જનાત્મકતા વિકસાવવાનું કાર્ય

(7) સામાજિક ગતિશીલતામાં સહાયક તરીકેનું કાર્ય

(8) સમાજની જરૂરિયાત મુજબની વ્યક્તિઓ તૈયાર કરવાનું કાર્ય

## 6.3 ભારતીય શિક્ષણમાં નવીનીકરણ :

- દુનિયાનો વિકાસ થતો ગયો છે તેમ તેમ ભારતીય શિક્ષણમાં નવીનીકરણ થતું રહ્યું છે. જૂની-પુરાણી શિક્ષણ પધ્ધતિઓને બદલે ભારતીય શિક્ષણમાં નવીનીકરણનો આવિષ્કાર થવા માંડ્યો છે.શાળા-મહાશાળાઓમાં શિક્ષણનાં બહુ માધ્યમોનો ઉપયોગ થવા લાગ્યો છે.
- શિક્ષણની પધ્ધતિઓ અને પ્રયુક્તિઓમાં નવીનીકરણ આવ્યું છે. સૂક્ષ્મ અધ્યાપન, અધ્યાપનનાં પ્રતિમાનો, તંત્ર અભિગમ, જૂથ અધ્યાપન, ચિંતનાત્મક અધ્યાપન વગેરે ઉપરાંત અભિક્રમિત અધ્યયન ક્ષમતાલક્ષી અધ્યયન, ન્યૂનતમ અધ્યયન અભિગમ, પ્રજ્ઞા અભિગમ, આનંદદાયક અધ્યયન વગેરે જેવાં નવાં ખ્યાલો અસ્તિત્વમાં આવ્યાં છે.
- શિક્ષણના હેતુઓની સિધ્ધિ મળે ને ઉપયોગી થતી પધ્ધતિઓ, વાર પ્રયુક્તિઓ અને ઉપકરણોનો સમાવેશ શૈક્ષણિક ટેકનોલોજીમાં થાય છે. શિક્ષણમાં નવીનીકરણ તરીકે આ બાબતને અહીં રજૂ કરી છે.
- શૈક્ષણિક ટેકનોલાજી જ્યારે અધ્યયનના વિજ્ઞાનના શિક્ષણની પ્રક્રિયામાં વિનિયોગ કરે છે ત્યારે ટેકનોલોજી ઉદ્‌ભવે છે.

  દા.ત. કાગળ, શાહી, પુસ્તકો, નકશા, ચાર્ટસ, રેડિયો, ફિલ્મ, કમ્પ્યુટર, ટી.વી. ઓવર હેડ પ્રોજેક્ટર વગેરે શૈક્ષણિક સાધનો જે ભૌતિક વિજ્ઞાનનું પરિણામ છે. જ્યારે તેના વડે શિક્ષણની પ્રક્રિયા અસરકારક બનાવવાની પધ્ધતિઓ, પ્રયુક્તિઓ કે અભિગમો પ્રાપ્ત થાય છે. તે વર્તન વિજ્ઞાન છે, તેમાં સૂક્ષ્મ અધ્યાપન, અધ્યાપનનાં પ્રતિમાનો, તંત્ર અભિગમ, જૂથ અધ્યાપન, ચિંતનાત્મક અધ્યાપન, અભિક્રમિત જૂથ અધ્યાપન, કમ્પ્યુટર, સોફ્ટવેર વગેરે પ્રાપ્ત બને છે. આ નવીનીકરણ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને વધારે અસરકારણ બનાવે છે.
- શૈક્ષણિક ટેકનોલોજીના ત્રણ અભિગમો છે, જેના વડે શિક્ષણમાં નવીનીકરણ પ્રયોજી શકાય છે. જેની માહિતી નીચે પ્રમાણે રજૂ કરવામાં આવી છે.

**(1) અભિગમો**

**(1) હાર્ડવેર અભિગમ :- Hard ware Approach**

- શૈક્ષણિક ટેકનોલોજીના આ સ્વરૂપ, મૂળ પ્રાકૃતિક વિજ્ઞાન તથા ઈજનેરી ટેકનોલોજી છે. શિક્ષણ કાર્ય માટે તેમજ શિક્ષણની અસરકારકતા વધારવા માટે આધુનિક સાધનોનો ઉપયોગ એ હાર્ડવેર અભિગમ છે. આ અભિગમ ભૌતિક વિજ્ઞાન પર આધારિત છે, જેના કારણે શિક્ષણ કાર્યમાં ધીરે ધીરે યાંત્રિકારણ કરવામાં આવ્યું છે. શિક્ષક શિક્ષણ કાર્યમાં વધુમાં વધુ ઉપયોગ કરી, વિદ્યાર્થીઓનો વધુ સહયોગ મેળવી શકે છે.

  20મી સદીમાં આ અભિગમનો વિકાસ થયો.
- દા.ત. - ટી.વી. - ટેપરેકોર્ડર

  - ચાર્ટ - રેડિયો - મૉડેલ્સ - સ્લાઈડ પ્રોજેક્ટર - કમ્પ્યુટર-ફિલ્મ પ્રોજેક્ટર - સેટેલાઈટ ટી.વી.

  - એપિડાયોસ્કોપ -ઓવર હેડ પ્રોજેક્ટર - મોબાઈલ - વિડિયો ટેપ

ઉપરના સાધનોનો ઉપયોગ હાર્ડવેર અભિગમ છે.

- સંશોધન કાર્ય પછી હાર્ડવેર અભિગમ મદદરૂપ થાય છે. સંશોધન કાર્યની ગણતરી કરવામાં ઘણો સમય જાય પરંતુ કમ્પ્યુટરના ઉપયોગથી ઓછા સમયમાં જરૂરી માહિતી તૈયાર કરી શકાય, જ્ઞાનના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે.

**(2) સોફ્ટવેર અભિગમ :- (Software approach)**

- સામાજિક વિજ્ઞાન કે અધ્યયન મનોવિજ્ઞાનએ સોફ્ટવેર અભિગમના સ્વરૂપનું મૂળ છે. અભિક્રમિત અધ્યયન, શિક્ષણ, મશીન વગેરેનો સમાવેશ આ અભિગમમાં કરવામાં આવે છે. સોફ્ટવેર અભિગમમાં, અધ્યયન મનોવિજ્ઞાનના પ્રયોગ દ્વારા એવાં અનુભવો પૂરા પાડવામાં આવે છે કે, વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત વર્તન પરિવર્તનો લાવે છે.
- ડેવિસના મત પ્રમાણે અભિક્રમિત અધ્યયનના સિધ્ધાંતો આ અભિગમ સાથે જોડાયેલાં છે.
- શૈક્ષણિક સાધનો હાર્ડવેર ટેકનોલોજીમાં સમાવેશ કરેલ છે, પરંતુ બંને અભિગમને એકબીજાંથી દૂર કરી શકાય તેમ નથી. એક સિક્કાની બે બાજુ પ્રમાણે કાર્ય કરે છે.
- હાર્ડવેર ટેકનોલોજીના એવા ભૌતિક ભાગો છે કે આપણે તેને સ્પર્શ કરી શકતાં નથી. ટી.વી. એ હાર્ડવેર છે, પરંતુ તેના પરથી સંભળાતું ગીત સોફ્ટવેર છે. કા.પા. એ હાર્ડવેર છે, પરંતુ તેના ઉપર કરેલાં કાર્યો કે લખાણ એ સોફ્ટવેર છે. સોફ્ટવેરએ માહિતીનો સમૂહ છે. સોફ્ટવેરને લંબાવવા કે સમાવવા માટે હાર્ડવેરની જરૂર પડે છે. સોફ્ટવેર વિનાના હાર્ડવેરની કોઈ કિંમત નથી.

**(3) પ્રણાલી અભિગમ :- (System approach)**

- શરીરમાં અનેક ભાગો આવેલાં છે. દરેક ભાગો પોતાની રીતે સ્વયં સંચાલિત છે. દરેક ભાગોનું શરીર સંચાલન કરે છે. દરેક ભાગો ભેગા થવાથી તેનું શરીર બનતું નથી. દરેક ભાગ પોતાને જે કાર્ય સોંપેલ છે તેનું કાર્ય કરે છે. પગ ચાલવાની ક્રિયા કરે છે. હાથ લખવાની કે ખાવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે, દરેક ભાગના કાર્ય યોજનામાં શરીર સંચાલન રહેલું છે.
- પ્રણાલી અભિગમનો વિચાર પણ આ પ્રક્રિયા સાથે કાર્ય કરી રહ્યું છે. પર્યાવરણમાં જે અલગ અસ્તિત્વ જોવા મળે છે, તેવું અલગ અસ્તિત્વ જોવા મળતું નથી. દરેક બાબત એકબીજાં પર આધારિત છે, પરસ્પરિત છે.
- શિક્ષણ પ્રક્રિયામાં પ્રણાલી અભિગમ એટલે પરસ્પરાવલંબિત બાબતો કે પાસાં વિશે પૂર્વ વિચારણા કરી પરસ્પર વિશે સંબંધ પ્રસ્થાપિત કરી સળંગ સૂત્ર પ્રક્રિયા તૈયાર કરી તેના અમલીકરણ દ્વારા એવી નીપજ ઉપજાવવી કે જેથી તેનો મહત્તમ અને યોગ્યતમ લાભ થાય.
- પ્રણાલી અભિગમ એટલે વિષય વસ્તુની રજૂઆત અને અસરકારક અધ્યયન માટે શિક્ષક શૈક્ષણિક સાધનોના ઉપયોગનું આયોજન કરે.
- પ્રણાલી અભિગમ શૈક્ષણિક ટેકનોલોજીના અસરકારકતાન વિનિયોગની દિશામાં સૂઝ બક્ષે છે.
- જરૂરી સાધનના ઉપયોગને આધારે આધારભૂત માહિતી પ્રાપ્ત કરે, માહિતીના અસરકારક બનાવવાના માધ્યમો નક્કી કરે, રજૂઆતની પ્રવિધિ વિચારે અને માનવ શક્તિનો વધુમાં વધુ ઉપયોગની અંગે વિચારણા કરે એ છે.

**(2) સમૂહ માધ્યમો**

**(1) કમ્પ્યુટર**

- શિક્ષણમાં ઉપયોગી કમ્પ્યુટર ઈલેક્ટ્રોનિક ટેકનોલોજી અને માઈક્રો પ્રોસેસિંગ ચિપ્સ સાથે સંકળાયેલ છે. વિડીયો ડિસ્કમાં અસંખ્ય ચિત્રો અંકિત કરીને સંગ્રહી શકાય છે. તે ચિત્રોનું સૂચિપત્ર વિડીયો કમ્પ્યુટર છે.

- કમ્પ્યુટર બેઈન્ડ્રેડ :- આધારિત અધ્યયન લર્નિંગમાં અધ્યયનની આગવી કાર્ય રીતિ છે, જ્યાં વિદ્યાર્થી દીઠ કમ્પ્યુટર હોય છે, જેમાં શિક્ષણ દ્વારા તૈયાર કરેલા સોફ્ટવેરનો પ્રત્યેક વિદ્યાર્થીના કમ્પ્યુટરમાં ઉપયોગ શકય હોય છે, તેમાં પ્રસ્તુત વિષયનું પોતાની માતૃભાષામાં મુદ્રિત કરેલ ધ્વનિ સાથેનું સંકલન હોય છે. વિદ્યાર્થી તેના પસંદ કરેલા સમયે વિષયાંગની માહિતી અનુકૂળતા મુજબ પ્રાપ્ત કરી શકે છે.

**(2) ઉપયોગ :**

- કમ્પ્યુટરનો અર્થશાસ્ત્રના શિક્ષણમાં ઉપયોગ કરવાથી નીચેના ફાયદાઓ મેળવી શકાય :

**(1) સ્વ-અધ્યયન કરવામાં ઉપયોગી**

કમ્પ્યુટરનો અર્થશાસ્ત્રમાં ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન કરવામાં ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓ વિષયવસ્તુને ધ્યાનમાં રાખી કમ્પ્યુટરના ઉપયોગથી સ્વ-અધ્યયન કરતાં થાય છે.

**(2) વિદ્યાર્થી ગતિ પ્રમાણે શીખી શકે :**

વર્ગમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. નબળા વિદ્યાર્થીઓની કામ કરવાની ગતિ ધીમી હોય છે. વિદ્યાર્થીઓ કમ્પ્યુટરનો ઉપયોગ પોતાની ગતિ પ્રમાણે કરી શકે છે.

**(3) પ્રશ્નોત્તરી કાર્યક્રમ થઈ શકે :**

કમ્પ્યુટરનો ઉપયોગ કર્યા પછી પ્રશ્નોત્તરી અંગેનો કાર્યક્રમ રાખી શકાય. વિષય વસ્તુ અંગે જે કંઈ માહિતી હોય તે જોઇ,તે માહિતી ઉપર પ્રશ્નોત્તરી અંગેનો કાર્યક્રમ રાખી ચર્ચા કરી શકાય.

**(4) પરીક્ષા લઈ શકાય :**

કમ્પયુટર ઉપર જોયેલ માહિતી ઉપરથી પરીક્ષા લઈ શકાય જે તે માહિતી વિદ્યાર્થી ધ્યાનપૂર્વક જુએ છે.

**(5) વિષય વસ્તુની માહિતી જાણવા :**

કમ્પ્યુટર ઉપરથી અર્થશાસ્ત્ર વિષયની બધી માહિતી પ્રાપ્ત થાય છે. વિષયવસ્તુ અંગેની માહિતી જાણવા મળે છે.

**(6) વિશાળ માહિતી પ્રાપ્ત થાય :**

અર્થશાસ્ત્ર વિષયની માહિતી ઈન્ટરનેટ ઉપર વિશાળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. માહિતી ચિત્રો તેમજ ઉદાહરણ સાથેની હોય છે.

**(7) અભ્યાસ માટે પ્રેરણા જાગે :**

કમ્પ્યુટર ઉપર વિશાળ પ્રમાણમાં માહિતી આવેલી હોવાથી, માહિતી જોવા માટે વિદ્યાર્થીઓમાં રસ ઉત્પન્ન થાય છે. વધુ અભ્યાસ માટે પ્રેરણા જાગે છે.

**(8) લાંબો સમય યાદ રાખી શકે :**

ઈન્ટરનેટ ઉપર માહિતી જોવાનું વિદ્યાર્થીઓને ગમે છે, વધુ રસ પડે છે. વધુ ધ્યાન આપે છે, જેથી વિષયવસ્તુની માહિતી લાંબો સમય યાદ રાખી શકે છે.

**(9) નવી માહિતી જાણવા મળે :**

ઈન્ટરનેટ ઉપર માહિતી નવી નવી મૂકવામાં આવતી હોય છે, તેથી નવીન માહિતી જાણવા મળે છે, ચિત્રો સાથેની માહિતી હોય છે.

**(10) વિશેષ માહિતી જાણવા મળે :**

પાઠ્યપુસ્તક સિવાયની કેટલીક વધારાની માહિતી ઈન્ટરનેટ ઉપર જોવા મળે છે. ઈન્ટરનેટ ઉપર વિશેષ માહિતી જાણવા મળે છે.

**(11) ઊંડાણપૂર્વકની માહિતી જાણવા મળે :**

પાઠ્યપુસ્તક સિવાયની કેટલીક વધારાની માહિતી ઈન્ટરનેટ ઉપર જાણવા મળે છે. વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકને વિષય વસ્તુ અંગેની ઊંડાણપૂર્વકની માહિતી જોવી હોય તો જોવા મળે છે.

**(12) એકમ પ્રમાણે પ્રોગ્રામ :**

કમ્પ્યુટરની મદદથી કોઈ પણ એકમનો પ્રોગ્રામ તૈયાર થઈ શકે છે, જેનો ઉપયોગ એકમના શિક્ષણકાર્ય માટે થઈ શકે છે.

**(13) શિક્ષણની ગુણવત્તા સુધારે :**

વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ થવાથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે. વધુ ધ્યાન આપે છે. ભાગીદાર પણ બને છે. આથી શિક્ષણની ગુણવત્તા સુધરે છે.

**(14) સક્રિયતામાં વધારો :**

વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો થાય છે. વિદ્યાર્થીઓને વધુ રસ પડે છે, વધુ ધ્યાન આપે છે, ભાગીદારી વધે છે.

**(15) વિષયવસ્તુનું પુનરાવર્તન થઈ શકે :**

વર્ગમાં કમ્પ્યુટરનો ઉપયોગ થવાથી વિષય વસ્તુની સમજ વધુ મેળવવા પુનરાવર્તન કરવું હોય તો કરી શકાય છે. વિષયવસ્તુની સ્પષ્ટતા ન થઈ હોય તો, ફરી વખત ઉપયોગ કરવાથી સ્પષ્ટતા થઈ શકે છે.

**(3) મર્યાદાઓ :**

કેટલાંક ફાયદાઓ હોવાં છતાં કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે :

**(1) ખર્ચાળ સાધન :**

- કમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટનો ઉપયોગ કરવો વધુ ખર્ચાળ બની જાય છે. ઈન્ટરનેટ કનેકશન લેવું પડે છે, તેનો ખર્ચ થાય છે. સમારકામ અંગેનો પણ ખર્ચ થાય છે.

**(2) ઓછો ઉપયોગ :**

- વધુ ખર્ચાળ હોવાથી શિક્ષણની જવાબદારીમાં વધારો થતો હોવાથી ઓછો ઉપયોગ થતો જોવા મળે છે.

**(3) બીજા ઉપર આધારિત :**

- કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ ચલાવવા માટે શિક્ષકને તે અંગેનું જ્ઞાન ન હોય તો બીજા ઉપર આધાર રાખવો પડે છે.

**(4) શિક્ષણની જવાબદારી વધે :**

- ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની શિક્ષકની જવાબદારી વધે છે. જવાબદારી વધતી હોવાથી શિક્ષકો ઉપયોગ કરવાનું ટાળે છે.

**(5) વધુ સમય**

- ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં વધુ સમય જાય છે, વધુ સમય જતો હોવાથી શિક્ષકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે.

**(6) ભૌતિક સગવડતાનો અભાવ :**

- કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ ચલાવવા માટે શાળામાં ભૌતિક સગવડતાઓ જોઈએ. સગવડતા વગરે તેનો ઉપયોગ બરાબર રીતે થઈ શકતો નથી.

**(7) સાધનો વાપરવા અંગે શિક્ષક પાસે ઓછું જ્ઞાન :**

ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે શિક્ષક પાસે જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન ન હોય તો ઉપયોગ કરવો મુશ્કેલરૂપ બની જાય છે.

**(8) ગ્રામ વિસ્તારનો પ્રશ્ન :**

ભૌતિક સગવડતાનો અભાવ હોવાથી ઈન્ટરનેટનો ગ્રામ વિસ્તારમાં ઉપયોગ કરવો મુશ્કેલ બની જાય છે.

**(9) અનુભવી નિષ્ણાતોની તંગી :**

કમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે અનુભવી શિક્ષકની જરૂર પડે છે. તે અંગેનું જ્ઞાન પણ મેળવવું પડે છે. શિક્ષક પાસે કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનુ ંજ્ઞાન ન હોય તો તેનો વર્ગમાં ઉપયોગ થતો નથી.

**(10) સારા સોફટવેરનો અભાવ :**

શિક્ષણ કાર્ય કરવા માટે શૈક્ષણિક એકમ ઉપર આધારિત પ્રોગ્રામ તૈયાર કરવો પડે છે, જે તૈયાર ન હોય તો તેનો ઉપયોગ થઈ શકતો નથી. બજારમાં સારા સોફટવેરનો અભાવ જોવા મળે છે.

**(2) ઈન્ટરનેટ :**

**(1) પ્રસ્તાવના :**

- ઈન્ટરનેટ એ નેટવર્કસનું નેટવર્ક છે. એ શબ્દો ઈન્કટકનેકશન-ઈન્ટરનેશનલ અને નેટવર્કને ભેગા કરીને 'ઈન્ટરનેટ' શબ્દ બનાવવામાં આવ્યો છે.
- આમ ઘણા બધા નેટવર્કને જોડતું નેટવર્ક એટલે ઈન્ટરનેટ. ઈન્ટરનેટ કોઈ એક વ્યક્તિ કે સંસ્થાના નિયંત્રણ હેઠળ નથી તેમ છતાં ઘણી સંસ્થાઓ ઈન્ટરનેટ ચલાવવામાં મદદરૂપ થાય છે.
- ઈન્ટરનેટ એ કમ્પ્યુટરના નેટવર્કોનું નેટવર્ક (જાળાનું જાળું) છે. ઈન્ટરનેટ એટલે માહિતીનો ભંડાર.
- આધુનિક યુગમાં ઈન્ટરનેટની ઉપયોગિતા દિવસે દિવસે વધતી જાય છે. ઘણી બધી ઉપયોગી માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવી શકાય છે, જે માહિતી ગુણવત્તાયુક્ત હોય છે. અનુભવી વ્યક્તિઓ દ્વારા માહિતી તૈયાર કરીને મૂકવામાં આવે છે.
- ભારતમાં વાણિજ્યિક હેતુ માટે ઈન્ટરનેટની ઉપલબ્ધિ15મી ઓગસ્ટ, 1995થી થઈ.
- જો કે ઈન્ટરનેટની શોધ તો 1969માં વિયેટનામા સાથેના અમેરિકાના યુદ્ધના આખરી તબક્કે થઈ હતી. તે વખતે અમેરિકાના સંરક્ષણ વિભાગના ટેકનોકેટોએ આંકડાકીય માહિતી, નકશા તેમજ ગુપ્તપત્રોની આપ-લે માટે બે કમ્પ્યુટર વચ્ચે જોડાણ કર્યું હતું, તે વિશ્વનું સૌપ્રથમ નેટવર્ક હતું.
- ઈન્ટરનેટનો ઉપયોગ લશ્કરી ક્ષેત્રે જ થતો. આજે સેટેલાઈટના માધ્યમથી દુનિયાના કમ્પ્યુટર્સ જોડાઈને, સમગ્ર દુનિયાને જોડવાનું કામ ઈન્ટરનેટ કરે છે.
- આજે વિશ્વની મોટાભાગની વસ્તી ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહી છે. દિવસે દિવસે ઈન્ટરનેટનો ઉપયોગ લેપટોપની શોધ થયા પછી વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, અધ્યાપકો, આચાર્યો કરી રહ્યાં છે.
- ઈન્ટરનેટ ટેકનોલોજી કે wide area network દ્વારા વિદ્યાર્થી વર્ગખંડમાં કે અન્ય જગ્યાએથી પોતાની પાસેનું કમ્પ્યુટર કે લેપટોપ ઈન્ટરનેટ સાથે જોડાય તો દુનિયાના કોઈપણ કમ્પ્યુટરમાંથી WWW(wide area network)ઉપર મૂકેલી માહિતી પોતાના કમ્પ્યુટરના પડદા ઉપર જોઈ શકે છે. મેળવેલ માહિતીનો પોતાના લેપટોપ કે કમ્પ્યુટરમાં સંગ્રહ કરી શકે છે તેની છાપેલી નકલ પણ મેળવી શકે છે.

- ઈન્ટરનેટની મદદથી કોઈપણ કમ્પ્યુટરને દુનિયાના કોઈપણ દેશના કમ્પ્યુટર સાથે જોડી શકાય છે. આમ, એકબીજાં સાથે જોડાયેલાં કમ્પ્યુટરની પધ્ધતિને નેટવર્ક કહે છે. આ જોડાણને લીધે વિદ્યાર્થીને વિશ્વના કોઈપણ ભાગેથી અદ્યતન માહિતી ઉપલબ્ધ થાય છે. આના લીધે ઓનલાઈન એજ્યુકેશન શક્ય બન્યું છે. ઈન્ટરનેટ પરથી એજ્યુકેશનને લગતી સાઈટ્સ માંથી શિક્ષણ મેળવી શકાય છે.

**(2) ઈન્ટરનેટનો અર્થ :**

- ઈન્ટરનેટ એ ઈન્ટર કનેકશન અને નેટવર્ક એ બે શબ્દો ઉપરથી આવ્યો છે.
- ઈન્ટરનેટનો અર્થ - ઈન્ટર એટલે આંતર અને નેટ એટલે જાળું આમ ઈન્ટરનેટ એટલે આંતર જાળું.
- ઈન્ટરનેટ એ વિશ્વની સૌથી મોટી કમ્પ્યુટર સંચાલિત સિસ્ટમ છે, જેના બીજા નામો જેવાં કે ધ નેટ, ઈન્ફોર્મેશન, સુપર હાઈવે, સાઈબર સ્પેસ વગેરે છે.
- કમ્પ્યુટર્સના જૂથને માહિતી અને સંસાધનોના સહિયારા ઉપયોગના હેતુસર એકબીજાં સાથે જોડવામાં આવે તો તેને નેટવર્ક કહે છે. આ માટે તે હાર્ડવેર અને સોફ્ડવેરથી જોડાયેલાં હોવાં જોઈએ.
- આમ બે કે તેથી વધુ કમ્પ્યુટર્સ વચ્ચેના આંતર જોડાણ ધરાવતા તંત્રને કમ્પ્યુટર નેટવર્ક કહે છે. આ કમ્પ્યુટર્સ કોઈ બિલ્ડિંગના એક ઓરડામાં પાસપાસે હોય, વિશાળ જગ્યામાં પથરાયેલી જુદી જુદી ઓફિસમાં હોય, દૂર દૂરના સ્થળે પણ હોઈ શકે.
- આમ, નેટવર્કનો વિસ્તાર પાસપાસેના કમ્પ્યુટર્સથી લઈને વિશ્વના વિસ્તારને આવરી લે છે.
- કમ્પ્યુટર્સના નેટવર્કનું નેટવર્ક એટલે ઈન્ટરનેટ. ઈન્ટરનેટની માલિકી કોઈ ધરાવતું નથી. કેટલીક એવી સંસ્થાઓ કે જે નેટવર્કના વિવિધ ભાગના વ્યવસ્થાપનમાં મદદ કરે છે.

**(3) ઈન્ટરનેટની ઉપયોગિતા**

- ઈન્ટરનેટની ઉપયોગિતા નીચે મુજબ છે.

**(1) દૂરદૂરની માહિતી જાણવા મળે :**

- ઈન્ટરનેટની મદદથી વિશ્વના દરેક ખૂણાની માહિતી જાણવા મળે છે.
- દા.ત. - અમેરિકા વિશેની માહિતી જાણવી હોય તો ઈન્ટરનેટની મદદથી જાણી શકાય છે.

**(2) ઓનલાઈન શિક્ષણ મેળવવા :**

- ઈન્ટરનેટની મદદથી ઓનલાઈન શિક્ષણ મેળવી શકાય છે. અધ્યાપક અને વિદ્યાર્થી પોતાના વિષયની માહિતી ઈન્ટરનેટ પરથી ઓનલાઈન મેળવી શકે છે.

**(3) વિડીયો કોન્ફરન્સિંગ સેવાનો લાભ મળે :**

- દૂર વસ્તી વ્યક્તિ સાથે ઈન્ટરનેટની મદદથી સરળતાથી સામે બેસીને વાતચીત કરી શકાય છે.

**(4) જરૂરી માહિતી મોકલવા માટે :**

- ઈન્ટરનેટની મદદથી જરૂરી માહિતી એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી ઝડપથી મોકલી શકાય છે.

**(5) વર્તમાનપત્રોની માહિતી જાણવા મળે :**

- જુદાં જુદાં દેશોના સમચાર વર્તમાનપત્રોની જેમ ઈન્ટરનેટ પરથી જાણવા મળે છે.
- દા.ત. - અમેરિકાની વર્તમાન માહિતી ઈન્ટરનેટ પરથી જાણી શકાય છે.

**(6) સંશોધનની માહિતી જાણવા મળે :**

- જે વિદ્યાર્થીઓ કે અધ્યાપકો સંશોધન કરી રહ્યાં છે તે ઈન્ટરનેટની મદદથી જરૂરી માહિતી મેળવી શકે છે.

**(7) નિષ્ણાંતો પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવવા :**

- કોઈપણ માહિતી જાણવી હોય તો નિષ્ણાંતો પાસેથી મેળવી શકાય છે.
- દા.ત. - શિક્ષણને લગતી કે અન્ય કોઈ માહિતી અંગે સમસ્યા હોય તો તે અંગેનું જરૂરી માર્ગદર્શન ઈન્ટરનેટની મદદથી મેળવી શકાય છે.

**(8) વર્ગખંડમાં ઉપયોગ :**

- શિક્ષણકાર્ય કરતી વખતે કોઈપણ માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડવી હોય તો તેનો ઉપયોગ કરી શકાય છે, ચાલુ વર્ગે ઈન્ટરનેટમાંથી માહિતી શોધી, વર્ગ સમક્ષ રજૂ કરી શકાય છે.

**(9) જુદી જુદી વેબસાઈટ પરથી જુદી જુદી માહિતી મેળવી શકાયઃ**

- જુદી જુદી વેબસાઈટનો ઉપયોગ કરીને જુદી જુદી માહિતી ઈન્ટરનેટ પરથી મેળવી શકાય છે.
- દા.ત. -જરૂરી સંદર્ભો, કૃતિઓ, ચાર્ટ, નકશાઓ કે અન્ય બાબતો ઈન્ટરનેટની વેબસાઈટ પરથી સરળતાથી મેળવી શકાય છે.

**(10) છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવા :**

- ઈન્ટરનેટની મદદથી દરેક પ્રકારની શૈક્ષણિક તેમજ અન્ય આવશ્યક માહિતી ઝડપથી તેમજ છેલ્લામાં છેલ્લી માહિતી મેળવી શકાય છે.
- છેલ્લી શોધ મુજબ કમ્પ્યુટર નિષ્ણાંતોને 24 કલાક સમાચાર આપતી ઉદ્‌ઘોષિકા (વેબસાઈટ)નું નિર્માણ કર્યું છે. જેના દ્વારા 24 કલાક વિશ્વભરના સમાચાર મેળવી શકાય છે.
- દુનિયાના તમામ કમ્પ્યુટર્સનું આંતરરાષ્ટ્રીય જોડાણ એટલે ઈન્ટરનેટ.ઈન્ટરનેટ એ માહિતી ઉપલબ્ધ માટેની એક અદ્‌ભૂત સગવડ છે.

**(11) અન્ય વ્યક્તિઓ સાથે સંપર્ક :**

- ઈન્ટરનેટ દ્વારા ઈ-મેઈલની મદદથી વિશ્વમાં કોઈ પણ સ્થળે રહેલી વ્યક્તિ સાથે ઝડપથી અને સરળતાથી સંદેશાની આપ-લે કરી શકીએ છીએ. ઈન્ટરનેટ દ્વારા વિશ્વભરમાં રહેલાં ઉપભોક્તાઓ સાથે એક જ રૂમમાં બેઠાં હોય તે રીતે વાતો કરી શકાય છે.

**(12) માહિતી પ્રાપ્તિ :**

- ઈન્ટરનેટ દ્વારા વિશ્વભરના કમ્પ્યુટર્સનું નેટવર્કથી જોડાણ થાય છે. આથી કોઈ પણ ક્ષેત્રની કોઈ પણ વિષયની માહિતી આપણે સરળતાથી અને ઝડપથી પ્રાપ્ત કરી શકીએ છીએ.

**(13) અન્ય કમ્પ્યુટર સિસ્ટમ સાથે જોડાણ :**

- ઈન્ટરનેટના પ્રસારણ માધ્યમનો ઉપયોગ કરીને અન્ય કમ્પ્યુટર સિસ્ટમની સાથે સીધું જ જોડાણ મેળવી શકાય છે.
- દા.ત. (1) બેંકિંગ સુવિધાઓ ઓનલાઈન પ્રાપ્ત બની છે.

(2) રેલ્વે ટિકીટ કોઈ પણ સ્થળેથી મેળવી શકાય છે.

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં પરીક્ષા કેન્દ્રનું નિરીક્ષણ કાર્ય ઈન્ટરનેટની મદદથી થઈ શકે છે.

(3) ઈ-મેઈલ :-

- કમ્પ્યુટરની મદદથી વિષય વસ્તુ સંબંધી માહિતી મોકલવામાં આવે છે. ઈન્ટરનેટમાં વિદ્યાર્થી પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. તૈયાર કરે છે. આ યુઝર આઈ.ડી. પર મોકલવામાં આવતી માહિતી ખૂબ જ ઝડપથી વિદ્યાર્થી પાસે પહોંચી જાય છે. આ ઈ-મેઈલનો ઉપયોગ શિક્ષણ માટે આવકારદાયક છે.

**(4) ટેલિકોન્ફરન્સ :**

**(1) પ્રસ્તાવના :**

- ‘ટેલિ એટલે દૂરનું અને ‘કોન્ફરન્સ’ એટલે વાર્તાલાપ. આમ ટેલિકોન્ફરન્સ એટલે દૂરસ્થ વ્યક્તિ સાથે વાર્તાલાપ કરવાની ક્રિયા.
- ટેલિકોન્ફરન્સિંગ બે રીતે થઈ શકે

  -વિડીયો કોન્ફરન્સિંગ

  - ઓડિયો કોન્ફરન્સિંગ
- દેશ અને દુનિયાના વિવિધ સ્થળે આ રહેતી વ્યક્તિઓને એકબીજાંને સાંભળવાની અને જોવાની સગવડ પૂરી પાડતી ટેકનિકી (ટેકનિક) એટલે વિડીયો કોન્ફરન્સિંગ. તેના દ્વારા વિવિધ બાબતોની આપ-લે થઈ શકે છે.
- દા.ત. ઈન્ટરનેટ પેજ, ગ્રંથાલય, પુસ્તક સૂચિ, દસ્તાવેજો, સોફ્ટવેરની આપ-લે થઈ શકે છે.
- ટેલિફોન્ફરન્સ દ્વારા દૂરની વ્યક્તિ સાથેની સલાહ, ચર્ચા સભા, મસલત વગેરે દ્વારા પણ અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય. નિષ્ણાંત વ્યક્તિના જ્ઞાનનો લાભ મેળવી શકાય છે.
- નેટવર્કથી જોડાયેલ કમ્પ્યુટરની સહાયથી એક વર્ગખંડમાં ઉપસ્થિત બેઠેલાં વિદ્યાર્થીઓ કેટલાંય કિલોમીટરના અંતરે બેઠેલી વ્યક્તિ સાથે પ્રશ્નોત્તરી કે ચર્ચા દ્વારા પોતાના વિષયનું અધ્યયન કરી શકે છે. વિડીયો કોન્ફરન્સમાં બે વ્યક્તિઓ કે એક વ્યક્તિ બીજી સભા સાથે ચર્ચા કરી શકે છે. સામે જોઈ શકે છે. વીડિયો કોન્ફરન્સમાં ભાગ લેનાર સામેની નિષ્ણાંત વ્યક્તિને વિદ્યાર્થીઓ તેમની સામેના કમ્પ્યુટર સ્ક્રીન ઉપર પ્રત્યક્ષ જોઈ શકે છે.
- દૂરની વ્યક્તિ વિદ્યાર્થીઓની સમસ્યાઓના ઉકેલ, વિષયવસ્તુની સ્પષ્ટ નવીન બાબતો વગેરે જે બોલે તે સાંભળી શકે છે. ઉપરાંત દૂરની વ્યક્તિ જે લખે, ક્રિયા કરે, બતાવે, દોરે વગેરે બાબતો વિદ્યાર્થીઓ જોઈ શકે છે. ચર્ચા દરમિયાન પેટા પ્રશ્નો પણ પૂછી શકે છે. પરસ્પરનાં મંતવ્યો, ચર્ચા વગેરે દ્વારા વિચારોની આપ-લે દ્વારા સમસ્યાઓનું સમાધાન મેળવી શકે છે.
- વીડિયો કોન્ફરન્સ દ્વારા અધ્યયન-અધ્યાપન કાર્ય કરતી વખતે શિક્ષક કે વિષય નિષ્ણાંત કોઈ એક મુખ્ય જગ્યાએથી વીડિયો દ્વારા વિષયવસ્તુની રજૂઆત કરે છે. વિદ્યાર્થીઓ તેમનાં અભ્યાસકેન્દ્રો કે અભ્યાસખંડમાં બેસીને શિક્ષક કે વિષય તજ્જ્ઞને સાંભળે છે અને તેની ક્રિયાઓ જુએ છે.
- આ દરેક સ્થળે વેબ કેમેરા કમ્પ્યુટર સાથે જોડાયેલાં હોય છે, જેના વડે જે તે સ્થળેથી વ્યક્તિની વિડીયો ઈમેજ વિવિધ સ્થળે પહોંચી શકે છે. આમ દરેક વ્યક્તિ એકબીજાંને જોઈ અને સાંભળી શકે છે. જરૂર જણાય ત્યારે વિદ્યાર્થી પોતાની સમસ્યા રજૂ કરે છે. મુખ્ય કેન્દ્રમાં ઉપસ્થિત શિક્ષક કે વિષય તજ્જ્ઞ સમસ્યાનો ઉકેલ આપે છે.
- વર્તમાન સમયમાં વિડીયો કોન્ફરન્સનું મહત્ત્વ દિવસે દિવસે વધતું જાય છે. જાહેર સભામાં તેનો ઉપયોગ વધુ થતો જોવા મળે છે. ટેકનોલોજીના વિકાસને કારણે વિડીયો કોન્ફરન્સનો વિકાસ થઈ રહ્યો છે.
- માનનીય નરેન્દ્ર મોદીજી પણ પોતાની મનની વાત વિડીયો કોન્ફરન્સ દ્વારા રજૂ કરતાં હોય છે. મોટી સંખ્યામાં તેનો લાભ લઈ શકાય છે.

**(2) વીડિયો કોન્ફરન્સનું મહત્ત્વ :**

- વીડિયો કોન્ફરન્સનું મહત્ત્વ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**(1) તજ્જ્ઞ વ્યક્તિનો લાભ મેળવવા :**

- જ્યારે કોઈ સ્થળ કે વ્યક્તિની રૂબરૂ મુલાકાત શક્ય ન હોય ત્યારે વીડિયો કોન્ફરન્સિંગ ઉપયોગી બને છે. વિદ્યાર્થી તજ્જ્ઞ વ્યક્તિનો લાભ મેળવી શકે છે.

**(2) સમયની બચત કરવા :**

- વીડિયો કોન્ફરન્સથી સમયનો બચાવ થાય છે. વ્યક્તિ કે સ્થળની મુલાકાત માટે પ્રવાસ કરવો પડે તેનાં કરતાં સરળ અને સસ્તી તકનીક છે.

**(3) વધુ વ્યક્તિનો સંપર્ક :**

- વિદ્યાર્થીઓ સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ સાથે સંપર્કમાં આવે છે અને વિવિધ દેશોની આર્થિક-સામાજિક પરિસ્થિતિ અને સમસ્યાઓથી જ્ઞાત થઈ શકે છે.

**(4) કૌશલ્યનો વિકાસ કરવા :**

- વિદ્યાર્થીઓમાં પ્રશ્નો પૂછવાનું, ચર્ચા કરવાનું કૌશલ્ય વિકસે છે. વિદ્યાર્થીઓ સમસ્યા ઉકેલ તરફ આગળ વધી શકે છે.

**(5) સમસ્યાનો ઉકેલ મેળવવા :**

- ચર્ચાનું તત્ત્વ રહેલું હોવાથી સમસ્યાનો ઉકેલ તાત્કાલિક મેળવી શકાય છે.

**(3) વીડિયો કોન્ફરન્સની મર્યાદા :**

(1) ખર્ચાળ ટેકનોલોજી છે.

(2) વધુ વ્યક્તિઓનો સમાવેશ થતો હોવાથી અશિસ્ત ઊભી થાય છે. એક સાથે ઘણી વ્યક્તિઓ બોલે તો ઘોંઘાટભર્યું વાતાવરણ સર્જાય છે, જે ઈચ્છનીય નથી.

(3) આયોજન અગાઉથી કરવું પડે છે, આયોજન બરાબર ન હોય તો નિષ્ફળ નીવડે છે.

**(4) અર્થશાસ્ત્ર શિક્ષણમાં ટેલિકોન્ફરન્સનો ઉપયોગ :**

(1) શિક્ષકની ગેરહાજરીના સમયમાં ટેલિકોન્ફરન્સની મદદથી વિદ્યાર્થીઓના અધૂરાં રહી જતાં શિક્ષણકાર્યને પૂરું કરવામાં મદદરૂપ થાય છે.

(2) વિષયવસ્તુની સમજ મેળવવામાં વિદ્યાર્થીને કોઈ મુશ્કેલીઓ હોય તે જાણવા માટે ટેલિકોન્ફરન્સ ખૂબ ઉપયોગી બને છે.

(3) ટેલિકોન્ફરન્સ કોઈ પણ વિષયની માહિતી ઉપરાંત એની સાચી સમજ મેળવવામાં ખૂબ ઉપયોગી છે.

(4) વિદ્યાર્થીને પરીક્ષામાં જે નુકસાન થાય તે ટેલિકોન્ફરન્સના ઉપયોગથી રોકી શકાય છે.

(5) નિષ્ણાંત વ્યક્તિના અનુભવનો લાભ મેળવી શકાય છે. વિદ્યાર્થીઓને સમજવામાં મુશ્કેલી ઊભી થાય તો તેની સમજ મેળવવામાં ટેલિકોન્ફરન્સ ઉપયોગી છે.

(6) ટેલિકોન્ફરન્સમાં પ્રત્યક્ષ આદાન-પ્રદાન થઈ શકે છે.

(7) ટેલિકોન્ફરન્સમાં સંવાદનું સ્થાન હોય છે, તેથી નિષ્ણાંત વ્યક્તિનો લાભ મેળવી શકાય છે. વ્યક્તિ ગમે તેટલા દૂર હોય તો પણ તેનો લાભ લઈ શકાય છે.

## 6.4 રાષ્ટ્રીયતા અને શિક્ષણ :

- વ્યક્તિ ભાવાત્મક રીતે એક થાય ત્યારે દરેકના મનમાં સમાન લાગણી જન્મે. આમ, એક સમાન ભાવનાવાળો સમાજ ઊભો થાય ત્યારે તેવા સમાજમાં લોકો એક વ્યક્તિ, જૂથ કે કોઈ વાડાના સભ્ય ન રહેતા, એક રાષ્ટ્રીય સમુદાય તરીકે જાગૃત થાય, પછી પ્રાન્તવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, જાતિવાદ, સાંપ્રદાયિકવાદને બદલે ભાવાત્મક એકતાવાળું રાષ્ટ્ર ઊભું થાય, તે માટે ભાષા, ધર્મ, પહેરવેશ, સંસ્કૃતિ, નાત, જાતની વિભિન્નતા વચ્ચે સૌને એક સૂત્રમાં બાંધવાની જરૂરિયાત, શિક્ષણ થકી પૂરી કરવાનો ઉપક્રમ છે. શિક્ષણ દ્વારા વિવિધતામાં એકતાનું સૂત્ર સિધ્ધ કરવાનો અભિગમ છે.

- રાષ્ટ્રીયતાની ભાવના જગાડવામાં શિક્ષણનું માધ્યમ મહત્ત્વનું ગણાય છે. રાષ્ટ્રીય ભાવનાવાળો ભાવિ નાગરિક શાળાના વર્ગખંડોમાં તૈયાર થાય છે. શિક્ષણ દ્વારા વિવિધતામાં એકતાનું સૂત્ર સિધ્ધ કરવાનો અભિગમ છે. રાષ્ટ્રીયતાની ભાવના દઢ કરવા માટે શિક્ષણ મહત્ત્વનું માધ્યમ છે, તેથી શિક્ષણના કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીયતાનું શિક્ષણ આપવાની આવશ્યકતા છે, જેથી આ દેશનો નાગરિક ગૌરવભેર કહી શકે આ દેશ મારો છે.

  આ ભૂમિ મારી છે. હું હમેશાં તેની એકતા અને અખંડિતા માટે મારી ધાર્મિકતા, જાતિ, જ્ઞાતિ, ભાષા વગેરે વ્યક્તિગત બાબતને છોડવા તૈયાર છું. એક હૃદય હો, ભારત જનની-વસુધૈવ કુટુંબની ભાવના પ્રગટ થાય, તે માટે શિક્ષણ દ્વારા નીચેની બાબતો વણી લેવાઈ છે.

**(1) શિક્ષણની રાષ્ટ્રીય તરેહ :**

- સમગ્ર રાષ્ટ્રમાં શિક્ષણની એક જ તરેહ. વિભિન્ન રાજ્યો, ભાષાઓ, સંપ્રદાયો પ્રમાણે શિક્ષણની વાડાબંધીને બદલે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે શિક્ષણની બાબતમાં એક સૂત્રતા,તે માટે શિક્ષણનું સમાન માળખું સમગ્ર રાષ્ટ્ર માટે હોય, તેના આધારે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંકલિત આયોજનમાં શિક્ષણનાં ધ્યેયો, અભ્યાસક્રમ, પધ્ધતિઓ મૂલ્યાંકન વગેરે રાષ્ટ્રીય ભાવનાને અનુસાર એક જ તરેહમાં હોય.

**(2) અભ્યાસક્રમ અને રાષ્ટ્રીયતા :**

- સમગ્ર રાષ્ટ્ર માટે સમાન અભ્યાસક્રમના માળખામાં રાષ્ટ્રીય એકતા, દેશદાઝ અને દેશ સેવાની ભાવનાને સાંકળતા મુદ્દાઓ સામેલ હોય. વિભિન્ન ભાષાઓનો સંઘર્ષ ટાળવા માટે રાષ્ટ્રભાષા તરીકે હિન્દીનું શિક્ષણ અનિવાર્યપણે આપવું. દરેક ભાષાને માન આપવાની ભાવનાથી અન્ય ભાષાઓ વાંચી- લખી શકે તેવા અભ્યાસક્રમે ગોઠવવા, ઈતિહાસ, ભૂગોળ અને નાગરિક શાસ્ત્રમાં ઊંડી સમજ કેળવાય કે જેથી સમગ્ર રાષ્ટ્ર પરત્વે ઊંચી ભાવના કેળવાય.
- આપણે વિવિધતામાં એકતા જાળવી રાખવાની છે. તેવું શિક્ષણ દ્વારા શીખવવાનું છે. પાઠ્યપુસ્તકોમાં રાષ્ટ્રીય સ્તરના સંતો, કવિઓ, વૈજ્ઞાનિક, ગણિત શાસ્ત્રીઓ, ઈતિહાસકારો, વિભૂતિઓના ચરિત્રો ઉપરાંત ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય નક્કરતા તથા રાષ્ટ્રીય સેવાની કદરને પોષે તેવી રજૂઆત હોય, કારણકે વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોનો વધુ ઉપયોગ કરતાં હોય છે.

**(3) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

- વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતામાં વધારો થાય તે માટે શાળામાં અનેકવિધ શૈક્ષણિક સહઅભ્યાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. સહઅભ્યાસ પ્રવત્તિઓમાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, મહાપુરુષોના જન્મદિનની ઉજવણી, વિવિધ રાષ્ટ્રોની સંસ્કૃતિને આધારે વિવિધતામાં એકતાને લગતો સાંસ્કૃતિક કાર્યક્રમ, સમૂહ જીવનના કાર્યક્રમો, રાષ્ટ્રીય કે સામાજિક સેવાના કાર્યક્રમોમાં ભાગીદારી, રાષ્ટ્રધ્વજ માટે સન્માનની જાગૃતિ, રાષ્ટ્રીયગીત માટેની ભાવના, પ્રવાસ-પર્યટન વડે રાષ્ટ્રીય એકતાનું વલણ, માનવધર્મનો સાચો ખ્યાલ આપે તેવું ધાર્મિક શિક્ષણ, ભાવાત્મક એકતાના શિક્ષણ માટે ભારતીય સમાજના અનુસંધાને પ્રદર્શન પ્રવૃત્તિ દ્વારા વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ જ્ઞાતિઓ અને વિવિધ વિચારસરણીઓમાં રહેલી વિવિધતાને સમજવા અને તેની કદર કરવા તરફ અભિમુખ કરી શકાય.
- સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, ગાંધી જયંતી વગેરેની ઉજવણી વખતે સર્વધર્મ પ્રાર્થના, શાળા કક્ષાએ એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટ ગાઈડ, ટ્રાફિક નિયમન, નાગરિક સંરક્ષણ, નેચરકલબ વગેરે ગોઠવી શકાય, વિવિધ કાર્યક્રમોને આધારે એકતા, ભાઈચારો,

સંગઠન, સહકાર જેવી ભાવનાઓ વિકસે. રાષ્ટ્રીય સમાન લાગણી, તન, મન, ધન વડે યોગદાન તથા બંધુત્વની ભાવનાનો વિકાસ થાય.

**(5) સમાજ વ્યવસ્થામાં શિક્ષણની ભૂમિકા :**

- બાળક શાળામાં પ્રવેશ મેળવે છે ત્યારે શિસ્ત અને ક્ષમાના પાઠો શીખવવાનું કામ શિક્ષણ જ કરે છે. માનવીય વિકાસ માટે બંને ગુણો અતિ મહત્ત્વના છે. શિક્ષણ આપવાનું કામ સમાજ અને સરકારના સુમેળભર્યા સહકાર નીપજે છે, તેનાથી કેળવાયેલી વ્યક્તિઓ એક સારા શિક્ષક, વકીલ, ઉદ્યોગપતિ, ડૉકટર, સારા વેપારી તરીકે સમાજની સેવા કરે છે અને આ રીતે કેળવાયેલ સમાજ બીજા સમાજ સાથે આંતર વ્યવહાર કરી તેમના સંબંધો મજબૂત બનાવે છે અને આમ સંબંધ સાંકળ બનતી જાય છે. આ કરવાથી જ :-
- ગામ, રાજ્ય કે રાષ્ટ્રનો વિકાસ થતો રહે છે. આવી તાલીમ આપણને શિક્ષણ આપતી સંસ્થામાં એટલે કે શાળામાં મળે છે.
- પ્રત્યેક વ્યક્તિ 3 વર્ષથી શાળામાં પ્રવેશ મેળવે છે, તે લગભગ 22 વર્ષ સુધી અનેક પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થી તરીકે રહીને શિક્ષણની સાથે સાથે વ્યક્તિ અને સમાજ સાથે કેવી રીતે ભળવું તે શીખ્યો હોય છે.
- સમાજમાં અનુકૂલન સાધવાની કુટુંબની જવાબદારી ઉપાડવાની બાબતો શાળા સમય દરમિયાન શીખે છે. શાળામાંથી એક આદર્શ નાગરિક તરીકે તૈયાર થાય છે. બીજાની સાથે સહકારથી રહેવું. બીજાના કાર્યમાં અવરોધક બની ને રહેવું વગેરે બાબતો શાળા સમય દરમિયાન શીખે છે.
- શાળામાંથી જ વ્યક્તિ ને વ્યક્તિ સાથે અને ત્યારબાદ મોટા સમૂહ સાથે ભળવાની, અનુકૂલન થવાની તાલીમ મળે તેવી પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે.
- વ્યક્તિગત સંબંધ કેળવવો :
- શાળામાં આવતાં વિદ્યાર્થીઓનો પરિચય વ્યક્તિગત સંબંધ કેળવે છે, ત્યારબાદ શાળાના અનેક વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત કે સામૂહિક સંબંધ એ સંબંધોનું બીજ છે. શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે વ્યક્તિગત સંબંધનો વિકાસ થાય તેવી પ્રવૃતિઓ વિચારવામાં આવે છે. શાળા જીવન દરમિયાન વ્યક્તિગત સંબંધ કેળવવાની તાલીમ વિદ્યાર્થીને મળી રહે છે. વ્યક્તિએ એકબીજાં સાથે સંબંધ કેળવવા, કેવાં પ્રયત્નો કરવાં તે શાળા જીવન દરમિયાન શીખે છે.
- **સામાજિક સંબંધો વિકસાવે :**
- શાળામાં વિદ્યાર્થીઓમાં સામાજિક સંબંધોનો વિકાસ થાય તેવાં પ્રયત્ન હાથ ધરવામાં આવે છે.

  દા.ત. પ્રાર્થના સભા, રમતનું મેદાન, નાટક, વર્ગખંડમાં સાથે બેસીને કરવાનું કામ, ગરબામાં ભાગ લઈ જૂથને વિજેતા કરવાની ભાવના ધીરે ધીરે સામાજિક સંબંધો વિકસાવે છે. જેની તાલીમ શાળામાં જ શિક્ષકો દ્વારા આપવામાં આવે છે.
- **સંબંધોના વિકાસની પ્રવૃત્તિઓ :**
- બાળક જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળામાં વિકાસ થયા બાદ બીજી શાળામાં, બીજા ગામમાં કે સમાજના સ્પર્ધકો સાથે યોજવામાં આવતી અનેક પ્રવૃત્તિઓ-યુવા પ્રતિભા શોધ, યુવક મહોત્સવ, રમતોત્સવ, પ્રવેશોત્સવ, ઉત્સવો વગેરેની ઉજવણીની તાલીમ, ભાગ લેવાની વૃત્તિ, શાળામાં શિક્ષકો દ્વારા પેદા કરવામાં આવે છે. આમ સંબંધોના વિકાસમાં શિક્ષણ, શાળા, શિક્ષક બધાનો સમન્વય જોવા મળે છે.

- **માનવતાના પાઠોનું શિક્ષણ :**
- શાળામાંથી જ બાળકમાં માનવતાના પાઠોનું શિક્ષણ મળી રહે તેવા પ્રયત્ન કરવામાં આવે છે.

  દા.ત. કુદરતી આફતો,હોનારતો, ધરતીકંપ, જ્વાળામુખી વગેરેમાં માનવી ભાંગી પડતો નથી. માનવીમાં રહેલી માનવતા કેળવાય છે અને પરસ્પર મદદ કરવા તૈયાર થાય છે. બાળકમાં એક આદર્શ નાગરિક તરીકેની ભાવના ઉત્પન્ન થાય છે.
- આમ, આવાં સંબંધોથી જ માનવ-માનવ સાથે માનવ સમાજ સાથે સ્નેહના તાંતણાથી બંધાતો જાય છે, જેમાંથી મોટી મોટી સંસ્થાઓ, મંડળો, સેવાદળો વગેરે સારી રીતે ટકી શકે છે. માનવીના વિકાસમાં બંને પ્રકારના સંબંધોનું સ્થાન છે જે તે વિકસાવવા સૌ એ પ્રયાસ કરવાં જોઈએ.

**અર્થવ્યવસ્થા અને શિક્ષણ :**

- આર્થિક પરિસ્થિતિની શિક્ષણ પર અસર થાય છે. સમૃધ્ધિ હોય તો શિક્ષણ માટે સગવડો મળી શકે છે. શિક્ષણનું આદાન-પ્રદાન તેનાથી અનેક રીતે પ્રભાવિત બને છે. જુદાં જુદાં પ્રકારની અર્થ વ્યવસ્થામાં વ્યક્તિ, સમાજ, રાષ્ટ્રની આર્થિક સ્થિતિ, સમય, સાધન સગવડની સ્થિતિ વિભિન્ન હોય છે.
- આમ જુદી જુદી અર્થ વ્યવસ્થા શિક્ષણને જુદી જુદી રીતે પ્રભાવિત કરે છે. આપણે ત્યાં કૃષિ પ્રદાન અર્થ વ્યવસ્થામાં, આવકનો મુખ્ય સ્ત્રોત, કૃષિ ઉત્પાદન હોય છે. જેમાં શારીરિક શ્રમ અધિક છે. આખો પરિવાર ખેતીમાં વ્યસ્ત હોય છે, તેથી શિક્ષણ માટે સમયનો અભાવ વર્તાય છે, તેની આર્થિક સ્થિતિ સામાન્ય હોય છે.
- હવે ઔદ્યોગિકકરણ તરફ પ્રગતિ થઈ રહી છે. ત્યાં ઉત્પાદન તરફ ઝોંક વધ્યો છે. શારીરિક શ્રમ કરતાં બૌધ્ધિક શ્રમને લીધે ઉચ્ચ પ્રકારનાં કૌશલ્યો તરફની વિવિધતાની જરૂરિયાત ઊભી થવા માંડી, રોજગારીની ભૂખ વધી. તાલીમની જરૂરિયાત સતત ઊભી થવા લાગી. ટેકનિકલ જ્ઞાન અને કૌશલ્ય ધરાવનાર કામદારો માટેનું શિક્ષણ જરૂરી બન્યું.
- શિક્ષણ માટે નાણાં કેન્દ્રી વ્યવસ્થા અમલમાં આવી. ફી ભરીને શિક્ષણ પ્રાપ્ત કરવાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો. જુદું જુદું અર્થતંત્ર ધરાવનારાં દેશો શૈક્ષણિક વિકાસ માટે પોતાનું શૈક્ષણિક આયોજન કરે છે અને તે પ્રમાણે શિક્ષણ કાર્યક્રમ અમલમાં મૂકાય છે.
- વિકસિત દેશો, વિકાસશીલ દેશો અને અર્ધવિકસિત દેશોના અર્થતંત્ર પ્રમાણે શિક્ષણ વ્યવસ્થાનું આયોજન થાય છે. કોઈપણ રાષ્ટ્રના આર્થિક કે સામાજિક વિકાસમાં શિક્ષણ એક અસરકારક સાધન તરીકે જોવા મળે છે.

**(1) રાજ્ય વ્યવસ્થા અને શિક્ષણ :-**

- રાષ્ટ્રના શિક્ષણની, નીતિ ઘડનારું પરિબળ રાજકીય છે. કારણકે રાજ્ય વ્યવસ્થા સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, એટલે સમાજમાં શિક્ષણની વ્યવસ્થા તથા તેના નિયંત્રણનું કાર્ય પણ તે કરે છે. આમ, રાજ્ય વ્યવસ્થા અને શિક્ષણને સંબંધ છે. રાજ્ય વ્યવસ્થાની શિક્ષણ પર અને શિક્ષણની રાજ્ય વ્યવસ્થા પર અસર થાય છે.
- શિક્ષણ નવી પેઢીનું રાજકીય સામાજિકીકરણ કરે છે. તે રાજકીય નેતૃત્વ કરનારાઓને પાયાનું જરૂરી જ્ઞાન આપે છે, તે રાજ્ય વ્યવસ્થા અંગે સમજ પૂરી પાડે છે. અક્ષર જ્ઞાન દ્વારા લોકોને રાજકીય રીતે સક્ષમ બનાવે છે.
- શાળા અને કૉલેજોમાં શિક્ષણ પામેલાં અને લોકસમૂહના શિક્ષિત પાત્રોની, સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં સેવાઓ પ્રાપ્ત થાય છે. આપણી સમાજવાદી વ્યવસ્થામાં સૌને માટે શિક્ષણ છે. જેથી રાજ્ય વ્યવસ્થાને અનુરૂપ નાગરિકો તૈયાર થાય. દરેકનો વ્યક્તિગત વિકાસ થાય.

- સમાજમાં દરેક વ્યક્તિને મહત્ત્વ મળે તેવા માનસનું ઘડતર થાય. રાજકીય પરિબળમાં ઉચ્ચ અધિકારીઓ અને રાષ્ટ્રના રાજકીય નેતાઓ જેમના ઘડતરમાં શિક્ષણનું પ્રદાન હોય છે, જેમની પાસે રાજકીય સત્તા છે,તેઓ શૈક્ષણિક નીતિ ઘડવામાં પોતાની કેળવણી થકી પ્રદાન કરે છે, આમ, રાજ્ય વ્યવસ્થા અને શિક્ષણને સંબંધ છે.

**(2) સમાજની સંસ્કૃતિ અને શિક્ષણ :**

- સમાજની સંસ્કૃતિનું રક્ષણ કરવાનું કામ શિક્ષણનું છે. માનવ જીવનશૈલી સંસ્કૃતિ વડે ઘડાય છે. સંસ્કૃતિ આપણા વિચારોને ઘડવાનું કામ કરે છે. સંસ્કૃતિનો પ્રભાવ આપણી લાગણી, વિચારો, વલણો, માન્યતાઓ ઉપર પડે છે.
- આપણાં વ્યક્તિત્વના આ પાસાંઓ આપણી સંસ્કૃતિની નીપજ છે, જે શિક્ષણ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. એ શિક્ષણ વૈધિક કે અવૈધિક પણ હોઈ શકે.
- સમાજની સંસ્કૃતિ અને શિક્ષણ એકબીજાંથી ઉતરતાં નથી, એ બંને વચ્ચે સમાન આંતરક્રિયા થતી હોવાથી બંને સમાન છે. સાંસ્કૃતિક વાતાવરણ વિના શિક્ષણ આપવું એ અઘરું છે. શિક્ષણનું સ્વરૂપ નક્કી કરવા માટે સંસ્કૃતિ માહિતી પૂરી પાડે છે.
- સંસ્કૃતિની ભાવના શિક્ષણના સ્વરૂપને ઘડવામાં મદદ કરે છે. આમ, સંસ્કૃતિનું રક્ષણ થાય છે. સંસ્કારિતાએ તો સમાજનું સમગ્ર જીવ છે. વ્યક્તિના ઘડતરમાં સંસ્કૃતિ વારસો શિક્ષણના સહયોગે ઉતરે છે. એટલે કે વ્યક્તિત્વ, સંસ્કારિતા અને સમાજ એ ત્રણેયના સરવાળાની પ્રક્રિયાને પોષે છે. શિક્ષણ સંસ્કૃતિ જીવન જીવવાનું શીખવાડે એવું શિક્ષણ છે. માનવ જીવન અને સમાજ માટે મહત્ત્વના અંગ તરીકે સંસ્કૃતિ કામ કરે છે.

**(3) સામાજિક સ્તર વ્યવસ્થા અને શિક્ષણ :**

- સમાજમાંના ઊંચ - નીચના ભેદભાવ પર રચાયેલાં સામાજિક સમૂહો હોય છે. આવી સ્તર વ્યવસ્થા સર્વ સમાજોમાં હોય છે. જેમાં જ્ઞાતિ વ્યવસ્થા અને વર્ણ વ્યવસ્થા એમ મુખ્ય બે પ્રકાર છે. ભિન્ન ભિન્ન સામાજિક જ્ઞાતિઓના તેમજ વર્ગોના વિદ્યાર્થીઓ શિક્ષણ સંસ્થામાં આવે છે.
- કેટલીક શાળાઓમાં, ઉચ્ચવર્ગ જ્ઞાતિના વિદ્યાર્થીઓ હોય તો કેટલીક શાળાઓમાં નિમ્ન વર્ગ, પછાતજ્ઞાતિના વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં હોય છે. શાળાના વાતાવરણ પર ભિન્ન ભિન્ન સ્તરનાં બાળકોની અસર જોવા મળે છે.
- સામાજિક સ્તરોને લીધે શિક્ષણનું માળખું રચાતું હોય છે. જુદાં જુદાં સ્તરોમાં અભ્યાસ ટેવો જુદી જુદી હોય છે. પછાત વિસ્તાર અને સમૃધ્ધ વિસ્તારના શિક્ષણ વચ્ચે ભેદ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં શિક્ષણનું કાર્ય સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, વ્યક્તિ સન્માન, ન્યાય વગેરે જેવાં મૂલ્યો ઊભાં કરવાનું છે. શિક્ષણ જ્ઞાતિ-જ્ઞાતિ અને વર્ગ- વર્ગ વચ્ચેનો ભેદ ઘટાડે છે. વ્યક્તિની લાયકાતમાં સુધારો લાવે છે.
- આમ, સામાજિક સ્તર વ્યવસ્થા અને શિક્ષણ વ્યવસ્થા પરસ્પર સંબંધિત છે.

**(4) સામાજિક ન્યાય અને શિક્ષણ :**

- ભારતીય લોકશાહીમાં મુખ્યત્વે સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ અને ન્યાય, આ ચાર લોકશાહીના સિધ્ધાંતોનું જતન કરવાનું છે. આપણા બંધારણના મુખમાં કહે ભારતનું મહાન લોકશાહી, લોકશાસ્ત્ર રાષ્ટ્રની એકતાના સંદર્ભમાં, તેના બધાં જ નાગરિકોને આર્થિક અને સામાજિક ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રધ્ધા, મોભો, તકની સમાનતા, વ્યક્તિ સન્માન અને બધા સાથે ભાઈચારાની ખાતરી આપે છે.
- પ્રસ્તુત મૂલ્યોના ફલિતાર્થ તરીકે એ સ્વાભાવિક છે કે વ્યક્તિને સામાજિક ન્યાયનો અધિકાર છે. આ બાબત શિક્ષણ દ્વારા, વિદ્યાર્થી-નાગરિકને શીખવા મળે છે, તેથી જીવનના કોઈપણ તબક્કે, તે કોઇપણ તકથી વંચિત રહે નહીં તેની કાળજી લેતો થાય છે.

- આ અંગેના અભ્યાસથી તે શીખે છે કે વ્યક્તિઓને ગેરવાજબી કે ગેરકાયદેસર સમાજથી જુદાં પાડી શકાય નહીં. જો કોઈકવાર એવું બને તો તેને ધર્મ, જ્ઞાતિ, પંચ કે સમુદાયના ખ્યાલ વિના પોતાના પરિપત્રોને વાંચવા અને ન્યાય માંગવાનો અધિકાર હોવાનું શિક્ષણ વડે શીખવવામાં આવે છે.શિક્ષણમાં સમાનતક, સ્વતંત્રતા અને બંધુત્વ તે ન્યાયનો પાયો છે.
- વિદ્યાર્થીઓને નાગરિકત્વની તાલીમ આપવા માટે સામાજિક અને આર્થિક ન્યાયનો આદર્શ, તેમના મનમાં દઢ કરવાનું કામ શિક્ષણ કરે છે. સમાજમાં વંચિત લોકોને પુનઃ ન્યાયનો હક સોંપવા માટે ન્યાયને શિક્ષણ દ્વારા પ્રચલિત કરવામાં આવે છે.

## 6.6 સમૂહ-સંચારનાં માધ્યમો અને સમાજ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં આપણે જોયું કે વૈશ્વિકરણ માટે સંચારક્રાંતિ આવશ્યક છે. સંચાર ક્રાંતિ સંચારના માધ્યમો દ્વારા આવે છે. આ સમૂહ-સંચારનાં માધ્યમો વિશેની માહિતી આ એકમમાં મેળવીશું.

વિદ્યાર્થીમિત્રો, શાળાનો બેલ વાગે ને તમે કલાસમાં જાવ છો, તમે શિક્ષકને નમસ્કાર કહો તો શિક્ષક નમસ્કાર કહે છે. તમે સમાચાર પત્ર વાંચો છો, તમે ફોન ઉપર વાતો કરો છો કે તમે ટેલિવિઝન જુઓ છો, આ બધું સંચારથી શક્ય બને છે. સંચારને અંગ્રેજી ભાષામાં Communication (કોમ્યુનિકેશન) કહેવામાં આવે છે. કોમ્યુનિકેશન શબ્દ લેટિન Commun થી નિર્મિત છે. હિન્દી ભાષામાં સંચાર, પ્રત્યાયન વગેરે શબ્દો પ્રયોજવામાં આવે છે. માનવ સમાજથી પ્રયોજાય છે. ગુજરાતીમાં સંદેશાવ્યવહાર, સંચાર, પ્રત્યાયન વગેરે શબ્દો પ્રયોજવામાં આવે છે. માનવ સમાજની આવશ્યક જરૂરિયાત પૈકીની એક પાયાની જરૂરિયાત હોય તો તે સંચાર છે. સંચાર બે કે- તેથી વધુ પક્ષો વચ્ચેની એવી આંતરક્રિયા છે, જેમાં સંવેદનાવાહક અને ભૌતિક માધ્યમો દ્વારા એકબીજાં પક્ષ ઉપર આંતરિક કે બાહ્ય અસર ઉપજાવે છે. સંચારની પ્રક્રિયાનો પ્રારંભ બાળકના જન્મથી થાય છે અને તેનો અંત માનવ જીવનના અંતથી થાય છે. આ રીતે પ્રત્યાયન કે સંચાર માનવજીવનનું અભિન્ન અંગ છે. આવા સંચારનો અર્થ, પ્રક્રિયા, સમૂહ, લોક માધ્યમ, સમૂહ માધ્યમો તેની અસરો વગેરેનો પ્રાથમિક ખ્યાલ અહીં મેળવીશું.

**સંચારની વ્યાખ્યાઓ**

સંચારની વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

**એડવર્ડ એમરી** - ''સંચાર એ માહિતી, વિચારો અને વલણોને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પરિવર્તિત કરવાની કલા છે.''

**વિદ્યુત જોષી** - '' વ્યક્તિ પોતાનાં વિચારો, લાગણીઓ, ઊર્મિઓ, ઈચ્છાઓ કે ઈન્દ્રિયગત અનુભવો જેવી આત્મલક્ષી માનસિક અમૂર્ત બાબતોને ભાષા કે અન્ય કોઈ અર્થપૂર્ણ માધ્યમ દ્વારા બીજી વ્યક્તિમાં પ્રત્યાયિત પસાર કરે તે પ્રક્રિયાને પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.''

**કીથ ડેવિડ** - ''સંચાર-પ્રત્યાયન એટલે એક વ્યક્તિ કે સમૂહથી બીજી વ્યક્તિ કે સમૂહમાં કોઈ સૂચના અથવા ભાવ પહોંચાડવાની પ્રક્રિયા.''

ટૂંકમાં આપણે એમ કહી શકીએ કે સંચાર એક એવું માધ્યમ છે, જેના દ્વારા બે વ્યક્તિઓ કે સમૂહોની વચ્ચે પરસ્પર ભાવનાઓ અને આકાંક્ષાઓનું આદાન-પ્રદાન થાય છે. સંચારના બે પ્રવાહ છે. જેમાં એક બાજુ સંદેશા મોકલનાર સંદેશ મોકલે છે જ્યારે બીજી બાજું સંદેશા મેળવનાર તેની પ્રતિક્રિયા આપે છે.

**સંચારની લાક્ષણિકતાઓ**

**(1) સંચાર એક અવિરત પ્રક્રિયા છે :**

સંચાર વગર માનવજીવન શક્ય નથી. એટલે એ માનવજીવનનું અભિન્ન અંગ છે. પ્રત્યાયન વિના એક વ્યક્તિ બીજી વ્યક્તિની ભાવનાઓથી જ્ઞાત થતો નથી. સંચાર કે પ્રત્યાયનમાં સૂચના, આદેશ, નિર્દેશ, સલાહ, મંતવ્ય, શિક્ષણ, પ્રેરણા, પ્રેમ, ભાવનાઓ વગેરે સંદેશાના આદાન-પ્રદાનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે.

**(2) સંચાર દ્વિમાર્ગી પ્રક્રિયા છે :**

સંચારમાં બે વ્યક્તિઓ અથવા સમૂહોની વચ્ચે સંદેશાનું આદાન-પ્રદાન થતું હોય છે. આ અવિરત પ્રક્રિયા દ્વિમાર્ગી છે. આમ, સંદેશો આપનાર પ્રેષક સંદેશ આપે છે. સંદેશો પ્રાપ્ત કરનાર તેની પ્રતિક્રિયા આપે છે.

**(2) સંચાર માટે માધ્યમ આવશ્યક છે :**

સંચારમાં બે વ્યક્તિ કે સમૂહ વચ્ચે માનવીની વાચા, હાસ્ય, રુદન, ઈશારા, હાવભાવ જેવું સંવેદનવાહક માધ્યમ કે વર્તમાનપત્ર, રેડિયો, ટી.વી. ટેલીફોન, મોબાઈલ જેવાં ભૌતિક માધ્યમો અનિવાર્ય છે.

**(4) સંચાર એક પ્રાકૃતિક ગુણ છે :**

સંચાર એ જન્મજાત ગુણ છે. સંચારનો પ્રારંભ જન્મથી થાય છે. દા.ત. નવજાત બાળકને ભૂખ લાગે અને તે રડવાનું શરૂ કરે, માનવીનું બોલવા, સાંભળવાનું કૌશલ્ય પ્રાણી કરતાં જુદા પ્રકારનું છે. તો લેખનકલાનું કૌશલ્ય માનવીને અજોડ બનાવે છે. આમ, સંચાર એ માનવીનો પ્રાકૃતિક ગુણ છે.

**(5) સંચાર એક સામાજિક પ્રક્રિયા છે :**

સંચાર એ બે વ્યક્તિ કે સમૂહ વચ્ચે થતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં સંચાર માટેના સંદેશા કે સંજ્ઞાના અર્થો સમાજ દ્વારા પરિભાષિત થયેલાં હોય છે. જેમ કે વ્યક્તિ હાથ ઊંચો કરીને હલાવે ત્યારે સામેની વ્યક્તિ સમજી જાય કે મને આવજો કહે છે.


**(6) સંચાર વિજ્ઞાન અને કળા છે :**

વૈજ્ઞાનિક પધ્ધતિથી સંચારની ટેકનિક વિકસાવીને પ્રેક્ષકોને વધુ અર્થપૂર્ણ સંદેશા આપી શકાય છે. આ માટે વિવિધ પ્રકારનાં સાધનો, ભાષા નૃત્ય અને ટેકનોલોજીના સાધનોનો ઉપયોગ કરી શકાય છે. દા.ત. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન.

**સંચાર પ્રક્રિયા**

સંચાર પ્રત્યેક માનવ સમાજની અનિવાર્ય જરૂરિયાત છે. સંચાર વગર માનવ સમાજની કલ્પના પણ ન કરી શકાય. સંચારની પ્રક્રિયા અનેક સોપાનોમાંથી પસાર થાય છે. આ સોપાનો નીચે મુજબ છે :

**(1) ઓસગુડ અને વિલ્બર શ્રેમનું મૉડેલ :**



ઓસગુડ અન વિલ્બરના મતે લોકો જે સંદેશો મેળવે છે, તેને સમજે છે. જેવું સમજાય તેવા સંદેશાનું અર્થઘટન કરી જેની પાસેથી સંદેશો પ્રાપ્ત કર્યો હોય તેને સંદેશાનો જવાબ પરત કરે છે. આમ, સંદેશાનું અર્થઘટન કરીને સંદેશા આપ-લેની પ્રક્રિયા સતત ચાલતી રહે છે.

**(2) ડેવિડ બર્ગોનું S.M.C.R. પ્રત્યાયન મૉડેલ :**


**Source - પ્રેષક (સંદેશો મોકલનાર)**

Message - સંદેશો

Channel - ચેનલ

Receiver - પ્રાપ્તકર્તા (સંદેશો મેળવનાર)

સંચાર માધ્યમોના પ્રકાર




સંચારના માધ્યમોને ધ્યાનમાં રાખીને બે પ્રકાર પાડી શકાય :

**પારસ્પરિક સંચાર :** બે કે તેથી વધુ વ્યક્તિ કે સમૂહ વચ્ચે એકબીજાની પ્રત્યક્ષ હાજરીમાં વાતચીત, પ્રેમ, હાસ્ય, રુદન કે કોઈપણ અભિવ્યક્તિ, કોઈ સંકેત કરે કે કોઈ હાવભાવ વ્યક્ત કરે અને એકબીજાં ઉપર અસર ઉપજાવે તેને પારસ્પરિક સંચાર કહેવામાં આવે છે.

**સમૂહ સંચાર :** વિશાળ માનવ સમુદાયોને વિવિધ યંત્રવિજ્ઞાન- ટેકનોલોજી દ્વારા વિવિધ વિષય ઉપર સંદેશો પહોંચાડવાનું કાર્ય આ સમૂહ માધ્યમો દ્વારા થાય છે. વિશાળ અને જટિલ સમુદાયમાં ઝડપી સંદેશા પહોંચાડવા માટે વર્તમાનપત્ર, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ વગેરે દ્વારા સમૂહ સંચાર શક્ય બને છે.

**સમૂહ-સંચાર માધ્યમના પણ બે પ્રકાર પાડી શકાય :**

- પરંપરાગત સમૂહ સંચાર માધ્યમો
- આધુનિક સમૂહ સંચાર માધ્યમો

**(1) પરંપરાગત સમૂહ સંચાર માધ્યમો :** પ્રાચીનકાળથી ભારતમાં પરંપરાગત સમૂહ માધ્યમોની બોલબાલા વત્તે- ઓછે અંશે જોવા મળે છે. લોકસાહિત્ય, લોકસંગીત અને લોકનૃત્ય આ ત્રણેય ભારતના વિવિધ પ્રદેશોમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. દા.ત. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારની લોકકથા, લોકવાર્તાઓ, લોકગીત, આખ્યાનો, છંદ, દુહા વગેરે. સામાન્ય રીતે કોઈ વીરકથા, સતીકથા, ધાર્મિક કથા રજૂ થતી. એવી જ રીતે રાજસ્થાન, ગુજરાતમાં ભવાઈ ઉત્તરપ્રદેશમાં નૌટંકી, બંગાળમાં બાઉલ, મહારાષ્ટ્રમાં ભારૂડ, મધ્યપ્રદેશમાં પંડવા જેવાં લોકનાટકોનું ખૂબજ આકર્ષણ ગ્રામ સમુદાયમાં રહેતું. કઠપૂતળીનો ખેલ, મલ્લનો ખેલ અને મદારીના ખેલ વગેરે મનોરંજન મેળવવાનાં પરંપરાગત સમૂહ માધ્યમો છે. આ માધ્યમ દ્વારા લોકોને મનોરંજન ઉપરાંત નૈતિક મૂલ્યો અને જ્ઞાન મળતું. વર્તમાન સમયમાં આધુનિક સંચાર માધ્યમોના વિકાસને લીધે તેમાં ઓટ આવી છે.

આ પરંપરાગત માધ્યમો આમ તો પારસ્પરિક પ્રત્યક્ષ માધ્યમ હતાં, તેમાં યંત્રવિજ્ઞાન કે ટેકનોલોજીનો અભાવ હતો. ગ્રામજનો સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક પ્રસંગોને લઈને મનોરંજન સાથે ભાવાત્મક અને નૈતિક મૂલ્યો પોતાની લોકકલા દ્વારા રજૂ કરતાં. ટેલિવિઝનના કારણે ગ્રામ સમુદાયમાં પરંપરાગત માધ્યમ મોટે ભાગે અસ્ત પામી રહ્યાં છે.


**(2) આધુનિક સમૂહ સંચાર માધ્યમો :** આ સમૂહ માધ્યમોને બે ભાગમાં વહેંચી શકાય :

**(અ) મુદ્રિત માધ્યમો :** વર્તમાનપત્ર, પુસ્તકો, સામયિકો, પોસ્ટર, હોર્ડિંગ, ચોપાનિયાં

**(બ) વીજાણું માધ્યમો :** રેડિયો, ફોટોગ્રાફી, ફિલ્મો, ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ હવે આપણે આ બંને પ્રકારના સંચાર માધ્યમોની વિસ્તૃત સમજ મેળવીએ.

**(અ) મુદ્રિત માધ્યમો :**

જર્મનીમાં ઈ.સ. 1440માં ગુટેન બર્ગે છાપકામની ટેકનોલોજી એટલે કે પ્રિન્ટિંગ વિકાસ કર્યો. ત્યારથી એક સાથે હજારો આવૃત્તિઓમાં છાપકામની શરૂઆત થઈ. પ્રારંભમાં નાના ચોપાનિયાં સ્વરૂપમાં સમાચાર છાપીને વર્તમાનપત્ર શરૂ કરવામાં આવ્યાં. ધીમે ધીમે આ વર્તમાનપત્રો દૈનિક વર્તમાનપત્ર સ્વરૂપમાં રજૂ થયાં તેમજ તે સમયે હસ્તલિખિત પુસ્તકો પણ છપાવા લાગ્યાં. માટે એમ કહી શકાય કે યંત્રવિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે આધુનિક યુગની શરૂઆત થઈ. ભારતમાં વર્તમાનપત્રની શરૂઆત 18મી સદીના ઉત્તરાર્ધમાં જાન્યુઆરી ઈ.સ. 1780માં જેમ્સ અગસ્ત હાકીને અંગ્રેજી ભાષામાં બંગાળ ગેઝેટને સાપ્તાહિક સ્વરૂપે પ્રકાશિત કર્યું, ત્યારથી થઈ હતી. ભારતનું સૌપ્રથમ દૈનિક વર્તમાનપત્ર 'કલકત્તા ગેઝેટ' હતું. સ્વતંત્ર ભારતમાં 'યુનાઈટેડ ન્યૂઝ ઓફ ઈન્ડિયા' નામની એક કંપની સ્થાપવામાં આવી. તેનું કાર્ય સમાચાર આપવાનું છે. 27 ઓગસ્ટ, ઈ.સ. 1947માં પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (પી.ટી.આઈ.)ની સ્થાપના કરવામાં આવી. આ સમાચારપત્રો આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક એમ ચાર કક્ષાએ રજૂ થયાં. જેમાં સ્થાનિક કક્ષાથી શરૂ કરી



સામાજિક માધ્યમો

આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીની તમામ ઘટનાઓ અને વિગતો પ્રકાશિત કરવામાં આવતી; પરંતુ નિરક્ષરતા છે ત્યાં આ મુદ્રિત માધ્યમો ઓછાં અસરકારક બની શકે છે.

વળી, મુદ્રિત માધ્યમોમાં પાઠ્યપુસ્તકો, ધાર્મિક ગ્રંથો, નવલકથાઓ, કાવ્યો, નાટકો વગેરે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હાલ કમ્પ્યુટર સાથે જોડાયેલ ડિજિટલ ટેકનોલોજીને કારણે બીબાપ્રિન્ટિંગ ટેકનોલોજીનો અંત આવી ગયો છે. ડિજિટલ ટેકનોલોજીને કારણેએ વિવિધ પ્રકારનાં પ્રિન્ટર, ફોટોકોપી મશીન વગેરે દ્વારા પ્રિન્ટિંગ ઘણું સરળ અને ઝડપી થવા લાગ્યું છે. ટેલિવિઝન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્માર્ટફોન વગેરેને કારણે વર્તમાનપત્રો, પુસ્તકો, સામયિકોના વાંચનના પ્રમાણમાં ઘણો ઘટાડો જોવા મળે છે.

**(બ) વીજાણું માધ્યમો :** વીજાણું સમૂહ સંચાર માધ્યમો ઈલેક્ટ્રોનિક માધ્યમોથી ઓળખાય છે. જેમાં રેડિયો, ફોટોગ્રાફી, ફિલ્મો, ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઈલ, સ્માર્ટફોન વગેરેનો સમાવેશ થાય છે.

**(1) રેડિયો :** રેડિયોનો આવિષ્કાર ઈ.સ. 1921માં ઈટાલી વૈજ્ઞાનિક માર્કોનીએ કર્યો હતો. આકાશવાણીનું સૌપ્રથમ કેન્દ્ર ઈંગ્લેન્ડમાં સ્થપાયું. ભારતમાં રેડિયો પ્રસારણનો પ્રારંભ ઈ.સ. 1923માં ખાનગી સ્વરૂપે મુંબઈમાં કલબ રેડિયા સ્વરૂપે થયો. ત્યાર બાદ ઈ.સ. 1927માં રેડિયોનો પ્રારંભ મુંબઈ અને કોલકત્તામાં બે સરકારી ટ્રાન્સમીટરની સ્થાપના દ્વારા થયો. ઈ.સ. 1930માં આ રેડિયો સ્ટેશનનું સંચાલન અને નિયંત્રણ સરકાર દ્વારા કરવામાં આવ્યું અને તેનું ભારતીય પ્રસાર સેવા નામ આપવામાં આવ્યું. ઈ.સ. 1936માં આ નામ બદલીને 'ઓલ ઈન્ડિયા રેડિયો' કરવામાં આવ્યું. ત્યાર બાદ ઈ.સ. 1957થી ભારતમાં તે આકાશવાણી તરીકે જાણીતું બન્યું. તેનું ભારતના સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા સંચાલન કરવામાં આવે છે. વર્તમાન ભારતમાં કુલ 187 રેડિયો સ્ટેશન અને 180 રેડિયો ટ્રાન્સમીટર, દેશનો કુલ 83 % વિસ્તાર અને 96 % જનસંખ્યાને આવરી લે છે.

ભારતના વીસ્તારમાં રેડિયો અસરકારક માધ્યમ છે. રેડિયો દ્વારા પ્રસારિત કાર્યક્રમને લીધે કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગો, મરઘાં ઉદ્યોગોને લગતી માહિતીએ વિકાસ અને પરિવર્તન લાવવામાં ભાગ ભજવ્યો છે. વળી, યુવાનો, મહિલાઓ, બાળકો, આદિવાસીઓ વગેરેને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. વિવિધ ભાષામાં સમાચારો,કોમેન્ટ્રી સહિત મનોરંજક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. પહેલાંના સમયમાં રેડિયો રાખવા માટે લાયસન્સ રાખવું પડતું, હાલ ટેક્નોલોજીની ક્રાંતિને લીધે એફ.એમ.રેડિયો આવતાં પ્રસારણ પ્રક્રિયા અને કાર્યક્રમોનું સ્વરૂપ બદલાયું છે.

**(2) ફોટોગ્રાફી :** અમેરિકાના જ્યોર્જ ઈસ્ટમેને ઈ.સ. 1888માં 'કોડેક બોક્સ' કેમેરાની શોધ કરી. શરૂઆતમાં કેમેરા રોલના ઉપયોગથી બ્લેક એન્ડ વ્હાઈટ અને ત્યાર બાદ કલર ફોટોગ્રાફી કરવામાં આવતી. હવે સ્માર્ટ ફોન અને ડિજિટલ કેમેરાથી ફોટોગ્રાફી થાય છે. સમાજના પ્રત્યેક તબક્કે ફોટોગ્રાફી મહત્ત્વની બની છે.

**(3) ચલચિત્રો કે સિનેમા :** ચિત્રોને ગતિ આપીને દશ્યો દર્શાવવાની પ્રક્રિયાને ચલચિત્ર કહે છે. આ ચલચિત્રની ટેક્નોલોજી શોધવાનું શ્રેય થોમસ આલ્વા એડિસનને જાય છે. ભારતમાં સૌપ્રથમ 7 જુલાઈ, ઈ.સ. 1896માં પ્રથમ ફિલ્મ પ્રદર્શિત થઈ. ભારતીય ચલચિત્રોમાં દાદાસાહેબ ફાળકેનું પ્રદાન નોંધપાત્ર હોવાથી તેમના નામે આજે પણ ભારતીય ફિલ્મજગતનો પ્રસિદ્ધ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. ભારતીય ફિલ્મ ડિવિઝનની સ્થાપના ઈ.સ. 1948માં મુંબઈ ખાતે થઈ. ઈ.સ. 1952માં ફિલ્મ સેન્સર બોર્ડનું ગઠન કરવામાં આવ્યું. ભારતની કોઈ ફિલ્મને સાર્વજનિક કરતાં પહેલાં આ સેન્સરબોર્ડનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. સમાજજીવનનાં વિવિધ પાસાંનું નિરૂપણ ફિલ્મોમાં કરવામાં આવે છે. આથી આજે પણ ભારતીય ફિલ્મજગત સમાજમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. હાલ સિનેમાના નવા સ્વરૂપે મલ્ટિપ્લેક્સ સિનેમાગૃહનો ઉદય થયો છે, પરંતુ ટેલિવિઝન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, કોમ્પેકટ

ડિસ્ક (સી.ડી.), ડિજિટલ વર્સેટાઈલ ડિસ્ક (ડી.વી.ડી.) અને પેનડ્રાઈવનું પ્રચલન વધતાં સિનેમાગૃહમાં ફિલ્મ જોવાનું પ્રમાણ ઘટી રહ્યું છે.

(4) **ટેલિવિઝન :** ટેલિવિઝન એ આધુનિક યુગનો અદ્ભુત અને અકલ્પનીય આવિષ્કાર છે. આ દશ્ય-શ્રાવ્ય માધ્યમનો આવિષ્કાર ઈ.સ.1926માં ઈંગ્લેન્ડના વૈજ્ઞાનિક જોન એલ. બેયર્ડે કર્યો હતો. ભારતમાં દૂરદર્શનનો પ્રારંભ 15 સપ્ટેમ્બર, ઈ.સ. 1959માં દિલ્હીમાં પ્રાયોગિક ધોરણે થયો હતો. ઈ.સ. 1972માં ટી.વી. કેન્દ્રની શરૂઆત થઈ. ઈ.સ. 1982માં ભારતના યજમાનપદે યોજાયેલ એશિયા રમતમહોત્સવનું રંગીન ટેલિવિઝન પ્રસારણ શરૂ થયું. દૂરદર્શનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામવિકાસ, કૃષિવિકાસ, શિક્ષણ, જનજાગૃતિ માટે માહિતી આપી રાષ્ટ્રીય વિકાસ કરવાનો હતો. પરંતુ ઈ.સ. 1985 પછી ખાનગી ચેનલોનો પ્રવેશ થતાં તેના મનોરંજન કાર્યક્રમોની અસર સમગ્ર ભારતમાં છવાઈ ગઈ. હાલમાં 800થી વધુ ચેનલો દ્વારા કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. હાલ ટેલિવિઝન દરેક પરિવારનું અભિન્ન અંગ બની ગયું છે.

(5) **કમ્પ્યુટર :** આજનો યુગ કમ્પ્યુટર યુગ છે. જહોન મોચેલ અને જે.પી. ઍકર્ટ દ્વારા ઈ.સ. 1946માં ડિજિટલ કમ્પ્યુટર શોધવામાં આવ્યું. કમ્પ્યુટર એવું સાધન છે, કે જે માહિતી સ્વીકારે છે, સંગ્રહ કરે છે, પૃથ્થકરણ કરે છે અને વિવિધ સ્વરૂપે માહિતી પાછી મોકલી શકે છે. આજે ભારતનાં તમામ ક્ષેત્રમાં કમ્પ્યુટરનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. તેથી કમ્પ્યુટર શિક્ષણ અનિવાર્ય બન્યું છે.

(6) **ઈન્ટરનેટ :** ઈન્ટરનેટ એટલે વિશ્વનું સૌથી મોટું જાળું, જે સંખ્યાબંધ કમ્પ્યુટર અને મોબાઈલને એકબીજાંથી જોડે છે. જેને ઈન્ટરનેટ નેટવર્ક પણ કહેવામાં આવે છે. આ નેટવર્કથી દ્વિતરફી માહિતીની આપ-લે થાય છે. ભારતમાં ઈન્ટરનેટની શરૂઆત 15 ઓગસ્ટ 1995ના રોજ થઈ હતી. વ્યક્તિ આંગળીના ટેરવાંથી આખી દુનિયાનાં તમામ પાસાંનું જ્ઞાન મેળવી શકે છે, અને દુનિયાના કોઈ પણ ખૂણે કોઈ પણ માહિતી મોકલવી હોય તો મોકલી શકાય છે. વર્લ્ડ વાઈડ વેબ (www.World Wide Web) ઈન્ટરનેટ કમ્પ્યુટર અને સ્માર્ટફોન સાથે જોડાતા અકલ્પનીય ઉપયોગ થવા લાગ્યો છે.ઈન્ટરનેટ પણ માહિતી કે સેવા આપતાં કમ્પ્યુટરને ઈન્ટરનેટ સર્વર કહે છે. ઈન્ટરનેટ પર દુનિયાભરના હજારો સર્વર એક વિશાળ જાળથી જોડાયેલ છે. આ રચનાને વર્લ્ડ વાઈડ વેબ કહે છે. જુદી જુદી વેબસાઈટ દ્વારા વિવિધ પ્રકારની માહિતી ક્ષણભરમાં ઉપલબ્ધ થાય છે. ઈ-ગવર્નન્સ, ઈ-બેંકિંગ, ઈ. શોપિંગ, ઈ. કોમર્સ વગેરેનો ઉપયોગ વધવા લાગ્યો છે. આ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, રેલ્વે, હવાઈમુસાફરી, મનોરંજન વગેરેમાં ઈન્ટરનેટનું પ્રાધાન્ય વધતું જાય છે.

(7) **મોબાઈલ :** ભારતમાં 15 ઓગસ્ટ, 1995નારોજ મોબાઈલ સેવાનો પ્રારંભ થયો. હાલ સ્માર્ટફોન યુવા જગતનું આકર્ષણ બન્યો છે. મોબાઈલમાં વિવિધ પ્રકારની એપ્લિકેશનના માધ્યમથી માહિતી અને મનોરંજન સરળ અને તે જ ક્ષણે તે ઉપલબ્ધ બન્યાં છે.

સમૂહમાધ્યમોએ સમાજજીવન, શિક્ષણ, આરોગ્ય, આર્થિક, કલા અને રમતગમત ક્ષેત્ર, મનોવૈજ્ઞાનિક અને રાષ્ટ્રીય એકતાનાં ક્ષેત્રે અસરો ઉપજાવી છે, જે નીચે મુજબ જોઈ શકાય :

(1) **સામાજિક જીવન પર અસરો :**

કુટુંબ, લગ્ન, જ્ઞાતિ અને સાંસ્કૃતિક પાસાંના સંદર્ભમાં સમૂહ માધ્યમોની અસરો નીચે મુજબ જોવા મળે છે :

- **કુટુંબજીવન પર અસરો :** સમૂહ માધ્યમોને લીધે કુટુંબવાદને બદલે વ્યક્તિવાદ ઊભો થયો છે. પુરુષો કે વડીલોની સત્તામાં પરિવર્તન આવ્યું છે. સમૂહ માધ્યમોમાં દર્શાવતાં કાર્યક્રમો અને ધારાવાહિકોની અસર કૌટુંબિક સંબંધો ઉપર પડતી જોવા મળે છે. પતિ-પત્નીના સંબંધોમાં સત્તા અને તાબેદારીને બદલે સમાનતા અને ઉદારતા તથા સ્વતંત્રતાના ખ્યાલો વિકસતા જાય છે. કૌટુંબિક સંબંધોમાં લોકશાહીપૂર્ણ વાતાવરણ વધતું જાય છે. વિવિધ માધ્યમોની અસરને

લીધે પ્રાપ્ત માહિતીને કારણે શિક્ષણની અને તકો વધતી જાય છે, જેને લીધે બાળકો સ્વતંત્ર રીતે પોતાની શૈક્ષણિક કારકિર્દી બનાવી શકવા સમર્થ બને છે. દીકરી અને દીકરાના જન્મ, ભેદભાવ કે ઉછેરમાં સમૂહ માધ્યમોએ નવી જાગૃતિ ઊભી કરી છે. સમૂહ માધ્યમોમાં આવતી જાહેરાતોને લીધે કુટુંબમાં વિવિધ સભ્યોને આજીવિકાની તક મળતાં સ્થળાંતર વધ્યું છે; પરંતુ માધ્યમોને લીધે રોજબરોજનો સંપર્ક પણ ચાલુ રહે છે. સમૂહ માધ્યમોએ કૌટુંબિક જીવન પ્રણાલી ઉપર હકારાત્મક અને નકારાત્મક અસરો નીપજાવી છે.

- **લગ્ન વ્યવસ્થા :** સમૂહ માધ્યમોએ લગ્ન માટે જીવનસાથીની પસંદગીમાં કુટુંબના વડીલોને ગૌણ અને લગ્ન કરનારાં યુવક-યુવતીને પાયાનું સ્થાન અપાવ્યું છે. તેથી લગ્ન પહેલાં એકબીજાની મુલાકાત દ્વારા યુવક-યુવતીની ઉંમર, દેખાવ, શિક્ષણ, વ્યવસાય, સ્વભાવ અને કુટુંબ વગેરે બાબતોને મહત્ત્વ આપી જીવનસાથીની પસંદગી કરે છે. આમ, સ્વપસંદગી પુખ્યવયે લગ્ન, બાળલગ્ન વિરોધ, લગ્નમાં દહેજ ના લેવું જોઈએ વગેરે વલણો સમૂહ માધ્યમો ઘડી રહ્યાં છે. સાથે લગ્નમાં યુવક-યુવતીના ગુણ કરતાં મંડપ કે ભોજનના ઠાઠમાઠના ખર્ચમાં વધારો કરવા આ માધ્યમો પ્રેરી રહ્યાં છે. પતિ-પત્નીએ સહજીવન બંધબેસતું ન હોય તો પડ્યું પાનું નિભાવી લેવું એ ખ્યાલ દૂર થઈ રહ્યો છે. એટલે છૂટાછેડાથી લગ્નજીવનનો અંત લાવીને નવા જીવન માટે માર્ગ મોકળો કરવામાં સમૂહ માધ્યમોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે.
- **જ્ઞાતિ વ્યવસ્થા :** જ્ઞાતિના કોટિક્રમ, ખાનપાન, વ્યવસ્થા અને નાગરિક તથા ધાર્મિક અસમર્થતાની બાબતમાં ગાંધીજી કે ડૉ. બાબાસાહેબ આંબેડકરની અસ્પૃશ્યતા સામેની લડતમાં મુદ્રિત માધ્યમોએ ઘણો ફાળો આપ્યો હતો. ત્યારબાદ ભારતના બંધારણ અને કાયદાથી ભેદભાવ દૂર કરવામાં આ માધ્યમો મદદરૂપ થયાં. આધુનિક માધ્યમોએ ખાનપાન, વ્યવસાય તથા નાગરિક હકોની ભેદભાવવાળી પ્રણાલીને ઉખેડીને ફેંકી દીધી છે. આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપી રહ્યાં છે. વ્યક્તિ કે કુટુંબ ઉપર જ્ઞાતિની મજબૂત પકડ, ઢીલી પાડવામાં સમૂહ માધ્યમોની ભૂમિકા મહત્ત્વની બની રહી છે.
- **સંસ્કૃતિ :** ભારતીય સમાજ અનેક ધાર્મિક સંપ્રદાયો ધરાવતો દેશ છે. આ સંપ્રદાયોમાં અનેક વિધિ-વિધાનો, માન્યતાઓ, શ્રદ્ધાઓ, વહેમ અને અંધશ્રદ્ધાઓ જોવા મળે છે. જેમાં સમૂહ માધ્યમો ઘણાં વિધિ-વિધાન, માન્યતાઓ કે અંધશ્રદ્ધાઓ વિશે વૈજ્ઞાનિક જ્ઞાન આપીને લોકોને જાગૃત કરે છે. સાથે આ માધ્યમો શ્રદ્ધા, માનવધર્મ અને યોગનો પ્રચાર પણ કરે છે. વળી, જન્મદિનની ઉજવણી, મેરેજ એનિવર્સરી, વિવિધ તહેવારો કે ઉત્સવોની ઉજવણી સમૂહ માધ્યમો, ખૂબ ઠાઠમાઠથી ઊજવવા પ્રેરે છે. દીકરીના જન્મને આવકારવા સમૂહ માધ્યમો પ્રોત્સાહન આપી રહ્યાં છે. મૃત્યુના પ્રસંગોમાં લાંબા અને ઊંડા શોક, વિચિત્ર રિવાજોને માત્ર બેસણામાં ફેરવવાનું કાર્ય આ સમૂહ માધ્યમો દ્વારા થાય છે.

**(2) ભૌતિક વસ્તુઓના ઉત્પાદન અને સેવાઓનો પ્રચાર :**

મુદ્રિત માધ્યમ અને વીજાણું માધ્યમોમાં વિવિધ ચીજવસ્તુની ખરીદી કરવા પ્રેરતા વારંવારના વિજ્ઞાપનોને કારણે લોકોને આ ચીજવસ્તુઓ તરફ આકર્ષવા અને તેની ખરીદી કરવા કે ઉપભોગ કરવા પ્રેરે છે. ગૃહ ઉપયોગી એવાં ઈલેક્ટ્રિક ફ્રિજ, વોશિંગ મશીન, મિક્સર, કુલર, વેક્યુમક્લિનર, વોટર પ્યોરિફાયર અને ઈલેક્ટ્રોનિક કમ્પ્યુટર, ટેલિવિઝન, મોબાઈલ, ઘર-વપરાશની ચીજવસ્તુ જેવી કે હેરઓઈલ, સાબુ, પાવડર. ટૂથપેસ્ટ, મરીમસાલા, કાપડ, ફર્નિચર, વાહનો ઉપરાંત વીમા, બેન્કની સેવાઓ વગેરે વિજ્ઞાપનો ને કારણે, લોકો વિવિધ ચીજવસ્તુઓથી પરિચિત બને છે, અને પસંદગીની તક મળે છે. આમ, સમૂહ માધ્યમોમાં આવતી વિજ્ઞાપનોએ લોકોમાં નવી જરૂરિયાતો પેદા કરી છે. વિવિધ કંપનીઓ પોતાના ઉત્પાદન સંબંધી વિજ્ઞાપનો દ્વારા લોકોને પોતાના ઉત્પાદનોનો ઉપભોગ કરવા તરફ દોરી જાય છે. ગ્રાહક વસ્તુ ખરીદવા તરફ આકર્ષાય તે માટે એક વસ્તુ સાથે બીજીવસ્તુ કે ભેટ, આકર્ષક ઓફર, હપ્તા પધ્ધતિ, શૂન્ય ડાઉનપેમેન્ટ, શૂન્ય ટકા વ્યાજ જેવાં જાહેર વિજ્ઞાપનથી

ગ્રાહકોને આકર્ષે છે. હાલ સમાજમાં યુઝ એન્ડ થ્રોનો ખ્યાલ પ્રચલિત બની રહ્યો છે. એટલે એમ કહી શકાય કે સમૂહ માધ્યમોએ ઉપયોગિતાવાદ કે ગ્રાહકવાદ ઊભો કર્યો છે. વ્યક્તિ પાસે દેવું કરાવીને પણ વસ્તુ ખરીદવા સમૂહ માધ્યમો પ્રેરે છે.

**(3) શિક્ષણ ક્ષેત્રે પ્રભાવ :**

સમૂહ-સંચાર માધ્યમો સામાજિક વિકાસ માટે અગત્યનાં સાધનો છે. શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં પ્રત્યક્ષ કે પરોક્ષ વિવિધ કાર્યક્રમો કે વિજ્ઞાપન નિરક્ષરતા નિવારવામાં ફાળો આપે છે. ટેલિવિઝનને શિક્ષણ, કૃષિ, વિજ્ઞાન, ટેકનોલોજી માટે વિશેષ ચેનલો અને વિશેષ કાર્યક્રમો ચાલુ કરે છે. દશ્ય અને શ્રાવ્ય દ્વારા પ્રાયોગિક પદ્ધતિથી વર્ગમાં અસરકારક રીતે તમામ વિષયમાં ખૂબ જ ઊંડાણમાં જ્ઞાન આપી શકે છે. આ માટે ડિસ્કવરી, નેશનલ જીઓગ્રોફિક, હિસ્ટ્રી, ગુજરાત સરકારની બાયસેગ-16 ચેનલો, દૂરદર્શન યુ.જી.સી.ના કાર્યક્રમો વગેરે ઉત્તમ ઉદાહરણો છે. તેવી જ રીતે વિવિધ જ્ઞાનવર્ધક ટી.વી. ક્વીઝ વગેરે જ્ઞાનમાં વધારો કરે છે. કમ્પ્યુટર અને મોબાઈલમાં વિવિધ વેબસાઈટ કે ઈ-બુકથી શિક્ષણના પાઠ વિદ્યાર્થી અને શિક્ષકો ભણે છે. હવે કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં ઈન્ફર્મેશન-કોમ્યુનિકેશન ટેકનોલોજી અનિવાર્ય બની છે. સ્માર્ટબોર્ડ અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન શિક્ષણ માટે અનિવાર્ય માધ્યમ બન્યું. જેના દ્વારા શિક્ષકને ભણાવવામાં અને વિદ્યાર્થીને સમજાવવામાં ખૂબ સરળતા રહે છે. સમૂહ માધ્યમો ટ્રાફિકના નિયમો, મતદાર જાગૃતિ, વૃક્ષારોપણ, પ્રદુષણ, વ્યસનો, રક્તદાન, ચક્ષુદાન, ઊર્જા બચાવો, પાણી બચાવો વગેરે નાગરિક જાગૃતિનું શિક્ષણ આપે છે.

**(4) આરોગ્યના સ્તરમાં પ્રભાવ :**

સમૂહ-સંચાર માધ્યમો આરોગ્ય અંગેની કાળજી લેવામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ અપનાવવામાં મદદ કરે છે. આહાર, પોષણ, વ્યસનો, વિવિધ રોગો અંગે જાગૃતિ અને તેની વૈજ્ઞાનિક જાણકારી આપે છે. તેનાથી લોકોના આરોગ્યમાં સુધારો થાય છે. તેવી રીતે કુટુંબકલ્યાણ, બાળકલ્યાણ, માતૃકલ્યાણ અને બાળઉછેર અંગે સમૂહ માધ્યમો સીધી કે આડકતરી રીતે વૈજ્ઞાનિક માહિતી આપે છે. તેનાથી વસ્તીની ગુણવત્તામાં સુધારો થાય છે. વસ્તી નિયંત્રણ કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ માધ્યમો ટેલિવિઝન ચેનલો અને ઈન્ટરનેટ દ્વારા વિવિધ પ્રકારનો રોગો એ તેના ઉપચારો અંગેની માહિતી મળે છે. વળી એચ.આઈ.વી.-એઈડ્સ, સ્વાઈન ફ્લ્યુ, મેલેરિયા, ટી.બી. કેન્સર, પોલિયો વગેરે રોગો અંગેની માહિતી અને તેના ઉપચારનો પ્રસાર વધ્યો છે. આજકાલ 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' નું સૂત્ર સમૂહ માધ્યમો દ્વારા અસરકારક બન્યું છે.

**(5) આર્થિક ક્ષેત્રે પ્રભાવ :**

ભારત જેવાં વિકસિત સમાજમાં ખેતીની આધુનક પદ્ધતિઓ, રાસાયણિક ખાતર, સુધારેલ બિયારણ, પાક સંરક્ષણ વગેરેને લગતા કાર્યક્રમો દ્વારા ખેડૂતોને ખેતીને, લગતું વૈજ્ઞાનિક જ્ઞાન મળી શકે છે. તેનાથી ખેડૂત ગુણવત્તાવાળો પાક મેળવી શકે છે. પાકવીમો, બજારભાવ, વેચાણ, હવામાન વગેરેની માહિતી મેળવી શકે છે. મોબાઈલમાં મેસેજ દ્વારા ખેડૂતોને પાકમાં થતાં રોગો, જંતુનાશક દવાનો છંટકાવ, નીંદામણની દવા વગેરે ખેતીવિષયક માહિતી મળી રહે છે. તેનાથી ખેડૂત પોતાનો પાક સારી રીતે પકવીને સારી કમાણી કરી શકે છે.

મોટા ઉદ્યોગો, લઘુઉદ્યોગો,કુટિરઉદ્યોગો, ગૃહઉદ્યોગ માટે કયા સ્થળે, કેટલી લોન, સબસીડી વગેરે તથા શેરબજાર, અન્ય વેપારી, રોકાણ, બેન્કિંગ, શાકભાજી, સોના-ચાંદી, અનાજ-કરિયાણા જેવા બજારભાવની માહિતી સમૂહ માધ્યમો આપે છે. તેથી વ્યક્તિઓને રોજગારી અને કમાણી કરવામાં મદદ મળે છે. અગાઉ જણાવ્યા મુજબ વ્યાવસાયિક વિજ્ઞાપનો પણ ધંધા અને રોજગારીમાં પ્રોત્સાહન આપે છે. સાથે એ પણ નોંધવું જોઈએ કે આર્થિક છેતરપિંડી, ક્રિકેટ સટ્ટો, અનૈતિક-વ્યવસાયો વગેરેને પણ સમૂહ માધ્યમો વેગ આપે છે.

**(6) કલા અને રમતગમત ક્ષેત્રમાં પ્રભાવ :**

વર્તમાનપત્ર અને સામયિકોમાં વિવિધ કલા જગતના લેખ આવતાં હોય છે. આથી લોકોને હસ્તકલા અને લોકકલા જેવી કે લોકગીત, લોકસંગીત, ચિત્રકલા, ભરતગૂંથણની કલા વગેરેમાં રસ જાગૃત થાય છે. રેડિયો ટેલિવિઝન ઉપર આવતાં વિવિધ લોકસંગીત, શાસ્ત્રીય નૃત્ય, સંગીતના કાર્યક્રમો, વિવિધ સંગીત, નૃત્ય, કોમેડી અભિવ્યક્તિની સ્પર્ધાઓ પણ લોકોનાં કૌશલ્યો વિકસાવવા અને કારકિર્દી ઘડવામાં મદદ કરે છે. ફિલ્મ ટેલિવિઝનની વિજ્ઞાપનો, સિરિયલ, ફિલ્મોમાં અભિનય કલા અને નાટ્યકલા વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

ટેલિવિઝન જેવા સમૂહ માધ્યમમાં રમતગમતની વિશેષ ચેનલો દ્વારા ઓલિમ્પિક, એશિયાડ, કોમનવેલ્થ કે રાષ્ટ્રીય રમતોનું અને ક્રિકેટ, કબડ્ડી જેવી રમતોના જીવંત પ્રસારણથી લોકોનો રમતગમતમાં રસ વધી રહ્યો છે.

**(7) મનોવૈજ્ઞાનિક અને અંગત અસરો :**

વ્યક્તિના વિચારો, માન્યતાઓ, ટેવો, આવડત, પદ્ધતિઓ કે વર્તન બદલીને વ્યક્તિનો વ્યક્તિત્વ વિકાસ કરવામાં સમૂહ માધ્યમોનો ફાળો અગ્રગણ્ય છે. આ માધ્યમો પ્રેરક વ્યક્તિઓના ઈન્ટરવ્યુ કે જીવન પ્રસંગો દ્વારા સામાન્ય માનવીને પણ જીવન જીવવામાં આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે. વ્યક્તિને સમૂહ માધ્યમો પ્રેરણા, પ્રોત્સાહન, સંઘર્ષ, સાહસનાં ઉદાહરણ પૂરાં પાડીને વ્યક્તિની કારકિર્દી ઘડતરમાં મદદરૂપ થાય છે. વ્યક્તિને ખાનપાન, બેસવા-ઉઠવાની, રહેણીકરણી, ખોરાક બનાવવાની, સાચવવાની પીરસવાની વગેરે રીતો શીખવે છે.

સમૂહ માધ્યમોએ માનવ જીવન પર હકારાત્મક અને નકારાત્મક અસરો ઉપજાવી છે. વળી ટી.વી. સિરિયલોમાં દર્શાવાતું વૈભવી અને વિલાસી જીવન વાસ્તવિક જિંદગીમાં આભાસી ચિત્ર રજૂ કરે છે. ઘણી વખત વ્યક્તિ મહત્ત્વાકાંક્ષી, ઈર્ષાળુ, અધીરો, તનાવપૂર્ણ, વિચારશૂન્ય, વિવેકશૂન્ય, ગણતરીબાજ બની જાય છે. તેનું પરિણામ નિષ્ફળતામાં આવે તો, તે હતાશા, નિરાશા, વ્યગ્રતાનાં પરિણામે ઘણી વખત આત્મહત્યા કે સામૂહિક આત્મહત્યાના બનાવો બને છે. પ્રેમની અભિવ્યક્તિ કરતાં દૃશ્યો અને કેટલીક ઈન્ટરનેટની અશ્લીલ વેબસાઈટમાં વાસ્તવિકતા કરતાં વિકૃત દૃશ્યો યુવામાનસ પર ગંભીર અસરો ઉપજાવે છે.

**(8) રાષ્ટ્રીય એકતા અને લોકશાહી મૂલ્યોનો પ્રચાર :**

મુદ્રિત માધ્યમોએ લોકોમાં જાગૃતિ પેદા કરી સ્વતંત્રતા મેળવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્તમાનપત્રો, સામયિકોમાં આવતાં વિવિધ લેખોએ લોકોમાં રાષ્ટ્ર પ્રત્યે ફરજની ભાવના જગાડી છે. રેડિયો કે ટેલિવિઝનમાં આવતી કેટલીક શ્રેણીઓ એકતાસર્જક હોય છે. ક્યારેક વિભિન્ન ચલચિત્રો કે ટી.વી. શ્રેણીઓ જુદાં જુદાં પ્રદેશ, જાતિના લોકો સંબંધી હોય છે. જેમાં તેઓની વિભિન્ન જીવનશૈલી, વિચાર માન્યતાઓ વ્યક્ત થતાં હોય છે. જેની અસર નીચે લોકો પોતાનાં સમાજ અને લોકોની જીવનરીતિથી ભિન્ન જીવનરીતિનો સ્વાભાવિક સ્વીકાર કરતાં થાય છે. ટેલિવિઝનની ઐતિહાસિક શ્રેણી જેવી કે રામાયણ, મહાભારત, ચાણક્ય, ચક્રવર્તી અશોક વગેરે દેશાભિમાન અને રાષ્ટ્રીય એકતા વિકસાવવામાં ફાળો આપે છે.

સમૂહ માધ્યમો લોકશાહીના પાયા સમાન મતદાતાઓને મતદાન માટે જાગૃત કરવાનું અને વિવિધ રાષ્ટ્રીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાથી પરિચિત કરાવીને, કોને મત આપવો એ નિર્ણય કરવાનું કાર્ય કરે છે. સમગ્ર ભારતની લોકસભા વિધાનસભા કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના સુચારુ આયોજનમાં અને ગેરરીતિ અટકાવવામાં આ માધ્યમો મદદરૂપ થાય છે. ચૂંટણીઓનાં સંભવિત પરિણામ અને વાસ્તવિક પરિણામોને ખૂબ તલસ્પર્શી વિશ્લેષણથી રજૂ કરી લોકોને તેની કાર્યવાહીથી અવગત કરાવે છે. આમ, સમૂહ માધ્યમો રાષ્ટ્રીય એકતા અને લોકશાહીના પાયા મજબૂત કરવામાં આશીર્વાદરૂપ બન્યાં છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે સંચાર માધ્યમોની સમજ મેળવી. સમૂહ માધ્યમોએ સમાજમાં વિવિધ આંદોલનોને પણ નવી દિશા આપી છે, જેનો અભ્યાસ હવે પછીના એકમમાં કરીશું.

### 6.7 સામાજિકીકરણના હેતુઓ :

- સામાજિકીકરણની પ્રક્રિયા સાર્વત્રિક હોય છે. એટલે કે દરેક સમાજમાં જોવા મળે છે. સમાજમાં સામાજિકીકરણની પ્રક્રિયાનું એટલે બધું મહત્ત્વ છે કે તેના વિના માનવ સમાજનું અસ્તિત્વ શક્ય બનતું નથી. વ્યક્તિ સમાજમાં રહીને સામાજિકીકરણની પ્રક્રિયાનું જ્ઞાન મેળવતો જાય છે. વ્યક્તિ જે સમાજમાં રહે છે તે સમાજ પ્રમાણે દોરવાનો સ્વીકારવાનું અને અમલ કરવાનું શીખવવામાં આવે છે કે વ્યક્તિ તે સ્વયં શીખે છે, જેથી બાળકનું વર્તન ધોરણ અનુરૂપ થાય છે.
- સમાજને અનુરૂપ વ્યક્તિ આંતરક્રિયા કરે છે. વધુ સારી રીતે સમાજને અનુરૂપ આંતરક્રિયા શીખી શકે છે.
- જે આ સામાજિકીકરણની પ્રક્રિયામાં કોઈ ખામી રહી જાય તો બાળક સામાજિક વિચલન કે ધોરણભંગ વર્તન કરતું થાય છે. વ્યક્તિએ સમાજને અનુરૂપ વર્તન કરવું પડે છે. આથી સામાજિકીકરણની પ્રક્રિયા વ્યક્તિ અને સમાજ બંને માટે મહત્ત્વની બની રહે છે. સામાજિકીકરણના હેતુઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**(1) ભૂમિકા સજ્જતા વિકસાવવા :**

- ભૂમિકા સજ્જતા વિકસાવવા માટે સામાજિકીકરણ કરવા જુદાં જુદાં સ્વરૂપે જુદી જુદી પધ્ધતિથી વ્યક્તિ અને સમાજ માટે તૈયાર કરવામાં આવે છે, જેને આવશ્યક ગણવામાં આવે છે. સમાજ અલ્પ વિકસિત, અર્ધ વિકસિત, વિકાસશીલ અને વિકસિત હોય તો પણ આ પ્રક્રિયાને અનિવાર્ય ગણવામાં આવે છે કારણકે માનવને સામજિક માનવી બનાવવો તે સમાજ માટે મહત્ત્વનું છે.
- દરેક ઈચ્છે કે પોતાના સભ્યો, ધોરણ અનુરૂપ વર્તન કરે, જેથી સમાજ વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દરેક સમાજને પોતે નક્કી કરેલાં ચોક્કસ ધ્યેયો પ્રાપ્ત કરવા માટે તૈયાર કરી શકાય.
- જે ધ્યેયો સિધ્ધ થઈ શકે તો જ સામાજિક વિકાસ અને પરિવર્તન લાવી શકાય છે. સામાજિકીકરણની પ્રક્રિયાથી વ્યક્તિને દરજ્જા અનુરૂપ કેવી રીતે ભૂમિકા ભજવી તે માટે તૈયાર કરવામાં આવે છે. ટૂંકમાં સામાજિકીકરણથી વ્યક્તિને ભૂમિકા સજ્જ બનાવવામાં આવે છે.

**(2) સાંસ્કૃતિક વારસાને પ્રાપ્ત કરવાનો :**

- દરેક સમાજ પોતાના સભ્યોને પોતાના સામાજિક અને સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવે છે, તેમજ તેને અનુરૂપ થતાં શીખવે છે. આવા વારસાથી ગર્વ અનુભવતા હોય છે. પોતાનો આ વારસો અન્ય સમાજથી શ્રેષ્ઠ માનતા હોય છે, તેથી તેનું મહત્ત્વ ટકાવી રાખવા એ એક પેઢી પાસેથી બીજી પેઢી પાસે જાય એ જરૂરી છે.
- સામાજિક વારસાની જાળવણી દ્વારા સમાજનું સાતત્ય ટકી રહે છે. આ માટે દરેક પેઢી પોતાની નવી પેઢીને સામાજિક વારસાથી સભાન બનાવે છે, જેમ કે પોતાના કુટુંબ, જ્ઞાતિ, ધર્મ કે સમૂહનાં ધોરણો, મૂલ્યો, આદર્શો અને વ્યવહારો કેવાં છે, તેનું મહત્ત્વ અને ઉપયોગિતા વિશે નવી પેઢીને શીખવે છે અને તે માટે તેનું સામાજિકરણ કરે છે. આમ, સામાજિક વારસાને નવી પેઢી સુધી પહોંચતો કરવાનું કાર્ય સામાજિકરણ દ્વારા થઈ શકે છે.

**(3) સામાજિકરણ દ્વારા વ્યક્તિત્વ ઘડતર કરવાનો :**

- સામાજિકીકરણ દ્વારા વ્યક્તિત્વ ઘડતર કરવાનો હેતુ હોય છે. વ્યક્તિત્વ ઘડતરનો આધાર સામાજિકરણ પર રહેલો છે,કારણકે આવી વ્યક્તિઓનું સામાજિકરણ જુદી જુદી રીતે થયું

હોય છે. જો બાળકનું સામાજિકરણ ન થાય તો વ્યક્તિત્વનું ઘડતર થતું નથી. માનવ સમાજ દ્વારા સામાજિકરણ ન થયું હોવાથી તેનામાં માનવતાના ગુણો જોવા મળતા નથી. વ્યક્તિ સમાજમાં હોય તો જ વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

**(4) માનવ સંબંધોનો વિકાસ કરવાનો :**

- માનવી સમાજમાં રહે તો જ તેનો વિકાસ થાય છે. માનવ સંબંધનો વિકાસ પણ સમાજમાં રહીને થતો હોય છે. આ માટે વ્યક્તિએ સામાજિકરણની પ્રક્રિયા માંથી પસાર થવું પડે છે. એકબીજાંના સંપર્કમાં આવવાથી માનવસંબંધનો વિકાસ થાય છે.

**(5) આદર્શ નાગરિક બનાવવો :**

- વ્યક્તિ એક આદર્શ નાગરિક બને તે હેતુ રહેલો છે. આદર્શ નાગરિક બનીને સમાજની સારી સેવા કરી શકે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિને આદર્શ નાગરિક બનાવવાનો હેતુ છે.

**(6) ત્યાગની ભાવનાનો વિકાસ :**

- વ્યક્તિમાં ત્યાગની ભાવનાનો વિકાસ થાય તે જરૂરી છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સમાજ માંથી ત્યાગની ભાવના શીખી શકે.

## 6.8 એકમ સ્વાધ્યાયા

**(1) મુદ્દાસર ઉત્તર આપો :**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સંચારનો અર્થ સમજાવી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) સંચાર માધ્યમોના પ્રકારોની છણાવટ કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) આધુનિક સંચાર માધ્યમોનાં વીજાણું સાધનોનો ટૂંકો પરિચય આપો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) સમૂહ માધ્યમોની સામાજિક અસરોની વિગતે ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) આધુનિક સંચાર માધ્યમના પ્રકારો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) પરંપરાગત સંચાર માધ્યમોનો ટૂંકો પરિચય આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) કમ્પ્યુટર વિશે ટૂંકમાં પરિચય આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) ઈન્ટરનેટ વિશે ટૂંકમાં પરિચય આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) સંચાર માધ્યમોની સમાજજીવન પર અસરો સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**(2) ટૂંકમાં ઉત્તર આપો :**

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

(1) સંચારની વ્યાખ્યા આપો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(2) ડેવિડ બર્ગોનું સંચાર મોડલ સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(3) વર્લ્ડ વાઈડ વેબ (WWW)નો અર્થ સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(4) ભારતની રેડિયો પ્રસારણ સેવાને કયા નામે ઓળખવામાં આવે છે ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(5) ભારતના રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ કયા મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) ઓસગુડ અને વિલ્બર શ્રેમનું સંચાર પ્રક્રિયાનું મૉડલ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :

(1) ગુજરાતીમાં સંચાર માટે અન્ય કયો શબ્દ પ્રયોજવામાં આવે છે ?

..................................................................

..................................................................

..................................................................

(2) વિશ્વમાં સૌપ્રથમ પ્રિન્ટિંગ પ્રેસનો પ્રારંભ કયાં, કોણે અને ક્યારે કર્યો ?

..................................................................

..................................................................

..................................................................

(3) પી.ટી.આઈ.નું પૂરું નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(4) યુ.એન.આઈ.નું પૂરું નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

(5) રેડિયો પ્રસારણથી દેશનો કેટલો ભાગ આવરી લેવામાં આવ્યો છે ?

..................................................................

..................................................................

..................................................................

(6) ભારતમાં ખાનગી રેડિયો પ્રસારણ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી ?

..................................................................

.................................................................

.................................................................

(7) WWWનું પૂરું નામ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

(3) આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો :

(1) ફિલ્મ જગતનો પ્રતિષ્ઠિત એવોર્ડ કોના નામે આપવામાં આવે છે ?

(અ) દાદા સાહેબ ફાળકે (બ) રાજ કપૂર

(ક) પૃથ્વીરાજ કપૂર (ડ) લતા સમંગેશકર

(2) ભારતમાં ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો ?

(અ) ઈ.સ. 1959 (બ) ઈ.સ. 1982

(ક) ઈ.સ. 1969 (ડ) ઈ.સ. 1979

(3) ભારતમાં રંગીન ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો ?

(અ) ઈ.સ. 1959 (બ) ઈ.સ. 1982

(ગ) ઈ.સ. 1969 (ડ) ઈ.સ. 1979

(4) ડિજિટલ કમ્પ્યુટરની શોધ ક્યારે થઈ ?

(અ) ઈ.સ. 1959 (બ) ઈ.સ. 1946

(ગ) ઈ.સ. 1956 (ડ) ઈ.સ. 1979

(5) ભારતમાં ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો ?

(અ) 15 ઓગસ્ટ, ઈ.સ. 1995 (બ) 15 ઓગસ્ટ, ઈ.સ. 1985

(ક) 15 ઓગસ્ટ, ઈ.સ. 1975 (ડ) 15 ઓગસ્ટ, ઈ.સ. 2005

(6) ભારતમાં મોબાઈલ સેવાનો પ્રારંભ ક્યારે થયો ?

(અ) 15 ઓગસ્ટ, ઈ.સ. 1995 (બ) 15 ઓગસ્ટ, ઈ.સ. 1985

(ક) 15 ઓગસ્ટ ઈ.સ. 1975 (ડ) 15 ઓગસ્ટ, ઈ.સ. 2005

**પ્રવૃત્તિ**

- તમારું ઈ-મેઈલ આઈ.ડી. બનાવીને તમારા મિત્રને સંદેશો મોકલો.
- તમારી શાળામાં કયા કયા વીજાણુ સાધનોથી શિક્ષણકાર્ય થાય છે તેની નોંધ બનાવી વધારાનાં કયા સાધનોનો શિક્ષણમાં ઉપયોગ થઈ શકે એની યાદી તૈયાર કરો.
- સ્માર્ટફોન અને ટેલિવિઝનનો દિવસમાં કેટલો સમય ઉપયોગ કરો છો અને આના ઉપયોગથી તમારા શિક્ષણ અને દૈનિકજીવનમાં કઈ કઈ અસરો થાય છે તેની નોંધ કરો.

**બહુ વિકલ્પ પ્રશ્નો**

(7) સામાજિકરણની પ્રક્રિયામાં નીચેનામાંથી ક્યું લક્ષણ જોવા મળે છે ?

(1) સતત પ્રક્રિયા (2) અપનુકૂલનની પ્રક્રિયા

(3) ટૂંકા ગાળાની પ્રક્રિયા (4) મૌનની પ્રક્રિયા

(8) બાળકના સામાજિકરણને અસર કરતું પરિબળ ક્યું છે ?

(1) કુટુંબ (2) સગાવહાલાં

(3) ધર્મ (4) ભાષા

(9) શાળાએ સામાજિકરણ માટે કેવી સંસ્થા છે ?

(1) ઔપચારિક વ્યવસ્થા (2) અનૌપચારિક વ્યવસ્થા

(3) ટૂંકા ગાળાની સંસ્થા (4) લાંબા ગાળાની સંસ્થા

(10) બાળકના સામાજિકરણને અસર કરતાં પરિબળોમાં નીચેનામાંથી ક્યું પરિબળ નથી ?

(1) ઘર (2) મિત્ર વર્તુળ

(3) શાળા (4) સગાં સંબંધી

(11) વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં સામાજિકરણનું પાયાનું કામ કોણ કરે છે ?

(1) કુટુંબ (2) રાજ્ય

(3) વ્યક્તિ (4) સંસ્કૃતિ

(12) પ્રત્યાયનના માધ્યમ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(1) ટેલિવિઝન (2) કુટુંબ

(3) શાળા (4) મિત્રજૂથ

(13) માનવ સંબંધોની વિકસતી પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(1) સામાજિકરણ (2) વાતાવરણ

(3) મૂલ્યો (4) સમાજ

## 6.9 તમારી પ્રગતિ ચકાસો :

(1) અભિગમો :

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સમૂહ માધ્યમો :

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સમાજ વ્યવસ્થામાં શિક્ષણની ભૂમિકા :

..................................................................

..................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(4) સામાજિકરણના હેતુઓ :

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 6..10 સારાંશ :

- ભારતીય શિક્ષણમાં નવીનીકરણના અભિગમો :

(1) હાર્ડવેર અભિગમ

(2) સોફ્ટવેર અભિગમ

(3) પ્રણાલી અભિગમ

- સમૂહ માધ્યમો

  - કમ્પ્યુટર, ઈન્ટરનેટ, ઈ-મેઈલ, ટેલિકોન્ફરન્સ

- સંચાર એટલે શું ?

  ''સંચારએ માહિતી, વિચારો અને વલણોને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પરિવર્તિત કરવાની કલા છે.''

- **સંચારની પ્રક્રિયાના સોપાનો :**

  - અર્થઘટન, સંદેશો , અર્થઘટન, સંદેશો

  - પ્રત્યાપન, સંદેશો, અર્થઘટન, અર્થઘટન, સંદેશો

## 6.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**(1) અભિગમો :**

(1) હાર્ડવેર અભિગમ (2) સોફ્ટવેર અભિગમ

(3) પ્રણાલી અભિગમ

**(2) સમૂહ માધ્યમો :**

(1) કમ્પ્યુટર (2) ઈન્ટરનેટ

(3) ઈ-મેઈલ (4) ટેલિકોન્ફરન્સ

**(3) સમાજ વ્યવસ્થામાં શિક્ષણની ભૂમિકા**

(1) રાજ્ય વ્યવસ્થા અને શિક્ષણ (2) સમાજની સંસ્કૃતિ અને શિક્ષણ

(3) સામાજિક સ્તર વ્યવસ્થા અને શિક્ષણ (4) સામાજિક ન્યાય અને શિક્ષણ

**(4) સામાજિકી કરવાના હેતુઓ :**

(1) ભૂમિકા સજ્જતા વિકસાવવા

(2) સાંસ્કૃતિક વારસને પ્રાપ્ત કરવાનો

(3) સામાજિકરણ દ્વારા વ્યક્તિત્વ ઘડતર કરવાનો

(4) માનવ સંબંધનો વિકાસ કરવાનો

(5) આદર્શ નાગરિક બનાવવો

(6) ત્યાગની ભાવનાનો વિકાસ

**બહુ વિકલ્પ પ્રશ્નો**

(1) દાદા સાહેબ ફાળકે

(2) ઈ.સ. 1959

(3) ઈ.સ. 1982

(4) ઈ.સ. 1946

(5) 15 ઓગસ્ટ ઈ.સ. 1995

(6) 15 ઓગસ્ટ ઈ.સ. 1995

(7) સતત પ્રક્રિયા

(8) કુટુંબ

(9) ઔપચારિક વ્યવસ્થા

(10) સગાં સંબંધી

(11) કુટુંબ

(12) ટેલિવિઝન

(13) સામાજિકરણ

## 6.12 સૂચન વાચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) બારૈયા વી.વી. : વિકસતા ભારતમાં શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(3) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજ શાસ્ત્રીય આધારશિલાઓ નીરવ પ્રકાશન, અમદાવાદ

(4) બારૈયા વી.વી.: માધ્યમોનો શિક્ષણમાં વિનિયોગ, પ્રતીક પ્રકાશન, આણંદ

**એકમ 7**

# વૈશ્વિકીકરણ

## : રૂપરેખા :

**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 વૈશ્વિકીકરણ એટલે શુ ?**

**7.3 વૈશ્વિકીકરણની વ્યાખ્યા**

**7.4 વૈશ્વિકીકરણની લાક્ષણિકતાઓ**

**7.5 વૈશ્વિકીકરણ માટેનાં કારણભૂત પરિબળો**

**7.6 વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પર અસરો અમલીકરણ**

**7.7 વૈશ્વિકીકરણની ભલામણો**

**7.8 વૈશ્વિકીકરણની જરૂરિયાત**

**7.9 સારાંશ**

**7.10 એકમ સ્વાધ્યાયો**

**7.11 તમારી પ્રગતિ ચકાસો**

**7.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**7.13 સૂચિત વાંચન સામગ્રી**

### 7.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસકર્યા પછી તમે.......

(1) વૈશ્વીકીકરણનો અર્થ સમજી શકશો.

(2) વૈશ્વિકીકરણની વ્યાખ્યા સમજી શકશો.

(3) વૈશ્વિકીરણની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(4) વૈશ્વિકીરણ માટેનાં કારણભૂત પરિબળોથી ચર્ચા કરી શકશો.

(5) ભારતમાં વૈશ્વિકીકરણ માટે લેવાયેલાં પગલાંનું વર્ણન કરી શકશો.

(6) વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પર અસરોની ચર્ચા કરી શકશો.

(7) વૈશ્વિકીકરણની ભલામણો સમજી શકશો.

(8) વૈશ્વિકીકરણની જરૂરિયાતની ચર્ચા કરી શકશો.

### 7.1 પ્રસ્તાવના :

- એકવીસમી સદીમાં દેશને કેટલાંક અણધાર્યા પડકારોનો સામનો કરવાનો છે. આમાંની એક અસર ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની હાલતમાં એક આંધીની માફક પ્રસરી રહ્યું છે.

- વૈશ્વિકીરણ ભારત માટે નવો શબ્દ નથી.

  ભારતીય સંસ્કૃતિ પહેલેથી જ એમ માને છે કે સમગ્ર વિશ્વ એક કુટુંબ છે. ''વસુધૈવ કુટુમ્બકમ્'' વેદો તો તેનાથી પણ આગળ જઈને એમ કહે છે કે આ ધરતી પણ બધાં જ જીવોનો સમાન અધિકાર છે. મનુષ્યની જેમ અન્ય પ્રાણીઓ અને જીવોને પણ તેટલો જ અધિકાર છે.

- વિશ્વનું નેતૃત્વ કરી ચૂકેલ ભારત, વિશ્વના દેશોની પાછળ ચાલે છે તે ખરેખર કમનસીબ છે.
- સામાન્ય રીતે કહીએ તો વૈશ્વિકરણ એટલે કોઈ એક દેશના અર્થકરણને વિશ્વના અન્ય દેશના અર્થકારણ સાથે સાંકળી લેવાની પ્રક્રિયા.
- વૈશ્વિકરણ અન્વયે વિવિધ દેશો વચ્ચેના પરસ્પર વેપાર ઉપરના નિયમો અને પ્રતિબંધો દૂર કરવામાં આવે છે, જેથી ચીજ-વસ્તુઓની હેરફેર મુક્ત રીતે થતી રહે, તેમજ આ દેશો વચ્ચે શ્રમ, મૂડી અને ટેકનોલોજીની પણ મુક્ત અવરજવર થાય તે માટેનું સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવે છે.
- બીજા શબ્દોમાં કહીએ તો વૈશ્વિકરણ એટલે ચીજ વસ્તુઓ, સેવાઓ (ટેકનોલોજી સહિત), શ્રમ અને મૂડી જેવા ઉત્પાદનના સાધનોની મુક્ત અને નિરકુંશ હેરફેર, જેના પરિણામે વિશ્વભાવો સમાન થવાનું વલણ ધરાવે છે.
- આ પ્રક્રિયા શક્ય બને તો માટે વૈશ્વિક ફેરફાર પરના જે કોઈપણ અંકુશો, નિયંત્રણો, કરવેરા વગરે હોય તે, ક્રમશઃ ઘટાડીને તેને નાબૂદ કરવાનો ખ્યાલ છે.
- ટૂંકમાં વૈશ્વિકીકરણનું અંતિમ ધ્યેય સમગ્ર ભૂમંડળને એક વૈશ્વિક ગામડા (Global Village)તરીકે નિહાળવાનું છે.
- ઈ.સ. 1989માં વિશ્વ બેંકના વિખ્યાત અર્થશાસ્ત્રી જહોન વિલિયમ્સે વૈશ્વિકરણના પ્રવાહના 10 આર્થિક અંગો તારવ્યાં હતાં.

(1) ખાનગીકરણ

(2) અંકુશ મુક્તિ

(3) ખાનગી મૂડીની માલિકીની પ્રથા

(4) વ્યાજના દરોનું બજારીકરણ

(5) વિનિમય દરો પરની અંકુશ મુક્તિ

(6) વેપારનું ઉદારીકરણ

(7) વિદેશી મૂડીની મુક્ત હેરફેર

(8) રાજકોષીય ખાદ્યની પ્રથા બંધ કરવી.

(9) ગરીબી નિવારવા માટે માનવ-વિકાસનો અભિગમ

(10) બજારની અસરકારતા વધારવા માટે માળખાકીય સગવડોનો વિકાસ

- વૈશ્વિકરણની ઉભરતી જતી પરિસ્થિતિ અન્વયે રાજ્યની કામગીરીને મર્યાદિત કરતાં જવાનું છે. ખાનગી ક્ષેત્રમાં સ્વદેશી તથા વિદેશી મૂડી રોકાણ વધે, વસ્તુઓની વિવિધતા અને ગુણવત્તામાં સુધારો થાય, હરીફાઈને લીધે કાર્યક્ષમતામાં વધારો થાય અને ગ્રાહકોને ઓછામાં ઓછી કિંમતે શ્રેષ્ઠ ગુણવત્તાવાળી અને વૈવિધ્યપૂર્ણ વસ્તુઓ ઉપલબ્ધ થતી રહે તેઓ વ્યાપક ખ્યાલ અહીં રાખવામાં આવ્યો છે.
- વૈશ્વિકરણ એક એવી પ્રક્રિયા છે, જે આજે દુનિયાભરના દેશોમાં જોવા મળે છે. આ પ્રક્રિયાના માધ્યમથી સંસ્કૃતિ, ઉદ્યોગોનો વિસ્તાર, ટેકનિકલ પરિવર્તન ઘણાં દેશોમાં ફેલાઈ ગયું છે. આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ વિવિધ દેશોના મૂળ વતનીઓ એકબીજાંથી ખૂબ નજીક આવી રહ્યાં છે.
- આજે ઘણી વસ્તુઓ એવી છે કે દેશના છેવાડાના ગામડાંઓ સુધી પહોંચી ગઈ છે.

  દા.ત. કોકાકોલા, જીન્સ પેન્ટ, પેપ્સી વગેરે.
- 21મી સદીમાં સામાજિક પરિવર્તનની ચર્ચા વૈશ્વિકીકરણ ઉદારીકરણના સંદર્ભ વગર અધૂરી ગણાય. આમ તો વૈશ્વિકીકરણની પ્રક્રિયા ભારત માટે નવી નથી, પરંતુ 20મી સદીના છેલ્લા

દશકામાં સમગ્ર વિશ્વમાં ત્રણ પ્રક્રિયા શરૂ થઈ. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ. આ ત્રણેય પ્રક્રિયાઓએ દેશની અર્થ વ્યવસ્થા પર, તેમજ સમાજ અને સંસ્કૃતિ પર અસર કરી છે. આ પ્રક્રિયાને લીધે ખૂબ ઝડપથી ''વિશ્વ એક સમાજ અને એક આંતરરાષ્ટ્રીય બજાર બની જશે.'' એવો ભય ઊભો થયો હોવાથી સમાજશાસ્ત્રીઓ અને માનવસાસ્ત્રીઓને આ બંને પ્રક્રિયાના અભ્યાસમાં રસ જાગ્યો છે.

- વૈશ્વિકીકરણ એ જટિલ સામાજિક, આર્થિક, રાજકીય પ્રક્રિયા છે, જે વિશ્વના તમામ દેશોમાં જોવા મળે છે. સમાજ વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ વૈશ્વિકીકરણની પ્રક્રિયા સમય અને ભૌતિક અંતર ઘટાડી, રાષ્ટ્ર અને રાજ્યને નજીક લાવી દે છે અને વિશ્વ એક ગામ બને છે, તો સંચાર ક્રાંતિ અને યંત્ર વૈજ્ઞાનિક સ્ત્રોતોએ, આ પ્રક્રિયાને ગતિ આપી છે.

## 7.2 વૈશ્વિકીરણ એટલે શું ? (Meaning of Globalization)

વૈશ્વિકરણ એટલે વિશ્વની પ્રજાઓનું નજીક આવવું. પ્રજાઓ વચ્ચે ભૌગોલિક અંતર હોવા છતાં જ્ઞાન, અનુભવો, સંસ્કૃતિની તીવ્ર ગતિથી આદાન પ્રદાન અને એક એવા સમાજનું નિર્માણ. જે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક ક્ષેત્રે વિચાર-વિનિમય દ્વારા એક નવી જ સાંસ્કૃતિક અને સામાજિક તરાહનું નિર્માણ કરવા કટિબધ્ધ હોય.

- વૈશ્વિકરણ આર્થિક સુધારાનું એક મહત્ત્વનું ઘટક છે. વૈશ્વિકરણ એટલે દેશના અર્થતંત્રને, વિશ્વનાં અર્થતંત્રને, વિશ્વનાં અર્થતંત્રો સાથે વધુને વધુ પ્રમાણમાં સાંકળવાની પ્રક્રિયા.
- વૈશ્વિકીકરણ એટલે વિશ્વના દેશોનાં અર્થતંત્રોને પરસ્પર એવી રીતે સાંકળવાં કે જેથી આખું વિશ્વ એક સુગ્રથિત બજાર બની જાય. જેમાં ચીજવસ્તુઓ, સેવાઓ અને સાધનો મુક્ત રીતે ગતિશીલ બની જાય.
- ટૂંકમાં વૈશ્વિકીરણ એક એવી પ્રક્રિયા છે કે સ્પર્ધાત્મક વાતાવરણનું સર્જન કરી ઉત્પાદન કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે છે તથા સાધનોની યોગ્ય ફાળવણી કરે છે.
- કેટલાંક અન્ય વિચારકો એ વૈશ્વિકરણને વિવિધ દ્રષ્ટિબિંદુથી વિશ્વલેષણ કરી તેની હરીફાઈ પ્રત્યેની, પ્રતિબધ્ધતા તથા નાણાં બજારનું વૈશ્વિકરણ તેમજ શાસનના નિયમોમાં સરકારની ઘટતી જતી ભૂમિકા વગેરે બાબતોનો સમાવેશ કર્યો છે. વળી એક બીજા મત મુજબ વિકાસમાન રાષ્ટ્રો માટે વૈશ્વિકરણ એક એવી પ્રક્રિયા છે કે જે અન્વયે આ રાષ્ટ્રોમાં પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણમાં વધારો થાય.
- ભારતના સંદર્ભમાં વિચારીએ તો વૈશ્વિકરણ એટલે કે.....

(1) દેશના વિવિધ આર્થિક ક્ષેત્રોમાં વિદેશી કંપનીઓને સવલતો આપી પ્રયત્ક્ષ મૂડી રોકાણ માટે અર્થતંત્રને ખુલ્લું કરવું.

(2) બહુ રાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં પ્રવેશ માટેના અવરોધો અને અંતરાયો દૂર કરવાં.

(3) ભારતીય કંપનીઓએ વિદેશી કંપનીઓના સહયોગથી છૂટ આપવી અને દેશ-વિદેશમાં સંયુક્ત સાહસોની સ્થાપના માટે પ્રોત્સાહન આપવું.

(4) આયાત ઉદારીકરણનો કાર્યક્રમ મોટા પાયા પર અપનાવીને આયાતો પરના પારિમાણિક નિયંત્રણો દૂર કરી આયાત જકાતના દરમાં નોંધપાત્ર ઘટાડો કરવો.

(5) વિવિધ પ્રકારના નિકાસ પ્રોત્સાહનોનો બદલે વિનિમય દરમાં સમાયોજન કરી નિકાસોનો ઉત્તેજન આપવું.

- વૈશ્વિકરણ શબ્દનો અર્થ થાય છે સ્થાનિક અથવા પ્રાદેશિક સંજોગો, વસ્તુઓનું વૈશ્વિક સ્તરે રૂપાંતર થવાની પ્રક્રિયા,સમગ્ર વિશ્વના લોકોનો એક સમાજ બને અને તેઓ એક સાથે કામ કરે, તેવા સંજોગોનું સર્જન કરતી પ્રક્રિયા તરીકે તેને ઓળખાવી શકાય.

- આ પ્રક્રિયા આર્થિક, તકનિકી, સામાજિક-સાંસ્કૃતિક અને રાજકીય પરિબળોનું સંયોજન છે. સામાન્ય રીતે આર્થિક વૈશ્વિકરણના સંદર્ભ માટે વૈશ્વિકરણ શબ્દનો ઉપયોગ થાય છે.
- આર્થિક વૈશ્વિકરણએ વ્યાપાર, સીધી વિદેશી મૂડી રોકાણ, મૂડીના પ્રવાહ, સ્થાળાંતર અને તકનિકતા ફેલાવા દ્વારા રાષ્ટ્રીય અર્થતંત્રનું આંતર રાષ્ટ્રીય અર્થતંત્ર સાથે થતું એકીકરણ છે.
- વૈશ્વિકરણ એ સદીઓ લાંબી પ્રક્રિયા તરીકે જોવા મળે છે. વૈશ્વિકરણના પ્રારંભિક સ્વરૂપો રોમન સામ્રાજ્ય, પાર્થિઅસ સામ્રાજ્ય અને હાન રાજવંશના સમયમાં અસ્તિત્વ ધરાવતા હતાં. ચીનમાં સિલ્ક રોડ શરૂ થયો ત્યારે તે પાર્થિઅન સામ્રાજ્યના સીમાડા સુધી પહોંચ્યો અને રોમન સામ્રાજ્ય તરફ પ્રગતિ કરી અને 17મી સદીમાં વૈશ્વિકરણ વ્યાપારી પ્રવૃત્તિઓનો ભાગ બન્યું અને પદેથી બહુ રાષ્ટ્રીય કોર્પોરેશન તરીકે ઓળખાતી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ. આ સાથે જ ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને પોર્ટુગીઝ ઈસ્ટ ઈન્ડિયા કંપની પણ અસ્તિત્વમાં આવી. જંગી રોકાણ, વિશાળ નાણાંકીય જરૂરિયાતો અને આંતર રાષ્ટ્રીય વ્યાપાર સાથે સંકળાયેલાં જોખમોના કારણે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સૌ પ્રથમ વખત સંયુક્ત વહેંચણી કરવામાં આવી, જે વૈશ્વિકરણનું મહત્ત્વનું પરિબળ છે.
- બ્રિટિશ સામ્રાજ્યએ પોતાના કામ કદ અને શક્તિ વડે વૈશ્વિકરણની પ્રાપ્તિ કરી. પરંતુ આ સમય દરમિયાન બ્રિટનના લોકોએ બ્રિટિશ સંસ્કૃતિ અને આદર્શોને વૈશ્વિકરણની વ્યાપારી પ્રવૃત્તિ દ્વારા, અન્ય રાષ્ટ્રો પર બળજબરીથી થોપવામાં આવી જેની વૈશ્વિકરણ વિદેશ વ્યાપાર ઉપર માઠી અસર થઈ.
- આમ, વૈશ્વિકરણએ નવી ઘટના નથી, પરંતુ ભારતના અને વિશ્વના અર્થશાસ્ત્રીઓ ઈ.સ. 1980ના દશકાથી તેનો ઉપયોગ કરે છે. જોકે ઈ.સ. 1980ના દશકાના પાછલા વર્ષો અને ઈ.સ. 1990ના દશકા સુધી આ વિચાર લોકપ્રિય બન્યો ન હોતો.
- ઈ.સ. 1990 બાદ વૈશ્વિક સ્તરે ઝડપી આર્થિક વિકાસ સિધ્ધ કરવા માટે ભારત અને અન્ય દેશના અર્થશાસ્ત્રીઓ દ્વારા મુકત વ્યાપારની હિમાયત કરવામાં આવી હતી.
- આમ, આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં લાંબા સમય પહેલાં અર્થશાસ્ત્રી રિકાડોએ વેપારનો તુલનાત્મક ખર્ચનો સિધ્ધાંત રજૂ કર્યો હતો અને ત્યારબાદ સ્વીડીશ અર્થશાસ્ત્રી હેકશ્ચચ અને ઓહલીનેપ વેપારથી ખર્ચ લાભ કે ગેરલાભ શા માટે ઉદ્ભવે છે તે અંગે સમજૂતી પૂરી પાડી. આ સૈધ્ધાંતિક સમજૂતીઓમાંથી એ બાબત ફળીભૂત થાય છે કે બહુરાષ્ટ્રીય મુકત વેપારનીતિ અપનાવવામાં આવે, તો વિશ્વને વિશેષ આર્થિક લાભ પ્રાપ્ત થતાં સુખાકારીમાં વધારો થઈ શકે. ખાસ કરીને વિકાસશીલ રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય વેપાર દ્વારા પોતાના આર્થિક વિકાસને વેગવાન બનાવી શકે છે, કારણકે તેઓને વિકાસ માટે જેટલી જરૂર નાણાંકીય સહાયની છે તેટલી જ જરૂર ટેકનિકલ અને અન્ય આયાતો તેમજ નિકાસી બજારોની છે. ભૂતકાળમાં આંતરરાષ્ટ્રીય વેપારમાં દેશ પોતપોતાની પધ્ધતિ કે શરતોને આધીન, આંતરરાષ્ટ્રીય વેપારમાં જોડાતો હતો. જો કે વિકસિત રાષ્ટ્રો કેટલાંક વેપારી અવરોધો ઊભા કરીને વિકાસ શીલ રાષ્ટ્રોના વેપારને અને વેપારથી પ્રાપ્ત થતાં લાભોમાં અડચણરૂપ બનતા હતાં.

  પરંતુ ઈ.સ. 1990ના દાયકાથી વિશ્વમાં આવેલ જબરદસ્ત આર્થિક પરિવર્તનો કે જે વૈશ્વિકરણના નામે ઓળખાય છે. તેમાં મુક્ત વેપાર અને ઉદારીકરણ મુખ્ય છે કે સંદર્ભ રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે વેપારી સંબંધો સ્થાપવા માટેની સીમારેખાનો લગભગ અંત આવ્યો અને ખાસ કરીને 1લી જાન્યુઆરી-1995ના રોજ ''વિશ્વ વેપાર સંગઠન''ની (World Trake Organization-WTO)સ્થાપના થતાં વિશ્વ વેપાર મુક્ત બન્લે છે.
- આમ, WTO(World Trake Organization) નાં કારણે લગભગ તમામ વિશ્વના રાષ્ટ્રોમાં વૈશ્વિકરણનું વલણ મજબૂત બન્યુ. તેના કારણે કેટલીક બહુ રાષ્ટ્રીય કંપનીઓએ તેઓનું

રૂપાંતર વૈશ્વિકરણના કોર્પોરેશન તરીકે કર્યું છે. ધંધાદારી પેઢીઓ પોતાની ઉત્પાદન અને માર્કેટિંગકર્તા તરીકેની તેઓની ભૂમિકા વિષે વિચારવાનું બંધ કરીને વૈશ્વિક ઉત્પાદક અને માર્કેટર તરીકે વિચારવાનું ચાલુ કર્યું. આ પ્રકારના ધંધાકીય એકમોના ટોચમાં સંચાલકો સમગ્ર વિશ્વકક્ષાની ઉત્પાદન સવલતો માર્કેટીંગ નીતિઓ, નાણાંકીય પ્રવાહો, તર્ક સંગત વ્યવસ્થાતંત્રો વિષેનું આયોજન કરતાં થયાં, તેથી મહાકાય કોર્પોરેશનના એક્ઝિક્યુટીવોને વિશ્વ કક્ષાની કામગીરી હાથ ધરવાની તાલીમ આપવામાં આવે છે અને સંચાલકીય કક્ષાના કર્મચારીઓની નિમણૂંક અનેક રાષ્ટ્રોમાંથી કરવામાં આવે છે.

## 7.3 વૈશ્વિકરણની વ્યાખ્યા :

- એન્થની ગિડન્સ વૈશ્વિકરણને સમજાવતાં જણાવે છે કે, અત્યારે સામાજિક, રાજનૈતિક અને આર્થિક સંબંધો એ છે કે જે રાષ્ટ્રીય સીમાઓને ઓળંગીને દેશોની વચ્ચે, તેમની સ્થિતિ અને ભાગ્યને નક્કી કરે છે. દુનિયાની આ વધતી પરસ્પરાવલંબિતાને વૈશ્વિકરણ કહી શકાય.

- **રોલેન્ડ રોબર્ટસન :**

  વૈશ્વિકરમને આધુનિકીકરણ અને અનુઆધુનિકીકરણનું અંગ માને છે, તેમના મતે વૈશ્વિકીકરણની પ્રક્રિયાને સાપેક્ષરૂપમાં એક અર્વાપન ઘટના તરીકે માને છે. વાસ્તવમાં તેઓ અનુમાન કરે છે કે આ એક પ્રક્રિયા આધુનિકીકરણ અને આધુનિકવાદ અને એજ રીતે આધુનિકીકરણ અને અનુઆધુનિકીકરણ સાથે જોડાયેલી છે. આ પ્રક્રિયા સમગ્ર દુનિયાને એક રચનાતંત્રના સ્તર પર સાકારરૂપે મૂકે છે.

- **બલદેવરાજ નાયક :**

  વૈશ્વિકરણની પ્રક્રિયાને બદલાતી જતી આર્થિક વ્યવસ્થાના રૂપમાં સમજાવી છે.

- **ટી.એમ. એરીકસન :**

  તેના પુસ્તક Small Places large issue (1995)માં વૈશ્વિકરણને એક નવા સંઘર્ષના રૂપમાં જુએ છે, તેઓ જણાવે છે કે એકતરફ વૈશ્વિકરણની પ્રક્રિયા થાય છે, જ્યારે બીજી તરફ સ્થાનિક પ્રક્રિયાઓ, આ બંને પ્રક્રિયાઓના આંતર સંબંધો જ વૈશ્વિકરણને બનાવે છે.

- **ગીડેન્સ :**

- ''વિભિન્ન લોકો અને દુનિયામાં વિભિન્ન ક્ષેત્રોની વચ્ચે વધતી જતી પારસ્પરિકતા જ વૈશ્વિકીકરણ છે. આ પારસ્પરિકતા સામાજિક અને આર્થિક સંબંધોમાં થાય છે. આમાં સમય અને સ્થાન મલી જાય છે.''

- **યોગેન્દરસિંઘ :**

  ''ભારતીય સમાજમાં 1990ના દાયકા પછી ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વૈશ્વિકીકરણને કારણે સામાજિક સ્તરીકરણનું સ્વરૂપ બદલાવું છે. સાથે સાથે સામાજિક પરિવર્તનની ગતિમાં બદલાવ આવ્યો છે. ઉપરાંત વસતી વિષયક પરિવર્તન અને નગરીકરણ તથા ઔદ્યોગિકરણની પ્રક્રિયા તીવ્ર બની છે.''

- **માઈકમ વોટર્સ :**

  '' વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે, જેમાં સામાજિક સાંસ્કૃતિક વ્યવસ્થા પર જે ભૌગોલિક દબાણ હોય છે તે પાછળ ફરી જાય છે અને લોકો પણ સમજે છે કે ભૌગોલિક સીમાઓ અર્થ વગરની કે બે મતલબ હોય છે.''

- **ચેન્ગ (2002)**

  ''નવા પડકારોને ઝીલવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે અપનાવવામાં આવતા સુધારાઓનો ખ્યાલ વૈશ્વિકીકરણને સૂચવે છે.''

- **હર્સ્ટ અનેપીટર : (1198)**

  ''દેશ દેશ વચ્ચે સીમાપારના સંબંધો થકી આર્થિક સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સ્થાનિક સ્તરે પણ પરિવર્તન લાવનારી પ્રક્રિયા એટલે વૈશ્વકીકરણ.''

- **ચેગ્ન અને ટાઉનસદ : (2000)**

  ''ઝડપી વૈજ્ઞાનિક વિકાસ, સામાજિક વિકાસની તીવ્ર માંગ, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્પર્ધાઓ વિશ્વમાં આવતાં નોંધપાત્ર પરિવર્તનો વૈશ્વિકીકરણ લાવે છે.''

- **સંકલિત : (ટનર)**

  '' પૃથ્વી પરના લોકોમાં વિભિન્ન અનુભવો અને વિકાસના હેતુઓના ફેલાવાની પ્રક્રિયા એટલે વૈશ્વિકીકરણ.''

- **મીડન્સ અને ડેવિડ : (1999)**

  ''ભૌગોલિક કે પ્રાદેશિક સીમાઓના બંધનોથી પર જેમાં વિશ્વવ્યાપી સામાજિક સંબંધોથી દૂર દૂરના પ્રદેશો એવી રીતે જોડાય, જેથી દૂર બનતા બનાવોની અસરથી, કોઈપણ અન્ય પ્રદેશની સ્થાનિક ઘટનાઓ અસર પામે, આ પ્રક્રિયાને વૈશ્વિકીકરણ કહેવાય.''

**B. વૈશ્વિકીકરણની સંકલ્પના :**

- કોઈપણ એક-બે ક્ષેત્રમાં મેળવેલી સિધ્ધિથી વૈશ્વિક સ્તરે વિસ્તરતા વિકાસને પહોંચી ન શકે, તે માટે તમામ ક્ષેત્રે આવેલાં પરિવર્તનો સાથે તાલ મિલાવતી વૈશ્વિકીકરણની પ્રક્રિયા જ ઉપાય છે. જેમાં વિકાસના હેતુસર દૂર દૂરના દેશો જોડાય છે, જ્યાં વિજ્ઞાન અને ટેકનોલોજીને સથવારે વૈશ્વિકીકરણને પ્રોત્સાહન મળે છે.
- આ વૈશ્વિકીકરણ કમ્પ્યુટર-ઈન્ટરનેટ-ઉપગ્રહની ટેકનોલોજીના પરિણામે અસરકારક બને છે, તેના લીધે આંતરરાષ્ટ્રીય સીમાઓના ભેદ તૂટે છે. આ મતો પ્રાદેશિકતાની સામે ઊભા થતાં, વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે વૈશ્વિકીકરણના ખ્યાલનો ઉદ્ભવ થયો છે, જેને એક રીતે વિચારીએ તો આંતર રાષ્ટ્રીય, જે સુધારાઓ વૈશ્વિકીકરણ સૂચવે તે અનુસાર, સ્થાનિક સ્તરે પણ પરિવર્તન લાવનારી પ્રક્રિયા, વૈશ્વિકીકરણ છે, જ્યાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોમાં તેને લીધે પરિવર્તન આવે છે. આ પ્રમાણે વૈશ્વિકીકરણનો ખ્યાલ જુદાં જુદાં ઘણાં ક્ષેત્રોમાં સમાયેલો છે. એ દૃષ્ટિએ તેની સંકલ્પના વ્યાપક છે.

## 7.4 વૈશ્વિકીકરણની લાક્ષણિકતાઓ :

- વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ જટિલ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અંતર્ગત આધુનિકીકરણ, ઔદ્યોગિકરણ અને મૂડીવાદનો સમાવેશ થાય છે. વૈશ્વિકિકરણને નીચે મુજબની લાક્ષણિકતાઓને આધારે સમજી શકાય.

**(1) બજારોનું પ્રભુત્વ :-**

- આજે વ્યાપાર-ધંધામાં બજારનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. આજે વૈશ્વિક સ્તરે અર્થવ્યવસ્થાનું એક જાળું બની ગયું છે, જેના પરિણામે વસ્તુઓના વપરાશની પધ્ધતિઓ સમગ્ર વિશ્વમાં લગભગ સમાન બની ગઈ છે. દા.ત. પીનો અને નુડલ્સ.

**(2) નવાં સામાજિક આંદોલનો :-**

- યોગેન્દ્રસિંહના મતે આજે ત્રીજા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વૈશ્વિકરણના પરિણામે જે પરિવર્તનો આવ્યાં છે, ઘણાં નવાં આંદોલનોને જન્મ આપ્યો છે, જેમ કે સ્ત્રીઓનાં આંદોલનો, પર્યાવરણ પ્રદૂષણ સંબંધી ચર્ચાઓ, માનવ અધિકારો અંગેના આંદોલનો વગેરે.

**(3) વિનિમયનું સાધન ચલણ :**

- આજે વૈશ્વિકરણનું મહત્ત્વ લક્ષણ વિનિમયના સાધન તરીકે, વસ્તુ વિનિમયને બદલે ચલણ થઈ ગયું છે.

  દા.ત. યુરોપના દેશો વચ્ચેનું 'યુરો' ચલણ એ તેનું ઉદાહરણ છે., અમેરિકન ડોલર.

**(4) સંસ્કૃતિનું સમન્વય :**

- વૈશ્વિકરણની પ્રક્રિયાના પરિણામે સંચાર વ્યવહાર પર્યટન, સ્થળાંતર, સંદેશાવ્યવહાર વગેરે જેવી પ્રક્રિયાઓ આજે એટલી ઝડપી બની ગઈ છે કે દુનિયાની સંસ્કૃતિઓ એકબીજાના સંપર્કમાં આવતાં એક બનતી જાય છે. એકબીજાંની સંસ્કૃતિનો સમન્વય થયો છે. એક બીજી સંસ્કૃતિઓ ખૂબજ નજીક આવી છે. લોકોમાં એકબીજી સંસ્કૃતિની અસર થઈ છે. દા.ત. પોપ-મ્યુઝિક, ભાંગડા, ફ્યુઝન વગેરે.

**(5) વૈશ્વિકરણ સંસ્કૃતિ :**

- કેટલાંક વિદ્વાનોના મંતવ્ય અનુસાર વૈશ્વિકરણની પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે વિશ્વમાં એક 'વિશ્વ સંસ્કૃતિ' ઉદ્‌ભવશે. જેમાં કુટુંબ, લગ્ન, મનોરંજન, કળા-સાહિત્ય જેવાં અનેક તત્ત્વોનો સમાવેશ થશે, પરંતુ તેની સામે એક બીજો વર્ગ વિરોધ પણ કરે છે કે વિશ્વમાં દરેક દેશને પોતાની એક નિશ્ચિત સીમા છે, જેની પોતાની સંસ્કૃતિ છે.

  જયાં સુધી સમગ્ર વિશ્વમાં કોઈ એક સરકાર ન બને ત્યાં સુધી વિશ્વ સંસ્કૃતિ બની ન શકે. આમ, આ એક ચર્ચાનો મુદ્દો બની ગયો છે. દા.ત. સમગ્ર વિશ્વમાં થતી વેલેન્ટાઈન ડે ની ઉજવણી.

**(6) નવીન શોધ અને પ્રસારણ સૂચવતી પ્રક્રિયા :**

આ પ્રક્રિયા દ્વારા નવા ઉદ્યોગો, નવા યંત્ર વિજ્ઞાન અને નવી શોધને પ્રોત્સાહન મળ્યું છે, તો સાથે દુનિયાભરમાં તેના પ્રસારણને ગતિ મળી છે. દા.ત. ઈન્ટરનેટ અને સેવા ઉદ્યોગ.

આમ, વૈશ્વિકરણની પ્રક્રિયાને બજારની ભૂમિકાને મહત્ત્વની બનાવી છે અને રાજ્ય એ ગૌણ બની ગયું છે. વૈશ્વિક સ્તર પર આ પ્રક્રિયાને આર્થિક વ્યવસ્થા, આધુનિકરણ, અનુઆધુનિકરણ રાજનૈતિક અને સાંસ્કૃતિક સંદર્ભ વિના સમજી ન શકાય.

**(7) નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવતી પ્રક્રિયા છે.**

- વૈશ્વિકીકરણની પ્રક્રિયાને લીધે દુનિયા માંથી ગરીબી નાબૂદ કરી શિક્ષણ, આરોગ્ય માટેનાં દબાણ ઊભા કર્યા છે. માહિતી અધિકારનો કાયદો, ફૂડ ફોર ઓસ જેવાં કાયદા બન્યા છે. ઉપરાંત પર્યાવરણના પરિવર્તનને લીધે આવતી કુદરતી આપત્તિમાંથી ઉગારવા અને મદદ કરવાની ભાવના જગાવે છે.

**(8) બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે :**

- વૈશ્વિકીકરણ આર્થિક, રાજનૈતિક, સામાજિક, સાંસ્કૃતિક જેવાં અનેક બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે. જો કે સમાજ શાસ્ત્રને વૈશ્વિકીકરણના માત્ર સામાજિક સાંસ્કૃતિક પાસાં અને પરિણામોના અભ્યાસમાં જ રસ છે.

**(9) જટિલ પ્રક્રિયા છે :**

- વૈશ્વિકીકરણ એ જટલિ પ્રક્રિયા એટલા માટે છે કે તેની સાથે ઉદારીકરણ અને ખાનગીકરણ ગાઢ રીતે સંકળાયેલ છે, તેથી પરસ્પર અસરો થતી હોવાથી તે જટિલ અને અઘરું બને છે બીજું વૈશ્વિકીકરણ કારણ અને પરિણામ બંને રીતે અસર કરે છે. આમ, તે ખૂબ જટિલ પ્રક્રિયા છે તેમ કહી શકાય.

  ટૂંકમાં વૈશ્વિકરણની પ્રક્રિયા એ વૈશ્વિક સ્તરે રાષ્ટ્ર રાજ્યને નિકટ લાવી, આધુનિકીરણ અને અનુઆધુનિકીકરણને વેગ આપી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય સંબંધ બાંધ્યો છે.

## 7.5 વૈશ્વિકીકરણ માટેનાં કારણભૂત પરિબળો

- વૈશ્વિકીકરણ માટેનાં કારણભૂત પરિબળો નીચે મુજબ છે :

(1) વિજ્ઞાન અને ટેકનોલોજીનો તીવ્ર ગતિથી વિકાસ

(2) માહિતી, ક્રાંતિકારી-વિચારો, જ્ઞાન અને અનુભવોનું વિવિધ પ્રત્યાયન માધ્યમો દ્વારા આદાન-પ્રદાન.

(3) ભૌગોલિક-રાજનૈતિક ક્ષેત્રે વિકાસ અને અર્થતંત્રના પ્રવાહો દ્વારા બજાર શક્તિ દ્વારા નિયમનની પ્રભાવશાળી વિચાર ધારાનાં પરિણામે વૈશ્વિકીકરણ થયું છે.

(4) વિશ્વની પ્રજાઓનું આર્થિક, સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પરસ્પરાવલંબન આજે કોઈપણ રાષ્ટ્ર વિશ્વધારાથી છૂટું પડીને વિશ્વના અન્ય દેશોથી કે રાષ્ટ્રો યા પ્રજાઓના સમૂહોથી, અલગ પડીને પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે તેમ નથી. વિશ્વના આર્થિક, સામાજિક, રાજનૈતિક પ્રશ્નો અને પડકારોના સામના માટે અન્ય પ્રજા સમૂહો કે રાષ્ટ્રો સાથે સહકારી સાધનો અનિવાર્ય છે.

(5) વિશ્વમાં પ્રસરી રહેલાં આતંકવાદ, ત્રાસવાદ, શસ્ત્રીકરણ વગેરેનો સામનો કરવા માટે વિશ્વના અન્ય દેશો સાથે માહિતી, ટેકનોલોજી અને જ્ઞાનનો વિનિમય કરવો પડશે.

(6) વિશ્વમાં તીવ્ર ગતિથી થઈ રહેલાં જ્ઞાન વિસ્ફોટ અને કૌશલ્યોનો ઉપયોગ પોતાના દેશના વિકાસમાં કરવો જરૂરી બન્યો છે.

**(1) આયાત પરવાના રદ :**

- વૈશ્વિકીકરણના લીધે આયાત પરવાના રદ કરવામાં આવ્યો છે. મૂડી સ્વરૂપની અને અર્ધ ઉત્પાદિત સ્વરૂપની વસ્તુઓ માટે આયાત પરવાના પધ્ધતિ દૂર કરવામાં આવી છે. અને 1993થી આવી વસ્તુઓની આયાતો ક્રમશઃ મુક્ત બનાવાઈ છે.

**(2) આયાત-જકાતનો ઘટાડો :**

- આર્થિક સુધારા પહેલાં ઊંચી જકાતો અને આયાત નિયંત્રણવાળી વેપારનીતિ અસ્તિત્વમાં હતી, પણ વૈશ્વિકીકરણ પછી તેમાં ઘણાં સુધારા થયાં છે. આયાત જકાતમાં ઘટાડો થયો છે.
- આમ છતાં આયાત જકાતો ઘટાડવામાં ઓછી પ્રગતિ સાધી શકાય છે.
- 1991-92ના વર્ષ દરમિયાન સરેરાશ 72.5% જેટલી ઊંચી જકાત થવા પામી હતી.
- ત્યાર પછીના ચાર વર્ષો દરમિયાન તે 5 % થી વધી 2002-03ના વર્ષોમાં 29% થવા પામી છે. ઉપરાંત ચીન, દક્ષિણ એશિયાના અન્ય વિકસિત દેશો કરતાં ભારતમાં જકાતના દર ઊંચા છે.

**(3) પરિવર્તનશીલ વિનિમય દર :**

- વૈશ્વિકીકરણની નીતિ દરમિયાન પરિવર્તનશીલ વિનિમય દરનો સ્વીકાર કરવામાં આવ્યો છે. રૂપિયાનું બાહ્ય વિનિમય મૂલ્ય, બજારમાં મુક્ત પરિબળો દ્વારા નક્કી થાય છે. પુરવઠાનાં પરિબળો પ્રમાણે રોજે રોજ નક્કી થાય છે. આમ, હૂંડિયામણનો દર મુક્ત થવાથી દેશની નિકાસોને પ્રોત્સાહન સાંપડયું છે.

**(4) નિકાસ પ્રોત્સાહન :**

- હૂંડિયામણનો દર મુક્ત થવાથી ભારતની ચીજ વસ્તુઓ અને સેવાઓની નિકાસોને પ્રોત્સાહન મળ્યું છે. જો કે હજુ વિશ્વની કુલ નિકાસોમાં આવી નિકાસોનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું નથી, તેમ છતાં નિકાસોમાં થયેલો વૈશ્વિકીકરણની દિશામાં, એક મહત્ત્વનું પગલું ગણાવી શકાય.
- ઉપરોક્ત પગલાં ઉપરાંત સરકારે બીજાં પણ કેટલાંક મહત્ત્વનાં પગલાં આ દિશામાં લીધાં છે. દાખલા તરીકે :

(1) વિદેશી કંપનીઓને તેમની વેપાર, વાણિજિયક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ માટે તેમના પોતાના ટ્રેડ માર્કને ભારતમાં ઉપયોગ કરવાની છૂટ આપી છે.

(2) વિદેશી કંપનીઓને તેમણે કરેલો નફો પોતાના દેશમાં મોકલવાની મંજૂરી અપાઈ છે.

(3) બેંકિંગ કંપનીઓને સિવાયની જે વિદેશી કંપનીઓ ઉછીના નાણાં લેવા (Borrow)માંગતી હોય તેમને માટે હવે રિઝર્વ બેંકની પરવાનગી લેવાની જરૂર નથી.

(4) વિદેશી કંપનીઓ હવે ભારતમાં સ્થાવર મિલકત અંગેનું કામકાજ કરી શકશે.

(5) બિન નિવાસી ભારતીયો વચ્ચે શેરની ફેરબદલી પરના નિયંત્રણો દૂર કરવામાં આવ્યાં છે.

(6) બિન નિવાસી ભારતીયો અને તેમની માલિકીના કોર્પોરેટ ગૃહોને ઉચ્ચ અગ્રિમતા ધરાવતાં ઉદ્યોગોમાં 100 ટકા ઈકવીટીનું રોકાણ કરવાની છૂટ આપવામાં આવી છે.

(7) એજ રીતે બિન નિવાસી ભારતીયોને નિકાસ ગૃહો, વેપાર ગૃહો, સ્ટાર ટ્રેડિંગ ગૃહો, હોસ્પિટલો, નિકાસલક્ષી એકમો, માંદા ઉદ્યોગો, હોટલો વગેરેમાં પણ 100 ટકા ઈકવીટીનું રોકાણ કરવાની મંજૂરી અપાઈ છે.

(8) પ્રતિષ્ઠિત વિદેશી સંસ્થાકીય રોકાણકારોને સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (Securities and Exchange Board of India SEBI)સાથે નોંધણી કરાવીને તથા રિઝર્વ બેંકની મંજૂરી મેળવીને ભારતના મૂડી બજારમાં રોકાણ કરવા માટેની છૂટ આપવામાં આવી છે.

(9) ટેલીકોમ ક્ષેત્ર,ફાર્મોક્ષેત્ર, હવાઈબંદરો, હોટલ અને પ્રવાસન ઉદ્યોગ, શહેરી વિકાસ, કુરિયર સેવાઓ ઝડપી વાહન વ્યવસ્થા (Mass Rapid transportation system MRTS)વગેરેમાં પણ 100 ટકા પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણને મંજુરી આપવામાં આવી છે.

## 7.6 વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પર અસરો-અમલીકરણ :

- ભારતમાં વૈશ્વિકીકરણની નીતિના અમલના ચાર દાયકા પૂરા થયાં છે. આ સમય ગાળામાં તેનો અમલ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવ્યો છે. વૈશ્વિકીકરણની નીતિનો ભારતીય અર્થતંત્ર પર કેવો અને કેટલો પ્રભાવ પાડ્યો છે તે નીચેની બાબતોથી સ્પષ્ટ થાય છે.

(1) આયાત-પરવાના રદ કરવામાં આવ્યાં, તેથી નિકાસની તુલનાએ આયાત વધુ ઝડપથી વધી છે.

(2) આયાત-જકાતોના ઘટાડાની પ્રક્રિયામાં ઓછી પ્રગતિ સાધી શકાય છે. અન્ય વિકસતા દેશો કરતાં ભારતમાં જકાતના દરો ઊંચા છે. ચીન અને દક્ષિણ એશિયાના જકાત દરો ભારતના જકાતદરો કરતાં લગભગ અર્ધા છે.

(3) હુંડિયામણને દર મુક્ત થવાથી ભારતની ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસોને પ્રોત્સાહન મળ્યું છે. જો કે હજુ વિશ્વની કુલ નિકાસોમાં આવી નિકાસોનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.

(4) વૈશ્વિકીકરણનો લાભ મહદ્અંશે ઉદ્યોગો અને શહેરી વિસ્તારોને મળ્યો, તેથી ગ્રામ વિસ્તારો લાભથી વંચિત રહ્યાં. આથી આવક અને સંપતિની વહેંચણી વધુ અસમાન બની છે.

(5) દેશમાં ખેતીક્ષેત્ર અને સામાજિક સેવાઓનાં ક્ષેત્રોમાં રોજગારીનું પ્રમાણ તુલનાત્મક રીતે ઘટવા પામ્યું છે.

(6) રૂપિયાનું બાહ્ય વિનિયમ મૂલ્ય મોટે ભાગે બજારનાં પરિબળો દ્વારા નક્કી થાય છે. હુંડિયામણનો દર વિદેશી ચલણની માંગ અને પરવઠાનાં પરિબળો મુજબ રોજે રોજ નક્કી થાય છે. જો કે જરૂર પડે ત્યારે રિઝર્વ બેંક હસ્તક્ષેપ કરે છે.

(7) મૂડી માલ અને અર્ધ ઉત્પાદિત વસ્તુઓની આયાતો ઈ.સ. 1993થી ક્રમશઃ મુક્ત બની છે.

(8) દેશમાં ખેતીક્ષેત્ર અને સામાજિક સેવાઓનાં ક્ષેત્રોમાં રોજગારીનું પ્રમાણ તુલનાત્મક રીતે ઘટયું છે.

આમ ઉપરની ચર્ચા પરથી ફલિત થાય છે કે ભારતને વૈશ્વિકીકરણની નીતિના જે લાભોની અપેક્ષા હતી તે બધાજ લાભો વાસ્તવમાં પ્રાપ્ત થયાં નથી. આ માટે અમુક અંશે વિકસિત દેશોની આર્થિક નીતિઓને પણ જવાબદાર ગણી શકાય.

**(1) બાહ્ય ક્ષેત્ર પરની અસરો :**

- આમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) હૂંડિયામણની અનામતોમાં થયેલો ઘટાડો

(2) નકાસોમાં વધારો

(3) લેણદેણની તુલનાની ચાલુ ખાતાની ખાદ્યમાં ઘટાડો

(4) વિનિમય દરમાં એકંદરે સ્થિરતા

(5) આંતરરાષ્ટ્રીય વિશ્વાસનું પુનઃ સંપાદન

**(2) આંતરિક અસરો :**

(1) રોજગારીમાં ઘટાડો

(2) આર્થિક અસમાનતામાં વધારો

(3) અસમાન હરીફાઈ

(4) વિવિધ ક્ષેત્રોમાં સર્જાયેલી અનિશ્ચિતતાઓ

(5) વૈશ્વિકીકરણ માટે સજ્જતાની સમસ્યા

(6) વેપારતુલામાં અસંતુલન

(7) સ્થાનિક કંપનીઓનું થતું હસ્તગત

(8) વૈશ્વિકરણ શ્રીમંતોની વધુ તરફેણ કરે છે.

(9) બુદ્ધિધનનું બહિર્ગમન

(10) વિદેશી મૂડી રોકાણોએ આપણા શેર બજાર પર જમાવેલી પકડ.

## 7.7 વૈશ્વિકીકરણની ભલામણો (Recomendation) :

(1) વૈશ્વિકીકરણની અન્ય રાષ્ટ્રો કે દેશોની પ્રજાનાં જ્ઞાન, કૌશલ્યોનો લાભ મળે છે. માહિતી ટેકનોલોજીનું આદાન પ્રદાન શક્ય બને છે.

(2) આંતરરાષ્ટ્રીય એકતા સ્થાપવામાં વૈશ્વિકીકરણ મદદરૂપ થશે.

(3) ઔદ્યોગિક ક્ષેત્રે નવાં નવાં ઉદ્યોગો સ્થપાશે.

(4) વૈશ્વિકીકરણથી સામાજિક અને સાંસ્કૃતિક આદાન પ્રદાન વધશે. સમાજ પર અન્ય સંસ્કૃતિઓની વિચારસરણી, રહેણીકરણી, માન્યતાઓ, રીતરિવાજો વગેરેની અસર પડશે.

(5) વૈશ્વિકીકરણ, જેના લીધે વિશ્વની પ્રજાઓ વચ્ચેનું અંતર ઘટી જશે.

(6) વૈશ્વિકીકરણને લીધે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે થતાં વિવિધ સંશોધનનો લાભ મળશે.

(7) વૈશ્વિકીકરણને લીધે જ્ઞાનનું અને કૌશલ્યનું નવીનીકરણ થશે. વિવિધ દેશોની પ્રજાઓ આધુનિક જ્ઞાન, માહિતી અને કૌશલ્યોનો લાભ મેળવી શકશે.

(8) વૈશ્વિકીકરણને લીધે વિવિધ દેશો સાથે આર્થિક અને રાજનૈતિક તેમજ સામાજિક અને સાંસ્કૃતિક સહકાર વધશે.

(9) વૈશ્વિકીકરણથી સમાજમાં સર્વધર્મ સમભાવ, સહકાર, માનવ અધિકાર સહાનુભૂતિ વગેરે પ્રત્યે લોકોની જાગૃતિ વધશે.

(10) વૈશ્વિકીકરણથી વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ શક્ય બનશે. વૈશ્વિકીકરણની અસરોથી વ્યક્તિ જ્ઞાન સમૃધ્ધ બનશે, તેમજ આધુનિક માહિતી ધરાવરો હશે. અન્ય વ્યક્તિઓના સંપર્કમાં આવશે.

(11) વૈશ્વિકીકરણની માહિતી દ્વારા અને પ્રત્યાયન સરળ બનશે. એક સારા સમાજનું નિર્માણ થઈ શકશે.

(12) વૈશ્વિકીકરણને લીધે નવાં સંશોધનો અને નવીનીકરણના પ્રયોગોને આવકારવાં પડશે.

(13) વૈશ્વિકીકરણથી શિક્ષણ પધ્ધતિઓ અને શિક્ષકની કાર્યપધ્ધતિમાં અને જ્ઞાનમાં પરિવર્તનોને અવકાશ છે.

(14) વૈશ્વિકીકરણને લીધે શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન લાવવું પડશે. શિક્ષણમાં ક્રાંતિનો ઉદ્‌ભવ થશે અને પ્રત્યાયનનાં સાધનોનો ઉપયોગ કરી અભ્યાસક્રમ અને વિષયવસ્તુમાં પરિવર્તન કરવું પડશે.

(15) વૈશ્વિકીકરણથી પર્યાવરણની સમસ્યાઓ હલ કરવામાં મદદરૂપ થશે.

(16) વૈશ્વિકીકરણને કારણે કાર્ય પધ્ધતિમાં પણ પરિવર્તન થશે જેના વધારે પ્રમાણે જૂથભવન, ટેકનોલોજીનો ઉપયોગ થતો હશે.

(17) વૈશ્વિકીકરણથી વિજ્ઞાન અને ટેકનોલોજીના અભ્યાસક્રમો દાખલ કરવાં ના થશે.

- આમ છતાં ભારતીય શાશ્વત મૂલ્યો જળવાઈ રહે અને ભારતની સામાજિક અને રાષ્ટ્રીય એકતા અખંડિતતાનું સંવર્ધન થાય તે રીતે વૈશ્વિકીકરણના પ્રવાહોને વિવેક બુધ્ધિથી ભારતીય સમાજમાં આત્મસાત્ કરવાના રહેશે.

## 7.8 વૈશ્વિકીકરણની જરૂરિયાત :

- વૈશ્વિકીકરણ વિવિધ સ્તરે અપનાવાઈ રહ્યું છે. તેથી દરેક દેશે વૈશ્વિકીકરણનો સ્વીકાર કરવો જરૂરી છે. વિશ્વમાંનો દરેક દેશ વિકાસ ઈચ્છે છે. તેથી વૈશ્વિકીકરણની જરૂરિયાત છે. જે નીચે મુજબ છે.

**(1) અનુભવોની આપ-લે કરવા :**

- વિશ્વમાં દરેક દેશ વિકાસ ઈચ્છે છે, તે માટે એકબીજાં દેશ અનુભવોની આપ-લે માટે તૈયાર રહેશે. એક દેશના અનુભવનો બીજાં દેશને લાભ મળે તે જરૂરી છે. દરેક દેશને પોતાના દેશનો વિકાસ કરવો જરૂરી છે.

**(2) ચીજ વસ્તુઓના આદાન-પ્રદાન કરવાં :**

ઉપયોગી ચીજવસ્તુઓની એકબીજાં દેશો આદાન પ્રદાન કરો. દરેક દેશે પોતાની જરૂરિયાતની વસ્તુઓ મેળવશે. દરેક દેશ જરૂરિયાતની વસ્તુ પોતાના દેશમાં બનાવી શકતો નથી, તેથી બીજા દેશ પર આધાર રાખવો પડે છે. જરૂરિયાતની વસ્તુઓ મેળવવા માટે વૈશ્વિકીકરણની જરૂરિયાત છે.

**(3) સામાજિક વિકાસ કરવા :**

- પ્રત્યેક દેશે માટે સામાજિક વિકાસ જરૂરી છે. સામાજિક વિકાસ થવાથી પાયાની સંસ્કૃતિમાં પરિવર્તન આવવાનું છે. સામાજિક વિકાસ થવાથી રહેણીકરણીમાં, પહેરવેશમાં પરિવર્તન આપવાનું છે. વૈશ્વિકીકરણને લીધે સામાજિક વિકાસ શક્ય બનશે.

**(4) નવા પડકારો ઝીલા :**

- રાષ્ટ્ર માટે નાવા પડકારો ઊભાથાય તેને પડકારવા અને ઝીલવા તેમજ તેને સમજવા માટે વૈશ્વિકીકરણ કરવું જરૂરી છે. વૈશ્વિકીકરણથી દેશ સામે જે પડકારો ઊભા થાય તે પડકારો

ઝીલવા એક દેશ બીજા દેશને મદદરૂપ થાય. દા.ત. વધુ ઉત્પાદન કરવા યંત્રની જરૂર હોયતો અન્ય દેશમાંથી મંગાવી શકાય છે.

**(5) આર્થિક વિકાસ કરવાં :**

- દરેક દેશે માટે આર્થિક વિકાસ જરૂરી છે. દેશમાં વધુ ઉત્પાદન કરીને આર્થિક વિકાસ કરી શકાય છે. વધુ ઉત્પાદન કરી, વધારાનો માલ અન્ય દેશમાં નિકાસ કરી શકાય છે.

**(6) શૈક્ષણિક વિકાસ કરવા :**

- દરેક રાષ્ટ્ર માટે શૈક્ષણિક વિકાસ જરૂરી છે. અભ્યાસને લગતી સગવડ પોતાના દેશમાં ન હોય તો અન્ય દેશમાં વધુ અભ્યાસ માટે જઈ શકાય છે. આ બાબત વૈશ્વિકીકરણથી શક્ય બને છે. એકબીજાં દેશમાં શિક્ષણનું આદાન-પ્રદાન કરી શકાય છે. જે વૈશ્વિકીકરણથી શક્ય બને છે.

**(7) સાંસ્કૃતિક વિકાસ કરવાં :**

- સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસ કરવા કે પરિવર્તન લાવવા માટે વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં જોડાવું પડે છે. જેના પરીનમે દેશની સંસ્કૃતિનો ફેલાવો થાય છે. દા.ત. કમ્પ્યુટર, મોબાઈલ વગેરેની શોધને કારણે એકબીજાં દેશને તેનો લાભ મળે છે. મોબાઈલ ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે, તેનો લાભ ભારતને મળે છે.

## 7.9 સારાંશ :

- વૈશ્વિકીકરણ એટલે વિશ્વના દેશોનાં અર્થતંત્રો, પરસ્પર એવી રીતે સાંકળવાં કે જેથી આખું વિશ્વ એક સુગ્રથિત બજાર બની જાય, જેમાં ચીજવસ્તુઓ, સેવાઓ અને સાધનો મુક્ત રીતે ગતિશીલ બની જાય.
- ''પૃથ્વી પરના લોકોમાં, વિભિન્ન અનુભવો અને વિકાસના હેતુઓને ફેલાવાની પ્રક્રિયા એટલે વૈશ્વિકીકરણ.''
- **ભારતમા વૈશ્વિકીકરણ કરવા માટે લેવાયેલ પગલાં :**

  (1) આયાત પરવાના રદ

  (2) આયાત-જકાતમાં ઘટાડો

  (3) પરિવર્તનશીલ વિનિમય દર

  (4) નિકાસ પ્રોત્સાહન
- **વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પર અસરો :**

  (1) બાહ્યક્ષેત્ર પરની અસરો

  (2) હૂંડિયામણની અનામતોમાં થયેલો ઘટાડો

  (3) નિકાસોમાં વધારો

  (4) લેણદેણની તુલનાથી ચાલુ ખાતાની ખાદ્યમાં ઘટાડો

  (5) વિનિમય દરમાં એકંદરે સ્થિરતા

  (6) આંતરરાષ્ટ્રીય વિશ્વાસનું પુનઃસંપાદન

**(2) આંતરિક અસરો :**

(1) રોજગારીમાં ઘટાડો

(2) આર્થિક અસમાનતામાં વધારો

(3) અસમાન હરીફાઈ

(4) વિવિધ ક્ષેત્રોમાં સર્જાયેલી અનિશ્ચિતતાઓ

(5) વૈશ્વિકીકરણ માટે સજ્જતાની સમસ્યા

(6) વેપારતુલામાં અસંતુલન

(7) સ્થાનિક કંપનીઓનું થતું હસ્તગત

(8) વૈશ્વિકીકરણ શ્રીમંતોની વધુ તરફેણ કરે છે.

(9) બુધ્ધિધનનું બર્હિગમન

(10) વિદેશી મૂડી રોકાણોએ આપણા શેર બજાર પર જમાવેલી પકડ

## 7.10 એકમ સ્વાધ્યાય :

(1) વૈશ્વિકીકરણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) વૈશ્વિકીકરણ કરવા માટેના કારણભૂત પરિબળો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) વૈશ્વિકીરણના લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) ભારતમાં વૈશ્વિકીકરણ માટે લેવાયેલાં પગલાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પર અસરો  જણાવો.

..................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) વૈશ્વિકીકરણની ભલામણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(7) વૈશ્વિકીકરણની જરૂરિયાત જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 7.11 તમારી પ્રગતિ ચકાસો :

(1) વૈશ્વિકીકરણ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) વૈશ્વિકીકરણની વ્યાખ્યા

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) વૈશ્વિકીકરણની લાક્ષણકિતાઓ :

.................................................................

.................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(4) વૈશ્વિકીકરણની જરૂરિયાત

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

**બહુવિકલ્પો પ્રશ્નો**

- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સામાજિકીકરણની પ્રક્રિયામાં નીચેનામાંથી કયું લક્ષણ જોવા મળે છે ?

(1) સતત પ્રક્રિયા (2) અપાનુકૂલનની પ્રક્રિયા

(3) ટૂંકાગાળાની પ્રક્રિયા (4) મૌનની પ્રક્રિયા

(2) બાળકના સામાજિકીકરમને અસર કરતું ક્યું પરિબળ છે ?

(1) કુટુંબ (2) સગાંવહાલું

(3) ધર્મ (4) ભાષા

(3) શાળા સામાજિકીકરણ માટે કેવી સંસ્થા છે ?

(1) ઔપચારિક વ્યવસ્થા (2) અનોપચારિક વ્યવસ્થા

(3) ટૂંકાગાળાની સંસ્થા (4) લાંબાગાળાની સંસ્થા

(4) બાળકના સામાજિકીકરણને અસર કરતાં પરિબળોમાં ક્યું પરિબળ નથી ?

(1) ઘર (2) મિત્ર વર્તુળ

(3) શાળા (4) સગાસંબંધી

(5) માનવસંબંધોની વિકસતી પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(1) સામાજિકરણ (2) વાતાવરણ

(3) મૂલ્યો (4) સમાજ

## 7.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) વૈશ્વિકીકરણ એટલે શું ?

વૈશ્વિકીકરણ એટલે વિશ્વની પ્રજાઓનું નજીક આવવું

(2) વૈશ્વિકીકરણની વ્યાખ્યા :

''નવા પડકારોને ઝીલવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે અપનાવવામાં આવતાં સુધારાઓનો ખ્યાલ વૈશ્વિકીકરણને સૂચવે છે.''

**(3) વૈશ્વિકીકરણની લાક્ષણિકતાઓ :**

(1) બજારોનું પ્રભુત્વ

(2) નવાં સામાજિક આંદોલનો

(3) વિનિમયનું સાધન ચલણ

(4) સંસ્કૃતિનું સમન્વય

(5) વૈશ્વિક સંસ્કૃતિ

(6) નવશોધ અને પ્રસરણ સૂચવતી પ્રક્રિયા

(7) નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવતી પ્રક્રિયા છે.

(8) બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે.

(9) જટિલ પ્રક્રિયા છે.

**(4) વૈશ્વિકીકરણની જરૂરિયાત**

(1) અનુભવની આપલે કરવા

(2) ચીજવસ્તુઓમાં આદાન-પ્રદાન માટે

(3) સામાજિક વિકાસ કરવા

(4) નવાં પડકારો ઝીલવા

(5) આર્થિક વિકાસ માટે

(6) શૈક્ષણિક વિકાસ માટે

(7) સાંસ્કૃતિક વિકાસ કરવો

(8) શોધની જાણકારી પ્રાપ્ત કરવી

**બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો**

(1) સતત પ્રક્રિયા

(2) કુટુંબ

(3) ઔપચારિક વ્યવસ્થા

(4) સગાંસંબંધી

(5) કુટુંબ

(6) ટેલિવિઝન

(7) સામાજિકીકરણ

## 7.13 સૂચિત વાંચન સામગ્રી :

(1) રાવલ નટુભાઈ પી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ

(2) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ પ્રતીક પ્રકાશન આણંદ

# એકમ 8

# શિક્ષણમાં વૈશ્વિકીકરણ

## : રૂપરેખા :

**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.2** શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ

**8.3** શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત

**8.4** શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેના સૂચનો

**8.5** શિક્ષણમાં વૈશ્વિકીકરણ લાવવાની તરકીબો

**8.6** શિક્ષણમાં વૈશ્વિકીકરણના ફલિતાર્થો

**8.7** વૈશ્વિકીકરણ, સ્થાનીયકરણ અને વૈયકીતકરણ

**8.8** સારાંશ

**8.9** એકમ સ્વાધ્યાય

**8.10** તમારી પ્રગતિ ચકાસો

**8.11** તમારી પ્રગતિ ચકાસોનો ઉત્તરો

**8.12** સૂચિત વાંચન સામગ્રી

### 8.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે.....

(1) શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ સમજી શકશો.

(2) શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત સમજી શકશો.

(3) શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેના સૂચનોની ચર્ચા કરી શકશો.

(4) શિક્ષણમાં વૈશ્વિકીકરણ લાવવાની તરકીબો વર્ણવી શકશો.

(5) વૈશ્વિકીકરણ સ્થાનીય કરણ અને વ્યક્તિકરણ સમજી શકશો.

### 8.1 પ્રસ્તાવના :

વિજ્ઞાન એ ટેકનોલોજી ક્ષેત્રે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. વર્ગની ચાર દિવાલોમાં જ શિક્ષણ આપી શકાય તેમ નથી. આજે ગ્લોબલ વર્ગખંડો અસ્તિત્વમાં આવ્યાં છે. આજે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વર્ગખંડમાં આખી દુનિયાને ટેલિવિઝન પર જોઈ શકાય છે. આખા દેશનાં સમાચારની માહિતી જાણી શકાય છે. કોઈ દેશમાં શું બની રહ્યું છે તેની જાણ તરત જ અન્ય દેશમાં જાણ થઈ જાય છે.

અમેરિકાના સમાચાર ટેલિવિઝન પર જોઈ શકાય છે. ભારતના સમાચાર અમેરિકાના લોકો ટેલિવિઝન પર જોઈ શકે છે. આને શિક્ષણમાં વૈશ્વિકીકરણ જ કહીશું. વૈશ્વિકીકરણને લીધે શિક્ષણમાં પણ ઘણાં ક્રાંતિકારી પરિવર્તનો આવ્યાં છે. શિક્ષણમાં ઝડપી પરિવર્તન લાવવા માટે વૈશ્વિકીકરણ કરવું જરૂરી છે.

### 8.2 શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ :

- કમ્પ્યુટરના કારણે ઈન્ટરનેટ અને ઉપગ્રહના પરિણામે અન્ય ક્ષેત્રોમાં પરિવર્તનો આવ્યાં છે.

શિક્ષણમાંના કોઈ એક બે ક્ષેત્રનાં જ્ઞાનની વૈશ્વિક સ્તરે વિસ્તરતા જ્ઞાનના વિસ્ફોટને પહોંચી ન શકાય. આ સંદર્ભમાં જ્ઞાન એટલું બધું વિસ્તાર પામેલ છે કે સામાન્ય બુદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓ તેને સમજી શકે નહીં. બુધ્ધિના ક્ષેત્રે ખાસ પ્રકારની બુધ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓ તૈયાર કરવા પડે.

- એક જ વિદ્યાર્થી એકાદ-બે મર્યાદિત ક્ષેત્રે ઉચ્ચ બુધ્ધિ ધરાવતો હશે તે હવે ચાલશે નહીં, તેથી દરેક વિદ્યાર્થી વિવિધ ક્ષેત્રો વિશેની જાણકારી ધરાવતો હોવો જોઈએ. દા.ત. ટેકનોલોજીકલ, આર્થિક, સામાજિક, રાજકીય સાંસ્કૃતિક વગેરે.
- આમ વિશ્વના બૌધ્ધિક સ્તરે તેને મૂકવા માટે સ્થાનિક નહીં, પરંતુ શિક્ષણના વૈશ્વિક પ્રવાહો અપનાવવાનો ખ્યાલ છે. રાષ્ટ્રના નાગરિકોમાં ઉચ્ચ પ્રકારની બૌધ્ધિક ક્ષમતા વિકસાવવા માટે પ્રાદેશિક સીમાઓ છોડીને વૈશ્વિક સ્તરે પ્રવર્તતા શિક્ષણના પ્રવાહો અપનાવવા વૈશ્વિકીકરણ જરૂરી છે. એકબીજાં દેશમાં ચાલતા શિક્ષણનો ખ્યાલ દરેક દેશનાં વિદ્યાર્થીઓને હોવો જોઈએ. ભારતનો વિદ્યાર્થી અમેરિકામાં શિક્ષણ મેળવી શકે, તેમ જ ત્યાં નોકરી પણ કરી શકે તે જરૂરી છે. આ માટે શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ જરૂરી છે.

## 8.3 શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત :

શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**(1) બહુમુખી યુવાધન તૈયાર કરવા :**

- નવી પેઢીમાં બહુમુખી બુધ્ધિ પ્રતિભા ધરાવનાર યુવાધન તૈયાર કરવું હશે તો શિક્ષણના વિશ્વ વ્યાપી પ્રવાહો નો આવિષ્કાર કરવો પડે, તે માટે સંકુચિત પ્રવાહોને છોડીને વૈશ્વિકીકરણમાં જોડાવું જરૂરી છે.

**(2) સર્જનાત્મક વિકાસ કરવા :**

- બૌધ્ધિકની સાથે એવા વિદ્યાર્થીઓ, જેઓ પાસે માત્ર વ્યાવસાયિક કૌશલ્યો જ નહીં, પરંતુ ઉચ્ચ સ્તરીય અને સર્જનાત્મક વિકાસ સાધી શકે તેવું જ્ઞાન જરૂરી છે. આ માટે સ્થાનિક નહીં, શિક્ષણનું વૈશ્વિકીકરણ જરૂરી છે.

**(3) વિવિધ કક્ષાનું જ્ઞાન આપવા :**

- વર્તમાન યુવાધને મર્યાદિત જ્ઞાનને બદલે વિશ્વ સ્તરે વિવિધ પ્રકારનું જ્ઞાન આપવા વૈશ્વિકીકરણ શિક્ષણમાં કરવું જરૂરી છે.

  દા.ત. યાંત્રિક જ્ઞાન, આર્થિક જ્ઞાન, સામાજિક જ્ઞાન, સાંસ્કૃતિક જ્ઞાન, રાજકીય જ્ઞાન વગેરેનો વિકાસ થાય તેવા હેતુસર શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત છે.

**(4) સામાજિક માળખામાં અનુકૂલન સાધવા :**

- વિશ્વમાં નવાં સામાજિક માળખામાં અનુકૂલન સાધવા માટે શિક્ષણ ક્ષેત્રે સ્થાનીય કે મર્યાદિત નહીં પણ વૈશ્વિક જાણકારી ધરાવનાર યુવાનો તૈયાર કરવા માટે શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત છે.

**(5) વ્યાવસાયિક ક્ષમતા વધારવા :**

- વ્યાવસાયિક માટે વિવિધ પ્રકારના જ્ઞાનની જરૂર પડે છે. લાયકાત મેળવવી પડે, રાષ્ટ્રે પોતાની પ્રજાને વિશ્વના બૌધ્ધિક સ્તરે મૂકવા શિક્ષણની ઉચ્ચ ક્ષમતા ધરાવવવી જરૂરી છે. શિક્ષણમાં ઉચ્ચ ક્ષમતા આવવાથી વ્યાવસાયિક ક્ષમતામાં વધારો થશે.

**(6) અન્ય દેશના શિક્ષણની માહિતી મેળવવા :**

- અન્ય દેશનાં શિક્ષણમાં કેવા પ્રકારનાં નવાં અભ્યાસક્રમ શરૂ થયેલ છે તેની માહિતી મેળવવી જરૂરી છે, જે વૈશ્વિકીકરણને કારણે મેળવી શકાય.

**(7) બૌધ્ધિક વિકાસ કરવા :**

- દરેક યુવાએ બૌધ્ધિક વિકાસ કરવો જરૂરી છે. બૌધ્ધિક વિકાસ કરીને વ્યવસાય કે નોકરી કરી શકે. બૌધ્ધિક વિકાસ કરવા, વિશ્વ સ્તરે શિક્ષણનું માળખું ગોઠવવું પડે. આ માટે વૈશ્વિકીકરણ શિક્ષણમાં થાય તે જરૂરી છે.

**(8) વિવિધ કૌશલ્યો વિકસાવવા :**

- કોઈ પણ વ્યવસાયીકરણ કે નોકરી કરવા માટે વિવિધ કૌશલ્યનો વિકાસ કરવો જરૂરી છે. વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા, વિશ્વ સ્તરે તાલીમ મેળવવી પડે, તે અંગેનું જ્ઞાન પણ મેળવવું પડે. દરેક દેશ માટે વ્યવસાય કે નોકરી માટે કૌશલ્ય અલગ હોય છે. વિશ્વ સ્તરે કૌશલ્ય વિકસાવવા માટે શિક્ષણમાં વૈશ્વિકીકરણ કરવું જરૂરી છે.

**(9) નવા પડકારો ઝીલવાં :**

- શિક્ષણમાં નવાં નવાં પડકારો આવે છે. જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહેલો છે. શિક્ષણ દ્વારા નવા પડકારોને ઝીલી શકાય છે. નવા પડકારોને ઝીલવા માટે વિશ્વ સ્તરે જ્ઞાન મેળવવું પડે છે. જે જ્ઞાન વૈશ્વિકીકરણને લીધે આવે છે.

**(10) નવી ટેકનોલોજીનું જ્ઞાન મેળવવું :**

- વિશ્વ સ્તરે નવાં નવાં ટેકનોલોજીના સાધનો શિક્ષણમાં ઉપયોગ થઈ રહ્યો છે. શિક્ષણમાં આવી રહેલ ટેકનોલોજીનું જ્ઞાન મેળવવા માટે વિશ્વ સ્તરે શિક્ષણમાં થઈ રહેલ ફેરફાર અંગે માહિતગાર રહેવું પડે. વિશ્વ સ્તરે શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ અંગેનું જ્ઞાન મેળવવા માટે વિશ્વ સ્તરે માહિતી મેળવતા રહેવું પડે.

## 8.4 શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેનાં સૂચનો :

- શિક્ષણમાં વિશ્વ સ્તરે  વિકાસ થાય તે માટે કેટલાંક સૂચનો ધ્યાનમાં રાખવાં જોઈ.

**(1) વિશ્વ સ્તરનું અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવું :**

- યુવાધન વિશ્વ સ્તરે તૈયાર થાય, તે માટે વિશ્વ સ્તરના અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવું જોઈએ. વિશ્વ સ્તરનો અભ્યાસક્રમ તૈયાર થવાથી કોઈ પણ વ્યક્તિ વિશ્વ સ્તરે કાર્ય કરી શકે.

**(2) રજૂઆત કરવાનું કૌશલ્ય વિકાસવવું :**

- વિશ્વ સ્તરે કાર્ય કરવા માટે રજૂઆત કરવાનું કૌશલ્ય વિકસાવવું જોઈએ. રજૂઆત કરવાની કળા ન હોય તો ગમે તેટલું જ્ઞાન મેળવેલ હશે તો તે નકામું છે. રજૂઆત કરવાનું કૌશલ્ય વિકસાવવું જોઈએ.

**(3) સ્થળાંતરની સગવડ વિકસાવવી :**

- વિશ્વ સ્તરે શિક્ષણમાં સ્થળાંતર થાય તેવી સગવડ વિકસાવવી જોઈએ. અભ્યાસ માટે વિશ્વ સ્તરે સગવડ ગમે તે દેશમાં મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ભારતમાં અમેરિકાનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**(4) સ્થાનિક જરૂરિયાતો ધ્યાનમાં લેવી :**

- સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ તેમજ શિક્ષણ માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ગુજરાત રાજ્યમાં શિક્ષણમાં કેવા પ્રકારોનો અભ્યાસક્રમ હોવો જોઈએ, ગુજરાતનો વિદ્યાર્થી અમેરિકા જઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સ્થાનિક કક્ષાએ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(5) વ્યક્તિગત વિકાસની તક આપવી :**

- વ્યક્તિગત તફાવત જોવા મળે છે. વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી, શિક્ષણમાં વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી દરેક વ્યક્તિગત તફાવત પ્રમાણે શિક્ષણ મેળવી શકે. વ્યક્તિગત વિકાસ પણ કરી શકે.

**(6) શૈક્ષણિક પ્રક્રિયા કેન્દ્ર સ્થાને :**

- શિક્ષણની પ્રક્રિયાને ખાસ મહત્ત્વ આપવું, દેશના વિકાસ માટે શિક્ષણનો વિકાસ થવો જરૂરી છે. શિક્ષણના વિકાસથી જ વ્યક્તિગત વિકાસ થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. શિક્ષણ પાછળ વધુ બજેટ ફાળવવું જોઈએ, તેના પર વધુ ભાર આપવો જોઈએ.

**(7) તાલીમ વર્ગો ગોઠવવા :**

- વિશ્વ સ્તરે વ્યક્તિ તૈયાર થાય તે માટે તાલીમ વર્ગો ગોઠવવાં જોઈએ. વિશ્વ સ્તરે કેવાં પ્રકારના બુધ્ધિવાળા માણસોની જરૂર પડશે, કેવું કૌશલ્ય જોઈએ, કેવી લાયકાત મેળવવી પડે વગેરે અંગે જરૂરી તાલીમ આપવી જોઈએ.

**(8) વિશ્વ સ્તરે માર્ગદર્શન :**

- વ્યક્તિ વિશ્વ સ્તરે તૈયાર થાય તે માટે જરૂરી માર્ગદર્શન ગોઠવવું જોઈએ. વિશ્વ સ્તરે કેવાં માણસો, લાયકાત, કૌશલ્ય વગેરેની જરૂર પડશે તે પ્રમાણે માર્ગદર્શન આપવું જોઈએ.

## 8.5 શિક્ષણમાં વૈશ્વિકીકરણ લાવવાની તરકીબો :

- શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત અને તે માટેનાં સૂચનો પછી, શિક્ષણમાં વેશ્વિકીકરણ લાવવાની તરકીબોનો વિચાર કરવો જોઈએ. વૈશ્વિક સ્તરે ઉદ્‌ભવેલી નવી આર્થિક પરિસ્થિતિના કારણે ઉત્પાદકતા, સ્પર્ધાત્મકતા, માહિતીનું વિસ્ફોટન, સંગઠનાત્મક રીતે વિકાસ પામતી મલ્ટીનેશનલ કંપનીઓનું આધિપત્ય અને વ્યવસ્થાપન ક્ષેત્રે, વિકાસ વગેરે પરિસ્થિતિઓની સાથે કદમ મિલાવી શકે એવું માનવબળ વિકાસવવા માટે શિક્ષણમાં પણ વૈશ્વિક વિકાસનું અનુસંધાન લાવવું જરૂરી છે, તેથી શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટે નીચેની પરિસ્થિતિઓનો ખ્યાલ અને વિકાસની તરકીબો જરૂરી છે.

**(1) સ્થાનીયકરણમાં ઘટાડો :**

- આજની શિક્ષણ વ્યવસ્થાની ઘણી બધી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ હાજરી અનિવાર્ય રહી છે. પ્રત્યક્ષ આંતરક્રિયા દ્વારા જ શિક્ષણ મેળવી શકાય,એવો ખ્યાલ રહયો હતો, તેના બદલે હવે શિક્ષણ મેળવવા માટે વર્ગખંડ ચાર દીવાલોની વચ્ચે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને વર્ગમાં કે કોઈપણ સ્થળે લાવીને પરોક્ષ રીતે શિક્ષણ મેળવી શકાય એવી યોજનાઓ અમલી બનાવવી. તેમાં પ્રત્યાયનનાં વિવિધ માધ્યમો અને અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણ વિશેના સ્થાનિક ખ્યાલો, ધોરણો અને માધ્યમોનો સંકુલિત ખ્યાલ છોડવો પડશે. દા.ત. કોઈ પુસ્તક પોતાના ગામ કે શહેરમાંથી ખરીદતા કે ટપાલ દ્વારા મંગાવતા ઘણો સમય જાય છે.
- આજે હવે ઈન્ટરનેટ દ્વારા વિશ્વના કોઈપણ ખૂણેથી કોઈ માહિતી કે પુસ્તક ઘેર બેઠાં મળી જાય છે. હવે બધું જ વૈશ્વિક થઈ ગયું છે, ત્યારે શિક્ષણમાં પણ સ્થાનીકરણ ઘટાડીને વૈશ્વિક વ્યવહાર અપનાવાય છે.
- આજે ઈન્ટરનેટના ઉપયોગથી દેશના કે વિશ્વના કોઈપણ ખૂણેથી શિક્ષણ અંગેની માહિતી ખૂબજ ઝડપથી મેળવી શકાય છે. આજે વિશ્વ નાનું અને નજીક જઇ રહયું છે.

**(2) રાષ્ટ્રીય સરકારની સત્તામાં ઘટાડો :**

- નાણાંકીય બાબતોમાં મલ્ટીનેશનલ કંપનીઓએ જીળવેલી સત્તાના કારણે, આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભાં થતાં ફાઈનાન્સિઅલ બજારોની સ્થિતિના કારણે અને તેની અસરથી પરિવર્તન પામતાં, સમાજની જરૂરિયાતો પ્રમાણે, આજે સરકારની સત્તામાં ઘટાડો કરીને વૈશ્વિક પ્રવાહો સ્વીકારાય છે. આ મુજબ શિક્ષણમાં વૈશ્વિક સ્તરે ચાલતું પરિવર્તને આવકારવાનું રહેશે.

**(3) વિવિધતાભરી બહુલક્ષી બુધ્ધિ :**

- માનવ બુધ્ધિમાં અલગ અલગ પ્રકારનો સમાવેશ જોવા મળે છે.

દા.ત. શારીરિક, તાર્કિક, ભાષાકીય, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ટેકનોલોજીકલ, સાંસ્કૃતિક, રાજકીય વગેરે. સમાજમાં આ દરેક ક્ષેત્રે વિકાસ પામેલાં નાગરિકો રાષ્ટ્રનો વિકાસ શકય બનાવે છે. શિક્ષણનું કાર્ય વિવિધ બહુલક્ષી બુધ્ધિશાળી વ્યક્તિત્વ ઘડતરનું છે, તો જ સર્વાંગી વિકાસ શકય બને. વૈશ્વિક સ્તરે વિવિધ બહુલક્ષી બુધ્ધિશાળી નાગરિકો તૈયાર કરવા માટે વિદ્યાર્થીઓને શિક્ષણની નવી ટેકનોલોજીથી માહિતગાર કરવાં જોઈએ.

**(4) શૈક્ષણિક બુધ્ધિનું કેન્દ્રિકરણ :**

- બધા પ્રકારની બુધ્ધિમાં શૈક્ષણિક બુધ્ધિને કેન્દ્ર સ્થાને ગણવામાં આવે છે. આ માટે અભ્યાસક્રમમાં સર્જનાત્મક વિચાર ઉમેરવાં પડે, તેમ કરવાથી શૈક્ષણિક બુધ્ધિ અને અન્ય પ્રકારની બુધ્ધિ વચ્ચે આંતરક્રિયા ઊભી થાય છે. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક બુધ્ધિનું કેન્દ્રિકરણ થાય તે માટેના આયોજન વિચારવા પડે, શિક્ષણમાં ટેકનોલોજીનો વધુ ઉપયોગ અંગે જ્ઞાન આપવું પડે.

**(5) વૈશ્વિકીકરણ, સ્થાનીયકરણ અને વ્યક્તિગત શિક્ષણનો સમન્વય :**

- રાષ્ટ્ર પોતાની શૈક્ષણિક નીતિ ઘડવામાં સ્થાનીય અને પ્રાદેશિક જરૂરિયાતો નહીં સાંકળે તો વિકાસ અટકી જશે, તેથી સ્થાનીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, વ્યક્તિગત વિકાસની તક આપીને શિક્ષણના વૈશ્વિક ખ્યાલોને અપનાવવા રહ્યાં, એટલે વૈશ્વિકીકરણની સાથે સ્થાનીયકરણને પ્રાદેશિકીકરણની નીતિ પણ એટલી જ જરૂરી છે.
- શૈક્ષણિક બુધ્ધિને કેન્દ્ર સ્થાને રાખીને, સ્થાનીય હિતોને ધ્યાનમાં રાખીને, જો વૈશ્વિકીકરણને અપનાવવામાં આવે તો શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકાય. તે માટે વ્યક્તિગત ક્ષમતાઓને પ્રાદેશિક સ્તરે અને વૈશ્વિક સ્તરે વિકસાવવા માટે શૈક્ષણિક યોજના હાથ ધરવી પડે. જેમાં...........

(1) સ્થાનિક નેટવર્ક

(2) વૈશ્વિક સ્તરે વિકસતાં ટેકનોલોજીકલ, આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને અધ્યયનના ક્ષેત્રે આપતાં પરિવર્તનો અને નવ વિચારોનો સ્થાનીય સ્તરે સ્વીકાર.

(3) સ્થાનિક શિક્ષણના સ્તરે તેની વિકેન્દ્રિકરણ

(4) સમાજની જરૂરિયાતો અને લોકલ સમાજની અપેક્ષાઓ સંતોષવાનો પ્રયત્ન

(5) શિક્ષણના માળખામાં સ્થાનિક સમાજની ભાગીદારી

(6) આંતર સંસ્થાકીયનો સહકાર

(7) સ્થાનિક સમાજનાં નૈતિક મૂલ્યો તથા ધોરણો તેમજ સમાજ આધારિત જરૂરિયાતો સાથે સુસંગત શિક્ષણના કાર્યક્રમો.

## 8.6 શિક્ષણમાં વૈશ્વિકીકરણના ફલિતાર્થો :

- શિક્ષણમાં જેમ બને તેમ વહેલી તકે વૈશ્વિકીકરણ લાવવા માટેના ફલિતાર્થોમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં આ પ્રેરણા, નેતૃત્વ- પહેલ અને સર્જનાત્મકતા વિકસાવવા માટે વધારેમાં વધારે પ્રયત્નો કરવાં. પ્રાદેશિક કક્ષાઓ આ માટે અધ્યયન, અધ્યાપન અને સંશોધન માટે પ્રેરિત કરવા, તે માટે વૈયક્તિક ધોરણે વિશિષ્ટ એવાં શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરવાં, વ્યક્તિગત અધ્યયન કક્ષા પધ્ધતિ, પ્રગતિ, સ્વઅધ્યયન જેવી બાબતોથી વિદ્યાર્થીઓને પરિચિત કરવાં, આ માટે યોજના તૈયાર કરવી.

- સ્વઓળખ, સ્વપ્રેરણા અને પોતાની જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા વિકસાવવા જેવી બાબતો માટે બહુલક્ષી બુધ્ધિ વિકસાવી.
- વિશ્વના વિવિધ પ્રદેશોમાંથી સર્વશ્રેષ્ઠ બૌધ્ધિક સ્ત્રોતો, સહકાર અને પ્રેરણા માટે પ્રાદેશિક સ્તરે શિક્ષણ, અધ્યયન, અધ્યાપન અને સંશોધનમાં વિનિયોગ કરવામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો.
- વિશ્વ કક્ષાએ વિચારોની આપલે થાય તેવાં પ્રયત્નો કરવાં. વૈશ્વિક બાબતોનો સમાવેશ કરતો અભ્યાસક્રમ સામાજિક જરૂરિયાતો પોષે શિક્ષણ ગોઠવવું, તે માટે સામાજિક ભાગીદારી વિકાસવવા, જાહેર અને સંસ્થાકીય સહકાર વધારવો, આંતર સંસ્થાકીય સહકાર વધારવો, આંતર સંસ્થાકીય માળખું ગોઠવવું, સમાજ સાથે સંબંધિત હોય એવા અભ્યાસક્રમો બનાવવાં. આ પ્રમાણે સ્થાનીયકરણની ભૂમિકા અસરકારક બનાવવી.

## 8.7 વૈશ્વિકીકરણ, સ્થાનીયકરણ અને વ્યક્તિકીકરણ :

### (1) શિક્ષણમાં વૈશ્વિકીરણ :

- સ્થાનીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, વ્યક્તિગત વિકાસની તક આપીને શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ અપનાવવાનો છે. કોઈપણ રાષ્ટ્ર વૈશ્વિકીકરણના સંદર્ભે પોતાની શૈક્ષણિક નીતિ ઘડવામાં સ્થાનીય કે પ્રાદેશિક જરૂરિયાતોની સાથે વ્યક્તિગત વિકાસની તકને નહીં સાંકળે તો વિકાસ અટકી જશે. તેથી વ્યક્તિગત શૈક્ષણિક બુધ્ધિને કેન્દ્ર સ્થાને રાખીને, સ્થાનીય હિતોને ધ્યાનમાં રાખીને જો વૈશ્વિકીકરણને અપનાવવામાં આવે તો શિક્ષણનું સ્તર ઊંચું આવે.

### (2) શિક્ષણમાં સ્થાનીયકરણ :

- કોઈપણ દેશ પોતાના પ્રદેશની સંસ્કૃતિ અને મૂલ્યોને ધ્યાનમાં રાખીને શિક્ષણની વ્યવસ્થા ગોઠવવી. એ માટે સ્થાનીયકરણના આંતર સંબંધ આધારિત પરિવર્તનોની કેટલીક લાક્ષણિકતાઓ અહીં રજૂ કરેલ છે.
- સ્થાનીય-સ્થાનિક વિકાસ માટે શિક્ષણની રજૂઆત વધારવી, આ માટે સમાજનો સહકાર અને માનવીય સ્ત્રોતો મેળવવા, સામાજિક ભાગીદારીને સ્થાન આપવું, અધ્યયન-અધ્યાપન અને સંશોધનમાં સમાજનો સહકાર મેળવવો. શિક્ષણમાં સમાજની ભાગીદારી શિક્ષણમાં ખાનગીકરણ, જાહેર સંસ્થાઓનો સહકાર, સંસ્થાકીય ખાતરી, સંસ્થાની સ્વાયતત્તાનું અમલીકરણ, સ્થાનિક સમાજ આધારિત અભ્યાસક્રમ વગેરેનો સમાવેશ કરવો.
- નવા અભ્યાસક્રમમાં ટેકનોલોજી આર્થિક, સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને સાંસ્કૃતિક બાબતોના સ્થાનીયકરણનો સમાવેશ કરવો.

### (3) શિક્ષણમાં વ્યક્તિકીકરણ :

- વૈશ્વિક સ્તરે વિસ્તરતા જતાં જ્ઞાનના વિસ્ફોટના કારણે જે પડકારો જોવા મળે છે,તેને પહોંચી વળવા માટે હવે શિક્ષણમાં વ્યક્તિકીકરણમાં વિશિષ્ટ પરિવર્તનો આવશ્યક બન્યાં છે. વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતો અને લક્ષણોને ધ્યાનમાં રાખીને મૂલ્યો, જ્ઞાન અને ટેકનોલોજી જેવી બાબતો પ્રયોજવાની.
- માનવીના વિકાસમાં વ્યક્તિકીકરણનો આધાર માનવીની જરૂરિયાતો અને પ્રેરણાના સિધ્ધાંતો સાથે સંબંધિત છે, તેથી વ્યક્તિકીકરણ વિદ્યાર્થીના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, એટલે વ્યક્તિકીકરણ માટે શિક્ષણ વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરવા માટે વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે મળતી સેવાઓની વ્યવસ્થા, વિદ્યાર્થીની માનવીય ક્ષમતા પર ભાર, નેતૃત્વ અને સર્જન શક્તિ ધરાવતાં વિદ્યાર્થીઓને વધુ તક, સ્વઓળખ, સ્વવ્યવસ્થાપન અને સ્વનિયંત્રણ પર વિશેષ ધ્યાન આપવું અને વિદ્યાર્થીઓની બહુલક્ષી બુધ્ધિ વિકસાવવી.

**(4) વૈશ્વિકીકરણ, સ્થાનીયકરણ અને વ્યક્તિગત શિક્ષણનો સમન્વય :**

- કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે વૈશ્વિકીકરણની સાથે પ્રાદેશિકીકરણ, સ્થાનીયકરણ અને વ્યક્તિગતકરણનો શિક્ષણમાં સમન્વય જરૂરી છે.
- વિદ્યાર્થીઓને વ્યક્તિગત શિક્ષણ દ્વારા તેમનામાં વ્યક્તિગત બહુવિધ બુધ્ધિ જેવી કે ટેકનિકલ, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને શૈક્ષણિકને કેન્દ્ર સ્થાને રાખીને સ્થાનીયને અનુબંધિત વૈશ્વિકીકરણનો સમન્વય સાધવો પડે. આ માટે વૈશ્વિક નેટવર્ક પ્રમાણે સ્થાનીય નેટવર્ક ગોઠવવું પડે.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત ક્ષમતાઓને સ્થાનીય સ્તરે અને વૈશ્વિક સ્તરે વિકસાવવા માટેની શૈક્ષણિક યોજના બનાવવી જરૂરી બને.
- શિક્ષણમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓ આ ત્રણેય સ્તરે વ્યક્તિકરણ, સ્થાનીયકરણ અને વૈશ્વિકીકરણનો સમાંતર રીતે વિકાસ પામે તેમ કરવું, તે માટે વ્યક્તિગત શિક્ષણના મૉડેલ્સ તૈયાર કરવાં, સ્વ-અધ્યયન સાથે સ્વ-ઓળખ, સ્વ-નિયંત્રણ જેવી બાબતોને સ્થાન આપવું, વિશેષ જરૂરિયાતો સંતોષવા માટેના કાર્યક્રમો હાથ ધરવાં અને બહુલક્ષી બુધ્ધિની સમજ આપવી.
- ટેકનોલોજીકલ, આર્થિક, રાજકીય, સામાજિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતોનું સ્થાનીયકરણ કરવું. જેમાં સ્થાનિક સ્તરે સામાજિક જરૂરિયાતો અને અપેક્ષાઓ સ્થાનિક લોકોનો સહકાર, સ્થાનિક રજૂઆત, સ્થાનિક સામાજિક લક્ષણો મુજબનો અભ્યાસક્રમ, સમાજનાં નૈતિક મૂલ્યોને સ્થાન વગેરેનું સ્થાનિક સ્તરે વિકેન્દ્રીકરણ કરવું.
- વૈશ્વિક નેટવર્ક, ટેકનોલોજીકલ, આર્થિક, સામાજિક,રાજકીય સાંસ્કૃતિક અને શિક્ષણનાં ક્ષેત્રે વૈશ્વિકીકરણ- ઈન્ટરનેટનો વૈશ્વિક વિકાસ, આંતર રાષ્ટ્રીય સ્પર્ધા, આંતર રાષ્ટ્રીય સહકાર, ગ્લોબલ વિલેજ અને બહુ-સાંસ્કૃતિક ઐકય વગેરે દ્વારા વૈશ્વિકીકરણ સાધવું.

(5) વિશ્વ માનવના સ્વભાવ અને વિકાસનું ભવિષ્ય નવા પરિપ્રેક્ષ્યમાં, વિશ્વ માનવ સ્વભાવ વિશે પણ એવું ધારવામાં આવે છે કે વધારે ટેકનોલોજીકલ, આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને શિક્ષિત બનતો જાય છે. આ રીતે ઝડપથી બદલતા યુગમાં આ જીવન શિક્ષિત વ્યક્તિ અને સમાજને ટકાવવા માટે સતત બહુક્ષેત્રીય વિકાસ જરૂરી છે.

- તે માટે દરેક દેશના સમાજે અને વ્યક્તિએ બહુક્ષેત્રીય બુધ્ધિ વિકસાવવી પડશે. ઔદ્યોગિક ક્રાંતિના લીધે, ઉદ્યોગ પ્રધાન સમાજમાં માણસ વધારેમાં વધારે આર્થિક અને સામાજિક બનતો જાય. શિક્ષણ થોડા ઘણા અંશે જરૂરી માનવબળ પૂરું પાડશે.
- તે માટે વિશ્વ માનવ તરીકેનાં કૌશલ્યો જરૂરી બનશે. લોકોમાં માદક દ્રવ્યોમાંથી મુક્તિ, પ્રામાણિકતા, એકવાક્યતા, સૂચનાઓનું વાંચન અને અનુસરણ, નિયમિતતા તથા ચોકસાઈ, સલામતીના નિયમોનું પાલન અને બીજાંઓ પ્રત્યે સન્માન જેવાં કૌશલ્યો અને મનોવલણો સૌથી વધુ મહત્ત્વનાં બની જશે.
- વિકાસના ભવિષ્યનો વિચાર કરીએ તો શૈક્ષણિક પર્યાવરણ ઉપર વ્યક્તિકરણ, સ્થાનીયકરણ અને વૈશ્વિકીકરણ વગેરેની અસર જોવા મળશે. તેના લીધે શિક્ષણમાં ઝડપી બદલાવ આવશે. સીમા-સરહદના બંધન રહેશે નહીં.
- આ પ્રક્રિયા સતત વિકસતી રહેશે. બહુલક્ષી બુધ્ધિ ધરાવતાં અને નેતૃત્વ લેનારાં વિદ્યાર્થીઓ અને નાગરિકો તૈયાર થશે. વૈયક્તિક વિકાસ કાર્યક્રમો, શીખવાની ક્રિયા પર ભાર આપીને વિશ્વ નાગરિક તૈયાર કરવાનો છે, જેનાથી જરૂરિયાતમી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોને સ્થાને માહિતી અને સેવાઓને લગતા ઉદ્યોગોને પ્રાધાન્ય મળશે.
- યંત્રના સંચાલનને બદલે માહિતીનું સંચાલન મહત્ત્વનું બની રહેશે. અર્થતંત્રમાં ભારે ઉદ્યોગો

અને મોટી કંપનીઓનું મહત્ત્વ ઘટશે. ટેકનોલોજીની જગ્યાએ ટેકનોલોજીનું ટેકનોલજી એટલે કે meta technology આવશે.

- કમ્પ્યુટર દ્વારા સંચાલિત યંત્ર માનવો રોબોટ્સ વેપાર-ઉદ્યોગોની બધી પ્રક્રિયાઓ ખૂબજ ઝડપથી અને અત્યંત ચોકસાઈથી કરશે, તેના પરિણામે આખી દુનિયાના અનાજ, કપડાં, રહેઠાણ, ફર્નિચર, સાધનો જેવી ભૌતિક જરૂરિયાતો માટેની ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે, સમગ્ર જગતની શ્રમશક્તિમાં માત્ર એક ટકાની જરૂર પડશે.
- શિક્ષણ, વ્યવસાય અને નિવૃત્તિના નિયત ક્રમમાં ગોઠવાયેલું ઔદ્યોગિક યુગનું જીવનચક્ર તૂટી જશે અને માણસ એક સાથે શિક્ષણ, વ્યવસાય અને નિવૃત્તિને જીવશે.
- માહિતીના માધ્યમો, દૂરસંચાર, કમ્પ્યુટરના હાર્ડવેર અને સોફટવેરના ઉદ્યોગપતિઓ અઢળક સંપત્તિમાં આળોટશે. અર્થતંત્ર કમ્પ્યુટરના સોફટવેરના મહત્ત્વવાળું બની જશે.
- લોકો વસ્તુઓને બદલે પ્રતીકો સાથે કામ કરશે. સ્નાયુ કાર્યનું સ્થાન માનસિક કાર્ય લઈ લેશે. મોટા ભાગનું કામ કાર્યાલયો કે કારખાનાઓમાં થવાને બદલે ઘરમાં થશે.
- કામ છે ત્યાં લોકોને લઈ જવાને બદલે લોકો જ્યાં રહે છે ત્યાં કામને લઈ જવામાં આવશે. ઘર ઈલેકટ્રોનિક સાધનોથી સુસજ્જ એવા ઈલેકટ્રોનિક કોટેજ થતાં આ શક્ય બનશે. સંસ્થાઓના સંચાલનમાં પણ મોટા ફેરફારો થશે, ત્યાં કામ કરતાં લોકો વચ્ચેનો સંબંધ સંઘર્ષને બદલે વધુ સહકારયુક્ત બનશે, તેમાં જડ અમલદાર શાહી, એક હથ્થુ નેતૃત્વ અને કેન્દ્રિયકૃત નિયંત્રણની જગ્યાએ લવચિક ટીમ, ભાગીદારીવાળું- સહિયારું નેતૃત્વ અને જવાબદારીવાળી સ્વાયતત્તા તથા લોકશાહી ઢબ સંચાલિત થશે.
- સમાજમાં લોકશાહી પણ પ્રતિનિધિવાળી નહીં પરંતુ પ્રત્યક્ષ ભાગીદારીવાળી બનશે. સંસ્થાઓમાં માત્ર ઉપરથી નીચે તરફ હુકમો છૂટવાને બદલે પ્રત્યાયન, અનેક કેન્દ્રોવાળું અને પારસ્પરિક નેટવર્ક માહિતી કે જ્ઞાન સત્તાનું અબોધ સાધન બનશે. તેમાં કમ્પ્યુટરનો ફાળો બહુ મોટો હશે, તેની કમાલ ભવિષ્યમાં ઉત્પાદન, વેચાણ, આરોગ્ય, સંરક્ષણ, વાહન વ્યવહાર, દૂરસંચાર, કળા અને શિક્ષણ જેવાં બધાં ક્ષેત્રોમાં ચમત્કારિક પરિણામો લાવશે.

**અસરો :**

**(1) બહુક્ષેત્રિય વિકાસ જરૂર :**

ઝડપથી બદલાતાં યુગમાં આજીવન શિક્ષિત વ્યક્તિ અને સમાજને ટકવા માટે સતત બહુક્ષેત્રિય વિકાસ જરૂરી છે.બહુક્ષેત્રીય વિકાસ કરવા બહુક્ષેત્રીય બુધ્ધિવંતોની જરૂર પડશે.

**(2) બહુક્ષેત્રિય બુધ્ધિશાળી વ્યક્તિની જરૂર :**

ઝડપથી બદલાતાં યુગમાં બહુક્ષેત્રિય બુધ્ધિશાળી વ્યક્તિની જરૂર પડશે. ઔદ્યોગિક ક્રાંતિના લીધે બહુક્ષેત્રિય બુધ્ધિશાળી વ્યક્તિની જરૂરિયાત ઊભી થશે.

**(3) આર્થિક અને સામાજિક માનવ :**

ઔદ્યોગિક ક્રાંતિના લીધે ઉદ્યોગ પ્રધાન સમાજમાં માણસ વધારેમાં વધારે આર્થિક અને સામાજિક બનતો જશે. શિક્ષણ થોડાં ઘણાં અંશે આ માટે જરૂરી માનવબળ પૂરું પાડશે.

**(4) વિવિધ કૌશલ્ય :**

ઝડપી ઔદ્યોગિક વિકાસ થવાથી વિવિધ કૌશલ્ય ધરાવનાર વ્યક્તિની જરૂર પડશે. તે માટે વિવિધ કૌશલ્ય ધરાવનાર વ્યક્તિને તૈયાર કરવો પડશે. પ્રામાણિકતા, નિયમિતતા, ચોકસાઈ, સલામતીના નિયમોનું પાલન અને બીજાંઓ પ્રત્યે સન્માન વગેરે જેવાં વિવિધ કૌશલ્ય ધરાવનાર વ્યક્તિને તૈયાર કરવો પડશે.

**(5) માનવ મૂલ્યોનો વિકાસ :**

માનવ મૂલ્યનો વિકાસ થશે. સહકારની ભાવના, સંપ અને સહકાર વધશે. નિયમિતત્તા અને ચોકસાઈ વધશે. લોકોમાં માદક દ્રવ્યોમાંથી મુક્તિ, પ્રામાણિકતા વગેરેની જરૂર પડશે.

**(6) શિક્ષણમાં બદલાવ આવશે :**

ઔદ્યોગિક ક્રાંતિના લીધે શિક્ષણમાં બદલાવ આવશે. બહુવિધ બુધ્ધિ ધરાવનાર વ્યક્તિની જરૂર પડશે, તે માટે તે યોગ્ય વ્યક્તિઓ તૈયાર કરવાં પડશે. નવી ટેકનોલોજી અમલમાં આવશે. ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ આવશે.

**(7) વૈયક્તિક વિકાસ કાર્યક્રમો :**

ઔદ્યોગિક ક્રાંતિને લીધે, ઉત્પાદન ક્ષેત્રે પરિવર્તન થવાથી, વૈયક્તિક વિકાસ કાર્યક્રમ અમલમાં મૂકવો પડશે. વિવિધ બુધ્ધિશાળી વ્યક્તિની જરૂર પડશે, તે જરૂરિયાત પ્રમાણે તૈયાર કરવાં પડશે.

**(8) શીખવાની ક્રિયા પર ભાર :**

ઔદ્યોગિક ક્રાંતિને લીધે, વિવિધ બુધ્ધિશાળી વ્યક્તિની જરૂર પડવાને કારણે શીખવાની ક્રિયા પર ભાર આપવો પડશે. તાલીમ માટેના કાર્યક્રમો ગોઠવવાં પડશે. સારી ઉત્પાદનવાળી વસ્તુઓ તૈયાર કરવી પડશે.

**(9) રોબોટ્સનો પ્રવેશ :**

ઔદ્યોગિક ક્રાંતિ થવાથી રોબોટ્સનો પ્રવેશ થશે, માનવીને બદલે રોબોટ્સ બધાં જ કાર્યો કરશે.

**(10) ઓછા શ્રમની જરૂર :**

ઔદ્યોગિક ક્રાંતિને લીધે ઓછા શ્રમની જરૂર પડશે. ઈલેકટ્રોનિક મશીન આવવાને કારણે ઓછા શ્રમની જરૂર પડશે. બધા જ કાર્યો રોબોટ્સ કરશે. માનવની જગ્યાએ ઈલેકટ્રોનિક મશીનકામ કરશે.

**(11) સહકાર યુક્ત વાતાવરણ :**

સમાજમાં સહકાર યુક્ત વાતાવરણ ઊભું થશે. માન-સન્માન વધશે. પ્રત્યક્ષ ભાગીદારીવાળું વાતાવરણ બનશે. કામ કરતા લોકો વચ્ચેનો સંબંધ, સંઘર્ષને બદલે વધુ સહકારયુક્ત બનશે.

**(6) વિકાસમાન ભાવિ શિક્ષણના સૂચનો :**

- ભવિષ્યમાં શાળાઓ અને વર્ગોના અધ્યયનમાં આજીવન કેન્દ્ર બને. શાળાઓ લોકોને શિક્ષણ ઉપરાંત આરોગ્ય અને અન્ય સામાજિક સેવાઓ પૂરી પાડે. સમૂહ શિક્ષણને સ્થાને વ્યક્તિગત અને સામાજિક વિકાસની નવી દિશાઓની અસર શિક્ષણ ઉપર થવાની છે. કારણકે સમાજ અને શિક્ષણ બંને એકબીજાંમાં પરિવર્તન લાવે છે.
- પ્રસન્નતાની આપ-લે વાળું વાતાવરણ ઊભું કરવું.આ જીવન શિક્ષણનો અભિગમ જયાં સ્થાનિક અને વૈશ્વિક પ્રભાવવાળું પ્રાદેશિક શિક્ષણ પ્રયોજવું, વિવિધ સ્ત્રોતોવાળું, નેટવર્ક આધારિત શિક્ષણ કે જયાં સમગ્ર વિશ્વ એક વર્ગનો અભિગમ છે.
- શિક્ષણની અમર્યાદિત તકો સાથે સ્થાનિક તેમજ વૈશ્વિક દૃષ્ટિકોણ સંદર્ભ, નેટવર્ક સાથે શિક્ષક જોડાયેલો રહે છે. વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે વર્ગખંડોમાં આજીવન નાનાં જૂથોમાં શિક્ષણ આપવું. વિદ્યાર્થીઓ સમાજ વચ્ચે રહીને શીખે. શિક્ષણ સ્પર્ધાત્મકને બદલે સહકારયુક્ત બને.
- બીનજરૂરી ગોખણપટ્ટીને બદલે વિચારણા, નિર્ણય અને સમસ્યા ઉકેલનાં કૌશલ્યો કેન્દ્રમાં હોય.

- વર્ગમાં આધુનિક સાધનોનો ઉપયોગ શિક્ષણમાં અસરકારક બને. લોકો જ્ઞાન પાસે જવાને બદલે જ્ઞાન લોકો પાસે આવે તેવી શિક્ષણની વ્યવસ્થા બને.

## 8.9 એકમ સ્વાધ્યાય

(1) શિક્ષણમાં વૈશ્વિકીકરણનો ખ્યાલ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેનાં સૂચનો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) શિક્ષણમાં વૈશ્વિકીકરણ લાવવાની તરકીબો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) શિક્ષણમાં વૈશ્વિકીકરણના ફલિતાર્થો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**બહુ વિકલ્પ પ્રશ્નો :**

## 8.10 તમારી પ્રગતિ ચકાસો

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) વૈશ્વિકીકરણની બાબતમાં કયા દેશો શ્રમની મુકત હેરફેર માટે સંપત્તિ આપવા નથી ?

(1) વિકાસશીલ (2) સામ્યવાદી

(3) વિકસિત (4) યુરોપના દેશો

(2) શિક્ષણમાં વૈશ્વિકીકરણ કરવાની જરૂરિયાત કઈ છે ?

(1) સર્જનાત્મક વિકાસ કરવો (2) ઉંમરનો વધારો કરવો

(3) કુટુંબનો વિકાસ કરવા (4) મિત્રનો વિકાસ કરવા

(3) શિક્ષણમાં વૈશ્વિકીકરણ કરવાની લાક્ષણિકતા કઈ જોવા મળે છે ?

(1) નાગરિક અધિકારીની જાગૃતિ (2) કુટુંબનો વિકાસ

(3) મિત્રનો વિકાસ (4) સગાવહાલાંનો વિકાસ

(4) શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેનાં કારણભૂત પરિબળો કયાં છે ?

(1) વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ

(2) જ્ઞાનનો વિકાસ

(3) કુટુંબનો વિકાસ

(4) સંસ્કૃતિનો વિકાસ

(5) ભારતમાં વૈશ્વિકીકરણ કરવા માટે લેવામાં આવેલા પગલાં કયાં કયાં છે ?

(1) આયાત જકાતમાં ઘટાડો (2) ટેક્ષમાંથી મુક્ત

(3) ઉત્પાદનને પ્રોત્સાહન (4) નિકાસ જકાતમાં વધારો

(6) વૈશ્વિકીકરણ કરવાથી ભારતીય અર્થતંત્ર પર કઈ અસર જોવા મળે છે ?

(1) રોજગારીમાં વધારો (2) રોજગારીમાં ઘટાડો

(3) શિક્ષણમાં વધારો (4) શિક્ષણમાં ઘટાડો

(7) શિક્ષણમાં વૈશ્વિકીકરણની જરૂરિયાત કેમ ઊભી થઈ ?

(1) શૈક્ષણિક વિકાસ કરવા (2) કુટુંબનો વિકાસ કરવા

(3) મિત્રનો વિકાસ કરવા (4) સગાંસંબંધીનો વિકાસ કરવા

## 8.11 એકમ સ્વાધ્યાય

**(2) ટૂંકમાં ઉત્તર આપો :**

(1) વૈશ્વિકીકરણનો ખ્યાલ કઈ રીતે ઉદ્‌ભવ્યો ?

.................................................................

.................................................................

.................................................................

(2) વૈશ્વિકીકરણનો અર્થ શું છે ?

.................................................................

.................................................................

.................................................................

(3) વૈશ્વિકીકરણની કોઈ એક વ્યાખ્યા લખો.

.................................................................

.................................................................

.................................................................

(4) શિક્ષણમાં વૈશ્વિકીકરણ લાવવા માટેની તરકીબો કઈ કઈ છે ?

.................................................................

.................................................................

..............................................................

(5) બહુલક્ષી બુધ્ધિ એટલે શું ?

..............................................................

..............................................................

..............................................................

(6) સ્થાનીયકરણ એટલે શું ?

..............................................................

..............................................................

..............................................................

(7) વ્યક્તિકરણ એટલે શું ?

..............................................................

..............................................................

..............................................................

## 8.12 સારાંશ :

- શિક્ષણમાં વૈશ્વિકીકરણ બહુમુખી યુવાધન તૈયાર કરવા જરૂરી છે. બૌધ્ધિક વિકાસ કરવો, નવા પડકારો ઝીલવા જરૂરી છે.
- શિક્ષણમાં વૈશ્વિકીકરણ માટેનાં સૂચનો
- વિશ્વસ્તરનું અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવું.
- રજૂઆત કરવાનું કૌશલ્ય વિકસાવવું.
- સ્થળાંતરની સગવડ વિકસાવવી.
- સ્થાનિક જરૂરિયાતો ધ્યાનમાં લેવી.
- વ્યક્તિગત વિકાસની તક આપવી.
- તાલીમવર્ગો ગોઠવવા.
- વિશ્વસ્તરે માર્ગદર્શન

## 8.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) બહુવિકલ્પ પ્રશ્નો

(1) વિકસિત

(2) સર્જનાત્મક વિકાસ કરવો.

(3) નાગરિક અધિકારીની જાગૃતિ

(4) વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ

(5) આયાત-જકાતમાં ઘટાડો

(6) રોજગારીમાં ઘટાડો

(7) શૈક્ષણિક વિકાસ કરવા.

## 8.14 સૂચિત વાચન સામગ્રી :

(1) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ

(2) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-102
# વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

## વિભાગ

## 3

## વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો


**એકમ-9 ખાનગીકરણ**

**એકમ-10 શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ**

**એકમ-11 માનવ અધિકારોનું શિક્ષણ**

**એકમ-12 માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર**

| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN :**



Copyright © Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-102 વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

**વિભાગ-1 : ભારતીય સમાજ અને શિક્ષણ**

1. ભારતીય સમાજ અને શિક્ષણ
2. ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન
3. ભારતીય શિક્ષણ અને લોકશાહી
4. ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

**વિભાગ-2 : સામાજિકીકરણ અને વૈશ્વિકીકરણ**

5. સામાજિકીકરણ
6. સામાજિકીકરણની પ્રક્રિયા
7. વૈશ્વિકીકરણ
8. શિક્ષણમાં વૈશ્વિકીકરણ

**વિભાગ-3 : ખાનગીકરણ અને માનવ અધિકાર**

9. ખાનગીકરણ
10. શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ
11. માનવ અધિકારોનું શિક્ષણ
12. માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર

**વિભાગ-4 : સામાજિક પરિવર્તન અને શિક્ષણ**

13. સામાજિક પરિવર્તન
14. સામાજિક પરિવર્તન અને શિક્ષણ
15. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા
16. સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 9 ખાનગીકરણ (Privatization)

## : રૂપરેખા :


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 ખાનગીકરણનો અર્થ, સંકલ્પના

9.3 ખાનગીકરણના ઉદ્દેશો

9.4 ખાનગીકરણની સામાજિક અસરો

(1) વિધાયક અસરો

(2) નકારાત્મક અસરો

9.5 ખાનગીકરણમાં શાળાની ભૂમિકા

9.6 શિક્ષણમાં ખાનગીકરણના ફાયદાઓ

9.7 શિક્ષણમાં ખાનગીકરણના ગેરફાયદાઓ

9.8 ખાનગીકરણ અંગે ઊભા થતાં પ્રશ્નો

9.9 ખાનગીકરણની શિક્ષણ પર અસર

9.10 સારાંશ

9.11 એકમ સ્વાધ્યાય

9.12 તમારી પ્રગતિ ચકાસો

9.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

9.14 સૂચિત વાંચન સામગ્રી


## 9.0 ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ખાનગીકરણનો અર્થ સમજી શકશો.

(2) ખાનગીકરણના ઉદ્દેશો સમજી શકશો.

(3) ખાનગીકરણની સામાજિક અસરોની ચર્ચા કરી શકશો.

(4) ખાનગીકરણમાં શાળાની ભૂમિકાની ચર્ચા કરી શકશો.

(5) શિક્ષણમાં ખાનગીકરણના ફાયદાઓ સમજી શકશો.

(6) શિક્ષણમાં ખાનગીકરણના ગેરફાયદાઓ સમજી શકશો.

(7) ખાનગીકરણ અંગે ઊભા થતાં પ્રશ્નોની ચર્ચા કરી શકશો.

## 9.1 પ્રસ્તાવના :

ભારતે આયોજન પછી ઇ.સ.1956થી જ્યારે બીજી ઔદ્યોગિક નીતિ અપનાવી, ત્યારથી જાહેર ક્ષેત્રોના વિકાસ પર વધુ ધ્યાન રાખ્યું હતું. જેના કારણે ભારતીય અર્થતંત્રમાં ઘણી બધી સમસ્યાઓએ જન્મ લીધો હતો.

આ સમસ્યાઓમાંથી બહાર આવવા માટે સરકારે 24 જુલાઈ, 1991ના રોજ અપનાવેલ ઔદ્યોગિક નીતિમાં ખાનગીકરણનો સમાવેશ કરેલ છે.

ખાનગીકરણ નીતિ ભારત સરકારે અપનાવી છે. અત્યાર સુધી ભારતમાં કેટલાંક જાહેર સાહસો અને ઉદ્યોગો પર સરકારનો અંકુશ હતો. આથી ખાનગીમૂડી રોકાણ થતું ન હતું. હવે 1991થી સરકારે

ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અપનાવી હોવાથી સરકારી કાયદાઓમાં કેટલાંક સુધારા કરી ખાનગીકરણની નીતિ અપનાવી છે.

ઔદ્યોગિકીકરણ અને કોમર્શિયલ એકમોની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાના નાણાં કે આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે તેથી આજે શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ ઊભો થયેલ છે. આ પરિવર્તન સમયની માંગ અને તેને પહોંચી વળવા માટે આવશ્યક છે, કારણ કે ઊંચા પગાર માટેનું આકર્ષણ, પશ્ચિમી જીવનશૈલી અને ઊંચા જીવન ધોરણ માટેના ખ્યાલોની પણ શિક્ષણના સ્વરૂપ ઉપર અસર થઈ છે. એટલે શિક્ષણમાં ખાનગીકરણનો પ્રવેશ થયો.

## 9.2 ખાનગીકરણનો અર્થ Meaning of Privatization :

''સામાન્ય પરિભાષામાં ખાનગીકરણ એટલે ઔદ્યોગિક એકમની માલિકીનું હસ્તાંતરણ, એટલે કે સરકાર ઔદ્યોગિક એકમની માલિકી ખાનગી વ્યક્તિ કે પેઢીને સોંપે તો તે ખાનગીકરણ કહેવાય.''

બીજા શબ્દોમાં કહીએ તો 'ખાનગીકરણ એટલે રાજ્ય સંચાલિત જાહેર ક્ષેત્રના એકમોના શેરનું અંશતઃ કે સંપૂર્ણ રીતે ખાનગી ક્ષેત્રને કરાતું વેચાણ.'

ખાનગીકરણ કરવામાં માલિકીના ફેરફારની વાત બે વિકલ્પોમાં સમાઈ જાય છે.

(1) સરકાર જાહેર સાહસના પોતાના કેટલાંક શેર ખાનગી લોકોને કે કંપનીઓને વેચે પરંતુ સાહસનું સંચાલન પોતાની પાસે રાખે.

(2) સરકાર આવા સાહસના કેટલાંક શેર પોતાની પાસે રાખે, પણ સંચાલન ખાનગી કંપનીને સોંપે.

- **મૂડી વિનિવેશનો અર્થ :**

  ''મૂડી વિનિવેશ એટલે સરકાર જાહેર સાહસના થોડાંક શેર ખાનગી વિભાગને વેચે, પણ તેનો વહીવટ પોતાના હસ્તક રાખે તે.''

- જાહેર વિભાગ માટે અનામત રાખ્યા હોય તે ક્ષેત્રો ખાનગી વિભાગ માટે ખુલ્લા મૂકવામાં આવે.
- સરકાર જાહેર સાહસના કેટલાંક શેરોનું ખાનગી ક્ષેત્રને વેચાણ કરે, પરંતુ સંચાલન પોતાની પાસે રાખે.
- સરકાર જાહેર સાહસના કેટલાંક શેર પોતાની પાસે રાખે પણ સંચાલન ખાનગી કંપનીને સોંપે.
- આપણા લોકશાહી બંધારણ અનુસાર સૌને સમાન શિક્ષણની તકનો વિચાર કરીએ તો ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ પોતે શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરવાની હોવાથી ત્યાંનું ઊંચું ફી ધોરણ, આર્થિક મંદ વિદ્યાર્થીને પોસાય નહીં.
- સમાજમાં આર્થિક અસમાનતા છે, તેથી ભણવા માટે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે, તેના પરિણામે વ્યવસાયમાં પણ અસમાન તકો ઊભી થાય છે.
- આ પણ ભારતમાં શિક્ષણના ખાનગીકરણનો ચર્ચાસ્પદ મુદ્દો બન્યો છે. સરકારના હસ્તક્ષેપ વગર કોઈપણ એકમમાં તમામ સ્તરે - બાબતે સ્વાયત્તતા હોય એવું સંચાલન સ્વરૂપ ખાનગીકરણ કહેવાય.
- ખાનગીકરણનું મૂળ તો ઔદ્યોગિક એકમો છે. આ એકમો સામાજિક સંગઠનો, સહકાર, આરોગ્ય, વહીવટ, વેપાર-ઉદ્યોગ, શિક્ષણ, બેંકિંગ, સંરક્ષણ એમ કોઈ પણ ક્ષેત્રના હોય.
- શિક્ષણને લગતી બાબતો માટેના નિર્ણયો અને નાણાંકીય જવાબદારી જે તે એકમ-સંસ્થાની હોય તો તે શિક્ષણમાં ખાનગીકરણ થયું કહેવાય.
- **ગુપ્તા (1999)**

  ''જે શિક્ષણમાં પૂર્ણ તથા આર્થિક કે નાણાંકીય સ્વાયત્તતા હોય અને જેમાં સંચાલકો પોતે જ પાઠ્યક્રમ, વિષયો, અન્ય શૈક્ષણિક કે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિક્ષણ માટેની તમામ વ્યૂહરચનાઓ અને મૂલ્યાંકનની બાબતમાં સ્વાયત્ત હોય એને શિક્ષણમાં ખાનગીકરણ કહે છે.''

- **તિલક (1997)**

  ''સંપૂર્ણ ખાનગીકરણ એટલે શિક્ષણ સંસ્થામાં શિક્ષણ માટેની તમામ નાણાંકીય જોગવાઈ ખાનગી સ્રોતોમાંથી કરવામાં આવે તેને શિક્ષણમાં ખાનગીકરણ કહેવાય. આ ઉપરાંત તે બીજા અર્થમાં પણ કહે છે કે જે શિક્ષણમાં ઉપભોક્તા પોતે શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરતા હોય તેને તીવ્ર ખાનગીકરણ કહેવાય. આ ખાનગીકરણ શિક્ષણમાં બહુ સ્વીકારવા જેવું નથી.''

**ખાનગીકરણની સંકલ્પના :**

- કોઈપણ ઉત્પાદન એકમમાં ઉત્પાદન વિશેની સમગ્ર પ્રક્રિયા તે માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, ઉત્પાદનની કિંમત, નફા-નુકસાન જેવી બાબતો માટે સરકારના હસ્તક્ષેપ વગર તમામ સ્તરે સ્વાયત્તતા હોય એવા સંચાલનના સ્વરૂપને ખાનગીકરણ કહે છે.
- સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિકીકરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજીએ ઉત્પાદિત એકમોના પાયાના ખ્યાલો બદલી નાખ્યા છે. આજે ટેક્નિકલ જાણકારીવાળા માનવબળની જરૂર ઊભી થઈ છે અને જે તે ક્ષેત્રમાં સ્વાયત્તતાને લીધે અસરકારક પરિણામો સુધી પહોંચવાનો અભિગમ ઊભો થતો જાય છે.
- આ માટેની આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે, તેથી માનવ સમાજને સ્પર્શતાં દરેક ક્ષેત્રમાં ખાનગીકરણ જરૂરી બન્યું છે.
- આ અભિગમની શરૂઆત ઔદ્યોગિક એકમોથી થઈ. અન્ય ક્ષેત્રમાં ઓછા-વત્તા પ્રમાણમાં તેની શરૂઆત થઈ છે.

## 9.3 ખાનગીકરણના ઉદ્દેશો :

ખાનગીકરણના ઉદ્દેશો નીચે મુજબ છે :

(1) ખાનગીકરણ થતાં જાહેર વિભાગના એકમોની કાર્યક્ષમતા અને નફાકારકતા વધશે, પરિણામે મૂડીરોકાણના પ્રમાણમાં વધુ વળતર પ્રાપ્ત થશે.

(2) ખાનગીકરણથી સરકારની જાહેર વિભાગમાં રોકાયેલી મૂડી છૂટી થશે. જે સરકાર બીજા આયોજનનાં વિકાસ કાર્યોમાં વાપરી શકશે.

(3) વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વનો લાભ લેવા બિનકાર્યક્ષમ જાહેરક્ષેત્રને બદલે કાર્યક્ષમ ખાનગીકરણ અનિવાર્ય છે.

(4) ભારતમાં જાહેર સાહસોનો વહીવટ આર્થિક સિદ્ધાંતોને બદલે સ્વાર્થી રાજકીય હેતુથી થતો હોવાથી ખોટનો પ્રશ્ન છે, તે ઉકેલી શકાશે.

(5) ખાનગીકરણ કરાશે તો જાહેર સાહસોએ સર્જેલા દેવા અને વ્યાજની ચુકવણીના નાણાંકીય બોજામાંથી મુક્ત થવાશે. આવા એકમો નિભાવવા સરકારને રાજકોષીય ખાધ કરવાની ફરજમાંથી મુક્તિ મળશે.

(6) જાહેર સાહસોએ સર્જેલાં દેવા અને વ્યાજની ચુકવણીના બોજને પહોંચી વળવા માટે ખાનગીકરણ દ્વારા અર્થતંત્ર માટે અને નબળા જાહેર સાહસો માટે જરૂરી નાણાંકીય સાધનો પ્રાપ્ત કરવાનો છે.

## 9.4 ખાનગીકરણની સામાજિક અસરો :

ખાનગીકરણની સામાજિક અસરો નીચે મુજબ છે :

**(1) વિધાયક અસરો :**

(1) ખાનગીકરણની નીતિ અપનાવીને ખાનગી મૂડીરોકાણ માટે ઉદ્યોગપતિઓ અને સાહસિકોને ખાનગી ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહન અપાયું છે.

(2) ખાનગીકરણથી વિદેશી મૂડી રોકાણકારો વધશે.

(3) ખાનગીકરણ થવાથી વિવિધ પ્રકારના ઉદ્યોગો અને સાહસોને ઉત્તેજન મળશે.

(4) જે તે વિસ્તારમાં ધંધા રોજગારીની તકો વધશે. બેકારી ઓછી થશે.

(5) ઉદ્યોગ ક્ષેત્રે નવા નવા પ્રયોગો કરીને ઉત્પાદન વધારી શકાશે.

(6) ખાનગીકરણ થવાથી સરકારી નિયંત્રણો લુપ્ત થયાં છે. સરકારની પરવાના નીતિ વગેરેથી ભ્રષ્ટાચાર થતો અટકશે.

(7) લગભગ જાહેર સાહસોમાં ખાનગી મૂડી રોકાણ 51% સુધી કરી શકાશે. આથી ખાનગી ઉદ્યોગો માટે રોકાણકારો, પોતાની મૂડી રોકી શકશે.

(8) ખાનગીકરણમાં વહીવટ, સંચાલન વગેરેમાં જેને સાહસિકોને સ્વતંત્રતા અને સ્વાયત્તતા રહેશે.

(9) ખાનગીકરણ થવાથી સ્પર્ધામાં વધારો થશે, ઉત્પાદન વધશે. આથી વધુ ઉત્પાદન થવાથી ચીજવસ્તુઓના ભાવો નીચે આવશે.

(10) ખાનગીકરણ થવાથી ઉત્પાદિત માલસામાનની ગુણવત્તા વધશે.

(11) ખાનગીકરણ થવાથી, ખાનગી વ્યક્તિઓના હાથમાં વહીવટી સત્તાઓ આવવાથી, તેઓ કારીગરો પાસેથી સારી કાર્યક્ષમતાની અપેક્ષા રાખશે. કારીગરોએ પોતાની કાર્યક્ષમતા વધારવી પડશે.

(12) ખાનગીકરણ થવાથી મજૂર મંડળનો પ્રભાવ ઓછો થશે, કારીગરોએ પોતાની કાર્યક્ષમતા પૂરવાર કરવાની રહેશે. સારું કાર્ય કરનારની માંગ વધશે, બિનકાર્યક્ષમ લોકોને ખાનગી સાહસો ગમે ત્યારે છૂટા કરશે.

**(2) નકારાત્મક અસરો :**

**(1) મજૂરોનું શોષણ :**

- ખાનગીકરણથી મજૂરો અને કારીગરોનું શોષણ થવા સંભવ છે. ઓછું વેતન, વધુ પડતું કામ, અન્ય સવલતોનો અભાવ જેવાં દૂષણો પેદા થવા સંભવ છે.

**(2) નફાવૃત્તિમાં વધારો :**

- ઉદ્યોગોનું ખાનગીકરણ થવાથી નફાનો ગાળો વધશે.

**(3) સામાજિક સલામતીનો અભાવ :**

- ખાનગીકરણ થવાથી કાર્યક્ષમ કારીગરોની માંગ વધશે, બિનકાર્યક્ષમ વ્યક્તિને છુટા કરી દેવામાં આવશે. ઓછું વેતન, વધુ કામ, આરોગ્ય પદ સવલતોનો અભાવ વગેરે પ્રશ્નો ઊભાં થશે.

**(4) બાળ મજૂરને ઉત્તેજન :**

- ખાનગીકરણ થવાથી બાળ મજૂરને ઉત્તેજન મળશે. બાળ મજૂરોની સંખ્યા વધશે.

**(5) મજૂરોની સ્થિતિ નબળી બનશે :**

- ખાનગીકરણ થવાથી વધુ કામ, વેતન ઓછું, સગવડોનો અભાવ વગેરેને કારણે મજૂરોની સ્થિતિ નબળી બનશે.

**(6) સ્વનિર્ભર કૉલેજમાં વધારો :**

- સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ ઊભી થવા લાગી છે. વિદ્યાર્થીઓને પ્રવેશ માટે વધુ ફી આપવી પડશે.

**(7) પ્રવેશમાં પ્રશ્નો ઊભાં થશે :**

- સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ શક્ય બનશે. પૈસાદાર વ્યક્તિના બાળકો મેળવી શકશે. ગરીબ વિદ્યાર્થીઓને સહન કરવું પડશે.

**(8) અધ્યાપકોને ઓછું વેતન :**

- શિક્ષણનું ખાનગીકરણ થવાથી અધ્યાપકોનું શોષણ વધશે, વધુ કામ, ઓછું વેતન આપશે.

**(9) ભૌતિક સગવડોનો અભાવ :**

- આવી સંસ્થાઓ ક્યારેક ભૌતિક સગવડો, મકાન, વર્ગખંડો, ફર્નિચર, પુસ્તકાલય વગેરે અલ્પ પ્રમાણમાં જોવા મળશે.
- અધ્યાપકો, વિદ્યાર્થીઓનું, વાલીઓનું ક્યારેક શોષણ થાય છે. આથી ખાનગીકરણના કેટલાંક લાભ હોવા છતાં તેની મર્યાદાઓને અંકુશમાં લેવા માટે સમાજ અને સરકારે વિચારણા કરવી જોઈએ.

**(10) આવક અને સંપત્તિની અસમાન વહેંચણી :**

- શિક્ષણમાં ખાનગીકરણ થવાથી આવક અને અસમાન વહેંચણી થયેલી જોવા મળે છે. પૈસાદાર વધુ પૈસાદાર બને છે, ગરીબ લોકો વધુ ગરીબ બને છે.

**(11) ઉચ્ચ શિક્ષણનો અભ્યાસક્રમ :**

- એન્જિનિયરીંગ, મેડિકલ અને મેનેજમેન્ટના અભ્યાસક્રમો માટે આવી સ્વનિર્ભર સંસ્થાઓ આશીર્વાદરૂપ છે.

**(12) સમાજની શિક્ષણની જરૂરિયાતો સંતોષાશે :**

- સરકારની આર્થિક મજબૂરીને લીધે, વસ્તી વધારાથી લોકોની શિક્ષણની ભૂખ સંતોષી શકાતી નથી અને સરકાર શિક્ષણની પૂરતી સંસ્થાઓ અને સગવડો ઉપલબ્ધ કરાવી શકતી નથી ત્યારે સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ સમાજની શિક્ષણની જરૂરિયાતો પૂરી પાડે છે.

**(13) મજૂરો અને કામદારોની સ્થિતિ નબળી બનશે :**

- ખાનગીકરણથી મજૂરો અને કામદારોની સ્થિતિ આર્થિક અને સામાજિક રીતે દયનીય થશે. ઓછું ભણેલાં મજૂરોને છૂટા કરી દેવામાં આવશે, ઓછું વેતન વગેરે જોવા મળશે, આર્થિક સ્થિતિ નબળી બનતાં સામાજિક પરિસ્થિતિ પર અસર થશે.

**(14) ભ્રષ્ટાચારમાં વધારો :**

- શિક્ષણમાં ખાનગીકરણ થવાથી લાગવગ અને ભ્રષ્ટાચારમાં વધારો થશે. સમાજમાં ભ્રષ્ટાચાર વધી જશે. સમાજમાં ખાનગી વ્યક્તિઓનું પ્રભુત્વ વધી જશે.
- ખાનગીકરણની નકારાત્મક અસરો હોવાં છતાં હાલના સમયમાં ખાનગીકરણને વધુ મહત્ત્વ સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. ઘણાં બધાં જાહેર ક્ષેત્રોનાં એકમો સરકારે ખાનગી ક્ષેત્રને સોંપ્યા છે. ઘણાં બધાં એકમોમાં હજુ 51% કે વધુ ઈક્વિટી મૂડી સરકાર દ્વારા ધારણ કરાવેલી છે, પરંતુ સરકારે જાહેર જનતાને પોતાની પાસે રહેતાં શેર પૈકી કેટલાંક શેરો વેચ્યા છે અને હજુ પણ શેર વેચવાની નીતિ ચાલુ છે.
- આમ ઇ.સ.1951થી ઇ.સ.1991નો સમયગાળો જાહેર ક્ષેત્ર માટે ખૂબ મહત્ત્વનો રહ્યો હતો, પરંતુ ઇ.સ.1991 પછી તેમનું મહત્ત્વ ખાનગીકરણને કારણે સતત ઘટી રહ્યું છે અને ખાનગી ક્ષેત્ર અર્થતંત્રમાં પોતાનું મહત્ત્વ વધારી રહ્યું છે.

## 9.5 ખાનગીકરણમાં શાળાની ભૂમિકા :

ખાનગીકરણમાં શાળાની ભૂમિકા મહત્ત્વની બની જાય છે.

**(1) પ્રવેશનો પ્રશ્ન :**

- ખાનગીકરણ થવાથી વિદ્યાર્થીઓના પ્રવેશ મેળવવાનો પ્રશ્ન ઊભો થશે, તે પ્રશ્ન ઊભો ન થાય તે માટે શાળાએ પ્રયત્ન કરવા પડશે. દરેકને સમાન રીતે પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી.

**(2) કાર્યક્ષમતા વધારો :**

- શાળા કે કૉલેજમાં શિક્ષકોની તેમજ વિદ્યાર્થીઓની કાર્યક્ષમતા વધે તે માટે પ્રયત્ન કરવાં જોઈએ. વિદ્યાર્થીઓ કાર્યકુશળ બને તે માટે શાળામાં શિક્ષણની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(3) ભૌતિક સગવડતાઓ વધારવી :**

- શાળામાં ભૌતિક સગવડતાઓ સારી મળે તે પ્રમાણે આયોજન કરવું. મકાન, વર્ગખંડો અને પુસ્તકાલય વગેરેની ભૌતિક સગવડતાઓ વધારવી.

**(4) વાલીઓને જાગૃત કરવા :**

- વાલીઓનું શોષણ ન થાય તે માટે વાલી મીટીંગ બોલાવી ને તેને જાગૃત કરવાં જોઈએ.

**(5) ગૃહ ઉદ્યોગની તાલીમ આપવી :**

- વિદ્યાર્થીઓ કાર્યકુશળ બને તે માટે શાળામાં ગૃહ ઉદ્યોગની તાલીમની વ્યવસ્થા કરવી. દા.ત. સાબુની બનાવટ, મીણબત્તી બનાવવી, અગરબત્તી બનાવવી વગેરે.

**(6) આઈ.ટી.આઈ.નો કોર્ષ શરૂ કરવા :**

- ઉદ્યોગોમાં જેની માંગ વધુ હોય તેવા આઈટીઆઈના નવા કોર્ષ શરૂ કરવાં. દા.ત. વીજળી, કમ્પ્યુટર, મશીનરી, વેલ્ડીંગ વગેરે.

**(7) આત્મવિશ્વાસ વધારવાના કાર્યક્રમો :**

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા કાર્યક્રમો હાથ ધરવાં જોઈએ. વિદ્યાર્થીઓ વ્યવસાય જગતમાં પ્રવેશ કરે ત્યારે તેમનામાં આત્મવિશ્વાસ વધે તો સારી રીતે કાર્ય કરી શકે.

**(8) અનુકૂલન વધારવા પ્રયત્ન :**

- વિદ્યાર્થીઓ અનુકૂલન સાધતાં શીખે તે માટેના શાળામાં પ્રયત્નો કરવાં જોઈએ. વ્યવસાય જગતમાં ઘરમાં બધાની સાથે ભળી જાય તે માટેના પ્રયત્નો કરવાં.

**(9) નેતાગીરીની તાલીમ :**

- વિદ્યાર્થીઓને શાળામાં નેતાગીરીની તાલીમ મળે તેવું આયોજન કરવું.
- દા.ત. પ્રોજેક્ટ પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, પ્રવાસ, ગ્રામ સફાઈ, શાળા સફાઈ, વિદ્યાર્થી મંડળ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓ વ્યવસાય જગતમાં પ્રવેશ કરે ત્યારે, ખાનગી સાહસમાં પોતે પ્રવેશ કરે તે માટે તૈયાર કરવો.

**(10) સરકારી શાળાનો વધારો કરવો :**

- સરકારે પણ પોતાના હસ્તકની વધુ શાળા શરૂ કરવી, જેથી ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસનો લાભ મળી રહે, ઓછી ફીથી શિક્ષણ મેળવી શકે.

**(11) શિષ્યવૃત્તિમાં વધારો કરવો :**

- સરકાર અત્યારે જે શિષ્યવૃત્તિ આપે છે તેથી વધુ શિષ્યવૃત્તિ આપવી જોઈએ. ગરીબ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે.

**(12) હોસ્ટેલની સગવડતા વધારવી :**

- સરકારે પોતાના હસ્તકની હોસ્ટેલની સગવડ વધારવી જોઈએ, જેથી ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ લઈ શકે.

**(13) કન્યા કેળવણીને પ્રોત્સાહન :**

- કન્યા કેળવણીને વધુ પ્રોત્સાહન આપવું, તેનો પ્રવેશ, વાલી સંપર્ક સાધીને કન્યાના શિક્ષણમાં વધારો થાય તેવાં પ્રયત્નો કરવાં જોઈએ.

**(14) સમાજની જરૂરિયાત પર ધ્યાન :**

- સમાજની જરૂરિયાત કઈ છે તેના પર શાળાએ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભવિષ્યમાં વ્યવસાયક્ષેત્રે કઈ માંગ વધશે, તે પ્રમાણે વિદ્યાર્થીઓને તૈયાર કરવાં, વિદ્યાર્થીઓને સારી નોકરી મળે તેમજ સારો વ્યવસાય કરે તે માટે ઉદ્યોગોની મુલાકાતે લઈ જવાનું આયોજન કરવું.

**(15) વિદ્યાર્થી સાથે યોગ્ય વ્યવહાર :**

- શાળામાં વિદ્યાર્થી સાથે શિક્ષક યોગ્ય વ્યવહાર કરશે, જેથી વિદ્યાર્થીઓમાં સારી ટેવ પડે. બધાની સાથે અનુકૂળતા સાધી શકે.

## 9.6 શિક્ષણમાં ખાનગીકરણના ફાયદાઓ :

ખાનગીકરણનો વર્તમાન પ્રવાહ જોતાં દુનિયાના લગભગ બધા દેશો આ પ્રવાહને સ્વીકારે છે. આજે વૈશ્વિક સ્તરે ખાનગીકરણ વધતું જાય છે, ત્યારે ભારતમાં પણ તેનો વ્યાપ વધ્યો છે, તેના સંદર્ભે આપણા દેશમાં ખાનગીકરણના ફાયદા નીચે પ્રમાણે છે :

**(1) આર્થિક બોજમાં ઘટાડો :**

સરકાર નાણાંકીય અછત ભોગવે છે. શિક્ષણમાં વધુ ખર્ચ કરવો પડે છે. ખાનગી શિક્ષણ સંસ્થાઓ શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરે છે. વિદ્યાર્થીઓ પાસેથી વધુ ફી વસુલ કરે છે. સરકાર પાસેથી ગ્રાંટ લેતી નથી, તે સ્વનિર્ભર બને છે. શિક્ષણમાં વધુ સગવડો આપે છે. સરકારે આર્થિક બોજ સહન નહીં કરવો પડે, ખાનગી સંસ્થાઓ આધુનિક સગવડતા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરી શકે છે. આ દૃષ્ટિએ શિક્ષણમાં ખાનગીકરણ કરવું ફાયદાકારક છે.

**(2) શિક્ષણની ગુણવત્તામાં વધારો :**

ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં કાર્યક્ષમ વહીવટ, ઊંચી ગુણવત્તાવાળા શિક્ષકો, આર્થિક રીતે સધ્ધરતાને લીધે અસરકારક કાર્યક્રમો, નિષ્ણાત વ્યક્તિઓના વાર્તાલાપો વગેરેને કારણે શિક્ષણની ગુણવત્તા વધે છે. ખાનગી સંસ્થામાં વિદ્યાર્થીઓનું વ્યક્તિગત ધ્યાન અને શિક્ષણનું સતત નિરીક્ષણ થતું હોવાથી શિક્ષણમાં ગુણવત્તા વધે છે.

**(3) બજાર કિંમતમાં વધારો :**

ખાનગી શિક્ષણ આપવાને કારણે વ્યક્તિગત રીતે વ્યક્તિની બજાર કિંમત વધે છે. વ્યવસાય ક્ષેત્રે તેની માંગ વધે છે. વ્યક્તિ વિવિધ કૌશલ્ય ધરાવતો તૈયાર થાય છે. પડકારોનો સામનો કરી શકે છે. તેથી તેની બજાર કિંમત વધે છે. ખાનગી સંસ્થાઓ મુશ્કેલીઓનો સામનો કરી શકે તેવી વ્યક્તિઓ તૈયાર કરે છે.

**(4) વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ :**

વ્યાવસાયિક કૌશલ્યો વિકસાવવા માટે શિક્ષણમાં ખાનગીકરણનું પ્રદાન અસરકારક છે. સરકારના કોઈ હસ્તક્ષેપ વગર ખાનગી શિક્ષણ સંસ્થાઓ તે પ્રમાણેના તાલીમી અભ્યાસક્રમો ચલાવીને યુવા પેઢીને તે માટે તૈયાર કરે છે, જેનું આર્થિક ભારણ સરકાર પર રહેતું નથી.

**(5) વર્તમાન માંગ પ્રમાણે તૈયાર :**

આજે શિક્ષણ દ્વારા જે માનવબળ તૈયાર કરવાનું છે તેમાં ટેક્નિકલ જાણકારી અને કૌશલ્યલક્ષી વ્યવસાયો મહત્ત્વનાં છે. વિશ્વમાં ઔદ્યોગિકીકરણને લીધે ઝડપી પ્રગતિ માટેના વ્યાવસાયિક ક્ષેત્રને અનુરૂપ માનવ સંસાધનની જરૂર પડે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસથી શિક્ષણમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે, તેથી વૈજ્ઞાનિક વલણ અને વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી કેળવાયેલાં વ્યાવસાયિકોની જરૂર ઊભી થઈ. માટે કૌશલ્યલક્ષી નિષ્ણાતો હોવા જરૂરી છે. સરકારી ધોરણે આ કાર્ય વધુ અશક્ય છે, ત્યારે શિક્ષણમાં ખાનગીકરણ જ એકમાત્ર ઉપાય છે. વર્તમાન માંગ પ્રમાણે વ્યક્તિઓને તૈયાર કરે છે.

**(6) વિશ્વમાં ભારતનું સ્થાન ઊંચું આવ્યું :**

ભારત યુનિવર્સિટીઓની સંખ્યાની દૃષ્ટિએ ઉચ્ચ શિક્ષણમાં વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે. આ સંદર્ભે ઉચ્ચ શિક્ષણને પહોંચી વળવામાં સરકાર સક્ષમ નથી. આ માટેની ભૌતિક સગવડતાઓ, શૈક્ષણિક વ્યવસ્થાપન, અધ્યાપકો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, ઈતર પ્રવૃત્તિઓ, સેમિનાર, સંશોધન વગેરે માટે સરકાર નાણાંકીય જવાબદારી ઉપાડી શકે નહીં ત્યારે શિક્ષણનું ખાનગીકરણ ફાયદાકારક છે.

**(7) જીવનલક્ષી શિક્ષણ બનાવવા :**

શિક્ષણને વ્યવહારુ બનાવવા માટે જીવનલક્ષી બનાવવું પડે. વ્યક્તિના દૈનિક જીવન અને વ્યાવસાયિક જીવનના સિદ્ધાંતોની વ્યવહારુ તાલીમ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીને મળી રહે તેવા શિક્ષણના કાર્યક્રમો ખાનગી શિક્ષણ સંસ્થાઓ અસરકારક રીતે આપી શકે. શાળાના રોજબરોજના કાર્યક્રમો, વર્ગખંડની પ્રવૃત્તિઓ, શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, ઈતર પ્રવૃત્તિઓ જીવનલક્ષી બનાવવામાં આ સંસ્થાઓ સફળતાપૂર્વક કાર્ય કરે છે.

**(8) શિસ્તમાં વધારો :**

ખાનગી સંસ્થામાં પોતાની ભૂમિકા જાળવવા માટે સંસ્થા, શિક્ષક અને વિદ્યાર્થી વગેરે બધા જ શિસ્તબદ્ધ રહી કાર્ય કરે છે. ઊંચી ફી ભરવાના કારણે વિદ્યાર્થીઓ એનું વળતર મેળવવા તત્પર રહે છે. વાલીઓ પણ આ બાબતે ઊંચી અપેક્ષા રાખે છે. આ બાબતે સંસ્થા અને શિક્ષકો પણ જાગૃત રહે છે અને સૌ પોતાની નૈતિક જવાબદારી પણ સમજે છે. અહીં ચોક્કસ નિયંત્રણ હેઠળ કાર્ય થાય છે, તેથી શિક્ષણનું ખાનગીકરણ આ બાબતે લાભદાયી છે. શિસ્તમાં વધારો થાય છે.

## 9.7 શિક્ષણમાં ખાનગીકરણના ગેરફાયદાઓ :

શિક્ષણના ખાનગીકરણથી માત્ર ફાયદો જ છે તેવું નથી, તેના લીધે કેટલાંક ગેરફાયદા પણ છે જેની રજૂઆત નીચે કરવામાં આવેલ છે :

**(1) પ્રવેશ માટે ઊંચી ફી :**

ખાનગી સંસ્થામાં પ્રવેશ માટે ઊંચી ફી લેવામાં આવે છે. ગરીબ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે નહીં, ફક્ત પૈસાદાર વિદ્યાર્થીઓ જ પ્રવેશ મેળવી શકશે. પૈસાદાર અને ગરીબ વર્ગ એમ બે વર્ગ ઊભાં થશે.

**(2) પૂરતા વેતનનો અભાવ :**

આવી સંસ્થામાં કામ કરતા અધ્યાપકો અને શિક્ષકોને પૂરતું વેતન મળતું નથી. ઓછું વેતન આપી વધુ કામ કરાવે છે. આ રીતે ખાનગીકરણ થવાથી ભ્રષ્ટાચારમાં વધારો થશે.

**(3) ભૌતિક સગવડતાનો અભાવ :**

આવી સંસ્થાઓમાં ક્યારેક ભૌતિક સગવડો, મકાન, વર્ગખંડો, પુસ્તકાલય, ફર્નિચર વગેરે પર્યાપ્ત પ્રમાણમાં હોતાં નથી. વધુ ફી ઉઘરાવીને ઓછી સગવડ આપવી એ ખાનગી સંસ્થાના માલિકનું નફો વધુ કમાવવાની લાલચ હોય છે.

**(4) વધુ શોષણ :**

ખાનગી સંસ્થામાં અધ્યાપકો, વિદ્યાર્થીઓનું, વાલીઓનું ક્યારેક વધુ શોષણ થતું જોવા મળે છે. વર્તમાન સમયમાં શાળામાં ખાનગીકરણ થવાથી વાલીઓના શોષણનો અવાજ ટેલિવિઝન પર સાંભળીએ છીએ. સરકાર મૂક બનીને જુએ છે. ફક્ત ખોટા વચનો આપ્યા કરે છે, પરિણામ આવતું નથી.

**(5) વધુ ભ્રષ્ટાચાર :**

ખાનગીકરણથી શિક્ષણમાં ભ્રષ્ટાચાર અને શોષણને પ્રોત્સાહન મળે છે, જેમાં વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક ભરતી, પરીક્ષણ-મૂલ્યાંકન પ્રક્રિયા, ડોનેશનના નામે નફાખોરી વગેરે બાબતે સરકારી અંકુશનો અભાવ હોવાથી આ પ્રકારની બદીઓ ફાલીફૂલી છે, તે સમાજ માટે નકારાત્મક ગણાય.

**(6) ભેદભાવભર્યો વ્યવહાર :**

'મારે તેની તલવાર' જેવો ઘાટ રચાય છે. ખાનગીકરણથી શિક્ષણનો લાભ ગણ્યા ગાંઠ્યા લોકોને જ મળે છે. જે આર્થિક રીતે સધ્ધર છે, તે જ આમાં ટકે છે, તેથી નબળા લોકોને આમાં તક નથી. સર્વને શિક્ષણની સમાન તક, એ ન્યાય આમાં જળવાતો નથી. આ પ્રકારની ભેદભાવભરી રીતિ-નીતિ લોકશાહીને બાધક ગણાય.

**(7) શિક્ષણના પાયાના હેતુનો હ્રાસ :**

રોજગારી-વ્યવસાય-નોકરીને લક્ષમાં રાખીને શિક્ષણનું ખાનગીકરણ કરવા જતાં વ્યવસાયલક્ષી અને કૌશલ્યલક્ષી માનવબળ ઊભું કરવાની દોડમાં શિક્ષણના પાયાના હેતુનો હ્રાસ થાય છે. વ્યક્તિના ઘડતરમાં જે વ્યક્તિત્વ અને ચારિત્ર્ય નિર્માણનો હેતુ શિક્ષણમાં જળવાવો જોઈએ તે અહીં દૂર રહે તેવું બનવાની શક્યતાઓ વધી જાય છે.

**(8) શિક્ષિત બેકારીમાં વધારો :**

ખાનગીકરણના કારણે ઊભા થયેલા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ઊંચી ફી પ્રમાણે અભ્યાસ પૂરો થયા બાદ નોકરી કે વ્યવસાયની તકો સાંપડે જ એની ખાતરી નથી. વધુ ખર્ચ કરીને ભણ્યા પછી પણ કામધંધો ન મળે અને શિક્ષિત બેકારીમાં વધારો થતો જાય તેવી પરિસ્થિતિ ફાયદાકારક ન ગણાય. એક સંશોધન અનુસાર ઉચ્ચ શિક્ષણ મેળવનારામાંથી બધા જ લોકોને નોકરી મળતી નથી.

**(9) વિદ્યાર્થી ભેદનો ભય :**

ખાનગી શિક્ષણનો લાભ મેળવવા માટે ઊંચી ફી આપતાં વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓને નિમ્ન માનીને ગુરુતાગ્રંથિનો અનુભવ કરે છે. આના પરિણામે નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથિનો અનુભવ કરતાં થાય છે. શિક્ષણની સમાન તકનો ખ્યાલ અહીં જળવાતો નથી. વિદ્યાર્થી ભેદનો ભય ઊભો થાય છે.

## 9.8 ખાનગીકરણ અંગે ઊભા થતાં પ્રશ્નો :

શિક્ષણને લગતી બાબતો માટેના નિર્ણયો અને નાણાંકીય જવાબદારી જે તે એકમ-સંસ્થાની હોય તો તે શિક્ષણમાં ખાનગીકરણ થયું છે તેમ કહેવાય.

આઝાદી મળ્યા પછીનાં આટલા વર્ષો ગયા પણ સરકાર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારી શકી નથી. વાંચન-લેખન, ગણનમાં આ વિદ્યાર્થીઓ નબળા જણાય છે. પાયાનું શિક્ષણ નબળું રહેવા પામે છે, ત્યારે આ શિક્ષણના ખાનગીકરણ તરફનો ઝોક વધે નહીં, શિક્ષણનું ખાનગીકરણ દરેકને પોસાય ખરું ? ખાનગીકરણ અંગે નીચે મુજબના પ્રશ્નો ઊભા થતાં જોવા મળશે.

**(1) નબળી ગુણવત્તા :**

આઝાદી મળ્યા પછીનાં આટલાં વર્ષો ગયા પણ સરકાર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારી શકી નથી. સરકાર દર વર્ષે પ્રવેશ ઉત્સવ ઉજવે છે.પરંતુ ગુણવત્તામાં કોઈ સુધારો થતો જોવા મળતો નથી. સંચાલકો વધુ કમાવવાની અપેક્ષાને લીધે ગુણવત્તામાં કોઈ સુધારો ખાનગીકરણને લીધે થતો નથી.

**(2) વાંચન, લેખન, ગણનમાં નબળાં :**

વાંચન, લેખન, ગણનમાં આ વિદ્યાર્થીઓ નબળાં જણાય છે. પાયાનું શિક્ષણ નબળું રહેવા પામે છે ત્યારે આ માટે શિક્ષણના ખાનગીકરણ તરફનો ઝોક વધે નહીં તેની કાળજી રાખવી પડશે.

**(3) ગરીબ-અમીર એવા બે વર્ગ ઊભા થશે :**

સમાજમાં ઊંચ-નીચના ભેદ છે. સામાજિક વૈવિધ્ય છે. સામાજિક વર્ગોનું પ્રાધાન્ય છે. આવી વિપરિત પરિસ્થિતિમાં શિક્ષણનું ખાનગીકરણ અમીર-ગરીબ વચ્ચે ઊંચ-નીચના ભેદ ઊભા કરશે. વર્ગ વિગ્રહ પણ ઊભો થઈ શકે.

**(4) વધુ આવકવાળા સ્થળે શાળા ઊભી થશે :**

શાળાના સંચાલકો એવી જગ્યાએ શાળા સ્થાપશે કે જ્યાં ઊંચી ફી ભરી શકનારા વિદ્યાર્થીઓ વધારે હોય, ત્યારે પછાત વિસ્તારના અને આર્થિક મંદ વિદ્યાર્થીઓના શિક્ષણનું શું ?

**(5) શોષણનું વધુ પ્રમાણ :**

વિદ્યાર્થી પ્રવેશ, કર્મચારી ભરતી, પરીક્ષણ અને મૂલ્યાંકન, નફાખોરી જેવી બાબતે ખાનગી સંસ્થાઓ પર બાહ્ય અંકુશના અભાવે શિક્ષણમાં શોષણ અને ભ્રષ્ટાચારનું પ્રમાણ વધશે.

**(6) ભ્રષ્ટાચારનું વધુ પ્રમાણ :**

શોષણની સાથે સાથે ભ્રષ્ટાચાર પણ વધશે. પગાર બાબતે વધુ પગાર પર સહી કરાવીને, ઓછો પગાર આપવામાં આવશે. વધુ કાર્ય કરાવીને ઓછો પગાર આપવામાં આવશે. હાલની પરિસ્થિતિ પ્રમાણે શાળા સંચાલકો ભ્રષ્ટાચાર કરતાં સમાચાર ટીવી પર જોઈએ છીએ. વાલીઓને હેરાન-પરેશાન કરી રહ્યાં છે. સરકારનો અંકુશ ઓછો જોવા મળે છે.

**(7) અવ્યવસ્થાના પ્રશ્નો ઊભા થશે :**

સરકારનો ખાનગી શાળા પરનો અંકુશ ન હોવાને કારણે શાળામાં અવ્યવસ્થા ઊભી થતી જોવા મળે છે. શાળા સંચાલકો-વાલી વચ્ચે ટીવી પર અવ્યવસ્થાના પ્રશ્નો ઊભા થતાં જોઈએ છીએ.

**(8) આવકના આધારે વર્ગીકરણ :**

સમાજમાં આવકના આધારે વર્ગીકરણ કરવામાં આવતું જોવા મળશે. સમાજમાં ઉન્નત, મધ્યમ અને નિમ્ન આવક ધરાવતા લોકોનું વર્ગીકરણ જોવા મળે છે. જે આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ હશે એ જ શિક્ષણથી સમૃદ્ધ બનશે, બીજાને અન્યાય થતો જોવા મળશે.

## 9.10 સારાંશ :

- ઔદ્યોગિકીકરણ અને કોમર્શિયલ એકમોની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાનાં નાણાં કે આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે તેથી આજે શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ ઊભો થયો છે. આ પરિવર્તન સમયની માંગ અને તેને પહોંચી વળવા માટે આવશ્યક છે. કારણ કે ઊંચા પગાર માટેનું આકર્ષણ, પશ્ચિમી જીવનશૈલી અને ઊંચા જીવનધોરણ માટેના ખ્યાલોની પણ શિક્ષણના સ્વરૂપ ઉપર અસર થઈ છે, એટલે શિક્ષણમાં ખાનગીકરણનો પ્રવેશ થયો.
- શિક્ષણમાં ખાનગીકરણ એટલે સમાજમાં શાળા કે મહાશાળાકીય શિક્ષણ આપવા માટે વ્યક્તિગત રીતે, સંસ્થાઓ, ટ્રસ્ટ કે સમાજને પૂર્ણ કે અંશતઃ આપવામાં આવતી સ્વાયત્તતા, સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ પણ ખાનગીકરણનું ઉદાહરણ છે.
- ખાનગીકરણની શિક્ષણ પર સારી તેમજ માઠી એમ બંને પ્રકારે અસર થવા પામી છે, તેના લાભ ઘણાં છે, પરંતુ સમાજને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી બાબતો પણ તેમાં છે. સમાજમાં આર્થિક અસમાનતા ધરાવતા લોકો છે. શિક્ષણમાં ખાનગીકરણના લીધે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે. છેવટે વ્યવસાયમાં અસમાનતા ઊભી થાય છે. ખાનગીકરણથી શિક્ષણનો હક માત્ર શ્રીમંતો માટે જ રહે છે.
- જુદાં જુદાં દેશોમાં સરકારની નીતિ અને સમાજમાં શિક્ષણની જરૂરિયાત પ્રમાણે શિક્ષણનું ખાનગીકરણ નક્કી થાય છે. ભારતની પરિસ્થિતિ પ્રમાણે શિક્ષણ સંપૂર્ણપણે સરકાર દ્વારા, ખાનગી એકમો પણ સરકારની મદદ સાથે ચાલતી સંસ્થાઓ અને ખાનગી એકમો સરકારની બિલકુલ મદદ વગર ચાલતી સંસ્થાઓ, એમ ત્રણ પ્રકારની સ્થિતિ છે.
- પૂર્વ પ્રાથમિક, નિમ્ન પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એમ શિક્ષણના વિવિધ તબક્કે ખાનગીકરણ પ્રવૃત્ત થયું છે. ટેક્નિકલ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ કે અન્ય કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો કે જેના માટે ખર્ચાળ સુવિધાઓ કરવી પડે છે તેવા શિક્ષણનું ખાનગીકરણ વધારે પ્રમાણમાં થયું છે.
- વર્તમાન શિક્ષણ ઘણું આધુનિક બન્યું છે, તે ખર્ચાળ છે. સરકારને માટે નાણાંકીય જવાબદારી વહન ન કરી શકે તેવી પરિસ્થિતિ છે, તેની માંગને પહોંચી વળવા માટે પરિવર્તનો આવશ્યક છે. આ પરિવર્તનમાં શિક્ષણનું ખાનગીકરણ જરૂરી બન્યું. સમાજમાં સરકારી શાળા-મહાશાળાઓની તુલનામાં ખાનગી શાળા-મહાશાળાઓના શિક્ષણની ગુણવત્તા વધવા લાગી. અલબત્ત ત્યાં કેટલાંક દૂષણો પણ છે, છતાં શિક્ષણમાં ખાનગીકરણનો વર્તમાન પ્રવાહ ઝડપથી આગળ વધી રહ્યો છે.

- આપણા લોકશાહી બંધારણ અનુસાર સૌને સમાન શિક્ષણની તકનો વિચાર કરીએ તો ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીએ પોતે શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરવાની હોવાથી, ત્યાંનું ઊંચું ફી ધોરણ આર્થિક મંદ વિદ્યાર્થીને પોસાય નહીં. સમાજમાં આ પ્રકારની આર્થિક અસમાનતા છે, તેથી ભણવા માટે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે, તેના પરિણામે વ્યવસાયમાં પણ અસમાન તકો ઊભી થાય છે. આપણા ભારતમાં શિક્ષણના ખાનગીકરણનો ચર્ચાસ્પદ મુદ્દો બન્યો છે.

**9.11 એકમ સ્વાધ્યાય :**

(1) ખાનગીકરણ એટલે શું ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) ખાનગીકરણની સંકલ્પના સ્પષ્ટ કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) ખાનગીકરણની ઉદ્દેશો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) ખાનગીકરણની સામાજિક અસરો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(5) ખાનગીકરણમાં શાળાની ભૂમિકા જણાવો.

..................................................................
..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) શિક્ષણમાં ખાનગીકરણના ફાયદાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(7) શિક્ષણમાં ખાનગીકરણના ગેરફાયદાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(8) ખાનગીકરણ અંગે ઊભા થતાં પ્રશ્નો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(9) ખાનગીકરણની શિક્ષણ પર અસર જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 9.12 તમારી પ્રગતિ ચકાસો :

(1) ખાનગીકરણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.................................................................

.................................................................

(2) ખાનગીકરણની સંકલ્પના શી છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) ખાનગીકરણની કોઈ પણ એક વ્યાખ્યા લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) શિક્ષણમાં ખાનગીકરણથી ઊભા થનાર કોઈપણ એક પ્રશ્નની રજૂઆત કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) ખાનગીકરણની શિક્ષણ પર અસર ચર્ચો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

- **બહુવિકલ્પ પ્રશ્નો :**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) ભારતમાં ખાનગીકરણની શરૂઆત ક્યારે થઈ ?

(1) ઈ.સ. 2000માં (2) ઈ.સ. 1998માં

(3) ઈ.સ. 1989માં (4) ઈ.સ. 1999માં

(2) ખાનગીકરણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(1) જાહેર વિભાગના એકમોની કાર્યક્ષમતા સુધારવાનો છે ?

(2) ખાનગી વિભાગના એકમોની નફાકારકતા વધારવાનો છે ?

(3) ખાનગી વિભાગના એકમોનો વિકાસ કરવાનો છે?

(4) નિકાસોમાં વધારો કરવાનો છે?

(3) ખાનગીકરણની હકારાત્મક અસર કઈ છે ?

(1) મૂડીરોકાણમાં વધારો (2) ઓછા ભાવે વસ્તુ મળે

(3) મૂડીરોકાણમાં ઘટાડો (4) સારી સગવડતા મળે

(4) ખાનગીકરણની નકારાત્મક અસર કઈ છે ?

(1) કામદારોના શોષણમાં વધારો (2) શોષણમાં ઘટાડો

(3) સારી વસ્તુ મળશે (4) ઓછું કામ કરવું પડે

## 9.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) ખાનગીકરણ એટલે શું છે ?

કોઈપણ ઉત્પાદન એકમમાં ઉત્પાદન વિશેની સમગ્ર પ્રક્રિયા, તે માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, ઉત્પાદનની કિંમત, નફા-નુકસાન જેવી બાબતો માટે સરકારના હસ્તક્ષેપ વગર તમામ સ્તરે સ્વાયત્તતા હોય એવા સંચાલનના સ્વરૂપને ખાનગીકરણ કહે છે.

(2) ખાનગીકરણની સંકલ્પના શી છે ?

ગુપ્તા 1999ના મતે, જે શિક્ષણમાં પૂર્ણ તથા આર્થિક કે નાણાંકીય સ્વાયત્તતા હોય અને જેમાં સંચાલકો પોતે જ પાઠ્યક્રમ, વિષયો, અન્ય શૈક્ષણિક કે સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, શિક્ષણ માટેની તમામ વ્યૂહરચનાઓ અને મૂલ્યાંકનની બાબતમાં સ્વાયત્ત હોય એને શિક્ષણમાં ખાનગીકરણ કહે છે.

(3) ખાનગીકરણની વ્યાખ્યા :

- **તિલક :**

  સંપૂર્ણ ખાનગીકરણ એટલે શિક્ષણ સંસ્થામાં શિક્ષણ માટેની તમામ નાણાંકીય જોગવાઈ ખાનગી સ્ત્રોતોમાંથી કરવામાં આવે તેને શિક્ષણમાં ખાનગીકરણ કહેવાય.

(4) શિક્ષણમાં ખાનગીકરણથી ઊભા થનાર કોઈ પણ એક પ્રશ્નની રજૂઆત

સમાજમાં જે ઊંચ-નીચના ભેદ છે. સામાજિક વૈવિધ્ય છે. પૈસાદાર અને પછાત સમાજના સ્તરોનું અસ્તિત્વ છે. સામાજિક વર્ગોનું પ્રાધાન્ય છે. આવી વિપરીત પરિસ્થિતિમાં શિક્ષણનું ખાનગીકરણ અમીર-ગરીબ વચ્ચે પ્રવર્તતા ભેદને વધારશે નહીં !

(5) **ખાનગીકરણની શિક્ષણ પર અસર :**

- ખાનગીકરણની શિક્ષણ પર સારી તેમજ માઠી, એમ બંને પ્રકારે અસર થવા પામી છે. તેના લાભ ઘણાં છે, પરંતુ સમાજને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી બાબતો પણ તેમાં છે.
- ખાનગીકરણની શિક્ષણ પર એવી અસર જોવા મળી કે સરકાર સંચાલિત શાળાઓ કરતાં લોકોમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત શાળાઓ વધારે સ્વીકાર્ય છે.
- ખાનગીકરણથી શિક્ષણનો હક માત્ર શ્રીમંતો માટે જ રહે છે. શિક્ષણમાં ખાનગીકરણના લીધે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે. તેથી છેવટે તો વ્યવસાયમાં અસમાન તકોનું નિર્માણ ઊભું થાય છે.
- ખાનગીકરણની શિક્ષણ પર સારી તેમજ માઠી એમ બંને પ્રકારે અસર થવા પામી છે, તેના લાભ ઘણાં છે, પરંતુ સમાજને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી બાબતો પણ તેમાં છે, જેની ચર્ચા નીચે પ્રમાણે છે :
- ઔદ્યોગિકીકરણ અને કોમર્શિયલ એકમોની ઝડપી ગતિશીલતાને લીધે શિક્ષણની સુવિધા માટે નાણાં અને આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે ત્યારે શિક્ષણમાં ખાનગીકરણ વડે આ જવાબદારીનું વહન થઈ શકે છે. આના કારણે શિક્ષણ સુવિધા સંપન્ન બને છે.

- શિક્ષણની સમગ્ર પ્રક્રિયા, તે માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, આર્થિક બાબતો માટેની સુવિધા અસરકારક બને છે. આજે હવે ટેક્નિકલ જાણકારીવાળા માનવબળની જરૂરિયાત ઊભી થવા માંડી છે અને કૌશલ્યલક્ષી વ્યવસાયો મહત્ત્વના બન્યા છે ત્યારે તે માટેનું શિક્ષણ ખર્ચાળ બની જતા આ જવાબદારી ખાનગી સંસ્થાઓ નિભાવવા માટે કટિબદ્ધ છે, જેથી રાષ્ટ્રમાં શિક્ષણની ગુણવત્તા સુધારે છે.
- સરકાર પરનું ખર્ચનું ભારણ ઘટે છે. ગુણવત્તાની દૃષ્ટિએ સરકાર સંચાલિત શાળાઓ કરતાં ખાનગી શાળાઓની પસંદગી વધુ થાય છે.
- આમ ખાનગીકરણની શિક્ષણ પર એવી અસર જોવા મળી કે સરકાર સંચાલિત શાળાઓ કરતાં લોકોમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત શાળાઓ વધારે સ્વીકાર્ય છે.
- સમાજમાં આર્થિક અસમાનતા ધરાવતા લોકો છે. શિક્ષણમાં ખાનગીકરણના લીધે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે. તેથી છેવટે તો વ્યવસાયમાં અસમાન તકોનું નિર્માણ ઊભું થાય છે. ખાનગીકરણથી શિક્ષણનો હક માત્ર શ્રીમંતો માટે જ રહે છે. પૈસાદારના છોકરાઓને પૈસાના જોરે પ્રવેશ સરળતાથી મળી જશે, ગરીબ લોકોના છોકરાંઓને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પ્રવેશ મેળવી શકશે નહીં. સમાજમાં પૈસાદાર અને ગરીબ વર્ગ એમ બે વર્ગ ઊભાં થશે.
- **બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો :**

(1) ઈ.સ. 1999માં

(2) જાહેર વિભાગના એકમોની કાર્યક્ષમતા સુધારવાનો છે.

(3) મૂડીરોકાણમાં વધારો

(4) કામદારોના શોષણમાં વધારો

## 9.14 સૂચિત વાંચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) શાહ એ.જી. તથા અન્યઃ આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ

(3) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ

(4) ઝવેરી ઉર્મિશ એસ. તથા અન્ય : વાણિજ્ય વ્યવસ્થા અનેસંચાલન, ધોરણ-12, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ,

ગાંધીનગર

(5) ઠાકર એમ. તથા અન્ય : શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(6) Government of India : National Policy of Education, 1986, New Delhi, MHRD (Education)

**એકમ 10**

# શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ

**: રૂપરેખા :**

**10.** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ

- (1) સંસ્થાના સંચાલકોની જવાબદારી
- (2) તમામ નાણાંકીય જોગવાઈ
- (3) પૂર્ણ કે અંશતઃ સ્વાયત્તતા
- (4) શિક્ષણના વિવિધ તબક્કે પ્રવૃત્તિ

**10.3** શિક્ષણમાં ખાનગીકરણનું વર્તમાન સ્વરૂપ

**10.4** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં ખાનગીકરણ

**10.5** શિક્ષણના સંદર્ભે ખાનગીકરણનો મધ્યમ માર્ગ

**10.6** ભારતમાં શિક્ષણના ખાનગીકરણના શૈક્ષણિક ફલિતાર્થો

**10.7** ભારતમાં શિક્ષણનું ખાનગીકરણ

**10.8** સારાંશ

**10.9** એકમ સ્વાધ્યાય

**10.10** તમારી પ્રગતિ ચકાસો

**10.11** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**10.12** સૂચિત વાંચન સામગ્રી

## 10.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ સમજી શકશો.

(2) શિક્ષણમાં ખાનગીકરણનું વર્તમાન સ્વરૂપ સમજી શકશો.

(3) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં ખાનગીકરણની ચર્ચા કરી શકશો.

(4) શિક્ષણના સંદર્ભે ખાનગીકરણનો મધ્યમ માર્ગ સમજી શકશો.

(5) ભારતમાં શિક્ષણના ખાનગીકરણના શૈક્ષણિક ફલિતાર્થો સમજી શકશો.

(6) ભારતમાં શિક્ષણનું ખાનગીકરણની ચર્ચા કરી શકશો.

## 10.1 પ્રસ્તાવના :

ઔદ્યોગિકીકરણ અને કોમર્શિયલ એકમોની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાનાં નાણાં કે આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે તેથી આજે શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ ઊભો થયો છે. આ પરિવર્તન સમયની માંગ અને તેને પહોંચી વળવા માટે આવશ્યક છે, કારણ કે ઊંચા પગાર માટેનું આકર્ષણ, પશ્ચિમી જીવનશૈલી અને ઊંચા જીવનધોરણ માટેના ખ્યાલોની પણ શિક્ષણના સ્વરૂપ ઉપર અસર થઈ છે, એટલે શિક્ષણમાં ખાનગીકરણનો પ્રવેશ થયો.

આપણા લોકશાહી બંધારણ અનુસાર, સૌને સમાન શિક્ષણની તકનો વિચાર કરીએ તો ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીએ પોતે શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરવાની હોવાથી, ત્યાંનું ઊંચું ફી ધોરણ આર્થિક મંદ વિદ્યાર્થીને પોસાય નહીં. સમાજમાં આર્થિક અસમાનતા છે, તેથી ભણવા માટે

વિદ્યાર્થીઓને મળતી તકોમાં અસમાનતા ઊભી થાય છે. તેના પરિણામે વ્યવસાયમાં અસમાન તકો ઊભી થાય છે. આપણા ભારતમાં શિક્ષણના ખાનગીકરણનો ચર્ચાસ્પદ મુદ્દો બન્યો છે.

## 10.2 શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ :

- શિક્ષણને લગતી બાબતો માટેના નિર્ણયો અને નાણાંકીય જવાબદારી જે તે સંસ્થાની હોય, તેવી સ્થિતિ શિક્ષણમાં ખાનગીકરણ છે, જ્યાં સંસ્થાને પૂર્ણ તથા આર્થિક કે નાણાંકીય સ્વાયત્તતા હોય છે. ત્યાં સંસ્થાના સંચાલકો પોતે જ પાઠ્યપુસ્તકો, વિષયો, શૈક્ષણિક અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિક્ષણ માટેની તમામ વ્યૂહરચનાઓ અને મૂલ્યાંકનની બાબતે સ્વાયત્ત હોય છે.
- શિક્ષણમાં ખાનગીકરણના સ્વરૂપે શિક્ષણ માટેની તમામ નાણાંકીય જોગવાઈ ખાનગી સ્રોતોમાંથી કરવામાં આવે છે. જ્યાં વિદ્યાર્થીઓ પોતે પૂર્ણ ફી ભરપાઈ કરતાં હોય છે. કેટલીક ખાનગી સંસ્થાઓનું સંચાલન ખાનગી એકમ દ્વારા થાય, પણ સરકારની નાણાંકીય સહાય મેળવાતી હોય તેવું ય બને છે.
- આમ, સમાજમાં શિક્ષણ આપવા માટે વ્યક્તિગત રીતે, સંસ્થાઓને, ટ્રસ્ટ કે સમાજને પૂર્ણ કે અંશતઃ સ્વાયત્તતા આપવામાં આવી હોય છે.
- પૂર્વ પ્રાથમિક, નિમ્ન પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એમ શિક્ષણના વિવિધ તબક્કે ખાનગીકરણ પ્રવૃત્ત થયું છે.
- ટેક્નિકલ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ કે અન્ય કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો કે જેના માટે ખર્ચાળ સુવિધાઓ કરવી પડે છે તેવા શિક્ષણનું ખાનગીકરણ વધારે પ્રમાણમાં થયું છે.

**સ્વરૂપ :**

**(1) સંસ્થાના સંચાલકોની જવાબદારી :**

- શિક્ષણને લગતી બાબતો માટેના નિર્ણયો અને નાણાંકીય જવાબદારી જે તે સંસ્થાની હોય તેવી સ્થિતિ શિક્ષણમાં ખાનગીકરણ છે. સંપૂર્ણ જવાબદારી સંસ્થાના સંચાલકોની હોય છે.

**(2) તમામ નાણાંકીય જોગવાઈ :**

- સંસ્થાના સંચાલકોની સંપૂર્ણ નાણાંકીય જવાબદારી હોય છે. વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રકારની ફી મંડળ દ્વારા ઉઘરાવવામાં આવે છે.

**(3) પૂર્ણ કે અંશતઃ સ્વાયત્તતા :**

- સમાજમાં શિક્ષણ આપવા માટે વ્યક્તિગત રીતે સંસ્થાઓને, ટ્રસ્ટ કે સમાજને પૂર્ણ કે અંશતઃ સ્વાયત્તતા આપવામાં આવતી હોય છે. મંડળ ઘણીવાર સરકાર પાસેથી ગ્રાન્ટ પણ લેતી હોય છે, તેથી તેના પર સરકારનો કાબૂ હોય છે.

**(4) શિક્ષણના વિવિધ તબક્કે પ્રવૃત્તિ :**

- પૂર્વ પ્રાથમિક, નિમ્ન પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એમ શિક્ષણના વિવિધ તબક્કે ખાનગીકરણ પ્રવૃત્ત થયું છે. ટેક્નિકલ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ કે અન્ય કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો કે જેના માટે ખર્ચાળ સુવિધાઓ કરવી પડે છે, તેવા શિક્ષણનું ખાનગીકરણ વધારે પ્રમાણેમાં થયું છે.

## 10.3 શિક્ષણમાં ખાનગીકરણનો વર્તમાન સ્વરૂપ :

- ભારતમાં સરકારની મદદ સાથે ચાલતી ખાનગી શિક્ષણ સંસ્થાઓ અને સરકારની બિલકુલ મદદ વગર ચાલતી ખાનગી શિક્ષણ સંસ્થાઓ, એમ બે પ્રકારે શિક્ષણનું ખાનગીકરણ પ્રસ્તુત છે. આપણે ત્યાં પ્રાથમિક શિક્ષણ માટેની જવાબદારી કેન્દ્ર-રાજ્ય સરકારની કે સ્થાનિક એકમો-પંચાયતની છે, પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ સરકાર સંચાલિત આ શાળાઓ કરતાં ખાનગી શાળાઓ, જે સંપૂર્ણ સ્વાયત્ત છે, તેની પસંદગી વધુ થાય છે. ભારતમાં આ દૃષ્ટિએ ખાનગીકરણ વધતું જાય છે.
- લોકોમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત શાળાઓ વધારે સ્વીકાર્ય છે. લોકો સમજે છે કે સંતાનોના શિક્ષણમાં કરેલું રોકાણ ભવિષ્ય માટેની ઉત્તમ તક પૂરી પાડે છે. આના લીધે પણ પૂર્વ

પ્રાથમિકથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ તેમજ ટેક્નિકલ ઉપરાંત વ્યાવસાયિક શિક્ષણમાં ખાનગીકરણ વધ્યું છે.

- વળી, શિક્ષણની રાષ્ટ્રીય-ઇ.સ.1986 અને તેનો સુધારો -ઇ.સ.1992 એ પણ શિક્ષણમાં ખાનગીકરણની તરફેણ કરી છે. જ્યાં વિદ્યાર્થીઓ શિક્ષણની પૂર્ણ ફી ભરીને પોતાને પસંદ એવા અભ્યાસક્રમોનું શિક્ષણ મેળવે છે.
- અહીં ટેક્નિકલ શિક્ષણની વધતી જતી માંગ, વિદેશમાં જવાની ઘેલછા, વ્યાવસાયિક શિક્ષણમાં નાણાં રોકવાથી થતાં ફાયદા માટેની જાગૃતિ, શિક્ષણની એન્જિનિયરીંગ-મેડિકલ શાખા તરફનો ઝોક, આના લીધે ભારતમાં શિક્ષણનું ખાનગીકરણ વધતું જાય છે. લોકોમાં ઊંચા પગાર માટે, ઊંચી શિક્ષિત પ્રતિભા બનાવીને, ઊંચા સ્થાનવાળો વ્યવસાય, પશ્ચિમી જીવનશૈલી અને ઊંચા જીવનધોરણ માટેના ખ્યાલો પણ શિક્ષણ સંદર્ભે ભારતમાં ખાનગીકરણના સ્વરૂપ પર અસર કરે છે.

## 10.4 રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઇ.સ.1986માં ખાનગીકરણ :

- રાષ્ટ્રના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસનો આધાર કુદરતી સાધનો અને માનવ શક્તિના સુયોગ્ય વૃદ્ધિ-વિકાસ માટે પ્રયોજાતાં શિક્ષણ પર છે.
- અગાઉ આપણે ત્યાં વુડના ખરીતાથી ઢાળેલી શિક્ષણનીતિ પ્રવૃત્ત હતી. સમય જતા દેશ સમક્ષ અનેક પડકારો આવતાં ગયા. આ પડકારોને પહોંચી વળવાના અનેક ઉપાયો પૈકીનો એક ઉપાય શિક્ષણની નીતિ-ઇ.સ.1986 છે.
- હવે એકવીસમી સદીમાં જ્ઞાનનો વિસ્ફોટ, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ, રાષ્ટ્રના પારંપરિક અને સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી સાથે નવાં મૂલ્યોનો સુમેળ, ઉત્પાદનનાં નવાં સાધનો અને પદ્ધતિઓ વિકસાવવાની સમસ્યા, વિકાસની નવી ગતિ સાથે કદમ મિલાવવાની જરૂરિયાત, નવી પેઢીને આ બધી બાબતે સજ્જ કરવાની હિમાયત, તેમનામાં નવા વિચારોનો સ્વીકાર કરાવવો અને સર્જનશીલતાને આત્મસાત કરવાની શક્તિ વિકસાવવી, તેમને માનવ મૂલ્યો અને સામાજિક ન્યાય માટે તૈયાર કરવા, આ માટે શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-ઇ.સ.1986 એ પણ શિક્ષણમાં ખાનગીકરણની તરફેણ કરી છે.
- રાષ્ટ્રના બહુ આયામી વિકાસ માટે આ શિક્ષણનીતિમાં ઔદ્યોગિકીકરણની સ્થાપના માટે લેબોરેટરી, લાઈબ્રેરી, અન્ય સવલતો માટે શિક્ષણમાં સમાજની ભાગીદારી માટે, શિક્ષણના ખાસ પ્રોજેક્ટ્સ પાર પાડવા માટે, શિક્ષણ સંસ્થાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગને પહોંચી વળવા માટે ખાનગીકરણની ભલામણ કરી છે. તેના થકી શિક્ષણમાં વ્યાવસાયીકરણ, નમૂનારૂપ શાળાઓ, સંપન્ન શાળા કાર્યક્રમો, શિક્ષણના વિવિધ પ્રવાહો થકી શિક્ષણમાં ખાનગીકરણ પ્રસ્તુત બન્યું છે.

## 10.5 શિક્ષણના સંદર્ભે ખાનગીકરણનો મધ્યમ માર્ગ :

- શિક્ષણના પૂર્ણ ખાનગીકરણને બદલે, રાજ્યની આર્થિક મદદ સાથેની ખાનગી સંસ્થાઓ, શિક્ષણની ગુણવત્તાને ધ્યાનમાં રાખશે તો પરિણામ સારું મળશે, જ્યાં સુધી ટેક્નિકલ શિક્ષણને સંબંધ છે ત્યાં ખાનગીકરણ અને અન્ય અભ્યાસક્રમમાં સરકારની મદદ સાથેની સંસ્થાઓ ઉત્તમ પરિણામ લાવી શકે.
- ખાનગી સંસ્થાઓ માટે પણ સરકારના કેટલાંક અંકુશો જરૂરી છે. પ્રાથમિકથી ઉચ્ચ સ્તરે શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારની છે. ખાનગીકરણની વિચારધારા એ રાજ્યની જવાબદારી હળવી કરવાનો વિચાર ગણાય.
- વિશ્વમાં ઉચ્ચ શિક્ષણ આપનારી બહુ ઓછી સંસ્થાએ ખાનગીકરણને સ્વીકાર્યું છે, એટલે આપણો મધ્યમ માર્ગ એ હોય કે ટેક્નિકલ શિક્ષણ સિવાયના અભ્યાસક્રમો કે જ્યાં વ્યક્તિના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય નિર્માણનું ઘડતર કરવાનું છે, જ્યાં વ્યાવસાયિકને બદલે સાહિત્યિક

વિષયોનું શિક્ષણ આપવાનું છે, ત્યાં સરકારની મદદ સાથેની અને સરકારના અંકુશ સાથેની શિક્ષણ સંસ્થાઓ જરૂરી છે.

## 10.6 ભારતમાં શિક્ષણના ખાનગીકરણના શૈક્ષણિક ફલિતાર્થો :

- **માનવીની પાયાની ચાર જરૂરિયાતો :**

ખોરાક | રહેઠાણ | કપડાં | શિક્ષણ

ઉપરની ચાર પાયાની જરૂરિયાતો પૂરી પાડવાની નૈતિક જવાબદારી જે તે સરકારની છે. લોકશાહી દેશ ભારતમાં પોતાના હક અને ફરજ વિશે સભાન હોય એવા નાગરિકોની જરૂર છે. જેને તે માટે તૈયાર કરવાનું કામ શિક્ષણનું છે.

- જે દેશનો સમાજ શિક્ષિત હોય એ દેશનો વિકાસ ઝડપથી થાય છે. આ માટે સરકાર પહોંચી વળે નહીં ત્યાં શિક્ષણનું ખાનગીકરણ કામિયાબ બન્યું છે. આમાં ખાનગી સંસ્થાઓ, મિશનરીઓ, ધાર્મિક સંગઠનો અને ખાનગી એકમો સરકારની જવાબદારીમાં ભાગીદાર બન્યાં.
- શિક્ષણ સામાન્ય જનસમુદાય માટે જ નહીં પણ જે તે ક્ષેત્રમાં નિષ્ણાતો તૈયાર કરવા માટેનું બની રહ્યું, તેથી કૌશલ્યલક્ષી, વ્યવસાયલક્ષી શિક્ષણનું મહત્ત્વ વધ્યું, જેની જવાબદારીમાં શિક્ષણનું ખાનગીકરણ એક ઉપાય છે.
- ઔદ્યોગિકીકરણ અને પસંદગી એકમોના ઝડપી વિકાસને અનુરૂપ શિક્ષણ માટે સરકારની રાહ જોવા કરતાં શિક્ષણમાં ખાનગીકરણનો વિચાર વધુ અસરકાર બન્યો. તે માટેની આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે, તેથી શિક્ષણમાં ખાનગીકરણ જરૂરી છે. સરકારના હસ્તક્ષેપ વગર શિક્ષણ માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, વ્યવસ્થાપન, નફા-નુકસાન જેવી બાબતો વગેરે તમામ સ્તરે સ્વાયત્તતા હોવાથી સંચાલનમાં ખાનગી શિક્ષણ સંસ્થાઓની અસરકારકતા ઊભી કરી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં બહુવિધ બુદ્ધિની ક્ષમતા વિકસાવે તેવા શિક્ષણનો થતો વધારાનો સમય, તે માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તે માટેના તજ્જ્ઞો વગેરેનું વ્યવસ્થાપન ખાનગીકરણ દ્વારા શક્ય બનાવી શકાય, અસરકારક બનાવી શકાય.
- ભારતમાં શિક્ષણના ખાનગીકરણના શૈક્ષણિક ફલિતાર્થો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

**(1) પાયાની જરૂરિયાત સંતોષવા :**

- માનવીની પાયાની ચાર જરૂરિયાતો સંતોષવા જરૂરી છે. દા.ત. ખોરાક, રહેઠાણ, કપડાં અને શિક્ષણ વગેરે.

**(2) હક અને ફરજ વિષે સમાન બનાવવાં :**

- લોકશાહી દેશ-ભારતમાં પોતાના હક અને ફરજ વિશે સભાન હોય એવા નાગરિકોની જરૂર છે. જેને તે માટે તૈયાર કરવાનું કામ શિક્ષણનું છે.

**(3) ઝડપી વિકાસ કરવા :**

- જે દેશનો સમાજ શિક્ષિત હોય એ દેશનો વિકાસ ઝડપથી થાય છે. આ માટે સરકાર પહોંચી વળે નહીં ત્યાં શિક્ષણનું ખાનગીકરણ કામિયાબ બન્યું છે. આમાં ખાનગી સંસ્થાઓ, મિશનરીઓ, ધાર્મિક સંગઠનો અને ખાનગી એકમો સરકારની જવાબદારીમાં ભાગીદાર બન્યાં.

**(4) સરકારની જવાબદારીમાં ભાગીદાર બનવા :**

- સરકાર પોતાની જવાબદારીમાં પહોંચી ન શકે, સરકારની જવાબદારીમાં ભાગીદાર બનવા માટે શિક્ષણમાં ખાનગીકરણની જરૂર છે.

**(5) નિષ્ણાતો તૈયાર કરવાં :**

- શિક્ષણ સામાન્ય જનસમુદાય માટે જ નહીં પણ જે તે ક્ષેત્રમાં નિષ્ણાતો તૈયાર કરવા માટેનું

બની રહ્યું. તેથી કૌશલ્યલક્ષી-વ્યાવસાયલક્ષી શિક્ષણનું મહત્ત્વ વધ્યું. જેની જવાબદારીમાં શિક્ષણનું ખાનગીકરણ એક ઉપાય છે.

**(6) કૌશલ્યલક્ષી શિક્ષણની જરૂર :**

- ઔદ્યોગિકીકરણના વિકાસ માટે કૌશલ્યલક્ષી વ્યક્તિની જરૂર પડે. જે શિક્ષણનું ખાનગીકરણ થવાથી, જરૂરિયાત પ્રમાણે વ્યક્તિઓ તૈયાર કરી શકે.

**(7) ઔદ્યોગિકીકરણનો વિકાસ કરવા :**

- ઔદ્યોગિકીકરણનો વિકાસ કરવા નિષ્ણાત વ્યક્તિની જરૂર પડે, જે શિક્ષણનું ખાનગીકરણ થવાથી, જરૂરિયાત પ્રમાણે વ્યક્તિઓ તૈયાર કરી શકે.

**(8) આર્થિક જવાબદારી :**

- ઔદ્યોગિકીકરણ અને ધંધાદારી એકમોના ઝડપી વિકાસને અનુરૂપ શિક્ષણ માટે સરકારની રાહ જોવા કરતાં, શિક્ષણમાં ખાનગીકરણનો વિચાર વધુ અસરકારક બન્યો તે માટેની આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે, તેથી શિક્ષણમાં ખાનગીકરણ જરૂરી છે.

**(9) ખાનગી શિક્ષણ અસરકારક બનાવવા :**

- સરકારના હસ્તક્ષેપ વગર શિક્ષણ માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, વ્યવસ્થાપન, નફા-નુકસાન જેવી બાબતો વગેરે તમામ સ્તરે સ્વાયત્તતા હોવાથી સંચાલનમાં ખાનગી શિક્ષણ સંસ્થાઓની અસરકારકતા ઊભી કરી શકાય છે.

**(10) ભૌતિક સગવડતા ઊભી કરવા :**

- વિદ્યાર્થીઓમાં બહુવિધ બુદ્ધિની ક્ષમતા વિકસાવે તેવા શિક્ષણના કાર્યક્રમો માટે, કરવાનો થતો ખર્ચ, તે માટે આપવાનો થતો વધારાનો સમય, ભૌતિક સગવડતા, તજજ્ઞો વગેરેનું વ્યવસ્થાપન ખાનગીકરણ દ્વારા શક્ય બનાવી શકાય, અસરકારક બનાવી શકાય.

## 10.7 ભારતમાં શિક્ષણનું ખાનગીકરણ :

**એક ચર્ચાસ્પદ મુદ્દો :**

- ભારતમાં શાળાકીય અને ઉચ્ચ શિક્ષણની જવાબદારી રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે વહેંચાયેલી છે. શિક્ષણપંચો રચવાં, શિક્ષણનાં પ્રશ્નો ઉકેલવા, પંચવર્ષીય યોજનાઓમાં શિક્ષણ માટે નાણાં ફાળવવાં, શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ઘડવી, શિક્ષક સજ્જતા માટેના તાલીમ વર્ગો યોજવા, શિક્ષણના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષમ સમિતિઓ સાથે સંપર્ક રાખવો, વગેરે જવાબદારી સરકારની હોય તો પછી, સમાજમાંના શિક્ષણને ખાનગી સંસ્થાઓના હાથમાં સોંપી દેવું ચર્ચાસ્પદ છે.
- શિક્ષણની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાનાં નાણાં કે આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે, તેથી શિક્ષણ ખાનગીકરણનો મુદ્દો ચર્ચાસ્પદ રહ્યો છે.
- લોકશાહી સમાજમાં, શિક્ષણ પૂરું પાડવાની નૈતિક જવાબદારી સરકારની છે.
- લોકોને પોતાના હક અને ફરજ વિશે સભાન કરવાં, તે માટે શિક્ષિત નાગરિકો તૈયાર કરવા, શિક્ષિત સમાજ થકી દેશનો ઝડપી વિકાસ કરવો વગેરે બાબતથી સરકાર શિક્ષણને પોતાની નૈતિક જવાબદારી સમજીને તેનું વહન કરે તે લોકશાહી રાષ્ટ્ર માટે જરૂરી છે, તેથી સરકારના હસ્તક્ષેપ વગરનું શિક્ષણ-ખાનગીકરણ એ ચર્ચાસ્પદ મુદ્દો છે.
- આપણા લોકશાહી બંધારણ અનુસાર સૌને સમાન શિક્ષણની તકનો, વિચાર કરીએ તો ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીએ, શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરવાની હોવાથી ત્યાંનું ઊંચું ફી ધોરણ, આર્થિક મંદ વિદ્યાર્થીને પોસાય નહીં.
- સમાજમાં આર્થિક અસમાનતા છે, તેથી ભણવા માટે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે, તેના પરિણામે વ્યવસાયમાં પણ અસમાન ખાનગીકરણથી શિક્ષણનો હક માત્ર શ્રીમંતો માટે જ રહે છે.

**પ્રશ્નો :**

(1) જવાબદારી ખાનગી સંસ્થાઓને આપવી :

- ભારતમાં શાળાકીય અને ઉચ્ચ શિક્ષણની જવાબદારી રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે વહેંચાયેલી છે. સંપૂર્ણ જવાબદારી સરકારની હોય તો શા માટે ખાનગી સંસ્થાઓને જવાબદારી આપવી ?

**(2) જવાબદારી વહન કરવાની જવાબદારી :**

- જવાબદારી વહન કરવાની જવાબદારી સરકારની હોય તો, શા માટે બધી જ જવાબદારી ખાનગી સંસ્થાઓને આપવી? શિક્ષણની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાનાં નાણાં કે આર્થિક જવાબદારી વહન કરવાની સરકારની છે, સરકાર વહન કરવાની જવાબદારીમાંથી કેમ છટકી શકે ?

**(3) નૈતિક જવાબદારી :**

- લોકશાહી સમાજમાં શિક્ષણ પૂરું પાડવાની નૈતિક જવાબદારી સરકારની છે. લોકોને પોતાના હક અને ફરજ વિશે સભાન કરવા, તે માટે શિક્ષિત નાગરિકો તૈયાર કરવાં, શિક્ષિત સમાજ થકી દેશનો ઝડપી વિકાસ કરવો, વગેરે બાબતથી સરકાર, શિક્ષણને પોતાની નૈતિક જવાબદારી સમજીને તેનું વહન કરે તે લોકશાહી રાષ્ટ્ર માટે જરૂરી છે. તેથી સરકારના હસ્તક્ષેપ વગરનું શિક્ષણ, ખાનગીકરણ એ ચર્ચાસ્પદ મુદ્દો છે.

**(4) સમાજમાં આર્થિક અસમાનતા :**

- આપણા લોકશાહી બંધારણ અનુસાર સૌને સમાન શિક્ષણની તકનો વિચાર કરીએ તો ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીએ પોતે શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરવાની હોવાથી ત્યાંનું ફી-ધોરણ આર્થિક મંદ વિદ્યાર્થીને પોસાય નહીં. સમાજમાં આર્થિક અસમાનતા છે.

**(5) વ્યવસાયમાં અસમાન તકો :**

- સમાજમાં આર્થિક અસમાનતા છે, તેથી ભણવા માટે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભી થાય છે. તેના પરિણામે વ્યવસાયમાં પણ અસમાન તકો ઊભી થાય છે. આપણા ભારતમાં શિક્ષમના ખાનગીકરણનો ચર્ચાસ્પદ મુદ્દો બન્યો છે.

**(6) શિક્ષણનો હક માત્ર શ્રીમંતો પાસે :**

- સરકાર પાસે શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ કરવાની જવાબદારી છે. આ હક પોતાની પાસેથી ખાનગી સંસ્થાઓને સોંપવાથી, શ્રીમંતો પાસે સંપૂર્ણ હક જતા કરવા પડે છે. સરકાર પોતાની જવાબદારી કેમ ઘટાડવા માગે છે તે ચર્ચાસ્પદ મુદ્દો છે.

## 10.8 સારાંશ :

- આપણે ત્યાં શાળાકીય અને ઉચ્ચ શિક્ષણની જવાબદારી રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે વહેંચાયેલી હતી, પરંતુ સમયની માંગ અને તેને પહોંચી વળવા માટે પરિવર્તન આવશ્યક છે. શિક્ષણ માટે ફાળવવાનાં નાણાં કે આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે તેથી શિક્ષણમાં સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓને સરકાર દ્વારા તે જવાબદારી નિભાવવા માટે સ્વાયત્તતા આપવામાં આવે છે.
- આ પ્રકારની સંસ્થાઓમાં સુવિધા સંપન્ન શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. તેનાથી આકર્ષાઈને શ્રીમંત વર્ગના લોકો પોતાના સંતાનો માટે, ત્યાં ઊંચી ફી ભરીને શિક્ષણ પ્રાપ્ત કરાવે છે.
- આ સ્વનિર્ભર સંસ્થાઓમાં પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ટેક્નિકલ કે અન્ય વ્યાવસાયિક શિક્ષણ માટે પણ ખાસ સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે.
- આ સંસ્થાઓમાં શિક્ષણ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મોંઘી સુવિધા અને ગુણવત્તા માટેનાં માધ્યમોની વ્યવસ્થા ખર્ચાળ હોવા છતાં તે ઉપલબ્ધ થાય છે. ત્યાં ભણનારાઓ શિક્ષણની પૂર્ણ કિંમત ભરપાઈ કરતાં હોય છે. તેથી આ પ્રકારની સંસ્થાઓ શિક્ષણ કાર્યની અસરકારકતા જાળવવા

સતત પ્રયત્નશીલ હોય છે.

- અલબત્ત આમાં શોષણ અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે તેવી પણ શક્યતાઓ રહેલી છે. વિદ્યાર્થી પ્રવેશની પ્રક્રિયાથી માંડીને, પરીક્ષણ-મૂલ્યાંકન સુધી જો બાહ્ય અંકુશનો અભાવ હોય તો અનુચીત રીતિનીતિ ઊભી થવાની દહેશત છે.

## 10.9 એકમ સ્વાધ્યાય :

**(1) ટૂંકમાં ઉત્તર આપો :**

(1) શિક્ષણના ખાનગીકરણથી સરકારને આર્થિક દૃષ્ટિએ કયો ફાયદો છે ?

(2) શિક્ષણના ખાનગીકરણથી વિદ્યાર્થી ભેદમાં ભય કઈ રીતે રહે છે ?

(3) કયા પ્રકારના શિક્ષણ માટે ખાનગીકરણનો વિચાર મધ્યમ માર્ગ ગણાય ?

(4) શિક્ષણમાં ખાનગીકરણ એટલે શું ?

(5) ખાનગીકરણના ઉદ્દેશો કયા કયા છે તે જણાવો.

(6) ખાનગીકરણમાં ઔદ્યોગિક એકમ તરીકેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(7) શિક્ષણમાં ખાનગીકરણ અંગે સ્વાયત્તતા કઈ બાબતે હોય છે ?

(8) સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓથી શિક્ષણમાં કયા ભય સ્થાનો છે ?

(9) ખાનગીકરણની સંકલ્પના શી છે ?

(10) ખાનગીકરણની કોઈ પણ એક વ્યાખ્યા લખો.

(11) શિક્ષણમાં ખાનગીકરણથી ઊભાં થનાર કોઈપણ એક પ્રશ્નની રજૂઆત કરો.

**(2) મુદ્દાસર ઉત્તર આપો :**

(1) ખાનગીકરણની શિક્ષણ પર અસર ચર્ચો.

(2) ભારતના સંદર્ભમાં શિક્ષણનું ખાનગીકરણ કરવા સમજાવો.

(3) આપણા સમાજવાદી રાષ્ટ્રના સંદર્ભે શિક્ષણમાં ખાનગીકરણના ભયસ્થાનો વર્ણવો.

(4) શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ સમજાવો.

(5) સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ વિશે વર્ણવો.

(6) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના સંદર્ભે શિક્ષણમાં ખાનગીકરણ સમજાવો.

(7) શિક્ષણમાં ખાનગીકરણનાં પ્રવર્તમાન દૂષણો વિશે ચર્ચા કરો.

(8) ભારતમાં શિક્ષણના ખાનગીકરણના શૈક્ષણિક ફલિતાર્થો જણાવો.

(9) ભારતમાં શિક્ષણના ખાનગીકરણના ચર્ચાસ્પદ મુદ્દાઓ વર્ણવો.

**(3) બહુવિકલ્પ પ્રશ્નો :**

- આપેલ વિધાન માટે નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો :

(1) ભારતમાં ખાનગીકરણની શરૂઆત ક્યારે થઈ ?

(1) ઈ.સ. 2000માં (2) ઈ.સ. 1998માં

(3) ઈ.સ. 1989માં (4) ઈ.સ. 1999માં

(2) ખાનગીકરણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(1) જાહેર વિભાગના એકમોની કાર્યક્ષમતા સુધારવાનો છે

(2) ખાનગી વિભાગના એકમોની નફાકારકતા વધારવાનો છે

(3) ખાનગી વિભાગના એકમોનો વિકાસ કરવાનો છે

(4) નિકાસોમાં વધારો કરવાનો છે

(3) ખાનગીકરણની હકારાત્મક અસર કઈ છે ?

(1) મૂડીરોકાણમાં વધારો (2) ઓછા ભાવે વસ્તુ મળે

(3) મૂડીરોકાણમાં ઘટાડો (4) સારી સગવડતા મળે

(4) ખાનગીકરણની નકારાત્મક અસર કઈ છે ?

(1) કામદારોના શોષણમાં વધારો (2) શોષણમાં ઘટાડો

(3) સારી વસ્તુ મળશે (4) ઓછું કામ કરવું પડે

(5) ખાનગીકરણની હકારાત્મક અસર કઈ છે ?

(1) ગુણવત્તામાં સુધારો (2) ગુણવત્તામાં ઘટાડો

(3) રોજગારીમાં વધારો (4) ઉત્પાદનમાં ઘટાડો

## 10.10 તમારી પ્રગતિને ચકાસો :

(1) ખાનગીકરણમાં ઔદ્યોગિક એકમ તરીકેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) શિક્ષણમાં ખાનગીકરણ અંગે સ્વાયત્તતા કઈ બાબતે હોય છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) સ્વનિર્ભર સંસ્થાઓથી શિક્ષણમાં કયા ભયસ્થાનો છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) સ્વનિર્ભર સંસ્થાઓ વિશે વર્ણવો.

.....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(6) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના સંદર્ભે શિક્ષણમાં ખાનગીકરણ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 10.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) કોઈપણ ઉત્પાદન એકમમાં ઉત્પાદન વિશેની સમગ્ર પ્રક્રિયા તે માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, ઉત્પાદનની કિંમત, નફા-નુકસાન જેવી બાબતો માટે સરકારના હસ્તક્ષેપ વગર તમામ સ્તરે સ્વાયત્તતા હોય એવા સંચાલનના સ્વરૂપને ખાનગીકરણ કહે છે.

(2) ગુપ્તા ઇ.સ.1999ના મતે, જે શિક્ષણમાં પૂર્ણ તથા આર્થિક કે નાણાંકીય સ્વાયત્તતા હોય અને જેમાં સંચાલકો પોતે જ પાઠ્યપુસ્તક, વિષયો, અન્ય શૈક્ષણિક કે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિક્ષણ માટેની તમામ વ્યૂહરચનાઓ અને મૂલ્યાંકનની બાબતમાં સ્વાયત્ત હોય એને શિક્ષણમાં ખાનગીકરણ કહે છે.

(3) સમાજમાં જે ઊંચ-નીચના ભેદ છે, સામાજિક વૈવિધ્ય છે, ભદ્ર અને પછાત સમાજના સ્તરોનું અસ્તિત્વ છે, સામાજિક વર્ગોનું પ્રાધાન્ય છે. આવી વિપરીત પરિસ્થિતિમાં શિક્ષણનું ખાનગીકરણ કરવા અમીર-ગરીબ વચ્ચે પ્રવર્તતા ભેદને વધારશે નહીં ?

(4) ખાનગીકરણની શિક્ષણ પર સારી તેમજ માઠી એમ બંને પ્રકારે અસર થવા પામી છે. તેના લાભ ઘણા છે, પરંતુ સમાજને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી બાબતો પણ તેમાં છે, જેની ચર્ચા નીચે પ્રમાણે છે :

- ઔદ્યોગિકીકરણ અને કોમર્શિયલ એકમોની ઝડપી ગતિશીલતાને લીધે શિક્ષણની સુવિધા માટે નાણાં અને આર્થિક જવાબદારી સરકાર વહન ન કરી શકે ત્યારે શિક્ષણમાં ખાનગીકરણ વડે આ જવાબદારીનું વહન થઈ શકે છે. આના કારણે શિક્ષણ સુવિધા સંપન્ન બને છે. શિક્ષણની સમગ્ર પ્રક્રિયા, તે માટેના નિર્ણયો, પ્રવૃત્તિઓ, આર્થિક બાબતો માટેની સુવિધા અસરકાર બને છે.
- આજે હવે ટેક્નિકલ જાણકારીવાળા માનવબળની જરૂરિયાત ઊભી થવા માંડી છે અને કૌશલ્યલક્ષી વ્યવસાયો મહત્ત્વના બન્યા છે ત્યારે તે માટેનું શિક્ષણ ખર્ચાળ બની જતા આ જવાબદારી ખાનગી સંસ્થાઓ નિભાવવા માટે કટિબદ્ધ છે. જેથી રાષ્ટ્રમાં શિક્ષણની ગુણવત્તા સુધરે છે. સરકાર પરનું ખર્ચનું ભારણ ઘટે છે. ગુણવત્તાની દૃષ્ટિએ સરકાર સંચાલિત શાળાઓ કરતાં ખાનગી શાળાઓની પસંદગી વધુ થાય છે.
- આમ, ખાનગીકરણના શિક્ષણ પર એવી અસર જોવા મળી કે સરકાર સંચાલિત શાળાઓ કરતાં લોકોમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત શાળાઓ વધારે સ્વીકાર્ય છે.
- સમાજમાં આર્થિક અસમાનતા ધરાવતા લોકો છે. શિક્ષણમાં ખાનગીકરણના લીધે વિદ્યાર્થીને મળતી તકોમાં પણ અસમાનતા ઊભા થાય છે. તેથી છેવટે તો વ્યવસાયમાં અસમાન તકોનું ઊભું થાય છે. ખાનગીકરણથી શિક્ષણનો હક માત્ર શ્રીમંતો માટે જ રહે છે.

(5) સ્વનિર્ભર સંસ્થાઓ :

- ભારતના સંદર્ભમાં જોઈએ તો, શાળાકીય અને ઉચ્ચ શિક્ષણની જવાબદારી રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે વહેંચાયેલી હોય છે. જોકે, આ સાથે મિશનરીઓ, કેટલીક ખાનગી સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો અને ખાનગી એકમો શિક્ષણનું કાર્ય કરે છે. છતાં શિક્ષણ પંચો રચવો, શિક્ષણના પ્રશ્નો ઉકેલવા, પંચવર્ષીય યોજનાઓમાં શિક્ષણ માટે નાણાં ફાળવવા, શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ઘડવી, શિક્ષણ સજ્જતા માટેના તાલીમ વર્ગો યોજવા, શિક્ષણના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણ સમિતિઓ સાથે સંપર્ક રાખવો, વગેરે જવાબદારી સરકારની છે.
- જુદાં જુદાં દેશોમાં સરકારની નીતિ અને સમાજમાં શિક્ષણની જરૂરિયાત પ્રમાણે શિક્ષણનું ખાનગીકરણ નક્કી થાય છે. ભારતની પરિસ્થિતિ પ્રમાણે શિક્ષણ સંપૂર્ણપણે સરકાર દ્વારા, ખાનગી એકમો પણ સરકારની મદદ સાથે ચાલતી સંસ્થાઓ અને ખાનગી એકમો સરકારની બિલકુલ મદદ વગર ચાલતી સંસ્થાઓ એમ ત્રણ પ્રકારની સ્થિતિ છે.
- અહીં ખાનગીકરણ વધારે જોવા મળે છે. સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓ વધતી જાય છે, તેના ઉપલક્ષ્યમાં ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણનો વ્યાપ પણ વધી રહ્યો છે.

(6) રાષ્ટ્રીય શિક્ષણનીતિ -ઈ.સ.1986 :

- આઝાદી મળ્યા પછીનાં આટલાં વર્ષો ગયા પણ સરકાર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારી શકી નથી. વાંચન-લેખન-ગણનમાં આ વિદ્યાર્થીઓ નબળા જણાય છે. પાયાનું શિક્ષણ નબળું રહેવા પામે છે ત્યારે આ માટે શિક્ષણના ખાનગીકરણ તરફનો ઝોક વધે નહીં, શિક્ષણનું ખાનગીકરણ દરેકને પોસાય ખરું ?
- સમાજમાં જે ઊંચ-નીચના ભેદ છે. સામાજિક વૈવિધ્ય છે. ભદ્ર અને પછાત સમાજના સ્તરોનું અસ્તિત્વ છે, સામાજિક વર્ગોનું પ્રાધાન્ય છે. આવી વિપરીત પરિસ્થિતિમાં શિક્ષણનું ખાનગીકરણ અમીર-ગરીબ વચ્ચે પ્રવર્તતા ભેદને વધારશે નહીં ?
- સમાજમાં ઉન્નત, મધ્યમ અને નિમ્ન આવક ધરાવતાં લોકોનું વર્ગીકરણ જોવા મળે છે, જે આર્થિક દષ્ટિએ સમૃદ્ધ હશે એ જ શિક્ષણથી સમૃદ્ધ બનશે, બીજાંને અન્યાય નહીં થાય ?
- ટ્રસ્ટીઓ, સંચાલકો વગેરે એવી જગ્યાએ શાળા સ્થાપશે કે જ્યાં ઊંચી ફી ભરી શકનારા વિદ્યાર્થીઓ વધારે હોય ત્યારે પછાત વિસ્તારના અને આર્થિક મંદ વિદ્યાર્થીઓના શિક્ષણનું શું ?
- વિદ્યાર્થી પ્રવેશ, કર્મચારી ભરતી, પરીક્ષણ અને મૂલ્યાંકન, નફાખોરી જેવી બાબતે ખાનગી સંસ્થાઓ પર બાહ્ય અંકુશના અભાવે શિક્ષણમાં શોષણ અને ભ્રષ્ટાચારને રોકવા માટે શું ?
- આપણું રાષ્ટ્ર સમાજવાદી સમાજ વ્યવસ્થા ધરાવે છે. અહીં શિક્ષણમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, વ્યક્તિ સન્માન અને સામાજિક ન્યાયના બંધારણીય મૂલ્યોનો સ્વીકાર થયો છે. ત્યારે ખાનગીકરણ અંગે પ્રશ્નો ઊભાં થશે.

## 10.12 સૂચિત વાંચન સામગ્રી :


(1) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ

(3) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ

(4) ઠાકર એમ. તથા અન્ય : શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(5) શાહ રમેશ પી. : સ્વનિર્ભર કૉલેજો, દષ્ટિ ફાઉન્ડેશન, અમદાવાદ.

એકમ 11

# માનવ અધિકારોનું શિક્ષણ-1

## : રૂપરેખા :

11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 માનવ અધિકારોનો અર્થ
11.3 માનવ અધિકારની સંકલ્પના
11.4 માનવ અધિકારોની લાક્ષણિકતાઓ
11.5 રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો
11.6 માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર
11.7 માનવ અધિકારોના પ્રકારો
11.8 માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ
11.9 માનવ અધિકારો માટેના શિક્ષણના ઉદ્દેશો
11.10 માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ
11.11 સારાંશ
11.12 એકમ સ્વાધ્યાય
11.13 તમારી પ્રગતિ ચકાસો
11.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
11.15 સૂચિત વાંચન સામગ્રી

## 11.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) માનવ અધિકારોનો અર્થ સમજી શકશો.

(2) માનવ અધિકારની સંકલ્પના સમજી શકશો.

(3) માનવ અધિકારોની લાક્ષણિકતાઓની ચર્ચા કરી શકશો.

(4) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યોની ચર્ચા કરી શકશો.

(5) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર સમજી શકશો.

(6) માનવ અધિકારોના પ્રકારોની ચર્ચા કરી શકશો.

(7) માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.

(8) માનવ અધિકારો માટેના શિક્ષણના ઉદ્દેશો સમજી શકશો.

(9) માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ સમજી શકશો.

## 11.1 પ્રસ્તાવના :

- માણસનું સર્જન ઈશ્વરની એક અદ્‌ભુત યોજનાનો ચમત્કાર છે. ઈશ્વરે આ પૃથ્વી પર સૃષ્ટિમાં માનવનું સર્જન કરી તેને સમગ્ર સૃષ્ટિની રખેવાળી સોંપી. તેના હૃદયમાં ઈશ્વરે ડહાપણરૂપે સ્થાન લઈને સાચું, ખોટું પારખવાની શક્તિ આપી અને તે ન્યાય અન્યાયનો ભેદ સમજતો થયો.
- શાંતિ, સુરક્ષા અને ન્યાયની ઝંખનામાંથી કુટુંબ-કબીલાં અને સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં

આવી. છેવટે રાજ્યરૂપી મહાકાય સંસ્થા અસ્તિત્વમાં આવી. સભ્ય સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલાં મૂલ્યો, આદર્શોએ કાયદાની દેન આપી. સત્તા અને શાસન વ્યવસ્થા ટકાવી રાખવા એ જ માણસે, માણસો પર જુલ્મો આદર્યા અને તેના વિકરાળ પરિણામોએ જ ફરીથી માણસને ઢંઢોળ્યો અને સાચું ખોટું પારખવાની એ સૂઝમાંથી માણસ તરીકે કુદરતી રીતે મળેલાં અધિકારોનાં રક્ષણનો વિચાર એક ક્રાંતિમાં ફેરવાઈ ગયો.

- માનવ અધિકારોની આ વિકાસ ગાથા વિશ્વના ખૂણે ખૂણે વિવિધ સભ્ય વ્યવસ્થાઓમાં વણાયેલી છે.
- દરેકનો આગવો ઈતિહાસ છે અને દરેકના આગવા આદર્શો છે. દરેકે તેને વિભિન્નરૂપે વર્ણવવા અને ઓળખવા પ્રયાસ કર્યો છે. માણસના કુદરતી અધિકારોની, આ વિકાસ ગાથાનો પ્રારંભ, અર્થ અને વ્યાખ્યાથી કરીએ.
- સજીવ તરીકે માનવને પોતાના મૂળભૂત અધિકારો છે. માનવ માટે જેમ જીવન જીવવાનો અધિકાર છે તેમ શિક્ષણનો પણ અધિકાર છે. જીવનનો અધિકાર અને વ્યક્તિગત ગૌરવની ખાતરી તો શિક્ષણના અધિકારનો પૂર્ણપણે અમલ કરવાથી જ થાય. કારણ કે શિક્ષણથી માનવ વિકાસની મહત્તા પ્રાપ્ત થાય છે, તેથી પ્રત્યેક નાગરિકને શિક્ષણના અધિકાર ની તાતી જરૂરિયાત છે.
- શિક્ષણના અધિકારને પ્રગટપણે મૂળભૂત અધિકાર તરીકે ક્યાંય વર્ણવવામાં આવ્યો નથી. તેમ છતાં માનવ જીવનમાં ખાતરી પામેલાં મૂળભૂત અધિકાર તરીકે ગણવામાં આવ્યો છે. દરેકના વૈયક્તિક જીવનના મૂળભૂત અધિકાર સાથે આ અધિકાર ગાઢ રીતે સંકળાયેલો છે. માણસના બૌદ્ધિક જીવન અને રાષ્ટ્રના બંધારણ સંદર્ભે માનવ જીવનની અંદર શિક્ષણ સમાવિષ્ટ છે.

## 11.2 માનવ અધિકારનો અર્થ : (Meaning of Human Rights)

(1) માનવ જીવનને અર્થપૂર્ણ, સંતોષજનક અને ગૌરવવંત બનાવે તેવા મુખ્ય અધિકારો અને તેવા પ્રકારના સ્વાતંત્ર્યને માનવ અધિકાર કહી શકાય. માનવ જે તક મેળવવા માટે સક્ષમ છે તે તક તેને મળે, ભયથી મુક્તિ મળે, તેના પોતાના અધિકારો ઝુટવાય નહીં તેવી મૂળભૂત આકાંક્ષાઓ છે. તેથી ઘણીવાર માનવ અધિકારોને કુદરતી અધિકારો (Natural Rights) કહેવાય છે.

(2) માનવના એક માનવ તરીકેના અધિકારો, નાગરિક અધિકારો રાજ્ય આપે છે, પણ આ માનવ અધિકારો માણસના કુદરતી અધિકારો મનાયા છે, એમ કહીએ કે તે ઈશ્વરદાતા છે.

(3) માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતાં અધિકારોનો સમૂહ.

- માનવ તરીકે જિંદગી જીવવા માટે માણસને કુદરતે આપેલાં મૂળભૂત આવશ્યક અધિકારોને માનવ અધિકારો ગણવામાં આવે છે. વૈશ્વિક સ્તરે થયેલી ઘોષણાને નજર સમક્ષ રાખીને એવું કહી શકાય કે માનવ અધિકારો એટલે માણસ તરીકે જીવન જીવવા માટે જરૂરી એવાં લઘુત્તમ અધિકારો.
- આ અધિકારો માણસને જીવનનો સંતોષ અને અર્થપૂર્ણ જીવનની ખાત્રી આપે છે. જીવનનું મહત્તમ લક્ષ્ય સિદ્ધ કરવા માટે ભયથી મુક્ત અને તકથી વંચિત ન કરી શકાય તેવાં અને નાબૂદ ન થઈ શકે તેવાં અધિકારો પૂરાં પાડે છે. આ અધિકારો ઈશ્વરે આપ્યાં છે અને માનવીને પોતાના જન્મની સાથે જ આપ્યા છે. આ આંતરરાષ્ટ્રીય અધિકારો છે. માણસ તરીકે પોતે દુનિયામાં કોઈપણ સ્થળે જાય તો પણ તેને ઉપલબ્ધ બને છે.
- પ્રત્યેક વ્યક્તિને શિક્ષણ મળે, તે તેનો અધિકાર બને, તે માટે હવે વિશ્વ ચિંતિત બન્યું છે. કારણ કે શિક્ષણને માનવના જીવતા જીવન સાથે સંબંધ છે, એટલે શિક્ષણથી માણસ વંચિત રહી જાય તે કેમ પરવડે ?
- શિક્ષણ જ માણસને પોતાના જીવતા જીવન માટેના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવી શકે, તેનું જતન કરાવી શકે અને જીવનમાં તેને પ્રયોજી શકે, તેથી માનવ અધિકારો અને શિક્ષણનો અનુબંધ સાધવાનો છે.

- વિવિધ જગ્યાએ વિવિધ પરિણામોને લક્ષમાં રાખીને માનવ અધિકારોની વ્યાખ્યાઓ કરવામાં આવી છે. જેની યાદી નીચે મુજબ બનાવી શકાય.

## 11.3 માનવ અધિકારની સંકલ્પના : (Concept of Human Right)

- માનવ અધિકારો એ એવા અધિકારો છે કે જે આપણી પ્રકૃતિ કે સ્વભાવમાં નિહિત છે. તેથી માનવ અધિકારોને જન્મદાતા કહી શકાય. માણસનું સર્જન ઈશ્વરની એક દેન છે. માણસનું સર્જન ઈશ્વરે પોતાની પ્રતિકૃતિ રૂપે કરેલ છે. ઈશ્વરે સૃષ્ટિ સોંપી તેનો ભોગવટો અને રક્ષણની જવાબદારી પણ સોંપી હતી.
- માણસમાં પણ માણસ પર સત્તા જમાવવાની યોજનાઓ ઘડાતી હતી. અમલી બનતી રહી. તેમની સામે ક્રાંતિ અને સત્યાગ્રહો થયાં. માણસ પોતાના અધિકારો માટે માણસ સામે જ લડતો રહ્યો અને તેમાંથી માનવ અધિકારો જેવાં શબ્દો પ્રયોજ્યો.
- માનવ અધિકાર વિના આપણે આપણું જીવન સારી રીતે પસાર કરી શકતા નથી. માનવ અધિકારો, સર્વાંગી વિકાસ માટેની તકો પૂરી પાડે છે.

**વ્યાખ્યાઓ :**

(1) ''માનવ અધિકારો એટલે સરકારની મનસ્વી દખલગીરી કે નિયંત્રણ સામે સ્વતંત્રતા.''

***- રાજકીય શબ્દકોષ***

(2) ''માનવ અધિકાર એટલે એવા અધિકારો કે જે દરેક માનવ ને માનવ હોવાથી મળે છે.''

***- સી. નાસીમા***

(3) ''માનવ અધિકાર એટલે સર્વાંગી એકતાના અધિકાર.'' ***- આર.એસ. પાઠક***

(4) ''માનવ અધિકારોને કોઈ કોઈ વાર મૌલિક અધિકાર કે મૂળ અધિકાર કે કુદરતી અધિકારો તરીકે ઓળખવામાં આવે છે. મૌલિક અધિકારો એવા અધિકારો છે, જેમને કોઈ વ્યવસ્થાતંત્ર દ્વારા છીનવી શકાતાં નથી. કુદરતી અધિકારો પુરુષો અને મહિલાઓ સાથે સંબંધ ધરાવે છે. તે તેમના જન્મ સાથે પ્રાપ્ત થયેલાં છે.'' માનવ અધિકારો કાયદા દ્વારા સ્થાપિત કરી શકાતાં નથી. તે સ્વયંસિદ્ધ છે.'' ***- ફોસેટ***

(5) ''માનવ અધિકારો એટલે ઊંચા દરજ્જાની કાયદાકીય સ્વતંત્રતા કે પાયાની સ્વતંત્રતા, નૈતિક કે ધાર્મિક અધિકારો અને સામાજિક - આર્થિક અધિકારો.'' ***- માર્કે કોરી***

(6) ''સામાજિક જીવનમાં બધા જ ક્ષેત્રોમાં સામાન્ય રીતે ઉપયોગી એવા અધિકારો એટલે માનવ અધિકારો.'' ***- વી.એમ. તારકુંડ***

(7) ''માનવ અધિકારો એ લઘુત્તમ અધિકારો છે, વ્યક્તિને રાજ્ય કે પબ્લિક ઑથોરિટી સામે માનવ કુટુંબના સભ્ય તરીકે કોઈપણ જાતના કોઈપણ અવેજ વગર મળે છે.'' ***ડી.ડી. બાસુ***

(8) ''તમામ માનવજાત હકદાર હોય તેવા કોઈપણ મૂળભૂત અધિકાર અથવા સ્વાતંત્ર્ય અને તે ભોગવતી વેળાએ સરકાર દખલગીરી ન કરે. આ અધિકારોમાં જિંદગી અને સ્વતંત્રતા તેમજ વિચારો અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય અને કાયદા સમક્ષ સમાનતાના અધિકારોનો પણ સમાવેશ થાય છે.''

(9) ''માનવ અધિકારોમાં ન્યાય, સમાનતા છે અને મનસ્વી અને ભેદભાવભરી રીત સામે સ્વાતંત્ર્ય રહેલું છે. શાસકોના હિતોની નીચે તેને મૂકી શકાય નહીં. કોઈપણ વ્યક્તિને ચોક્કસ ધાર્મિક માન્યતા અનુસરવા બળજબરી થઈ શકે નહીં, રાષ્ટ્રીય સાર્વભૌમત્વના નામે માનવ અધિકારોનું ઉલ્લંઘન વ્યાજબી ઠરાવી શકાય નહીં.''

***- ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી બેગ***

(10) ''માનવ અધિકારોનું પોતાનું જ એવું સ્વરૂપ છે કે તેના વગર માનવજાત તરીકે આપણે જિંદગી જીવી શકીએ નહીં.''

***- ભારતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ અને માનવ અધિકાર પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી વેંકટ ચેલૈયા***

(11) ''જે અધિકારો અંગે ભારતના બંધારણો ખાત્રી આપી છે અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓમાં

જેમનો સમાવેશ કરાયો છે અને ભારતની કોર્ટોમાં અમલ કરાવી શકાય છે. તેવા માનવીના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો.''

(12) ''માનવ અધિકારોનું મૂલ્યાંકન અલગથી કરી શકાય નહીં, તેઓને સામાજિક સંદર્ભમાં જ વાંચવાના રહે છે.''

*- શ્રી ગોવિંદ મુખોટી*

(13) ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વી.આર. કૃષ્ણ ઐયરે માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોને અવિભાજ્ય તરીકે ગણાવ્યાં છે અને નાગરિક અને રાજકીય અધિકારો અને સાંસ્કૃતિક અધિકારોનો પૂરેપૂરો સાક્ષાત્કાર કર્યા વગર તે શક્ય બની શકે નહીં. સાક્ષાત્કારની પ્રક્રિયા માટે કાનૂની રાજકીયતા જરૂરી છે, નહીં કે રાજકીય વાદવિવાદ કે રાજદ્વારીય તાળીઓની ગડગડાટી, પરંતુ નિયમ સ્વરૂપની રૂપરેખા જોઈએ.

**માનવ અધિકારો છે શું ?**

- તે માનવ ધર્મ વેદમાં, બુદ્ધના ઉપદેશમાં, બાઈબલમાં, કુરાનમાં, પવિત્ર ગ્રંથોમાં છે અથવા તો માનવ ગૌરવને પ્રાધાન્ય આપતા અન્ય અધિકૃત ઉપદેશકો પાસે છે.
- દરેક માનવ દિવ્ય અંશ છે અને તેને પોતાનું ગૌરવ, સ્વાતંત્રતા, સમાનતા અને અન્ય મૂળભૂત અધિકારો છે. આપણે ઐતિહાસિક અને સામાજિક સંદર્ભથી અલગ રીતે માનવ અધિકારો સમજી શકીએ નહીં કે તેનું મૂલ્યાંકન પણ કરી શકીએ નહીં.
- માત્ર આદર્શો અને ઠાલાં ઉદ્ગારોથી કદાપિ કાંઈ વળવાનું નથી. માનવ અધિકારોનો દરજ્જો આપણને સમાજ જીવનની શૈલી અપાવે છે, તેથી જ ભારતના બંધારણમાં સામાજિક અને માનવીય સ્થિતિઓને નજર સમક્ષ રાખવામાં આવી છે.
- ભારત બહુવિધ સમાજનો બનેલો દેશ છે અને આવી સમાજ વ્યવસ્થામાં માનવ અધિકારોનો ખ્યાલ તદ્દન ભિન્ન અને અનોખું સ્થાન ધરાવે છે.
- માનવ અધિકારો એટલે...

  - માનવને માનવનું ગૌરવ અપાવનારા અધિકારો.
  - માનવજીવનને અર્થપૂર્ણ, સંતોષજનક, ગૌરવવંતુ બનાવનારા અધિકારો.
  - અદાલતો દ્વારા અમલ કરાવી શકાય તેવા અધિકારો
  - વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો
  - આંતરરાષ્ટ્રીય કરારોમાં દર્શાવેલાં અધિકારો
  - માનવીની આશા-આકાંક્ષાઓને સાકાર કરનારાં અધિકારો
  - બંધારણમાં ખાતરી આપેલ અધિકારો

- **માનવ અધિકારોના શિક્ષણની સંકલ્પના :**

  - માનવ અધિકારોનું શિક્ષણ એ સામાજિક પરિવર્તનના સંદર્ભમાં એક સાધન છે, જે ઉદાર માનવ જીવનના સિદ્ધાંતો અને વ્યાવહારિક અનુભવોનો રોજબરોજના જીવનમાં અમલ કરે છે.

- **પોલ માર્ટિન-ઈ.સ.2002 :**

- માનવ અધિકારોનું શિક્ષણ એ વૈશ્વિક કક્ષાએ ચર્ચાતો મુદ્દો છે. અનેક ચિંતકોએ પોતપોતાની રીતે માનવ અધિકારો અને તે અંગેનું શિક્ષણ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.
- માનવ અધિકારોમાં ગુલામીમાંથી સ્વતંત્રતા, હક વિશે સમાનતા, ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતા, રોગ સામે રક્ષણનો અધિકાર, ખોરાક અને પાણીનો અધિકાર, કાયદાકીય સમાનતા, નુકસાની સામે રક્ષણનો અધિકાર, શિક્ષણનો અધિકાર,વાણી સ્વાતંત્ર્ય, જીવન જીવવાના અધિકાર વગેરેનું શિક્ષણ આપવું એટલે માનવ અધિકારોનું શિક્ષણ કહેવાય.
- માનવ સમુદાયના અસ્તિત્વ સાથે જોડાયેલ આ ખ્યાલ આરંભ કાળે વસ્તી અને વ્યવસ્થાના

સંદર્ભમાં માનવ સન્માન-ગૌરવ સાથે જોડાયેલો રહ્યો, પરંતુ સમયાનુસાર વિજ્ઞાન વિચાર અને સામાજિક વિકાસને અનુરૂપ માનવ અધિકારની વિભાવના પણ વિસ્તરવા લાગી.

- પ્રારંભે કુદરતી સિદ્ધાંત આધારિત માનવ જીવન પ્રણાલી હતી. હવે વ્યક્તિના હકોના સંદર્ભમાં તે પ્રણાલી આવવા લાગી.
- હવે કાયદાની સમાનતાને અગ્રતા પ્રાપ્ત થઈ. વિચારકો રૂઢિગત વ્યવસ્થાપન સામે વિરોધ વ્યક્ત કરવા લાગ્યા. તેથી માનવ અધિકારોના સ્વરૂપના વિસ્તાર સંદર્ભે કહેવાયું કે અધિકારો પ્રત્યેક વ્યક્તિને, દરેક પરિસ્થિતિમાં અને યુગમાં મળેલાં જ હોય છે. આના માટે કોઈ વિશેષ નાગરિકો નથી. માનવ અધિકાર સર્વત્ર બધી જ વ્યક્તિઓ મેળવવાનો હકદાર છે.
- કાનૂન-સત્તા દ્વારા અધિકારોની સમાન વહેંચણી એ સમાજ વ્યવસ્થાનો માર્ગ છે. જેને સર્વવ્યાપક શિક્ષણ દ્વારા બૌદ્ધિક સત્તાની ભાગીદારી લાવી અનુકૂલન સાધવાનો માર્ગ કંડારવાના ઉપક્રમે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી બન્યું.

## 11.4 માનવ અધિકારોની લાક્ષણિકતાઓ : (Characteristics of Human Rights)

માનવ અધિકારોની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**(1) જન્મજાત અધિકારો :**

મનુષ્યનો જન્મ થતાં જ માનવ તરીકે મળતાં અધિકારો. આ અધિકારો માણસને કોઈ આપતું નથી. જન્મની સાથે જ પ્રાપ્ત થાય છે. કુદરતી મળેલાં જ છે. માનવ સજાગ હોય તો આ અધિકારોને કોઈ છીનવી શકતું નથી.

**(2) અધિકાર માટે કરારની જરૂર નથી :**

માણસ જન્મની સાથે જ અધિકારો મેળવે છે. આ અધિકારો મેળવવા માટે કોઈ કાનૂની કરારની જરૂર પડતી નથી. આ અધિકારો આપોઆપ પ્રાપ્ત થાય છે.

**(3) કાયમી સ્વરૂપ :**

માનવીને અધિકારો જન્મની સાથે જ મળે છે. કાયમી સ્વરૂપના અધિકારો છે. આ અધિકારો રદ કરી શકાય તેવાં નથી કે તબદીલ પણ કરી શકાય તેવાં નથી.

**(4) સાર્વત્રિક અધિકાર :**

માનવને જન્મની સાથે જ અધિકારો પ્રાપ્ત થાય છે. દેશમાં રહેતા દરેક ધર્મના લોકોને પ્રાપ્ત થાય છે. દરેક મનુષ્યને મળે છે એટલે કે તે સાર્વત્રિક અધિકાર છે, તેનો વ્યાપ દેશ પૂરતો છે.

**(5) માનવ અધિકારોના જુદા જુદા નામો :**

માનવ અધિકારોને જુદાં જુદાં નામો આપવામાં આવેલ છે. તેમજ વિભિન્ન શ્રેણીઓમાં વિભાજીત કરવામાં આવેલ છે. દા.ત. દીવાની, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સ્વરૂપના માનવ અધિકારો.

**(6) સામૂહિક અધિકારો :**

માનવ અધિકારો ફક્ત વ્યક્તિગત જ નથી, પરંતુ સામૂહિક પણ છે.

દા.ત. આદિવાસી પ્રજા તેની ભાષા તેમજ જીવનશૈલી જાળવી રાખવાનો અધિકાર ધરાવે છે.

**(7) સમગ્ર વિશ્વ સામે મળતાં અધિકારો :**

માનવ અધિકારો સમગ્ર વિશ્વ સામે મળતા અધિકારો છે. દા.ત. જીવન જીવવાનો અધિકાર, સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ વિરુદ્ધના અધિકારો વગેરે.

આવા અધિકારો વિશ્વમાં ગમે તે સ્થળે, ગમે તેની સામે મળતાં અધિકારો છે. દા.ત. અમદાવાદના રહીશના આવા અધિકારો તે મુંબઈ, ચેન્નાઈ કે લંડન કે કેનેડાના પ્રવાસ દરમિયાન જે તે રાજ્ય, દેશના સત્તાધીશો કે પોલીસ અધિકારીઓ સામે માનવ અધિકારો મેળવી શકાય છે. માનવ અધિકારો વ્યક્તિને સમગ્ર વિશ્વ સામે મળે છે.

**(8) સમાન અધિકાર :**

બધાં જ માનવો માટે સમાન અધિકાર આપવામાં આવેલ છે. તે કોઈ એક વ્યક્તિ માટે બદલાવી શકતાં નથી.

**(9) શોષણ સામે રક્ષણ :**

માનવ અધિકારો, માનવને શોષણ સામે રક્ષણ આપે છે.

**(10) ભેદભાવ વગર અધિકાર :**

માનવ અધિકારો બધાં માનવોને સાંકળે છે, તેમાં કોઈ ભેદભાવ હોતો નથી.

**(11) સ્વતંત્રતા બક્ષતા અધિકાર :**

માનવ અધિકારો માનવને સ્વતંત્રતા બક્ષે છે. સ્વતંત્રતા વ્યક્તિના વિકાસ માટે છે, પણ બીજાને ભોગે નહીં. વ્યક્તિને વિચાર, વાણી, કાર્યોની સ્વતંત્રતા છે, તેમાં એ પણ ખ્યાલ છે કે સારા વિચારો કરવા, ફેલાવવા, સારી વાણી બોલવી, સારા કાર્યો કરવા, મંડળ-ટ્રસ્ટની રચના કરવી.

**(12) ગૌરવ વધારતાં અધિકારો :**

માનવ અધિકારો બધાં માણસો સમાન રીતે ગૌરવમાં વધારો કરે તેવા અધિકારો આપેલાં છે. તેમાં કોઈ ઊંચ-નીચના ભેદભાવ નથી. ગરીબ-પૈસાદાર એવા ભેદભાવો રાખતાં નથી. સમાજમાં રહેતી વ્યક્તિ સમાન છે, તેમનું ગૌરવ વધારે તેવા અધિકારો આપેલાં છે.

**(13) વિનિમયનો અભાવ :**

માનવ અધિકારોનું વેચાણ કે ફેરબદલી થઈ શકતી નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિને માનવ અધિકારોની ફેરબદલી કરી શકતો નથી. એટલે કે તેમાં વિનિમયનો અભાવ હોય છે.

**(14) કુદરતી અધિકારો :**

દરેક વ્યક્તિને કુદરતી રીતે અધિકારો મળે છે. દરેક વ્યક્તિને વારસામાં મળે છે. વ્યક્તિ એ વ્યક્તિ છે, તેની જાતિ, જ્ઞાતિ, ધર્મ, રાષ્ટ્ર, ભાષા વગેરે જેવી બાબતોને ધ્યાનમાં લેતાં નથી તેવું માનવ અધિકારોથી સ્પષ્ટ થાય છે.

**(5) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો :**

- ભારતના બંધારણમાં ભારતીય નાગરિકો માટેના મૂળભૂત અધિકારોની જોગવાઈઓ વાસ્તવમાં માનવ અધિકારો છે.
- માનવ અધિકારોના રક્ષણના અધિનિયમ,ઇ.સ.1993ની કલમ-3 હેઠળ કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ સત્તામંડળ તરીકે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરવાની સત્તા આપે છે.
- તેના અધ્યક્ષ તરીકે સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું પદ સંભાળી ચૂક્યા હોય તેમને તેમજ સુપ્રીમ કોર્ટના અન્ય વર્તમાન અથવા નિવૃત્ત જજ અને હાઈકોર્ટના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિને તેમની મદદ માટે સભ્યો તરીકે નિમવામાં આવે છે.
- પંચના સભ્યો અને અધ્યક્ષની નિયુક્ત રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે. રાષ્ટ્રપતિ આના માટેની એક સમિતીની ભલામણો દ્વારા આ સમિતીના સભ્યોની નિયુક્તિ કરી શકશે. આ સમિતિમાં નીચેના સભ્યો રહેશે.

(1) ભારતના વડાપ્રધાન - અધ્યક્ષ

(2) લોકસભાના સ્પીકર - સભ્ય

(3) ગૃહ મંત્રાલયના મંત્રી - સભ્ય

(4) લોકસભાના વિરોધ પક્ષના નેતા - સભ્ય

(5) રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા - સભ્ય

(6) રાજ્યસભાના નાયબ અધ્યક્ષ - સભ્ય

- સર્વોચ્ચ અદાલતના ચાલુ ન્યાયમૂર્તિ કે હાઈકોર્ટના સલાહ અને માર્ગદર્શનથી કરવામાં

આવશે. માનવ અધિકાર પંચનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે. કોઈપણ સભ્ય 70 વર્ષથી ઉપરની ઉંમરનો હોવો જોઈએ નહીં. તે 70 વર્ષની વય સુધી કાર્યરત રહી શકે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો નીચે મુજબ છે :

**(1) તપાસ કરવી :**

- પંચ આપમેળે અથવા ભોગ બનેલ વ્યક્તિ અથવા તેના વતી કોઈ વ્યક્તિ વચ્ચે રજૂ કરેલી અરજી પરથી અથવા કોઈ અદાલતના નિર્દેશ અથવા આદેશથી નીચેની જણાવેલી બાબતની તપાસ કરશે.
- જાહેર અધિકારોનું ઉલ્લંઘન અથવા તે અંગેની મદદગારીમાં અથવા
- જાહેર સેવકે એવા ઉલ્લંઘન અટકાવવા દાખવેલી બેદરકારી અંગે.

**(2) દરમિયાનગીરી કરવી :**

- ન્યાયાલય સમક્ષ અનિર્ણિત માનવ અધિકારના ઉલ્લંઘનના કોઈપણ આરોપોનો સમાવેશ થતો હોય તેવી કોઈપણ કાર્યવાહીમાં આવા ન્યાયાલયની મંજૂરીથી દરમિયાનગીરી થઈ શકે છે.

**(3) અભ્યાસ માટે મુલાકાત અને ભલામણ :**

- અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદામાં ગમે તે જણાવ્યું હોય તેમ છતાં રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની કોઈપણ જેલમાં અથવા કોઈપણ સંસ્થા કે જેમાં વ્યક્તિઓને અટકાયતમાં રાખી હોય અથવા સારવાર અર્થે, સુધારણા અથવા સલામતીના હેતુથી રાખવામાં આવી હોય તેના અંતેવાસીઓની રહેણી-કરણીનો તેઓના રહેવાની સ્થિતિનો અભ્યાસ કરવા માટે રાજ્ય સરકારને જાણ કરીને મુલાકાત લઈને તેના આધારે જરૂરી ભલામણો કરી શકે છે.

**(4) મૂલ્યાંકન અને ભલામણ :**

- માનવ અધિકારના રક્ષણ માટે બંધારણ દ્વારા કે અમલમાં હોય તેવા અન્ય કાયદાઓ હેઠળની જોગવાઈમાં દર્શાવેલા રક્ષણાત્મક પગલાઓનું મૂલ્યાંકન કરવું અને અસરકારક અમલ માટે પગલાં ભરવા ભલામણ કરવી.

**(5) અસરકર્તા પરિબળોની સમીક્ષા અને ભલામણ :**

- માનવ અધિકારોના ઉપભોગમાં ત્રાસવાદના કૃત્યો સહિત અસર કરતાં પરિબળોની સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલ માટે ભલામણ કરવી.

**(6) સંધિઓ અને પ્રબંધોના અભ્યાસ અને ભલામણ :**

- માનવ અધિકારો અંગેની આંતરરાષ્ટ્રીય સંધિઓ અને અન્ય પ્રબંધોનો અભ્યાસ કરવો અને તેના અસરકારક અમલ માટે ભલામણો કરવી.

**(7) સંશોધન કરવું :**

- માનવ અધિકારોના ક્ષેત્રમાં સંશોધનો હાથ ધરવા અને આ ક્ષેત્રમાં સંશોધન કરનારાઓને ઉત્તેજન આપવું.

**(8) વિવિધ માધ્યમો દ્વારા માનવ અધિકારો અંગે જાગૃતિ ફેલાવવી :**

- વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી માનવ અધિકાર અંગે લોકોમાં જાગૃતિનો ફેલાવો કરવો. પ્રકાશનો, પ્રસાર માધ્યમો, પરિસંવાદો અને અન્ય ઉપલબ્ધ સાધનો દ્વારા સમાજના જુદાં જુદાં વર્ગોમાં માનવ અધિકારનું શિક્ષણ ફેલાવવું.

**(9) પ્રોત્સાહન આપવું :**

- માનવ અધિકારના ક્ષેત્રમાં કામ કરતા વ્યક્તિઓ બિન સરકારી સંગઠનો અને સંસ્થાના પ્રયાસોને પ્રોત્સાહન આપવું.

**(10) જરૂરી કાર્યો કરવા :**

- માનવ અધિકારને ઉત્તેજન આપવા માટે પોતે જરૂરી ગણે તેવા અન્ય જરૂરી કાર્યો હાથ ધરવા.

**(11) જરૂરી અન્ય પગલાં લેવાં :**

- પંચ જરૂરી એવા અન્ય પગલાં લે છે.

## (6) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર :

- માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર અને ફલક ઘણું જ વિશાલ છે. તે એક માનવ માત્રથી શરૂ થઈ સમગ્ર રાષ્ટ્ર સુધીના માનવ વસ્તીના હકોના રક્ષણ સુધી વિસ્તરે છે. નાના અંતરિયાળ ગામડાના નિવાસી માનવથી શરૂ કરી વિશ્વના મોટા દેશોની રાજધાનીમાં વસતા માનવ સુધી ફેલાયેલું અને તેના વ્યાપમાં:-

| | |
|---|---|
| - પર્યાવરણ | - આદિવાસીઓ |
| - અણુશસ્ત્રો પર પ્રતિબંધ | - વિકલાંગો |
| - વિશ્વશાંતિ | - ગરીબો (બી.પી.એલ.) |
| - ભાઈચારો | - ખેતમજૂરોના બાળકો |
| - બંધુત્વ | - રંગભેદના પ્રશ્નો |
| - અનાજ | - ધર્મના ઝઘડાઓ |
| - રહેઠાણ અને જીવન જરૂરિયાત | - શરણાર્થીઓના પ્રશ્નો અને ઝઘડાઓ |
| - લશ્કરના કર્મચારીઓ | - વિસ્થાપિતો |

- આવા અસંખ્યા મુદ્દાઓ સ્થાનિક તેમજ વૈશ્વિક રીતે પ્રશ્નો છે તે તેનો વ્યાપ છે તે જ તેનું કાર્યક્ષેત્ર છે.

## 11.7 માનવ અધિકારોના પ્રકારો :

1. માનવ અધિકારોના અમૂર્ત (Abstract) પ્રકારો નીચે મુજબ છે.

(1) નાગરિક અધિકારો (Civil Rights)

(2) આર્થિક અધિકારો (Economic Rights)

(3) સામાજિક અધિકારો (Social Rights)

(4) સંસ્કાર વિષયક અધિકારો (Cultural Rights)

2. જ્યારે ઉપયોગીતાના પ્રમાણે :

(1) સ્ત્રીઓના અધિકારો

(2) બાળકોના અધિકારો

(3) યુદ્ધ કેદીઓના અધિકારો

(4) નિરાશ્રિતોના અધિકાર

(5) વિસ્થાપિતોના અધિકારો

(6) યુદ્ધપીડિતોના અધિકારો

(7) લઘુમતિઓના અધિકારો

(8) સ્થળાંતરિતોના અધિકારો

(9) વિકલાંગોના અધિકારો

(10) વૃદ્ધોના અધિકારો

(11) પૂરગ્રસ્તોના અધિકારો

(12) રખડતાં તથા અનાથ બાળકોના અધિકારો

(13) ઘરકામ કરનારાઓના અધિકારો

(14) હુલ્લડ પીડિતોના અધિકારો

(15) મનોરોગીઓના અધિકારો

(16) દલિતોના અધિકારો

(17) આરોપીઓના અધિકારો

- જે રાજ્ય પોતાના વધુ ને વધુ લોકોના, વધુ ને વધુ માનવ અધિકારોને, વધુ ને વધુ સમય માટે વધુ ને વધુ સંજોગોમાં, વધુ ને વધુ રક્ષણ કરતું હોય તો રાજ્ય સુસંસ્કૃત આંતરરાષ્ટ્રીય માનવ સમાજમાં માનભર્યું સ્થાન મેળવે છે.

## 11.8 માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ :

- વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં પ્રવેશ પામી ચૂક્યું છે, ત્યારે વિશ્વની માનવજાત સામે અનેક પડકારો ઊભાં થયાં છે. માનવ-માનવ વચ્ચે અવિશ્વાસ, ભેદભાવ, વગેરેનાં જાળાં રચાયેલાં જ રહે છે.
- કેટલાંક સ્થળોએ માનવોની હાલત પશુઓ કરતાં પણ વધારે ખરાબ છે. માનવ વિકાસના પંથે ઊભો છે ખરો, પરંતુ વિકાસ અટકી ગયો છે. માનવતાના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે.
- આજે માનવ-માનવ વચ્ચેનું અંતમ વધતું જાય છે. માનવ-માનવને ધિક્કારે છે. ક્યાંક ભ્રૂણ હત્યા થાય છે, ક્યાંક સ્ત્રીઓ પરના અમાનુષી અત્યાચારો જોવા મળે છે. ક્યાંક ગરીબો પર શ્રીમંતોના કોરડા વીંઝાય છે. ગરીબોનું શોષણ કરી રહ્યાં છે, સ્ત્રીઓના આત્મહત્યાના કિસ્સા વધતા જાય છે, ક્યાંક નિર્દોષ માનવનો જાન આતંકવાદીઓ હરી લે છે, ક્યાંક માનવજાત યુદ્ધની અગર-જ્વાળાઓમાં હોમાઈ રહી છે. ક્યાંક ભાઈ-ભાઈનું ખૂન કરવા તત્પર બને છે, ક્યાંક કોમી હુતાશની પ્રગટે છે. ક્યાંક અસંતોષની આગમાં શેકાયેલાં નકસલવાદીઓ અને માઓવાદીઓ નિર્દોષ માનવો પર ત્રાટકે છે. ક્યાંક રાજકારણીઓ મતબેંકની લાલચમાં નિર્દોષ નાગરિકોનું શોષણ કરે છે.
- આ પરિસ્થિતિમાં માનવ અધિકારોના શિક્ષણ દ્વારા નાગરિકો જાગૃત બને એ જ તરણોપાય છે. આથી માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ જોઈએ.

(1) માનવજાતના ગૌરવ અને સન્માનના સંરક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક છે.

(2) વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે.

(3) વ્યક્તિના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક બની ગયું છે.

(4) નાગરિકોને મળતા અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે.

(5) લિંગ, જાતિ, ધર્મ કે કોમના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિને આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય સમાનતાથી મળે તે માટે માનવ અધિકારોનું શિક્ષણ આપવું જરૂરી છે.

(6) રાષ્ટ્રની એકતા વધારવા તેમજ તેમનું રક્ષણ કરવા માટે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી છે.

(7) શોષણ સામે રક્ષણ મેળવવા માટે માનવ અધિકારોના શિક્ષણની જરૂર છે. દા.ત. બાળકોનું શોષણ, સ્ત્રીઓનું શોષણ, અલગતાવાદ વગેરે દૂર કરવા માટે પણ માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી બન્યું છે.

(9) માનવીને જુલ્મી સરમુખત્યારો, અત્યાચારમાંથી પ્રજાઓને બચાવવા માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી બન્યું છે.

દા.ત. પાકિસ્તાન જેવાં દેશોમાં લશ્કરી શાસકો દ્વારા પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. આથી પ્રજા પોતાના અધિકારો પ્રત્યે સજાગ બને તે માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી છે.

(10) વિશ્વ શાંતિના સ્વપ્નને સાકાર કરવા પણ માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ જરૂરી છે.

(11) જાતિય સતામણી, જાતિય ભેદભાવો દૂર કરવા માટે આ પ્રકારનું શિક્ષણ જરૂરી છે.

(12) ત્રાસવાદ, અંતિમવાદ, હતાશા, અલગતાવાદ વગેરેમાંથી બચવા માટે આ પ્રકારના

શિક્ષણની જરૂર છે.

- આ પરિસ્થિતિમાં માનવ માનવ વચ્ચેની જાતિ ધર્મ વગેરેના ભેદભાવ દૂર કરી, શાંતિમય સહઅસ્તિત્વ માટે live and let live ના માનવ અધિકારના પવિત્ર મંત્રનું ગુંજન જો પ્રજાઓનાં હૈયાંને સ્નેહની સરવાણીથી છલકાવી દેશે તો માનવ અસ્તિત્વ અને અસ્મિતાનું સંરક્ષણ થઈ શકશે.

  સાબાર ઉપર માનુષભાઈ, તાહિ પર કછુ નાઈ...

- માનવ અધિકારના શિક્ષણ દ્વારા વ્યક્તિમાં સામાજિક જવાબદારી, નાગરિકતાની ભાવના, હકો અને ફરજોના તફાવત સાથે જ વિશિષ્ટ માનવ અધિકારોનું જ્ઞાન મળે છે. પરિણામે વ્યક્તિ જ્ઞાતિવાદ, જાતિયભેદ, અન્યાય, પૂર્વગ્રહો, રંગભેદો, પ્રાંતભેદ, ભાષાવાદ, કોમવાદ કે અન્યને પીડાદાયક દૂષણો સામે તિરસ્કાર કરતાં શીખશે અને તેથી માનવીયતાનું જતન કરશે.
- માનવ અધિકારોનું શિક્ષણ વ્યક્તિને પોતાને અન્ય વ્યક્તિના સ્થાને મૂકીને વિચારવાનું શીખવે છે.
- રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સામાન્ય પ્રશ્નોનો ઉકેલ માનવ અધિકારના શિક્ષણ દ્વારા લાવી શકાય તેમ છે. વિશ્વ સ્થિર વિકાસ માટે સર્વનો વિકાસ થાય તે જરૂરી છે. એક સમૃદ્ધ રાષ્ટ્ર માટે, પાડોશી ગરીબ રાષ્ટ્ર અનેક પ્રશ્નો ઊભા કરે છે. વિશ્વના બધા માનવ સમુદાયોનો સમાન વિકાસ થાય તો યુદ્ધ જેવા અનેક મહાવિનાશક પ્રશ્નો ઉકેલી શકાય.
- માનવ અધિકારનું શિક્ષણ પરસ્પરાવલંબનને પ્રોત્સાહન આપે છે. આ શિક્ષણના પરિણામે વિશ્વનો પ્રત્યેક નાગરિક સ્વાવલંબી બનવાની સાથે અન્ય ઉપર ક્યાંક અવલંબન ધરાવતો હશે તો પોતે અન્યના માનવ અસ્તિત્વને સ્વીકારશે અને તેને આદર આપશે.
- આમ, માનવ અધિકારનું શિક્ષણ એ સંવેદના અને મૂલ્યોના ક્ષેત્રોમાં પણ ઉપયોગી પ્રદાન કરે છે.
- માનવ અસ્તિત્વની જાળવણી અને ખીલવણી માટે માનવતત્ત્વનું જતન જરૂરી છે. તેથી વૈશ્વિક સ્તર પર માનવ અધિકાર જીવતા જીવન સાથે અનુબંધિત એવું માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી બને છે.

## 11.9 માનવ અધિકારો માટેના શિક્ષણના ઉદ્દેશો : (Objective of Human Rights Education)

Torny - Purta એ માનવ અધિકારોના વિશે સંશોધન કરીને ઇ.સ.1980માં માનવ અધિકારોના શિક્ષણ માટેના નીચેના ઉદ્દેશો (હેતુઓ) નિર્ધારિત કર્યા છે.

(1) માનવ અધિકારો માટે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી.

(2) માનવ અધિકારોના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સંગઠનોનું જ્ઞાન આપવું.

(3) માનવ અધિકારોના ઉલ્લંઘન માટે સંબંધિત બાબતો પર વિદ્યાર્થીઓ સાથે વિચાર વિમર્શ કરવો.

(4) જે લોકો માનવ અધિકારોના ઉલ્લંઘનનો ભોગ બન્યાં હોય તેમના પ્રતિ સહૃદયતા દાખવવી.

યુનેસ્કોએ માનવ અધિકાર શિક્ષણ માટે નીચેના ઉદ્દેશો પર ભાર મૂક્યો છે.

(1) વિવિધ દેશોના લોકસમૂહો, તેમની સંસ્કૃતિ, મૂલ્યો તથા જીવનની રહેણીકરણી વિશે સમજ પેદા કરવી.

(2) વિભિન્ન રાષ્ટ્રોની પરસ્પરાવલંબિતતા પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ પેદા કરવી.

(3) માનવ અધિકારોનું શિક્ષણ વિદ્યાર્થીઓના સામાજિક, આર્થિક અને રાજનૈતિક ઉત્થાન માટે આવશ્યક છે તેવી સમજ આપવી.

(4) વિદ્યાર્થીઓની શક્તિઓનો અયોગ્ય ઉપયોગ અને હિંસાથી દૂર રહેવા માટેની જાગૃતિ

લાવવી.

(5) સામાજિક ન્યાયના ધ્યેયને પ્રાપ્ત કરવો.

(6) વિદ્યાર્થીઓમાં સામાજિક દૃષ્ટિકોણનો વિકાસ કરવો.

## 11.10 માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ :

- સંયુક્ત રાષ્ટ્રસંઘ, યુનેસ્કો, માનવ સંસાધન વિકાસની સંસ્થાઓ, એન.સી.ઈ.આર.ટી. અને યુ.જી.સી.એ માનવ અધિકારના શિક્ષણનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવ્યું છે. આ સંસ્થાઓ દ્વારા પૂર્વ પ્રાથમિક કક્ષાથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓને માનવ અધિકારનું શિક્ષણ આપી શકાય તે માટેની ચોક્કસ કક્ષા, ધ્યેયો, ચાવીરૂપ સંકલ્પના, વિવિધ પ્રવૃત્તિઓ અને શિક્ષણના માપદંડો રજૂ કર્યા છે. જે નીચે પ્રમાણે છે :
- માનવના પ્રારંભિક બાળપણમાં પૂર્વ પ્રાથમિક અને નિમ્ન પ્રાથમિક શાળા કે જ્યાં તેની ઉંમર 3થી 7 વર્ષની હોય તેવા શિક્ષણનું ધ્યેય સ્વ માટે, શિક્ષક અને માતા-પિતા માટે, અન્ય માટે આદરનું છે. તે વખતના શિક્ષણની ચાવીરૂપ સંકલ્પના સ્વ, જાતિ અને જવાબદારી વિકસાવવાની છે.
- બાળકને સ્વ રજૂઆત, શ્રવણ અને પોતાને યોગ્ય પ્રવૃત્તિથી શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. વિશિષ્ટ માનવ અધિકારની સમસ્યાઓ જેવી કે જ્ઞાતિવાદ, જાતિયતા, શારીરિક-માનસિક દુઃખ પહોંચાડનાર લોકો વિશેની ઓળખ મળતી થાય છે. આ પ્રકારના શિક્ષણના માપદંડો અને સાધનોમાં વર્ગખંડના નિયમો, કુટુંબ જીવન, સામાજિક કક્ષા, બાળકના અધિકારો વિશેની જાણકારી વગેરે છે.
- બાળપણની ઉંમર 8થી 11 વર્ષ દરમિયાન ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષણનું ધ્યેય સામાજિક જવાબદારી, નાગરિકતા, અધિકારો અને જરૂરિયાતોનો તફાવત સમજે તે છે.
- ચાવીરૂપ સંકલ્પનાઓમાં વૈયક્તિક અધિકારો, જૂથ અધિકારો, સ્વતંત્રતા, સમાનતા, સામાજિક ન્યાય, કાયદો, સરકાર દ્વારા રક્ષવા, લોકશાહી વગેરેનો વિકાસ કરવાનો છે.
- શાળા કે સામાજિક સેવા, સામાજિક સહભાગિતાની પ્રવૃત્તિ દ્વારા વૈવિધ્યપણાનું મૂલ્ય, પોતાની યોગ્યતા, વાસ્તવિકતા અને જાતનો તફાવત વગેરેનું શિક્ષણ આપવાનું છે.
- અહીં વિશિષ્ટ માનવ અધિકારોની સમસ્યાઓમાં પૂર્વગ્રહો, ગરીબી, ભૂખ, અન્યાય અને નિષ્ક્રિયતા વિશેની સમજ આપવાની છે.
- શિક્ષણના માપદંડો અને સાધનો તરીકે માનવ અધિકારનો ઇતિહાસ, સ્થાનિક અને રાષ્ટ્રીય કાયદાતંત્ર, યુનેસ્કો, યુનિસેફ, માનવ અધિકારની કક્ષાનો સ્થાનિક અને રાષ્ટ્રીય ઈતિહાસનો ઉપયોગ કરવાનો છે.
- તરુણાવસ્થાની ઉંમર 12થી 15 વર્ષમાં નિમ્ન માધ્યમિક શાળા માટે શિક્ષણનું ધ્યેય વિશિષ્ટ માનવ અધિકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું તે છે.
- આ માટે ચાવીરૂપ સંકલ્પનાઓમાં આંતરરાષ્ટ્રીય કાયદો, વિશ્વશાંતિ, વિશ્વવિકાસ, વિશ્વની રાજકીય-આર્થિક બાબત, કાયદાકીય અધિકારો અને નૈતિક અધિકારો છે. પ્રવૃત્તિઓમાં અન્ય દૃષ્ટિકોણની સમજ, વિચારોના સહકારમાં પુરાવાઓનો નિર્દેશ, સંશોધન, માહિતી પ્રાપ્તિ, સામાજિક સેવા અને તેનો અમલ કરાવવાનો છે.
- અહીં વિશિષ્ટ માનવ અધિકારોની સમસ્યાઓમાં અજ્ઞાન, રંગભેદ, જાતિભેદ, આર્થિક વૈશ્વિકીકરણ અને વાતાવરણમાં બદલાવ વગેરેની સ્પષ્ટતા કરવાની છે, તે માટે જ્ઞાતિવાદ, જાતિયતા, પ્રાન્તિય માનવ અધિકાર સભા વગેરેને શિક્ષણના માપદંડો અને સાધનો તરીકે પ્રયોજવાનો અભિગમ છે.
- ઉત્તર તરુણાવસ્થા અને યુવાની માટે વ્યક્તિની 15 વર્ષ અને ઉપરની ઉંમર વખતે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અને પુખ્ત જૂથોના શિક્ષણના ધ્યેયમાં માનવ અધિકારના માપદંડનું જ્ઞાન તથા સ્વભાવ અને વૈયક્તિક જાગૃતિમાં માનવ અધિકારનું જોડાણ છે. તે અંગેની ચાવીરૂપ સંકલ્પના નૈતિક જવાબદારી અને તેનું જ્ઞાન છે.

- પ્રવૃત્તિઓમાં સામાજિક સેવામાં સહભાગિતા, સામાજિક જવાબદારીમાં પૂર્તિ, આજ્ઞાંકિતતા જેવી સામાજિક પ્રવૃત્તિઓ અપનાવવી, વિશિષ્ટ માનવ અધિકારની સમસ્યાઓમાં સામૂહિક હત્યા અને યાતના છે. શિક્ષણના માપદંડો અને સાધનો તરીકે જિનિવા સભા, વિશિષ્ટ સભા, માનવ અધિકારના માપદંડોનું સર્જન વગેરે છે.

## 11.11સારાંશ :

- વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરીને જીવન વિકાસ સાધી શકે એ માટે બંધારણમાં જે જોગવાઈ કરવામાં આવે છે તેને અધિકારો કહેવામાં આવે છે. એટલે કે માનવને માનવ તરીકે જીવવા માટેની કાયદાકીય જોગવાઈ એ માનવ અધિકાર છે. જેમાં જાતિ, ભાષા, ધર્મ, જાતિયતાના ભેદભાવ વગર માનવ અધિકારોનું રક્ષણ કરવાનું કેન્દ્રસ્થ છે. આ અંગેનું શિક્ષણ તે માનવ અધિકારોનું શિક્ષણ છે.
- માનવ અધિકાર એટલે સર્વાંગી એકતાના અધિકાર- પાઠક

- **માનવ અધિકારોના લક્ષણો :**

  (1) જન્મજાત અધિકારો
  (2) અધિકાર માટે કરારની જરૂર નથી
  (3) કાયમી સ્વરૂપ
  (4) સાર્વત્રિક અધિકાર
  (5) માનવ અધિકારોના જુદા જુદા નામો
  (6) સામૂહિક અધિકારો
  (7) સમગ્ર વિશ્વ સામે મળતા અધિકારો
  (8) સમાન અધિકાર
  (9) શોષણ સામે રક્ષણ
  (10) ભેદભાવ વગર અધિકાર
  (11) સ્વતંત્રતા બક્ષતા અધિકાર
  (12) ગૌરવ વધારતા અધિકારો
  (13) વિનિમયનો અભાવ
  (14) કુદરતી અધિકારો

- **રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો :**

- તપાસ કરવી, દરમિયાનગીરી કરવી, અભ્યાસ માટે મુલાકાત અને ભલામણ, મૂલ્યાંકન અને ભલામણ, અસરકર્તા પરિબળોની સમીક્ષા અને ભલામણ, સંશોધન કરવું, જાગૃતિ ફેલાવવી, પ્રોત્સાહન આપવું, જરૂરી કાર્યો કરવા વગરે માનવ અધિકાર પંચ કાર્યો કરે છે.
- માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર અને ફલક ઘણું જ વિશાળ છે. તે એક માનવ માત્રથી શરૂ થઈ સમગ્ર રાષ્ટ્ર સુધીના માનવ વસ્તીના હકોના રક્ષણ સુધી વિસ્તરે છે. નાના અંતરિયાળ ગામડાંના નિવાસી માનવથી શરૂ કરી વિશ્વના મોટા દેશોની રાજધાનીમાં વસતા માનવ સુધી ફેલાયેલું જોવા મળે છે.
- માનવ અધિકારોના પ્રકારોમાં નાગરિક અધિકારો, આર્થિક અધિકારો, સામાજિક અધિકારો, સંસ્કાર વિષયક અધિકારો ગણાવી શકાય છે.
- માનવ અધિકારોના શિક્ષણનું વર્તમાન સમયમાં ખૂબ જ મહત્ત્વ છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે. વ્યક્તિના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક બની ગયું છે.
- માનવ અધિકારોના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવાનો ઉદ્દેશ રહેલો છે તેમજ વિદ્યાર્થીઓમાં સામાજિક દૃષ્ટિકોણનો વિકાસ કરવો.

## 11.12 એકમ સ્વાધ્યાય :

**(1) ટૂંકમાં ઉત્તર આપો.**

(1) માનવ અધિકારોનું શિક્ષણ એટલે શું ?

(2) સંયુક્ત રાષ્ટ્રસંઘના સંદર્ભે માનવ અધિકાર શિક્ષણનો વિચાર શું છે ?

(3) માનવ અધિકારના શિક્ષણનું મૂળ લક્ષ્ય શું છે ?

(4) કયા કાયદા અંતર્ગત શિક્ષણ એ એક અધિકાર બને છે ?

(5) રાષ્ટ્રના બંધારણના કયા અનુચ્છેદ અનુસાર શિક્ષણ એ માણસનો મૂળભૂત અધિકાર છે ?

(6) રાષ્ટ્રમાં મફત શિક્ષણનો અધિકાર કઈ ઉંમર સુધી છે ?

(7) છૂટાછેડા લેવા અંગે મહિલાના હકો કયા છે ?

(8) દલિતોના ઉત્કર્ષ માટે રાજ્યે શી જોગવાઈ કરી છે ?

(9) લઘુમતિઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે સંવિધાન દ્વારા કઈ વ્યવસ્થા કરવામાં આવી છે ?

**(2) મુદ્દાસર ઉત્તર આપો.**

(1) માનવ અધિકારોનો અર્થ સ્પષ્ટ કરો.

(2) માનવ અધિકારની સંકલ્પના સ્પષ્ટ કરો.

(3) માનવ અધિકારની લાક્ષણિકતાઓ જણાવો.

(4) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો જણાવો.

(5) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર જણાવો.

(6) માનવ અધિકારના પ્રકારો જણાવો.

(7) માનવ અધિકાર માટેના શિક્ષણના ઉદ્દેશો જણાવો.

(8) માનવ અધિકારોના શિક્ષણની જરૂરિયાત જણાવો.

(9) માનવ અધિકાર સંદર્ભે શિક્ષણનો ખ્યાલ સમજાવો.

(10) માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

(11) શિક્ષણ એક અધિકાર વિશે વર્ણવો.

(12) મફત શિક્ષણનો મૂળભૂત અધિકાર સમજાવો.

(13) વિકાસ અને શિક્ષણનો અધિકાર પરસ્પર સંબંધિત છે- સમજાવો.

(14) મહિલાઓ સંદર્ભે કયા અધિકારોની જોગવાઈઓ છે ?

(15) વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાના શિક્ષણમાં શું સમાવિષ્ટ છે ?

(16) વાલીઓ સંદર્ભે અધિકારના કાયદાના શિક્ષણની ફલશ્રુતિ શી છે ?

**(3) બહુવિકલ્પ પ્રશ્નો :**

- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) માનવ અધિકારો એટલે શું ?

(1) આંતરરાષ્ટ્રીય કરારોમાં ન દર્શાવેલ અધિકારો

(2) માનવને ગૌરવ અપાવનારા અધિકારો

(3) અદાલતોમાં અમલ ન થઈ શકે તેવા અધિકારો

(4) અવેજ સાથે મળતાં અધિકારો

(2) માનવ અધિકારોમાં કઈ બાબતનો સમાવેશ કરવામાં આવે છે ?

(1) જન્મજાત અધિકારો (2) અસમાનતા અધિકાર

(3) કરારથી મળેલાં (4) મર્યાદિત અધિકાર

(3) માનવ અધિકારમાં નીચેનામાંથી કઈ લાક્ષણિકતાઓનો સમાવેશ થતો નથી ?

(1) સાર્વત્રિક અધિકાર (2) સામૂહિક અધિકારો

(3) શોષણના અધિકારો (4) સમાન અધિકારો

(4) માનવ અધિકારમાં રાષ્ટ્રીય પંચનું કાર્ય કયું છે ?

(1) તપાસ કરવી (2) દરમિયાનગીરી ન કરવી

(3) પ્રોત્સાહન ન આપવું (4) પ્રચાર ન કરવો

(5) રાષ્ટ્રીય પંચના કાર્યમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(1) પ્રોત્સાહન આપવું (2) સંશોધન કરવું

(3) મૂલ્યાંકન કરવું (4) તપાસ ન કરવી

(6) માનવ અધિકારોના કાર્યક્ષેત્રમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(1) પર્યાવરણ (2) જંગલ

(3) જ્ઞાતિવાદ (4) પૈસાદાર

(7) માનવ અધિકારોના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(1) વિશ્વ શાંતિ (2) ભાઈચારો

(3) રંગભેદના પ્રશ્નો (4) અણુશસ્ત્રોના ઉપયોગ

(8) માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણાપત્ર કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું ?

(1) ઇ.સ.1942 (2) ઇ.સ.1946

(3) ઇ.સ.1948 (4) ઇ.સ.1993

(9) માનવ અધિકારોના પ્રકારોમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(1) સ્ત્રીઓના અધિકારો (2) બાળકોના અધિકારો

(3) ભિક્ષુકના અધિકારો (4) વૃદ્ધોના અધિકારો

(10) માનવ અધિકારોની લાક્ષણિકતાઓમાં કઈ બાબત વિસંગત છે ?

(1) જન્મજાત અધિકારો (2) સામૂહિક અધિકારો

(3) અસમાન મળેળાં અધિકારો (4) શોષણ સામે રક્ષણ

(11) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યોમાં કઈ બાબત વિસંગત છે ?

(1) તપાસ કરવી (2) મૂલ્યાંકન અને ભલામણ

(3) પ્રોત્સાહન આપવું (4) દરમિયાનગીરી ન કરવી

(12) માનવ અધિકારો માટેના શિક્ષણનો ઉદ્દેશ કયો છે ?

(1) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી

(2) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન ન કરવી

(3) ગુજરાતી માહિતીઆપવી

(4) માનવ અધિકારનો ભોગ બન્યા હોય તેના પ્રત્યે તિરસ્કાર

(13) માનવ અધિકારો માટે શિક્ષણના ઉદ્દેશની કઈ બાબત વિસંગત છે ?

(1) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી

(2) વિદ્યાર્થીઓમાં દૂર રહેવા વિદ્યાર્થીઓને જાગૃતિ કરવા

(3) હિંસાથી દૂર રહવા વિદ્યાર્થીઓને જાગૃત કરવા

(4) જીવનની રહેણીકરણી વિષે સમજ ન આપવી

(14) માનવ અધિકારોના શિક્ષણનું શું મહત્ત્વ છે ?

(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવો (2) વ્યક્તિનો સર્વાંગી વિકાસ ન કરવો

(3) શોષણ સામે રક્ષણ ન કરવું (4) જાતિય ભેદભાવ ઊભા કરવા

(15) માનવ અધિકારોના શિક્ષણની મહત્ત્વની વિસંગત બાબત કઈ છે ?

(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવો (2) શોષણ સામે રક્ષણ મેળવવું

(3) વિશ્વશાંતિના સ્વપ્નોને સાકાર કરવા (4) ત્રાસવાદ ઊભો કરવો

## 11.13 તમારી પ્રગતિ ચકાસો.

(1) માનવ અધિકારોનું શિક્ષણ એટલે શું ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) સંયુક્ત રાષ્ટ્રસંઘના સંદર્ભે માનવ અધિકાર શિક્ષણનો વિચાર શું છે ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) માનવ અધિકારના શિક્ષણનું મૂળ લક્ષ્ય શું છે ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) માનવ અધિકાર સંદર્ભે શિક્ષણનો ખ્યાલ સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(5) માનવ અધિકારના શિક્ષણની જરૂરિયાત શી છે ?

..................................................................
..................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 11.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) માનવ અધિકાર શિક્ષણ એટલે શું ?

- માનવ અધિકારોમાં ગુલામીમાંથી સ્વતંત્રતા, હક વિશે સમાનતા, ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતા, રોગ સામે રક્ષણનો અધિકાર, ખોરાક અને પાણીનો અધિકાર, કાયદાકીય સમાનતા, નુકસાની સામે રક્ષણનો અધિકાર, શિક્ષણનો અધિકાર, વાણી સ્વાતંત્ર્ય, જીવન જીવવાનો અધિકાર વગેરેનું શિક્ષણ આપવું એટલે માનવ અધિકારોનું શિક્ષણ કહેવાય.

(2) સંયુક્ત રાષ્ટ્રસંઘના સંદર્ભે માનવ અધિકાર શિક્ષણનો વિચાર :

- માનવને તેના મૂળભૂત અધિકાર - સ્વતંત્રતા, સમાનતા, શિક્ષણ અને આ વિશ્વમાં માનવ તરીકેના જન્મને લીધેના માનવ અધિકારો પ્રાપ્ત થાય તેવો વિચાર સંયુક્ત રાષ્ટ્ર સંઘે આપ્યો. આ માટે શાળા-મહાશાળાઓ, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને વ્યક્તિઓની મદદ લઈને માનવ સમાજમાં સમજ, સહનશક્તિ, જાતિય સમાનતા, બંધુતા, વિશ્વશાંતિ અને મૂલ્યોનો વિકાસ થાય તે માટેના કાર્યક્રમો હાથ ધરવા. આમ માનવ અધિકાર - શિક્ષણ માટેની ભૂમિકા ઊભી થઈ હતી.

(3) માનવ અધિકાર શિક્ષણનું મૂળ લક્ષ્ય :

- વ્યક્તિ પોતાનો માનવ અધિકાર મેળવે તે માટે માનવ અધિકારોની માહિતી અને તે મેળવવાની ક્ષમતા વિકસે તે માનવ અધિકાર - શિક્ષણનું મૂળ લક્ષ્ય છે.

(4) માનવ અધિકાર સંદર્ભે શિક્ષણનો ખ્યાલ :

- માનવ સમુદાયના અસ્તિત્વ સાથે જોડાયેલ આ ખ્યાલ આરંભકાળે વસ્તી અને વ્યવસ્થાના સંદર્ભમાં માનવ સન્માન-ગૌરવ સાથે જોડાયેલો રહ્યો, પરંતુ સમયાનુસાર વિજ્ઞાન વિચાર અને સામાજિક વિકાસને અનુરૂપ માનવ અધિકારની વિભાવના પણ વિસ્તરવા લાગી. પ્રારંભે કુદરતી સિદ્ધાંત આધારિત માનવ જીવન પ્રણાલી હતી. હવે વ્યક્તિના હકોના સંદર્ભમાં તે પ્રણાલી આવવા લાગી.
- હવે કાયદાની સમાનતાને અગ્રતા પ્રાપ્ત થઈ. વિચારકો રૂઢિગત વ્યવસ્થાપન સામે વિરોધ વ્યક્ત કરવા લાગ્યા તેથી માનવ અધિકારોના સ્વરૂપના વિસ્તાર સંદર્ભે કહેવાયું કે અધિકારો પ્રત્યેક વ્યક્તિનો, દરેક પરિસ્થિતિમાં અને યુગમાં મળેલાં જ હોય છે. આના માટે કોઈ વિશેષ નાગરિકો નથી. માનવ અધિકાર સર્વત્ર બધી જ વ્યક્તિઓ મેળવવાને હકદાર છે.

(5) માનવ અધિકારના શિક્ષણની જરૂરિયાત :

(1) સન્માનનું શિક્ષણ મેળવવા

(2) વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવો

(3) અધિકારોના રક્ષણ કરવા

(4) અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા

(5) ન્યાયની સમાનતા મેળવવા

(6) રાષ્ટ્રની એકતા વધારવા

(7) શોષણ સામે રક્ષણ મેળવવા

(8) જ્ઞાતિવાદ દૂર કરવા

(9) અત્યાચારમાંથી બચાવવા

(10) વિશ્વશાંતિ લાવવા

(11) જાતિય સતામણી અને ભેદભાવો દૂર કરવા

(12) ત્રાસવાદમાંથી બચવા

(6) માનવ અધિકારના શિક્ષણનું સ્વરૂપ :

- સંયુક્ત રાષ્ટ્ર સંઘ, યુનેસ્કો, માનવ સંસાધન વિકાસની સંસ્થાઓ, એન.સી.ઈ.ટી. અને યુ.જી.સી.એ માનવ અધિકારના શિક્ષણનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવ્યું છે. આ સંસ્થાઓ દ્વારા પૂર્વ પ્રાથમિક કક્ષાથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓને માનવ અધિકારનું શિક્ષણ આપી શકાય તે માટેની ચોક્કસ કક્ષા, ધ્યેયો, ચાવીરૂપ સંકલ્પના, વિવિધ પ્રવૃત્તિઓ અને શિક્ષણના માપદંડો રજૂ કર્યાં છે.

## 11.15 સૂચિત વાંચન સામગ્રી :

(1) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(2) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

# એકમ 12 માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર

## : રૂપરેખા :

**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** શિક્ષણ એક અધિકાર

(1) શિક્ષણના અધિકારનો કાયદો

(2) રાષ્ટ્રનું બંધારણ અને શિક્ષણનો કાયદો

(3) શિક્ષણ એક અધિકાર

(4) મફત શિક્ષણનો મૂળભૂત અધિકાર

(5) વિકાસ અને શિક્ષણનો અધિકાર

**12.3** માનવ અધિકારોનું શિક્ષણ

(1) મહિલાઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ

(2) દલિતો સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ

(3) લઘુમતિ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ

(4) વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ

(5) વાલીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ

**12.4** માનવ અધિકારના શિક્ષણ માટેનો અભ્યાસક્રમ

**12.5** સંયુક્ત રાષ્ટ્રસંઘ અને માનવ અધિકાર શિક્ષમ

**12.6** સારાંશ

**12.7** એકમ સ્વાધ્યાય

**12.8** તમારી પ્રગતિ ચકાસો

**12.9** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**12.10** સૂચિત વાંચન સામગ્રી

### 12.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) શિક્ષણ એક અધિકાર છે તે વિશે સમજી શકશો.

(2) માનવ અધિકારોનું શિક્ષણ વિશે સમજી શકશો.

(3) માનવ અધિકાર માટેના શિક્ષણનો અભ્યાસક્રમ વિશે સમજી શકશો.

(4) સંયુક્ત રાષ્ટ્રસંઘ અને માનવ અધિકાર શિક્ષણ વિશે ચર્ચા કરી શકશો.

(5) મહિલા, દલિતો, લઘુમતિ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાના શિક્ષણ ને સ્પષ્ટ કરી શકશો.

### 12.1 પ્રસ્તાવના :

- સજીવ તરીકે માનવને પોતાના મૂળભૂત અધિકારો છે. માનવ માટે જેમ જીવવાનો અધિકાર છે, તેમ શિક્ષણનો પણ અધિકાર છે. જીવનનો અધિકાર અને વ્યક્તિગત ગૌરવની ખાતરીનો શિક્ષણના અધિકારનો પૂર્ણપણે અમલ કરવાથી જ થાય, કારણ કે શિક્ષણથી માનવ વિકાસની મહત્તા પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યેક નાગરિકને શિક્ષણનો અધિકાર એ તાતી જરૂરિયાત છે.

- શિક્ષણના અધિકારને પ્રગટપણે મૂળભૂત અધિકાર તરીકે ક્યાંય વર્ણવવામાં આવ્યો નથી, તેમ છતાં માનવ જીવનના ખાતરી પામેલા મૂળભૂત અધિકાર તરીકે ગણવામાં આવ્યો છે. દરેકના વ્યક્તિગત જીવનના મૂળભૂત અધિકાર સાથે આ અધિકાર ગાઢ રીતે સંકળાયેલો છે. માણસના બૌદ્ધિક જીવન અને રાષ્ટ્રના બંધારણ સંદર્ભે માનવ જીવનની અંદર શિક્ષણ સમાવિષ્ટ છે.

## 12.2 શિક્ષણ એક અધિકાર :

- **પ્રસ્તાવના :**
- માનવના મૂળભૂત અધિકારો માટેના કાયદા સંદર્ભે શિક્ષણ એક અધિકાર વિશેની વિચારણા કરવાનો સમય હવે પાકી ગયો છે. જેમાં માનવીને પોતાના જીવનનો અધિકાર અને વ્યક્તિગત ગૌરવની ખાતરી થાય તેવી વિચારણા કરવાનો ઉપક્રમ છે. જીવન માટે શિક્ષણ મહત્ત્વનું છે, તેથી ભારતનો કાયદો, રાષ્ટ્રનું બંધારણ, તે સંદર્ભે શિક્ષણ એ માનવનો એક અધિકાર છે.
- 6-14 વર્ષની વયજૂથનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો વિચાર, આપણા બંધારણ સંદર્ભે છે. આ વયજૂથના બાળકોને બાળમજૂર ન બનાવતા તેમને શિક્ષણની સુવિધાની બંધારણીય જોગવાઈઓ અનુસાર શિક્ષણ આપવાનું છે.

### (1) શિક્ષણના અધિકારનો કાયદો :

- સરકારે બહાર પાડેલાં નીતિ-નિયમો કે જેના વડે રાષ્ટ્રનો વહીવટ ચાલે તેને આપણે કાયદો કહીએ. જેને વિધાનસભા કે સંસદસભા બહુમતિથી પસાર કરે છે. દા.ત. પંચાયત ધારો, ફોજદારી ધારો, બાળમજૂર ધારો, માનવ અધિકાર ધારો વગેરે.
- આમ, ધારા એટલે કાયદો. સંસદમાં જે પણ કાયદાઓ પસાર થાય તે આખા દેશમાં સમાન રીતે લાગુ પડે છે. કાયદો હંમેશા લેખિતમાં પુસ્તકના સ્વરૂપે હોય છે.
- દરેક કાયદાને નામ હોય છે. તે મુજબ કાયદો જે તે બાબતને લાગુ પડે છે.

  દા.ત. હિંદુ લગ્ન ધારો, તે નામ મુજબ હિંદુ લગ્ન સંબંધી બાબતોને લાગુ પડે છે. તેમ માનવ અધિકાર કાયદો તે માનવના અધિકાર સંબંધી બાબતોને લાગુ પડે છે.
- આ માનવ અધિકાર કાયદા અંતર્ગત શિક્ષણ તે એક માનવ અધિકાર બને છે. તેમ શિક્ષણ અધિકાર કાયદો બનાવવામાં આવેલ છે. દરેક વ્યક્તિને-નાગરિકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. નાગરિકોના અધિકારો અને કર્તવ્યો પ્રતિની જાગૃતિ માટે આ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ.

### (2) રાષ્ટ્રનું બંધારણ અને શિક્ષણનો કાયદો :

- રાષ્ટ્રનું બંધારણ એ કાયદાનો પાયો છે. દેશમાં વસતા નાગરિકોના મૂળભૂત અધિકારો બંધારણમાં દર્શાવેલાં છે. દેશમાં જે કાયદાઓ બને તે બંધારણની મર્યાદામાં રહીને જ બને છે. સરકાર એવા કોઈ કાયદાઓ બનાવી શકતી નથી જે નાગરિકોના મૂળભૂત અધિકારોને માઠી અસર કરે કે છીનવી લે.
- કાયદો લોકોના અધિકાર સાથે જોડાયેલ હોવાથી ભંગ થાય તો તેના અમલ માટે લોકો અદાલતમાં જઈ શકે છે.
- એક વખત લાગુ પાડ્યા પછી યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થયા વિના સરકાર કાયદો બંધ કરી શકતી નથી. આપણા રાષ્ટ્રના બંધારણના અનુચ્છેદ 21 મુજબ માનવ જીવનના મૂળભૂત અધિકારની સાથે શિક્ષણ સંકળાયેલું છે. અનુચ્છેદ 41 અનુસાર નાગરિકને કામ, શિક્ષણ અને મદદ પૂરાં પાડવાનો અધિકાર છે.
- અનુચ્છેદ 45 અને 21અ મુજબ 14 વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણનો કાયદો અસ્તિત્વમાં છે. અનુચ્છેદ 46 અનુસાર અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક હિતોની કાળજી લેવાની છે. આ પ્રમાણેની બંધારણીય જોગવાઈઓ અનુસાર રાષ્ટ્રમાં શિક્ષણને કાયદાનું સમર્થન પ્રાપ્ત થયું છે.

**(3) શિક્ષણ એક અધિકાર :**

- સર્વોચ્ચ અદાલતની નોંધ અનુસાર શિક્ષણનો અધિકાર એ રાષ્ટ્રના બંધારણના અનુચ્છેદ 21 મુજબ માણસનો મૂળભૂત અધિકાર છે. શિક્ષણનો અધિકાર એ માનવ જીવનના અધિકારમાં પ્રત્યક્ષ રીતે વણાયેલો છે. જીવનનો અધિકાર અને વ્યક્તિગત ગૌરવની ખાતરી તો શિક્ષણના અધિકારનો પૂર્ણરૂપે અમલ થવાથી જ આપી શકાય છે.
- રાષ્ટ્રના નાગરિકને શિક્ષણનો મૂળભૂત અધિકાર છે. છતાં આ અધિકાર એ સંપૂર્ણ કે નિરંકુશ નથી. આનાથી સ્પષ્ટતા એ થાય છે કે ભારતના દરેક બાળક-નાગરિકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર ત્યાં સુધી મળશે કે જ્યાં સુધી તે ઉંમરના ચૌદ વર્ષ પૂરા ન કરે. ત્યાર બાદ આ અધિકારને આગળ વધારવો કે નહીં તે રાજ્યની પોતાની આર્થિક સ્થિતિ અને વિકાસ પર નિર્ભર છે.
- ભારતીય બંધારણના વિભાગ-3 મુજબ શિક્ષણના અધિકારને પ્રગટપણે મૂળભૂત અધિકાર તરીકે ક્યાંય વર્ણવવામાં આવ્યો નથી. તેમ છતાં બંધારણના અનુચ્છેદ 21 મુજબ જીવનને ખાતરી પામેલા રક્ષિત મૂળભૂત અધિકાર સાથે સૂચિત રીતે સંકળાયેલાં શિક્ષણના અધિકારનો ગર્ભિતપણે સમાવેશ થઈ જાય છે. જેમાં વૈયક્તિક જીવન અને રાષ્ટ્રના સંદર્ભે જીવનની અંદર શિક્ષણ સમાવિષ્ટ છે. આમ, વિશ્વમાં પણ શિક્ષણના અધિકારને વૈયક્તિક જીવનના અધિકાર સાથે ગાઢ રીતે મહત્ત્વનો ગણ્યો છે.

**(4) મફત શિક્ષણનો મૂળભૂત અધિકાર :**

- રાષ્ટ્રમાં મફત શિક્ષણનો અધિકાર માત્ર 14 વર્ષની વય સુધી જ મળે છે. ત્યારબાદ એ રાજ્યની આર્થિક સ્થિતિ અને વિકાસ પર નિર્ભર છે. તે કાયદો શિક્ષણના દરેક સ્તરે મફત શિક્ષણ આપવા માટે સક્ષમ ન ગણાય.
- ઉંમરના 14 વર્ષ પૂરા ન કર્યા હોય તેવા બાળકો માટે રાજ્યે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવાની છે. એટલે કે 6-14 વર્ષની વયજૂથનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. આ બાળકોને બાળમજૂરો બનાવવાનાં નથી.
- શિક્ષણ સંદર્ભે દરેક રાજ્યની એ ફરજ બને છે કે દરેક બાળક નાગરિકને 6-14 વર્ષની વય સુધી મફત શિક્ષણ આપવું.
- રાષ્ટ્રના બંધારણના અમલ પછી બાવન વર્ષે ભારતીય સંસદે 6-14 વર્ષની ઉંમરના બાળકો માટે શિક્ષણના અધિકારને મફત અને ફરજિયાત બનાવવાનો અધિનિયમ 22, 86મો સુધારો, બંધારણનો અનુચ્છેદ-21અ અને અનુચ્છેદ52અમાં અનુચ્છેદ 45નું સ્થાન પરિવર્તિત કરતો એ સુધારો હતો.
- સર્વોચ્ચ અદાલતે 25 કેન્દ્રને પાઠવેલી નોટિસ મુજબ બંધારણીય સુધારા દ્વારા 6-14 વર્ષની વયજૂથનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મળે એવી જોગવાઈ કરી હોવા છતાં બાળમજૂરી ચાલુ રહી છે. બાળકોને બાળમજૂરો બનાવવાનાં નથી.
- રાજ્યની એ ફરજ બને છે કે આ બાળકો ફરજિયાતપણે શાળાએ જાય તેવી રીતે તેમને શાળાની સુવિધા પૂરી પાડવી. આ અધિનિયમનો સામાન્ય સુધારો 21 અમલમાં આવ્યો. રાષ્ટ્ર-સંસદના બંને ગૃહોએ આ અધિનિયમ 1 એપ્રિલ, 21 સુધારો પસાર કરી દીધો.
- આ અધિનિયમ અનુસાર 6-14 વર્ષની વયજૂથનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે.

**(5) વિકાસ અને શિક્ષણનો અધિકાર :**

- માનવ સમાજનો વિકાસ આજે ચરમસીમાએ આંબતો જતો હોય તેવું લાગે છે. માનવ સમાજના અનેક ક્ષેત્રો જેવાં કે શિક્ષણ, સંરક્ષણ, આરોગ્ય, સહકાર, વ્યાપાર, વહીવટ વગેરેમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં સથવારે ઘણી પ્રગતિ થઈ છે.
- આ પ્રગતિના પાયામાં જે તે ક્ષેત્રને અનુરૂપ વિજ્ઞાન અને ટેક્નોલોજીનું શિક્ષણ છે, જેણે શિક્ષણનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. તેણે આ પ્રકારે વિકાસ કર્યો.

- વિકાસનાં ક્ષેત્રોમાં માનવ કેન્દ્ર સ્થાને છે. માનવપિંડની રચના જ કુદરતી રીતે એવી છે કે તેને ચોક્કસ શિક્ષણ મળે તો યથોચિત શક્તિનો વિકાસ કરીને માનવ સંસાધનને ચોક્કસ ક્ષેત્રોમાં કામે લગાડી શકાય. તે માટે માનવને પોતાના અધિકાર પ્રમાણે વિકસવા દેવાની શરત છે.
- આમ, વિકાસ અને શિક્ષણ તથા માનવ અધિકારો પરસ્પર અનુબંધિત છે, તેથી માણસને જીવનના અધિકારની સાથે જ શિક્ષણનો અધિકાર પ્રાપ્ત થાય તો જ માનવજાતનો શિક્ષણ દ્વારા સર્વાંગી વિકાસ થાય.

## 12.3 માનવ અધિકારોનું શિક્ષણ :

**પ્રસ્તાવના :**

- વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરીને જીવન વિકાસ સાધી શકે એ માટે બંધારણમાં જે જોગવાઈ કરવામાં આવી છે તેને અધિકારો (Rights) કહેવામાં આવે છે. એટલે કે માનવને માનવ તરીકે જીવવા માટેની કાયદાકીય જોગવાઈ એ માનવ અધિકાર છે. જ્યાં જાતિ, ભાષા, ધર્મ, જાતિયતાના ભેદભાવ વગર માનવ અધિકારોનું રક્ષણ કરવાનું કેન્દ્રસ્થ છે. આ અંગેનું શિક્ષણ તે માનવ અધિકારોનું શિક્ષણ છે.

**(1) મહિલાઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ :**

- આપણા સંવિધાન અને કાનૂન દ્વારા મહિલાઓને ઢગલાબંધ માનવ અધિકાર દેવામાં આવ્યા છે. તેથી મહિલાઓને માનવ અધિકારો માટે જાગૃત કરવા શિક્ષણની અત્યંત આવશ્યકતા જણાય છે. મહિલા માનવ અધિકારોને આજે વિશ્વસ્તરે માન્યતા મળેલ છે. તે અંગેના નિયમો, કાનૂન અને આચારસંહિતાઓ છે. જે મહિલાઓના અધિકારોના સંરક્ષણ સંબંધિત છે.
- દુનિયામાં સૌથી વધુ અપરાધ અને અત્યાચાર મહિલાઓની સામે થાય છે. આ પરિપ્રેક્ષ્યમાં મહિલા માનવ અધિકારોનું વિશેષ મહત્ત્વ છે. તે માટેના શિક્ષણની અગત્યતા છે. વિશ્વના લગભગ મોટા ભાગના દેશોમાં મહિલાઓને માનવ અધિકારો આપવામાં આવ્યા છે. જેથી પોતે સન્માનપૂર્વક જીવી શકે.
- કેટલાક વિશિષ્ટ કાયદાઓમાં પણ મહિલાઓના માનવ અધિકારોનાં રક્ષણ અંગે જોગવાઈઓ કરવામાં આવેલી છે, જેમાં...
- એક સરખાં કામ માટે મહિલા અને પુરુષને એક સરખું વેતન મળે.
- કામના સ્થળે કામ માટે હાજર હોય અને તેની પાસેથી કામ લેવામાં ન આવે તેમ છતાં સ્ત્રીને વેતન આપવું.
- કોઈ કારખાનાં કે ઉદ્યોગ-ધંધાના સ્થળે 3થી વધુ મહિલાઓની સંખ્યા હોય ત્યાં વ્યવસ્થાપકે એક શિશુગૃહની વ્યવસ્થા કરવી.
- પ્રસૂતિ પહેલા અને તેના પછી પૂરા વેતન સાથેની રજાઓ નિયમ મુજબ સ્ત્રીઓને મળવાપાત્ર છે. છૂટાછેડા લીધેલ ગર્ભાવસ્થા ધરાવતી સ્ત્રીઓને પણ આ લાભ મળે.
- મહિલાને કોઈ પણ પ્રકારના ગુન્હા માટેની પૂછપરછ માટે સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં પોલીસ સ્ટેશન કે પોલીસ ચોકીએ બોલાવી શકાય નહીં. મહિલા અપરાધીને મહિલાઓના જ રૂમમાં રાખવી.
- છૂટાછેડા લીધેલ મહિલા તેના પૂર્વ પતિ પાસેથી નિર્વાહ ખર્ચ મેળવી શકે.
- ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવનારને સજા થશે - દંડ થશે કે બંને થશે.
- દહેજ આપનાર અને લેનાર બંને કાયદેસર દોષિત છે.
- બાળલગ્ન કાયદા અનુસાર ગુન્હો છે.
- હિંદુ લગ્ન ધારા અનુસાર એક પતિ કે પત્ની જીવિત હોય ત્યારે બીજું લગ્ન થઈ શકે નહીં.
- દાગીના અને બીજી ભેટો લગ્ન વખતે સ્ત્રીને આપવામાં આવે છે તેના ઉપર સ્ત્રીનો અધિકાર છે. જેને સ્ત્રીધન કહેવામાં આવે છે.

- લગ્નના સાત વર્ષની અંદર જો કોઈ સ્ત્રી આત્મહત્યા કરે તો તેના મૃત્યુ માટે કોર્ટ એવું માનીને ચાલશે કે સ્ત્રીનું મોત પતિ કે સાસરા પક્ષના કારણે જ થયું છે, આ માટે ગુન્હો ગણાશે.
- પતિ માનસિક અને શારીરિક અત્યાચાર કરે, ધર્મ પરિવર્તન કરે, સંન્યાસ લઈ લે, ગાંડો થઈ જાય કે ભયંકર કુષ્ઠ રોગનો દરદી બને ત્યારે સ્ત્રી છૂટાછેડા લેવા હકદાર છે.
- વિધવા સ્ત્રી પુનઃ લગ્ન કરે તો પણ તેના પૂર્વ પતિની મિલકતની હકદાર બને છે.
- જો કોઈ સ્ત્રીને મૃત્યુદંડ મળે અને તે સ્ત્રી ગર્ભવતી હોય તો તેનું બાળક જન્મે ત્યાં સુધી મૃત્યુદંડની સજા મોકૂફ રાખવી અને પિતાની સંપત્તિમાં પુત્રીનો અધિકાર પુત્ર જેટલો હોય છે.
- વળી, સમાનતા, સ્વતંત્રતા, શોષણવિહીનતા, ધર્મ સ્વાતંત્ર્ય વગેરે અધિકારો તો ખરા જ.
- શિક્ષણ દ્વારા મહિલાઓના સશક્તિકરણને પ્રોત્સાહન આપતી ભાષા સાહિત્યની કૃતિઓ થકી સ્ત્રીઓનું શોષણ, ભ્રૂણહત્યા, ગર્ભપાત, દહેજ પ્રથા, છૂટાછેડા, સ્ત્રીઓની અશ્લીલતા, સતીપ્રથા જેવી અત્યાચાર સંબંધિત કૃતિઓ દ્વારા મહિલાઓ પરના અત્યાચાર અને અધિકારો અંગે જાગૃતિ લાવી શકાય.

**(2) દલિતો સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ :**

- અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે રાજ્યની સવિશેષ જવાબદારીઓને ધ્યાનમાં રાખીને તે માટેના પંચનો હોદ્દો ઊભો કરવામાં આવ્યો છે. આ જ્ઞાતિઓના કલ્યાણ અને વિકાસ માટે સંવિધાનમાં જોગવાઈ કરવામાં આવી છે, તે માટે ધારાકીય અને વહીવટી પ્રયાસો નિરંતર ચાલતા રહે તેવી વ્યવસ્થા સંવિધાન દ્વારા કરવામાં આવી છે.
- અસ્પૃશ્યતા પર પ્રતિબંધ તો છે જ, પણ તે અંગેના ગુન્હાઓ માટે સજા કરવા અંગે કાયદાકીય સત્તા આપતી જોગવાઈઓ પણ સંવિધાનમાં છે.
- અસ્પૃશ્યતાને લીધે ઊભી થતી કોઈ પણ અસમર્થતા પાળવાને ગુન્હો ગણવામાં આવ્યો છે. આમ, કાયદાઓ દ્વારા ભારતમાં દલિતોના હકોનું રક્ષણ કરવામાં આવે છે. જેમાં દલિત ઉધ્ધારમાં જીવનનિર્વાહ, સામાજિક દરજ્જો અને ધાર્મિક સ્વાતંત્ર્ય પર ભાર મૂકવામાં આવ્યો છે.
- રોટી, કપડાં અને મકાન એ માનવની પ્રાથમિક જરૂરિયાત છે, અધિકાર છે. દલિત જનતા આ અધિકારને પ્રાધાન્ય અપાયું.
- એક માણસ બીજા માણસનું એઠું, ગંદુ કે મેલું ઉઠાવે એ અમાનવીય છે.
- સમાજમાં અછૂત અને હડધૂત થતી પ્રજાને સમાજમાં સ્થાપિત કરવાની છે તેથી અસ્પૃશ્યતા નિવારણનો અમલ થયો.
- રૂઢિચુસ્ત સામાજિક વ્યવસ્થામાં દલિતોને ધર્મપાલનની છૂટ ન હતી, તેના લીધે અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા જેવા દૂષણોનું જોર વધ્યું હતું. આના નિવારણરૂપે મંદિરોના દ્વાર દલિતો માટે ખુલ્લાં મૂકાયાં.
- દલિતોને તેમનો શ્રદ્ધેય ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય મળ્યું.
- આ બધી બાબતોના પાયામાં દલિતોના શિક્ષણ માટે ખાસ કાયદાકીય યોજનાઓનો અમલ થયો. દલિતોના વ્યક્તિ સ્વાતંત્ર્યની હિમાયત કરવામાં આવી.
- ભેદભાવ રહિત વિકાસને પ્રેરક અને સામાજિક ઉત્થાપનના સહિયારા પ્રયત્નોમાં દલિતોને સાંકળી, સર્વોદય સમાજ રચનાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો.
- સામાજિક સુધારણા દ્વારા તેમના જીવન સ્તરને ઊંચું લાવવા માટે આર્થિક અસમાનતા, જ્ઞાતિ, જાતિ ભેદભાવો વગેરે પરિબળોમાં સુધારો લાવી દલિતોની સામુદાયિક નૈતિક ઉન્નતિને કાયદા વડે બળ પૂરું પાડવામાં આવે છે.

**(3) લઘુમતિ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ :**

- આપણા સમાજમાં લઘુમતિ માનવ સમુદાયમાં વર્ગીકૃત થયેલ મનુષ્યોના અધિકારો માટે ખાસ

કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. રાજ્યે તેના જતન માટે પંચની રચના કરી છે જે આ માનવ સમુદાય માટે કલ્યાણ અને વિકાસ પર દેખરેખ રાખે છે.

- આ માટે તેનું કાર્યક્ષેત્ર કાયદાકીય રીતે વિશાળ બનાવી લઘુમતીઓના ઉત્કર્ષ અંગે પ્રયાસો કરી આ બાબત રાજકારણથી પર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- ગમે તે પક્ષ સત્તા ઉપર હોય, તે છતાં લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ માટેના ધારાકીય અને વહીવટી પ્રયાસો નિરંતર ચાલતા રહે તેવી વ્યવસ્થા સંવિધાન દ્વારા કરવામાં આવી છે.
- ભારતમાં લઘુમતિઓના હકોનું રક્ષણ કરવામાં આવે છે. આ અંગેના કાયદાનું શિક્ષણ આપવામાં આવે છે. તેનાથી તેઓ પોતે પોતાના હકો પરત્વે સભાન બને છે.

**(4) વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ :**

- શાળામાં ભણતાં વિદ્યાર્થીઓ આવતી કાલના નાગરિકો છે. શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. શાળામાં જ બાળકોને માનવ અધિકારોનું શિક્ષણ આપવાથી તેઓ તે અંગેના કાયદાથી વાકેફ થતાં જશે.
- વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારોમાં તેના હિતોને પ્રાથમિકતા આપવી, તેમને કોઈ પણ સ્વરૂપના ભેદભાવ સાથે રક્ષણ આપવું, તેમના અધિકારો અંગેના વિચારોને અસરકારક બનાવવા, તેમનો મહત્તમ વિકાસ થાય તે રીતે તેમને જીવન જીવવાની તક, તેમને પોતાની નામના અને રાષ્ટ્રીયતા મેળવવાનો હક, પોતાની ઓળખ ઊભી કરવાનો હક છે.
- વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત પૂરું પાડવાની રાજ્યની ફરજ છે. શારીરિક કે માનસિક ત્રાસ સામે રક્ષણ મેળવવાનો દરેક વિદ્યાર્થીને હક છે.
- શારીરિક કે માનસિક અસમર્થ વિદ્યાર્થીઓને સારું અને આનંદમય જીવન જીવવાનો હક છે, દરેક વિદ્યાર્થીને સાંસ્કૃતિક જાણકારી મેળવવાનો હક છે, તેમને સામાજિક, નૈતિક, માનસિક, ભૌતિક વિકાસ થાય તેવું જીવન ધોરણ અપનાવવાનો હક છે.
- જાતિય કે અન્ય કોઈ પણ સ્વરૂપમાં વિદ્યાર્થીના થતા શોષણ સામે રક્ષણનો હક વિદ્યાર્થીઓને છે. બાળમજૂરીને બદલે તેમને શિક્ષણનો હક છે.

**(5) વાલીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાનું શિક્ષણ :**

- કેટલીક શાળાઓ જે ખોટા નિયમો ઊભાં કરે છે તેની સામે વાલીઓ માનવ અધિકારના કાયદાનો ઉપયોગ કરી શકે છે. શાળામાં વાલીઓના સામાજિક કે આર્થિક ભેદભાવથી અન્યાય થતો હોય તો રક્ષણ મળે છે.
- શિક્ષણ એક અધિકાર (Right to Education) અન્વયે 6-14 વર્ષની વયના પોતાનાં સંતાનો માટે કોઈ શાળા, પ્રવેશ અંગે આનાકાની કરે તો તેના પ્રવેશ સંદર્ભે કાયદો છે.
- મા-બાપ કે કાયદેસરના વાલીની પાલ્ય પ્રત્યેની પ્રાથમિક જવાબદારી છે. તેમણે તેની ઉન્નતિ થાય તે મુજબ પ્રયત્નો કરવાના છે. તેને કુટુંબના વાતાવરણમાં રહેવાનો હક છે, તેના હિતમાં જ તેનું યોગ્ય વિધાન થવું જોઈએ.
- કુટુંબમાં તેની તંદુરસ્તીના શ્રેષ્ઠત્તમ ધોરણો જાળવવાનો છે. કામ કરતા મા-બાપનાં સંતાનોની સર સંભાળ લેવાનો હક છે. પોતાના પાલ્યની સમજ, ઉંમરને ધ્યાનમાં લઈને ન્યાયના વહીવટના સંબંધમાં પોતાના પાલ્ય-વિદ્યાર્થીના હક છે, તે માટેના બાળ અદાલતનો પરિચય કેળવવો.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, પછાત-ભટકતું જીવન જીવતા લોકો, લઘુમતઓ, મહિલાઓના શિક્ષણ માટેના કાયદાઓનું વાલીઓએ શિક્ષણ મેળવવું જરૂરી છે. જેથી પોતાના સંતાનોના હકો માટે પ્રયત્ન કરી શકાય.

## 12.4 માનવ અધિકારના શિક્ષણ માટેનો અભ્યાસક્રમ : (Curriculum of Human Rights Education)

- માનવ અધિકારોના શિક્ષણ માટે નીચે મુજબની બાબતોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

(1) માનવ અધિકાર સંબંધી જોગવાઈઓ

(2) માનવ અધિકાર આંદોલન

(3) વિવિધ દેશોની સંસ્કૃતિઓના વિકાસની ગાથાઓ

(4) સાંસ્કૃતિક સમૂહ

(5) લોકતંત્ર

(6) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (1994)

(7) નાગરિકોને પ્રાપ્ત બંધારણીય કાનૂની અધિકાર

(8) સંયુક્ત રાષ્ટ્ર સંઘનું શ્વેતપત્ર

(9) માનવ અધિકારોનું ઘોષણાપત્ર (1998)

(10) વૈશ્વિક સાક્ષરતા

(11) વિવિધ રાષ્ટ્રોના મહાપુરુષોનાં જીવન ચરિત્રો

(12) વિશ્વની મહત્ત્વપૂર્ણ દાર્શનિક વિચારધારાઓ

(13) ભારતીય સંવિધાનમાં સમાવિષ્ટ મૌલિક અધિકારો અને કર્તવ્ય

## 12.5 સંયુક્ત રાષ્ટ્રસંઘ અને માનવ અધિકાર શિક્ષણ :

- સંયુક્ત રાષ્ટ્રસંઘ અને જુદાં જુદાં દેશોની સરકાર દ્વારા માનવ અધિકારના જુદાં જુદાં ઘટકોને ધ્યાનમાં રાખીને માનવ અધિકારના શિક્ષણનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાં કેટલાંક લક્ષ્યાંકો સમાન સ્વરૂપે જોવા મળે છે. જેવાં કે માનવ ગરિમા, સમાનતા, વૈશ્વિકતા, પરસ્પરાવલંબન, વૈયક્તિકતા અને જવાબદારીમૂલક વર્તનનો સમાવેશ થાય છે.
- માનવને કેટલાક પ્રાથમિક અધિકારો, સમગ્ર વિશ્વમાં દેશોની સીમા પાર પણ સમાન રીતે મળે છે, જેવા કે નાગરિક અધિકાર, રાજકીય અધિકાર, સામાજિક અધિકાર, આર્થિક અને સાંસ્કૃતિક અધિકાર વગેરે.
- માનવ અધિકાર પ્રાપ્તિ પર રાજકીય, આર્થિક, સામાજિક વગેરે પરિબળો ગાઢ અસર કરે છે. જેમકે સીમાઓની સામાજિક સ્થિતિ બાબતે વિકસિત રાષ્ટ્રો, લોકશાહી દેશો અને ધાર્મિક કટ્ટરવાદી દેશોની પરિસ્થિતિ જુદી જુદી છે.
- આ વિશ્વમાં એક માનવ તરીકે જન્મતાની સાથે જ વ્યક્તિ અગ્ર સૂચિત પ્રાથમિક અધિકારોની પ્રાપ્તિ કરી જ લે છે. પરિણામે કાળા-ગોરા કે સ્ત્રી-પુરુષ જેવા ભેદભાવો દૂર થવાં જોઈએ.
- વ્યક્તિ પોતાનો માનવ અધિકાર મેળવે તે માટે માનવ અધિકારોની માહિતી અને તે મેળવવાની ક્ષમતા વિકસે તે માનવ અધિકાર-શિક્ષણનું મૂળ લક્ષ્ય છે.
- ઉપરોક્ત અભ્યાસક્રમ શિક્ષણ સંસ્થાઓમાં દાખલ કરી શિક્ષકોને તેનું શિક્ષણ આપવાની જવાબદારી આપવામાં આવી છે.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)ની કાર્ય યોજના અનુસાર 'અધ્યાપક શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન અને અમલ માટેનું મુખ્ય વાહન છે.' તેથી જ્યાં સુધી શિક્ષકને માનવ અધિકાર સંબંધી માહિતીની જાણકારી પ્રદાન કરવામાં ન આવે ત્યાં સુધી તેનું શિક્ષણ સફળ થઈ શકશે નહીં. તેથી માનવ અધિકારના શિક્ષણને, બી.એડ્.ના અભ્યાસક્રમોમાં પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે.
- કેટલાંક પ્રશિક્ષણ વિદ્યાલયોમાં Challenges in Education શીર્ષક નીચે Human Rights

Education ને જોડવામાં આવ્યું છે. કેટલાંકમાં ઈતિહાસના શિક્ષણમાં આનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **એકમ સ્વાધ્યાય**

**(1) ટૂંકમાં ઉત્તર આપો :**

(1) રાષ્ટ્રમાં મફત શિક્ષણનો અધિકાર કઈ ઉંમર સુધી છે ?

(2) છૂટાછેડા લેવા અંગે મહિલાના હકો કયા છે ?

(3) દલિતોના ઉત્કર્ષ માટે રાજ્યે શી જોગવાઈ કરી છે ?

(4) લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે સંવિધાન દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**(2) મુદ્દાસર ઉત્તર આપો :**

(1) મફત શિક્ષણનો મૂળભૂત અધિકાર સમજાવો.

(2) વિકાસ અને શિક્ષણનો અધિકાર પરસ્પર સંબંધિત છે- સમજાવો.

(3) મહિલાઓ સંદર્ભે કયા અધિકારોની જોગવાઈઓ છે ?

(4) વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારના કાયદાના શિક્ષણમાં શું સમાવિષ્ટ છે ?

(5) વાલીઓ સંદર્ભે અધિકારના કાયદાના શિક્ષણની ફલશ્રુતિ શી છે ?

## 12.6 સારાંશ :

- આપણાં સંવિધાન અને કાનૂન દ્વારા મહિલાઓને ઢગલાબંધ માનવ અધિકાર દેવામાં આવ્યા છે. તેથી મહિલાઓને માનવ અધિકારો માટે જાગૃત કરવા શિક્ષણની અત્યંત આવશ્યકતા જણાય છે. મહિલા માનવ અધિકારોને આજે વિશ્વસ્તરે માન્યતા મળેલ છે, તે અંગેના નિયમો, કાનૂન અને આચારસંહિતાઓ છે, જે મહિલાઓના અધિકારોના સંરક્ષણ સંબંધિત છે. દુનિયામાં સૌથી વધુ અપરાધ અને અત્યાચાર મહિલાઓની સામે થાય છે. વિશ્વના લગભગ મોટાભાગના દેશોમાં મહિલાઓને માનવ અધિકારો આપવામાં આવ્યા છે, જેથી પોતે સન્માનપૂર્વક જીવી શકે.

- કાયદાઓ દ્વારા ભારતમાં દલિતોના હકોનું રક્ષણ કરવામાં આવે છે. જેમાં દલિત ઉધ્ધારમાં જીવનનિર્વાહ, સામાજિક દરજ્જો અને ધાર્મિક સ્વાતંત્ર્ય પર ભાર મૂકવામાં આવ્યો છે રોટી, કપડાં અને મકાન એ માનવની પ્રાથમિક જરૂરિયાત છે, અધિકાર છે. દલિત જનતા આ અધિકારને પ્રાધાન્ય અપાયું. એક માણસ બીજા માણસનું એઠું-ગંદુ કે મેલું ઉઠાવે એ અમાનવીય છે. સમાજમાં અછૂત અને હડધૂત થતી પ્રજાને, સમાજમાં યોગ્ય રીતેસ્થાપિત કરવાની છે.

- દલિતોના શિક્ષણ માટે ખાસ કાયદાકીય યોજનાઓનો અમલ થયો. દલિતોના વ્યક્તિ સ્વાતંત્ર્યની હિમાયત કરવામાં આવી. ભેદભાવ રહિત વિકાસને પ્રેરક અને સામાજિક ઉત્થાનના સહિયારા પ્રયત્નોમાં દલિતોને સાંકળી સર્વોદય સમાજ રચનાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો. સામાજિક સુધારણા દ્વારા તેમના જીવન સ્તરને ઊંચું લાવવા માટે આર્થિક અસમાનતા, જ્ઞાતિ, જાતિ ભેદભાવો વગેરે પરિબળોમાં સુધાર લાવી દલિતોની સામુદાયિક નૈતિક ઉન્નતિને કાયદા વડે બળ પૂરું પાડવામાં આવે છે.

- આપણા સમાજમાં લઘુમતિ માનવ સમુદાયમાં વર્ગીકૃત થયેલ મનુષ્યોના અધિકારો માટે ખાસ કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. રાજ્યે તેના જતન માટે પંચની રચના કરી છે. જે આ માનવ સમુદાય માટે કલ્યાણ અને વિકાસ પર દેખરેખ રાખે છે. આ માટે તેનું કાર્યક્ષેત્ર કાયદાકીય રીતે વિશાળ બનાવી, લઘુમતિઓના ઉત્કર્ષ અંગે પ્રયાસો કરે છે. તેને અનુરૂપ સંવિધાનમાં જોગવાઈ કરી આ બાબત રાજકારણથી પર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- શાળામાં ભણતા વિદ્યાર્થીઓ આવતી કાલના નાગરિકો છે. શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. શાળામાં જ બાળકોને માનવ અધિકારોનું શિક્ષણ આપવાથી તેઓ તે અંગેના કાયદાથી

વાકેફ થતા જશે. વિદ્યાર્થીઓ સંદર્ભે માનવ અધિકારોમાં તેના હિતોને પ્રાથમિકતા આપવી, તેમને કોઈપણ સ્વરૂપના ભેદભાવ સામે રક્ષણ આપવું, તેમના અધિકારો અંગેના વિચારોને અસરકારક બનાવવા, તેમનો મહત્તમ વિકાસ થાય તે રીતે તેમને જીવન જીવવાની તક, તેમને પોતાની નામના અને રાષ્ટ્રીયતા મેળવવાનો હક, પોતાની ઓળખ ઊભી કરવાનો હક છે.

- કેટલીક શાળાઓ જે ખોટા નિયમો ઊભા કરે છે, તેની સામે વાલીઓ માનવ અધિકારના કાયદાનો ઉપયોગ કરી શકે છે. શાળામાં વાલીઓના સામાજિક કે આંતરીક ભેદભાવથી અન્યાય થતો હોય તો રક્ષણ મળે છે. શિક્ષણ એક અધિકાર અન્વયે 6-14 વર્ષની વયના પોતાનાં સંતાનો માટે કોઈ શાળા પ્રવેશ અંગે આનાકાની કરે તો તેના પ્રવેશ સંદર્ભે કાયદો છે.
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, પછાત-ભટકતું જીવન જીવનારાઓ, લઘુમતીઓ, મહિલાઓના શિક્ષણ માટેના કાયદાઓનું વાલીઓએ શિક્ષણ મેળવવું જરૂરી છે. જેથી પોતાના સંતાનોના હકો માટે પ્રયત્ન કરી શકાય.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો

(1) છૂટાછેડા લેવા અંગે મહિલાના હકો કયા છે ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(2) દલિતોના ઉત્કર્ષ માટે રાજ્ય દ્વારા કઈ જોગવાઈ કરી છે ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(3) લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે, સંવિધાનમાં કઇ વ્યવસ્થા કરવામાં આવી છે ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(4) મહિલાઓ સંદર્ભે કયા અધિકારોની જોગવાઈઓ છે ?

....................................................................

....................................................................

....................................................................

....................................................................

.................................................................

.................................................................

(5) વિદ્યાર્થીઓ સંદર્ભે, માનવ અધિકારના કાયદા શિક્ષણમાં શું સમાવિષ્ટ છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) વાલીઓ સંદર્ભે, માનવ અધિકારના કાયદાની શિક્ષણમા કઇ ફલશ્રુતિ છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 12.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) પતિ માનસિક અને શારીરિક અત્યાચાર કરે, ધર્મ પરિવર્તન કરે, સંન્યાસ લઈ લે, ગાંડો થઈ જાય કે ભયંકર કુષ્ઠ રોગનો દર્દી બને ત્યારે સ્ત્રી છૂટાછેડા લેવા હકદાર છે.

(2) અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે રાજ્યની સવિશેષ જવાબદારીઓને ધ્યાનમાં રાખીને તે માટેના પંચનો હોદ્દો ઊભો કરવામાં આવ્યો છે. આ જ્ઞાતિઓના કલ્યાણ અને વિકાસ માટે સંવિધાનમાં જોગવાઈ કરવામાં આવી છે, તે માટે ધારાકીય અને વહીવટી પ્રયાસો નિરંતર ચાલતા રહે તેવી વ્યવસ્થા સંવિધાન દ્વારા કરવામાં આવી છે. અસ્પૃશ્યતા પર પ્રતિબંધ તો છે જ, પણ તે અંગેના ગુન્હાઓ માટે સજા કરવા અંગે કાયદાકીય સત્તા આપતી જોગવાઈઓ પણ સંવિધાનમાં છે.

(3) લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ પ્રત્યે તેને અનુરૂપ સંવિધાનમાં જોગવાઈ કરી આ બાબત રાજકારણથી પર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગમે તે પક્ષ સત્તા ઉપર હોય, તે છતાં લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ માટેના ધારાકીય અને વહીવટી પ્રયાસો નિરંતર ચાલતા રહે તેવી વ્યવસ્તા સંવિધાન દ્વારા કરવામાં આવી છે. ભારતમાં લઘુમતિઓના હકોનું રક્ષણ કરવામાં આવે છે.

## 12.10 સૂચિત વાંચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

**ES-102**

# વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

વિભાગ

4

## સામાજિક પરિવર્તન અને શિક્ષણ

**એકમ-13 સામાજિક પરિવર્તન અને શિક્ષણ-1**

**એકમ-14 સામાજિક પરિવર્તન અને શિક્ષણ-2**

**એકમ-15 સામાજિક પરિવર્તનની પ્રક્રિયા**

**એકમ-16 સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો**

| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. બિજલ આર. મિસ્ત્રી** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN :**



Copyright © Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-102 વર્તમાન ભારતમાં શિક્ષણના પરિમાણો

**વિભાગ-1 : ભારતીય સમાજ અને શિક્ષણ**

1. ભારતીય સમાજ અને શિક્ષણ
2. ભારતીય સમાજનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન
3. ભારતીય શિક્ષણ અને લોકશાહી
4. ભારતીય શિક્ષણમાં અસમાનતાનું સ્વરૂપ

**વિભાગ-2 : સામાજિકીકરણ અને વૈશ્વિકીકરણ**

5. સામાજિકીકરણ
6. સામાજિકીકરણની પ્રક્રિયા
7. વૈશ્વિકીકરણ
8. શિક્ષણમાં વૈશ્વિકીકરણ

**વિભાગ-3 : ખાનગીકરણ અને માનવ અધિકાર**

9. ખાનગીકરણ
10. શિક્ષણમાં ખાનગીકરણનું સ્વરૂપ
11. માનવ અધિકારોનું શિક્ષણ
12. માનવ અધિકારોનું શિક્ષણ અને અધિકાર

**વિભાગ-4 : સામાજિક પરિવર્તન અને શિક્ષણ**

13. સામાજિક પરિવર્તન
14. સામાજિક પરિવર્તન અને શિક્ષણ
15. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા
16. સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપુષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 13 સામાજિક પરિવર્તન અને શિક્ષણ-1

## : રૂપરેખા :


**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 સામાજિક પરિવર્તન એટલે શું ?**

**13.3 સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ**

**13.4 સામાજિક પરિવર્તનના ઘટકો**

**13.5 સામાજિક પરિવર્તનનું સ્વરૂપ**

**13.6 સામાજિક પરિવર્તનના ક્ષેત્રો**

**13.7 સારાંશ**

**13.8 એકમ સ્વાધ્યાય**

**13.9 તમારી પ્રગતિ ચકાસો**

**13.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**13.11 સૂચિત વાંચન સામગ્રી**


## 13.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે ...........

(1) સામાજિક પરિવર્તનની સંકલ્પના સ્પષ્ટ કરી શકશો.

(2) સામાજિક પરિવર્તનનું સ્વરૂપ સમજાવી શકશો.

(3) સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ સમજી શકશો.

(4) સામાજિક પરિવર્તનના ઘટકોની ચર્ચા કરી શકશો.

(5) સામાજિક પરિવર્તનનું સ્વરૂપ સમજી શકશો.

(6) સામાજિક પરિવર્તનના ક્ષેત્રો સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના :

- પ્રાચીન સમયમાં લોકોની જરૂરિયાત મર્યાદિત હતી. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે લોકોની જરૂરિયાતોમાં વધારો થયો. માનવ સમાજ સતત વિકાસશીલ અને પરિવર્તનશીલ રહ્યો છે.
- માનવીની જરૂરિયાતો જેમ જેમ વધતી ગઈ તેમ તેમ માનવીમાં પરિવર્તન થતું જોવા મળે છે. સંસારમાં કોઈ પણ સમાજ પરિવર્તનની લપેટમાંથી બચી શકતો નથી.
- આજે પ્રાચીન કાળની સરખામણીમાં આધુનિક સમાજમાં નવાં નવાં મશીનો આવવાને કારણે શહેરીકરણ, ઔદ્યોગિક ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ, વિજ્ઞાન અને ટેકનોલોજીના સાધનોનો આવિષ્કાર વગેરેને કારણે માનવીમાં પરિવર્તન આવ્યું છે.
- રહેણીકરણી, પહેરવેશ, ખોરાક, હાવભાવ વગેરેમાં પણ આપણે પરિવર્તન જોઈ રહ્યાં છીએ.
- કદાચ કોઈક સંજોગોમાં સમાજનું પરિવર્તન અટકે તો તેવી સ્થગિતતા ધીમે ધીમે સમાજને નષ્ટ કરી નાખનારી બની રહે, પરંતુ કોઈપણ જીવંત સમાજ જીવંત પ્રાણીની જેમ પરિવર્તન પામતો જ રહે છે અને પરિવર્તન પામે તે સામેનાં પરિબળો નિરંતર કામ કરતાં જ રહે છે.

- શિક્ષણ દ્વારા પણ ઘણી વખત સમાજમાં પરિવર્તન આવે છે. શિક્ષણ દ્વારા માનવીની વિચારસરણીમાં ફેરફાર થાય છે તેના લીધે પણ સામાજિક પરિવર્તન આવે છે. સમાજમાં જૂના રિવાજો વર્ષોથી ચાલતાં આવે છે. શિક્ષણના સંપર્કથી હવે સમાજ આધુનિક સમાજ બનવા જઈ રહ્યો છે.
- કોઈ પણ સમાજ સંપૂર્ણપણે સ્થિર હોતો નથી. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધો, આ સંબંધોને પરિણામે ઉદ્‌ભવતી જૂથ-રચનાઓ, જૂથના સભ્યોના દરજ્જા-ભૂમિકાઓ,ધોરણો, મૂલ્યો વગેરેમાં પરિવર્તનતી પ્રક્રિયા સતતપણે ચાલ્યાં કરે છે.
- કેટલાંક સમાજોમાં પરિવર્તન વધુ ઝડપી હોય છે અને કેટલાક સમાજોમાં પરિવર્તન ધીમું હોય છે એ ખરું પણ કોઈ સમાજ સંપૂર્ણ સ્થિર હોતો નથી.
- માનવી હંમેશાં પરિવર્તન ઝંખે છે, કેવળ માનવ સમાજ જ નહીં, કુદરત પણ સ્થિર નથી. પરિવર્તનની પ્રક્રિયા અવિરતપણે ચાલે છે. સાતત્ય અને પરિવર્તન પ્રત્યેક સમાજનું લક્ષણ છે. પ્રત્યેક સમાજ પરિવર્તનની સતત પ્રક્રિયામાંથી પસાર થતો રહે છે. કોઈ સમાજ સંપૂર્ણપણે તેમાંથી રચાતી જૂથ રચના, ધ્યેયો, દરજ્જો અને ભૂમિકા, ધોરણો, મૂલ્યો જેવાં સમાજના રચનાતંત્રીય ભાગોમાં થતાં ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય.
- બદલાતાં સંજોગોમાં તંત્ર પ્રથાએ ટકી રહેવા માટે અનુકૂલન કરવું પડે છે, તેમાંથી પરિવર્તન ઉદ્‌ભવે છે. દા.ત. વર્તમાન રાજ્ય વ્યવસ્થા.
- સામાજિક પરિવર્તન એક નક્કર હકીકત છે. સામાજિક પરિવર્તન સમાજ કે સમૂહ જીવનની તરેહમાં બદલાવ સૂચવે છે, સામાજિક પરિવર્તન પ્રત્યેક સમાજની લાક્ષણિકતામાં છે, છતાં પરિવર્તનની માત્રા અને સ્વરૂપમાં ભિન્નતા જોવા મળે છે.
- યુરેના મતે આધુનિક સમયમાં આવેલું પરિવર્તન સૌથી ઝડપી છે. સામાજિક પરિવર્તન નવાં અર્થો અને મૂલ્યો ઊભાં કરે છે. ટૂંકમાં, સામાજિક પરિવર્તન માનવીના અનુભવ અને અહેસાસની ઘટના છે.

## 13.2 સામાજિક પરિવર્તન એટલે શું ? (Meaning of Social change)

- પરિવર્તન શબ્દ ફેરફાર કે બદલાવનાં ભાવ સાથે સંકળાયેલ છે. પરિવર્તન એટલે એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું. પરિવર્તન શબ્દ પોતે જ સુધારણા, ગતિશીલતા કે કોઈ ઘટનાનાં ભાવને સૂચવે છે.
- કેટલાંક પરિવર્તન આપમેળે સ્વયં થતાં હોય છે. જ્યારે કેટલાંક પરિવર્તનો સમાજ માટે આવશ્યક છે. ખાડા કે ખાબોચિયાનું સ્થિર પાણી ગંધાઈ ઊઠે છે. જ્યારે વહેતું પાણી ચોખ્ખું, નિર્મળ જોવા મળે છે.
- પરિવર્તન ઘણી વખત અસરકારક હોય છે.પછી તેની અસર સારી કે ખરાબ હોઈ શકે.
- ''સામાજિક પરિવર્તન એટલે સમાજના રીત-રિવાજ, રૂઢિઓ, વિચારો, માન્યતાઓ અને મૂલ્યોમાં માળખાગત ફેરફાર.''
- ''માનવીની સર્જિત રહેણીકરણી, વલણો અને ભૌતિક પરિવર્તનો એ સામાજિક પરિવર્તનો છે.'' - ***મેસીપર અને પેજ***
- ''સામાજિક પરિવર્તન એટલે સામાજિક સંરચનામાં આવતું પરિવર્તન.'' - ***ગિન્સ બર્ગ***
- ''સમાજના વિભિન્ન એકમોના માળખામાં અને કાર્યમાં વધુ કે ઓછું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.''

***- બી.સી.રાય***

"Social change is more or less, a progress which bring about changes in the structure and functions of the various units of the Society."

- સામાજિક પરિવર્તન એટલે સામાજિક પ્રક્રિયા, સામાજિક તરાહો, સામાજિક આંતરક્રિયાઓ કે સામાજિક વ્યવસ્થાના કોઈપણ અંશમાં પરિવર્તન અને પરિમાર્જન.

"Social change is a term used to describe variations in or modification of any aspect of social process, scocal pattensnal Social interaction Petterns or Social Organization." ***- John***

- ''સામાજિક પરિવર્તન એટલે અન્ય પરિબળોને આધારે ભૌતિક કે સામાજિક રીતે પરિવર્તન પામતાં વાતાવરણ સાથે વધુ સારી રીતે અનુકૂલન સાધવા માટે માણસે પોતાની ટેવો, વલણો અને હેતુઓમાં આણેલું પરિવર્તન.'' ***- ભાટિયા***
- ''સંસ્કૃતિનું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે, કારણ કે સમગ્ર સંસ્કૃતિની ઉત્પત્તિ, અર્થ અને પ્રયોગ સામાજિક હોય છે.'' ***- ડાઉસન અને ગેટ્સ***
- ''નિશ્ચિત સમયમર્યાદા નિશ્ચિત સમાજ વ્યવસ્થાના સંદર્ભમાં સામાજિક સંબંધોમાં આવતું પરિવર્તન તે સામાજિક પરિવર્તન છે.''
- "Social change refers to a pattern of social relationship in a given social setting, which exhibits change over some definite period of time." ***- Miller***
- ''સામાજિક પરિવર્તન એટલે સમાજની મોટા ભાગની વ્યક્તિઓ એવું કાર્ય કરે છે, જે તેમના નિકટના સ્વજનો કે પૂર્વજોએ અગાઉ કરેલાં કાર્યોથી ભિન્ન હોય. જ્યારે માનવના વર્તન કે વ્યવહારમાં પરિવર્તન આવે છે કે તે સામાજિક પરિવર્તનો તરફ અંગુલિનિર્દેશ કરે છે.''

***- Miller and Elredge***

- આ રીતે જોતાં સામાજિક પરિવર્તન એટલે માનવમાં રહેણીકરણી, વિચારો, માન્યતાઓ, વલણો, પરંપરાઓ,પ્રણાલિકાઓમાં આવતાં પરિવર્તનો.
- સામાજિક સંબંધોમાં આવતાં પરિવર્તનો.
- સામાજિક માળખાં અને સામાજિક તરાહો, આંતરક્રિયાઓ કે સામાજિક કર્તવ્યોમાં આવતાં પરિવર્તનો.
- વાતાવરણ સામે અનુકૂલન સાધવામાં વધારો સારા માનવ બનવા માટે તેની ટેવો, વલણો અને હેતુઓમાં આવતાં પરિવર્તનો.
- ''માનવ બુધ્ધિને લીધે તેમજ શિક્ષણ અને અન્ય પરિબળોને લીધે સમાજમાં થતાં ફેરફારો એ સામાજિક પરિવર્તન છે.''
- સામાજિક પરિવર્તન એક પ્રકારનો પારિભાષિક શબ્દ છે, તેનો અર્થપૂર્ણ ઉપયોગ સામાજિક પ્રક્રિયા સામાજિક તરાહો, સામાજિક કાર્યો, સામાજિક આંતરક્રિયાઓ, સામાજિક વ્યવસ્થાના ફેરફારો દર્શાવવા થાય છે.
- જ્યારે સામાજિક પ્રક્રિયા બદલાય ત્યારે સામાજિક પરિવર્તન થયું ગણાય, જેમ કે લગ્ન એક પ્રકારની સામાજિક સંસ્થા છે અને તેની એક સુનિશ્ચિત પ્રક્રિયા છે. લગ્નવિધિ પ્રમાણે લગ્ન થાય છે. ગોર મહારાજની હાજરી અને સૂચના પ્રમાણે, અગ્નિની સાક્ષીએ સગાંસંબંધીની હાજરીમાં લગ્નની વિધિ કરવામાં આવે છે. જ્યારે લગ્નના વરઘોડિયા અકેલા એકલા આપમેળે સગાંસંબંધીની પરવાહ કર્યા વગર સિવિલ મેરેજ કરી લે છે. સવારે છાપું વાંચે ત્યારે ખબર પડે કે ગગો પરણી ગયો. સગાં સંબંધીની બધી જ ઈચ્છાઓ અધૂરી રહે છે, તો આ થયું સામાજિક પ્રક્રિયામાં પરિવર્તન.

- સામાજિક તરાહોમાં થતાં ફેરફારોને પણ સામાજિક પરિવર્તન ગણવામાં આવે છે. જીવનની એક તરાહ એવી હતી કે ઘરમાં જમવું અને લોટે જંગલ જવું, તેને બદલે આજના પરિવર્તનના યુગમાં જમવા બહાર જવું ને લોટે ઘરમાં જવાની તરાહ થઈ ગઈ. રવિવારે જમવા માટે બહાર જવું, તો આનો સમાવેશ પણ સામાજિક પરિવર્તનમાં થાય.
- પહેલાં સમયમાં વડીલોની હાજરીમાં વહુએ બોલાય નહીં, તેવી એક પારિવારિક વ્યવસ્થા હતી. પણ આજ વડીલોની હાજરીમાં બોલવું, ટેલિવિઝન જોવું, ફોન પર વાત કરવી વગેરે. આ સામાજિક વ્યવસ્થાના એક અંશમાં તફાવત થયો તો તેને પણ સામાજિક પરિવર્તન ગણાય.
- આજે ઉત્સવ ઉજવણીમાં મોટા ખર્ચ કરવામાં આવે છે. વસંતપંચમી કોઈ ઉજવતું નથી. ફ્રેન્ડશીપ ડે , રોઝ ડે વધુ ઉજવાય છે.આમ રીત-રિવાજ, આચાર-વિચારમાં આવેલાં પરિવર્તનનો સમાવેશ સામાજિક પરિવર્તનમાં થાય છે.
- આજે ભોજનમાં પીઝા પીરસવામાં આવે તો ફટાફટ ખવાય છે, પરંતુ યુવાવર્ગને ઘરમાં લાપસી આપવામાં આવે તો પ્રસાદી રૂપે ચાખી લે છે. આમ ગમા-અણગામામાં આવેલાં પરિવર્તનો પણ સામાજિક પરિવર્તનો છે.
- માનવ જીવનના વ્યવહારમાં ઘણો બધો બદલાવ જોવા મળે છે. માતાનું સ્થાન મમ્મીએ અને મમ્મીનું સ્થાન મોમ એ લઇ લીધું છે. પિતાનું સ્થાન પપ્પાએ અને પપ્પાનું સ્થાન પોપ એ લઇ લીધું છે. સાઈકલની જગ્યાએ ધીમે ધીમે ગાડી સુધી પહોંચી ગયા છીએ. આ બધું નિશ્ચિત સમય મર્યાદામાં થયું. આ બધી બાબતો સામાજિક પરિવર્તનનાં ઉદાહરણો છે.
- ''સમાજનાં વિભિન્ન એકમોના માળખામાં અને કાર્યમાં વધુ કે ઓછું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે.'' - ***બી.સી. સાઈ***
- ''માનવની માનવ સર્જિત રહેણીકરણી, વલણ અને ભૌતિક પરિવર્તન એ સામાજિક પરિવર્તનો છે. દા.ત. પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં બદલાવ.'' - ***Maciver and page***
- ''સામાજિક પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે, કારણ કે સંસ્કૃતિનો ઉદ્ભવ, અર્થ અને ઉપયોગ સામાજિક છે.''

  "Social changes is a cultural change, since all culture is social in its origin, meaning and usege." ***- Dawsn & Gettys***

  ઉપરની બધી વ્યાખ્યાઓ તપાસતાં સામાજિક પરિવર્તનની સંકલ્પના વધુ સ્પષ્ટ થશે.
- **ડેવિસ :**

  ''સામાજિક સંગઠન એટલે કે સામાજિક રચનાતંત્ર અને કાર્યમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.

દા.ત. સંયુકત કુટુંબમાંથી વિભકત કુટુંબ

## 13.3 સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ : (characteristics of Social change)

સામાજિક પરિવર્તનના ખ્યાલને વધુ સ્પષ્ટ કરવા આપણે તેના કેટલાંક લક્ષણોની સમજ મેળવીએ :

### (1) સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે.

સામાજિક પરિવર્તન એ કોઈ ચોક્કસ સમાજો પૂરતું મર્યાદિત રહેતું નથી, તે સાર્વત્રિક છે. સામાજિક પરિવર્તન વગરનો કઈ સમાજ હોઈ શકે નહીં. સમાજ ગમે તેવો હોય, પરિવર્તન પ્રત્યેક સમાજનું આવશ્યક લક્ષણ છે. જો કે કોઈ સમાજમાં પરિવર્તન વધુ ઝડપી હોય છે,તો કોઈ સમાજમાં તે ધીમું હોય છે, પણ પરિવર્તન સંપૂર્ણ અભાવવાળો કોઈ સમાજ હોતો નથી.

- પરિવર્તનની માત્રા અને ગતિમાં તફાવતો હોઈ શકે છે. સ્ત્રીઓને મળતી સમાનતા અને સ્વતંત્રતાના મુદ્દે વિશ્વના લગભગ તમામ સમાજોમાં હકારાત્મક પરિવર્તનો આવી રહ્યો છે. ભારતમાં કેટલાક પ્રદેશો અને સ્તરોમાં જ્યાં ભૂતકાળ કરતાં સ્ત્રીઓને શિક્ષણ અને વ્યવસાયમાં પુરુષ સમોવડી બનવાની તક ઉપલબ્ધ થઈ છે ત્યાં આ ક્ષેત્રે વિશેષ પરિવર્તન આવ્યું છે.

**(2) સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફારો સૂચવે છે.**

- કોઈપણ સમાજના રચનાતંત્ર અને કાર્યોમાં પરિવર્તન આવે તેને આપણે સામાજિક પરિવર્તન કહીએ છીએ.

  દા.ત. ભારતીય સ્વતંત્રતા પહેલાં અનેક પ્રદેશોમાં રાજાશાહી હતી, તેને કારણે રાજકીય સત્તા એક વ્યક્તિ કે કુટુંબના હાથમાં જ કેન્દ્રિત હતી. આઝાદી પછી આપણે લોકશાહી પરિવર્તન સમાજનાં અનેક પાસાંઓમાં પરિવર્તન લાવે છે, જેમ કે પરંપરાગત રૂઢિચુસ્ત વિચારો અને મૂલ્યોને સ્થાને સમાનતા અને ઉદારતાવાદનાં મૂલ્યો સ્થપાય છે. રચનાતંત્રમાં આવતાં પરિવર્તનો સંસ્થાઓનાં કાર્યોમાં પણ પરિવર્તન લાવે છે.

- ભૂતકાળમાં શિક્ષણ સંસ્થા અસ્તિત્વમા ંહતી પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને હતો. જ્ઞાતિ સંસ્થામાં પરિવર્તનો આવતાં હવે શિક્ષણ સંસ્થાનું કાર્ય વિસ્તૃત બન્યું છે અને વિવિધ જ્ઞાતિઓનાં સ્ત્રી-પુરુષોને હવે શિક્ષણ ઉપલબ્ધ થયું છે.

**(3) સામાજિક પરિવર્તન સતત ચાલતી પ્રક્રિયા છે.**

- સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. સામાજિક સંબંધો સ્થિર નથી પણ તે સતત પરિવર્તનશીલ હોવાથી સમાજ પણ સતત અને અવિરતપણે પરિવર્તન પામે છે. કોઈ સમાજ સ્થિર નથી, તેમાં સતત રીતે પરિવર્તન થતું રહે છે. કોઈ સમાજમાં ઝડપી પરિવર્તન આવે છે, તો કોઈ સમાજમાં ધીમી ગતિએ પરિવર્તન થાય છે. પરિવર્તન તો સતત થાય છે જ.

**(4) સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફારો સૂચવે છે.**

- સામાજિક પરિવર્તન, સામાજિક કાર્યોમાં ફેરફારો સૂચિત કરે છે.

  દા.ત. શિક્ષણનાં કાર્યો, ધર્મના કાર્યો, જીવન નિર્વાહની ચીજવસ્તુઓ પૂરી પાડવી, કુટુંબનું સામાજીકરણનું કાર્ય વગેરે સામાજિક કાર્યો છે.સામાજિક પરિવર્તન આ બધાં સામાજિક કાર્યોમાં પણ પરિવર્તન સૂચવે છે. કુટુંબના કાર્યમાં થયેલો ફેરફાર સામાજિક પરિવર્તન સૂચવે છે, તે જ રીતે મધ્યયુગમાં ભારતીય સમાજમાં જ્ઞાતિપ્રથા દ્વારા સમાજનાં જે કાર્યો થતાં તે આજે બદલાઈ ગયાં છે. આ ઘટના પણ જ્ઞાતિનાં કાર્યોમાં આવેલ પરિવર્તન સૂચવે છે.

**(5) સામાજિક પરિવર્તન આયોજિત પ્રક્રિયા છે.**

- સામાજિક પરિવર્તન આયોજિત પ્રક્રિયાના ભાગ તરીકે વિકસી શકે.

  દા.ત. ઉદ્યોગીકરણ અને શહેરીકરણની અસરોને પરિણામે વિભિન્ન જ્ઞાતિ, ધર્મના લોકો શાળા, કૉલેજ કામના સ્થળે, પડોશમાં એમ વિવિધ રીતે એકબીજાંના સંપર્ક અને સહવાસમાં આવ્યા. તેને પરિણામે પરસ્પર સહાનુભૂતિ અને આદરનું વાતાવરણ સર્જાયું. આવી પરિસ્થિતિનું નિર્માણ થયું અને તેને કારણે જે સામાજિક પરિવર્તન વિચારો અને મૂલ્યોમાં આવ્યું, તેને સ્વયં જનિત પરિવર્તન કહી શકાય.

- બીજી તરફ આપણા દેશમાં આઝાદી પછી સર્વાંગી વિકાસ માટે આયોજિત વિકાસના ભાગ રૂપે પંચવર્ષીય યોજનાઓ અને સામુદાયિક વિકાસના સરકારી કાર્યરૂપો યોજાયાં તેની પાછળનો હેતુ આયોજિત, ક્રમબધ્ધ અને તાર્કિક રીતે સામાજિક પરિવર્તનનો હતો.

- કાયદાની રીતે લગ્નની ઉંમર છોકરીઓ માટે 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષની રાખવામાં આવી છે તેની પાછળ બાળલગ્નો અટકાવવાનો અને શિક્ષણને સર્વ વ્યાપક બનાવવાનો આયોજિત પ્રયાસ છે. તેને પરિણામે જોવા મળતું પરિવર્તન આયોજિત પ્રક્રિયાના ભાગરૂપે છે તેમ કહી શકાય.

**(6) સામાજિક પરિવર્તન એ સામાજિક પ્રક્રિયા છે :**

- સામાજિક પરિવર્તન એક નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તે પ્રત્યેક સમાજનું સહજ લક્ષણ છે. સામાજિક આંતરક્રિયા તેમાંથી ઉદ્ભવના સંબંધો, તેના પરિણામે રચાતી સામાજિક વ્યવસ્થાઓ સતત પરિવર્તનની પ્રક્રિયા અનુભવે છે.આમ, સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે.

## 13.4 સામાજિક પરિવર્તનના ઘટકો

- સામાજિક પરિવર્તન નીચેના ત્રણ ઘટકો ઉપર આધારિત છે.

  (1) ભૌતિક બાબતો (2) અભૌતિક બાબતો (3) સર્વદેશીય બાબતો

**(1) ભૌતિક બાબતો :**

- ભૌતિક બાબતો જેવી કે જીવનની રહેણીકરણી પર જે જે સાધનો દ્વારા અસર પડે છે તેવી બાબતો જેમાં ટેલિફોન, મોબાઈલ, ટી.વી. કમ્પ્યુટર વગેરે જેવી સગવડતાઓ વધતાં દુનિયાના સમાચાર તેમની સાથે વાતચીત, લેખિત સંદેશાની ઝડપી આપ-લે દુનિયાભરમાં બનતી કોઈપણ સારી કે ખોટી ઘટના, વાહન વ્યવહાર, બાંધકામ ક્ષેત્ર, ઘરની આધુનિક સગવડો, ઝડપથી તૈયાર થતો ખોરાક વગેરે માનવમાત્રની રહેણીકરણી વગેરેમાં આવતાં પરિવર્તનો સામાજિક પરિવર્તન લાવવામાં અસર કરે છે.

**(2) અભૌતિક બાબતો :**

- જે જોઈ ન શકાય પરતું અનુભવને આધારે જાણી શકાય તેવી બાબતો જેમાં સમાજના લોકોની માન્યતાઓ, વિચારસરણી, આદર્શો, મૂલ્યો, ધોરણ વગેરેનો સમાવેશ થાય છે. લોકો જૂની ઘરેડમાંથી નવું વિચારે ત્યારે, પરિવર્તન ઝડપી બને છે, જેમ કે મોટા સમૂહમાં ભોજન વ્યવસ્થામાં થયેલ પરિવર્તન.દા.ત. બુફે સ્ટાઈલ.


**(3) સર્વદેશીય બાબતો :**

- જે બાબતો સમાજના તમામ લોકોને સ્પર્શે છે એવી બાબતો જેમ કે શાસન વ્યવસ્થામાં ક્રાંતિના કારણે આવતો બદલાવ.

  દા.ત. ઈ.સ. 1800 સુધીની આપણા દેશની રાજ્ય વ્યવસ્થા - ઈ.સ. 1947 સુધી ચાલેલ આઝાદી માટેની ચળવળ અને ઈ.સ. 1947થી લોકશાહી શાસનની દેશની જનતાની રહેણીકરણી પર અસર એ સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 13.5 સામાજિક પરિવર્તન સ્વરૂપ :

- સામાજિક પરિવર્તનનું સ્વરૂપ આ મુજબ પણ દર્શાવી શકાય :



- **સામાજિક પરિવર્તન એટલે :**
- સામાજિક સંબંધોમાં થતો ફેરફાર
- સામાજિક સંરચનામાં ફેરફાર
- જીવન શૈલીમાં ફેરફાર
- વ્યક્તિનાં વિચારો-કાર્યોમાં આવતાં ફેરફારો
- સતત ચાલતી પ્રક્રિયા
- સમાજમાં ક્ષતિ, ક્રાંતિ અને વિક્રાંતિ લાવનારી પ્રક્રિયા
- માનવી પ્રવૃત્તિશીલ છે, તે કંઈક પ્રવૃત્તિ કરે છે. પ્રવૃત્તિ ધ્યેયલક્ષી હોય છે. ચોક્કસ નિશ્ચિત હેતુઓ સિધ્ધ કરવા તે પ્રયત્ન કરે છે, તેથી સામાજિક પરિવર્તનની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. તે ક્રમિક, એકત્રિત અને પ્રાસંગિક છે.
- સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના મુખ્ય પાસાં નીચે મુજબ છે :

**(1) ભૌતિક પરિવર્તનો :**

- માનવવી બુધ્ધિને લીધે તેમજ શિક્ષણ મેળવવાને કારણે અને અન્ય પરિબળોને લીધે ભૌતિક સગવડોમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. માનવને રહેઠાણમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. માનવને રહેઠાણનાં મકાનો, વાહન વ્યવહારની સગવડો, સંદેશા વ્યવહારાના સાધનો, પહેરવેશ, ખોરાક વગેરેમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. વીજળીની સગવડો વધી છે. કમ્પ્યુટર, દૂરદર્શન વગેરે સામૂહિક શિક્ષણનાં અને મનોરંજનનાં સાધનો પણ વધ્યાં છે, જે પરિવર્તનો સ્થૂળ હોય અને સમાજની સગવડતામાં પરિવર્તન લાવે તેવાં પરિવર્તનોને ભૌતિક પરિવર્તનો કહી શકાય.
- કાર્લ માર્કસ સામાજિક પરિવર્તનમાં ભૌતિક પરિબળોને વધુ મહત્ત્વ આપે છે. સામાજિક માળખામાં આવતાં પરિવર્તનો પણ ભૌતિક પરિવર્તનો છે.
- સંદેશા વ્યવહારને કારણે વાતચીત દ્વારા ઘણી વખત સામાજિક પરિવર્તન આવે છે.

**(2) અભૌતિક પરિવર્તનો :**

- માનવી પોતાનો ધ્યેય સિધ્ધ કરવા માટે શિક્ષણ મેળવે છે. શિક્ષણ મેળવવાનો કારણે માનવીના વિચારોમાં પરિવર્તન આવે છે.
- સમાજમાં લોકોની વિચારસરણી, માન્યતાઓ, આદર્શો અને મૂલ્યોમાં જે પરિવર્તનો આવે છે અને જે માત્ર માનવના વર્તન વ્યવહારમાં સૂક્ષ્મ રીતે પ્રતિબિંબિત થાય છે, તેવાં પરિવર્તનો સામાન્ય રીતે આંતરિક પરિવર્તનો હોય છે. આવા પરિવર્તનોને અભૌતિક પરિવર્તનો કહી શકાય. આ પ્રકારનાં પરિવર્તનોને લીધે જ સમાજમાં સ્થાયી અને ચિરંજીવી સામાજિક પરિવર્તનો શકય બને છે. લોકોની વિચારસરણીઓ, આદર્શો માન્યતાઓ કે મૂલ્યોમાં જયાં સુધી પરિવર્તનો આવતાં નથી ત્યાં સુધી સમાજમાં પરિવર્તન શકય બનતું નથી. માત્ર શિક્ષણ મેળવવાને કારણે જ પરિવર્તન આવે છે.શિક્ષણનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે, તેથી આ પ્રકારના પરિવર્તનો ઝડપી આવતાં હોય છે. આ પ્રકારનું પરિવર્તન મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(3) સર્વદેશીય પરિવર્તનો :**

- વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે સર્વદેશીય પરિવર્તનો આવતાં જોવા મળે છે.સમાજમાં ક્યારેક લોક સમૂહ ક્રાંતિ કહે છે, જૂની પરંપરિત શાસન વ્યવસ્થાને કે સમાજ વ્યવસ્થાને ઘરમૂળથી ઉખાડીને ફેંકી દે છે. આને પરિણામે શાસન વ્યવસ્થામાં પરિવર્તનો આવે છે.

- શાસન વ્યવસ્થાની સમાજ વ્યવસ્થા પર પણ અસરો જન્મે છે. આથી સર્વદેશીય પ્રકારનાં સમાજમાં આર્થિક, સામાજિક કે સાંસ્કૃતિક પ્રવાહોમાં પરિવર્તનો આવે છે. આવા પરિવર્તનો સર્વદેશીય પ્રકારનાં હોય છે.

  દા.ત. દેશમાં શાસન વ્યવસ્થામાં પરિવર્તન આવે તો સામાજિક પરિવર્તન થાય છે. રશિયાની શાસન વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનની સમાજનાં અન્ય ઘટકો પર ઘેરી અસરો પડેલી છે. આથી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ક્ષેત્રે પરિવર્તનો આવ્યાં છે, આવાં પરિવર્તનો સર્વદેશીય પ્રકારનાં પરિવર્તનો છે.

**(4) ઉત્ક્રાંતિ સ્વરૂપનું પરિવર્તન :**

- જે પરિવર્તન સતત એક જ દિશામાં લગભગ સીધી પરંતુ ઊંચે અને ઊંચે જતી લીટીમાં આવતું હોય તેને ઉત્ક્રાંતિ સ્વરૂપનું કે રેખીય પરિવર્તન કહેવાય.
- રેખીય એટલે સીધી રેખામાં થતું હોય છે. આવા પરિવર્તનમાં યંત્રાત્મક અને વૈજ્ઞાનિક વિકાસ વગેરે દ્વારા થતાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. આવાં પરિવર્તનોમાં એક ધાર્યો વિકાસ સીધી લીટીમાં ઉપર જતો હોય તે રીતે થાય છે. દા.ત. આદિમ સમાજમાંથી કૃષિ સમાજ પછી ઔદ્યોગિક સમાજ તેમજ વર્તમાન સમયનો માહિતી સમાજ એ રીતે દર્શાવી શકાય.

**(5) આરોહ-અવરોહ સ્વરૂપનું પરિવર્તન :**

- એક દિશામાં કદી ઉપર જતું અને કદી નીચે જતું, પરંતુ એકંદરે વિકાસ કરાવતું પરિવર્તન એટલે આરોહ-અવરોહ સ્વરૂપનું પરિવર્તન.

  દા.ત. ભારતમાં રાજા-રજવાડાં હતાં ત્યારે કેટલીક જ્ઞાતિઓ આર્થિક રીતે ઉચ્ચ દરજ્જો ધરાવતી હતી. કાળક્રમે શિક્ષણ, કુશળતા વગેરેની માંગ વધતા એમનું સ્થાન નિમ્ન થતું ગયું પરંતુ પછીએ જ્ઞાતિમાં શિક્ષણ, કુશળતા, ઉદ્યોગ સાહસિકતા વગેરે વધતાં એ જ્ઞાતિઓનો દરજ્જો ઊંચો ગયો એ રીતે સમાજમાં આરોહ-અવરોધ જોવા મળે છે. તેજી-મંદી પણ એનું ઉદાહરણ છે.

**(6) ચક્રીય સ્વરૂપનું પરિવર્તન :**

- પાણીના તરંગ જેવું ઊંચે-નીચે હિલોળા લેતું કે ચક્રની જેમ જયાંથી શરૂ થાય તે જ સ્થિતિ પાછી આવે તે સ્વરૂપના પરિવર્તનને ચક્રીય સ્વરૂપનું પરિવર્તન કહેવાય.
- કુદરત અને સમાજમાં ઘણી ઘટનાઓ આ પ્રકારે ઉપર-નીચે આવતી રહે છે, પરંતુ તેની આગળ જવાની દિશા એક જ સપાટી પર રહે છે, તે ઉર્ધ્વગામી નથી. દા.ત. ઋતુચક્ર
- તે જ રીતે ફેશન અને મૂલ્યોમાં આવતાં પરિવર્તનો આમાં સમાવેશ થાય છે, તો ઘણાં વિચારકો માનવ સંસ્કૃતિના ઉદ્‌ગમ-વિકાસ-પતનને પણ આ સ્વરૂપમાં લે છે. ટૂંકમાં આ સ્વરૂપનું પરિવર્તન ઘડિયાળના કાંટાની જેમ ચાલતું હોય છે.

  દા.ત. શિયાળો, ઉનાળો, ચોમાસું

**(7) સંસ્થાકીય સામાજિક પરિવર્તન :**

- રાજાશાહીમાંથી લોકશાહી, એમ નાની સામાજિક વ્યવસ્થાઓમાં પણ પરિવર્તન થયાં છે.ખાનગી સાહસ, 18 વર્ષની ઉંમરે મતાધિકાર, સંવેદનશીલ નાગરિકત્વની તાલીમ, આ બધું સંસ્થાઓમાં શીખવવાની પધ્ધતિઓ વગેરે બાબતોમાં સંસ્થાકીય સામાજિક પરિવર્તન જોવા મળે છે.

**(8) મૂલ્યોમાં આવતું પરિવર્તન :**

- મોક્ષના ધ્યેયને બદલે રાજકીય, આર્થિક અને સામાજિક વિકાસનું ધ્યેય- જે પરિવર્તન છે. વિકસિત વિજ્ઞાન અને અદ્યતન ટેકનોલોજી અપનાવી લોકોનું મહત્તમ કલ્યાણ યોજનાનું ધ્યેય

છે. શાળા-કૉલેજોમાં બિનજ્ઞાતિ ધોરણે પ્રવેશ, સમાનતાનું અપનાવવાની બાબત સ્ત્રી-પુરુષ સમાનતા, વિના મૂલ્યે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને સાર્વત્રિક વગેરે જેવી બાબતોમાં પરિવર્તન આવ્યું છે.

**(9) જ્ઞાન-ટેકનોલોજીમાં પરિવર્તન :**

- સમાજમાં અસ્તિત્વ ધરાવતા જ્ઞાન અને ટેકનોલોજીમાં ફેરફાર સ્વરૂપે સામાજિક પરિવર્તન આવે. અવકાશ સંશોધન, ઔદ્યોગિકીકરણ, ખેતી વિષયક ટેકનોલોજી, વાહન-વ્યવહાર, સંદેશા વ્યવહાર, શિક્ષણમાં કમ્પ્યુટરનો ઉપયોગ વગેરેના કારણે લોકોમાં ક્રિયાત્મકતાની જરૂરિયાત ઊભી થવા માંડી પધ્ધતિ બદલાવી છે. શીખવવાને બદલે શીખવવાનું છે, તેવું પરિવર્તન આવ્યું.

**(10) સમાજ સ્તરે પરિવર્તન :**

- સમગ્ર સમાજ સ્તરે પરિવર્તનમાં જોઈએ તો આ માહિતીના વિસ્ફોટનો યુગ આવ્યો છે, તેની સમગ્ર સમાજને અસર થઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સમગ્ર સમાજને અસર થવા પામી છે. આર્થિક મંદી પણ સમાજની સમગ્રતાને અસર કરે છે. શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન સંદર્ભે વિશ્વ ભાષા- અંગ્રેજી સમાજના સ્તરે વ્યાપી રહી છે. વૈશ્વિક સામાજિક સ્તરે રશિયન ચીની,જાપાની જેવી પરદેશી ભાષાઓના અભ્યાસક્રમો પણ સમાજ સ્તરે વ્યસ્ત બનીને સામાજિક પરિવર્તને અસર કરે છે.

## 13.6 સામાજિક પરિવર્તનનાં ક્ષેત્રો :

- સામાજિક પરિવર્તનનાં ક્ષેત્રો નીચે મુજબ છે.

**(1) સામાજિક ક્ષેત્ર :**

સમાજની રહેણીકરણી, મૂલ્યો, ધોરણો વગેરેમાં થતું પરિવર્તન શિક્ષણથી શકય બને છે.

**(2) આર્થિક ક્ષેત્ર :**

ઔદ્યોગિક બાબતોને લીધે વ્યવસાયનો ઉદ્ભવ, ઉત્પાદનમાં વધારો, આવકમાં વધારો વગેરે.

**(3) રાજકીય ક્ષેત્ર :**

શાસન પધ્ધતિમાં આવતો બદલાવ કે ફેરફાર.

**(4) નૈતિકક્ષેત્ર :**

સમાજના માન્ય નીતિ નિયમો, ધોરણો, કેટલીક ખાસ વર્તનની મર્યાદાઓ, જેમાં મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(5) આધ્યાત્મિક ક્ષેત્ર :**

આત્મા, પરમાત્મા, બ્રહ્મ, ધાર્મિકતા વગેરેની માન્યતાઓમાં આવતું પરિવર્તન, સમજ માટેના પ્રયાસો.

**(6) ધાર્મિક ક્ષેત્ર :**

નવાં નવાં ધર્મોની સ્થાપના, દેશના કોઈપણ સ્થળે આવેલ મંદિર, મઠ કે ખાસ ધાર્મિક સંસ્થાની બીજી જગ્યાઓ તેની જ પ્રતિકૃતિ રીતે સ્થાપના, ધર્મનો ફેલાવો વગેરે દા.ત. અમદાવાદમાં વૈષ્ણોદેવીનું બનેલ નવું મંદિર, ઈસ્કોન મંદિર, સ્વામિનારાયણના બનતા જતાં મંદિરો (દેશ-વિદેશમાં) નવાં રાધા સ્વામી સંપ્રદાયનો ઝડપી ફેલાવો વગેરે.

**(7) વૈજ્ઞાનિક ક્ષેત્ર :**

- છેલ્લા દાયકાઓ દરમિયાન વૈજ્ઞાનિકક્ષેત્રે ન કલ્પી શકાય તેવાં પરિવર્તનો આવ્યાં છે.

- ઝડપી વાહન વ્યવહાર, એક દેશમાંથી બીજા દેશમાં હવાઈ સફર, રોગોની નાબૂદી, આયુષ્યમાં વધારો, મૃત્યુદર વગેરે પર નિયંત્રણ વગેરે બાબતો.
- આમ સામાજિક પરિવર્તનનો વ્યાપ વિશાળ છે. દિન પ્રતિદિન તેના માટે નવાં ક્ષેત્રો સ્વયં ખુલતાં જાય છે.

## 13.7 સારાંશ :

- પરિવર્તન જ જીવન છે, જીવનનું નામ પરિવર્તન છે. બંધિયાર ખાબોચિયું ગંધાય છે. વહેતી નદીનું જળ હંમેશા શુધ્ધ રહી શકે છે. નદીના વહેતા પ્રવાહમાં જીવંતતા છે, જે પેલા ખાબોચિયામાં નથી. આમ, પરિવર્તન સ્વાભાવિક છે.
- પરિવર્તન શબ્દ પોતે જ ગતિશીલતા, સુધારણા કે કોઈ બનાવ બનવાના ભાવને પ્રગટ કરે છે. કેટલાંક પરિવર્તનો સમાજમાં કરવા પડતાં હોય છે તેને આપણે પુનઃ રચના કહીએ છીએ, તે કોઈ ક્રાંતિ કે ઝુંબેશ જગાવીને કરીએ કે પછી કાયદાની મદદથી કરીએ, પરંતુ તે કરવા પડતાં પરિવર્તનો છે.
- પરિવર્તન શબ્દ જે તે સમાજના બાહ્ય સ્વરૂપમાંના પરિવર્તનોનો વાચક નથી, પરંતુ પરિવર્તન એટલે સંસ્થાઓ તથા સમાજના જીવંત સભ્યોના વિચારના પરિવર્તનનો ખ્યાલ પણ છે, એટલે સામાજિક પરિવર્તન એક બાજુ સમાજના ભૌતિક પાસાંના પરિવર્તનનો અર્થ ઘટાડે છે એ બીજી બાજુ સમાજના સભ્યોનાં વિચાર મૂલ્યો અને વલણોમાંના પરિવર્તનનો ભાવ પણ પ્રગટ કરે છે, આથી પરિવર્તન ઈચ્છવા યોગ્ય છે.
- દરેક વસ્તુ પરિવર્તનશીલ છે. સમાજ માનવોનો બનેલો છે, તેમાં પણ પરિવર્તન જોવા મળે. આ પરિવર્તન તેની સાંસ્કૃતિક રીતભાતમાં, સામાજિક માળખામાં જોવા મળે, પરિણામે તેના સભ્યોમાં જોવા મળે. આમ, પરિવર્તનની પ્રક્રિયા સંકુલ છે. પરિવર્તન સતત થયા કરે છે. કોઈ બાબતમાં ચોક્કસ રીતે સતત ફેરફારો થવા, તેવી એ પ્રક્રિયા છે. પરિવર્તન શબ્દ વૃધ્ધિ કરતાં કંઈક અલગ છે. સમાજમાં થતી ઉત્ક્રાંતિ એટલે સમાજના કદમાં નહીં પણ સમાજના સ્વરૂપમાં પરિવર્તન.
- આવા પરિવર્તન ક્રમિક હોય છે. દરેક પરિવર્તન તેની અગાઉ થયેલા પરિવર્તન સમાજના હિતમાં પણ હોય અને અહિતમાં પણ હોય. પરિવર્તન શબ્દથી સમયાંતરે થતો ફેરફાર એવો અર્થ સૂચિત થાય છે.

## 13.8 એકમ સ્વાધ્યાય :

(1) સામાજિક પરિવર્તન એટલે શું ? તેની લાક્ષણિકતાઓ જણાવો.

(2) સામાજિક પરિવર્તનનાં ઘટકો જણાવો.

(3) સામાજિક પરિવર્તનનું સ્વરૂપ જણાવો.

(4) સામાજિક પરિવર્તનના ક્ષેત્રો જણાવો.

**બહુ વિકલ્પ પ્રશ્નો**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સામાજિક પરિવર્તન લાવનારું મહત્ત્વનું પરિબળ કયું છે ?

(1) બેકાર (2) મોંઘવારી

(3) જ્ઞાતિ (4) શહેરીકરણ

(2) સામાજિક પરિવર્તન લાવનારું ઘટક કયું છે ?

(1) શાળા (2) આધુનિકીકરણ

(3) ધર્મ (4) સર્વદેશી અસર

(3) સામાજિક પરિવર્તન લાવનારું નીચેનામાંથી ક્યું ઘટક નથી ?

(1) ભૌતિક બાબતો (2) આધુનિકીકરણ

(3) સર્વદેશીય અસર (4) શાળા

(4) સામાજિક પરિવર્તનમાં કઈ બાબત સંકળાયેલ છે ?

(1) કુટુંબમાં ફેરફાર (2) સમૂહ લગ્ન

(3) જ્ઞાતિ પરિવર્તન (4) જીવન શૈલીમાં ફેરફાર

(5) સામાજિક પરિવર્તનમાં કઈ બાબત નીચેનામાંથી સંકળાયેલ નથી ?

(1) જીવનશૈલીમાં ફેરફાર (2) કાર્યોમાં ફેરફાર

(3) સામાજિક સંરચનામાં ફેરફાર (4) જ્ઞાતિમાં ફેરફાર

(6) સામાજિક પરિવર્તન લાવનારું ક્ષેત્ર કયું છે ?

(1) સામાજિક ક્ષેત્ર (2) ધર્મક્ષેત્ર

(3) જ્ઞાતિક્ષેત્ર (4) હિન્દુક્ષેત્ર

(7) ''માનવીની રહેણીકરણી, વલણો અને ભૌતિક પરિવર્તનો એ સામાજિક પરિવર્તનો છે.'' આ વ્યાખ્યા કોની છે ?

(1) બી.સી. રાય (2) ભાટિયા

(3) જોન્સ (4) મેકઆઈટ અને પેજ

(8) ભૌતિક પરિવર્તનનોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(1) ટી.વી. કમ્પ્યુટરના માધ્યમો

(2) પહેરવેશ, ખોરાકમાં આવતા પરિવર્તનો

(3) રહેઠાણમાં આવતાં પરિબળો

(4) લોકોની માન્યતાઓ, વિચારસરણીઓ એ મૂલ્યોમાં આવતાં પરિવર્તનો

---

**13.9 તમારી પ્રગતિ ચકાસો :**

---

(1) સામાજિક પરિવર્તનનો ખ્યાલ શું છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સામાજિક પરિવર્તનની કોઈ એક વ્યાખ્યા લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સામાજિક પરિવર્તનની સંકલ્પના શી છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) સામાજિક પરિવર્તન સંકુલ પ્રક્રિયા છે. સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) સામાજિક પરિવર્તનનો સંચિત અર્થ વર્ણવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) આયોજિત સામાજિક પરિવર્તન વિશે સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 13.10 તમારી પ્રગતિ ચકાસોના ઉતરો :

**(1) સામાજિક પરિવર્તનનો ખ્યાલ**

- સામાજિક પરિવર્તન એકબાજુ સમાજના ભૌતિક પાસાંના પરિવર્તનનો અર્થ ધરાવે છે અને બીજી બાજુ સમાજના સભ્યોનાં વિચાર, મૂલ્યો અને વલણોના પરિવર્તનનો ભાવ પણ પ્રગટ કરે છે. પરિવર્તન શબ્દ જે તે સમાજના બાહ્ય સ્વરૂપમાંના પરિવર્તનોનો વાચક નથી, પરંતુ પરિવર્તન એટલે સંસ્થાઓ તથા સમાજના જીવન સભ્યોના વિચારમાંના પરિવર્તનનો ખ્યાલ પણ છે.

**(2) સામાજિક પરિવર્તનની વ્યાખ્યા :**

- સંબંધોમાં આવતાં ફેરફારોને સામાજિક પરિવર્તન કહે છે. (મેકાઈવર અને પેજ)

**(3) સામાજિક પરિવર્તનની સંકલ્પના :**

- સમાજની રચના અને કાર્ય સ્થિર નથી પણ પરિવર્તનશીલ છે. સામાજિક પરિવર્તન પ્રત્યેક સમાજની સહજ અને સ્વાભાવિક પ્રક્રિયા છે. સામાજિક સંબંધોમાંથી ઉદ્‌ભવેલી સામાજિક વ્યવસ્થાના રચનાતંત્રમાં કે કાર્યમાં જે ફેરફારો થાય છે, તેને સમાજ શાસ્ત્રીઓ સામાજિક પરિવર્તન તરીકે ઓળખાવે છે.

**(4) સામાજિક પરિવર્તનશીલ સંકુલ પ્રક્રિયા :**

- દરેક વસ્તુ પરિવર્તનશીલ છે. સમાજ માનવોનો બનેલો છે, તેમાં પણ પરિવર્તન જોવા મળે. આ પરિવર્તન તેની સાંસ્કૃતિક રીતભાતમાં, સામાજિક માળખામાં જોવા મળે, પરિણામે તેના સભ્યોમાં જોવા મળે. આમ, પરિવર્તનની પ્રક્રિયા સંકુલ છે. પરિવર્તન સતત થયા કરે છે. કોઈ બાબતમાં ચોક્કસ રીતે સતત ફેરફારો થવા, તેવી એ પ્રક્રિયા છે. પરિવર્તન શબ્દ વૃધ્ધિ કરતાં કંઈક અલગ છે. સમાજમાં થતી ઉત્ક્રાન્તિએ સામાજિક પરિવર્તન પ્રક્રિયા છે. સામાજિક ઉત્ક્રાંતિ એટલે સમાજના કદમાં નહીં પણ સમાજના સ્વરૂપમાં પરિવર્તન. આ પરિવર્તન ક્રમિક હોય છે. દરેક પરિવર્તન તેની અગાઉ થયેલાં પરિવર્તન પર આધારિત હોય છે.

**(5) સામાજિક પરિવર્તનનો સંચિત અર્થ :**

- કોઈ એક નિશ્ચિત એવી દિશા તરફ પરિવર્તનના સાતત્યની એ પ્રક્રિયા છે, જ્યાં ક્રમિક કે તબક્કાવાર, એક સોપાનમાંથી અન્ય સોપાનમાં જવાનું છે, તેનો સીધો સંબંધ વિકાસની સાથે છે. અર્થાત્ જેમ જેમ પરિવર્તનની પ્રક્રિયા થતી રહે તેમ તેમ સમાજના સામાજિકતા, સ્વરૂપ તેમજ સંરચનામાં વિકાસ એ તેનું પરિણામ છે.

**(6) આયોજિત સામાજિક પરિવર્તન :**

- નવીનતાઓનો સ્વીકાર સામાજિક પરિવર્તનના હેતુ માટે આયોજનપૂર્વક થાય છે. નવીન સ્વતંત્ર સમાજોમાં આ પ્રકારે આયોજિત સામાજિક પરિવર્તન જોવા મળે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના કારણે દરેક ક્ષેત્રે સ્વીકારેલી નવીનતાઓ આયોજિત હોય છે.

## 13.11 સૂચિત વાંચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) શાહ એ.જી.તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનકા બુક ડીપો, અમદાવાદ.

(4) ઝવેરી એમ.કે. : સામાજિક પરિવર્તન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**બહુવિકલ્પ પ્રશ્નો**

(1) શહેરીકરણ

(2) શાળા

(3) શાળા

(4) જીવન શૈલીમાં ફેરફાર

(5) જ્ઞાતિમાં ફેરફાર

(6) સામાજિક ક્ષેત્ર

(7) મેકાઈવર અને પેજ

(8) લોકોની માન્યતાઓ, વિચારસરણીઓ મૂલ્યોમાં આવતાં પરિવર્તનો.

# એકમ 14 સામાજિક પરિવર્તન અને શિક્ષણ-2

: રૂપરેખા :


14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો

14.3 સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષકની ભૂમિકા

14.4 સામાજિક પરિવર્તનમાં કેળવણીનો ફાળો

14.5 સામાજિક પરિવર્તનમાં શાળાની ભૂમિકા

14.6 સારાંશ

14.7 એકમ સ્વાધ્યાય

14.8 તમારી પ્રગતિ ચકાસો

14.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

14.10 સૂચિત વાંચન સામગ્રી


## 14.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે ...............

(1) સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો વિશે સમજી શકશો.

(2) સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષકની ભૂમિકા વિશે સમજી શકશો.

(3) સામાજિક પરિવર્તનમાં કેળવણીના ફાળા વિશે સમજી શકશો.

(4) સામાજિક પરિવર્તનમાં શાળાની ભૂમિકા વિશે સમજી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

- પરિવર્તન જ જીવન છે, જીવનનું નામ પરિવર્તન છે. બંધિયાર ખાબોચિયું ગંધાઈ ઊઠે, વહેતી નદીનું જળ હંમેશા શુધ્ધ રહી શકે છે. નદીના વહેતા પ્રવાહમાં જીવંતતા છે, જે પેલાં ખાબોચિયામાં નથી. આમ, પરિવર્તન વિના જીવન અસરકારક ન રહે. આથી સમાજમાં પરિવર્તન સ્વાભાવિક છે.
- પરિવર્તન શબ્દ પોતે જ ગતિશીલતા, સુધારવા કે કોઈ બનાવ બનવાના ભાવને પ્રગટ કરે છે. સમાજમાં કેટલાંક પરિવર્તનો કરવા પડતાં હોય છે તેને આપણે પુનઃ રચના કહીએ છીએ, તે કોઈ ક્રાંતિ કે ઝુંબેશ જગાવીને કરીએ કે પછી કાયદાની મદદથી કરીએ, પરંતુ તે કરવા પડતાં પરિવર્તનો છે. પરિવર્તન એટલે સંસ્થાઓ તથા સમાજના જીવંત સભ્યોના વિચારમાંના પરિવર્તનો ખ્યાલ પણ છે, એટલે સામાજિક પરિવર્તન એકબાજુ સમાજના ભૌતિક પાસાંના પરિવર્તનનો અર્થ ધરાવે છે અને બીજી બાજુ સમાજના સભ્યોનાં વિચાર, મૂલ્યોનો વલણોના પરિવર્તનનો ભાવ પણ પ્રગટ કરે છે. આથી પરિવર્તન ઈચ્છવા યોગ્ય છે.
- સમાજની રચના અને કાર્ય સ્થિર નથી પણ પરિવર્તનશીલ છે. સામાજિક પરિવર્તન પ્રત્યેક સમાજની સહજ અને સ્વાભાવિક પ્રક્રિયા છે.

## 14.2 સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો :

- સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો નીચે મુજબ છે.

**(1) વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ :**

- વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે નવા નવા ઉદ્યોગોની શરૂઆત થઈ. રોજગારી વધી, શિક્ષણ વધ્યું, માનવીની બુધ્ધિમાં વધારો થયો તેથી વ્યક્તિગત રહેણીકરણી, રહેઠાણની વ્યવસ્થા, જીવનશૈલી, પહેરવેશ વગેરેમાં પરિવર્તનો આવે છે.

**(2) શહેરીકરણની અસર :**

- ઔદ્યોગિકીકરણને કારણે ગામડાના લોકોનો પ્રવાહ શહેર તરફ વળ્યો છે. શહેરમાં ભૌતિક સગવડતાઓમાં વધારો જોવા મળે છે. આરોગ્યની સગવડ, મનોરંજન, શિક્ષણ, રોજગારી વગેરેને કારણે શહેર તરફની દોડ વધી છે, જેના કારણે સામાજિક પરિવર્તન લાવવામાં મદદરૂપ થાય છે.

**શહેરીકરણનું પરિણામ**

| **ફાયદા** | **ગેરફાયદા** |
|---|---|
| આરોગ્યની સગવડ | પ્રદુષણમાં વધારો |
| શિક્ષણ | ઝૂંપડપટ્ટીમાં વધારો |
| રોજગારી | રહેઠાણનો પ્રશ્ન |
| મનોરંજનના સાધનો | વિભક્ત કુટુંબ |
| ભૌતિક સગવડ | એકાકી જીવન |

**(3) વસ્તી વિસ્ફોટની અસર :**

- વસ્તી વધારો જુદાં જુદાં દેશોમાં ઝડપી થઈ રહ્યો છે. આ વસ્તી વધારાને લીધે સમાજમાં વિવિધ સમસ્યાઓ ઊભી થઈ છે. સમાજની આંતરક્રિયાઓ, સામાજિક વ્યવહારો, મૂલ્યો વગેરેમાં પણ પરિવર્તનો આવે છે. સમાજમાં અનુકૂલનના પણ પ્રશ્નો ઊભા થાય છે. કુટુંબ વિભક્ત બને છે. આમ વસ્તી વધારો પણ સામાજિક પરિવર્તનનું અગત્યનું પરિબળ બની રહે છે.

**(4) સામાજિક મૂલ્યોમાં પરિવર્તન :**

- વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે સમાજનું પરિવર્તન થાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આવિષ્કારોને લીધે વ્યક્તિગત જીવનમાં તેમજ સમાજના આર્થિક સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ પરિવર્તનો આવે છે. આને લીધે કેટલાંક સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તનો આવે છે. સામાજિક મૂલ્યો અને સામાજિક અભિગમોમાં પરિવર્તનો આવતાં.
- લોકોના જીવન શૈલીમાં પરિવર્તન
- રહેણીકરણી, ટેવ, પહેરવેશ વગેરે
- સામાજિક વ્યવહારો
- માન્યતાઓ
- શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં
- નૈતિક મૂલ્યો અંગેની વિચારસરણીમાં ઝડપી પરિવર્તનો આવ્યાં છે.

**(5) વૈજ્ઞાનિક સંશોધનને વેગ :**

- શિક્ષણને વધુ વેગ મળવાથી વૈજ્ઞાનિક સંશોધન વેગવાન બને છે, જેના પરિણામે સમાજની ભૌતિક સગવડતાઓમાં પરિવર્તન આવે છે. સમાજમાં રહેણીકરણી અને જીવનશૈલી બદલાય છે. નવા નવા સંશોધન થાય છે.

**(6) વિચારધારામાં પરિવર્તન :**

- શિક્ષણમાં વધારો થવાથી સમાજની વિચારધારામાં, માન્યતાઓમાં, આદર્શો, મૂલ્યોના ઘડતરમાં, મહત્ત્વનો ભાગ ભજવે છે. વૈજ્ઞાનિક વિચારસરણીને ઉત્તેજન મળે છે. લોકોની રૂઢિ અને પરંપરાગત માન્યતાઓ બદલાય છે.

**(7) વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ :**

- શિક્ષણમાં વધારો થવાથી વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ થાય છે. સારી રોજગારી મળે છે. સારી આવક થાય છે. તેના લીધે જીવનશૈલીમાં પરિવર્તન આવે છે. ભૌતિક સગવડતાઓમાં વધારો થાય છે.

**(8) જૈવિક પરિબળો (જૈવિક વારસો)**

- કેટલીકવાર જીવશાસ્ત્રી પરિબળો પણ સામાજિક પરિવર્તન માટે જવાબદાર હોય છે. માનવોને આનુવાંશિક વારસો જે પૂર્વજો તરફથી મળે છે. તેને લીધે પણ પરિવર્તનો આવે છે. પેઢી દર પેઢી આ વારસો સંક્રમિક થતાં તેમાં પરિવર્તનો આવતાં જાય છે.

**(9) રાજકીય પરિબળો :**

- વિશ્વના વિવિધ દેશો, વિવિધ શાસન પ્રણાલીઓ અસ્તિત્વ ધરાવે છે. જે રાજ્ય શાસનની વિચારસરણીની અસરો શાસન નિયંત્રિત પ્રજાઓ ઝડપથી ઝીલે છે. પશ્ચિમ જર્મની પર અમેરિકા અને ઈંગ્લેન્ડની અસરો હતી. આજ રીતે રશિયામાં તાજેતરમાં સામ્યવાદી શાસન નામશેષ થતાં ત્યાંની પ્રજામાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તનો ઝડપી આવતાં જાય છે.

**(10) આધુનિકીકરણ (Modernisation) :**

- આધુનિક વિચારધારાઓ, સ્વરૂપ તથા અંતર સાથે અનુકૂલન તે આધુનિકીકરણ છે. આધુનિકીકરણની પ્રક્રિયા સમાજને તેનાં રૂઢિગત માળખામાંથી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ભરેલાં સુવ્યવસ્થિત માળખાં તરફ દોરી જાય છે. આધુનિકીકરણને કારણે વેશભૂષા, મૂલ્ય અને વિચાર વગેરેમાં પરિવર્તન દેખાય છે.

**(11) વસતીનું કદ, સામાજિક બંધારણ અને અર્થ વ્યવસ્થામાં પરિવર્તન :**

- આ સદીમાં વસતીનો વિસ્ફોટ થયો છે. ભિન્ન ભિન્ન પ્રદેશો, સમુદાયો, સામાજિક-આર્થિક વર્ગો તથા વયજૂથમાં તેના લીધે ઘણાં પરિવર્તનો જરૂરી બન્યાં છે. ભિન્ન-ભિન્ન બૌધ્ધિક શક્તિવાળા ભિન્ન-ભિન્ન સામાજિક વર્ગો-જ્ઞાતિઓ, ધાર્મિક સમૂહો વગેરેમાં પરિવર્તનો આવે છે.
- આર્થિક અને સામાજિક સત્તાની વ્યાપક વહેંચણીથી નિર્ણયો લેવાના સત્તાનાં સ્થાનોમાં પરિવર્તનો આવ્યાં છે. નવા સામાજિક સમૂહો આવે છે, બદલાય છે, તેથી સત્તા પરિવર્તન થાય છે.
- કૃષિ, ઔદ્યોગિક ટેકનોલોજી, ઈન્ફરમેશન ટેકનોલોજીના વગેરેના ઉપયોગ કરવા માટે માનવ શક્તિને તૈયાર કરવાની જરૂર ઊભી થઈ છે, તે મુજબ ફેરફારો કરવા પડે. સમાજનું વ્યાવસાયિક માળખું વિવિધતાવાળું બન્યું, એટલે જુદાં જુદાં વ્યવસાયોમાં પરિવર્તનો આવ્યાં. વળી, લોકશાહી રાજ્ય વ્યવસ્થા, એટલે કલ્યાણ રાજ્ય આવ્યું. રાજ્યનાં કાર્યોમાં વધારો

થયો. થોડાંકને બદલે બધાનું કલ્યાણ-દરેકની જરૂરિયાતો, સુખ સગવડને પ્રાધાન્ય આપવા માટે પરિવર્તનો જરૂરી બન્યાં, તેને અનુસાર અર્થ વ્યવસ્થા પણ બદલવાની જરૂર પડી.

- આધુનિક સમાજોમાં સામાજિક પરિપાકની ગતિ પહેલાં કરતાં ઘણી ભિન્નતા સર્જાય છે. આથી સંતાનોની દુનિયા અને માધ્યમોની દુનિયા વચ્ચે ભિન્નતા સર્જાય છે. આમ, વસ્તીનું કદ વધતું જાય છે. સામાજિક બંધારણ બદલાતું રહે છે અને અર્થ વ્યવસ્થામાં પરિવર્તન આવતું રહે છે.

**(11) વૈશ્વિકીકરણ :**

- વિશ્વ દિન-પ્રતિદિન સાંકડું બની રહ્યું છે. તેમજ વિકાસના ફલક પર વિસ્તરી રહ્યું છે. જે પરિવર્તનને આભારી છે. સામાન્ય અર્થમાં કહીએ તો વૈશ્વિકીકરણ એટલે વિશ્વની પ્રજાઓનું નજીક આવવું તેમજ પ્રજાઓ વચ્ચે ભૌગોલિક અંતર હોવા છતાં જ્ઞાન, અનુભવો, સંસ્કૃતિનું તીવ્ર ગતિથી આદાન-પ્રદાન અને એક એવા સમાજનું નિર્માણ કે જે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક ક્ષેત્રે વિચાર-વિનિમય દ્વારા એક નવી જ સાંસ્કૃતિક અને સામાજિક તરાહનું નિર્માણ કરવા કટિબદ્ધ હોય. વૈશ્વિકીકરણને કારણે આધુનિક વિજ્ઞાનમાં ટેકનોલોજીનો ઝડપી વિકાસ, પ્રત્યાયન માધ્યમોનાં વિકાસના કારણે તેમજ તેના દ્વારા માહિતીનાં આદાન પ્રદાનના થતાં રહ્યાં.


**(12) નવીનીકરણ :**

- નવીનીકરણ કરવાનો આવિષ્કાર થવાથી સામાજિક પરિવર્તનમાં વધારો થયો છે. દુનિયાનો વિકાસ થતો ગયો છે. તેમ તેમ સમાજમાં વ્યક્તિના વ્યવસાયમાં, જીવન વ્યવહારમાં રહેણીકરણીમાં પરિવર્તન આવ્યા છે અને નવાં નવાં સંશોધન ક્ષેત્રો વિકસી રહ્યાં છે, જેના કારણે સુખ સગવડતાઓ વધવા માંડી છે. ઉપગ્રહો, ટી.વી., ચેનલો, માનવયંત્રોના કારણે સમાજમાં અદ્‌ભૂત ક્રાંતિ આવી છે.

**(13) સ્ત્રીઓમાં જાગૃતિ :**

- શિક્ષણનો વ્યાપ વધતાં, સ્ત્રીઓના શિક્ષણમાં વધારો થતો, સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે. સ્ત્રીઓમાં માન્યતાઓ, રીતરિવાજ, પહેરવેશ, રહેણીકરણી, જીવન શૈલી આરોગ્ય વગેરે બાબતોમાં જાગૃતિ આવી છે. ઓછા બાળ જય ગોપાલ એવી ભાવના વિકસી છે. નાનું કુટુંબ સુખી કુટુંબ એવી ભાવનાનો વિકાસ થયો છે.

ઉપરાંત ધાર્મિક પરિબળો સર્જનાત્મક શક્તિનો વિકાસ, વ્યક્તિત્વનો વિકાસ, વિશાળ દૃષ્ટિકોણ વગેરે બાબતો પણ સામાજિક પરિવર્તન લાવવા માટે મહત્ત્વના પરિબળો ગણાવી શકાય.



## 14.3 સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષકની ભૂમિકા :

- 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા હૈ, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ.'
- ઉપરોક્ત ઉક્તિ સ્પષ્ટ સૂચન કરે છે કે શિક્ષક પોતે ઈચ્છે તે રીતે સમાજને ઘડી શકે છે. શિક્ષક સાચો નિર્માતા છે. સામાજિક પરિવર્તનમાં એ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. શિક્ષકને સામાજિક પરિવર્તનનો દૂત ગણવામાં આવે છે.
- ''ભારતનું ભાવિ તેના વર્ગ ખંડોમાં ઘડાઈ રહ્યું છે.'' **- કોઠારી પંચ**
- કોઠારી પંચના આ શબ્દો પ્રવર્તમાન સમયમાં પૂર્ણતઃ સાચા છે. ભાવિ ભારતનો નાગરિક શાળામાં તૈયાર થાય છે અને તે ઘડવાનું કામ શિક્ષક કરે છે તેથી દેશ ભવિષ્યમાં કેવો હોવો જોઈએ તેની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક સિધ્ધિ કેટલી ઊંચી જવી જોઈએ ? એ બધા પ્રશ્નોનો આધાર શિક્ષક પર રહે છે. શિક્ષક જ યોગ્ય રીતે વિદ્યાર્થીઓનું ઘડતર કરી ઈચ્છિત સમાજની રચના કરી શકે, સામાજિક પરિવર્તનના પ્રસ્થાનકાર તરીકે શિક્ષકની અપેક્ષિત લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

**(1) લોકશાહી અભિગમ :**

- શિક્ષક લોકશાહી અભિગમ ધરાવતો હોવો જોઈએ. શાળા અને સમાજમાં લોકશાહીનો પ્રણેતા શિક્ષક બનવો જોઈએ.

**(2) સમાજની સમસ્યાથી વાકેફ :**

- શિક્ષક સમાજની સમસ્યાથી વાકેફ હોવો જોઈએ. તો જ સામાજિક પરિવર્તન લાવવામાં તેનો ફાળો આપી શકે. તે સમાજની સમસ્યાઓના ઉકેલમાં તે નેતૃત્વ પૂરું પાડી સમાજને સહકાર આપશે.

**(3) સામાજિક કુરિવાજોનો સિધ્ધાંત :**

- શિક્ષક સમાજમાં પ્રવર્તતા વહેમો, અંધશ્રધ્ધા, કુરિવાજો, માન્યતા, દહેજપ્રથા, સતીપ્રથા વગેરેનો વિરોધ કરી સ્વસ્થ સમાજની રચના કરવા શક્તિમાન છે. શિક્ષક આવા દૂષણો દૂર કરવા જેહાદ કરે તેને સામાજિક પરિવર્તનનો જ એક ભાગ ગણી શકાય.

**(4) તરુણ-તરુણીઓને યોગ્ય માર્ગદર્શન :**

- વર્તમાન પરિસ્થિતિમાં તરુણ-તરુણીઓને વર્તન તરાહો જ્યારે ઝડપથી બદલાઈ રહી હોય ત્યારે આ તરુણ-તરુણીઓની વર્તન તરાહોનું યોગ્ય વિશ્લેષણ કરી, તેમની સાથે યોગ્ય વ્યવહાર કરે, પ્રેમપૂર્વક તેમને સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવાનું કાર્ય શિક્ષક કરી શકે. ભવિષ્યના વ્યવસાયોને અનુલક્ષી વ્યાવસાયિક શિક્ષણ આપે.

**(5) વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ :**

- વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ થાય તે માટે શિક્ષક સતત પ્રયત્નશીલ રહી શકે. વ્યાવસાયિક શિક્ષણના ખ્યાલો ધ્યાનમાં રાખી આવતીકાલના સ્વપ્ન સેવી તરુણને ભવિષ્યલક્ષી વ્યાવસાયિક શિક્ષણ આપવાની સામાજિક જવાબદારી પણ શિક્ષકે અદા કરવાની છે. જરૂરિયાત પ્રમાણે વ્યાવસાયિક કૌશલ્યો વિકસાવવાની છે.

**(6) સ્વતંત્ર વિચારનો પોષક :**

- શિક્ષક વિદ્યાર્થીઓના સ્વતંત્ર વિચારોને ઉત્તેજન આપે તથા તેમનામાં રહેલી સર્જનાત્મકતાને ખીલવે જેથી સમાજને તેનો લાભ મળે. શાળાના કાર્યક્રમો અને વિષય શિક્ષણમાં તે લોકશાહી અભિગમ ધરાવે છે. શિક્ષક પોતે સ્વતંત્ર વિચારનો હોય તો જ વિદ્યાર્થીઓને સ્વતંત્ર વિચાર કરતાં કરી શકે.

**(7) સામાજિક નેતા :**

- શિક્ષક સામાજિક નેતા હોવો જોઈએ. તે સમાજના સંપર્કમાં રહી, સમાજની સમસ્યાઓથી વાકેફ રહી શકે, તેના ઉકેલ માટે સતત સંપર્કમાં રહેવાથી મદદરૂપ થઈ શકે.

**(8) વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ :**

- વિજ્ઞાન અને ટેકનલોજીનો ઉપયોગ કરીને સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ફાળો આપી શકે. વ્યાવસાયિક કૌશલ્યના વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરે.

**(9) વ્યાવસાયલક્ષી શિક્ષણ :**

- વિદ્યાર્થીઓની ચેતના, અર્ધ ચેતનાને વિકસાવે વિસ્તરતી જતી આર્થિક ક્ષિતિજોના સંદર્ભો અનુસાર કૌશલ્યલક્ષી અભિગમો, વ્યાવસાયિક શિક્ષણના ખ્યાલો ધ્યાનમાં રાખી તરુણોને વ્યવસાય શિક્ષણ આપવાની જવાબદારી શિક્ષકની છે.

**(10) સામાજિક નિર્માણ :**

- સામાજિક સમસ્યાઓનું નિર્માણ, સામાજિક કુરિવોજો દૂર કરવાના પ્રયાસો કરીને સામાજિક નિર્માણ કરવાનું કાર્ય કરી શકે.
- સમાજમાં અયોગ્ય શું છે તે અંગે જાગૃતિ લાવવામાં મદદરૂપ થાય. વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ અંગે સમાજ જાગૃતિ લાવવાનું કાર્ય કરે.

**(11) સાંસ્કૃતિક નિર્માણ :**

- સમાજમાં સાંસ્કૃતિક નિર્માણ લાવવાનું કાર્ય કરે. સંસ્કૃતિ પર અન્યની અસર ન થાય. યુવાનો સંસ્કૃતિનું જતન કરે તે માટે પ્રયત્ન કરે.
- આમ સામાજિક પરિવર્તનના સંદર્ભમાં શિક્ષકે લોકશાહી દૃષ્ટિબિંદુ અપનાવી, નાગરિક તરીકેની સભાનતાપૂર્વકની કેળવણી આપી, જીવનલક્ષી બાબતો સમજાવવાની જવાબદારી અદા કરવાની રહેશે.
- શિક્ષકે બાળકોમાં પ્રેરણા જગાવી, ચૈતન્યનો સંચાર કરી, ઉત્તમ શાળાકીય વાતાવરણ ઊભું કરી સામાજિક પરિવર્તનના દૂત બનવાની ભૂમિકા અદા કરવાની રહેશે.
- નૂતન પરિવર્તનશીલ સમાજના સંદર્ભમાં વ્યક્તિની નૈતિક, સામાજિક, સાંવેગિક, બૌધ્ધિક તેમજ આધ્યાત્મિક સજ્જતા વિકસાવવાના પ્રયાસો કરવાના રહેશે.

## 14.4 સામાજિક પરિવર્તનમાં કેળવણીનો ફાળો :

- કેળવણીએ સમાજની જરૂરિયાતો પૂર્ણ કરનારું અગત્યનું સાધન છે. કેળવણી એવા વિચારોનું પ્રદાન કરે છે કે જેના દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પરિવર્તન આવે, વળી શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે, જેની મદદથી સમાજ પોતાની આવશ્યકતાઓ અનુસાર નાગરિક ઘડે છે. સમાજમાં થતાં પરિવર્તનો પાછળ અનેક પરિબળો જવાબદાર છે જે પૈકી કેળવણી મુખ્ય છે.
- કેળવણી એ ક્રાંતિ છે. કેળવણી એ સમૂળી ક્રાંતિ છે. તે ધીમી છતાં નક્કર રીતે સમાજમાં ક્રાંતિ લાવવાનું કામ કરે છે. આવી ક્રાંતિથી સમાજમાં ચિર સ્થાપી મૂલ્યો અને સંસ્કૃતિનું સર્જન થાય છે. કેળવણી એ નવનિર્માણ છે. તે જૂનાં મૂલ્યોને જે સમાજને હિતકારક ન હોય તેમને વિસર્જન કરી નવાં મૂલ્યોનું મંડાણ કરે છે,તેમનું પ્રસ્થાપન કરે છે. સામાજિક પરિવર્તનના પ્રેરકબળ તરીકે કેળવણી નીચેનાં કાર્યો બજાવે છે.

**(1) નૂતન આવિષ્કારો :**

- સમાજમાં નૂતન આવિષ્કારો દ્વારા તે સમાજની આર્થિક પ્રગતિનું નિર્માણ કરે છે. શિક્ષણ દ્વારા કૃષિક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં યોગ્ય પરિવર્તનો લાવે છે. ઔદ્યોગિક

ક્ષેત્રે તેમજ અન્ય વ્યાવસાયિક ક્ષેત્રોમાં નૂતન પરિવર્તન લાવે છે. કેળવણી દ્વારા કૃષિ ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે તેમજ અન્ય વ્યાવસાયિક ક્ષેત્રોમાં નૂતન આવિષ્કારોનો વિનિયોગ થતાં ઉત્પાદન વૃધ્ધિ થાય છે ને તેનાથી સમાજની આર્થિક ક્ષમતા વધે છે. આર્થિક ક્ષમતામાં વધારો થતાં સામાજિક પરિવર્તન થાય છે.

**(2) વૈજ્ઞાનિક સંશોધનોને વેગ :**

- કેળવણી દ્વારા વૈજ્ઞાનિક સંશોધનનો વેગ મળે છે. આથી સમાજની ભૌતિક સગવડતાઓમાં પરિવર્તનો આવે છે. આને લીધે  લોકસમૂહની રહેણીકરણી અને જીવનશૈલી બદલાય છે. સમાજમાં સભ્યતાનો વિકાસ થાય છે.

**(3) વિચારધારામાં પરિવર્તન :**

- કેળવણી દ્વારા સમાજમાં વિચારધારામાં પરિવર્તન આવે છે. સાથે સાથે માન્યતાઓ, આદર્શો અને મૂલ્યોના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કેળવણી દ્વારા વિચારમાં પરિવર્તન આવે છે. તર્કબધ્ધ અને વૈજ્ઞાનિક વિચારસરણીને ઉત્તેજન મળે છે. લોકોની જૂની માન્યતાઓ, જૂના વિચારો, અંધશ્રધ્ધા વગેરેમાં પરિવર્તન થાય છે.

**(4) રાષ્ટ્રીય જાગૃતિ :**

- શિક્ષણના પ્રચાર અને પ્રસાર દ્વારા લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ આવે છે. સામાજિક એકતાને રાષ્ટ્રીય એકતા કેળવણી દ્વારા શકય બને છે. શિક્ષણ પામેલા લોકો રાજકીય વિચારસરણીઓ સારી રીતે સમજી રાષ્ટ્રનો વહીવટ ચલાવે છે.

**(5) નેતાગીરી પ્રાપ્ત થાય :**

- કેળવણી દ્વારા દેશના વ્યવસ્થાતંત્ર માટે નેતાઓ સૂઝવાળા આવે છે. પ્રતિનિધિઓ અને અમલદારો પ્રાપ્ત થાય છે. કેળવણી બુધ્ધિ આપે છે, જે નેતાગીરી કરવા માટે લાયક બને છે. તેનો વિકાસ થાય છે.

**(6) નૈતિક મૂલ્યોનો વિકાસ :**

- શિક્ષણ દ્વારા બાળકોમાં સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે. મૂલ્યો અંગેની વિશિષ્ટ સમજના વિકાસથી તેમના આચાર-વિચારમાં શુધ્ધિ આવે છે.

**(7) વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ :**

- શિક્ષણ દ્વારા બાળકોમાં વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ થાય છે. શિક્ષણ દ્વારા વેપાર, ઉદ્યોગ અને વ્યવસાયોની ક્ષમતા વધે છે.રસ પ્રમાણે વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ થાય છે. જે સામાજિક પરિવર્તન લાવવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(8) સર્જનાત્મક શક્તિનો વિકાસ :**

- શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થાય છે. તેમનામાં વિવેચનાત્મક શક્તિ સારાસાર વિચાર શક્તિ અને નિર્ણય શક્તિનો આવિષ્કાર થાય છે. શિક્ષણ એ વૈચારિક ક્રાંતિનું મહત્ત્વનું સાધન હોવાથી બાળકોમાં વિચાર શક્તિનો વિકાસ થતાં સામાજિક નવનિર્માણને ક્ષેત્રે તેઓ પોતાની શક્તિઓનો ઉપયોગ કરે છે.

**(9) શ્રમનો મહિમા સમજો :**

- શિક્ષણ દ્વારા બાળકો શ્રમનું મહત્ત્વ સમજે છે અને ગૌરવથી પરિચિત થાય છે. શ્રમપ્રધાન પ્રજાનું માનસ રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે.

**(10) વ્યક્તિ વિકાસનું સાધન :**

- શિક્ષણ દ્વારા વ્યક્તિનો સર્વાંગીણ કે સર્વદેશીય વિકાસ શક્ય બને છે. વ્યક્તિની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ થાય છે. તેનામાં માનસિક અને સાર્વત્રિક સંતુલન પેદા થાય છે. અન્ય

વ્યક્તિઓના વિચારોને સ્વીકારવાની ખેલદિલીની ભાવના પેદા થાય છે. આવી વ્યક્તિની પ્રતિભાનો સ્પર્શ સમાજને થાય તો સમાજ પણ સંતુલિત બને અને વૈચારિક સંઘર્ષો અને તનાવ ઓછા થાય છે. વ્યક્તિનું સમાજ અને સમાજ વ્યક્તિનું શોષણ કરતો અટકી જાય છે.

**(11) વિશાળ દૃષ્ટિકોણ :**

- શિક્ષણ દ્વારા બાળકોમાં વિશાળ દૃષ્ટિકોણ પ્રાપ્ત થાય છે. સારું અને ખરાબનો ભેદ તારવી શકે છે. સારી બાબતનો સ્વીકાર કરે છે. જૂની માન્યતાઓ બદલાય છે.

**(12) હક્કો અને ફરજોથી વાકેફ કરે :**

- શિક્ષણ દ્વારા બાળકોમાં હક્કો અને ફરજોથી વાકેફ કરે છે. વ્યક્તિની સમાજ તરફની ફરજો, સમાજની વ્યક્તિના વિકાસ માટેની ફરજોથી વ્યક્તિ અને સમાજને વાકેફ કરે છે.

**(13) સંસ્કૃતિનું સંવર્ધન :**

- શિક્ષણ દ્વારા બાળકોમાં સંસ્કૃતિનું સર્જન થાય છે. શિક્ષણ દ્વારા સંસ્કૃતિનું રક્ષણ કરી, તેને જાળવી રાખવામાં તેમજ નવી પેઢીને તેનો વારસો સોંપે છે અને કેટલાંક નવાં મૂલ્યોનું સર્જન કરી સંસ્કૃતિને એક ડગલું આગળ લઈ જાય છે.

**(14) સામાજિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ :**

- શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાના અને સમાજના સ્વાસ્થ્ય અંગે જાગૃત બને છે. વ્યક્તિની શારીરિક, માનસિક, તંદુરસ્તીના ખ્યાલો શિક્ષણથી દૃઢ બને છે. આજ રીતે સમાજમાં પણ સામૂહિક સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અંગેની શિક્ષણ દ્વારા જાગૃતિ પેદા થાય છે.

**(15) સ્ત્રી શિક્ષણ અંગે જાગૃતિ :**

- શિક્ષણ દ્વારા પ્રચાર અને પ્રસારથી સ્ત્રી શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ આવી છે. સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત થવાથી સારી અને શિક્ષિત માતાઓ, આદર્શ ગૃહિણીઓ અને મૂલ્યવાન નાગરિકો બની શકે છે. એક શિક્ષિત માતા સો શિક્ષકોની ગરજ સારે છે. બાળકોના સંસ્કારનું સિંચન કરવામાં માતાઓનો અમૂલ્ય ફાળો છે. માતા જો શિક્ષિત અને સંસ્કારી બને તો ભાવિ પેઢીના સંસ્કારોનું નિર્માણ શક્ય બને છે.

**(16) સામાજિકીકરણને પ્રોત્સાહન :**

- શિક્ષણ દ્વારા વ્યક્તિનું સામાજિકીકરણ ઝડપી બને છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણ દ્વારા સંપ, સહકાર, એકતા, દયા, સહાનુભૂતિ જેવા યોગ્ય સામાજિક ગુણો કેળવી શકાય છે. આ ગુણોના સિંચનથી વ્યક્તિ, સમુચિત રીતે સામાજિક અનુકૂલન સાધી શકે છે.

**(17) રાષ્ટ્રીય એકતાનો વિકાસ :**

- શિક્ષણ દ્વારા વ્યક્તિમાં રાષ્ટ્રીય એકતાનો વિકાસ થાય છે. વિવિધ પ્રજાઓ વચ્ચેનું અંતર ઘટે છે. આથી સાંસ્કૃતિક આદાન-પ્રદાનને વેગ મળે છે.

**(18) પ્રૌઢશિક્ષણ દ્વારા સાક્ષર સમાજનું નિર્માણ :**

- શિક્ષણ દ્વારા નિરક્ષર પ્રૌઢોને નવસાક્ષર બનાવી શકાય છે. નવશિક્ષિત બનેલા પ્રૌઢોને વિચારસરણીઓ અને માન્યતાઓમાં પરિવર્તન લાવવાનું અગત્યનું કાર્ય શિક્ષણ કરે છે. આ ઉપરાંત તેમનામાં સંસ્કાર સિંચનનું અગત્યનું કાર્ય શિક્ષણ બજાવે છે.

**(19) લોકશાહી મૂલ્યોનું સંરક્ષણ :**

- લોકશાહી રાષ્ટ્રોમાં લોકશાહી મૂલ્યોમાં સંરક્ષણ અને સંવર્ધન માટે કેળવણી અનિવાર્ય મનાય છે. તેથી પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક નિઃશુલ્ક અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. લોકશાહીનો પાયો શિક્ષિત નાગરિકો દ્વારા સુદૃઢ બની શકે તેમ છે. આથી શિક્ષણ લોકશાહી માટે પ્રાણવાયુની ગરજ સારે છે.

**(20) વર્તમાન સમસ્યાની જાણકારી :**

- શિક્ષણ દ્વારા વ્યક્તિ વર્તમાન સમસ્યાની જાણકારી મેળવે છે. સમસ્યાના ઉકેલ માટે પ્રયત્નશીલ બને છે, જે સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(21) સાહિત્ય અને કલાનો વિકાસ :**

- શિક્ષણ દ્વારા સાહિત્ય અને કલાનો વિકાસ થાય છે. સાહિત્ય ઉપરાંત નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય અને અન્ય કલાઓનો વિકાસ શિક્ષણને લીધે શકય બને છે. આમ, થવાથી સમાજની એ રાષ્ટ્રીની સંસ્કૃતિનો વિકાસ થાય છે. આમ, શિક્ષણ એ સાહિત્ય અને કલાનો વિકાસ કરવાનું અગત્યનું પરિબળ બની રહે છે.

## 14.5 સામાજિક પરિવર્તનમાં શાળાની ભૂમિકા :

- ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. આ રીતે જોઈએ તો શિક્ષણ દ્વારા શાળા સમાજ પરિવર્તનનું કાર્ય કરે છે. બ્રુબેકરે કહ્યું છે કે ''શિક્ષણ સમાજ પરિવર્તનના ફલાય વ્હીલ તરીકે વર્તે છે.'' શિક્ષણ દ્વારા સમાજમાં જે પરિવર્તનની શરૂઆત થાય છે. સમાજમાં પરિવર્તન લાવવાની જવાબદારી શાળાની છે. શિક્ષણ દ્વારા જ સામાજિક પરિવર્તનની દિશામાં આગળ વધી શકાય તેમ છે. શાળાએ સામાજિક પરિવર્તન લાવવા માટે નીચેના પ્રયાસો કરવાં જોઈએ.

**(1) સમાજની જરૂરિયાત પ્રમાણે અભ્યાસક્રમ :**

- શાળાએ સમાજની આવતીકાલની અપેક્ષાઓ, જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ તૈયાર કરવો પડે. અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી કાર્યક્રમ યોજવા જોઈએ. શિક્ષણમાં શ્રમનું ગૌરવ વધે તો વ્યાવસાયલક્ષી અને વિવિધલક્ષી અભ્યાસક્રમો ઘડવાં જોઈએ.

**(2) સામાજિક સુધારાની પ્રયોગશાળા :**

- શાળા સામાજિક સુધારાની પ્રયોગશાળા છે. આથી તેણે સમાજનું સાંસ્કૃતિક કેન્દ્ર બની સમાજના નવનિર્માણનું નેતૃત્વ લેવાનું છે. આ માટે તેણે શૈક્ષણિક કાર્યક્રમોમાં વધુ ઝડપી અને સંગીન ફેરફારો કરવાં જોઈએ.

**(3) દશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ :**

- શાળામાં વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્યો, મૂલ્યોનો વિકાસ થાય તે માટે દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. જરૂરી દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા પ્રયત્નો કરવાં જોઈએ.

**(4) શિક્ષણ પધ્ધતિઓમાં સુધારો કરવો :**

- વિદ્યાર્થીઓમાં શાળામાં જરૂરી કાર્યક્રમો કરવા માટે જરૂરી શિક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. સામાજિક પરિવર્તનમાં વિદ્યાર્થીઓ પોતાનો ફાળો આપી શકે તેવી પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

**(5) સમાજલક્ષી કાર્યક્રમો હાથ ધરવાં :**

- શાળા જે સમાજમાં કાર્ય કરતી હોય તે સ્થળે કેટલાંક સમાજલક્ષી કાર્યક્રમો હાથ ધરી સામાજિક પરિવર્તનની પ્રવૃત્તિને વેગ આપવો જોઈએ.

  દા.ત. નિરક્ષરતા નિવારણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગ્રામ સફાઈ, સમાજ શિક્ષણ, અંધશ્રધ્ધા નિવારણ, વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમો હાથ ધરવાં.

**(6) વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ :**

- સમાજ બિનઉપયોગી રૂઢિઓ, વહેમો, અંધશ્રધ્ધાઓ અને સંકુચિત ખ્યાલો છોડી વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ અપનાવે તે માટે પ્રયત્નો કરવાં જોઈએ. જૂના માળખામાં પરિવર્તન આવે તેવા

કાર્યક્રમો હાથ ધરવાં જોઈએ. સારી બાબતોનો સ્વીકાર કરે, ખરાબ કે ખોટી બાબતોનો સ્વીકાર ન કરે.

**(7) તજજ્ઞોના વાર્તાલાપો :**

- શાળાએ લોકોમાં જાગૃતિ લાવી શકાય તે માટે વાલી પરિષદો, સભાઓ, લોકસંમેલનો વગેરે યોજીને વિવિધ વિષયો પર સામાજિક સુધારણા માટે વાર્તાલાપો યોજવાં જોઈએ.

**(8) લોક જાગૃતિ :**

- શાળામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને સામાજિક પરિવર્તન લાવવાં માટે કાર્યક્રમો યોજવાં જોઈએ.

  દા.ત. નાટકો, વાર્ષિક ઉત્સવ વગેરે.

  સમાજ સુધારવા વિષયક વિષયવસ્તુને સ્પર્શતાં નાટકો રજૂ કરવાં જોઈએ.

**(9) વિવિધ કાર્યક્રમો હાથ ધરવાં :**

- શાળા દ્વારા સામાજિક પરિવર્તન લાવવા માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવાં જોઈએ.

  દા.ત. પ્રદર્શનો, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સ્ત્રીજાગૃતિ કાર્યક્રમો, આફતગ્રસ્તો, રોગ પ્રતિકારક ઝુંબેશ વગેરે કાર્યક્રમોથી સમાજમાં સુધારણાની ઝુંબેશ વેગ પકડે છે. આ ઉપરાંત ભીંતપત્રો પર સામાજિક કુરૂઢિઓ સામે ઝુંબેશ, વર્તમાન સમસ્યાઓની ચર્ચા વગેરે કાર્યક્રમો હાથ ધરી શકાય.

**(10) ફિલ્મ શોનું આયોજન :**

- શાળા દ્વારા સમાજ માટે ફિલ્મ શોનું આયોજન કરવામાં આવે. સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો વિષે ફિલ્મ શો બતાવવામાં આવે. સમાજ સુધારણાને લગતી ફિલ્મ બતાવી શકાય.

  આ ઉપરાંત સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપવામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓને વેગવાન બનાવી સામાજિક પરિવર્તન લાવી શકાય.

(1) રેડિયો, ટેલિવિઝન, જેવાં સમૂહ માધ્યમોનો શાળામાં ઉપયોગ વધારવો જોઈએ.

(2) શિક્ષણના પ્રચાર અને પ્રસાર તેમજ શિક્ષણના સાર્વત્રિકરણ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઝુંબેશ શરૂ કરવી જોઈએ.

(3) વિદ્યાર્થીઓને રાષ્ટ્ર અને વિશ્વના આધુનિક પ્રવાહોની જાણકારી આપવી જોઈએ. આ માટે વર્તમાનપત્રો, ટેલિવિઝન, પ્રાર્થના સભા વગેરેનો ઉપયોગ કરી શકાય.

(4) સમાજમાં શિક્ષણનાં પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા.

દા.ત. નિરક્ષરતા નિવારવા, સાક્ષરતા અભિયાન, પ્રૌઢશિક્ષણ, સમાજ શિક્ષણના વર્ગો ચલાવવા જોઈએ.

(5) વિદ્યાર્થીઓ અને સમાજના સહયોગથી ગામ સફાઈ, શિબિરો, શ્રમ શિબિરોનું આયોજન કરવું જોઈએ.

(6) સમાજમાં વ્યસનમુક્તિ, કુરિવાજો વગેરે સામે ઝુંબેશ ઉપાડવી જોઈએ.

(7) સામાજિક પરિવર્તન માટે ભીંતપત્રોનો ગામમાં ઉપયોગ કરવો.

(8) વાલી શિક્ષક સંઘના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજવા જોઈએ. વિશ્વ અને રાષ્ટ્રના પ્રવાહોની માહિતી આપવી જોઈએ.

(9) બાળ લગ્નો જે જગ્યાએ થતાં હોય તે અટકાવવાં જોઈએ. આ માટે વાલીઓને જાગૃત કરવા જોઈએ.

(10) સમાજમાં વિવિધ કાર્યક્રમો યોજવાં જોઈએ. દા.ત.સાંસ્કૃતિક કાર્યક્રમો, શેરી નાટકો દ્વારા સમાજમાં પ્રવર્તતા વહેમો, અંધશ્રધ્ધાઓ અને કુરૂઢિઓ ખુલ્લી પાડી સામાજિક પરિવર્તનો થાય તે માટે સમજ આપવી.

(11) વિજ્ઞાન પ્રદર્શનો યોજવાં, વૈજ્ઞાનિક માહિતી લોકો સુધી પહોંચે તે માટે વાલીઓને આમંત્રણ આપવું.

(12) ગામે ગામ સામૂહિક અને પ્રત્યાયનનાં માધ્યમોનો પ્રચાર-પ્રસાર કરવો, તેમનું મહત્ત્વ સમજાવવું જોઈએ.

## 14.6 સારાંશ :

- સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો :
- વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ
- શહેરીકરણની અસર
- વસતી વિસ્ફોટની અસર
- સામાજિક મૂલ્યોમાં પરિવર્તન
- વૈજ્ઞાનિક સંશોધનને વેગ
- વિચારધારામાં પરિવર્તન
- વ્યાવસાયિક કૌશલ્યોનો વિકાસ
- જૈવિક પરિબળો
- રાજકીય પરિબળો
- આધુનિકીકરણ
- વૈશ્વિકીકરણ
- નવીનીકરણ
- સ્ત્રીઓમાં જાગૃતિ
- સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષણની ભૂમિકા :
- લોકશાહી અભિગમ
- સમાજની સમસ્યાથી વાકેફ
- સામાજિક કુરિવાજોનો સિધ્ધાંત
- તરુણ-તરુણીઓનો યોગ્ય માર્ગદર્શન
- વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ
- સ્વતંત્ર વિચારનો પોષક
- સામાજિક નેતા
- વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ
- વ્યાવસાયલક્ષી શિક્ષણ
- સામાજિક નિર્માણ
- સાંસ્કૃતિક નિર્માણ

ઉપરની બાબતો ધ્યાનમાં રાખી શિક્ષણ સામાજિક પરિવર્તન લાવી શકે છે.

- સામાજિક પરિવર્તન લાવવામાં કેળવણીનો મહત્ત્વનો ફાળો આવે છે. શિક્ષણ દ્વારા નગર સમાજ પર અસર, ગ્રામીણ સમાજ પર અસર, આદિવાસી સમાજ પર અસર, જ્ઞાતિ વ્યવસ્થા પર અસર, સ્ત્રીના સ્થાન ઉપર અસર વગેરેને કારણે સામાજિક પરિવર્તન શિક્ષણ દ્વારા આવે છે.
- સામાજિક પરિવર્તનમાં શાળા પણ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સમાજની માંગ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી શાળામાં કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને પણ સામાજિક પરિવર્તન લાવે છે. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને તેમજ શાળામાં વિવિધ કાર્યક્રમો ગોઠવીને સામાજિક પરિવર્તન લાવી શકે છે. લોક જાગૃતિ લાવીને સામાજિક પરિવર્તન લાવી શકે છે.
- સામાજિક પરિવર્તનના સાધન તરીકે કેળવણીની કેટલીક મર્યાદાઓ નડે છે. શિક્ષણમાં રાજકારણનો પ્રવેશ, પરીક્ષાલક્ષી કાર્યક્રમો, પરિવર્તન પ્રક્રિયા ધીમી, નિરક્ષરતાનું વધુ પ્રમાણ, અધિકારોની આપખુદશાહી, આચાર્યની ઉદાસીનતા વગેરે બાબતો સામાજિક પરિવર્તન લાવવામાં અવરોધો ઊભાં કરે છે.

**14.7 એકમ સ્વાધ્યાય :**

(1) સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો જણાવો.

(2) સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષકની ભૂમિકા જણાવો.

(3) સામાજિક પરિવર્તન લાવવામાં કેળવણીનો ફાળો જણાવો.

(4) સામાજિક પરિવર્તનમાં શાળાની ભૂમિકા જણાવો.

**14.8 તમારી પ્રગતિ ચકાસો :**

(1) વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા આવતું સામાજિક પરિવર્તન સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) શહેરીકરણ દ્વારા કઈ રીતે સામાજિક પરિવર્તન આવ્યા – સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) વસતી વિસ્ફોટ દ્વારા કઈ રીતે સામાજિક પરિવર્તન આવે છે તે સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

..................................................................

..................................................................

(4) મૂલ્યો દ્વારા કઈ રીતે સામાજિક પરિવર્તન આવે છે તે સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) વૈજ્ઞાનિક શોધખોળને લીધે કઈ રીતે સામાજિક પરિવર્તન આવે છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) વૈશ્વિકીકરણને કારણે કઈ રીતે સામાજિક પરિવર્તન આવે છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**(1) વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા**

- વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે નવાનવા ઉદ્યોગોની શરૂઆત થઈ. રોજગારી વધી, શિક્ષણ વધ્યું, માનવીની બુધ્ધિમાં વધારો થયો તેથી વ્યક્તિગત રહેણીકરણી, રહેઠાણ વ્યવસ્થા જીવન શૈલી પહેરવેશ વગેરેમાં પરિવર્તનો આવે છે. આમ, વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સામાજિક પરિવર્તન આવે છે.

**(2) શહેરીકરણ દ્વારા**

- ઔદ્યોગિકીકરણને કારણે ગામડાંના લોકોનો પ્રવાહ શહેર તરફ વળ્યો છે. શહેરમાં ભૌતિક સગવડતાઓ વધારો જોવા મળે છે. આરોગ્યની સગવડ, મનોરંજન, શિક્ષણ, રોજગારી વગેરેને કારણે શહેર તરફની દોડ વધી છે, જેના કારણે સામાજિક પરિવર્તન લાવવામાં મદદરૂપ થાય છે.

**(3) વસતી વિસ્ફોટ દ્વારા**

- વસતી વધારો જુદાં જુદાં દેશોમાં ઝડપી થઈ રહ્યો છે. આ વસતી વધારાને લીધે સમાજમાં વિવિધ સમસ્યાઓ ઊભી થઈ છે, સમાજની આંતરક્રિયાઓ, સામાજિક વ્યવહારો, મૂલ્યો વગેરેમાં પણ પરિવર્તનો આવે છે.

- સમાજમાં અનુકૂલનના પણ પ્રશ્નો ઊભા થાય છે. કુટુંબ વિભકત બને છે. આમ, વસતી વધારો પણ સામાજિક પરિવર્તનનું અગત્યનું પરિબળ બની રહે છે.

**(4) મૂલ્યો દ્વારા**

- વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે સમાજનું પરિવર્તન થાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આવિષ્કારોને લીધે વ્યક્તિગત જીવનમાં તેમજ સમાજના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ પરિવર્તનો આવે છે. આને લીધે કેટલાક સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તનો આવે છે. સામાજિક મૂલ્યોમાં પરિવર્તન આવે છે.

**(5) વૈજ્ઞાનિક શોધખોળ દ્વારા**

- શિક્ષણનો વધુ વેગ મળવાથી વૈજ્ઞાનિક સંશોધનોને વેગવાન બને છે, જેના પરિણામે સમાજની ભૌતિક સગવડતાઓમાં પરિવર્તન આવે છે. સમાજમાં રહેણીકરણી અને જીવનશૈલી બદલાય છે. આમ, વૈજ્ઞાનિક શોધખોળને લીધે સામાજિક પરિવર્તન આવે છે.

**(6) વૈશ્વિકીકરણ દ્વારા**

- વૈશ્વિકીકરણ દ્વારા એકબીજાં દેશો એકબીજાંને ખૂબ જ નજીક લાવે છે. ભૌગોલિક અંતર હોવાં છતાં જ્ઞાન, અનુભવો, સંસ્કૃતિનું તીવ્ર ગતિથી આદાન પ્રદાન અને એક એવા સમાજનું નિર્માણ કે જે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિ, રાજનૈતિક ક્ષેત્રે વિચાર-વિનિમય દ્વારા એક નવી જ સાંસ્કૃતિક અને સામાજિક તરાહનું નિર્માણ કરવા કટિબદ્ધ હોય.

## 14.10 સૂચિત વાંચન સામગ્રી :

(1) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીઓ આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(3) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ.

એકમ 15

# સામાજિક પરિવર્તનની પ્રક્રિયા

## : રૂપરેખા :


**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 સામાજિક પરિવર્તનના સાધન તરીકે કેળવણીની મર્યાદાઓ**

**15.3 સામાજિક પરિવર્તનની પ્રક્રિયા**

**1. શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ**

**2. સામાજિક પરિવર્તનના એક સહાયક પરિબળ તરીકે શિક્ષણ**

**3. સામાજિક પરિવર્તનના દૂત તરીકે શિક્ષણ**

**4. સામાજિક પરિવર્તનનાં પ્રેરક બળો**

**5. સામાજિક પરિવર્તન અને શિક્ષણ વ્યવસ્થામાં અવરોધકતા**

**15.4 સામાજિક પરિવર્તન માટે અભ્યાસક્રમનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ?**

**15.5 સામાજિક પરિવર્તન લાવવામાં વિવિધ વિષયોનું યોગદાન**

**15.6 સારાંશ**

**15.7 એકમ સ્વાધ્યાય**

**15.8 તમારી પ્રગતિ ચકાસો**

**15.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**15.10 સૂચિત વાંચન સામગ્રી**


## 15.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે........

(1) સામાજિક પરિવર્તનના સાધન તરીકે કેળવણીની મર્યાદાઓ સમજાવી શકશો.

(2) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા વર્ણવી શકશો.

(3) સામાજિક પરિવર્તન માટે અભ્યાસક્રમનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે સમજાવી શકશો.

(4) સામાજિક પરિવર્તન લાવવા માટે વિવિધ વિષયોનું યોગદાન સ્પષ્ટ કરી શકશો.

## 15.1 પ્રસ્તાવના :

- એક પ્રક્રિયા તરીકે સામાજિક પરિવર્તન કોઈ નિશ્ચિત દિશા તરફ પરિવર્તનનું સાતત્ય જાળવીને આગળ વધતી હોય છે, તે ક્રમિક રીતે એક સોપાનમાંથી અન્ય સોપાનમાં જાય છે, જેથી સમાજનાં સામાજિકતા, સ્વરૂપ તેમજ સંરચનામાં વિકાસ થાય છે. તેમાં ઘણી ક્રિયાઓનો સમાવેશ થતો હોવાથી સામાજિક પરિવર્તન સંકુલ પ્રક્રિયા છે.
- સામાજિક પરિવર્તન લાવવા માટે પ્રેરકબળો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજિક પરિવર્તનનાં પ્રેરક બળોમાં વિજ્ઞાન અને ટેકનોલોજી, યંત્રવાદ અને માનવતાદનો સમન્વય, શહેરીકરણ, મૂલ્યો અને શિક્ષણનું આધુનિકીકરણ છે.
- વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે માનવ સમાજનાં વિભિન્ન ક્ષેત્રોને લીધે પરિવર્તનો આવ્યાં છે. સમાજમાં તેનાથી આધુનિકતા આવી છે. વિકાસ ઝડપી બન્યો છે. માનવ જીવનમાં ફેરફાર થવા લાગ્યો અને સુધારો આવ્યો છે. સમાજની પ્રગતિ થવા લાગી છે.

- શહેરીકરણ થવાથી સામાજિક પરિવર્તન તરીકે પ્રેરકબળ તરીકે મહત્ત્વનું કાર્ય થયું છે. ગામડાંના લોકો શહેર તરફ આવવાને કારણે સમાજ જીવનમાં ફેરફાર થયો છે.
- વ્યક્તિગત અને સામાજિક મૂલ્યો પણ સામાજિક પરિવર્તનના પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે. સમાજમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે મૂલ્યોની જરૂરિયાત છે. લોકો શાંતિ અને સલામતી, માનવ અધિકારો વગેરે માટે મૂલ્યો અપનાવવા લાગ્યા છે.
- શિક્ષણનું આધુનિકીકરણ થવાથી સામાજિક પરિવર્તન માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 15.2 સામાજિક પરિવર્તનના સાધન તરીકે કેળવણીની મર્યાદાઓ :

- શિક્ષણએ સામાજિક પરિવર્તનનું એક અગત્યનું સાધન હોવા છતાં માત્ર શિક્ષણ દ્વારા પરિવર્તન લાવી શકાતું નથી, તે માટેનાં અવરોધક પરિબળો નીચે પ્રમાણે છે :

**(1) શિક્ષણમાં રાજકારણનો પ્રવેશ :**

- શિક્ષણમાં રાજકારણનો પ્રવેશ થવાથી સામાજિક પરિવર્તનના અસરકારક સાધન બનતાં અવરોધે છે. શિક્ષણનું ખાનગીકરણ થવાથી શોષણવૃત્તિનો પ્રવેશ થયો છે.

**(2) પરીક્ષાલક્ષી કાર્યક્રમો :**

- શાળામાં જે કાર્યક્રમો થાય છે તે કાર્યક્રમો પરીક્ષાલક્ષી હોય છે. આપણા અભ્યાસક્રમો સમાજની જરૂરિયાતો પર આધારિત અને પરિવર્તનશીલ હોતા નથી. માત્ર પરીક્ષાને ધ્યાનમાં રાખી કાર્ય થાય છે.

**(3) પરિવર્તનની પ્રક્રિયા ધીમી :**

- સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ખૂબજ ધીમી ગતિએ ચાલે છે. સામાજિક પરિવર્તન શિક્ષણ દ્વારા થવું જોઈએ તે થતું નથી.

**(4) નિરક્ષરતાનું વધુ પ્રમાણ :**

- ભારત જેવાં પ્રણાલિકાગત દેશમાં જયાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું છે ત્યાં શિક્ષણ સામાજિક પરિવર્તનનું સાધન બની શકતું નથી.

**(5) શિક્ષણ અને સમાજ વચ્ચે વધુ અંતર :**

- શિક્ષણ અને સમાજ વચ્ચે વધુ અંતર જોવા મળે છે. શાળા સમાજના કાર્યક્રમો અને જરૂરિયાતો પ્રત્યે ઉદાસીનતા દાખવે છે તો સમાજ શાળાના કાર્યક્રમોની ઉપેક્ષા કરે છે.

**(6) અધિકારોની આપખુદશાહી :**

- અમલદારશાહી અને તુમારશાહીમાં અટવાયેલું શિક્ષણ સાર્થકતા ગુમાવે છે. અધિકારીઓ શિક્ષણમાં ઓછો રસ લે છે.

**(7) આચાર્યની ઉદાસીનતા :**

- શાળામાં કાર્યક્રમો કરવા માટે આચાર્યની ઉદાસીનતા જોવા મળે છે, તેથી સામાજિક પરિવર્તનને લગતા કાર્યક્રમો થતા નથી.

## 15.3 સામાજિક પરિવર્તનની પ્રક્રિયા :

- એક પ્રક્રિયા તરીકે સામાજિક પરિવર્તન કોઈ નિશ્ચિત દિશા તરફ પરિવર્તનનું સાતત્ય જાળવીને આગળ વધતી હોય છે, તે ક્રમિક કે તબક્કાવાર એક સોપાન માંથી અન્ય સોપાનમાં જાય છે, જેથી સમાજનાં સામાજિકતા, સ્વરૂપ તમજ સંરચનામાં વિકાસ થાય છે. તેમાં ઘણી ક્રિયાઓનો સમાવેશ થતો હોવાથી સામાજિક પરિવર્તન સંકુલ પ્રક્રિયા છે.

**(1) શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ :**

- શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ ત્રણ પ્રકારે જોઈ શકાય છે.

(1) શિક્ષણ સામાજિક પરિવર્તનને અવગણીને સમાજની સાંસ્કૃતિક પરંપરાની જાળવણીનું કાર્ય બજાવે.

(2) શિક્ષણ સામાજિક પરિવર્તન લાવવા માટે એક સહાયક પરિબળની ભૂમિકા બજાવે છે.

**(3) શિક્ષણ સામાજિક પરિવર્તનના એકદૂત Agentની બૂમિકા બજાવે.**

- અહીં પહેલા પ્રકાર અનુસાર રૂઢિગત શિક્ષણ, જે સમાજની સંસ્કૃતિને જાળવવા પ્રયત્ન કરે છે અને આવતાં સામાજિક પરિવર્તનોની અવગણના કરે છે, જે માત્ર સંસ્કૃતિને પ્રાધાન્ય શિક્ષણ બની રહે છે, તે સામાજિક પરિવર્તનને સહાયક કાર્ય ન બજાવતા સાંસ્કૃતિક પરંપરા પર ભાર આપે છે.

**(2) સામાજિક પરિવર્તના એક સહાયક પરિબળ તરીકે શિક્ષણ :**

- નવી પેઢી સામાજિક પરિવર્તનને સમજીને સ્વીકારી શકે તે માટે તેમનામાં જરૂરી બૌધ્ધિક અને લાગણી વિષયક વલણો કેળવવાની, જરૂરી ટેકનોલોજીકલ અને સામાજિક કૌશલ્યો વિકસાવવાનું તથા જ્યારે સામાજિક પરિવર્તન આવે ત્યારે તેને બુધ્ધિપૂર્વક સ્વીકારવા માટે તેમને તૈયાર કરવાનું કાર્ય શિક્ષણે બજાવવાનું છે.
- શિક્ષણે સમાજમાં આવતાં નાના-મોટા ફેરફારોથી માહિતગાર રહીને, તેનું પ્રત્યેક પેઢીમાં સંક્રમણ કરવાના સાંસ્કૃતિક વારસામાં ફેરફારો કરતાં રહીને સહાયક પરિબળ કરી તેનું કાર્ય બજાવવાનું છે.

**(3) સામાજિક પરિવર્તનના દૂત તરીકે શિક્ષણ :**

- સમાજમાં સામાજિક પરિવર્તન લાવવાનું શિક્ષણે શરૂ કરવાનું કાર્ય બજાવીને સમાજમાં તેને જે સામાજિક સુધારા કરવા યોગ્ય લાગે તે માટે નવી પેઢીને તૈયાર કરવાની છે,તેથી તે સહાયક પરિબળ બનવાને બદલે મુખ્ય બને.
- શિક્ષણ દ્વારા સમાજમાં જે શાંત, વિધાયક અને નક્કર વૈચારિક ક્રાંતિ થયા કરે છે તે જ ચિરંજીવી બને છે. શિક્ષણ માનવને બદલવાની પ્રક્રિયા છે. મોટા પાયા પર પરિવર્તન સિધ્ધ કરવું હોય તો તે માટે ઉપયોગી શિક્ષણ છે.
- અન્ય પરિબળો આમાં મદદરૂપ થાય અને ક્યારેક તો તેમની દેખીતી અસર વધારે જણાય પરંતુ જનતા સુધી પહોંચે એવું સાધન તો માત્ર શિક્ષણ જ છે, એટલે જ તે પ્રબળ પરિવર્તનનું સાધન છે, જેને સામાજિક પરિવર્તનના સંદેશવાહક કે દૂત તરીકે ગણાવી શકાય.

**(4) સામાજિક પરિવર્તનનાં પ્રેરકબળો :**

- સામાજિક પરિવર્તનનાં પ્રેરકબળોમાં

:(1) વિજ્ઞાન અને ટેકનોલોજી

(2) યંત્રવાદ અને માનવતાવાદનો સમન્વય

(3) શહેરીકરણ

(4) મૂલ્યો

(5) શિક્ષણનું આધુનિકીકરણ છે.

ઉપરના પ્રેરકબળોમાં સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(1) વિજ્ઞાન અને ટેકનોલોજી :**

- વિજ્ઞાન અને ટેકનોલોજીનો આ યુગ છે. માનવ સમાજનાં વિભિન્ન ક્ષેત્રો જેવાં કે શિક્ષણ,કૃષિ, આરોગ્ય, વેપાર-વાણિજ્ય, વહીવટ, સંરક્ષણ, સહકાર, બેંકીંગ, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર વગેરેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના લીધે પરિવર્તનો આવ્યાં છે.

- સમાજમાં તેનાથી આધુનિકતા આવી છે. વિકાસ ઝડપી બન્યો છે. માનવજીવનમાં ફેરફાર થવા લાગ્યો અને સુધારો આવ્યો છે. સમાજની પ્રગતિ થવા લાગી છે. આમ, સામાજિક પરિવર્તનના એક પ્રેરકબળ તરીકે વિજ્ઞાન અને તેના વડે કાર્યોન્વિત ટેકનોલોજીનું પ્રદાન છે.

**(2) યંત્રવાદ અને માનવતાવાદનો સમન્વય :**

- વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસથી દરેક ક્ષેત્રે યંત્રોનું પ્રભુત્વ વધ્યું છે. માનવ શક્તિની જેમ હવે મશીન શક્તિ દ્વારા કાર્યો થવાં લાગ્યાં છે.યંત્ર માનવનું ટેકનોલોજીનું અદ્‌ભૂત રીતે કાર્યો કરવા લાગ્યું છે. આ યંત્ર યુગમાં માનવતાવાદી અભિગમ પણ સાથે જ વિકસી રહ્યો છે. આ બંને પ્રકારના અભિગમો- યંત્રવાદ અને માનવતાવાદના સમન્વયને સામાજિક પરિવર્તનનું પ્રેરકબળ ગણવામાં આવે છે, જેના વડે સમાજ જીવનમાં અમૂલ પરિવર્તન જોવા મળ્યું છે. મેનપાવરને બદલે, મશીન પાવર સક્રિય બનાવીને માનવને ઘણી રાહત મળી શકે તેવો માનવતાવાદ, આરોગ્ય, વેપાર, ઉદ્યોગ, શ્રમ-રોજગાર, સહકાર-સંરક્ષણ, શિક્ષણ-સંશોધન, વાહન વ્યવહાર સંદેશા વ્યવહાર વગેરે ક્ષેત્રે જોવા મળે છે, જે સામાજિક પરિવર્તન માટે ઉપકારક છે.

**(3) શહેરીકરણ :**

- લોકો પોતાની રોજગારી, વેપાર-ઉદ્યોગ, શિક્ષણવર્ધન વગેરેના વિકાસ માટે ગામડાં છોડીને શહેર તરફ જવા લાગ્યા છે, તેથી શહેરીકરણ થવા લાગ્યું. શહેરોના વિકાસની સાથે માનવ જીવન વિકસિત બન્યું. શહેરી વિકાસની યોજનાઓ, લોકોના સ્વાસ્થ્ય વિષયક જાગૃતિ અને સુવિધાઓ, શહેરીજીવનની સંસ્કૃતિ અને તેમાં જોવા મળતી આધુનિકતા, શિક્ષણની આધુનિક સગવડતાઓ, લોકોને વિવિધ પ્રકારે મળી રહેતા વ્યવસાયો અને તેમાં કાર્યન્વિત ટેકનોલોજી વગેરેથી શહેરીકરણને સામાજિક પરિવર્તનના પ્રેરકબળ તરીકે ગણવામાં આવે છે.

**(5) સામાજિક પરિવર્તન અને શિક્ષણ વ્યવસ્થામાં અવરોધકતા :**

- શિક્ષણ વ્યવસ્થા પરંપરાગત સંસ્કારોના જતન માટે કાર્ય કરે છે ત્યારે સામાજિક પરિવર્તનનો વિરોધ કરી પરંપરાગત કાર્ય કરતી હોય છે, જ્યારે એવું બને છે ત્યારે સમાજમાં ધ્યેયો અને માંગ તથા શિક્ષણ વ્યવસ્થાનાં કાર્યો અને રચનાતંત્ર વચ્ચે એક પ્રકારનો અવરોધ સર્જાય છે.
- ઊગતી પેઢીમાં નૈતિક સામાજિક જવાબદારીની ભાવના ખીલવવાની જરૂર છે ત્યારે શિક્ષણ ચારિત્ર્ય પર ભાર મૂકતું નથી.
- આપણાં અભ્યાસક્રમો અને શિક્ષણ પધ્ધતિઓ તેમજ શાળા-કાર્યક્રમોમાં સમાન પુનઃ રચના કે સામાજિક રાષ્ટ્રીય એકતાની સભાનતા કેળવાય તેવી બાબતોને પૂરતું સ્થાન નથી.
- પરિવર્તન અનુસારની સુવિધાઓ ધરાવતી સાધન-સામગ્રી તેમજ શાળા-મકાનો બાબતે અવરોધતા છે. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની જરૂરિયાત જુદી છે. આર્થિક જરૂરિયાતો અને શિક્ષણ વ્યવસ્થા વચ્ચેના મેળ અંગે અવરોધતા છે.
- શિક્ષણમાં વિનયનનું મૂલ્ય ઘટવા માંડ્યું અને વ્યાવસાયિક અભ્યાસક્રમોનું વધ્યું પણ તે અંગેની સગવડોમાં અવરોધકતા છે.

**(4) મૂલ્યો :**

- માનવ સમાજમાં સત્ય, ન્યાય, શાંતિ, સલામતી, માનવ અધિકારો, સ્વતંત્રતા, સ્વાસ્થ્ય, પ્રેમ વગેરેના પાયામાં સત્યમ્, શિવમ્ અને સુંદરનાં મૂલ્યો સૌના મતે છે. માનવજીવનાં મૂલ્યો, જાતિ,સદાચાર અને હકારાત્મક મનોવલણોને સમાવતા સમગ્રતાલક્ષી, સંયોજિત અને માનવતાવાદી અભિગમવાળું પરિવર્તન જરૂરી બન્યું છે. સમાજની પ્રત્યેક વ્યક્તિને સાંવેગિક અને સામાજિક બુધ્ધિની જરૂરિયાત છે.

- હિંસા અને ભ્રષ્ટાચાર જેવાં સામાજિક અનિષ્ટોને નિર્મૂળ કરવા માટે મૂલ્યાભિમુખ સામાજિક પરિવર્તન આવશ્યક છે, તે માટે માનવ વ્યવહારોમાં મૂલ્યોની બાબતે માનવીય, હકારાત્મક અને વૈજ્ઞાનિક અભિગમોનો ત્રિવેણી સંગમ પ્રયોજાતો જાય છે. આમ, વ્યક્તિગત અને સામાજિક મૂલ્યો પણ સામાજિક પરિવર્તના પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે.

**(5) શિક્ષણનું આધુનિકીકરણ :**

- સામાજિક પરિવર્તનનું મુખ્ય પ્રેરકબળ શિક્ષણ છે. કારણકે માનવ સમાજ સાથે સંકળાયેલાં વિભિન્ન ક્ષેત્રો માટે શિક્ષિત પ્રતિભાએ તૈયાર કરવાનું કામ શિક્ષણનું છે. તેથી આધુનિક સમાજ રચના માટે શિક્ષણનું આધુનિકીકરણ જરૂરી છે. જરૂરિયાત પ્રમાણે શિક્ષણમાં ટેકનોલોજીનો વિકાસ થયો છે. જરૂરિયાત પ્રમાણે અભ્યાસક્રમ તૈયાર થયો.

## 15.4 સામાજિક પરિવર્તન માટે અભ્યાસક્રમનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ?

- માનવ સામાજિક પ્રાણી છે, તે સમાજમાં જન્મે છે અને પરિવર્તન પામે છે. સામાજિક પરિવર્તનમાં કેળવણી પણ અગત્યનો ભાગ ભજવે છે. કેળવણીનાં અભ્યાસક્રમો જો જીવન, ગતિશીલ અને પરિવર્તનશીલ હોય તો સામાજિક પરિવર્તનમાં વિવિધ વિષયોના અભ્યાસક્રમો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.
- સામાજિક પરિવર્તન માટેનાં અભ્યાસક્રમનું સ્વરૂપ નીચેનાં જેવું હોવું જોઈએ :

(1) અભ્યાસક્રમો સતત પરિવર્તનશીલ હોવાં જોઈએ.

(2) અભ્યાસક્રમમાં સમાજ અને સમયને અનુરૂપ વ્યવસાયિક શિક્ષણનો સમાવેશ થયેલો હોવો જોઈએ.

(3) વ્યાવસાયિક શિક્ષણને ઔદ્યોગિક એકમો સાથે જોડીને વિદ્યાર્થીઓનો વ્યાવસાયોની પ્રત્યક્ષ તાલીમ આપવાની જોગવાઈ કરવી જોઈએ.

(4) શિક્ષણને ઉત્પાદકતા સાથે જોડીને ઉત્પાદક વ્યવસાયોનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવું જોઈએ કે જેથી તેઓ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આર્થિક રીતે સ્વનિર્ભર અને સ્વાવલંબી બની શકે.

(5) વિજ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાઓનું જ્ઞાન મળે તે બાયોકેમેસ્ટ્રી, બાયોટેકનોલોજી, એરોનોટિક્સ, ખગોળશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર વગેરે જેવા વિષયો પણ વિદ્યાર્થીઓની કક્ષાનુસાર સામેલ કરવાં જોઈએ.

(6) માહિતી ક્રાંતિના આ યુગમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી, કમ્પ્યુટર, ઈમેઈલ, ઈન્ટરનેટ વગેરેનું જ્ઞાન વિદ્યાર્થીઓ સંપાદિત કરી શકે તે માટે I.T.ના વિષયથી અભ્યાસક્રમમાં સામેલ કરવા જોઈએ.

(7) વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેક સંશોધનો અને પરિવર્તનો થઈ રહ્યાં છે. અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને ટેકનોલોજી જેવાં વિષયોનું સ્થાન આપી. શિક્ષણ ખાસ આપવું જોઈએ.

(8) રાષ્ટ્ર અને વિશ્વમાં થઈ રહેલા પરિવર્તનોનું અભ્યાસક્રમમાં પ્રતિબિંબ ઝીલાવું જોઈએ.

(9) અભ્યાસક્રમો ગતિશીલ, જીવંત અને સમકાલીન જરૂરિયાતોને પોષે તેવા હોવાં જોઈએ.

(10) ભારતના લઘુ ઉદ્યોગોને સ્થાન આપવું તેમજ તેને પ્રોત્સાહન મળે તેવા લઘુ ઉદ્યોગોનું શિક્ષણ પણ સ્થાનિક જરૂરિયાત અનુસાર આપવું જોઈએ.

(11) અભ્યાસક્રમમાં કૃષિપ્રધાન શિક્ષણને સ્થાન આપવું. આપણો દેશ કૃષિપ્રધાન છે. સ્થાનિક જરૂરિયાત અનુસાર વિજ્ઞાન, કૃષિઉદ્યોગો જેવા અભ્યાસક્રમોને સ્થાન આપવું.

(12) વિદ્યાર્થીઓ શ્રમ તરફ વળે તે માટે તેની તાલીમ આપવી. સ્થાનિક જરૂરિયાત પ્રમાણે તાલીમ આપવી.

(13) સમાજના વિવિધ પ્રદેશોની કે સમાજના વિવિધ વિભાગોની આર્થિક, સામાજિક, સ્થાનિક કે ક્ષેત્રીય જરૂરિયાતોને અનુલક્ષીને વિષયોની પસંદગીમાં વૈવિધ્ય હોવું જોઈએ.

(14) રાષ્ટ્રના વિવિધ પ્રદેશોમાં રહેલાં વિવિધ લોકોની વિવિધ જીવનશૈલી, સમાજશૈલી તેમજ સાંસ્કૃતિક પરંપરાઓ માટે યોગ્ય સમજ કેળવાય તે માટે રાષ્ટ્રના વિવિધ પ્રદેશોના સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું તેમાં પ્રતિબિંબ ઝીલાયેલું હોવું જોઈએ. વિવિધતામાં રાષ્ટ્રીય એકતા અને બિનસાંપ્રદાયિકતાનો વિકાસ થાય તેવી બાબતોનો અભ્યાસક્રમમાં સમાવેશ થયેલો હોવો જોઈએ.

- સામાજિક પરિવર્તનને અનુલક્ષીને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઈ.સ. 1986 અનુસાર શિક્ષણનો સર્વગ્રાહી અભ્યાસક્રમ રચનામાં નીચેનાં હાર્દરૂપ તત્ત્વોને અનિવાર્યપણે સમાવેશ કરવાનો રહેશે.

(1) પર્યાવરણનું સંરક્ષણ

(2) વૈજ્ઞાનિક વલણોનો વિકાસ

(3) નાના કુટુંબના કદ અંગેના લક્ષ્યાંકોનું પાલન

(4) સામાજિક ભેદભાવોની નાબૂદી

(5) જાતિય સમાનતા

(6) લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા

(7) રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો

(8) બંધારણીય જવાબદારીઓ

(9) રાષ્ટ્રીયતાના ગૌરવને વધારનારી બાબતો

(10) ભારતની સ્વતંત્રતા મેળવવા માટે થયેલા પ્રયાસોના ભાગરૂપ ભારતીય સ્વાતંત્ર્ય ચળવળને આવરી લેતો ઈતિહાસ.

## 15.5 સામાજિક પરિવર્તન લાવવામાં વિવિધ વિષયોનું યોગદાન :

- અભ્યાસક્રમએ સામાજિક પરિવર્તન લાવવા માટે મહત્ત્વનો ફાળો આપે છે. રાષ્ટ્રીય એકતા વધે, વિદ્યાર્થીઓ સારા નાગરિક બને, એકબીજાને મદદરૂપ થાય, લોકશાહી પ્રત્યે જાગૃતિ વધે, સામાજિક પ્રતિબધ્ધતા કેળવાય, તેઓ જાતિ, ધર્મ, પ્રદેશ, લિંગના ભેદભાવોથી પર રહીને પૂર્વગ્રહ મુક્ત જીવન જીવી શકે, તેઓ પોતાનો જીવનનિર્વાહ સારી રીતે ચલાવી શકે.
- વૈજ્ઞાનિક વલણો કેળવીને વહેમો અને અંધશ્રધ્ધાઓ તેમજ કુરૂઢિઓથી મુક્ત થાય, સામાજિક પરિવર્તનમાં પોતાનો ફાળો આપી શકે, તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- અભ્યાસક્રમના વિષઠયોમાં સામાજિક પરિવર્તન ઝડપી બને તે માટે વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાનો, વિવિધ વ્યવસાયના અભ્યાસક્રમો, વ્યવસ્થાપનના અભ્યાસક્રમોનું સ્થાન યોગ્ય તબક્કે વિદ્યાર્થીઓની યોગ્ય કક્ષા પ્રમાણે આપવું જોઈએ.
- આમ, સામાજિક પરિવર્તન લાવવામાં અભ્યાસક્રમ પોતાનો ફાળો આપી શકે તેમ છે. તેથી અભ્યાસક્રમની રચના વખતે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

**(1) ગણિત શાસ્ત્ર :**

- ગણિતશાસ્ત્ર ખૂબ જ ચોકસાઈ માગી લેતો વિષય છે. વિજ્ઞાનના અભ્યાસમાં પણ ગણિત શક્તિનો ઉપયોગ જરૂરી છે. ગણિત શાસ્ત્રમાં બીજગણિત, ભૂમિતિ, અંકગણિત, ત્રિકોણનીતિનો સમાવેશ કરી તેમને અદ્યતન જ્ઞાન આપવું જોઈએ. ગણિતમાં રસ વધે તેવાં પ્રયત્નો શિક્ષક કરી શકે.

**(2) વિજ્ઞાન અને ટેકનોલોજી :**

- વર્તમાન સમયમાં વિશ્વમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓ ટેકનોલોજીના વિવિધ ઉપયોગ જાણે, વિવિધ પ્રકારનાં ટેકનોલોજીના સાધનોથી પરિચિત થાય, માહિતી સંચારણનાં વિવિધ સાધનોનો પરિચય થાય તે રીતે તેમને માહિતી ટેકનોલોજીનું પણ શિક્ષણ આપવું જોઈએ.
- વિજ્ઞાનની વિવિધ શોધખોળ, થઈ રહેલી શોધખોળો, અંતરિક્ષ વિજ્ઞાનક્ષેત્રે થયેલી પ્રગતિ, વિજ્ઞાનની સત્ય શાખામા થઈ રહેલાં સંશોધનો અને આનાથી વિદ્યાર્થીઓ પરિચિત કરવા જોઈએ.
- કક્ષા પ્રમાણે અભ્યાસક્રમ મૂકવો જોઈએ, વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણો અને વૈજ્ઞાનિક મિજાજ કેળવાય તેવું શિક્ષણ આપવું જરૂરી છે.
- આમ, સામાજિક પરિવર્તન લાવવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહત્ત્વનો ફાળો રહેલો છે.

**(3) નાગરિકશાસ્ત્ર અને બંધારણ :**

- વિદ્યાર્થીઓ પોતાના હક્કો અને ફરજોથી જાગ્રત થાય તે માટે તેમને નાગરિકશાસ્ત્રનું અને ભારતીય સંવિધાનનું શિક્ષણ આપવું જોઈએ. કક્ષા પ્રમાણે અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ. વિદ્યાર્થીઓમાં પોતાના હક્કો અને ફરજોથી જાગૃત થવાથી સામાજિક પરિવર્તન લાવવામાં પોતાનો ફાળો આપી શકે.

**(4) ભાષાઓ :**

- ભાષાઓ સામાજિક પરિવર્તન લાવવા માટે મહત્ત્વનો ફાળો આપે છે. સમાજમાં પરિવર્તન લાવે તેવી કૃતિઓ પસંદ કરીને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું જોઈએ. સામાજિક ભેદભાવો, નાબૂદ થાય, જૂનાં જર્જરિત મૂલ્યો, કુરિવાજોની સામે બગાવત પોકારતી કૃતિઓનો ભાષા શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ.
- ઉમાશંકર જોષી, ઝવેરચંદ મેઘાણી વગેરે કૃતિઓનો સમાવેશ અભ્યાસક્રમમાં કરવો જોઈએ.
- બાળકો વૈજ્ઞાનિક વલણો કેળવે અને અંધશ્રધ્ધા નાબૂદ થાય તેવી વિજ્ઞાનકથાઓ, વિજ્ઞાનીઓનાં જીવનચરિત્રો, સામાજિક પરિવર્તન માટે ઝઝૂમનાર મહાપુરુષો ગાંધીજી, રાજા રામમોહનરાય વગેરેના જીવન ચરિત્રોનો ભાષામાં સમાવેશ કરવો જોઈએ.
- ઉમાશંકરનું 'સ્વતંત્રતા કે વરદાન' જેવી કૃતિઓ પણ સાહિત્યના અભ્યાસક્રમમાં સમાવી લેવી જોઈએ.

**(5) ભૂગોળ :**

- સામાજિક પરિવર્તન લાવવામાં ભૌગોલિક પરિસ્થિતિઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભૌગોલિક પરિસ્થિતિને લીધે સામાજિક પરિવર્તન ઝડપી કે મંદ બને છે. ભૂગોળ શિક્ષણ દ્વારા વિવિધ પ્રદેશની પ્રજાઓની રહેણીકરણી, તેમની સમસ્યાઓ, તેમની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓ વગેરેનું શિક્ષણ આપવું જોઈએ.

**(6) ઈતિહાસ :**

- ઈતિહાસના શિક્ષણમાં લોકશાહી માટેના પ્રયાસો, તેને માટે અપાયેલાં બલિદાનો, રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઉત્થાન, પ્રજાઓનો સામાજિક અને સાંસ્કૃતિક પુરુષાર્થ. આ બધી બાબતોને યોગ્ય સ્થાન આપવું જોઈએ કે જેથી વ્યક્તિ વર્તમાન પરિસ્થિતિ અનુસાર લોકશાહી વલણોને આત્મસાત્ કરી શકે.
- સામાજિક પરિવર્તનમાં બલિદાન આપનાર વ્યક્તિઓના ઈતિહાસ મૂકી શકાય છે.

**(7) અંગ્રેજી ભાષા :**

- વિદ્યાર્થીઓ વિશ્વ સાહિત્ય અને વિશ્વના સમકાલીન પ્રવાહોથી પરિચિત થાય તે માટે તેમને અંગ્રેજી જેવી વિશ્વભાષાનું શિક્ષણ પણ આપવું જોઈએ. આ ઉપરાંત અન્ય વિદેશી ભાષાઓનું પણ શક્ય હોય તો શિક્ષણ આપવું જોઈએ. અન્ય ભાષાની પ્રેરક એવી કૃતિઓ અનુવાદિત કરીને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવી જોઈએ.
- આ ઉપરાંત વિવિધ કલાઓ, ચિત્રકલા, સંગીત, સિવણ વગેરેનું જ્ઞાન આપવું જોઈએ. રમતગમત, વ્યાયામ, યોગ, એરોબિક્સ વગેરેનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ થવો જોઈએ.
- જો કે વિદ્યાર્થીઓની પસંદગી અનુસાર વિવિધ પ્રવાહોનું ઘનિષ્ટ શિક્ષણ આપવું જોઈએ.
- ખાસ કરીને સામાજિક પરિવર્તનમાં મદદરૂપ થઈ શકે તેવાં અદ્યતન વિષયો- વિવિધ ઉત્પાદક વ્યવસાયો મેનેજમેન્ટ, કમ્પ્યુટર શિક્ષણ, ઈન્ફર્મેશન ટેકનોલોજી વગેરેનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

## 15.6 સારાંશ :

- સામાજિક પરિવર્તનના એક સાધન તરીકે કેળવણીની મર્યાદા જોવા મળે છે.

  શિક્ષણમાં રાજકારણનો પ્રવેશ, પરીક્ષાલક્ષી કાર્યક્રમો, પરિવર્તનની પ્રક્રિયા ધીમી, નિરક્ષરતાનું વધુ પ્રમાણ, શિક્ષણ ને સમાજ વચ્ચે વધુ અંતર, અધિકારોની આપખુદશાહી, આચાર્યની ઉદાસીનતા વગેરે બાબતો સામાજિક પરિવર્તન લાવવા માટે અવરોધક બને છે.
- દરેક વસ્તુ પરિવર્તનશીલ છે. સમાજ માનવોનો બનેલો છે, તેમાં પણ પરિવર્તન જોવા મળે. આ પરિવર્તન તેની સાંસ્કૃતિક રીતભાતમાં, સામાજિક માળખામાં જોવા મળે, પરિણામે તેના સભ્યોમાં જોવા મળે છે. આમ, પરિવર્તનની પ્રક્રિયા સંકુલ છે. પરિવર્તન સતત થયા કરે છે.કોઈ બાબતમાં ચોક્ક રીતે સતત ફેરફારો થવા, તેવી એ પ્રક્રિયા છે. પરિવર્તન શબ્દ વૃધ્ધિ કરતાં કંઈક અલગ છે. સમાજમાં થતી ઉત્ક્રાંતિ એ સામાજિક પરિવર્તન પ્રક્રિયા છે. સામાજિક ઉત્ક્રાંતિ એટલે સમાજના કદમાં નહીં પણ સમાજના સ્વરૂપમાં પરિવર્તન. આ પરિવર્તન ક્રમિક હોય છે. દરેક પરિવર્તન તેની અગાઉ થયેલા પરિવર્તન પર આધારિત હોય છે, પરિવર્તન શબ્દનો અર્થ તટસ્થ છે, તેમાં સારું કે નરસું, ઉર્ધ્વગામી કે અધોગામી એવા અર્થો મળેલાં હોતાં નથી. સામાજિક પરિવર્તન સમાજના હિતમાં પણ હોય અને અહિતમાં પણ હોય, પરિવર્તન શબ્દથી, સમયાંતરે થતો ફેરફાર એવો અર્થ સૂચિત થાય છે.

## 15.7 એકમ સ્વાધ્યાય :

**(1) મુદ્દાસર ઉત્તર લખો**

(1) સામાજિક પરિવર્તનના એક સાધન તરીકે કેળવણીની મર્યાદા જણાવો.

(2) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સ્પષ્ટ કરો.

(3) સામાજિક પરિવર્તન લાવવા માટે અભ્યાસક્રમનું સ્વરૂપ કેવું હોવું જોઈ તે જણાવો.

(4) સામાજિક પરિવર્તન લાવવા માટે વિવિધ વિષયોનું યોગદાન જણાવો.

**(2) ટૂંકમાં ઉત્તર લખો :**

(1) સામાજિક પરિવર્તન લાવવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજી કઈ રીતે ભાગ ભજવે છે તે જણાવો.

(2) શહેરીકરણ સામાજિક પરિવર્તન લાવવા માટે કઈ રીતે મહત્ત્વનો ભાગ ભજવે છે તે જણાવો.

(3) મૂલ્યો સામાજિક પરિવર્તન લાવવા માટે કઈ રીતે મહત્ત્વનો ભાગ ભજવે છે તે જણાવો.

(4) શિક્ષણમાં આધુનિકીકરણ સામાજિક પરિવર્તન લાવવામાં કઈ રીતે ભાગ ભજવે છે તે જણાવો.

## 15.8 તમારી પ્રગતિ ચકાસો

(1) સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે, કઈ રીતે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચે સંબંધ હોવાનું શાથી કહી શકાય ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સામાજિક પરિવર્તનના એક સહાયક પરિબળ તરીકે શિક્ષણ કઈ રીતે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) સામાજિક પરિવર્તનના દૂત તરીકે શિક્ષણ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સામાજિક પરિવર્તનનાં પ્રેરકબળો વિશે વર્ણવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) સામાજિક પરિવર્તન અને શિક્ષણ વ્યવસ્થામાં અવરોધતા વિશે સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**(1) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા :**

- એક પ્રક્રિયા તરીકે સામાજિક પરિવર્તન કોઈ નિશ્ચિત દિશા તરફ પરિવર્તનનું સાતત્ય જાળવીને આગળ વધતી હોય છે, જેથી સમાજનાં સામાજિકતા, સ્વરૂપ તેમજ સંરચનામાં વિકાસ થાય છે.

**(2) શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચે સંબંધ :**

- શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ ત્રણ પ્રકારે જોઈ શકાય છે.

(1) શિક્ષણ સામાજિક પરિવર્તનને અવગણીને સમાજની સાંસ્કૃતિક પરંપરાની જાળવણીનું કાર્ય બજાવે.

(2) શિક્ષણ સામાજિક પરિવર્તનને અવગણીને સમાજની સાંસ્કૃતિક પરંપરાની જાળવણીનું કાર્ય બજાવે.

(3) શિક્ષણ સામાજિક પરિવર્તનના એક દૂત (Agent)ની ભૂમિકા બજાવે છે.

**(3) સામાજિક પરિવર્તનના એક સહાયક પરિબળ તરીકે શિક્ષણ :**

નવી પેઢી સામાજિક પરિવર્તનને સમજીને સ્વીકારી શકે તે માટે તેમનામાં જરૂરી બૌદ્ધિક અને લાગણી વિષયક વલણો કેળવવાનું જરૂરી છે ટેક્નોલોજીકલ અને સામાજિક કૌશલ્યો વિકસાવવાનું તેમજ સામાજિક પરિવર્તન આવે ત્યારે તેને બુદ્ધિપૂર્વક સ્વીકારવા માટે તેમને તૈયાર કરવાનું કાર્ય શિક્ષણે બજાવવાનું છે. શિક્ષણે સમાજમાં આવતા નાના-મોટા ફેરફારોથી માહિતગાર રહીને તેનું પ્રત્યેક પેઢીમાં સંક્રમણ કરવાના સાંસ્કૃતિક વારસામાં ફેરફારો કરતાં રહીને સહાયક પરિબળ તરીકેનું કાર્ય બજાવવાનું છે.

**(4) સામાજિક પરિવર્તનના દૂત તરીકે શિક્ષણ :**

સમાજમાં સામાજિક પરિવર્તન લાવવાનું શિક્ષણે શરૂ કરવાનું છે સમાજમાં તેને જે સામાજિક સુધારા કરવા યોગ્ય લાગે તે માટે નવી પેઢીને તૈયાર કરવાની છે. તેથી તે સહાયક પરિબળ બનવાને બદલે મુખ્ય બને. શિક્ષણ દ્વારા સમાજમાં જે શાંત, વિધાયક અને નક્કર વૈચારિક ક્રાંતિ થયાં કરે છે તે જ ચિરંજીવી બને છે.

શિક્ષણ માનવને બદલવાની પ્રક્રિયા છે. મોટા પાયા પર પરિવર્તન સિદ્ધ કરવું હોય તો તેને માટે ઉપયોગી શિક્ષણ છે. અન્ય પરિબળો આમાં મદદરૂપ થાય અને ક્યારેક તો તેમની દેખીતી અસર વધારે જણાય પરંતુ જનતા સુધી પહોંચે એવું સાધન માત્ર શિક્ષણ જ છે. એટલે જ તે પ્રબળ પરિવર્તનનું સાધન છે. જેને સામાજિક પરિવર્તનના સંદેશ વાહક કે દૂત તરીકે ગણાવી શકાય.

## 15.10 સામાજિક પરિવર્તનના પ્રેરક બળો :

સામાજિક પરિવર્તનનાં પ્રેરકબળોમાં...

(1) વિજ્ઞાન અને ટેક્નોલોજી

(2) યંત્રવાદ અને માનવતાવાદનો સમન્વય

(3) શહેરીકરણ

(4) મૂલ્યો

**(5) શિક્ષણનું આધુનિકીકરણ**

ઉપરોક્ત પાંચેય પરિબળો સામાજિક પરિવર્તનના પ્રેરકબળો છે. વર્તમાન સમય વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ છે. માનવ સમાજમાં વિભિન્ન ક્ષેત્રો જેવાં કે શિક્ષણ, કૃષિ, આરોગ્ય, વેપાર-વાણિજ્ય, વહીવટ, સંરક્ષણ, સહકાર, બેંકિંગ, વાહન-વ્યવહાર, સંદેશા વ્યવહાર વગેરેમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના લીધે પરિવર્તનો આવ્યાં છે. સમાજમાં તેનાથી આધુનિકતા આવી છે. વિકાસ ઝડપી બન્યો છે. માનવજીવનમાં ફેરફાર થવા લાગ્યો અને સુધારો આવ્યો છે. સમાજની પ્રગતિ થવા લાગી છે. આમ, સામાજિક પરિવર્તનના એક પ્રેરકબળ તરીકે વિજ્ઞાન અને તેના વડે કાર્યાન્વિત ટેક્નોલોજીનું પ્રદાન છે. અન્ય ચાર પ્રેરકબળની માહિતી આપવામાં આવેલ છે.

**(6) સામાજિક પરિવર્તન અને શિક્ષણ વ્યવસ્થામાં અવરોધતા :**

શિક્ષણ વ્યવસ્થા પરંપરાગત સંસ્કારોના જતન માટે કાર્ય કરે છે ત્યારે સામાજિક પરિવર્તનનો વિરોધ કરી પરંપરાગત કાર્ય કરતી હોય છે જ્યારે આવું બને છે ત્યારે સમાજનાં ધ્યેયો અને માંગ તથા શિક્ષણ વ્યવસ્થાનાં કાર્યો અને રચના તંત્ર વચ્ચે એક પ્રકારનો અવરોધ સર્જાય છે.

ઊગતી પેઢીમાં નૈતિક-સામાજિક જવાબદારીની ભાવના ખીલવવાની જરૂર છે ત્યારે શિક્ષણ ચારિત્ર્ય પર ભાર મૂકતું નથી. આપણાં અભ્યાસક્રમો અને શિક્ષણ પદ્ધતિઓ તેમજ શાળા કાર્યક્રમોમાં સમાજની પુનઃ રચના કે સામાજિક, રાષ્ટ્રીય એકતાની સમાનતા કેળવાય તેવી બાબતોને પૂરતું સ્થાન નથી.

પરિવર્તન અનુસારની સુવિધાઓ ધરાવતી સાધન-સામગ્રી તેમજ શાળા-મકાનો બાબતે અવરોધકતા છે. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની જરૂરિયાત જુદી છે. આર્થિક જરૂરિયાતો અને શિક્ષણ વ્યવસ્થા વચ્ચેના મેળ અંગે અવરોધકતા છે. શિક્ષણમાં વિનયનનું મૂલ્ય ઘટવા માંડ્યું અને વ્યાવસાયિક અભ્યાસક્રમોનું વધ્યું પણ તે અંગેની સગવડોમાં અવરોધકતા છે. લાંબી વ્યાવસાયિક તાલીમો, પ્રત્યાપનનું સમાન માધ્યમ અને માતૃભાષા તથા અંગ્રેજી બાબતે પણ અવરોધકતા પ્રવર્તે છે.

**એકમ 16**

# સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો

## : રૂપરેખા :


**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 સામાજિક પરિવર્તનમાં ગાંધીજીના વિચારો**

- **(1) ધાર્મિક-પરિવર્તન અંગેના વિચારો**
- **(2) સંસ્થાકીય પરિવર્તન અંગેના વિચારો**
- **(3) રાજકીય-પરિવર્તન અંગેના વિચારો**
- **(4) અર્થ વ્યવસ્થામાં પરિવર્તન અંગેના વિચારો**

**16.3 આધુનિક શિક્ષણની ભારતીય સમાજ પર થયેલી અસર**

**16.4 સારાંશ**

**16.5 એકમ સ્વાધ્યાય**

**16.6 તમારી પ્રગતિ ચકાસો**

**16.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**16.8 સૂચિત વાંચન સામગ્રી**


## 16.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ધાર્મિક પરિવર્તન અંગે ગાંધીજીના વિચારો સ્પષ્ટ સમજી શકશો.

(2) સંસ્થાકીય પરિવર્તન અંગે ગાંધીજીના વિચારો સમજી શકશો.

(3) રાજકીય પરિવર્તન અંગેના ગાંધીજીના વિચારો સમજી શકશો.

(4) અર્થવ્યવસ્થામાં પરિવર્તન અંગે ગાંધીજીના વિચારોની ચર્ચા કરી શકશો.

(5) આધુનિક શિક્ષણની સમાજ પર થયેલી અસર સમજી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

- ગાંધીજી સર્વાંગી પરિવર્તનના હિમાયતી હતાં. સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તન લાવવા અંગે તેમણે વિચારો રજૂ કરેલાં છે. શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન લાવી શકાય છે તેમ ગાંધીજી માનતા હતાં. શિક્ષણ જ એક પ્રેરક પરિબળ છે જે સર્વાંગી પરિવર્તન લાવવા માટે મહત્ત્વનો ફાળો આપે છે.
- ગાંધીજી લગ્નને પવિત્ર સંસ્કાર ગણતા, તેમના મતે લગ્ન એ બજારુ ચીજ નથી, સંસ્કાર સ્વરૂપ ન હોય તેવું લગ્ન અધર્મ છે. આથી તેમણે દહેજપ્રથા, વરવિક્રય અને કન્યાવિક્રયને અધર્મ ગણ્યાં છે. લગ્નને તેઓ સંતાન પ્રાપ્તિ અને ધર્માચારનો સંસ્કાર ગણે છે.
- ગાંધીજી સ્ત્રીને પુરુષ કરતાં વધુ અહિંસક અને શક્તિશાળી, સહનશીલતાવાળી ગણતા, તેમણે કહ્યું કે, પુરુષની માતા, સાથી અને નેતા બનવાની શક્તિ સ્ત્રીઓ ધરાવે છે.
- તેમણે સ્ત્રી-સ્વાતંત્ર્ય અને સ્ત્રી-પુરુષ સમાનતાની હિમાયત કરી. આ માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે બાળલગ્ન, ફરજિયાત વૈધવ્ય, દેવદાસી પ્રથા, કજોડા

લગ્નનો વિરોધ કર્યો અને સ્ત્રીશિક્ષણની હિમાયત કરી. પડદા પ્રથા નાબૂદ કરવા ભાષણો કર્યા. પડદાપ્રથાને તેમણે અનિષ્ટ અને જંગલી પ્રથા તરીકે વર્ણવતાં કહ્યું કે પડદાપ્રથાએ સ્ત્રીઓને પછાત રાખી છે અને તેમના વિકાસ કુંઠિત કર્યા છે. આ જંગલી પ્રથાને વળગી રહીને પુરુષો સ્ત્રીઓને અન્યાય કરી રહ્યાં છે અને દેશને પારાવાર નુકસાન કરી રહ્યાં છે.

- ગાંધીજીએ રાજ્યના નિરંતર સત્તા-વિકાસને વ્યક્તિત્વના વિકાસ માટે ભયજનક ગણ્યું છે. ગાંધીજીએ રાજ્યને બિનજરૂરી અને અકુદરતી સંસ્થા ગણી છે. સાથો સાથ મર્યાદિત નિયંત્રણ માટે રાજકીય સત્તાનો સ્વીકાર પણ કર્યો છે. ગાંધીજીએ હિંસા ઉપર રચાયેલા રાજ્યનો વિરોધ કરીને અહિંસક રાજ્યની હિમાયત કરી છે.
- વિવેકપૂર્વક જેઓ પોતાની ઈચ્છા પર નિયમન મૂકવા શક્તિમાન હોય તેવા લોકોની બનેલી સરકાર લોકશાહી સરકાર છે. જે લોકોમાં આંતરિક સ્વરાજ્ય વિકસાવવાની શક્તિ નથી તેઓ સાચી લોકશાહી વિકસાવી શકતાં નથી.
- ગાંધીજી સત્તાના કેન્દ્રિકરણને અહિંસા માટે પ્રતિકૂળ પરિસ્થિતિ ગણાતા. તેમના મતે આધુનિક રાજ્યો બળવાન બને છે તેનું કારણ સત્તાનું કેન્દ્રિકરણ છે. બળ વિના કેન્દ્રીત સત્તા ટકાવી શકાતી નથી. સત્તાનું કેન્દ્રિકરણ જીવનને વધુ જટિલ બનાવે છે.

## 16.2 સામાજિક પરિવર્તનમાં ગાંધીજીનો ફાળો - વિચારો :

- ગાંધીજી સર્વાંગી પરિવર્તનના હિમાયતી હતાં. સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તન લાવવા અંગે તેમણે વિચારો રજૂ કરેલાં છે, પરંતુ અહીં મુખ્યત્વે

- ધાર્મિક
- સામાજિક
- રાજકીય અને આર્થિક ક્ષેત્રમાં પરિવર્તનને લગતા ગાંધીજીના વિચારોનો પરિચય મેળવીશું.

**(1) ધાર્મિક-પરિવર્તન અંગેના વિચારો :**

- ગાંધીજીના મતે સમાજની પ્રગતિનો આધાર ધર્મ અને વ્યક્તિની આધ્યાત્મિક ઉન્નતિ ઉપર રહેલો છે. આથી તેમણે ધાર્મિક પરિવર્તન ઉપર વધુ ભાર આપેલ છે.
- ગાંધીજી ધાર્મિક પરિવર્તન દ્વારા સર્વાંગી પરિવર્તન લાવવા માટે વ્યક્તિ ઉપર ભાર મૂકે છે. નવા યુગને નવી પરિસ્થિતિને તેમજ સમાજમાં ઉત્પન્ન થતી નવી આકાંક્ષાઓને અનુરૂપ થાય એવા નવા કર્તવ્ય છે. સમાજમાં રૂઢ થયેલા માળખાને સ્થાને નવા માળખા પ્રમાણે તેનું નિર્માણ કરવું જોઈએ. દરેક વ્યક્તિએ અંતરાત્માની આજ્ઞામાં રહીને હંમેશ વર્તન કરવું જોઈએ.
- વ્યક્તિએ ભૌતિક સ્વરૂપ ન આપતાં લોકસેવાથી પ્રાપ્ત થતાં આધ્યાત્મિક સુખાભિલાષનું સ્વરૂપ આપે છે.

**(2) સંસ્થાકીય પરિવર્તન અંગેના વિચારો :**

- સામાજિક-પરિવર્તન અંગેના ગાંધીજીના વિચારોમાં પ્રાચીન પાયા ઉપરની સમાનતા કેન્દ્ર સ્થાને રહે છે. તેઓ કહેતાં કે લોકમતનું ઘડતર કરીને તેમજ સામાજિક જાગૃતિ અને સમજૂતી દ્વારા લોકોનો સહકાર મેળવીને સુધારણા કે પરિવર્તન થવું જોઈએ. કાનૂન કે બળ દ્વારા નહીં, તેમણે સામાજિક પરિવર્તન માટે મૂલ્ય પરિવર્તન ઉપર ભાર મૂક્યો છે. સંસ્થાકીય પરિવર્તન અંગે ગાંધીજીના વિચારો ટૂંકમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

**(1) જ્ઞાતિનો વિરોધ અને વર્ણ વ્યવસ્થાનું પુનઃસ્થાન :**

- ગાંધીજીએ જ્ઞાતિનો વિરોધ કરતાં કહ્યું કે જો ભારત એક અને અખંડ હોય તો તેમાં જ્ઞાતિઓ જેવા અસંખ્ય કૃત્રિમ વિભાગો ન હોવાં જોઈએ. તેમની વચ્ચે ખાનપાન, લગ્નના પ્રતિબંધો ન હોવા જોઈએ. જ્ઞાતિના સ્થાને પ્રાચીન વર્ણાશ્રમનો આદર્શ ગાંધીજીને વધુ યોગ્ય લાગ્યો હતો.

- ગાંધીજીના મતે સમાજમાં આજીવિકાનાં સાધનો અનુસાર મુખ્ય ચાર વિભાગો હોવાં જોઈએ. (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર) અને તેમાં ઉચ્ચ-નિમ્નના ભેદભાવ ન હોવાં જોઈએ. દરેક વ્યવસાય સમાન ગણાવો જોઈએ. તેમાં કોઈ ભેદભાવ ન હોવાં જોઈએ.
- આ વર્ણવ્યવસ્થા દરેકને પોતાના પ્રયત્નોના ફળની ખાતરી આપે છે અને અન્યના નિયંત્રણથી રક્ષણ આપે છે. આવી વર્ણ વ્યવસ્થામાં સામાજિક ગતિશીલતા માટે પૂરો અવકાશ રહેશે.
- ગાંધીજીએ કહ્યું કે મારું સ્પષ્ટ મંતવ્ય છે કે આદર્શ સમાજની રચના આ વર્ણના સિદ્ધાંત દ્વારા જ કરી શકાશે. વર્ણધર્મનું પુનઃ સ્થાપન કરવાનો હેતુ આદર્શ સમાજ સ્થાપવાનો છે, તેમાં હક કરતાં ફરજ ઉપર ભાર મૂકાયો છે. ચાર વર્ણો જ મૂળભૂત અને પ્રાકૃતિક છે, અસંખ્ય જ્ઞાતિ-વિભાગો સમાજની પ્રગતિમાં અવરોધક છે.
- પ્રાચીન વર્ણાશ્રમ ધર્મમાં મુક્ત હરીફાઈને સ્થાન નથી. વ્યક્તિએ વર્ણ મુજબનો વ્યવસાય સ્વીકારવો, પ્રલોભનથી બીજો વ્યવસાય ન અપનાવવો. આવી વર્ણાશ્રમ વ્યવસ્થા સમાજની સામાજિક, ધાર્મિક અને આર્થિક જરૂરિયાતો પૂરી પાડે છે.

**(2) અસ્પૃશ્યતા નાબૂદી :**

- ગાંધીજી અસ્પૃશ્યતાના સખત વિરોધી હતા. તેઓ કહેતા કે અસ્પૃશ્યતા હિંદુ સમાજનું કલંક, રોગ, મનની જંગલિયત, અંધશ્રદ્ધા, ધર્મ અને નીતિથી વિરુદ્ધ છે. વેદ અને ઉપનિષદમાં અસ્પૃશ્યતાને સ્વીકૃતિ અપાઈ નથી, તેઓ જીવનના દરેક ક્ષેત્રમાંથી અસ્પૃશ્યતા નાબૂદી ઈચ્છતા હતાં.

**(3) લગ્ન :**

- ગાંધીજી લગ્નને પવિત્ર સંસ્કાર ગણતા, તેમના મતે લગ્ન એ બજારુ ચીજ નથી, સંસ્કાર સ્વરૂપ ન હોય તેવું લગ્ન અધર્મ છે. આથી તેમણે દહેજપ્રથા, વરવિક્રય અને કન્યાવિક્રયને અધર્મ ગણ્યાં છે. લગ્નને તેઓ સંતાન પ્રાપ્તિ અને ધર્માચારનો સંસ્કાર ગણે છે.

**(4) નારીમુક્તિ :**

- ગાંધીજી સ્ત્રીને પુરુષ કરતાં વધુ અહિંસક અને શક્તિશાળી, સહનશીલતાવાળી ગણતાં. તેમણે કહ્યું કે, પુરુષની માતા, સાથી અને નેતા બનવાની શક્તિ સ્ત્રીઓ ધરાવે છે.
- તેમણે સ્ત્રી-સ્વતંત્ર્ય અને સ્ત્રી-પુરુષ સમાનતાની હિમાયત કરી. આ માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે બાળલગ્ન, ફરજિયાત વૈધવ્ય, દેવદાસીપ્રથા, કજોડા લગ્નનો વિરોધ કર્યો અને સ્ત્રીશિક્ષણની હિમાયત કરી. પડદાપ્રથા નાબૂદ કરવા ભાષણો કર્યા.
- પડદાપ્રથાને તેમણે અનિષ્ટ અને જંગલી પ્રથા તરીકે વર્ણવતા કહ્યું કે પડદાપ્રથાએ સ્ત્રીઓને પછાત રાખી છે અને તેમનો વિકાસ કુંઠિત કર્યો છે. આ જંગલી પ્રથાને વળગી રહીને પુરુષો સ્ત્રીઓને અન્યાય કરી રહ્યાં છે અને દેશને પારાવાર નુકસાન કરી રહ્યાં છે.

**(3) રાજકીય-પરિવર્તન અંગેના વિચારો :**

- ગાંધીજીના રાજકીય-પરિવર્તન અંગેના વિચારો સત્ય અને અહિંસા ઉપર રચાયેલાં છે. તેમના આ વિચારોમાં ધાર્મિક ઉદારમતવાદ કેન્દ્રસ્થાને રહેલો છે. જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થશે.

**(1) અહિંસક રાજ્ય :**

- ગાંધીજીએ રાજ્યના નિરંતર સત્તા-વિકાસને વ્યક્તિત્વના વિકાસ માટે ભયજનક ગણ્યું છે. ગાંધીજીએ રાજ્યને બિનજરૂરી અને અકુદરતી સંસ્થા ગણી છે. સાથોસાથ મર્યાદિત નિયંત્રણ માટે રાજકીય સત્તાનો સ્વીકાર પણ કર્યો છે. તેમણે ઐતિહાસિક પાયા ઉપર નહીં, પરંતુ નૈતિક પાયા ઉપર રાજ્યનો વિરોધ કર્યો છે, તેઓ માનતા કે આધુનિક રાજ્યો હિંસા ઉપર રચાયેલાં છે.

- રાજ્ય હોય, સરકાર હોય, પોલીસ હોય, જેલ હોય પરંતુ તે અહિંસા ઉપર રચાયેલાં હોવાં જોઈએ. ગાંધીજી હિંસા ઉપર રચાયેલાં રાજ્યનો વિરોધ કરીને અહિંસક રાજ્યની હિમાયત કરી છે.
- વ્યક્તિનો વિકાસ રૂંધે તેવી વ્યવસ્થા રાજ્યની ન હોવી જોઈએ. તેઓ માનતા કે રાજ્યો હિંસા ઉપર રચાયેલાં છે. આથી તેમણે રાજ્યનો વિરોધ કર્યો છે.

**(2) વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સામાજિક નિયંત્રણ :**

- ગાંધીજી વ્યક્તિવાદી હતા, તેઓ વ્યક્તિ સ્વાતંત્ર્યનું ખૂબ જ મહત્ત્વ આંકતા. આમ છતાં તેઓ અનિયંત્રિત વ્યક્તિવાદને જંગલનાં પ્રાણીઓનો નિયમ ગણતા, તેમણે કહ્યું કે સામાજિક નિયંત્રણને સ્વેચ્છાએ તાબે થવાથી વ્યક્તિ અને સમાજ બંનેનું ભલું થાય છે અને તે ધર્મ દ્વારા થઈ શકે, બળ દ્વારા નહીં.
- ગાંધીજીના મતે વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સામાજિક ફરજ વચ્ચેનો સંઘર્ષ રાજ્યના હિંસક સ્વરૂપમાંથી થાય છે, શોષણમાંથી સર્જાય છે.
- લોકો સત્ય, અહિંસા, પ્રેમ, સહકાર અને સેવા અનુસાર વ્યક્તિગત જીવન જીવે, સમાજ અને રાજ્ય તે પ્રમાણે વર્તે તો વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સામાજિક ફરજ વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થશે નહીં. તેઓ હક કરતાં ફરજ ઉપર વધુ ભાર મૂકતાં.
- ફરજ બજાવવાનો હક બધા જ હકોને આવરી લે છે અને તે જ સાચો હક છે. ફરજો બજાવવા માટે હકો મળે છે, હકોનો ભોગવટો સમાજ સેવા માટે છે.
- આમ, ગાંધીજીએ હકો અને ફરજો વચ્ચે ઐક્ય સાધ્યું તેમજ વ્યક્તિ અને સમાજ, સ્વાતંત્ર્ય અને નિયંત્રણ વચ્ચે સંવાદિતા સ્થાપી.
- અર્થાત્, સામાજિક નિયંત્રણ વ્યક્તિ સ્વાતંત્ર્યથી વિરુદ્ધનું નથી, પણ તેનું પૂરક છે તેવું તેમણે પ્રતિપાદન કર્યું.

**(3) સ્વરાજ્ય :**

- બ્રિટિશરો પાસેથી ભારતીય બુદ્ધિજીવીઓના હાથમાં સત્તાનું હસ્તાન્તર કરવું તેને ગાંધીજી સ્વરાજ્ય કહેતાં નહોતા. તેમણે જણાવ્યું કે, ''પોતાના જ પ્રયત્નોથી પોતાનું ભાવિ પોતાની ઈચ્છાનુસાર ઘડવાની અને સુધારવાની લોકોની સત્તા એટલે સ્વરાજ્ય.''
- ગાંધીજી રાજકીય સ્વાતંત્ર્યને ધ્યેય ગણતા ન હતા. અમીરોની જેમ ગરીબોની જીવન જરૂરિયાતો પૂરી પડે ને કોઈ પણ માણસને ખોરાક, પોશાક ને નિવાસનો અભાવ ન રહે, સ્વાતંત્ર્યનાં ફળ અમીરો અને ગરીબો બંનેને સમાન પ્રમાણમાં મળે તેને જ તેઓ સાચું સ્વરાજ્ય કહેતાં.

**(4) લોકશાહી :**

- ગાંધીજી સ્વરાજ્યને એક એવી સરકાર ગણતા કે જે લોકોની સંમતિ ઉપર રચાયેલી હોય અને લોકોની ઈચ્છા દ્વારા રાજ્ય સત્તા ઉપર લોકોનું નિયંત્રણ રહેતું હોય. રાજકીય હકો, આર્થિક સમાનતા અને સલામતીને ગાંધીજી લોકશાહીનાં બાહ્ય પ્રતીકો ગણે છે, હાર્દ તરીકે નહીં. તેમના મતે જ્યાં લોકોનું આંતરિક સ્વાતંત્ર્ય વિકસેલું હોય છે તે જ સાચી લોકશાહી છે. વિવેકપૂર્વક જેઓ પોતાની ઈચ્છા પર નિયમન મૂકવા શક્તિમાન હોય તેવા લોકોની બનેલી સરકાર લોકશાહી સરકાર છે. જે લોકોમાં આંતરિક સ્વરાજ્ય વિકસાવવાની શક્તિ નથી તેઓ સાચી લોકશાહી વિકસાવી શકતાં નથી.

**(5) સત્તાનું વિકન્દ્રિકરણ :**

- ગાંધીજી સત્તાના કેન્દ્રિકરણને અહિંસા માટે પ્રતિકૂળ પરિસ્થિતિ ગણતા, તેમના મતે આધુનિક રાજ્યો બળવાન બને છે તેનું કારણ સત્તાનું કેન્દ્રિકરણ છે. બળ વિના કેન્દ્રિત સત્તા ટકાવી

શકાતી નથી. સત્તાનું કેન્દ્રિકરણ જીવનને વધુ જટિલ બનાવે છે, વિકાસની તકો ઘટાડે છે. લોકોનો ઉત્સાહ ઘટાડે છે અને બદલાની વહેંચણીની વ્યવસ્થામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. આ રીતે ગાંધીજીએ કેન્દ્રિકરણનાં ભય સ્થાનો દર્શાવી તેનો વિરોધ કરી સત્તાના વિકેન્દ્રિકરણની હિમાયત કરી.

- રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ એટલે ગામડાને તેની બાબતોનું સંચાલન કરવાની સ્વાયત્તતા આપવી, તેના ઉપર રાષ્ટ્રીય સરકારનું નિમ્નતમ નિયંત્રણ હોવું જોઈએ.
- આર્થિક વિકેન્દ્રિકરણ એટલે વિશાળ પાયા ઉપરના ઉદ્યોગોને સ્થાને ગૃહઉદ્યોગો સ્થાપવા અને દરેક ગામડાને આત્મનિર્ભર બનાવવા. અહિંસક લોકશાહી રાજ્ય સ્થાપવા માટે તેમણે આવા રાજકીય અને આર્થિક સત્તાના વિકેન્દ્રિકરણ ઉપર ભાર મૂક્યો.

**(4) અર્થવ્યવસ્થામાં પરિવર્તન અંગેના વિચારો :**

- ગાંધીજી અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે ભેદરેખા બાંધતા નથી. તેઓ કહેતા કે જે અર્થશાસ્ત્ર વ્યક્તિના નૈતિક ઉત્કર્ષને કે રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે તે અનૈતિક છે અને તેથી તે પાપકૃત્ય છે. ગાંધીજી ભૌતિક વિકાસને નૈતિક પ્રગતિના અવરોધક પરિબળ તરીકે જુએ છે. ગરીબી દૂર કરવા પૂરતો વિકાસ જરૂરી છે, પરંતુ આ મર્યાદા ઓળંગતા તે નૈતિક પ્રગતિને રૂંધે છે.
- આમ, ગાંધીજીનું અર્થશાસ્ત્ર નીતિ ઉપર રચાયેલું છે. અહિંસક સમાજ, રામરાજ્યની સ્થાપના અને સર્વોદયી સમાજ માટે તેમણે સત્ય અને અહિંસાના પાયા ઉપર અર્થવ્યવસ્થામાં પરિવર્તન લાવવા ઉપર ભાર મૂક્યો છે. આર્થિક-પરિવર્તન માટે ગાંધીજીના વિચારોને નીચે મુજબ વર્ણવી શકાય :

**(1) ઉદ્યોગીકરણનો વિરોધ છતાં તેનો આંશિક સ્વીકાર અને રાષ્ટ્રીયકરણ :**

- ગાંધીજીએ મોટા પાયા ઉપરના ઉદ્યોગોનો વિરોધ કર્યો છે. તેઓ માનતા કે ઉદ્યોગીકરણથી રાજ્ય વધુ સત્તાશીલ બને છે. મૂડી દ્વારા મજૂરોનું મોટાપાયા પર શોષણ થાય છે, પછાત દેશોનું વિકસિત મૂડીવાળા દેશો દ્વારા શોષણ થાય છે, તેનાથી નૈતિક અધઃપતન થાય છે અને જીવનનું સૌંદર્ય, સાદાઈ, સુમેળ અને નિખાલસતા નષ્ટ પામે છે. જીવન એશઆરામી તથા જટિલ બને છે, વ્યક્તિ અને રાષ્ટ્રનું ચારિત્ર્ય હણાય છે, મજૂરો ગુલામ બને છે. કાર્ય પરિસ્થિતિ દયાજનક બને છે અને ભૂખમરો, બેકારી વધે છે.
- ઉદ્યોગીકરણનાં આવાં પરિબળો સત્ય અને અહિંસાથી વિરુદ્ધના હોઈ તેનો ગાંધીજીએ વિરોધ કર્યો છે.
- આમ છતાં ગૃહઉદ્યોગોને પોષક હોય તેવા અને માનવ સેવા માટે જરૂરી હોય તેવા ઉદ્યોગોનો તેમણે વિરોધ કર્યો નથી. ગૃહઉદ્યોગો માટેનાં સાધનો બનાવતા, ગૃહઉદ્યોગોને ઉપયોગી કાચોમાલ ઉત્પન્ન કરતા મોટા ઉદ્યોગો રાજ્યના નિયંત્રણ નીચે ચાલે તેમ તેઓ ઈચ્છતા, પરંતુ તેમનો આગ્રહ હતો કે આવા ઉદ્યોગો સમાજ અને માનવ સેવા માટે જ ચાલે, નફા કે શોષણ માટે નહીં.

**(2) અપરિગ્રહ :**

- ગાંધીજીએ રજૂ કરેલાં અપરિગ્રહના સિદ્ધાંત અનુસાર દેહ અને આત્માને ટકાવી રાખવા માટે અમુક ભૌતિક જરૂરિયાત પૂરી પાડવી આવશ્યક છે, પરંતુ તેનાથી વધુ સંપત્તિ એકત્ર કરવી જોઈએ નહીં. નિમ્નતમ સંપત્તિ દ્વારા નિર્વાહ ચલાવવો. જે જરૂરી ન હોય, વધારાનું હોય તેનો સંગ્રહ ન કરવો, દરેકે પોતાની જરૂરિયાત ઘટાડવી જોઈએ.
- ગાંધીજીએ સંપત્તિસંચય અને મૂડીવાદને અનૈતિક તથા અપરિગ્રહના સિદ્ધાંતથી વિરુદ્ધ ગણેલ છે, તેમણે નિરંકુશ અર્થતંત્રનો અસ્વીકાર કરી મૂડીવાદનો વિરોધ કર્યો છે. કારણ કે તેનાથી માનવીનું શોષણ અને સંપત્તિનો સંચય થાય છે.

**(4) શ્રમ-રોટી :**

- ગાંધીજીએ શ્રમ-રોટીનો સિદ્ધાંત આપ્યો. આ સિદ્ધાંત અનુસાર દરેક વ્યક્તિએ પોતાના માટે કમાવું, પોતાના પૂરતો શ્રમ કરવો જોઈએ, અર્થાત્ દરેક સ્ત્રી-પુરુષે પોતાની જાતે જ પોતાના નિર્વાહ પૂરતી સંપત્તિનું સર્જન કરવું જોઈએ.
- આ સિદ્ધાંત તેઓ બુદ્ધિજીવીઓને પણ લાગુ પાડે છે. તેમણે કહ્યું કે શારીરિક શ્રમ બૌદ્ધિક કાર્યની ગુણવત્તા વધારે છે. ગરીબ હોય કે અમીર દરેકે પોતાની રોટી પૂરતો ઉત્પાદક શ્રમ કરવો જોઈએ. તેનાથી શ્રમના અયોગ્ય ભેદો નાબૂદ થશે અને વર્ગ-અંતર દૂર થશે. આ રીતે ગાંધીજીએ આ સિદ્ધાંત દ્વારા શ્રમનું ગૌરવ કર્યું છે.

**(5) વાલીપણાનો સિદ્ધાંત :**

- ગાંધીજીનો આ સિદ્ધાંત અપરિગ્રહના સિદ્ધાંત સાથે સંકળાયેલો છે. હિંસાના ઉપયોગ વિના સમાનતા સ્થાપવા માટેનો આ કેન્દ્રવર્તી સિદ્ધાંત છે.
- ગાંધીજીએ કહ્યું કે, અમીરો પાસે ઘણી ચીજવસ્તુઓ છે, જેની તેઓને જરૂર નથી. બીજી બાજુ ગરીબો ભૂખે મરે છે. દરેક વ્યક્તિ પોતાને જોઈતા પ્રમાણમાં સંપત્તિ રાખે તો બધા લોકોની જરૂરિયાત સંતોષાય. અમીરો પાસે જે સંપત્તિ છે તે માટે તેમણે શ્રમ કર્યો નથી પણ લોકોના શ્રમથી તે ઉત્પન્ન થઈ છે, એટલે તેઓની સંપત્તિ સામાજિક પેદાશ છે, આથી તે સમાજની સંપત્તિ ગણાવી જોઈએ.

## 16.3 આધુનિક શિક્ષણની ભારતીય સમાજ પર થયેલી અસર : (શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન)

- બ્રિટિશ યુગમાં શરૂ થયેલાં આધુનિક શિક્ષણની ઘણી ખામીઓ હોવા છતાં ડૉ. દેસાઈ લખે છે તેમ આ શિક્ષણ બ્રિટિશ શાસનની પ્રગતિશીલ દેણગી હતી. આ શિક્ષણ લક્ષણે ધર્મનિરપેક્ષ હતું. તેમજ સત્ત્વશીલ અને ઉદાર હતું. મધ્યયુગ શિક્ષણથી તદ્દન વિરુદ્ધ સ્વરૂપનું હતું. આ શિક્ષણે ભારતીય સમાજ જીવન ઉપર ઊંડી અસર નિપજાવી. શિક્ષણથી વિચાર અને મૂલ્યોમાં અમૂલ પરિવર્તન આવ્યું, છતાં પરિવર્તનની ગતિ ધીમી રહી હતી, પરંતુ શિક્ષણની અસર નીચે બ્રિટિશ યુગમાં સર્વાંગી પરિવર્તનનો પાયો નંખાયો.
- સમગ્રપણે જોતાં ભારતીય સમાજ વ્યવસ્થા અને સામાજિક સંસ્થાઓમાં શિક્ષણે આધુનિક દિશાનાં પરિવર્તન પેદા કરવામાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો, તે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થશે.

**(1) નગર સમાજ પર અસર :**

- પ્રત્યેક શહેરમાં શિક્ષણકાર્ય કરતી શાળા, કૉલેજ અને કેટલાંક શહેરોમાં વિશ્વ વિદ્યાલયો હોય છે. કેટલાંક શહેરોમાં શિક્ષણ સંસ્થાઓ શહેરના અમુક ભાગમાં કેન્દ્રિત થયેલી હોય છે. જ્યારે કેટલાંક શહેરમાં તે વિકેન્દ્રિત હોય છે. શહેરની શિક્ષણ સંસ્થાઓ આસપાસના ગ્રામજનો માટે આકર્ષણનું અને શિક્ષણનું કેન્દ્ર બને છે અને તેની અસર હેઠળ શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો છે. ગ્રામ-શહેર સંપર્ક વધે છે. શિક્ષણ શહેરની રચના ઉપર પ્રભાવ પાડી શહેરને બૌદ્ધિક પ્રવૃત્તિનું, નવા વિચારો અને મૂલ્યોનું કેન્દ્ર બનાવે છે. એટલું જ નહીં પરંતુ આંદોલનો અને પરિવર્તનનું કેન્દ્ર બનાવે છે.

**(2) ગ્રામીણ સમાજ પર અસર :**

- ગ્રામીણ સમાજમાં આયોજિત પરિવર્તનની પ્રક્રિયાને સુગમ બનાવવા શિક્ષણ વિકાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો. શિક્ષણ પ્રબંધને લીધે ગ્રામીણ સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગ્યું. આ ઉપરાંત પ્રૌઢશિક્ષણ અને કાર્યાત્મક શિક્ષણના કાર્યક્રમો આયોજિત સામાજિક પરિવર્તનની પ્રક્રિયા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરે છે. ગ્રામીણ સમાજમાં શિક્ષણનાં પરિબળોએ, સ્ત્રી શિક્ષણ પ્રત્યેનાં પરંપરાગત વલણોમાં નબળાં પડ્યાં છે

અને ગ્રામજનોમાં શિક્ષણના મહત્ત્વનું મૂલ્ય વિકસાવ્યું છે તથા ઉચ્ચ શિક્ષણની ભૂખ જગાડી છે. ઘણા ગ્રામજનો હવે શિક્ષણને વિકાસ માટેની પૂર્વશરત તરીકે જોવાં લાગ્યાં છે.

- પોતાના રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસ માટે શિક્ષણની અગત્યતા સ્વીકારવા લાગ્યા છે એટલું જ નહીં પરંતુ સામાજિક ગતિશીલતાના સાધન તરીકે તેનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. શિક્ષણનો વિકાસ થવા લાગ્યો તેનું પ્રમાણ દિવસે દિવસે વધવા લાગ્યું છે.
- ગ્રામીણ સમાજમાં શિક્ષણ પ્રસારે લોકશાહી સમાનતા, સ્વાતંત્ર્યના મૂલ્યો વિકસાવવામાં ભાગ ભજવ્યો છે. શિક્ષણે ગ્રામ સમાજમાં નિમ્ન જ્ઞાતિઓને તેનો દરજ્જો ઊંચો લઈ જવામાં ફાળો આપ્યો છે. નારીમુક્તિની ભાવના અને હક્કો પ્રત્યે સભાનતા વિકસાવવામાં, નવા નેતૃત્વનું નિર્માણ કરવામાં તેમજ સ્થાનિક, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના રાજકારણને ગતિશીલ બનાવવામાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણે ગ્રામીણ સમાજનાં વલણો, મૂલ્યો અને વર્તન-ઢબ બદલવામાં ભાગ ભજવ્યો છે. આથી શિક્ષણ ગ્રામીણ સમાજમાં પરિવર્તનની ઘટના બની રહે છે. ગ્રામીણ સમાજના લોકોનો શહેરી વિસ્તારના લોકોનો સંપર્ક વધતા સામાજિક પરિવર્તન કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

**(3) આદિવાસી સમાજ પર અસર :**

- શિક્ષણના પ્રભાવ હેઠળ આદિવાસી સમાજની વ્યક્તિઓ નેતા તરીકે આગળ આવી છે. રાજકારણમાં પણ શિક્ષિત આદિવાસી નેતાઓ આગળ આવ્યા છે. આવા નેતાઓ જૂના રૂઢિચુસ્ત નેતાઓની સત્તાનો વિરોધ કરે છે અને લોકશાહી ઢબે નેતાની પસંદગી સમુદાયના સભ્યો દ્વારા થવી જોઈએ તેવો આગ્રહ રાખે છે. આવા નેતાઓ આદિવાસી સમાજમાં પરિવર્તનના એજન્ટ તરીકેની ભૂમિકા ભજવવા લાગ્યા છે.
- આદિવાસીઓમાં શિક્ષણ વૃદ્ધિ થતાં તેમના સમાજમાં સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધવા લાગ્યું છે. શિક્ષિત આદિવાસી યુવકો ઔદ્યોગિક અને આધુનિક વ્યવસાયોમાં તેમજ સરકારી નોકરીમાં પ્રવેશવા લાગ્યા છે. પરિણામે તેમનો દરજ્જો ઊંચો આવ્યો છે. આદિવાસીઓમાં ઊંચા જીવનની અને ઊંચા દરજ્જાની મહત્ત્વકાંક્ષા જગાડવામાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શિક્ષણે આદિવાસીઓને શોષણમાંથી મુક્ત બનવા શક્તિમાન બનાવ્યાં છે.
- હવે તેઓ હિસાબ-કિતાબ સમજતા થયાં છે. વાંચવા-લખવાની આવડતને લીધે તેમને છેતરવાનું શાહુકારો અને કોન્ટ્રાક્ટરો કે જમીનદારો માટે મુશ્કેલ બન્યું છે. આદિવાસી સમાજમાં શિક્ષણપ્રસાર થતાં તેઓમાં નવાં મૂલ્યોના સ્વીકારને વેગ મળ્યો છે. સમાનતા, સ્વાતંત્ર્ય, લોકશાહી પરિવર્તન જેવાં મૂલ્યો તેઓ સ્વીકારવા લાગ્યાં છે અને બંધારણીય તથા કાનૂની હકો પ્રત્યે તેઓમાં સભાનતા વિકસી છે. નવાં મૂલ્યોના વિકાસને લીધે જીવન પ્રત્યેના તેમના દૃષ્ટિકોણમાં પણ પરિવર્તન આવ્યું છે. જે બાબત સામાજિક પરિવર્તન લાવવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(4) જ્ઞાતિ વ્યવસ્થા પર અસર :**

- શિક્ષણના પરિબળે જ્ઞાતિનાં બંધનો નબળા પાડવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. શિક્ષણે જ્ઞાતિવિહીન સમાજના આદર્શ તરફનો પ્રવાહ વિકસાવ્યો. પરંપરાગત અસમાનતાનો અસ્વીકાર કરવાનું વલણ વિકસાવ્યું તથા આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બનાવ્યાં. આધુનિક વ્યવસાયોમાં બધી જ્ઞાતિઓના શિક્ષિતો પ્રવેશ કરવા લાગ્યા. પરિણામે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેનો અતૂટ સંબંધ તૂટવા લાગ્યો અને જ્ઞાતિમાં વ્યક્તિગત સામાજિક ગતિશીલતા શક્ય બની તથા તે વધવા પામી. શિક્ષણને લીધે ખાનપાન, સંપર્ક, ધાર્મિક, નાગરિક જીવન, વ્યવસાય અને લગ્ન પરના જ્ઞાતિના પ્રતિબંધો નબળા પડ્યા. શિક્ષણને લીધે પરંપરાગત જ્ઞાતિ કોટિક્રમ બદલાવા લાગ્યો. શિક્ષણને લીધે જ્ઞાતિના બંધનો બદલાઈ ગયાં. આંતરજ્ઞાતિમાં લગ્ન થવા લાગ્યાં. આમ સામાજિક પરિવર્તન લાવવામાં શિક્ષણે મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**(5) સંયુક્ત કુટુંબ પર અસર :**

- શિક્ષણે સંયુક્ત કુટુંબમાં વિઘટન પેદા કર્યું છે. શિક્ષિતોમાં અને તેમાં ખાસ કરીને શિક્ષિત સ્ત્રીઓમાં વિભક્ત વસવાટને વધુ પસંદ કરવાનું વલણ જાગ્યું છે. કુટુંબમાં શિક્ષણના તફાવતથી પેદા થતાં આવકના તફાવતોએ કૌટુંબિક સંઘર્ષ પેદા કર્યો છે તથા સંયુક્ત કુટુંબ અને મા-બાપ પ્રત્યેની જવાબદારીની ભાવનામાં ઓટ આણી છે. શિક્ષિત નવવધૂ તેની સાસુના આધિપત્યનો અસ્વીકાર કરવા લાગી છે. પરિણામે પરંપરાગત સંયુક્ત કુટુંબોનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. બીજી બાજુ શિક્ષિત મા-બાપ તેમનાં સંતાનોને તથા પુત્રવધૂને સ્વાતંત્ર્ય બક્ષવા લાગ્યા છે. તેમના વર્તન પ્રત્યે ઉદારતા અને સહિષ્ણુતા દાખવવા લાગ્યા છે. શિક્ષણે મા-બાપ સંતાનો વચ્ચેના તથા સાસુ-વહુ વચ્ચેના સંબંધોમાં પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

**(6) સ્ત્રીના સ્થાન ઉપર અસર :**

- સ્ત્રી શિક્ષણે સ્ત્રીઓમાં બૌદ્ધિક અને વૈચારિક પરિવર્તન કર્યું છે. પરિણામે સ્ત્રીઓ પોતાના અધિકારો પ્રત્યે વધુ સભાન બની. સ્ત્રી-શિક્ષણને લીધે આર્થિક સ્થિતિ સુધારવાની તક મળી છે અને વિભિન્ન વ્યવસાયોમાં સ્ત્રીઓએ પ્રવેશ કરવા માંડ્યો. શિક્ષણના વિભિન્ન સ્તરે અને વિભિન્ન વ્યવસાયોમાં પુરુષની જેમ હવે સ્ત્રીઓએ પદાર્પણ કર્યું છે. આથી સ્ત્રીઓ પરાધીનતામાંથી મુક્ત થવા સમર્થ બની અને તેઓ સ્વમાનપૂર્વકનું અને ગૌરવભર્યું જીવન જીવવા શક્તિમાન બની છે. શિક્ષણે સ્ત્રીઓની ભૂમિકા પ્રત્યેના દૃષ્ટિકોણમાં પરિવર્તન નિપજાવ્યું છે. એકંદરે જોતાં શિક્ષણે સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય પૂરું પાડ્યું છે. પોતાનું વ્યક્તિત્વ વિકસાવવાની અને અભિવ્યક્તિની તક પૂરી પાડી છે. સ્વપસંદગી લગ્નની તક પૂરી પાડી છે. તેનો કૌટુંબિક દરજ્જો સુધર્યો છે તથા જાહેર પ્રવૃત્તિમાં તે ભાગ લેતી થઈ છે. આમ, શિક્ષણે સ્ત્રીના સ્થાન ઉપર સર્વાંગી અસર ઉપજાવી છે.
- આ ઉપરાંત શિક્ષણે સામાજિક પરિવર્તન માટે વિવિધ અસર થઈ છે જેમ કે શિક્ષણે લગ્ન અંગેના ખ્યાલો, વિચારો અને મૂલ્યો તથા સાથીની પસંદગીનાં ધોરણો ઉપર અસર કરી છે. સામાજિક ગતિશીલતા વધારી છે. શિક્ષણે ભારતીય સમાજમાં સ્વાતંત્ર્ય સમાનતા, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, વિવેકવાદ જેવાં આધુનિક મૂલ્યોના સ્વીકારને વેગ આપ્યો છે. બીજી બાજુ, શૈક્ષણિક બેકારી વધી છે તેથી યુવાનોમાં અસંતોષ ઊભો થયો છે. જે પ્રસંગોપાત યુવા-આંદોલન તરીકે પ્રગટ થતો રહે છે. કૉલેજ કેમ્પસમાં પ્રગટતી યુવા-સંસ્કૃતિમાં પણ આ અસંતોષની અભિવ્યક્તિ થાય છે.

## 16.4 સારાંશ :

**સામાજિક પરિવર્તનમાં ગાંધીજીના વિચારો**

(1) ધાર્મિક પરિવર્તન અંગેના વિચારો

(2) સંસ્થાકીય પરિવર્તન અંગેના વિચારો

(3) રાજકીય-પરિવર્તન અંગેના વિચારો

(4) અર્થવ્યવસ્થામાં પરિવર્તન અંગેના વિચારો

**આધુનિક શિક્ષણની ભારતીય સમાજ પર થયેલી અસર :**

(1) નગરસમાજ પર અસર

(2) ગ્રામીણ સમાજ પર અસર

(3) આદિવાસી સમાજ પર અસર

(4) જ્ઞાતિ વ્યવસ્થા પર અસર

(5) સંયુક્ત કુટુંબ પર અસર

(6) સ્ત્રીના સ્થાન પર અસર

ઉપર મુજબ 6 બાબતો પર શિક્ષણ દ્વારા અસર થઈ છે, તેના લીધે સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

## 16.5 એકમ સ્વાધ્યાય :

(1) ધાર્મિક સામાજિક પરિવર્તન માટે ગાંધીજીના વિચારો જણાવો.

(2) સંસ્થાકીય પરિવર્તન દ્વારા સામાજિક પરિવર્તન કઈ રીતે થાય છે તે અંગે ગાંધીજીના વિચારો જણાવો.

(3) સામાજિક પરિવર્તન લાવવા માટે રાજકીય પરિવર્તન કઈ રીતે ભાગ ભજવે છે તે અંગે ગાંધીજીના વિચારો જણાવો.

(4) સામાજિક પરિવર્તન લાવવા માટે અર્થ વ્યવસ્થા કઈ રીતે ભાગ ભજવે છે તે અંગે ગાંધીજીના વિચારો જણાવો.

(5) આધુનિક શિક્ષણની ભારતીય સમાજ પર થયેલી અસર જણાવો.

## 16.6 તમારી પ્રગતિ ચકાસો :

(1) ધાર્મિક પરિવર્તન અંગે ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) રાજકીય પરિવર્તન અંગે ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન લાવવા માટે નગર સમાજ પર શું અસર થાય છે તે સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) શિક્ષણ દ્વારા ગ્રામીણ સમાજ પર કેવી અસર થાય છે તે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(5) શિક્ષણ દ્વારા આદિવાસી સમાજ પર કેવી અસર થાય છે તે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(6) શિક્ષણ દ્વારા જ્ઞાતિ વ્યવસ્થા પર કેવી અસર થાય છે તે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 16.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**(1) ધાર્મિક પરિવર્તન :**

- ગાંધીજીના મતે સમાજની પ્રગતિનો આધાર ધર્મ અને વ્યક્તિની આધ્યાત્મિક ઉન્નતિ ઉપર રહેલો છે. આથી તેમણે ધાર્મિક પરિવર્તન ઉપર ભાર મૂક્યો છે. ગાંધીજી ધાર્મિક પરિવર્તન દ્વારા સર્વાંગી પરિવર્તન લાવવા માટે વ્યક્તિ ઉપર ભાર મૂકે છે. નવા ધર્મની સ્થાપના કરવી એ દરેકનું આવશ્યક કર્તવ્ય છે. ધાર્મિક માન્યતામાં પરિવર્તન થાય તે માટે ભાર મૂકતાં.

**(2) રાજકીય પરિવર્તન :**

- ગાંધીજીના રાજકીય પરિવર્તન અંગેના વિચારો સત્ય અને અહિંસા ઉપર રચાયેલાં છે. તેમના આ વિચારોમાં ધાર્મિક ઉદારમતવાદ કેન્દ્રસ્થાને રહેલો છે. ગાંધીજીએ હિંસા ઉપર રચાયેલાં રાજ્યનો વિરોધ કરીને અહિંસક રાજ્યની હિમાયત કરી છે. રાજ્ય હોય, સરકાર હોય, પોલીસ હોય, જેલ હોય પરંતુ તે અહિંસા ઉપર રચાયેલાં હોવાં જોઈએ.

**(3) નગરસમાજ પર અસર :**

- ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોનું કેન્દ્ર સ્થાન શહેરી શિક્ષણ પર હોય છે. શિક્ષણ મેળવવા માટે ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં આવે છે. શિક્ષણ સંસ્થાઓ, ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. તેની અસર હેઠળ શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો છે. ગ્રામ-શહેર સંપર્ક વધે છે. વધુ પ્રમાણમાં આંતરક્રિયા થાય છે. શહેરીકરણની બૌદ્ધિક પ્રવૃત્તિ, નવા વિચારો અને મૂલ્યો વગેરેમાં પરિવર્તન આવે છે. શિક્ષણ દ્વારા આ બાબત શક્ય બને છે.

**(4) ગ્રામીણ પર અસર :**

- ગ્રામીણ સમાજમાં શિક્ષણ પ્રસારે લોકશાહી સમાનતા, સ્વાતંત્ર્યનાં મૂલ્યો વિકસાવવામાં ભાગ ભજવ્યો છે. શિક્ષણ દ્વારા ગ્રામીણ સમાજમાં નિમ્નજ્ઞાતિઓને તેનો દરજ્જો ઊંચો લઈ જવામાં ફાળો આપ્યો છે. શિક્ષણ દ્વારા ગ્રામીણ પર વલણો, મૂલ્યો અને વર્તન બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

**(5) આદિવાસી સમાજ પર અસર :**

- શિક્ષણ દ્વારા આદિવાસી સમાજ પર ખૂબ જ અસર થઈ છે. સ્ત્રીઓ નોકરી અને વ્યવસ્થા તરફ વળી છે. આદિવાસી નેતાઓ આગળ વધ્યાં છે. શિક્ષણને લીધે આદિવાસી સમાજ ઊંચો આવ્યો છે. બંધારણીય તથા કાનૂની હકો પ્રત્યે તેઓમાં સભાનતા વિકસી છે. નવા મૂલ્યોના વિકાસને લીધે જીવન પ્રત્યેના તેમના દૃષ્ટિકોણમાં પણ પરિવર્તન આવ્યું છે.

**(6) જ્ઞાતિ વ્યવસ્થા પર અસર :**

- શિક્ષણ દ્વારા જ્ઞાતિ વ્યવસ્થા પર ખૂબ જ અસર થઈ છે. વિભક્તિ કુટુંબની પ્રથા અમલમાં આવી છે. શિક્ષિત સ્ત્રીઓ સાસુના આધિપત્યનો અસ્વીકાર કરવા લાગી છે. શિક્ષણે મા-બાપ અને સંતાનો વચ્ચેના તથા સાસુ-વહુ વચ્ચેના સંબંધોમાં પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

## 16.8 સૂચિત વાંચન સામગ્રી :


(1) શાહ એ.જી. તથા અન્યઃ આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ.

(2) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ.

(3) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીઓ આધારશિલાઓ, નવીરવ પ્રકાશન, અમદાવાદ.